अधिकारपरिचर्चा

श्रीवल्लभाचार्यट्रस्ट आयोजित

पुष्टिभक्तिमार्गीया

# अधिकारपरिचर्चा

श्रीवल्लभाचार्यट्रस्ट आयोजित

पुष्टिभक्तिमार्गीया

# अधिकारपरिचर्चा

**प्रकाशक :**
श्रीवल्लभाचार्य ट्रस्ट, कंसारा बजार, मांडवी,
जि. कच्छ, गुजरात, ३७० ४६५.
☎ Off. Ho. 02834-31463, 21306, 20770.
Email: gosharad@rediffmail.com
http://www.pushtimarg.net/

**सम्पादक :**
गोस्वामी शरद् श्रीअनिरुद्धलालजी.

**प्रथम संस्करण : वि.सं.२०५८  प्रति : १०००**

**प्राप्तिस्थान :** अन्तिम पृष्ठ देखें.

**ग्रन्थप्रकाशनसहाय : रु. १०० : ००**

Copyright : @2001
Shri Vallabhacharya Trust, Kansara Bazar,
Mandavi - Kutch, Gujarat, 370 465, India.

**मुद्रक :**
श्रीवल्लभ बुक मेन्युफेक्चरिंग् कं., ५५/४६, सिटिमील कम्पाउंड्, कांकरीया रोड़, अमदावाद, गुजरात.



॥ શ્રીહરિ:॥

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ।**
**તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ॥**
**જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મકર્ત્તુમિહાર્હસિ।**

— ભગવદ્ગીતા

જ્ઞાન રહિત, અશ્રદ્ધાવાન્ તથા શઙ્કાશીલ મનુષ્યનો સમૂળ નાશ થાય છે. તેથી, શાસ્ત્રના વિધાનોને જાણીને કર્મ કરવું યોગ્ય છે. કારણ કે શું કરવું અને શું ન કરવું તે બાબતમાં શાસ્ત્રજ સર્વોપરિ માર્ગદર્શક —પ્રમાણ છે.

**"શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈ: કૃષ્ણ: સેવ્ય"**

— તત્ત્વાર્થદીપનિબન્ધ

શાસ્ત્રના અર્થ - તાત્પર્યનું યથાર્થ નિર્ધારણ કરીને મન - વાણી - દેહથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

**અજ્ઞાન,** અશ્રદ્ધા અને સંશય આ ત્રણેય એક બીજાની સાથે એટલી હદે વણાયેલા છે કે કોના કારણે બાકીના બે ઉત્પન્ન થાય છે તે ચોક્કસ પણે કહી શકાતું નથી. અર્થાત્ જે વ્યક્તિ અજ્ઞાની છે તેની અન્દર અશ્રદ્ધા અને સંશય ની શક્યતા નકારી શકાતી નથી. તે જ પ્રમાણે જેમાં શ્રદ્ધાનો અભાવ હશે તેની અન્દર જ્ઞાનપ્રપ્તિમાટે પ્રયત્ન નહીંજ હોય. જ્ઞાન નહીં હોય તો નિ:સન્દિગ્ધ ક્યાંથી હોવાનો! અને સંશય તો અજ્ઞાન અને અશ્રદ્ધા નું પરિણામ હોય છે તે એક નિર્વિવાદ હકીકત છેજ. આ પરથી ફલિત થાય છે કે શ્રેયસાધનામાં પ્રવૃત્ત થયેલ કોઈ પણ સાધકના માટે અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય આ ત્રણેય અથવા તો આમાંથી કોઈ એક પણ દુર્ગુણ તેની શ્રેયસાધનાની વિફળતાનું કારણ

બની શકે છે. આ સાથે "જે ધન્ધામાં વળતર જેટલું વધારે હોય તેમાં જો નુકશાની થાય તો તે પણ એટલીજ વધારે થવાની" એ ન્યાયે જે શ્રેયસાધના જેટલું ઉંચું લક્ષ્ય પ્રાપ્ત કરાવતી હોય તેમાથી જો સાધકનું પતન થાય તો તે પટકાશે પણ એટલાજ ઉંચેથી એ વાત ભૂલવી ન જોઈએ. આ જ કારણ છે કે ભગવાન્ તથા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય બન્નેએ આવી સમસ્યાના સમાધાન રૂપે "શાસ્ત્ર ભણો, સમજો અને પછી આગળ ચાલો" એવો સ્પષ્ટ આદેશ ઉપરોક્ત વચનોમાં આપ્યો છે.

**ક.** અજ્ઞાનને ત્રણ રીતે સમજી શકાય છે :

૧. જ્ઞાનનો સર્વથા અભાવ

૨. અલ્પજ્ઞાન અને

૩. અન્યથાજ્ઞાન કે અવળી સમજ.

**ખ.** સત્યનો સ્વીકાર 'શ્રદ્ધા' છે. તેથી, સત્યના અસ્વીકાર, અલ્પસ્વીકાર કે વિરોધ ને 'અશ્રદ્ધા' સમજી શકાય. તે પણ ફરી ૧. મન, ૨. વચન અને ૩. કર્મ આમ ત્રણ સ્તરે સમ્ભવી શકે છે.

**ગ.** કોઈ એક વસ્તુની બાબતમાં પરસ્પર અસઙ્ગત વિચારો આવતાં થનારો અનિશ્ચય એ 'સંશય' છે.

અજ્ઞાન, અશ્રદ્ધા કે સંશય ને કારણે વ્યક્તિનો નાશ કેવી રીતે થાય છે તેનું સ્પષ્ટ નિદર્શન ભારતીય ઇતિહાસના અભિમન્યુ, અશ્વત્થામા, કર્ણ, શિશુપાલ, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય, ભસ્માસુર વગેરેના જીવનમાં જોઈ શકાય છે.

અભિમન્યુને ચક્રવ્યૂહના ભેદનનું જ્ઞાન હતું પરન્તુ તેમાંથી બહાર આવવાનું જ્ઞાન ન હતું. પરિણામે અપાર શક્તિસમ્પન્ન હોવા છતાં તે અકાળે વીરગતિને પામ્યા.



અશ્વત્થામા બ્રહ્માસ્ત્રને છોડી જાણતા હતા પરન્તુ તેના વારણનું જ્ઞાન તેઓને ન હતું. પરિણામે તેઓ મણિવિહીન તેમજ ભગવાન્ શ્રીકૃષ્ણથી શાપિત થયા.

કર્ણને બ્રહ્માસ્ત્રનું જ્ઞાન શ્રીપરશુરામ પાસેથી પ્રાપ્ત કર્યું હતું. તે જ્ઞાન, પરન્તુ, તેમણે જુઠું બોલીને પ્રાપ્ત કર્યું હોવાથી શાપિત હતું. અયોગ્યને વિદ્યાદાન અપાઈ ગયું છે તે ધ્યાનમાં આવતાં ખરા સમયે તેમનું જ્ઞાન વિસરાઈ જશે એવો શાપ ગુરુ શ્રીપરશુરામજીને આપવો પડ્યો હતો.

આ અલ્પજ્ઞાન તેમજ અજ્ઞાન ને કારણે થનારા પરિણામોના દર્શનમાટે આપેલા દૃષ્ટાન્તો છે. હવે અન્યથાજ્ઞાનનું દૃષ્ટાન્ત જોઈએ.

શિશુપાલ અન્યથાજ્ઞાનવાળો હતો. યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં ભગવાન્ શ્રીકૃષ્ણને સર્વશ્રેષ્ઠ માનીને સર્વ સભાસદોએ જ્યારે તેમની અગ્રપૂજા કરી ત્યારે શિશુપાલ અકળાઈ ગયો. તે શ્રીકૃષ્ણને પરબ્રહ્મ તો ઠીક નરશ્રેષ્ઠ પણ માનવા તૈયાર ન હતો. સર્વાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણવિષયક અન્યથાજ્ઞાને તેનો સર્વનાશ નોતર્યો.

"ધર્મ શું છે તે હું જાણું છું પરન્તુ ધર્મનું આચરણ કરી શકતો નથી. અધર્મ શું છે તે પણ હું જાણું છું પરન્તુ અધર્માચરણનો ત્યાગ કરી શકતો નથી". અધર્માચરણ કરતા હોવાનું તેમજ અન્તે તેઓનો સર્વનાશ નક્કીજ છે તેવા નિખાલસ વિધાન કરનારા કૌરવપક્ષમાં ભીષ્મ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, કર્ણ જેવા અનેક લોકો હતા. તેઓ જે કરી રહ્યા હતા તેની બાબતમાં તેઓને કોઈ સંશય કે અજ્ઞાન ન હતું કારણ કે તેઓ શાસ્ત્રીયજ્ઞાનથી પરિપૂર્ણ હતા. આ હકીકત તેમણે અનેક વખત કરેલ વિધાનોના આધારે પણ સમજી શકાય છે. આમ છતાં શાસ્ત્રીય

સત્ય તેમના આચરણથી ઘણું છેટું હતું. તેઓના ચરિત્રની એ અસાધારણતા હતી કે સત્યનો સ્વીકાર એમની બુદ્ધિ અને વાણી સુધી તો હતો તથાડપિ વ્યવહારમાં તે આવી ન શક્યો. આ અશ્રદ્ધાનું દૃષ્ટાન્ત છે.

ભસ્માસુર થી શ્રેષ્ઠ સંશયાત્માનું દૃષ્ટાન્ત કોણ હોઈ શકે!

ખૂબ ભક્તિ કરીને શિવજીને પ્રસન્ન કર્યા. જેના ઉપર હાથ મુકે તે બળીને ભસ્મ થઈ જાય તેવું વરદાન માગ્યું. શિવજીએ સુપાત્ર - કુપાત્રનો વિચાર કર્યા વિના વરદાન આપી પણ દીધું. ભસ્માસુરને, પરન્તુ, વરદાનની સત્યતા ઉપર શઙ્કા થઈ. તેણે તો શિવજી ઉપરજ હાથ મુકીને વરદાનનું પરીક્ષણ કરવાની ઇચ્છા કરી. અન્તે ભાગવાન્ વિષ્ણુએ ચતુરાઈ પૂર્વક ભસ્માસુરનો નાશ તેનાજ માથે તેનો પોતાનોજ હાથ મુકાવીને કર્યો. **"સંશયાત્મા વિનશ્યતિ".**

આટલી - આટલી ભક્તિ અને ઉપરથી મનગમતા વરદાનની પ્રાપ્તિ, તેમ છતાં સર્વનાશ! અજ્ઞાન અને અશ્રદ્ધા એ આસુરી પ્રકૃતિના પરિચાયક હોય છે. અને જ્યાં આ બે હોય ત્યાં સંશય ન હોય તેવું બનેજ કેમ!

પુષ્ટિભક્તિસમ્પ્રદાય આજે જે સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે તેનું મૂળ કોઈને કોઈ રીતે ગીતોક્ત અજ્ઞાન અશ્રદ્ધા અને સંશય માંજ છે. અતએવ પુષ્ટિમાર્ગની સમસ્યાઓનું સમાધાન પણ તે અજ્ઞાન અશ્રદ્ધા અને સંશય ના નિવારણથી અથવા તો અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય જે કારણોથી જન્મતા હોય તે કારણોને દૂર કરવાથીજ આવી શકશે એવી મારી દૃઢતમ માન્યતા છે. આપણે સહુ પુષ્ટિમાર્ગીઓની વર્તમાન સ્થિતિને સૂક્ષ્મતાથી જોતાં કેટલાક પુષ્ટિમાર્ગીઓ અભિમન્યુ જેવા અધૂરા જ્ઞાનવાળા, કેટલાક કર્ણની માફક શાપિત જ્ઞાનવાળા, કેટલાક શિશુપાલની જેમ અવળાજ્ઞાનવાળા, કેટલાક જ્ઞાનસમ્પન્ન હોવા છતાં દુર્યોધન ભીષ્મ દ્રોણાચાર્ય કે ધૃતરાષ્ટ્ર



ની જેમ અશ્રદ્ધાશીલ જણાય છે તો ઘણા ખરા પુષ્ટિમાર્ગીઓ ભસ્માસુરની જેમ સંશયાત્મા નજરે ચઢે છે.

અડધી - પડધી સમજ અને તે પણ પાછી જ્યાં - ત્યાંથી મેળવીને જેમ - તેમ ધર્માચરણમાં પ્રવૃત્ત થયેલા અનુયાયીઓ પોતાના પુષ્ટિમાર્ગીય જીવનને— સૂતક, પિણ્ડરુ, માથું બોળીને નહાવું કે બોળ્યા વિના, અગ્યારસના મોરિયો ખવાય કે નહીં, ઝારી ડાબી બાજુએ પધરાવવી કે જમણી બાજુએ, શ્રાદ્ધ કરાય કે નહીં, ગો.આચાર્યોને "જય શ્રીકૃષ્ણ" કહેવાય કે નહીં, દીવા - બત્તી થાય કે નહીં, અદ્ધરથી પાણી પીએ તો હાથ ધોવાય જોઈએ કે નહીં, નળ - બોરવેલ્ - હેંડપમ્પ - કુવામાંથી કયું પાણી વાપરી શકાય?, પધરામણી, ઉછામણી - બોલી, બૈઠકયાત્રા, મન્દિર - હવેલીઓમાં હળીયાપટ્ટી —જેવી પુષ્ટિમાર્ગની દૃષ્ટિમાં અતિ સામાન્ય કે નહીંવાત્ મહત્વ ધરાવતી અને કેટલીક તો પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોથી સદન્તર વિરુદ્ધ બાબતોને પુષ્ટિમાર્ગના સારતત્વસમાન સમજી તેની માયાજાળમાં અટવાઈને પોતાના અમૂલ્ય સમયને ગુમાવી બેસતાં હોય છે. આમાંના મોટા ભાગના લોકોના મને બ્રહ્મસમ્બન્ધ લીધા પછીના પુષ્ટિમાર્ગીય સમસ્ત કર્ત્તવ્યો ઘરના દીવાનખણ્ડની ભીંત ઉપર શ્રીમહાપ્રભુજી - શ્રીનાથજી - શ્રીયમુનાજીને ટિંગાડવાથી અને વધુમાં વધુ દર દીવાળીએ તેના ઉપરની ધૂળ સાફ કરવાથી પરીપૂર્ણ થઈ જાતાં હોય છે.

આજકલ કર્ણની જેમ શાપિત જ્ઞાનવાળા અનુયાયીઓની પુષ્ટિમાર્ગમાં ભરમાર છે. મોટી ફેક્ટ્રીની માફક આવા અનુયાયીઓનું જથ્થાબંધ ધોરણે ઉત્પાદન પુષ્ટિમાર્ગીય ગુરુઓદ્વારા છેલ્લા કેટલાક દાયકાઓથી થતું આવી રહ્યું છે. કોઈકના દુરાગ્રહથી, બેઠકજીમાં ઝારી ભરવા; સાસુ, શેઠ કે વૈષ્ણવ - સંઘ ને ખવડાવવા - પિવડાવવા, ધન્ધામાટે, પાપધોવામાટે કે બાજુના ગામમાં ૫૦ જાણે બ્રહ્મસમ્બન્ધ લીધું તો આપણા ગામમાં ૬૦ જણ થવાજ જોઈએ આવી ચઢસા - ચઢસીમાં પુષ્ટિમાર્ગીય દીક્ષા લેનારાઓની દીક્ષા કર્ણની માફક શાપિત હોય છે. આ જ કારણે પુષ્ટિમાર્ગીય શરણ - સમર્પણની

મહાનતમ દીક્ષાથી દીક્ષિત થવા છતાંય આવા કપટથી દીક્ષા લીધેલા (તથાકથિત)પુષ્ટિમાર્ગીઓ દીક્ષામન્ત્ર પ્રાપ્ત થતી વખતે જે દીનતા, અનન્યતા, શરણાગતિ, સમર્પણ, અસમર્પિતત્યાગ, કૃષ્ણપરતત્વતા વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તે જ્ઞાનને તથા હાથમાં તુલસીપત્ર લઈને ભગવાન્ સમક્ષ સર્વસમર્પણ પૂર્વક પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની સેવા કરવાની લીધેલ પ્રતિજ્ઞાને (તથાકથિત) દીક્ષાનું કર્મકાણ્ડ પૂરું થતાની સાથેજ વીસરી જઈને કુઞ્જરશૌચવત્ પાછા હતા તેવા કોરા - ધાકોર બની જતાં હોય છે. જાણે કે શરણ - બ્રહ્મસમ્બન્ધની દીક્ષા અનન્યતા અને સર્વસમર્પણ પૂર્વક સેવા કરવામાટે ન હોઈ પ્રતિજ્ઞાપૂર્વક અન્યાશ્રય કરવામાટેજ અને અસમર્પિત જીવન જીવવામાટેજ અપાતી ન હોય!!!. કર્ણના કિસ્સામાં તો ગુરુ શ્રીપરશુરામ અજાણતાં કપટનો ભોગ બન્યા હતાં. આધુનિક પુષ્ટિમાર્ગીય ગુરુઓ તો, પરન્તુ, જાણી જોઈને અયોગ્ય - અનધિકારી (ના લાયક) લોકોને દીક્ષા આપતાં હોય છે. આવી સ્થિતિમાં શાપ આપવાની લાયકાત પણ ગુરુમાં નથી રહી જતી. અતએવ પ્રાપ્ત દીક્ષાજ્ઞાનને ભૂલી જવાનો શાપ આપવાનું કાર્ય કદાચ શ્રીમહાપ્રભુ અથવા તો સ્વયં ભગવાન્ ને કરવું પડતું હશે એવું અનુમાન થાય છે, આટલું દષ્ટાન્તવૈશમ્ય છે.

શિશુપાલ જેવા અન્યથાજ્ઞાનવાળા, મૂળ સ્વભાવે અસુર હોય તેવા, કેટલાક પુષ્ટિમાર્ગીઓ પોતાની અવળી સમજ તથા આસુરી સ્વભાવ ને કારણે પુષ્ટિમાર્ગમાં ઘુસી જઈને તેના સિદ્ધાન્ત તથા આચાર - પ્રણાલિને વિકૃત બનાવી દેતા હોય છે. આવા શિશુપાલોપમ પુષ્ટિમાર્ગીઓના ઉદાહરણો જોઈએ તો —શ્રીકૃષ્ણની સેવા - ભક્તિને બાજુ પર મુકી દઈને કેવલ શ્રીમહાપ્રભુજી કે શ્રીયમુનાજી ની સેવા - ભક્તિનો આચાર - પ્રચાર કરનારા, વિશ્વશાન્તિ કે ગ્રહોની શાન્તિ માટે નવરત્નના પાઠ કરવાની પ્રેરણા તથા તેવા આયોજનો કરનારા, અધિકમાસમાં ભગવાનની પૂતનામોક્ષ મથુરાગમન જેવી પુષ્ટિભાવનું હનન કરનારી લીલાઓના મનોરથો કરનારા, પારકે પૈસે પોતાના સેવ્યસ્વરૂપની સેવા - મનોરથો કરનારા, શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજી મન્દિરના મુખિઆજી માનનારા વગેરે. આ સૂચિને હજી ઘણી લાંબી



કરી શકાય છે. સમજવાની વાત, પરન્તુ, માત્ર એટલીજ છે કે **"સાક્ષરા: વિપરીતાશ્ચેત્ રાક્ષસાએવ ભવન્તિ"** ન્યાયે જાણતા - સમજતા હોવા છતાં સ્વાર્થવશ કે કોઈક બુરી દાનતથી ઉપરોક્ત પ્રકારની કુપરમ્પરાઓને સ્થાપનારા કે અપનાવનારા લોકોને ઘોર - અન્યથાજ્ઞાની સમજવા જોઈએ. જ્યારે કે માર્ગના સિદ્ધાન્તો તથા પરમ્પરાઓ ને સાચી પદ્ધતિથી સમજવાનો પ્રયત્ન નહીં કરવાની ઉપેક્ષા તથા આળસ ને કારણે દુર્ભાગ્યવશ પૂર્વોક્ત ઘોરઅન્યથાજ્ઞાનીઓને અનુસરનારાઓને સાધારણ - અન્યથાજ્ઞાની સમજવા જોઈએ. બીજા પ્રકારનાને ભગવત્કૃપાથી સદબુદ્ધિ આવી જાય તો તેમનું અધ:પતન થતું અટકી શકે છે. અન્યથા, ઘોરઅન્યથાજ્ઞાનીની માફક તેઓ પણ ઘોરનરકમાં જઈ પડે છે, દુર્જ્ઞ - આસુરીજીવને અનુસરનારા અજ્ઞ - આસુરીજીવની માફક. **"અધર્મં ધર્મમિતિ યા મન્યસે તમસાવૃતા ... અધો ગચ્છન્તિ તામસા:"**.

બ્રહ્મસમ્બન્ધવડે ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારા લોક - વેદમાં નિરૂપિત સહજ - દેશકાલોત્થ - સંયોગ - સ્પર્શજાદિ દોષોથી પુષ્ટિમાર્ગી કદાચ મુક્ત થઈ જતો હશે પરન્તુ પૂર્વોક્ત અપસિદ્ધાન્તપૂર્ણ અસત્પરમ્પરાને અનુસરનારા લોકો ઘોર કે સાધારણ અન્યથાજ્ઞાની પુષ્ટિમાર્ગીઓના પરિવારમાં જન્મ લેવાના કરણે લાગેલ સહજદોષથી; પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોથી સર્વથા વિપરીત એવા સાર્વજનિક ધન્ધાદારી મન્દિર - હવેલીવાળા ગામમાં રહેવાને કારણે લાગતા દેશ - કાલોત્થદોષથી; સિદ્ધાન્તવિપરીત આચરણ કરનારા ગુરુ કે (તથાકથિત) પ.ભ. બાપા - બાપી ના દુ:સઙ્ગના કારણે લાગતાં સંયોગ - સ્પર્શજ દોષોથી— જેની કે કલ્પના પણ શ્રીમહાપ્રભુજીએ નહીં કરી હોય — મુક્ત થવું એ આધુનિક પુષ્ટિમાર્ગીમાટે અતિ દુષ્કર છે. જે પ્રમાણે કૌરવોના સામ્રાજ્યમાં તેમની દુ:સંગતિમાં રહેવાને કારણે, તેમનાથી ભયભીત હોવાથી કે તેમના ઉપકાર હેઠળ દબાયેલા હોવાને કારણે દેશ - કાલોત્થ તેમજ સંયોગ - સ્પર્શજ દોષથી ગ્રસિત, ભીષ્મ - દ્રોણ - કર્ણાદિ ધર્મજ્ઞો પણ સ્વધર્માચરણ કે અધર્મત્યાગ કરી શક્યા ન હતા તેમ આજે એવા અનેક પુષ્ટિમાર્ગીઓ છે કે જેઓ વાસ્તવિક સિદ્ધાન્તોને તેમજ પુષ્ટિમાર્ગના નામે ચાલતા ધતિંગોને

પણ જાણતા હોવા છતાં ગુરુ/ગુરુઘરમાં અન્ધશ્રદ્ધા કે લોકાપવાદનો ભય કે પરિવારમાં વૈમનસ્ય થવાની ભીતિ કે શ્રીમન્ત ગુરુના ઉપકારો કે પક્ષાપક્ષીને કારણે આવેલ કિંકર્ત્તવ્યવિમૂઢતાજન્ય પૂર્વોક્ત સહજાદિ દોષોને કારણે સિદ્ધાન્તાનુસાર આચરણ કે અપસિદ્ધાન્ત નો ત્યાગ કરી શકતા નથી હોતા. આથી, આવી ત્રિશઙ્કુ જેવી પરિસ્થિતિમાં સપડાયેલા આધુનિક પુષ્ટિમાર્ગીઓની પણ તેવી જ ગતિ દેખાય છે કે જેવી ગતિ દ્રોણાદિની અધર્મનો પક્ષ લેવાના કારણે થઇ હતી. તે તો અવતારકાલ હતો. આજે, પરન્તુ, અનવતારકાલ છે આટલું દષ્ટાન્તવૈશમ્ય અહીં પણ છે.

જ્ઞાન કે શ્રદ્ધા અથવા બન્ને ન હોવા છતાં જ્યારે કો વ્યક્તિ કોઈ સમ્પ્રદાયમાં આવી ચઢે છે ત્યારે તે શંકા અને તેનાથી પણ આગળ વધીને અશ્રદ્ધા ની જીવતી-જાગતી મૂર્તિ બની જતી હોય છે. આથી, ઉપરોક્ત પ્રકારના પુષ્ટિમાર્ગીઓમાં પુષ્ટિમાર્ગમાટે ભસ્માસુરનું કાર્ય કરી શકવાના બધા (અવ)ગુણો ઠાંસી-ઠાંસીને ભર્યા હોય છે તેમ કહેવામા જરા પણ અતિશયોક્તિ નથી જાણાતી. માર્ગનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ભસ્માસુર જેવા કૃતઘ્ન પુષ્ટિમાર્ગીઓ (જેમાં ગુરુ-શિષ્ય બન્ને આવી જાય છે) એ આજ સુધી જેટલી હાની પુષ્ટિમાર્ગને પહોંચાડી છે તેટલી બીજા કોઈએ પહોંચાડી નહીં હોય. જેની પાસેથી વરદાન પ્રાપ્ત થયું, જેને પૂજ્ય માન્યા તે શિવજીનુંજ અનિષ્ટ કરવાનો પ્રયત્ન જેમ કૃતઘ્ની ભસ્માસુરે કર્યો હતો તે જ પ્રમાણે જેના દ્વારા પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો તે પૂજ્ય ગુરુ પાસેથી તેઓના સેવ્યસ્વરૂપ તથા ઘર-સમ્પત્તિ પરનો માલિકી હક્ક છીનવી લઈને તેને સાર્વજનિક સમ્પત્તિસ્વરૂપે પરિવર્તિત કરાવી દેવાનું આતતાયી જેવું દુષ્કર્મ કરનારા બીજા કોઈ નહીં પરન્તુ તે જ ભસ્માસુર જેવા પુષ્ટિમાર્ગીઓ હતા અને આજે પણ તેઓ ગામે-ગામ અસ્તિત્વ ધરાવે છે. (આને પારિવારિક કે વ્યક્તિગત હાનિ ગણી લેવાની ભૂલ ન કરવી જોઇએ. સમ્પ્રદાયના ઘટક તત્વો ગુરુ અને શિષ્ય હોય છે. સમ્પ્રદાય ગુરુથી શિષ્યમાં આવતો હોય છે. બે માંથી કોઇ પણ એકના નષ્ટ કે વિકૃત થવાથી સમ્પ્રદાય પણ નષ્ટ કે વિકૃત થઇ જતો હોય છે. પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા **સ્વગૃહમાં સ્વદેહ તથા સ્વીય ધન-સમ્પત્તિથીજ**



કરી શકાય છે. સાર્વજનિક સ્થાન કે સાર્વજનિક ધન-સમ્પત્તિથી પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા કરવી એ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી તદ્દન વિરુદ્ધ પ્રકાર છે. શિષ્યદ્વારા ગુરુના વડીલોપાર્જિત સેવ્યસ્વરૂપ-ઘર-ધન-સમ્પત્તિને સાર્વજનિક-ટ્રસ્ટ બનાવીને ગુરુ (હવે લઘુ)ને જ્યારે સાર્વજનિકસ્થાનમાં સાર્વજનિક ધન-સમ્પત્તિથી ભગવત્સેવા કરવા મજબૂર કરવામા આવે છે ત્યારે ગુરુ ગુરુ નથી રહી જતો. તે સેવા-ભક્તિને વેચનારો પુજારી બની જતો હોય છે. આ સામે શિષ્ય એ શિષ્ય નથી રહી જતો. એ સેવા-મનોરથોને ખરીદનારો ગ્રાહક બની જતો હોય છે. આ પરિસ્થિતિ પુષ્ટિભક્તિસમ્પ્રદાયનો મૃત્યુકાલ છે.). પુષ્ટિમાર્ગમાં એવા ભસ્માસુરોની કમી નથી કે જેઓ પોતાના કોઈ હીન સ્વાર્થને સાધવામાટે મહારજશ્રીને પરિશ્રમ ન પડે તેવા બહાને સાચા જિજ્ઞાસુ (ખાસ કરીને સાધારણ કે ગરીબ વર્ગના) અનુયાયીઓને, ગુરુના દ્વારપાલ બનીને, ગુરુ સુધી પહોંચવા દેતા નથી હોતા. પુષ્ટિમાર્ગમાં એવા ભસ્માસુરોની પણ ઉણપ નથી કે જેઓએ પોતાના અતિજઘન્ય સ્વાર્થની પૂર્તિમાટે પુષ્ટિમાર્ગના નામે નાના-મોટા પેટા પન્થો બનાવીને પુષ્ટિમાર્ગને નિર્બળ તથા નિન્દાપાત્ર બનાવ્યો હોય. અને, એવા ભસ્માસુરો તો પુષ્ટિમાર્ગમાં ગણ્યા ગણાય નહીં ને વીણ્યા વીણાય નહીં તેટલી અગણિત માત્રામાં હશે કે જેઓ પ્રતિજ્ઞાપૂર્વક પુષ્ટિમાર્ગ સિવાયના કોઇ પણ ધર્મસમ્પ્રદાય, ચિન્તક કે વક્તા ને નિત્યનિયમ પૂર્વક વાંચતા સાભળતા હશે, જો વાંચતા-સાંભળતા નહીં હોય તો જે સમ્પ્રદાયની કંઠી જન્મતાંજ પહેરીને ફરી રહ્યા છે તે શ્રીમહાપ્રભુજીનાં ષોડશગ્રન્થ, તત્વાર્થદીપનિબન્ધ, સાધનદીપિકા આદિ પવિત્ર ગ્રન્થોને. મુમ્બઈમાં જાન્યુઆરી-૧૯૯૨ માં યોજાયેલ પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા પછી એવા કેવળ સ્વાર્થૈકપરાયણ ભસ્માસુરો પણ ઉઘાડા પડી ગયા છે કે જેઓ શ્રીઆચાર્યચરણના પારદર્શક સિદ્ધાન્તોમાંથી દેખાતી તેમની નિર્લજ્જતાને છુપાવવાના વ્યર્થ પ્રયાસ રૂપે શ્રીઆચાર્યચરણોના પવિત્ર સિદ્ધાન્તવચનોના **''સાક્ષરા: વિપરીતાશ્ચેત્...''**ન્યાયે એક યા બીજી રીતે અનર્થઘટન કરવા લાગ્યા હોય. પુષ્ટિમાર્ગમાં ઉચ્ચસ્થાન ભોગવતા એવા ભસ્માસુરો પણ અનેક છે કે જેઓ, શિષ્યદ્વારા વિવશ બનીને નહીં પરન્તુ સ્વેચ્છયા, પોતાના આરાધ્ય સેવ્યસ્વરૂપોની સેવા-મનોરથો નિમિત્તે ભેટ-સામગ્રીઆદિ એકઠી કરીને; પવિત્ર ભગવદ્ભક્તિને ધન્ધો બનાવીને

પોતાનું પેટીયું રળતા હોય. અને આવા ભસ્માસુરોને 'તથાઽસ્તુ' કહેનારાઓની તો વણજારો છે. પુષ્ટિમાર્ગમાં એવા ભસ્માસુરો પણ અનેક છે કે જેઓ આચાર્યવંશજો સાથે અન્તરઙ્ગ સમ્બન્ધો ધારવાતા હોવાથી તેઓને ભગવદ્બહિર્મુખતા સમ્પાદક મનગમતી આનન્દ-પ્રમોદની આધુનિક સાધન-સામગ્રીને ગુરુભક્તિના નામે ઉપલબ્ધ કરાવીને તેમને સત્પથભ્રષ્ટ કરતાં હોય છે. ભસ્માસુરોની આ સૂચિ અન્તહીન છે. અહીં, પરન્તુ, લક્ષ્યમાં લેવાની બાબત એ છે કે ભસ્માસુર આપમેળે ઉત્પન્ન થયો ન હતો; પાત્રાપાત્રના વિવેક વિના વરદાન આપવાને કારણે જેમ સ્વયં શિવજીજ તેની ઉત્પત્તિનું કારણ બન્યા હતા તેમ પુષ્ટિમાર્ગીય ભસ્માસુરોને ઉત્પન્ન કરવાનું પાપ પણ વસ્તુત: ગુરુજનોનુંજ સાબિત થાય છે. આ પાપનું ઘોર નારકી ફળ ભોગવવાથી, પરન્તુ, ગુરુ કે શિષ્ય કોઈ પણ બચી શકતા નથી.

અજ્ઞાન અશ્રદ્ધા કે સંશય જન્ય જે કોઈ પણ પૂર્વોક્ત વૈનાશિક વિકારો પુષ્ટિમાર્ગના માળખામાં કે પુષ્ટિમાર્ગીઓમાં ઉત્પન્ન થયા છે તેના મૂળિયા હું અધિકારવિચારની અને અધિકારસમ્પાદનની ઉપેક્ષામાં છે તેવું મારું માનવું છે. અધિકારવિચાર તથા અધિકારસમ્પાદન બે સ્તરે થાય છે. એક તો ભગવાનના સ્તરે અને બીજા મનુષ્યના સ્તરે. ભગવદ્દ્વારણ તો અનાદિ અને નિરઙ્કુશ હોવાથી તેમાં તો કોઈ પણ પ્રકારના વિચાર કે સંશોધન નો અવકાશ જ નથી. અતએવ મનુષ્યકૃતિસાધ્ય જે અધિકાર છે તેનો વિચારજ ઉપર્યુક્ત સમસ્યાના સન્દર્ભમાં શેષ રહે છે. આનો વિચાર ત્રણ સ્તરે થઈ શકે છે:

૧. ઉપદેશકનો અધિકાર
૨. ઉપદેશ્યનો અધિકાર અને
૩. સાધનાધિકાર.

સમ્પ્રદાયની અધિકાંશ સમસ્યાઓ ઉક્ત વિષયક અસભાનતાને કારણે



સર્જાતી હોય છે. અતએવ તેને નિર્મૂળ કરવાના પ્રમુખ ચાર ઉપાયો મારી મતે આ પ્રમાણે હોઈ શકે છે:

**૧. આચાર્યવંશજોની અનિવાર્યરૂપથી આચાર્યપદોચિત શાસ્ત્રીય શિક્ષા.**
**૨. દીક્ષાપ્રણાલીની વિશુદ્ધતા**
**૩. સ્વમાર્ગીય સિદ્ધાન્તગ્રન્તોના યથાધિકાર અધ્યયન-અધ્યાપનની પરમ્પરાની પુન:સ્થાપના.**
**૪. સાધનાપ્રણાલીની વિશુદ્ધતા.**

અધિકારની પ્રત્યેક ક્ષેત્રમાં રહેલી અસાધારણ મહત્તાને લક્ષ્યમાં લઈને જ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માણ્ડવી-કચ્છ એ ''પુષ્ટિમાર્ગીય અધિકારવિચાર'' વિષયઉપર એક પરિચર્ચાનું આયોજન કર્યું. આ ગ્રન્થ તે પરિચર્ચાનો જ વિસ્તૃત, પ્રાય: અક્ષરશ:, અહેવાલ છે.

આ પૂર્વે વિચારપ્રક્રિયાને ગતિશીલ બનાવવાના ઉદ્દેશ્યથી ૮૪-વૈષ્ણવમાંની પ્રથમ પાંચ વાર્તાઓ ઉપર એક પરિચર્ચાનું આયોજન ગતવર્ષ કરવામા આવ્યું હતું. તે પરિચર્ચા પ્રાયોગિક હોઈ તેમાં થયેલ ચર્ચાનું ધ્વનિમુદ્રણ કરામાં આવ્યું ન હતું. આથી તેના અહેવાલમાં પરિચર્ચામાં પ્રસ્તુત થયેલ કેવલ લેખોનુંજ મુદ્રણ થઈ શક્યું હતું. આ વખતે તે ક્ષતિની પૂર્તિ કરી દેવામાં આવી છે. ઉપર જણાવ્યા પ્રમાણે પ્રત્યેક પત્ર ઉપર થયેલ ચર્ચાને યથાવત્ મુદ્રિત કરવામાં આવી છે. એકીસાથે બોલવાને કારણે તેમજ *માઈક્રોફોન્*માં ન બોલવાને કારણે ન સંભળાઈ શકેલ અંશને, બોલતાં-બોલતાં અધુરી મૂકી દેવામાં આવેલા વાક્યોને તેમજ *કેસેટ્*ની બાજુઓ પલટવામાં મુદ્રિત ન થઈ શકેલ અંશનો સમાવેશ ગ્રન્થમાં નથી થઈ શક્યો. આવા સ્થાનોને '...' ત્રણ બિન્દુઓદ્વારા દર્શાવવામાં આવ્યાં છે.

સંસ્થાદ્વારા *સેમિનાર્* નું આયોજન શુદ્ધ *એકેડેમિક્ સ્પિરિટ્*થી કરવામાં આવે છે. અહીં એક ખુલાસો *સેમિનાર* ની પદ્ધતિ તેમજ તેના અહેવાલ

બાબત કરવો આવશ્યક જણાય છે. કોઈ વિષયનો વિચાર કરવો હોય તો તેની અનેક પદ્ધતિઓ હોઈ શકે છે. યથા સ્વમત - સ્વમત, પરમત - પરમત, સ્વમત - પરમત ના ઉપદેશક - ઉપદેશ્ય, ઉપદેશક - ઉપદેશક તેમજ ઉપદેશ્ય - ઉપદેશ્ય વચ્ચે વિચાર - વિમર્શ થતાં હોય છે. આમાં પ્રસિદ્ધ પ્રકારો આ પ્રમાણે છે. ગુરુ - શિષ્ય વચ્ચે અધ્યયનાધ્યાપનની પદ્ધતિદ્વારા શઙ્કા - સમાધાન રૂપે થતો વિચાર. નિર્ણીત વિષયને બુદ્ધિમાં સુદઢ કરવામાટે શિષ્યોમાં પરસ્પર થતો ચિન્તન - અભ્યાસ રૂપે વિચાર. પરસ્પર ભિન્ન મતવાળાઓ વચ્ચે એક - બીજાના મતને જાણવાની જિજ્ઞાસા રૂપે થતો વિચાર. આ જ પ્રકારમાં યદિ પ્રમાણવ્યવસ્થા સમાન હોય તો સ્વીકૃત પ્રમાણો સાથેની સ્વ - પરમતની સંવાદિતા કે વિસંવાદિતા બાબત તેમજ તેના અર્થઘટનમાટે પ્રયુક્ત યુક્તિ - પ્રયુક્તિના ઔચિત્યની બાબતમાં શાસ્ત્રાર્થના રૂપમાં પણ ચર્ચા થતી હોય છે. તેમાં પણ વળી જલ્પ વિતણ્ડા આદિ પ્રકારાન્તરો હોય છે. આ બધી પદ્ધતિઓ પરમ્પરાગત અને પ્રસિદ્ધ છે. ગુરુ - શિષ્ય વચ્ચે થતી ચર્ચામાં ગુરુવચનનું પ્રામાણ્ય સ્વીકૃત હોય છે. તે જ પ્રમાણે શાસ્ત્રાર્થની પદ્ધતિથી થતા વિચારમાં મધ્યસ્થના નિર્ણયનું પ્રામાણ્ય સ્વીકૃત હોય છે. અન્ય પ્રકારો જિજ્ઞાસારૂપ છે. આ બધી વિચારપદ્ધતિઓથી ભિન્ન આધુનિક એક વિચારપદ્ધતિ છે *સેમિનાર્*ની. *સેમિનાર્* એક વિચારમંચ હોય છે. સમાન વિષયમાં રસ ધરાવતાં લોકો જે - તે વિષયમાં પોતે કરેલ અભ્યાસને શોધપત્રના રૂપમાં સ્વસમાન અભ્યાસુઓ સમક્ષ સમીક્ષા - પ્રતિક્રિયામાટે પ્રસ્તુત કરે છે. યથાસમય અધ્યક્ષના માધ્યમથી તેના ઊપર પ્રશ્નોત્તર - સ્પષ્ટીકરણ થાય છે. અધ્યક્ષનું કાર્ય મુખ્યત્વે વિચારપ્રેરક મુદ્દાઓને ઉઠાવવાનું, ચર્ચાને યોગ્યદિશા આપવાનું, અપ્રાસઙ્ગિક ચર્ચાને રોકવાનું, સર્વે ચર્ચાકારોને સમાન અવસર પ્રાપ્ત કરાવવાનું, સમયનિયમન કરવાનું, વિષયોપસંહાર કરવાનું વગેરે હોય છે. આ પ્રક્રિયા નિર્ણયલક્ષી કરતાં વિચારલક્ષી વધુ હોય છે. જેટલા વધુ અને વિભિન્ન વિચારો વિચાર્યવિષય ઊપર ઉપસ્થિત થાય તેટલી તેની સફળતા વધુ ગણાય. અહીં એ વાત લક્ષ્યમાં રાખવી જોઈએ કે પ્રત્યેક શોધપત્રના પ્રત્યેક મુદ્દાઓ ઊપર ચર્ચા થવી કે નિર્ણય ઉપર પહોંચવું એ નિશ્ચિત સમયમર્યાદામાં ન તો સમ્ભવ છે કે ન આવશ્યક.



નિશ્ચિત વિષય ઉપર આયોજિત *સેમિનાર* માટે શોધપત્ર તૈયાર કરનાર પોતાને ભાગે આવેલ મુખ્ય વિષયના નિરૂપણમાટે અનેક અવાન્તર વિષયોની પણ શોધપત્રમાં ચર્ચા કરતા હોય છે. આવા અવાન્તર વિષયો સમ્ભવ છે કે ચર્ચામાં સર્વથા ઉપેક્ષિત બને. તે જ રીતે સમ્ભવ છે કે કેટલાક મુખ્ય વિષયઊપર પણ સમયાભાવ, અનવધાન આદિ કારણોથી ચર્ચા - સ્પષ્ટીકરણ ન થાય. જે સ્પષ્ટીકરણો પ્રાપ્ત થયાં હોય છે તે એક અભિપ્રાય તરીકે જ હોય છે, સેમિનારના નિર્ણય તરીકે નહીં. આવી અપૂર્ણ કે અનિર્ણીત સ્થિતિ, ઘણી વાર, વિચારને ગતિશીલ બનાવવામાં અત્યન્ત ઉપકારક સિદ્ધ થતી હાય છે. આ ગ્રન્થ "પુષ્ટિમાર્ગીય અધિકાર" વિષય પર આયોજિત *સેમિનાર્* નો **અહેવાલ** છે. પરિચર્ચામાં વિષયસઙ્ગત જે કહેવાયું તેની યથાવત્ પ્રસ્તુતિ આમાં કરવામાં આવી છે. આથી મારો સાગ્રહ અનુરોધ છે કે પાઠકોદ્વારા આ ગ્રન્થનો ઉપરોક્ત દષ્ટિથી એટલે કે *એકેડેમિક્ સ્પિરિટ્*થી અભ્યાસ કરવામાં આવે.

આ સાથે આવી વિચારપ્રક્રિયામાં રસ ધરાવનારાં પુષ્ટિભક્તિસમ્પ્રદાયના મૂળગ્રન્થોના અભ્યાસુ અન્ય પણ તત્ત્વબુભુત્સુ લોકો યદિ સંસ્થાના ભાવી કાર્યક્રમોમાં સમ્મિલિત થશે તો તેઓ પણ અવશ્ય સ્વાગતાર્હ બનશે.

મને એ વાતનો ખૂબ હર્ષ છે કે પરિચર્ચામાં સમ્મિલિત થયેલ સર્વે પ્રતિભાગિઓએ પણ એવીજ *એકેડેમિક્ સ્પિરિટ્* પૂર્વક પરસ્પર સમભાવ રાખીને સન્દોર્ભાપાત્ત વિષયઉપર ખૂબ ગહન પ્રશ્નોત્તર કરીને આ પરિચર્ચાને સફળ બનાવી છે. સંસ્થા વતી સર્વે પ્રતિભાગિઓનો હું આભાર માનું છું.

વિશેષમાં, પરિચર્ચાની વ્યવસ્થાને સુચારુ બનાવવામાં સહયોગી હાલોલના વૈષ્ણવ ભાઈ - બહેનો પણ અવશ્ય ધન્યવાદને પાત્ર ગણાશે.

**રાધાષ્ટમી** **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**

વિ.સં. ૨૦૫૮ *ગોસ્વામી શરદ્*

## શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છની પ્રવૃત્તિઓ

➢ **સેમિનાર :**

૧. શબ્દવિચાર
૨. કાર્યકારણભાવવિચાર
૩. વાર્તાપરિચર્ચા
૪. અધિકારપરિચર્ચા

પ્રસ્તાવિત :

ખ્યાતિવિચાર
પુષ્ટિમાર્ગીયસાધનાપ્રણાલી

➢ **ગ્રન્થપ્રકાશન :**

પ્રકાશિત

૧. પ્રવેશિકા ( અંગ્રેજી )
૨. પ્રમેયરત્નસંગ્રહ
૩. પ્રસ્થાનરત્નાકરશબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા
૪. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્ (વ્રજભાષાટીકા)
૫. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ ( વ્રજભાષાટીકા )
૬. વાર્તાપરિચર્ચા
૭. પુષ્ટિવિધાનમ્
૮. પ્રવેશિકા
૯. અધિકારપરિચર્ચા

પ્રકાશ્ય :

૧. કાર્યકારણભાવમીમાંસા

<u>પ્રવચન : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી, કિશનગઢ - પાર્લા</u>

૨. શ્રીસર્વોત્તમસ્તોત્ર ૧૯૯૫ - ૨૦૦૧ ( કાંદીવલી )
૩. સેવાકૌમુદી ( જુનાગઢ )
૪. સાધનપ્રકરણમ્ ( વિલેપાર્લે )



૫. નવરત્નમ્( વિશ્વકર્માબાગ, પાર્લા )
૬. સેવામાં વ્રજલીલા ( કિશનગઢ )
૭. બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્-શ્રીકૃષ્ણ-સ્વસેવ્ય( કિશનગઢ )
૮. પઞ્ચશ્લોકી ( જુનાગઢ )
૯. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ( હાલોલ )
૧૦. ભક્તિવર્ધિની ( કેશોદ )
૧૧. સિદ્ધાન્તવચનાવલી ( કેશોદ )
૧૨. વલ્લભવચનામૃત ( કિશનગઢ )
૧૩. ભગવદ્ગીતા અધ્યાય ૪ ( ઘાટકોપર )
૧૪. ભગવદ્ગીતા અધ્યાય ૯ ( અમદાવાદ )
૧૫. ભગવદ્ગીતા અધ્યાય ૧૨
૧૬. તત્વાર્થદીપનિબન્ધ શાસ્ત્રાર્થપ્ર. ( ગુજ.વિ., વૈ. વાણીમાં પ્રકાશિત )
૧૭. પ્રભુચરણવિરચિત પદ્યસાહિત્યની અપ્રકાશિત સંસ્કૃત ટીકાઓ. ...

➢ **ગોશાલા**

➢ **સંકૃત માધ્યમથી ભણતા વિદ્યાર્થીઓમાટે છાત્રાલય**

સંચાલન : શ્રીવલ્લભાચાર્ય વ્રજસંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ સમિતિ, ગોકુલ

➢ **છાત્રવૃત્તિ**

➢ **હસ્તપ્રતસંગ્રહ - સંરક્ષણ**

➢ **પુસ્તકાલય**

➢ **પાઠશાલા**

➢ **પુષ્ટિમાર્ગીય વેબસાઈટ :** http://www.pushtimarg.net/

➢ Catalogus Catalogorum of the manuscripts of Śuddhādvaita - Puṣṭibhakti - Sampradāya.

➢ **એન્સાયક્લોપીડીયા ઓફ્ ઈન્ડિયન્ ફિલોસોફિ ( એડિટર્ ઈન્ જનરલ્ : ડૉ. કાર્લ્ પોટર, યુનિવર્સિટિ ઓફ્ વોશિંગ્ટન, યુ. એસ. એ. ) અન્તર્ગત 'શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ'વિષયક ખણ્ડના લેખન - સઙ્કલન - સમ્પાદન - પ્રકાશનમાં સહયોગ.**

| | | |
|---|---|---|
| | ચર્ચા | ૧૯૫-૨૧૦ |
| શ્રીઅસિત શાહ | વરાગનીદૃષ્ટિથી પુષ્ટિમાર્ગીય અધિકારનો વિચાર | ૨૧૧-૨૧૮ |
| | ચર્ચા | ૨૧૯-૨૩૫ |

**૨૯।૪।૨૦૦૧ द्वितीयदिवसीय मध्याह्न सत्र**

| | | |
|---|---|---|
| डॉ. जया शुक्ल | अधिकारविचारकी आवश्यकता | २३६-२४३ |
| | चर्चा | २४४-२४९ |
| ડૉ. પિયૂષ પરીખ | સમ્પ્રદાયમાં અધિકારનો વિચાર કેમ ? | ૨૫૦-૨૬૦ |
| | ચર્ચા | ૨૬૧-૨૬૮ |
| गोस्वामी शरद् | लिङ्गशरीरविचार | २६९-२७९ |
| डॉ. गजानन् शर्मा | पुष्टिमार्गमें प्रवेशाधिकार | २८०-२८९ |
| | चर्चा | २९०-२९९ |
| श्रीधर्मेन्द्र झाला | मर्यादापुष्टिमें अधिकारको विचार | ३००-३०८ |
| | चर्चा | ३०९-३१९ |

**३०।४।२००१ तृतीयदिवसीय प्रात:कालीन सत्र**

| | | |
|---|---|---|
| પ્રો. વીણા શેઠ | પુષ્ટિમાર્ગીય ફલપ્રાપ્તિમાં અધિકારવિચાર | ૩૨૦-૩૨૬ |
| | ચર્ચા | ૩૨૭-૩૪૧ |
| શ્રીહંસરાજ વેદ | સેવાનુકલ્પ ગુણગાનમાં અધિકારવિચાર | ૩૪૨-૩૪૯ |
| | ચર્ચા | ૩૫૦-૩૭૧ |
| શ્રીદેવેન્દ્ર શાહ | સમ્પ્રદાયમાં અધિકારવિચાર શામાટે ? | ૩૭૨-૩૭૭ |
| | ચર્ચા | ૩૭૮-૩૮૭ |
| શ્રીકૃષ્ણદાસ દેસાઈ | માર્ગપ્રવેશમાં અધિકારનો વિચાર | ૩૮૮-૩૯૫ |
| | ચર્ચા | ૩૯૬-૪૦૧ |




# પ્રારમ્ભિક વક્તવ્ય

### ગોસ્વામી શરદ્

ચિન્તાસન્તાનહન્તારો યત્પાદામ્બુજરેણવ:।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુ:॥
યદનુગ્રહતો જન્તુ: સર્વદુ:ખાતિગો ભવેત્।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનન્દનમ્॥
અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાઞ્જનશલાકયા।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમ:॥
નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્।
લક્ષ્મીસહસ્રલીલાભિ: સેવ્યમાનં કલાનિધિમ્॥
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા।
ષડ્ભિર્વિરાજતે યોઽસૌ પઞ્ચધા હૃદયે મમ॥

અધિકારપરિચર્ચાના શુભારમ્ભ પ્રસઙ્ગે પ્રારમ્ભિક વક્તવ્યના રૂપમાં મારે કેટલીક વાતો આપને કરવાની છે. શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ દ્વારા ગત બે વર્ષથી *ઈન્ટર્નલ્* તેમજ *એક્સ્ટર્નલ્* આમ બે પ્રકારના *સેમિનાર્સ્*ની શૃઙ્ખલાઓનો મઙ્ગલ પ્રારમ્ભ કરવામાં આવ્યો છે. તેમાં પ્રથમ તો વલ્લભ સમ્પ્રદાયના વિભિન્ન દાર્શનિક પક્ષો ઉપર પ્રતિવર્ષ એક *એક્સ્ટર્નલ્* સેમિનારનું આયોજન કરવામાં આવે છે જેમાં સામ્પ્રદાયિક વિદ્વાનો સહિત વિશેષ રૂપથી સમ્પ્રદાયમાં અદીક્ષિત તેમજ ઈતર મતાવલમ્બી વિદ્વાનો સાથે વાલ્લભદર્શનના તાત્વિક પક્ષો ઉપર તુલનાત્મક વિચાર - વિમર્શ કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રમાં વેદાન્તના નામે પ્રાય: શાઙ્કરવેદાન્તજ ભણવા તેમજ ભણાવવા માં આવે છે. વાલ્લભદર્શન બાબત લોકો નામમાત્રથી અવગત છે. પરિચર્ચા આયોજિત કરવા પાછળનો એક હેતુ તેથી એ હતો કે આવા *સેમિનાર્સ્*ના

માધ્યમથી શિક્ષણ ક્ષેત્રમાં વાલ્લભદર્શનની બાબતમાં જાગૃતિ આવે. તે સિવાય જો આપણે આપણા ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો જાણાશે કે તુલનાત્મક તેમજ વિશ્લેષણાત્મક વિચાર - વિમર્શની જે પરમ્પરા શ્રીપુરુષોત્તમજી પર્યન્ત અવિરત ચાલતી આવતી હતી અને તેદ્વારા વાલ્લભદર્શનનો સંવાદ અન્ય દાર્શનિક પરમ્પરાઓ સાથે થયા કરતો હતો. સમ્પ્રતિ તે સ્થગિતપ્રાય: છે. એવું કહેવાય છે કે શ્રીપુરુષોત્તમજી અન્ય મતોની આલોચનાના ગ્રન્થો લખીને જે - તે મતના પંડિતોને તે ગ્રન્થો અભિપ્રાય જાણવામાટે મોકલાવતા. અને તેમના અભિપ્રાયો જાણીને પોતાના ગ્રન્થોમાં સુધારા - વધારા કરતા રહેતા. તેથી આ *સેમિનાર*ના માધ્યમથી તે સંવાદને પણ પુન:સ્થાપિત કરવાની ભાવના રહી છે. એક વાત એ પણ હતી કે 'પ્રસ્થાનરત્નાકર' ગ્રન્થ ઉપર કોઈ પણ ટીકા લખાઈ નથી. તો તેના વિભિન્ન અંશો ઉપર *સેમિનાર*નું આયોજન થતું રહે તો કાળક્રમે પૂર્વોત્તરપક્ષના રૂપમાં સ્વત: એક ટીકા રચાઈ જાય. તેથી ૧૯૯૯ ના નવેમ્બર્ માસમાં ગાંધીનગરમાં પ્રથમ ત્રિદિવસીય પરિચર્ચા 'પ્રસ્થાનરત્નાકર' ગ્રન્થના આધારે વાલ્લભદર્શનના ભાષાદર્શન વિષયક એક પરિચર્ચાનું આયોજન થયું હતું. આ પરિચર્ચાની વિસ્તૃત *રિપોર્ટ* પણ 'વિદ્વત્પરિચર્ચા' નામથી ગતવર્ષ પ્રકાશિત કરવામાં આવી હતી. આ જ ક્રમમાં વર્ષ ૨૦૦૦ ના નવેમ્બર્ માસમાં નિમેટા, વડોદરામાં 'પ્રસ્થાનરત્નાકર' ગ્રન્થના આધારે વાલ્લભદર્શનના 'કાર્યકારણમીમાંસા' વિષયપર એક ત્રિદવસીય વિદ્વત્પરિચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે પછી આવતા વર્ષમાં વાલ્લભદર્શનના 'ખ્યાતિ' વિષયપર એક પરિચર્ચાનું આયોજન કરવામાં આવશે. આ સેમિનારોની બાબતમાં જાણીને કેટલા લોકોએ એવી ઈચ્છા પ્રકટ કરી હતી કે સમ્પ્રદાયના લોકોમાટે પણ આવી પરિચર્ચાઓ આયોજિત કરવામાં આવે. આથી બીજા ક્રમમાં *ઈન્ટર્નલ્*સેમિનારની એક શૃઙ્ખલાનો આરમ્ભ કરવામાં આવ્યો. આ સેમિનારોમાં વિશેષ કરીને સમ્પ્રદાય - પરમ્પરામાં દીક્ષિત ચિન્તકો વચ્ચે સમ્પ્રદાયના ધર્મ - સાધના આદિ પક્ષો ઉપર વિચારગોષ્ઠિઓનું આયોજન કરવામાં આવે છે. તદનુસાર 'વૈષ્ણવવાર્તા' વિષયપર એક સેમિનારનું આયોજન ગતવર્ષ પ્રાયોગિક રૂપે કરવામાં આવ્યું જેમાં પ્રસ્તુત થયેલ શોધપ્રબન્ધોનું સઙ્કલન પણ પ્રકાશિત કરી દેવામાં



આવ્યું છે. જો આપે તે ગ્રન્થનું અવલોકન કર્યું હશે તો આપને ખ્યાલ આવશે કે કેટલા બધા દૃષ્ટિકોણથી વાર્તાજીનું અધ્યયન થઈ શકે છે. 'વૈષ્ણવવાર્તા' વિષય રાખવાનો હેતુ એ હતો કે તે સર્વજનસુલભ છે અને ઓછામાં ઓછા અમારા પહેલાની પેઢીના લોકો તો દૈનિક જીવનમાં તેનું વાંચન કરતા આવ્યાજ છે તેથી દરેક સ્તરના લોકોનો તેમાં પ્રવેશ થઈ શકે.

આ વખતે *ઈન્ટર્નલ્ સેમિનાર*માં એવા વર્ગના લોકોને સમ્મિલિત કરવાનો વિચાર થયો કે જેઓ સમ્પ્રદાયના મૂળ સંસ્કૃત ગ્રન્થોના અભ્યાસુ હોય અથવા તો તે દિશામાં પ્રયત્નશીલ હોય. સેમિનારના વિષયની બાબતમાં ગતવર્ષ વાર્તાપરિચર્ચાના અવસરે ચર્ચા કરતાં શ્રીગજાનન શર્માનો એવો અભિપ્રાય થયો હતો કે વાર્તા જેવો *ઓપન્ સબ્જેક્ટ્* રાખવા કરતાં કોઈ નાનો વિષય રાખવામાં આવવો જોઈએ કે જેથી ખુબ ઉંડાણથી વિષયની ચર્ચા થઈ શકે. તેથી 'અધિકાર' વિષય પર પરિચર્ચા આયોજિત કરવાનું નિર્ધારિત થયું. આમ પણ આપણે જોઈએ તો કોઈ પણ કાર્ય - સાધનનો પ્રારમ્ભ અધિકારવિચારથીજ થતો હોય છે. આ જ રીતે ભવિષ્યમાં પણ જો બધાનો સહયોગ પ્રાપ્ત થતો રહેશે તો સમ્પ્રદાયના સેવા, ફલ, દીક્ષા જેવા વિષયો પર ક્રમશ: સેમિનારનું આયોજન કરતા રહીશું.

'અધિકાર' શબ્દની (શ્રીનવનીતપ્રિય) શાસ્ત્રીજીએ પોતાના પેપરમાં વ્યુત્પત્તિ આપી છે: અધિ કરોતિ ઈતિ અધિકાર:. આચાર્યચરણોએ **"યાવદધિકારમવસ્થિતિરાધિકારિકાણામ્"** સૂત્રના ભાષ્યમાં નિરૂપણ કર્યું છે કે **"યસ્મિન્ જીવે યત્કાર્યસાધનાર્થમ્ અધિકારો ભગવતા દત્ત: તત્કાર્યસાધનક્ષમા: તસ્મિન્ યે સ્વધર્મા: ભગવતા સ્થાપિતા: તે 'આધિકારિકા:' ઈતિ ઉચ્યતે"** (બ્ર.સૂ.આણુભા.૩ . ૩ . ૩૨). અર્થાત્ જે જીવદ્વારા ભગવાન્ જે કાર્ય કરાવવા ઈચ્છતા હોય તે કાર્યને સમ્પન્ન કરવામાટે ભગવાન્ જીવમાં કોઈક વિશેષ પ્રકારનું (સ્વધર્મરૂપ) સામર્થ્ય સ્થાપિત કરતા હોય છે. આના પરિણામે તે જીવ ભગવચ્ચિકીર્ષિત કાર્ય કરવામાટે શક્તિમાન્ - યોગ્ય બને છે. આ જ અધિકારની પ્રાપ્તિ છે. અહીં 'અધિકાર'નો અર્થ થાય છે: યોગ્યતા.

મથુરાનાથતર્કવાગીશ પણ તત્વચિન્તામણિની વ્યાખ્યામાં 'અધિકાર'ને સમજાવતાં લખે છે : **"યદ્ધર્મવિશિષ્ટેન કૃતસ્ય કર્મણ: ફલજનકત્વં સોऽધિકાર:"**. અર્થાત્ કરવામાં આવતું કર્મ જે ધર્મથી વિશિષ્ટ થવાપર ફલજનક બને છે તેને 'અધિકાર' કહેવામાં આવે છે.

શ્રૌત - સ્માર્તકર્મમાં અધિકારનો વિચાર : ભારતીય સનાતન ધર્મપરમ્પરામાં પ્રારમ્ભથી જ અધિકારનો વિચાર કરવામાં આવ્યો છે. દ્વિવિધ ધર્મો શ્રૌતધર્મ તેમજ સ્માર્તધર્મ ને જો લેવામાં આવે તો તેમાં પણ અધિકારના રૂપમાં વર્ણ તેમજ આશ્રમ વ્યવસ્થા આપણને જોવા મળશે. આ સાથે સર્વાધિકારક સામાન્યધર્મ પણ આપણી ધર્મપરમ્પરામાં છે જ. વર્ણાશ્રમ વ્યવસ્થામાં પણ પુન: ષોડશસંસ્કારના રૂપમાં અવસ્થાનુસાર અધિકાર - યોગ્યતાને સમ્પાદિત કરવાની વ્યવસ્થા બતાવવામાં આવી છે.

કર્મના ક્ષેત્રમાં મીમાંસકોએ પુષ્કળ વિચાર કર્યો છે. તદનુસાર વિધિ - મન્ત્ર - નામધેય - નિષેધ - અર્થવાદાત્મક વેદના વિધિભાગની વિવેચનામાં

૧. ઉત્પત્તિવિધિ
૨. વિનિયોગવિધિ
૩. પ્રયોગવિધિ અને
૪. અધિકારવિધિ

આમ ચતુર્વિધ વિધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**"કર્મસ્વરૂપમાત્રબોધકો વિધિ:"** ને 'ઉત્પત્તિવિધિ' કહેવામાં આવે છે.

**"અઙ્ગ - પ્રધાનસમ્બન્ધબોધકો વિધિ: વિનિયોગવિધિ:"**. અર્થાત્ દહી, વ્રીહી આદિ તેમજ દેવતા રૂપી હોમના અઙ્ગોનો તેના અઙ્ગી = હોમની સાથે સમ્બન્ધનો બોધ કરવાનારા વેદભાગને 'વિનિયોગવિધિ' કહેવામાં આવે છે.

**"અઙ્ગાનાં ક્રમબોધકો વિધિ: પ્રયોગવિધિ:"**. દર્શપૂર્ણમાસાદિ પ્રધાન



યાગાઙ્ગભૂત પ્રયાજાદિ યાગના ક્રમનો બોધ કરાવનારા વેદભાગને 'પ્રયોગવિધિ' કહેવામાં આવે છે.

**"કર્મજન્યફલસ્વામ્યબોધકો વિધિ: અધિકારવિધિ:"**. કામ્ય - નૈમિત્તિક - નિત્ય કર્મોથી ઉત્પન્ન થતા ફળ કોને પ્રાપ્ત થાય છે તેનો બોધ કરવાનાર વેદભાગને 'અધિકારવિધિ' કહેવામાં આવે છે.

**"સ્વર્ગકામો યજેત"** વિધિ એક યાગનું વિધાન કરે છે. આ યાગ તે પુરુષને જ ફલ પ્રાપ્ત કરાવશે કે જેને સ્વર્ગફલની કામના હશે અન્યને નહીં. તે જ પ્રમાણે **"અગ્નયે ક્ષામવતે અષ્ટાકપાલં નિર્વપેત્"** વિધિથી આઠ કપાલોમાં તૈયાર કરેલ પુરોડાશને અગ્નિને સમર્પિત કરનાર દરેક અગ્નિહોત્રીને પાપક્ષયરૂપી ફળની પ્રાપ્તિ નથી થતી. તે તો તે અગ્નિહોત્રિનેજ પ્રાપ્ત થાય છે કે જેની અગ્નિથી ઘરમાં આગ લાગી હોય. તેથી જ વિધિના પૂર્વભાગમાં **"યસ્યાહિતાગ્ને: અગ્નિ: ગૃહાન્ દહેત્ સ:"** એમ કહીને તેના નિમિત્તની બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. તેથી આ પ્રકારનું નિમિત્ત જેને ઉપસ્થિત થયું હોય તેનાદ્વારા પૂર્વોક્ત પ્રકારે પુરોડાશ સમર્પિત કરવામાં આવે ત્યારે તેના પાપોનો નાશ થાય છે. અહીં ગૃહદાહ નિમિત્ત ફલજનક બને છે. તે જ પ્રમાણે **"અહરહ: સન્ધ્યામ્ ઉપાસીત"** વિધિથી સન્ધ્યાકર્મમાં પ્રવૃત્ત થનાર પુરુષ જો પવિત્ર તેમજ શાસ્ત્રાજ્ઞા મુજબ જીવનયાપન કરનાર હોય તોજ સન્ધ્યાકર્મજન્ય પાપનિવારણરૂપી ફળની પ્રાપ્તિ તેને થાય છે. આમ નિત્ય-નૈમિત્તિક-કામ્ય કર્મના ભેદથી અધિકારનો વિચાર મીમાંસકોએ કર્યો છે.

આજે સંયોગવશાત્ શઙ્કર - રામાનુજ જયન્તિ છે. સમ્પ્રદાયના સ્તરે જો અધિકારનો વિચાર કરવામાં આવે તો તેમાં પણ ખુબજ વિસ્તાર અને વિવિધતા થી અધિકારની વિવેચના પ્રાપ્ત થાય છે. પુષ્ટિભક્તિસમ્પ્રદાયની દૃષ્ટિથી અધિકારની વિવેચના તો આપ સહુ કરશો જ. અતએવ તે બાબતમાં મારે કંઈ કહેવાનુ નથી. તે તો આપ પાસેથી જ સાંભળવાનું છે. હું શ્રીરામાનુજાચાર્યજી પ્રવર્તિત વિશિષ્ટાદ્વૈત દર્શનની દૃષ્ટિથી અધિકારના સ્વરૂપ

બાબત કહેવાની ઈચ્છા રાખું છું. રામાનુજ દૃષ્ટિકોણ લેવાનાં મુખ્ય બે કારણો છે. એક કારણ તો એ છે કે રામાનુજસમ્પ્રદાય વલ્લભસમ્પ્રદાયની માફક જ એક વૈષ્ણવ સમ્પ્રદાય છે. અને બીજું કારણ એ છે કે વિશિષ્ટાદ્વૈત મત આપણા સાકારબ્રહ્મવાદથી સર્વાધિક નિકટ છે. આથી રામાનુજમતાનુસારી અધિકારવ્યવસ્થાને જો આપણી દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવે તો વાલ્લભમતાનુસારી અધિકારવ્યવસ્થા સાથે તુલનાનો એક આધાર આપણને મળી રહેશે.

શ્રીવેદાન્તદેશિક રામાનુજમતાનુસારી તત્વનું નિરૂપણ કરતાં કહે છે:

દ્રવ્યાદ્રવ્યપ્રભેદાન્ મિતમુભયવિધં તદ્વિદસ્તત્ત્વમાહુ:
દ્રવ્યં દ્વેધા વિભક્તં જડમજડમિતિ પ્રાચ્યમવ્યક્તકાલૌ।
અન્તં પ્રત્યક્ પરક્ ચ પ્રથમમુભયધા તત્ર જીવેશભેદાત્
નિત્યા ભૂતિર્મતિશ્ચેત્યપરમિહ જડામાદિમાં કેચિદાહુ:॥

—તત્વમુક્તાકલાપ, જડદ્રવ્યસરમાં

તદનુસાર તત્વ બે પ્રકારનું છે: દ્રવ્ય અને અદ્રવ્ય. દ્રવ્યના બે ભેદ હોય છે: જડદ્રવ્ય અને અજડદ્રવ્ય. જડદ્રવ્ય બે પ્રકારનું હોય છે: પ્રત્યક્ અને પરાક્. પ્રત્યક્ બે પ્રકારનું છે: જીવ તથા ઈશ્વર. અધિકારનો વિચાર મુખ્યરૂપથી જીવને અનુલક્ષીને થતો હોય છે. તેથી જડ, ઈશ્વર તથા અદ્રવ્ય તત્વોના વિસ્તારમાં હું નથી જતો. જીવ ત્રણ પ્રકારના હોય છે: બદ્ધ, મુક્ત અને નિત્ય. અનન્તજી, ગરુડજી, વિશ્વક્સેનજી આદિ નિત્યજીવો સર્વજ્ઞ, ભગવદભિપ્રાયને જાણવાવાળાજ્ઞ અને ભગવદિચ્છાનુકૂલ આચારણ કરવાવાળા હોય છે. આથી નિત્યજીવોનો અધિકાર ભગવાન્દ્વારાજ વ્યવસ્થિત કરાયેલો હોય છે. તેમનું આવાગમન પણ ભગવદિચ્છાથી થતું હોય છે. આથી નિત્યજીવોના અધિકારની બાબતમાં આપણામાટે વિશેષ કંઈ વિચારણીય રહેતું નથી. મુક્તજીવ તે હોય છે કે જેણે યથોક્ત સાધનાચરણદ્વારા પાપપુણ્યના બન્ધનનો ત્યાગ કરીને દિવ્યશરીર ધારણ કરીને ભગવદ્ધામમાં પ્રવેશ મેળવી લીધો છે. નિત્યજીવની માફક મુક્ત જીવના અધિકારની બાબતમાં પણ વિશેષ વિચારણીય રહેતું નથી. અધિકારનો



વિચાર, અતએવ, મુખ્યરૂપથી મુક્તિયોગ્ય બદ્ધજીવની બાબતમાં કરવામાં આવતો હોય છે.

બ્રહ્માજીથી લઈને કીટ પર્યન્ત જીવો 'બદ્ધ' કહેવાય છે. બદ્ધજીવો બે પ્રકારના હોય છે: એક તો શાસ્ત્રવશ્યજીવો અને બીજા શાસ્ત્ર - અવશ્યજીવો. શાસ્ત્રવશ્યજીવો તે હોય છે કે જેઓના કલ્યાણમાટે શાસ્ત્ર અનેક પ્રકારના વિધિ - નિષેધ કરે છે. મુખ્યત્વે મનુષ્યો શાસ્ત્રવશ્ય કહેવાય છે. જ્યારે કે પશુ મૃગ સરીસૃપ કીટ આદિ 'તિર્યક્' તેમજ વૃક્ષ ગુલ્મ લતા આદિ 'સ્થાવર' જીવો શાસ્ત્ર - અવશ્ય કહેવાય છે. શાસ્ત્રવશ્ય બદ્ધ જીવો બુભુક્ષુ અને મુમુક્ષુ આમ બે પ્રકારના હોય છે. બુભુક્ષુજીવના બે પ્રકારો હોય છે: અર્થ - કામપરાયણ અને ધર્મપરાયણ. અર્થકામપરાયણ બુભુક્ષુ જીવો દેહાત્માભિમાની હોય છે. સાંસારિક પદાર્થોનો સંગ્રહ તેમજ તેનો ભોગ માત્ર તેઓનું લક્ષ્ય હોય છે. ધર્મપરાયણ બુભુક્ષુ જીવો દેહાત્માભિમાની નથી હોતા. તેઓ પોતાના સર્વ કાર્યો ધર્મનિયમાનુસાર કરતા હોય છે. તેઓ યજ્ઞ દાન તપસ્યા તીર્થયાત્રા આદિમાં પ્રવૃત્ત હોય છે. ધર્મપરાયણ બુભુક્ષુ જીવો પણ પુન: બે પ્રકારના હોય છે: બ્રહ્મા - રુદ્ર - અગ્ન્યાદિ દેવતાપરાયણ અને શ્રીભગવત્પરાયણ. પ્રથમ પ્રકારના જીવો પોતાની લૌકિક - પારલૌકિક કામનાઓની પૂર્તિમાટે અન્યાન્ય દેવતાઓની આરાધના કરતાં હોય છે. શ્રીભગવત્પરાયણ જીવો ભગવદ્ગીતામાં કહ્યા પ્રમાણે ત્રણ પ્રકારના હોય છે: આર્ત, જીજ્ઞાસુ અને અર્થાર્થી.

શાસ્ત્રવશ્યજીવોના અન્તર્ગત મુમુક્ષુ જીવો તે જીવોને કહેવામાં આવે છે કે જેઓમાં ધર્માર્થકામરૂપી ત્રિવર્ગની કામના નથી હોતી. અને તેથીજ તેઓ આત્મકલ્યાણાર્થ શાસ્ત્રોક્ત સાધનોનું અનુસરણ કરતા હોય છે. આવા જીવોના બે પ્રકારો હોય છે: કૈવલ્યપરાયણ તથા મોક્ષપરાયણ. કૈવલ્યપરાયણ જીવોનો અધિકાર સ્વાત્માનન્દાનુભવ પર્યન્ત હોવાથી તેઓ જ્ઞાનયોગદ્વારા પ્રકૃતિસમ્બન્ધ રહિત આત્માનો અનુભવ કરે છે. આવા કૈવલ્યાનુભવમાં ભગવાનનો અનુભવ થતો નથી આથી તે રસહીન ગણાય છે.

મોક્ષપરાયણ જીવો બે પ્રકારના હોય છે: ભક્ત અને પ્રપન્ન. રામાનુજમતાનુસાર ભક્તિ એ અષ્ટાઙ્ગયોગ પૂર્વક અવિચ્છિન્ન તૈલધારવત્ ધ્યેયના સ્વરૂપનું ચિત્તદ્વારા ધ્યાન-સ્મૃતિસન્તાન છે. આ પ્રકારની ભક્તિ વિવેક વિમોક અભ્યાસ ક્રિયા કલ્યાણ અનવસાદ તથા અનુદ્ધર્ષ આમ આ સાત સાધનોથી ઉત્પન્ન થાય છે. ધ્યેયસ્વરૂપનું ધ્યાન ઔપનિષદિક ૩૨ બ્રહ્મવિદ્યાઓમાંથી યથારુચિ અથવા આચાર્યાજ્ઞાનુસાર કોઈ પણ એક બ્રહ્મવિદ્યાદ્વારા કરવાનું હોય છે. બ્રહ્મવિદ્યામાં કેવલ ત્રિવર્ણનો જ અધિકાર હોવાથી આ ભક્તિમાં સ્ત્રી-શૂદ્રોનો અધિકાર માન્ય નથી કરવામાં આવ્યો. મોક્ષપરાયણજીવ સાઙ્ગ વેદનું અધ્યયન કરીને પૂર્વોત્તરમીમાંસાદ્વારા જ્યારે તેના અર્થ-તાત્પર્યનું જ્ઞાન મેળવી લે છે ત્યારે તેને નિશ્ચય થાય છે કે શ્રીભગવાન્ ચેતન-અચેતન પદાર્થોથી વિલક્ષણ છે. આવો અધિકારી મોક્ષપરાયણ બને છે. ત્યારે તે સકલ ત્યાજ્ય દોષોના વિરોધી તથા સમસ્તકલ્યાણગુણાત્મક ભગવાન્‌ની પ્રાપ્તિમાટે ભક્તિમાં પ્રવૃત્ત થાય છે. ભક્તિના ત્રણ પર્વો હોય છે: પરભક્તિ, પરજ્ઞાન અને પરમભક્તિ. ધ્યાયસ્વરૂપનું ધ્યાન જ્યારે પ્રેમસ્વરૂપ બની જાય છે દર્શનસમાનાકાર થાય છે આ જ 'પરભક્તિ' છે. આવા પ્રેમમય ભગવદ્ધ્યાનથી પ્રસન્ન થઈને ભગવાનદ્વારા કરાવેલ સાક્ષાત્કાર 'પરજ્ઞાન' કહેવાય છે. ભગવાનનો આવો સાક્ષાત્કાર થયા પછી ભક્તના ચિત્તમાં તે ભગવાનને પ્રાપ્ત કરવાની જે ઉત્કટ ત્વરા જાગે છે તેને 'પરમભક્તિ' કહેવામાં આવે છે. ભક્તજીવ બે પ્રકારના હોય છે: સાધનભક્તિનિષ્ઠ તથા સાધ્યભક્તિનિષ્ઠ. શમદમાદિ તથા વિવેકાદિ સપ્તક વડે જે ભક્તિ ઉત્પન્ન થાય છે તે સાધનભક્તિ કહેવામાં આવે છે. વ્યાસાદિકની ભક્તિ શ્રીરામાનુજમતાનુસાર સાધનભક્તિ છે. સાધ્યભક્તિ તેને કહેવામાં આવે છે કે જે સાક્ષાત્ ભગવાનની કૃપાથી ઉત્પન્ન થાય છે. શ્રીશઠકોપસૂરિ આદિને સાધ્યભક્તિનિષ્ઠ માનવામાં આવે છે.

મોક્ષપરાયણ જીવના બે ભેદ આપણે જોયા એક તો ભક્ત અને બીજો પ્રપન્ન. આમાં ભક્ત અને ભક્તિ ના સ્વરૂપની બાબતમાં આપણે રામાનુજ દૃષ્ટિકોણ સમજ્યો હવે પ્રપન્નનો વિચાર છે. અકિઞ્ચન અને



અનન્યગતિવાળો બનીને ભગવાનના શરણે જનાર જીવ 'પ્રપન્ન' કહેવાય છે. ભગવાનને શરણે જનાર જીવ બે પ્રકારના હોય છે: ત્રિવર્ગપરાયણ અને મોક્ષપરાયણ. ત્રિવર્ગપરાયણ પ્રપન્નજીવ તે હોય છે કે જે પોતાની ધર્માર્થકામ સમ્બન્ધિ કામનાઓ કેવળ શ્રીભગવાનદ્વારા જ પૂર્ણ થાય તેવી ઇચ્છા ધરાવતો હોય. જ્યારે કે મોક્ષપરાયણ જીવમાં ત્રિવર્ગની કામના હોતી નથી. સત્સઙ્ગાદિદ્વારા નિત્યાનિત્યવસ્તુવિવેક તેનામાં જાગૃત થઈ જતાં તે સંસારથી વિરક્ત બની જતો હોય છે.

પ્રપન્નજીવો પુન: બે પ્રકારના હોય છે: એકાન્તી અને પરમેકાન્તી. જે પ્રપન્ન મોક્ષરૂપી ફળની સાથો-સાથ અન્ય ફળો પણ શ્રીભગવનદ્વારાજ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતો હોય છે તે 'એકાન્તિપ્રપન્ન' કહેવામાં આવે છે. જ્યારે પરમેકાન્તિપ્રપન્ન જીવે તેને કહેવામાં આવે છે કે જે શ્રીભગવાનથી પણ ભક્તિ-જ્ઞાન સિવાય બીજા કોઈ પણ પ્રકારના ફળ મેળવવાની ઇચ્છા રાખતો નથી. આવા પ્રપન્ન બે પ્રકારના હોય છે: દૃપ્ત અને આર્ત. પ્રારબ્ધ કર્મોના ફળો અનિવાર્યરૂપે ભોગવવા પડતા હોય છે તેવું જાણીને ફળભોગ ભોગવ્યા બાદ દેહાન્તે મુક્તિની કામનાવાળા જીવો 'દૃપ્ત-પરમેકાન્તિ-પ્રપન્ન' કહેવાય છે. આથી વિરુદ્ધ, સંસારને ધધકતા અગ્નિરૂપ જાણીને પ્રપન્ન થતાંજ મોક્ષ મેળવવાની તાલાવેલીવાળા જીવોને 'આર્ત-પરમેકાન્તિ-પ્રપન્ન' કહેવામાં આવે છે.

પ્રપત્તિના સમ્બન્ધમાં શ્રીલોકાચાર્ય કહે છે **"પ્રપત્તે: દેશનિયમ: કાલનિયમો અધિકારનિયમ: ફલનિયમશ્ચ નાસ્તિ"**. પ્રપન્નજીવ ૩૨ બ્રહ્મવિદ્યાઓનું અનુસરણ કરવામાં સમર્થ નથી હોતો. આપણા સમ્પ્રદાયમાં 'ન્યાસાદેશ' નામથી રામાનુજસમ્પ્રદાયના ન્યાસવિંશતિ ગ્રન્થનો શ્લોક પ્રસિદ્ધ છે.

**ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતોऽकिञ्चनाधिक्रियोक्ता,**
**કાર્પણ્યં વાઙ્ક્ષુક્તં મદિતરભજનાપેક્ષણં વા વ્યપોઢમ્।**
**દુસ્સાદ્યેચ્છેદધર્મો વા ક્વચિદુપશમિતાવન્યસમ્મેલને વા**
**બ્રહ્માસ્ત્રન્યાય ઉક્તસ્તદિહ ન વિહતો ધર્મ આજ્ઞાદિસિદ્ધ:॥**

આ શ્લોકામાં નિષ્કિઞ્ચનતા, દીનતા, અન્યભજન તથા અપેક્ષાનો ત્યાગ, દુ:સાધ્ય ઇચ્છા તથા પ્રયત્ન ત્યાગ બતાવવામાં આવ્યાં છે. અહીં નિષ્કિઞ્ચનતા તથા કાર્પણ્ય એ જીવની પ્રપત્તિના અધિકારના નિશ્ચાયક છે. તેથી અકિઞ્ચન તેમજ અનન્યગતિ થઇને મુમુક્ષુજીવ ભગવાનના ચરણોનું શરણ ગ્રહણ કરે છે. રામાનુજીયા પ્રપત્તિ સર્વાધિકારક છે.

આચાર્યલક્ષણ : મુમુક્ષુ પુરુષને આત્મકલ્યાણના ઉપાયને જાણવામાટે આચાર્યના શરણે જવું જોઇએ. શ્રીરામાનુજાચાર્યજી શ્રીભાષ્યમાં લખે છે કે **"સત્સન્તાનપ્રસૂત - સદાચારનિષ્ઠ - વેદવિદાચાર્ય:"**. અર્થાત્ **"પરીક્ષ્યલોકાન્ કર્મચિતાન્ બ્રાહ્મણો નિર્વેદમાયાત્ નાસ્ત્યકૃત: કૃતેન. તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્ સમિત્પાણિ: શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્"** આ શ્રુતિમાં બતાવ્યા અનુસાર આચાર્ય સત્કુલમાં જન્મેલ, સદાચારી તથા વેદનો જાણકાર હોવો જોઇએ. ભાષ્યમાં નિર્દિષ્ટ આચાર્યલક્ષણનું વિશદ વર્ણન કરતાં શ્રીવેદાન્તદેશિક કહે છે :

> **સિદ્ધં સત્સમ્પ્રદાયે સ્થિરધિયમનઘં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્**
> **સત્ત્વસ્થં સત્યવાચં સમયનિયતયા સાધુવૃત્ત્યા સમેતમ્।**
> **દમ્ભાસૂયાદિમુક્તં જિતવિષયગણં દીર્ઘબન્ધું દયાલુમ્**
> **સ્ખાલિત્યે શાસિતારં સ્વપરહિતપરં દેશિકં ભૂષ્ણુરીપ્સેત્॥**

વિદ્વાન્ સદાચારી આચાર્યોની પરમ્પરામાં નિષ્ઠ, નિશ્ચયાત્મિકા - સ્થિર બુદ્ધિવાળો, નિષ્પાપ, વેદનો જાણકાર, બ્રહ્મજ્ઞ, સાત્ત્વિક, સત્ય બોલનાર, યોગ્ય સમયે યોગ્યકાર્ય કરનાર, દમ્ભ અસૂયા આદિ દુર્ભાવો વિનાનો, જિતેન્દ્રિય - વૈરાગ્યવાન્, લાંબી શિષ્યપરમ્પરાવાળો, દયાળુ, સત્પથથી ચલિત થવા પર શિષ્યનું શાસન કરનાર, પોતાના તથા શિષ્યના હિતને જાણનાર પુરુષને આચાર્ય બનાવવો જોઇએ.

ઉપરોક્ત લક્ષણોવાળા આચાર્યનું વરણ કરીને મુમુક્ષુ ભક્તે આચાર્યદ્વારા શ્રીદેવીની શરણાગતિ કરવી જોઇએ. શ્રીયમુનાજીનું જેવું સ્વરૂપ



પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં બતાવવામાં આવ્યું છે લગભગ તેવુંજ સ્વરૂપ શ્રીદેવીનું રામાનુજસમ્પ્રદાયમાં બતાવવામાં આવ્યું છે. શરણાગત જીવની શ્રીભગવાન્ તરફ અગ્રગતિ શ્રીદેવી - લક્ષ્મીજીના 'પુરુષકાર'થી થાય છે. મુમુક્ષુ અધિકારી **"શ્રુતિ - સ્મૃતી મમૈવાજ્ઞે યસ્તે ઉલ્લંઘ્ય વર્તતિ, આજ્ઞોચ્છેદી મમ દ્રોહી મદ્ભક્તોઽપિ ન મે પ્રિય:"** વચનમાં કહ્યા પ્રમાણે શાસ્ત્રીય નિત્ય - નૈમિત્તિક કર્મોનું અનુષ્ઠાન ભગવદાજ્ઞા માનીને કરતો રહે છે. કારણકે ભગવદાજ્ઞાનું પાલન સ્વયં ભગવાનનું કૈંકર્ય છે. પ્રપન્ન જીવે ત્રણ પ્રકારના અપરાધોથી ખાસ બચવું જોઇએ. ૧. ભગવદાપચાર ( દેવદ્રવ્યાપહાર, ભગવન્મૂર્તિમાં જડ બુદ્ધિ આદિ ) ૨. ભાગવતાપચાર ( શાસ્ત્રવિરુદ્ધ આચરણ, શાસ્ત્રનિષિદ્ધ - નિન્દિત પ્રકારે જીવિકાનું ઉપાર્જન આદિ ) અને ૩. અસહ્યાપચાર ( ભગવાન્ તથા ભગવદ્ભક્તો સાથે દ્વેષ, તેઓનો ઉપહાસ - અનાદર, આચાર્યનું અપમાન આદિ ). અસહ્યાપચાર અક્ષમ્ય અપરાધ છે. આ પ્રકારે અપરાધરહિત પ્રપન્ન જીવન વ્યતીત કરતાં - કરતાં મુમુક્ષુના પ્રારબ્ધકર્મ જનિત પાપ - પુણ્યો ક્ષીણ થયે જીવનકાલ સમાપ્ત થતાં દેહાવસાન થાય છે. દેહમુક્ત જીવ સૂર્યાદિલોકથી પસાર થતો આતિવાહિકોથી સન્માનિત થઇને વિરજાનદીને પાર કરીને પોતાના સૂક્ષ્મશરીરનો પણ ત્યાગ કરી દે છે. ત્યાર બાદ દિવ્યદેહ ધારણ કરીને તે ભગવદ્ધામ શ્રીવૈકુણ્ઠમાં પ્રવેશ કરીને અનન્તકાલ પર્યન્ત બ્રહ્મનો અનુભવ કરતો રહે છે. આ પ્રકારે આપણે શ્રીરામાનુજમતનુસાર વિભિન્ન અધિકારની વિવેચના કરી.

શાઙ્કર, રામાનુજ તથા માધ્વ ત્રણેય મતોમાં મુમુક્ષુનો અધિકાર લગભગ સમાન રીતેજ વર્ણવવામાં આવ્યો છે. શાઙ્કરમતાનુસાર—

> **"[1] વિધિવદધીત - વેદવેદાઙ્ગત્વેન આપાતતોઽધિગતા-ખિલવેદાર્થો [2] અસ્મિન્ જન્મનિ જન્માન્તરે વા કામ્ય - નિષિદ્ધવર્જનપુરસ્સરં નિત્ય - નૈમિત્તિક - પ્રાયશ્ચિત્તોપાસાનાનુષ્ઠાનેન નિર્ગતનિખિલકલ્મષતયા નિતા-ન્તનિર્મલસ્વાન્ત: [3] સાધનચતુષ્ટયસમ્પન્ન:"**—

બ્રહ્મવિદ્યાનો અધિકારી બને છે. આમાં સાધનચતુષ્ટય એટલે ૧. નિત્યાનિત્યવસ્તુવિવેક ૨. ઇહામુત્રાર્થફલભોગવિરાગ ૩. શમ - દમોપરતિ -

તિતિક્ષા ( સમાધાન - શ્રદ્ધા )દિસાધનષટ્કસમ્પત્તિ અને ૪. મુમુક્ષુત્વ.

( માધ્વમતાનુસાર મુમુક્ષુનો અધિકાર આ પ્રમાણે બતાવવામાં આવ્યો છે. "... **ઇહામુત્રાર્થફલભોગવિરાગઃ, શમદમાદિસમ્પત્તિઃ, અધ્યયનસમ્પત્તિઃ, શરણાગતિઃ, ગુરુકુલવાસઃ, સદુપદેશેન સચ્છાસ્ત્રાર્થજ્ઞાનરૂપં શ્રવણં, શ્રુતસ્ય તત્ત્વસ્ય દઢીકરણાય મીમાંસાપરપર્યાયો વિચારો મનનં ... નિવૃત્તકર્માનુષ્ઠાનં, નિષિદ્ધસન્ત્યાગઃ, સર્વસમર્પણં, તારતમ્યપરિજ્ઞાનં, પઞ્ચભેદજ્ઞાનં, પ્રકૃતિ - પુરુષવિવેકજ્ઞાનમ્ ... ચેતિ બ્રહ્માદિસર્વયોગ્યજીવસાધારણાનિ"** આ પ્રમાણે સ્વમતાભિપ્રેત પઞ્ચભેદજ્ઞાન, સર્વસમર્પણાદિ અધિકારસમ્પાદક લક્ષણોને બાદ કરતાં શેષ લક્ષણો સામાન્ય છે. )

**રાજન કડીયા :**આમાં શરદ્બાવાશ્રી! એવું છે કે આપે જે વાત કરીએ એવાની વાત છે કે જે સાયકલ ચલાવવામાં તો અત્યન્ત નિષ્ણાત છે; એટલો નિષ્ણાત કે એને *ગવર્નર* પકડવાની જરૂર ન રહે અને સાયકલ આપમેળે ચાલ્યા કરે અને છતાં તેને કંઈ આંચ ન આવે એવા મુક્તની વાત છે.

**ગો. શ ર દ્:**આ તો રાજનભાઈ! શાસ્ત્રમાં પ્રવેશના અધિકારીની વાત છે. મુક્ત થવાની વાત તો પછીની છે. તેથીજ બ્રહ્મસૂત્રના પ્રથમસૂત્ર **"અથાડતો બ્રહ્મજિજ્ઞાસા"** ના ભાષ્યમાં પણ શ્રીશઙ્કરાચાર્યજીએ 'અથ' શબ્દનો અર્થ આનન્તર્ય કર્યો છે. અહીં તેમણે નિત્યાન્તિયવસ્તુવિવેક, ઈહામુત્રાર્થફલભોગવિરાગ, શમદમાદિસાધનષટ્ક અને મુમુક્ષુત્વ એ સાધનચતુષ્ટયને *પ્રિકન્ડીશન્* તરીકે ગણાવ્યાં છે. અર્થાત્ સાધનચતુષ્ટય સિદ્ધ થયા પછી બ્રહ્મવિચારનો આરમ્ભ કરવો જોઈએ એવો અર્થ એમણે કર્યો છે. શ્રીરામાનુજાચાર્યજીએ પણ ( ધર્મમીમાંસાના અધ્યયન પછી બ્રહ્મમીમાંસાનું અધ્યયન એ પ્રમાણે ) આનન્તર્ય અર્થ કર્યો છે. આચાર્યચરણોએ આ અર્થનો અસ્વીકાર કર્યો છે. કારણ જણાવતાં આપ ભાષ્યમાં આજ્ઞા કરે છે કે આવી રીતે ( શાઙ્કર - રામાનુજભાષ્યોક્ત રીતે ) બધાની પ્રવૃત્તિ બ્રહ્મમીમાંસાના



અધ્યયનમાં થતી હોય એવું જોવા મળતું નથી. ઉલટાનું નિત્યાનિત્યવસ્તુવિવેક તો બ્રહ્મમીમાંસાના અધ્યયન પછીજ પ્રકટ થતો હોય છે. અને તેના પરિણામસ્વરૂપ વૈરાગ્ય અને શમદમાદિસાધનોમાં પ્રવૃત્તિ થતી હોય છે. તે જ રીતે ધર્મમીમાંસાના અધ્યયન પછીજ બ્રહ્મમીમાંસાનું અધ્યયન કરવું એવો ક્રમનિયમ ક્યાંય કહેવાયો નથી. આથી આચાર્યચરણે 'અથ'નો અર્થ અધિકાર - આરમ્ભ કર્યો છે. વેદનું અધ્યયન જેણે કર્યું હોય તેને વેદાન્તના વિષયમાં થનારા સન્દેહોના નિરાકરણમાટે તથા પ્રાપ્ત કરેલ જ્ઞાનની દઢતામાટે બ્રહ્મમીમાંસાનો આરમ્ભ છે.

આ પ્રમાણે પ્રસઙ્ગવશ અધિકારનું વિવેચન રામાનુજ તથા શાઙ્કર દષ્ટિકોણથી કર્યું છે. હવે આપણે આ *સેમિનાર*ને કઈ પદ્ધતિથી *કન્ડક્ટ* કરીશું તે સમજી લઈએ.

પ્રતિભાગિઓની સંખ્યા પર્યાપ્ત છે તેથી સમયનો આદર બધાએ કરવો પડશે. શોધપત્રની પ્રસ્તુતિ યથા સમ્ભવ ઓછા સમયમાં કરવામાં આવે. એટલેકે વધુમાં વધુ ૨૦ મિનિટમાં પ્રસ્તુતિ કરવામાં આવે કે જેથી ચર્ચાને વધુમાં વધુ સમય આપી શકાય. પ્રતિ શોધપત્ર એક કલાકથી વધુ સમય આપણને મળી શકશે નહીં. શોધપત્રની પ્રસ્તુતિ પછી તેના ઉક્તાનુક્તદુરુક્ત બાબત પ્રશ્નોત્તર ચર્ચા કરવામાં આવશે. અર્થાત્ નિરૂપ્ય વિષયમાં કોઇને ભિન્નાર્થની પ્રતીતિ થતી હોય તો તે બાબતમાં તે જ રીતે લેખમાં પૂર્વાપરસમ્બન્ધમાં અથવા લેખકના અભિપ્રાયમાં કોઈ પ્રકારની અસમ્બદ્ધતા જણાતી હોય તો તે બાબતમાં પણ નિર્દેશ કરી શકાય છે. ભિન્નાર્થની પ્રતીતિ થતી હોય તો પ્રમાણપુરસ્સર સ્વમતનો નિર્દેશ પણ કરી શકાય છે. આ પ્રકારે આપણે સહુ ચાલીશું. આટલા પ્રાસઙ્ગિક સ્પષ્ટીકરણ પછી હું શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીને કહીશ કે તેઓ પોતાનું પત્ર પ્રસ્તુત કરે. એમના પત્રનો વિષય છે: "ગુણગાનકી પ્રણાલીદ્વારા હોતી લીલાનુભૂતિમેં અધિકારકા વિચાર".

# गुणगानकी प्रणालीद्वारा होती भगवल्लीलनुभूतिमें अधिकारका विचार

श्रीनवनीतप्रिय शास्त्री

**सृष्टिसर्जनप्रकार, पुष्टिमें फलदान, चतुर्धा पुष्टिसृष्टि, पुष्टिमार्गीय फलविचार :**

''इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरि:
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चय:''
''कायेनतु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकधा''
''पुष्ट्याविमिश्रा: सर्वज्ञा: प्रवाहेण क्रियारता:,
मर्यादया गुणज्ञास्ते शुद्धा: प्रेम्णाऽतिदुर्लभा:''
''भगवानेव हि फलं स यथाविर्भवेद्भुवि,
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत्''
(पु.प्र.म.९,१०,१५,१२,१७).

महाप्रभुजी श्रीमद्वल्लभाचार्यचरणोंने इस ग्रन्थके पूर्वोक्त पद्योंमें लीलाचिकीर्षु भगवान्का सृष्टिसर्जनप्रकारभेद, पुष्टिमें फलप्रदानप्रकार, पुष्टिसृष्टिके चार प्रकारभेद तथा पुष्टिमार्गीय फलस्वरूप निरूपित किया है. दु:खहर्ता हरिने अपने निमित्तमात्र इच्छारूपसे स्वरूपात्मक मनद्वारा बहुव्यामोहयुक्त प्रवाहका सर्जन किया. इच्छामात्रसे मन:सन्तोषपूर्वक वाणीसे (वेदाभिमानी देवतारूपसे) वेदमार्ग (मर्यादासृष्टि) का सर्जन किया. इच्छामात्रसे मनोवाणीपूर्वक अपने आनन्दमय स्वरूपसे पुष्टिसृष्टिका सर्जन किया. यह निश्चय है. आनन्दमात्रकरपादमुखोदरादिस्वरूपसे ही नानाविध तल्लीलानुभवरूप फल भगवान् पुष्टिमें प्रदान करते हैं. लौकिक - वैदिकप्रकारसे भिन्न प्रकारसे पुष्टिमें भगवान् भक्तानुकूल होकरके फल देते हैं. 'पुष्टि'शब्दवाच्य अनुग्रह



भी फलबलसे केवल और मिश्र रूप समझा जाता है. स्वस्वरूपज्ञापनेच्छापूर्विका पुष्टिसे मिश्र जीव पुष्टिपुष्टि वाले यथार्थ भगवत्स्वरूपज्ञ होते हैं. उपासनादिपरायण जीव रहे ऐसी भगवदिच्छापूर्वकके प्रवाहसे मिश्र जीव कर्मपरायण पुष्टि(प्रावाहिक)भक्त हैं. स्वगुणज्ञापनेच्छासे भगवदिच्छापूर्वक मर्यादा(भगवानने कही हुई ब्रह्मवादसरणी)से मिश्र भगवद्गुणोंको जाननेवाले पुष्टिमार्यादिक भक्त हैं. शुद्धपुष्टिमें अङ्गीकृत जीव निरुपधिक प्रेमसे जाने जाते हैं - शुद्धपुष्टिभक्त हैं. ये तो अतिदुर्लभ हैं. परब्रह्म - परमात्मा - पुरुषोत्तम - आनन्दमय स्वयं भगवान् श्रीकृष्ण ही पुष्टिमार्गमें फल हैं. स्वर्गमोक्षादि तो अन्यमार्गके फल हैं. स्वर्गादि भगवदानन्दका अंशमात्र ही है. मोक्ष आत्मसुख - ब्रह्मानन्दरूप है. यह भी पूर्णानन्द भगवान्के अंशमात्र है. पुष्टिमार्गमें तो मूलरूप भगवान् ही फल है और भगवान्से ही फल मिलता है. हृदयमें वा लीलास्थानमें गुण - स्वरूपभेदसे जिस प्रकारसे, जिसकेलिये प्रभु प्रकट होते हैं उसको ऐसे ही फल होता है. जिस प्रकारसे प्रकट हो यह फलका सूचक होत है. लीलानुभव भगवान् मुक्तिके बाद भी इस प्रकारसे कराते हैं.

**सङ्कलित विचार : अनुग्रहसे ही अधिकार - साधन - फल**

इन वाक्योंके सङ्कलित विचारसे सुस्पष्ट होता है कि पुष्टिमार्गीय होना, पुष्टिमार्गीय सेवा - कथासाधनप्रकारको प्राप्त करना, यहां ही फलानुभव होना प्रभृति जीवके बसकी बात तो सर्वथा नहीं है. फलदित्सानुसार साधन भी भगवान् कराते हैं, साधनरूप भी बनते हैं. फलरूपसे प्रकट भगवान् भगवत्स्वरूपानन्द भगवल्लीलारसानुभव ही है. उसका प्रदान भी भगवान् ही करते हैं. फलसे ही जीवका भगवद्विचारित अधिकार ज्ञात होता है. यहां तो उत्पत्ति - अस्तित्व - अधिकार - साधन - फल सब कुछ भगवद्विचारित इच्छा - वरण - अनुग्रह पर अवलम्बित है. यहां नित्यलीलास्थ भगवान्, नन्दालय - निकुञ्जादिमें विराजे हुए, तो नित्यलीलास्थोंका फल हैं. हमारेलिए तो यही भगवान् भूतलमें हमारेलिए प्रकट हुए ही हमारा फल हैं. हमारे सेव्यस्वरूप एवं भगवत्स्वरूपभूता

कथा 'साक्षात्' होने पर भी 'प्रकट'स्वरूप - लीलानुभव करावे वही हमारा फल है. ८४ - २५२ वैष्णवोंकी वार्तामें, कई प्रसङ्गोंमें, उल्लेख मिलता है, भगवान् स्वल्प दिवसोंमें सानुभव जनावते, जो चहिये सो मांगि लेते. यही तो 'प्रकट' है. पुष्टिमार्गीय सेवा - कथाकी क्रियाकलापमात्रमें ही परिसमाप्ति नहीं है, भगवत्स्वरूपानन्दानुभव लीलारसानुभव ही फलरूप है. **''स्वतः कृष्णः सदानन्दो निजानन्दं प्रदास्यति, तदाशैव स्थातव्यं सर्वैश्चातकपक्षिवत्''** (शिक्षापत्र १० - ६). सदानन्द कृष्ण स्वतः निजानन्दका प्रदान करेंगे इसी आशासे सब पुष्टिमार्गीयोंको अनन्यता - आतुरतासे चातकपक्षिवत् अपने सेवाकथादि साधनोंमें लगातार लगे रहना चाहिये. अब इस विषयमें यथामति कुछ प्रमाणसङ्गतिदर्शनका विनम्र प्रयास करें.

**भगवान्से ही अधिकारसम्पादन**

इस प्रकार भगवदनुग्रहसे ही साधन - साधनानुरूप फल वा स्वतन्त्रफल एवं फलाप्तिसे जीवके अधिकारका अनुमान हो सकता है. ''अधिकरोतीति अधिकारः''. जिसको जो फल प्रभुने प्रदान करना चाहा हो तदनुरूप उसकी ओरोंसे अधिकता भगवान् अपने अनुग्रहसे करते हैं यही विशेषता - सामर्थ्य - अधिकता अधिकाररूप है. यह यौगिक अर्थ है. रूढार्थमें तो पात्रता - हक्क - स्वामित्व - पदादि अर्थ प्रसिद्ध हैं. अधिकार फलोपकारक माना गया है. भगवद्विचारित ही सब होता है. **''गतेरर्थवत्त्वमुभयथान्यथा हि विरोधः''** के अणुभाष्यमें है.

> **''भगवान् सृष्टिपूर्वकालएव एतस्मै जीवाय एतत्कर्म कारयित्वा एतत्फलं दास्य इति विचारितवानिति तथैव भवति. तत्रोक्तरीत्या मुक्तिसाधनानुगमे हेतुरवश्यं वाच्यः. एवं सति कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते. ताभ्यां विहिताभ्यां मुक्तिः मर्यादा. तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापणं पुष्टिः इति उच्यते. तथाच यं जीवं यस्मिन्मार्गे अङ्गीकृतवान् तं जीवं तत्र प्रवर्तयित्वा तत्फलं ददातीति सर्वं सुस्थम्. ... पुष्टिमार्गे अङ्गीकृतेस्तु अत्यनुग्रहसाध्यत्वात् तत्र च पापादेः अप्रतिबन्धकत्वात् श्रवणादिरूपा प्रेमरूपा च युगपत् पौर्वापर्येण वा वैपरीत्येन वा भवत्येव. अत्र श्रवणादिकमपि फलरूपमेव. स्नेहेनैव क्रियमाणत्वात् न विधिविषयः''.**
>
> (ब्रह्मसूत्राणुभाष्य ३।३।२९)



अनुवाद : भगवान्ने सृष्टिपूर्वकालमें ही ''इस जीवको यह कर्म कराके यह फल दूंगा'' ऐसा विचारा. इस प्रकारसे ऐसा ही होता है. उसमें कही हुई रीतिसे पुष्टि - मर्यादाभेदसे मुक्तिसाधननिश्चयमें हेतु अवश्य कहना चाहिये. इच्छाको कार्यकारणभावनियामकतासे कृतिसाध्य कृतिसाध्य साधनज्ञानभक्तिरूप शास्त्रसे जाना जाता है. उन दोनोंसे मुक्ति मिले यह मर्यादा है. साधनरहितको भी स्वरूपबलसे स्वप्रापण भगवान् करात हैं, वह 'पुष्टि' कही जाती है. इस प्रकार जिस जीवको जिस मार्गमें भगवान्ने अङ्गीकार किया है उस जीवको वहां प्रवर्तित करके वह फल देते हैं. इस प्रकार सब व्यवस्थित है. ... पुष्टिमार्गमें अङ्गीकृतिके तो अनुग्रहसाध्य होनेसे वहां पापादिके प्रतिबन्धक न होनेसे श्रवणादिरूपा और प्रेमरूपा एकसाथमें पौर्वापर्यसे वा विपरीततासे होती है. यहां श्रवणादि भी फलरूप ही हैं. स्नेहसे ही किये जानेसे विधिविषय नहीं हैं.

**सर्वविध अधिकारका भगवान् ही सम्पादन करते हैं**

> **''यावदधिकारमवस्थितिराधिकारिकाणाम्''**
>
> **''यस्मिन् जीवे यत्कार्यसाधनार्थम् अधिकारो भगवता दत्तः तत्कार्यसाधनक्षमाः तस्मिन् ये स्वधर्मा भगवता स्थापिताः ते 'आधिकारिकाः' इति उच्यते''.**
>
> (ब्र.सू. ३।३।३२).

अनुवाद : जिस जीवमें जो कार्य सिद्ध करनेकेलिये अधिकार भगवान्ने दिया है वह कार्य सिद्ध करनेमें समर्थ जो धर्म उसमें भगवान्नें

स्थापित किये हैं वे 'आधिकारिक' कहलाते हैं. यहां कार्यसाधनार्थ अधिकार भी भगवान् ही देते हैं. ''विधैव निर्धारणात्'' (ब्र.सू.३।३।४७) ''**तैः सह लीलां चिकीर्षतः प्रभुतएव सर्वं सम्पद्यते, नतु भक्तसामर्थ्येन**''(-भाष्य). अनुवाद: प्राणादिधर्मोंके साथ सर्वात्मभाववाले भक्तके साथ लीला करना चाहते हुए भगवान्से ही सर्व सम्पन्न होता है, भक्तसामर्थ्यसे तो नहीं. यहां लीलानुभव भी प्रभुप्रदत्त है, जीवसामर्थ्य एवं अधिकारसे नहीं.

''**व्यतिरेकस्तद्भावाभावित्वान्न तूपलब्धिवत्**''

**प्रभुणा ये यथा विचारिताः सन्ति ते तथा भवन्तीति तद्विचारएव सर्वेषाम् अधिकाररूप इति ''कृतप्रयत्नापेक्षस्तु''इत्यत्र निर्णीतम्**''.

(ब्र.सू.३।३।५४)

अनुवाद: प्रभुने जिनको जैसे विचारे हैं वे वैसे ही होते हैं इस प्रकार भगवानका विचार ही सबके अधिकाररूप है.

''**आनन्दमयोऽभ्यासात्**''

''**अक्षरब्रह्मज्ञानेन अविद्यानिवृत्या प्राकृतधर्मराहित्येन शुद्धत्वसम्पादनेन पुरुषोत्तमप्राप्तौ स्वरूपयोग्यता सम्पाद्यते. तादृशे जीवे स्वीयत्वेन वरणे भक्तिभावात् सहकारियोग्यतासम्पत्या परुषोत्तमप्राप्तिर्भवतीति निर्णीयते**''.

(ब्र.सू.१।१।१२).

अनुवाद: अक्षरब्रह्मज्ञानसे अविद्या निवृत्त होनेसे प्राकृतधर्मरहिततासे शुद्धत्वसम्पादनसे पुरुषोत्तमप्रोप्तिमें स्वरूपयोग्यता सम्पन्न होती है. ऐसे जीवमें स्वीयत्वसे वरणसे भक्तिभावसे सहकारियोग्यतासम्पत्तिसे पुरुषोत्तमप्राप्ति होती है ऐसा निर्णय किया जाता है.

''**विधिर्वा धारणवत्**''

**कर्मज्ञानाभ्याम् अलभमानत्वाद् भगवतः स्वरूपयोग्यतापेक्षापि मार्यादिकस्य नतु पौष्टिकस्य अतएव 'वा'शब्द उक्तोऽनियमवाची. तथा सति भगवदनुग्रहश्चेत् तदा भक्तिः, तया पुरुषोत्तमज्ञानं, तदा कर्मतत्फलसम्बन्धगन्धोऽपि नेति किम् अनुपपन्नम्**''.

(ब्र.सू.प्र.३।४।२०).

अनुवाद: कर्मज्ञान दोनोंसे भगवान् अलभ्य होनेसे स्वरूपयोग्यतापेक्षा भी मर्यादिकको है, पुष्टिवालेको तो नहीं, इससे 'वा'शब्द अनियमवाची कहा है. ऐसा होने पर अगर भगवान्का अनुग्रह होता तब भक्ति, भक्तिसे पुरुषोत्तमज्ञान होत है. तब कर्म(ज्ञान) उसके फलका सम्बन्ध भी नहीं है. इस प्रकार क्या अनुपपन्न है?. यहां मर्यादा-पुष्टिभेद स्पष्ट करते हुए पुष्टिस्थको तो अनुग्रहैकलभ्य पुरुषोत्तमज्ञान-पुरुषोत्तमस्वरूप-पुरुषोत्तमलीला है. ''**यमेवैष वृणुते ... तस्यैष आत्मा ...**'' (मुण्डक ३।२।३) इस श्रुतिसे वरणेतरसाधनाप्राप्यत्व है पुरुषोत्तमका. भगवान् जिसका वरण करें वही अधिकारी होता है, उसका ही अधिकार होता है पुरुषोत्तमप्राप्तिमें. भक्ति भी अवान्तरव्यापार होती है. श्रुतिमें 'यं'पद अविशेषणविशिष्ट होनेसे जिसका भी भगवान् वरण करें उसको प्राप्त होते हैं. योग्यतायोग्यता विचारण उसमेंनहीं होता है.

## तीन कल्याणमार्ग, कलियुगमें अधिकारनिवृत्ति, तीन प्रकारसे कृष्णभजन

पुष्टिमार्ग तो भगवान्की वरणविशेषता है. समान्यतः सर्वजनकल्याणकामनासे भगवानने तीन योग(मार्ग) कहे हैं.

**योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया।**
**ज्ञानं कर्म च भक्तिश्च नोपायोन्योऽस्ति कुत्रचित्॥**

(भाग.पुरा.११।२०।६).

यथाधिकार प्रवृत्तिसे कल्याण इन तीन मार्गोसे होत है, ओर कोई उपाय नहीं है. ''**स्वाधिकारानुसारेण मार्गस्त्रेधा फलाय हि, अधुना ह्यधिकारास्तु सर्वएव गताः कलौ, कृष्णश्चेत् सेव्यते भक्त्या कलिस्तस्य फलया हि**'' (तत्वदी.नि.१।१९). मार्गगत ही ज्ञानादि फलद हैं. तत्साधन सहित ही वे ज्ञानादि फलद हैं. अधुना कालवशात् ही अधिकार निवृत्त हो गये हैं, साधनसे करने शक्य नहीं हैं. भगवान् कृष्ण

सर्वमुक्त्यर्थ अवतीर्ण होनेसे प्रमेयबलसे ही फलित होंगे. अत: स्वाधिकार न होने पर भी उससे फल होगा. 'चेत्'से सेवामें दुर्लभता कही है. सेवा विहितसाधनोंसे नहीं किन्तु भक्तिसे करनेकी है. कलियुग इसमें अनुगुण है. अत: अधिकारसे वा अनधिकारसे कृष्णभजन करना जरूरी है. कृष्णभजनमें तीन प्रकार श्रीमहाप्रभुजीने बताये हैं ''**बाह्याभ्यन्तरभेदेन रूपे भेदद्वयं मतं, नाम्नि चैकं ततस्त्रेधा भक्तिमार्गो निरूपित:**'' (तत्रैव २।२५८). बाह्याभ्यन्तभेदसे रूपमें दो और नाममें एक भेद मान्य है. रूपमें दो प्रकार हैं: १. त्याग और २. विनियोग.

> **गृहं सर्वात्मना त्याज्यं तच्चेत्त्यक्तुं न शक्यते।**
> **कृष्णार्थं तन्नियुञ्जीत कृष्ण: संसारमोचक:॥**
> **धनं सर्वात्मना त्याज्यं तच्चेत्त्यक्तुं न शक्यते।**
> **कृष्णार्थं तत्प्रयुञ्जीत कृष्णोऽनर्थस्य वारक:॥**
> (तत्रैव २५१-२५२)

गृह-धन दोनों त्याज्य हैं. अगर ऐसा त्याग शक्य न हो तो कृष्णकेलिये विनियोग कर दें, कृष्ण संसार एवं अनर्थमेंसे बचायेंगे. व्यर्थ त्यागापेक्षया कृष्णार्थत्याग उत्तम ही है. अगर ऐसा अधिकार न हो तो

> **अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात्।**
> **पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्॥**
> **वृत्त्यर्थं नैव युञ्जीत प्राणै: कण्ठगतैरपि।**
> **तदभावे यथैवस्यात् तथा निर्वाहमाचरेत्॥**
> **त्रयाणां येन केनाऽपि भजन् कृष्णमवाप्नुयात्।**
> (तत्रैव २।२५३-२५४).

अथवा आदरपूर्वक सर्वदा प्रयत्नपूर्वक सर्वहेतुरहित श्रीभागवतका पाठ करना जरूरी है. औपनिषज्ज्ञान-श्रीभागवतके ब्रह्मज्ञानांशमें स्त्रीशूद्रोंका अधिकार श्रीमहाप्रभुजीने नहीं माना है. वृत्तिके प्रयोजनसे श्रीभागवतका उपयोग नहीं ही करना चाहिये, प्राण कण्ठगत होने पर भी. उसके बिना जैसे हो वैसे व्यवहार करे. तीनमेंसे कोई भी एकसे भजन



करते कृष्णको प्राप्त करे.

**श्रीभागवत-श्रवणादिसे फलाधिकारविचार, उत्तम-मध्यम-हीनाधिकार**

कृष्णभजनप्रकार भी स्पष्ट बताया है.

> **एवं सर्वं निश्चित्य सर्वं भगवतएव, सएव सर्वम् इति वैदिकगौणमुख्यज्ञानयुक्त:. प्रेम्णा श्रवणादिप्रकारेण यो भजते स भक्तिमार्गे उत्तम:. शास्त्रार्थज्ञानाभावेऽपि प्रेम्णा भजने मध्यम:. प्रेमाभावे मध्यम इति वा. ज्ञानाभावे तथा मध्यम इति अर्थ:. आदिमो वा. उभयोरभावे श्रवणादीनां पापनाशकत्वं, धर्मत्वं वा, नतु भक्तिमार्ग: इति अर्थ:. मार्गाङ्गाभावे केवलश्रवणादीनां यत्परमपुरुषार्थसाधकत्वं निरूप्यते तद् भगवत्स्तोत्रनिरूपणम्. ''धन्योऽहम्'' इत्यादिवत्. प्रमेयबलेन तेषां सिद्धि: भवति चेद् भवतु, न अन्यथा इति अर्थ:''.**
> (तत्रैव १।१०१-१०३)

इस प्रकार ब्रह्मवादसे सर्व निश्चित करके सर्व रूपनामात्मक भगवान् ही हैं, भगवान् ही सर्वरूपनामात्मक हैं यह वैदिक गौण-मुख्यज्ञान है. यह ज्ञानयुक्त प्रेमसे श्रवणादिप्रकारसे जो भगवान्‌को भजता है वह भक्तिमार्गमें उत्तमाधिकारी है. यह शास्त्रार्थज्ञानके अभावमें भी प्रेमसे भजन करे वो मध्यमाधिकारी है. प्रेमाभावमें शास्त्रज्ञानसे भजन करे तो वह भी मध्यम है. उत्कट प्रेमसे मध्यमत्व है, उत्कट प्रेम न हो तो हीनाधिकार है. प्रेम और ज्ञान दोनों न हो तो श्रवणादि पापनाशक हैं वा धर्मरूप हैं, परन्तु यह भक्तिमार्ग तो नहीं है. तपोज्ञान सहित श्रवणादिसे जन्मान्तरमें ज्ञान होता है. बहु जन्मसे ज्ञानसे प्रभुप्राप्ति होती है. योग सहित श्रवणादिसे प्रेम होता है. पहला मध्यमाधिकारी है, दूसरा उत्तम है. मार्गके अङ्गके अभावमें केवल श्रवणादिका परमपुरुषार्थत्व

(फलत्व) जो पुराणोंमें निरूपित है वह तो भगवत्सुतिरूप है. ''आप मेरे घर आये इससे मैं धन्य हूं'' की तरह है. अगर प्रमेयबलसे उनकी सफलता होती हो तो भले हो, अन्यथा नहीं.

**प्रेम्णोऽन्यत् साधनं लोके नास्ति मुख्यं परं महत्।**
**श्रीभागवतमेवात्र परं तस्य हि साधनम्॥**
**अधिकारमभिप्रायं ज्ञात्वा भक्तमुखेन हि।**
**सकृच्छ्रवणमात्रेण कृष्णे प्रेम भवेद्ध्रुवं॥**
**विरक्तो विपरीतादिभावनारहितः सुहृत्।**
**लीलामात्र श्रुतौ तस्य भवेत्प्रेमाऽखिले किमु॥**
(तत्रैव २।३२६ - ३२८).

रुच्यादिसे हुआ प्रेम दोषदर्शनसे निवृत्त हो जाता है. दोष शास्त्रज्ञानाभावसे लोकदृष्टिसे होता है. इसलिये श्रीभागवत ही सर्वशास्त्रार्थनिर्धारक, सर्वमहात्म्यज्ञापक, प्रेमोत्पादक होता है. श्रीभागवतही प्रभुप्रेमका उत्तम साधन है. और प्रेम प्रभुप्रसन्नताप्राप्तिका साधन है. लोकमें श्रोताओंमें श्रीमद्भागवतश्रवणसे भी प्रेम होता नहीं दिखाई देता है क्योंकि श्रवण सही नहीं होता है. श्रवणके तीन अङ्ग हैं १. श्रीभागवतका सम्यक् तात्पर्यज्ञान, २. भक्तमुखसे श्रवण और ३. श्रोताका वैराग्य. ये तीन न होनेसे श्रीभागवत श्रवणफल नहीं होता है. (भगवद्वाचक पदवाक्योंका भगवान्में ही शक्तितात्पर्य निर्धार श्रवण है. यह भी नहीं दिखाई देता है). इससे भी उत्तमाधिकारमें भगावतके एक भागके श्रवणसे भी भक्ति होत है. लोकमें सर्वथा विरक्त, श्रीभागवतमें कही हुई बातोंमें असम्भावना - विपरीतभावना रहित, तीर्थादिके सेवनसे शुद्ध अन्तःकरणवाला, विदुरजी तुल्य, अथवा उससे भी अधिक उद्धवजी तुल्य श्रोताको एकाद लीलाके श्रवण मात्रसे भक्ति होती है. इसलिए मुख्याधिकार सम्पन्न होन पर श्रीभागवश्रवणसे भक्ति होनेमें कोई भी सन्देह नहीं है. श्रीभागवतके अर्थके अज्ञानसे वा अन्यथाज्ञानसे भक्ति नहीं होती है. यह अधिकार होन पर भक्ति होती है. यह लताकी तरह नित्य वृद्धिङ्गत होती रहती है, शीघ्र ही कृष्णाख्य फल देती



है. अतः श्रीतत्वार्थदीपनिबन्ध और श्रीसुबोधिनी में बताये हुए गूढार्थ - सप्तार्थ पूर्वक श्रीभागवतार्थानुसन्धानसे भगवत्प्राप्तिका यथार्थ अधिकार गुणगान एवं श्रवणादि से होत है ही. भगवल्लीलानुभूति होती है.

## श्रीभागवतके श्रोता - वक्ताके लक्षण एवं अधिकार, साधनोन्मुख अधिकार

सामान्यतः फलदशाप्तिकेलिये प्रथम प्रभु साधनाधिकारका सम्प्रदान करते हैं. श्रीमद्भागवतके प्रथमस्कन्धमें भगवान्की ऐसी अधिकारलीला है. श्रोता - वक्ताका अधिकारस्वरूपका निर्वाहक प्रथमस्कन्धार्थ है. अधिकार न होने पर स्वरूप - अर्थज्ञान - अभिप्रायज्ञान होता नहीं है. अधिकार - तारतम्यसे फल तारतम्य होता है. सूक्ष्मतया उन्नीस प्रकारका अधिकार उन्नीस अध्यायोंमें है. स्थूलतया त्रिविधाधिकार तीन प्रकरणोंमें है : १. साधारण - नव अध्यायोंमें, २. असाधारण - नव अध्यायोंमें और ३. गुणातीत - एकमें. तच्छ्रूश्रूषु सभी सामान्यतः अधिकारी हैं. मतान्तरमें १. हीनाधिकार - तीन अध्यायोंमें. इसमें श्रोतृलक्षण - जिज्ञासा, अमात्सर्य, श्रवणादर; वक्तृलक्षण - सम्प्रदायपरम्परासे श्रीभागवताध्ययन, चातुर्य, श्रीभागवतका गूढ रहस्यज्ञान. २. मध्यमाधिकार - तीन अध्यायोंमें. श्रोतृ - वक्तृलक्षण - भगवत्कृपा, भगवदीयत्व, भगवदेकत्व. ३. उत्तमाधिकार - त्रयोदाशध्यायोंमें. श्रोतृ - वक्तृलक्षण - दृढ वैराग्य.

पाद्म माहात्म्यमें छठे अध्यायमें **''विरक्तो वैष्णवो ...''** (२० - २१) में वक्तृलक्षण हैं. विरक्त, वैष्णव, विप्र, वेदशास्त्रविशुद्ध, (सिद्धान्तानुरूप) दृष्टान्तकुशल, (शङ्कासमाधानमें) धीर, अतिनिःस्पृह, स्वधर्मसन्निष्ठ, स्त्रैणता - पाखण्डवाद रहित हो ऐसा वक्ता होना चाहिये. श्रोतृलक्षर हैं **''विष्णुदीक्षाविहीनानां नाधिकारः कथाश्रवे''** (तत्रैव ६ - ४४). विष्णुदीक्षारहितका कथाश्रवणाधिकार नहीं है. वैष्णवदीक्षा चतुर्विध है : १. माध्व, २. रामानुजीय ३. नैम्बार्क, ४. वाल्लभ. वाल्लभदीक्षामें श्रोता - वक्ता दोनोंका ब्रह्मसम्बन्ध आवश्यक है. कृष्णसेवापरायण, दम्भादिरहित

पुरुष, श्रीभागवततत्त्वज्ञ गुरु चुन करके जिज्ञासु आदरयुक्त शिष्य भगवान्को भजे. स्कान्दमाहात्म्यमें "**कृष्णार्थीति धनार्थीति श्रोतावक्ता द्विधा मत:**" (४।३९). मुख्यतया कृष्णार्थी श्रोता - वक्ता उत्तम माने हैं, धनार्थी हीन हैं. "**बुद्धिश्चायुश्च दोषाणाम् अभाव: कारणं यत:, यस्य नैते भविष्यन्ति तस्या नास्त्यधिकारिता**" (सुबो.२।१।४). तीक्ष्णबुद्धि, आयु (शारीरिक स्वस्थता), (अन्त:करणकी) निर्दोषता कारण होने से वह जिसकी नहीं है उसकी अधिकारिता नहीं है. श्रीभागवतार्थ समझनेमें यह तो आवश्यक अधिकर है.

भक्तिप्रवृद्धिका उपाय श्रीमहाप्रभुजीने 'भक्तिवर्द्धिनी'ग्रन्थमें बताया है. "**यथा भक्ति: प्रवृद्धा स्यात् तथोपायो निरूप्यते, बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात्**". भगवान्ने श्रीभागवत (११।१४।२०)में ऊर्जिता भक्तिको स्वसाधक कही है. प्रवृद्धत्व ही ऊर्जितत्व है. भगवदनुग्रहजन्य प्रेम बीजरूप भाव है. वह अन्यसाधनलभ्य नहीं है. वह प्रेम व्यसनरूपतासे दृढ होता है. विरहानुभवार्थ सवासनगृहपरित्याग करके श्रवण सहित कीर्तनसे यह सिद्ध होता है. श्रवण किये हुए स्वरूप - गुण - लीलाकी भावना कीर्तनके पूर्वमें करनी होती है. तदपेक्षा स्वाभाविक होती है. माहात्म्यज्ञान पूर्वक सुदृढ सर्वाधिक स्नेह रूपा भक्ति जिस प्रकारसे प्रवृद्ध (ऊर्जित) होती हो यह उपाय 'भक्तिवर्धिनी'में कहे हैं. मुख्याधिकारीको तो उसके अधिकारबलसे ही भक्ति प्रवृद्धि सिद्ध है. मध्यमाधिकारीकेलिये उपाय कहे हैं. चार साधन दिखाये हैं. १. परित्याग (सन्या.नि.) २. श्रवण ३. भावना ४. कीर्तन. भाव भावनासे सिद्ध होता है (सन्या.नि.) महज्जनकृपासे फलानुभवपर्यन्त वृद्धि होती है (नि.लक्षण). सामान्यको, अव्यावृत्तको गृहमें रहकर यथासम्भव स्ववर्णाश्रमधर्म पूर्वक पूजा - श्रवणादिसे कृष्णसेवा; व्यावृत्तको हरिमें चित्त रख कर श्रवणादि यत्न करनेका 'भक्तिवर्द्धिनी'में कहा है. भक्तिवृद्धिकेलिये श्रवण - कीर्तनमें श्रोता - वक्ता दोनोंकी अपेक्षा है. वक्ताके हृदय - भावके प्रभावोंसे भगवान्के गुण विविध प्रभाव करनेवाले हो जाते हैं. वक्ताके अन्त:करणकी स्थिति (अधिकार) अनुसार पानीकी



तरह वाणीके विभिन्न प्रभाव 'जलभेद'ग्रन्थमें २० प्रकारसे बताए हैं जिससे विवेकपूर्वक श्रोता भक्तिवृद्ध्यर्थ लाभ ले सके. वहां ब्राह्मणत्व - पुरुषत्वादि विशेषता श्रीभागवतमाहात्म्यादिमें बताई ऐसी अपेक्षित नहीं है. सबकेलिये पुरुषार्थरूप है, भगवद्गुणानुवाद. भगवद्गुणोंकी आधारवश विविधता स्वरूपत: और फलत: वक्ताके सन्दर्भमें बताकर 'पञ्चपद्यानि'में श्रोताके अधिकार - स्वरूपनिरूपण किया है. ग्रन्थोंमें विस्तार प्रसिद्ध है. श्रीकृष्णरसविक्षिप्तमानस, रसविक्लिन्नमानस, रस - आवेश - विकलमानस यह तीन भक्तिमार्गरीतिसे उत्तम - मध्यम - हीनाधिकारी हैं. प्रपत्तिमें अनन्यमानस उत्तमाधिकारी है. परस्परमें सुयोग्य श्रोता - वक्ताके विवेकपूर्वक भगवद्गुणगानसे भक्तिवृद्धि होती है. निरोधलक्षणमें "**हृद्गत: स्वगुणान् श्रुत्वा पूर्ण: प्लावयते जनान्**"(८) स्वभक्तहृदयस्थ भगवान् भक्तोद्वारा गाये हुए स्वगुणश्रवणसे कृपापूर्ण हो करके कीर्तन श्रवण करने वालोंके देहेन्द्रियान्त:करणको रसाप्लावित कर देते हैं. उष्णभावप्रयुक्त श्रीव्रजभक्तोंकी कृपासे कीर्तन सुखद होता है. ब्रह्मानन्दसे अधिक सुखलाभ गुणगानमें है. भावनासे भी अधिक गुणगान है. स्वजनोंको क्लिश्यमान् देखके सदानन्द प्रभु कृपायुक्त हो कर प्रकट हो जाते हैं. यही तो फल है. लीलानुभव देते हैं. निरोधयुक्त सदानन्दपरायण भक्तोंके साथ सर्वदा गुणगान जरूरी है. निरोधरूप यह अधिकार भी कृपैकलभ्य है. हमारे 'पुष्टिपुलिन'ग्रन्थमें सबका विस्तृत विवेचन है.

"**रुचि: श्रवणादि प्रेम चेति भक्तिस्त्रिविधा**" (सुबो.१।२।५). भक्ति तीन प्रकारकी है: १. रुचि (प्रमाणबलको छोडके इन्द्रियोंका स्वाभाविक विषयग्रहण) २. श्रवणादि ३. प्रेम. फलदित्सु भगवान्ने भक्तहृदयमें रखा हुआ अनुग्रहजन्य प्रेमबीज भक्तकी मार्गरुचिसे ज्ञात होता है. यह साधनपरम्परामें पहला धर्म है, अन्तिम भगवत्प्रसाद है, साक्षात्कार फल है. अनुग्रहसे ही जीवकी साधनप्रवृत्ति होती है. अनुग्रहसे ही साधन सिद्ध होत हैं. साधनपरम्पराके अन्तमें विशेष अनुग्रह होता है, तब भगवत्प्राकट्य होता है. श्रीभागवजीमें नारदजीके प्रसङ्गमें यह दिखलाई

देता है. नारदजीनें १. सेवार्थ सत्सङ्ग २. निर्दोष सेवा ३. भक्त - गुरु - कृपापूर्वक निरन्तर श्रवणादि भगवन्मार्गीय साधन किये हैं तब भगवान्में रुचि हुई है. पहले सत्पुरुषोंके धर्मोंमें रुचि और बादमें भगवान्में रुचि ! यह परोक्ष अननुभूतविषया प्रथमकक्षपन्ना रुचि है. यह रुचि श्रवणादिसे भगवत्स्फूर्ति कराती है. इससे विशेष रुचि होती है, अपरोक्षरुचि! श्रवणादि साधनोंसे यह बढ़कर प्रेमरूपा होती है. यह प्रेम सेवा - श्रवणादिसे वृद्धिङ्गत हता हुआ आसक्तिरूप होता है. यही (श्रवणादिसे) वृद्धि प्राप्त हो करके व्यसन होता है. व्यसन प्राप्तिके बाद भक्ति मानसीसेवा भी कही जाती है. यही फलदशा है. व्यसनवशात् सर्वत्र पुरुषोत्तमबुद्धि होने पर सर्वोत्कटस्नेह होते, प्रभुप्रदानसे, सर्वात्मभाव होता है. इससे बाह्याभ्यन्तर पुरुषोत्तमाविर्भाव निरन्तर सिद्ध होता है. फलदशामें अलौकिकसामर्थ्य होता है. इस प्रकार श्रीसुबोधिनी प्रथमस्कन्धोक्त रुचि - श्रवणादि - प्रेम; भक्तिवर्धिन्युक्त प्रेम - आसक्ति - व्यसन; पुनः दशमस्कन्ध तामसप्रकरण विचारित प्रमाण(प्रेम), प्रमेय (आसक्ति), साधन (व्यसन), फल (पूर्णनिरोध - भगवत्स्वरूपानन्द - लीलारसानुभव) क्रमशः प्रभुकृपासे प्राप्त होते हैं. जिसकी जहां स्थिति वह उसका अधिकार समझा जाता है.

**फलोन्मुख अधिकारविचार - अधिकारिभेदसे श्रवणादिनवककी विविधता**

श्रीसुबोधिनीजी (१।२।६ - ७)में एक परम्परामें विहित श्रवणादिधर्म साधन हैं, भक्ति फल है. भगवान्को साधनरूप मानके अगर रुचि हो तो वह धर्मरूप नहीं है. दुःसङ्गादिसे दब जाय तो भी वह धर्मरूप नहीं है. फलाभिसन्धान रहित रागादिसे अप्रतिहत, श्रद्धालक्षणा भक्तिसे अन्तःकरणसाक्षी भगवान् प्रसन्न होते हैं. दीर्घकालादरनैरन्तर्य पूर्वक यह भक्तियोगसे शीघ्र विषयवैराग्य और आत्मामें साक्षात्काररूप ज्ञान होता है. द्वितीय परम्परा (१।२।८ - १५)में धर्म साधन है, कथारुचि साध्य है. कामसे जीवन अर्थरूप जीवनमें धर्म एवं ज्ञान, इससे मोक्ष



होता है. जीवनका लाभ है तत्त्वजिज्ञासा. ब्रह्म परमात्मा भगवान् श्रीकृष्णका विचार ! यह साक्षात्कारमें पर्यवसित है. विचार सहित प्रमाणसे यद्यपि निर्विचिकित्सित शब्दज्ञान होता है, फिर भी अन्तःकरण दोषसे साक्षात्कार सिद्ध नहीं होता है. तदर्थ पहला धर्म है. इससे अन्तःकरणशुद्धिसे वेदादि सत्प्रमाणमें श्रद्धा होती है. बादमें उसके अर्थका मनन होता है. बादमें निदिध्यासनसे साक्षात्कार होता जैसा ज्ञान होता है. बादमें विषयोंमें वैराग्य होता है. बादमें श्रवणादि साधनभक्ति होती है. इससे परम भक्ति होती है. इससे सर्वत्र हृदयमें बाहर भी भगवत्साक्षात्कार होता है. जैसे - जैसे श्रवण तथा भक्ति होती है. बादमें सब होता है. भगवत्प्रसादके विना अन्तःकरणशुद्धि वा रुचि नहीं होती है. धर्मका मुख्यफल प्रभुप्रसन्नता है. वैष्णवशास्त्रानुसार शुद्धसत्वमें आविर्भूत सात्वतपतिका, यह श्रवणादिक धर्मरूप है. नित्य यह भगवान्के श्रवण - कीर्तन - ध्यान - पूजन करनें जरूरी है. जहां ध्यानादितद्धर्मसे कर्मग्रन्थिबन्धछेदन होता है. जहां जब कथासे वह भगवान् ही चित्तमें पधारते हैं तो कौन कथारति न करे?

तृतीय परम्परा (भाग.पुरा.१।२।१६ - २२)में फलमुखसाधननिरूपण है जिसमें व्यभिचारशङ्का भी नहीं है. इसमें क्रम है: गृहत्याग पूर्वक तीर्थपर्यटन, महापुरुषोंका सत्सङ्ग, महापुरुषोंकी सेवा, ततः भगवत्कथाश्रवण, इससे कथारुचि, बादमें कथामें एवं महापुरुषोंमें श्रद्धा, बादमें अव्यभिचारिणी शुश्रूषा, स्वरूपभूत कथाश्रवणसे हृदयस्थ सत्पुरुषोंके मित्र कृष्ण ही अभद्र - कामादिदोषोंको शिथिल कर देते हैं. अब काम - क्रोधादि प्रतिबन्धक नहीं रहते हैं. भगवत्कथा एवं भगवद्भक्तोंके नित्यसेवनसे स्वयं भगवान् श्रीकृष्णमें, बडे बाधकसे भी चलित न होने दे ऐसी, नैष्ठिकी भक्ति होती है. कालादि उपद्रव नहीं करते हैं. यहां तक पुरुषप्रयत्न है, आगे भगवान् ही कर लेते हैं. तब चित्त काम - क्रोध - लोभादिसे अनाविद्ध रह कर कथानुरोधसे भगवदावेशसे प्रसन्न रहता है. आत्मत्वेन भगवदनुभव होता है. शुद्धसत्वात्मक अन्तःकरणमें प्रकट भगवानमें परमप्रेमसे

भगवत्प्रसन्नता एवं भगवत्साक्षात्कार होता है. शब्दतात्पर्याभिज्ञ कविलोग साधनके सुखात्मक होनेसे भी सदा परमहंससे भक्ति करते हैं.

प्रभुचरण श्रीगुसांईजीने 'भक्तिहंस'में अधिकारिभेदसे श्रवणादिनवककी कर्म - ज्ञान - उपासना - भक्तिमार्गतासे विविधता बताई है. अधिकारि - अधिकार - परिचयार्थ उसका सङ्ग्रह करते हैं. आधुनिक परिस्थितिमें यह परिज्ञान आवश्यक लगता है. श्रीभागवतादिके श्रवण - कीर्तनके फलरूपमें धर्म - अर्थ - काम - मोक्षपुरुषार्थ कहे गये हैं. उसमें :

१. धर्मार्थकामकी इच्छासे किये जाते श्रवणादि कर्ममार्गीय हैं.
२. अर्थकामेच्छासे किये श्रवणादिक भी कर्ममार्गीय हैं.
३. वृत्त्यर्थ किये गये लौकिक हैं, निषिद्ध हैं.
४. सन्न्यासमें ज्ञानोदयमें कारणरूप चित्तशुद्धिहेतुरूप श्रवणादि ज्ञानमार्गीय हैं.
५. साक्षान्मोक्षसाधनरूपतासे पाञ्चरात्र - तान्त्रिकदीक्षापूर्वक किये विहित श्रवणादि उपासनामार्गीय हैं. यह वैष्णवमार्ग भी कहा जाता है.
६. भक्तिमार्गीय भक्तकृत भक्तिसाम्प्रदायिकदीक्षापूर्वक मोक्षसाधनरूपसे किये गये श्रवणादि प्रावाहिकी भक्ति है.
७. प्रेमात्मक भक्तिसाधनरूपसे किये श्रवणादि मर्यादाभक्ति है.
८. स्नेहोत्पत्तिके बाद स्वव्यसनसे स्वतन्त्र पुरुषार्थरूपसे किये हुए श्रवणादि उत्तम पुष्टिभक्तिरूप हैं.

भक्तिमार्गीय भजनप्रकारमें स्नेह ही नियामक है. यह न होनेवालोंकेलिए भी स्नेहवालोंने किया हुआ उपदेश ही नियामक है. स्नेह सम्प्रदायानुरूप कृति भक्तिमार्गीय ही है.

'भक्तिहेतुनिर्णय'में सुस्पष्ट है; भगवान्ने अपनी प्राप्तिकेलिये दो मार्ग प्रवृत्त किये हैं : १. मर्यादामार्ग २. पुष्टिमार्ग. उसमें जिन जीवोंका मर्यादामें अङ्गीकार भगवानने किया है उनको साधनक्रमसे ही भगवत्प्राप्ति



होती है. जिनका पुष्टिमार्गमें अङ्गीकार है उनको तो केवल अनुग्रहसे ही भगवत्प्राप्ति होती है, कोई साधनापेक्षा नहीं है. अङ्गीकारमें भगवदिच्छा ही कारण है. सर्वतन्त्रस्वतन्त्र भगवान्की इच्छा भी स्वतन्त्र है. जिस जीवकेलिये जैसी भी भगवदिच्छा होती है ऐसे ही उसकी प्रवृत्ति होती है. साधनपूर्णोंको भी भगवद्दानसे ही भक्ति प्राप्त होती है. अनुग्रहके सिवा कोई भी साधन भक्तिप्राप्तिमें नहीं है. मर्यादामार्गमें भी साधनबलसे नहीं अनुग्रहसे ही भक्ति एवं फल मिलते हैं. भगवदनुग्रहैकलभ्यत्व ही भगवान्का है.

**''प्रदानवदेव तदुक्तम्''**

> **''सर्वात्मभावे स्वरूपप्राप्तिविलम्बासहिष्णुत्वेन अत्यार्तौ स्वरूपातिरिक्तास्फूर्त्या तद्भावस्वाभाव्येन गुणगानादिसाधनेषु कृतेष्वपि अप्राप्तौ स्वाशक्यत्वं ज्ञात्वा प्रभुमेव शरणं गच्छति, एतच्च न स्वकृतिसाध्यमिति सुष्ठूक्तं 'प्रदानवद्' इति''**

(ब्र.सू.३।३।४३)

अनुवाद : सर्वात्मभाव सिद्ध होन पर स्वरूपप्राप्तिविलम्ब सहन न होनेसे अत्यार्तिसे स्वरूपके विना अन्यकी स्फूर्ति न होनेसे तद्भावस्वाभाविकतासे गुणगानादि साधन करने पर भी प्रभु प्राप्त न होन पर स्वाशक्तत्व जानके प्रभुकी ही शरणमें जाते हैं. यह स्वकृतिसाध्य नहीं है ऐसे योग्य कहा है, प्रदान ( वरदान ) है.

**''स्वामिनः फलश्रुतेरित्यात्रेयः''**

> **''अत्र भगवद्वरणानन्तरमपि जीवबलं कतमं यदपेक्ष्य भगवल्लाभ इति जिज्ञासायां सर्वात्मभावएव बलमिति निर्णीयते, तस्यैव मर्यादाबलोपमर्दकत्वाद् भगवद्वशीकारहेतुत्वाच्च''.**

(ब्र.सू.३।४।४३)

अनुवाद : यहां भगवान्के वरणके बाद भी जीवबल क्यां है जिसकी अपेक्षा भगवल्लाभ होत है ? यह जिज्ञासामें सर्वात्मभाव ही बल

है यह निर्णय किया जाता है. विष्णुके अवतार होनेसे दत्तात्रेयजी पुरुषोत्तमभावस्वरूपज्ञ हैं, उनका मत है.

**"विशेषं च दर्शयति"**

**"अथ शुद्धपुष्टिमार्गेऽङ्गीकृतस्य व्यवस्थाम् आह. ... यथा स्वयं प्रकटीभूय लोके लीलां करोति तथा अत्यनुग्रहवशात् स्वान्तःस्थितिमपि भक्तं प्रकटीकृत्य तत्स्नेहातिशयेन तद्वशः सन् स्वलीलारसानुभवं कारयति".**

( तत्रैव ४।३।१७ )

अनुवाद : शुद्धपुष्टिमार्गमें अङ्गीकृत जीवकी व्यवस्था कहते हैं. ... जैसे स्वयं प्रभु प्रकट होकरके लोकमें लीला करते हैं वैसे अत्यनुग्रहवश स्वान्तःस्थित भी भक्तको प्रकट करके उसके स्नेहातिशयसे उसके वशमें होते हुए स्वलीलारसानुभव कराते हैं.

**अनुग्रहसे अधिकारादि - गुणगान फल**

इस प्रकार स्वयं भगवान् पुरुषोत्तम श्रीकृष्णकी इच्छासे तदनुरूप वरणसे तदनुरूप अनुग्रहसे ही जीवको मर्यादामार्ग वा पुष्टिमार्ग में सर्जन - साधन - फल होते हैं. अतः इस लेखमें उभयविध उल्लेख प्रमाणपूर्वक करनेका प्रयत्न किया है. गुणगानमें **"युक्तं भगैः स्वैः"** ( भाग.पुरा.२।९।१६ ) भगवान्के नित्य अनन्त ऐश्वर्यादि गुण वा **"सत्यं शौचं ... "** ( तत्रैव १।१६।२७ ) में बताये सत्यादि गुणोंका गान अनन्त होता है. उसमेंसे **"नमः पतन्त्यात्मसमं ... "** ( तत्रैव १।१८।२३ ) के अनुसार भगवदनुग्रहलब्ध अधिकारानुसार स्वात्मसम गान हो सकत है. यह गान भी स्वच्छन्दसे नहीं, सम्प्रदाय - गुरुपरम्परासे हो तो प्रणाली होती है. १. गुरुमुखश्रवणके बाद ( भावना ) कीर्तन २. कृपासे लीलादर्शनपूर्वक कीर्तनगान, अष्टसखाप्रभृतिके प्रकारसे वा ३. वेणुगीत - युगलगीत प्रकारसे स्वासक्तिसे लीलानुभव पूर्वक गान श्रीव्रजभक्तोंके प्रकारसे भगवदनुहुतचित्तसे वा ४. श्रीव्रजभक्तोंकी तरह विरहव्याकुलतामें **"तन्मस्कास्तदालापा"** ( तत्रैव १०।३०।२७ - ४३ ) भगवदागम-नाकाङ्क्षासेस्वरूप - गुण - लीलगान, भगवदनुग्रहरूप ( रुचि - श्रवणादि - प्रेम - आसक्ति - व्यसनके बाद मानसी - सर्वात्मभाव - निरोध ) अधिकारसे फल ( भगवत्सरूप लीलारसानुभव ) होता है. श्रीतत्वार्थदीपनिबन्धमें श्रीमहाप्रभुजीने रूपसेवामें त्याग - विनियोग अथवा नामसेवा श्रीभागवतसेवन ही मताये हैं. **"त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात्"** ( २।२५६ ) अनुवाद : तीनमेंसे कोई एक प्रकासे भी भजनसे कृष्णप्राप्ति कही है. 'सिद्धान्तमुक्तावली'में त्यागपक्ष एवं कथापक्ष कण्ठोक्त नहीं है. कथासेभी सेवा अभिलषित है. अच्युतदासजीको अनुग्रहसे मानसी प्रदानके बाद सिद्धान्त स्पष्टतासे राजमार्ग 'सिद्धान्तमुक्तावली'में बताया. बादमें भी श्रीगुसांईजीने कोई कृपणको विना तनुवित्तजा कराये मानसी प्रदान कर दी! अनुग्रह स्वतन्त्र है न! 'स्वरूपतारतम्यनिर्णय'ग्रन्थमें श्रीहरिरायजीने **"सेवकसाधनसम्पत्त्यभावे श्रीभागवततत्वार्थविचाररूपम् आन्तरमेव भवतीति निर्विवादम्. अतएव एतद्धजनस्य मुख्यत्वात्"**. अनुवाद : सेवकको सेवोपयोगी साधनसम्पत्ति अगर अप्राप्त है तो श्रीभागवतके अर्थका विचार यावज्जीवन उपाधिरहिततासे सर्वभावसे करे तो उसको भी स्वाधिकारानुसार जन्मान्तके विना ( इसी ही जन्ममें ) 'सेवाफल'में कहा हुवा फल प्राप्त होत है, श्रीभागवतार्थविचाररूप आन्तरभजन मुख्य होनेसे. यहां तो पुष्टिमार्गमें जन्म - अधिकार - साधन - फल सब कुछ अनुग्रहैकलभ्य है. सादर वन्दन यह अनुग्रहमूल पुष्टिप्रभुको, प्रदाता आचार्यचरणोंको, अनुगृहीत भक्तोंको! लेखविस्तार भी अनुग्रहसे ही करा दिया! वन्दन!

## गुणगानकी प्रणालीद्वारा होती भगवल्लीलानुभूतिमें

## अधिकारका विचार

श्रीनवनीतप्रिय शास्त्री

સ્ફુરત્ - કૃષ્ણપ્રેમામૃત - રસ - ભરેણાતિ - ભરિતા
વિહારાન્ કુર્વાણા વ્રજપતિવિહારાબ્ધિષુ સદા।
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં 'વલ્લભ' ઇતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરુણા॥
બુદ્ધિઃપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ।
ધ્યાનાસમર્થજીવાનામ્ અસ્માકં સર્વદા સ્વતઃ॥

પૂજ્યપાદ આચાર્યચરણો! સમાદરણીય પુષ્ટિમાર્ગીય શુદ્ધાદ્વૈત વેદાન્ત વિચાર પરાયણ વૈષ્ણવવૃન્દ! ખુબ આનન્દનો પ્રસઙ્ગ છે શાસ્ત્રવિચારમાટે બધા એકત્રિત થયા છીએ. વિવાદ સંવાદ અનુવાદ આ બધી પરિભાષાઓ છે, જુદી છે. આજે આપણે વિવાદમાટે કદાચ સંવાદમાટે ભેગા થયા છીએ. અને સાચું કહું તો અનુવાદમાટે ભેગા થયા છીએ. જ્ઞાતજ્ઞાપકોઽનુવાદઃ. લોકો અનુવાદને ભાષાન્તર સમજે છે એવું નથી. જ્ઞાતજ્ઞાપક હોય તે 'અનુવાદ' છે. આપણે આપણું કશુંજ નવું કહેતા નથી. જે ગ્રન્થોમાંથી આપણને મળ્યું હોય તેનુંજ આપણે નિરૂપણ કરીએ. એટલે હું નવો વાદ ઉભો કરું કે અનુવાદ છે. અનુવાદની રીતે શોધપત્ર તો પ્રસ્તુત કરેલુંજ છે. અને જેમ બાવાશ્રીએ આજ્ઞા કરી હતી તેમ બધા સૂક્ષ્માતિસૂક્ષ્મ શોધપત્રનું અધ્યયન કરીને આવ્યાજ હશે. શિવાય હું કારણકે વાંચવામાં મને ખુબ તકલીફ પડે છે તે હું પહેલેથીજ સ્વીકારી લઉં છું કે નથી



કરી શક્યો. પણ આ પ્રકારની એક પરમ્પરા ઉભી થઈ રહી છે જે પહેલાં ગુરુ-શિષ્યપરમ્પરાના રૂપમાં "તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્" આ એક પરમ્પરા હતી. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પાસે જશે કોણ? તદ્વિજ્ઞાનાર્થમ્. આચાર્યચરણોએ પણ ગમે તેને સેવક તરીકે સ્વીકારવા એવું નથી કહ્યું. ગુરુપાસે આવનાર પણ 'જિજ્ઞાસુ' એમ ગુરુના લક્ષણ સાથે-સાથે શિષ્યનું લક્ષણ પણ સમન્વિત કરી લીધું છે. **"કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવતતત્વજ્ઞં ભજેત્"** અને સાથે-સાથે શિષ્ય પાસેથી એવી અપેક્ષા રાખવામા આવી છે કે "જિજ્ઞાસુરાદરાત્". શિષ્યમાં જિજ્ઞાસા જોઈએ. આજે મોટે ભાગે તે લુપ્ત થઈ છે. અને કદાચ ક્યાંક હોય તો લોકોપાસે પુછવામાટેની હિમ્મત નથી હોતી, ડર લાગે છે. એન કદાચ દામ્ભિકતા પોષાય કે હું પુછીશ, મને નથી આવડતું તેવું લોકોને દેખાઈ જશે તો! અમારા કથાકારોના આવા અનુભવો છે. માટે લોકો પુછતાં ખચકાય છે. કદાચ ક્યારેક પુછવું હોય છે ખરું પરન્તુ ક્યારેક અધ્યયનના અભાવમાં પુછાતું નથી અને બીજું આચરણમાં મુકવાની તત્પરતાના અભાવે પણ પુછવામાં નથી આવતું. માત્ર શ્રદ્ધાથી સમ્પ્રદાયમાં આવ્યા, શ્રદ્ધાથી દર્શન-સેવા વગેરે કંઈક કહેવાતું કરતા આવ્યા. એટલામાં કર્તવ્યની પરિસમાપ્તિ માની લીધી. વાસ્તવમાં સમ્પ્રદાયની યથાર્થ પરિસ્થિતિ આપણે સમજ્યા ન્હોતાં. અને એટલે જ સમ્પ્રદાયનો મોટા ભાગનો વર્ગ આજે પણ, મારા અનુભવે કહું નાના ગામોથી લઈને મોટાં શહેરોમાં, પ્રાથમિક આચાર અને પ્રાથમિક સિદ્ધાન્તોના જ્ઞાનથી રહિત છે આવો મારો અનુભવ છે. હું ઈચ્છું કે હું ખોટો હોઉં. એને કદાચ વધારે ખોટો પડું આ વિષયમાં તો મને ગમશે. પરન્તુ એ દિશામાં સાચો અને નક્કર પ્રયાસ થવો જોઈએ. એમાં આ એક પ્રયાસ છે જે પૂજ્ય શ્રીશરદ્બાવાશ્રીએ શરુ કર્યો છે. એટલે પહેલાં તો મારા હાર્દિક ધન્યવાદ, અપાય કે નહીં તે મને ખબર નથી પણ આપી તો દઉં છું. અવિવેક થતો હોય તો ક્ષમાયાચના પણ પહેલાંથીજ કરી લઉં છું. અહીં મને જે વિષય આપવામાં આવ્યો હતો તેની જે વાતો કહેવાની હતી તે તો પેપરમાં કહેલીજ છે.

"ગુણગાનકી પ્રણાલિદ્વારા હોતી ભગવલ્લીલાનુભૂતિમેં અધિકારકા વિચાર" આ મથાળું વાંચતાં-વાંચતાં મને કેટલાક વિચારો હમણાંજ આવ્યા. એક-એક શબ્દ લઈને આપણે વિચાર કરીશું તો વધારે સારું થશે. ગુણગાન. પહેલાં તો 'ગુણ' કોને કહેવાય? કોશની દૃષ્ટિથી જોવા જઈએ તો ગુણ એ વિશેષતા છે. સાથે-સાથે ગુણનો એક બહુ મજાનો અર્થ છે. 'ગુણ' એટલે સૂત્ર. જેમ પ્રકૃતિના ગુણો બાંધે છે તેમ ભગવાનના ગુણો પણ બાંધે છે. પ્રકૃતિના ગુણો પ્રાકૃત બન્ધનથી બાંધે અને ભગવાનના ગુણો ભગવાન્‌ની સાથે બાંધે છે. ભગવાન્ સાથે બંધાઈએ નહીં ત્યાં સુધી પ્રાકૃત પદાર્થોની આસક્તિમાંથી છૂટાય નહીં. એટલામાટે ગુણ બાંધે છે. અહીં અનુક્ત છે કે ગુણગાન કોનું? હું બે અર્થ સમાવીશ ૧. ભગવાનનું અને ૨. ભગવાન્ સમાન્ ભગવદ્રૂપ આપણા શ્રીમદ્ આચાર્યચરણોનું. મીરાબાઈપાસે એમના પુરોહિત રામદાસજી આચાર્યચરણના કીર્તન ગાતા હતાં ત્યારે જ્યારે મીરાબાઈએ વિરોધ કર્યો ત્યારે જરાય પરવાહ કર્યા વગર, કદાચ ગાળ જેવા શબ્દો કહીને સીધાજ ઊભા થઈ ગયા. એટલે પોતાના પ્રભુના ગુણગાન અને "તેહી એહી એહી તેહી કછુ ન સન્દેહ" એ ન્યાયે આચાર્યચરણોના ગુણગાન એમ બન્નેના ગુણગાન અહીં લઈ શકાય છે. હવે ગુણ વિચારીએ તો તે પણ બે પ્રકારના હોઈ શકે છે. એક મર્યાદાપ્રસિદ્ધ ગુણો અને બીજા પુષ્ટિપ્રસિદ્ધ ગુણો. ભગવાનના છ ગુણો પ્રસિદ્ધ છે. વાસ્તવમાં **"યુક્તં ભગૈ: સ્વૈરિતરત્ર ચાધ્રુવૈ:"** (ભગ.પુરા.૨ાહ ) માં ભગવાનના અનન્ત ભગ છે એમ જણાવ્યું છે. અને વિષ્ણુપુરાણમાં કહ્યું છે તેમ **"ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય વીર્યસ્ય યશસ: શ્રિય:, જ્ઞાનવૈરાગ્યયોશ્ચૈવ ષણ્ણાં 'ભગ'ઇતીરણાત્"**. આને 'ભગ' કહેવાય. ભગવાન્ આવા અનેક ભગોથી યુક્ત છે. પણ એમાં બે પ્રકારના ભગ દેખાય છે. "યુક્તં ભગૈ: સ્વૈ:" અને "ઇતરત્ર ચાધ્રુવૈ:". બીજે એ ભગ અધ્રુવ છે અને ભગવાન્‌માં એ ભગ ધ્રુવ છે. ન્યાય પરિભાષામાં અવું કહેવાય: તત્ર ભગં દ્વિવિધમ્: નિત્યમ્ અનિત્યં ચ. નિત્યં ભગવતિ અને અનિત્યં તત્કૃપાપાત્રેષુ કાર્યવિધિ:". એટલા માટે ભ્માગવતનું વ્યાખ્યાન કર્યું ત્યારે માત્ર ભગવાનની કથા નથી કરી "ભગવત: ઇદં ભગાવતમ્" તો છે



પરન્તુ સાથે-સાથે "ભગવત: અયં ભાગવત:" પણ છે. ભગવાનનો આ પુરુષ તે ભાગવત. તેથી ભગવાન્ અને ભગવાનના ભક્તો ઉભયનું જેમાં નિરૂપણ છે એનું નામ 'ભાગવત્'. તેથી ગુણગાન પણ માત્ર ભગવાનના જ નહીં પરન્તુ ભગવાનના ભક્તોના પણ છે. એમાં મર્યાદા કરતાં પુષ્ટિ ગુણગાનની વિશેષતા શ્રીમદાચાર્યચરણોએ વેણુગીતના સુબોધિનીજીમાં બતાવી છે.

જો પુષ્ટિદૃષ્ટિથી જોઈએ તો **"ઈશ્વર: પૂજ્યતે લોકે મૂઢૈરપિ યદા તદા, નિરુપાધિકમૈશ્વર્યં વર્ણયન્તિ મનીષિણા:"** હરિણીઓનાં પ્રસઙ્ગમાં નિરુપાધિક ઐશ્વર્ય, મૂઢ લોકો પણ જ્યારે ઈશ્વરને ભજે ત્યારે દેખાય. આમ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય સ્વતન્ત્ર રીતે બતાવ્યા છે. ઈશ્વરનું પૂજન જ્યારે મૂઢ બુદ્ધિવાળા કરતા હોય ત્યારે નિરુપાધિક ઐશ્વર્ય, સોપાધિક નહીં, નિરુપાધિક અને સોપાધિક આમ બે ભેદ આચાર્યચરણોને અભિલષિત લાગે છે. સોપાધિક ઐશ્વર્યનું નિરૂપણ મર્યાદામાં આવશે જ્યારે નિરુપાધિક ઐશ્વર્યનું નિરૂપણ પુષ્ટિમાં આવશે. વીર્યગુણ. **"વીર્યં દેવેષુ તત્રાપિ સ્ત્રીષુ"**. દેવોમાં તેમજ દેવસ્ત્રીઓમાં વેણુનાદદ્વારા એમને મૂર્છા પ્રાપ્ત કરાવી આમ ભગવાને વીર્યદર્શન કરાવ્યું. યશ, મૂઢોમાં. ગાયના વાછરડાં દૂધ પીતાં હોય, દૂધ ગળામાંથી નીચે ઉતરી રહ્યું હોય, વેણુનિનાદ થઈ રહ્યો હોય, એ વાછરડાં મગ્ન બની રહ્યાં હોય, દૂધ અન્દર ન ઉતરી શકે દૂધ બહાર ન આવી શકે એવી સ્થિતિમાં **"વિમૂઢાનાં પ્રત્યક્ષાસક્તિ: ભોજનાદિષુ"** મૂઢોની ભોજનાદિમાં રહેલી પ્રત્યક્ષાસક્તિને નિવૃત્ત કરી આપનારો આ ભગવાનનો ગુણ છે: યશ. શ્રી, સમાનતામાં દેખાય. જેમ બ્રહ્મ ભોગ કરતો નથી તેમ વૃક્ષો ઉપર બેઠેલાં પક્ષીઓ મુનિરૂપ છે તે સામે રહેલા પિપ્પલાદિનો ભોગ કરતાં નથી ત્યાં 'શ્રી' નામનો ભગવાનનો ગુણ વેણુદ્વારા અભિવ્યક્ત થયેલો દેખાય છે. અભિવ્યક્ત વેણુદ્વારા થાય છે અને તેની અસર પેલા પક્ષીઓ ઉપર દેખાય છે. એટલે વેણુમાં આ ગુણ છે તે સ્પષ્ટ થાય છે. પછી જ્ઞાન. જ્ઞાન સ્વભાવવિજયમાં દેખાય. સરિતાનો સ્વભાવ છે સરવાનો. વેણુનિનાદ થાય અને તેનાથી એનું સરણ અટકી પડે તે ભગવાનના જ્ઞાનગુણની અભિવ્યક્તિ છે. વૈરાગ્ય મેઘમાં દેખાય.

એણે પોતાનું સર્વસ્વ ભગવાનના શિરે વરસાવી દીધું. એના સર્વસ્વદાનમાં વૈરાગ્ય ગુણ દેખાય છે. આમ આ છએ ગુણોનું દર્શન આચાર્યચરણોએ વેણુગીતમાં કરાવ્યું. આવા અનેક ભગો ભગવાન્‌માં છે. ભક્તોમાં પણ એવા ભગ પધરાવે તો એવા ભક્તોને પણ ભગવાન્ કહેલા છે, વેદમાં પણ ભાગવતમાં પણ. માત્ર જેને ચાર હાથોવાળા-અનેક હાથો વાળા કલ્પ્યા હોય તેને જ ભગવાન્ કહે છે તેવું નથી. **'મૈત્રેયો ભગવાન્ ઋષિ:" "ભગવો દેવી"** તો આ બધામાં 'ભગવન્' શબ્દનો પ્રયોગ ભક્તોમાટે ઋષિઓમાટે અર્થાત્ જેમાં ભગવાને પોતાનું સામર્થ્ય પધરાવ્યું છે તેના અર્થમાં દેખાય છે. અને એ બધામાં ભગવાનના આ ગુણ માત્ર છની સંખ્યામાં પરિમિત નથી. અનન્ત ગુણો છે. **"યોऽનન્તશક્તિ: ભગવાનનન્તો મહદ્ગુણત્વાદ્ યમનન્તમાહુ:"**. સંખ્યાની દૃષ્ટિથી ગુણો અનન્ત છે સાથે-સાથે વિશાળતાની દૃષ્ટિથી પણ ગુણો અનન્ત છે. ભગવાન્ અનન્ત તો એમના ગુણોનું ગાન પણ અનન્ત છે.

ગુણોનું ગાન કેવી રીતે થાય? 'ગાન' શબ્દ સામાન્ય રીતે ગાવાના અર્થમાં પ્રચલિત છે. પણ અમે કથા કરતા હોઈએ છીએ એ પણ ગુણગાન છે. અને કથામાં ગાનજ કરતા હોઈએ એવો નિયમ નથી હોતો. કથામાં વિવેચન, અર્થઘટન આદિ કરવામા આવે છે તેને પણ ગુણાનુવાદ કહેવાય છે. 'ગુણગાન'માં ગાન બે પ્રકારના: ગદ્યાત્મક અને પદ્યાત્મક બન્ને સમ્ભવી શકે. ગાન ત્યારે સમ્ભવે કે જ્યારે હૃદયમાં ભાવ ઉચ્છલિત થયો હોય. એટલામાટે ગોવર્ધનોદ્ધરણપ્રસઙ્ગમાં ગોપીજનોએ ગોવર્ધનોદ્ધરણ પછી જે ગીત ગાયું "(તથાવિધાન્યસ્ય કૃતાનિ ગોપિકા ગાયન્ત્ય) **ઇયુર્મુદિતા હૃદિસ્પૃશ:"** ગાન એવું ગાયું કે પોતાના હૃદયનો સ્પર્શ કરે અને સાથે-સાથે ભગવાનના હૃદયનો પણ સ્પર્શ કરે. આનું નામ ગાન. પોતાના હૃદયને ન સ્પર્શે તો ભગવાનના હૃદયને ક્યાંથી સ્પર્શે. એટલે ગાન કરનારના હૃદયના સ્નેહની સ્વાભાવિકતા હોવી જરૂરી છે પછી એ સ્નેહ ઉષ્ણ હોય કે શીતલ હોય. શીતલ હોય તો મર્યાદા અને ઉષ્ણભાવ હોય તે એ પુષ્ટિપ્રચુરતા છે. અને એટલામાટે આ બન્ને રીતે



ગુણગાન સમ્ભવે છે: પદ્યાત્મક અને ગદ્યાત્મક. હવે સાથે ગાન હોવું જોઈએ. જો વ્યાસાસન મર્યાદા હોય તો ત્યાં ગાનાદિનો નિષેધ દેખાય છે. વિધાન દેખાતું નથી. પણ જો વ્યાસાસન નથી સત્સઙ્ગ પદ્ધતિ છે તો ત્યાં સઙ્ગીતના વાદ્યો પૂર્વક પણ ગાન થઈ શકે છે. જો એ ગાન ભગવત્સમ્મુખ થતું હોય તો તે એકજ શબ્દવાચ્ય છે: કીર્તન. અને શ્રવણ ઉત્તરભાવી પણ જે છે તેનું નામ પણ છે: કીર્તન. શ્રવણ પછી થતું કીર્તન તે એક પ્રકાર અને ભગવાનની સમ્મુખ પરમ્પરાગત થતાં ભગવાનની લાલના સ્વરૂપના ગાન એનું નામ પણ કીર્તન. કીર્ત્યતે અનેન ઇતિ કીર્તનમ્. જેનાથી રૂપ-ગુણ-લીલા સહિત ભગવાનનું વર્ણન કરવામાં આવે એનું નામ કીર્તન. એવા કીર્તન જો સમ્મુખમાં થતાં હોય તે સેવાપ્રકારમાં આવે. અને જો પરોક્ષમાં થતાં હોય તો તે સ્મરણપ્રકારમાં આવે. આ બન્ને પ્રકારો કીર્તનમાં ગુણગાનમાં પ્રસિદ્ધ છે.

આવા ગુણગાન જ્યારે ભગવાનના આચાર્યના ભગવદીયોના થતાં હોય તો એ ગુણગાનદ્વારા કાંઇક પ્રાપ્તિ થવાની છે. સ્નેહપૂર્વક થતું એ ગાન ધીમે - ધીમે સ્નેહની અભિવૃદ્ધિ કરતું જાય અને સાથે-સાથે "ગુણગાનકી પ્રણાલીદ્વારા". ગુણગાન પણ સ્વતન્ત્ર નથી. ભાગવતમાં એટલામાટેજ કહ્યું છે કે બધાજ પ્રકારના પુણ્યો કરતાં ઉત્તમમાં ઉત્તમ પ્રકાનું જો કોઈ ફળ હોય તો તે એકજ છે **"યદુત્તમશ્લોકયશોऽનુગીયતે"** ઉત્તમશ્લોક ભગવાનના ગુણોનો અનુવાદ. અનુવાદ કહો કે ગાન કહો.

યશોનું ગાન, ગુણાનુવાદ અને પ્રણાલિકાનુસાર ગાન. એમાં ગુરુપરમ્પરાદ્વારા વિદ્યા પ્રાપ્ત કરીને ભગવાનના માહાત્મ્ય લીલા સ્વરૂપ રહસ્યને જાણ્યા પછી ગાન એનું નામ 'પ્રણાલિકાદ્વારા ગાન'. પ્રણાલિકા સિવાયનું સ્વતન્ત્ર ગાન આજકાલ બહુ પ્રસિદ્ધ છે. આજકાલ *પેચ્વર્ક* જેમ પ્રસિદ્ધ છે તેમ ચાર વસ્તુ અહીંથી ચાર વસ્તુ તહીંથી ભેગી કરે એમ થાગડ-થીગડ કરીને કહાની રૂપે લોકો સામે રજુ કરે આને *પેચ્વર્ક* કહેવાય. આવું *પેચ્વર્ક* પ્રણાલિકામાં નથી હોતું. અહીં 'પ્રણાલિકા' એટલે સમ્પ્રદાય પુર:સર

ગુરુમુખે અધ્યયન કર્યું હોય તે. અને એટલામાટેજ શુકદેવજી જેવા મહાપુરુષ જ્યારે પરીક્ષિતની સભામાં પધાર્યાં, માન તો મળી ગયું હતું સ્થાન મેળવવાનું પણ બાકી ન્હોતું રહ્યું, ત્યારે જ શુકદેવજીએ કહ્યું હતું **"અધીતવાન્ દ્વાપરાદૌ પિતુર્દ્વૈપાયનાદહમ્"**. આ છે પ્રણાલિકા. આ છે પરમ્પરા. શુકદેવજીએ પણ કહ્યું કે હું અધ્યયન કરીને આવ્યો છું અને તે પણ મેં મારા પિતાશ્રી પાસેથી કર્યું છે. શુકદેવજીને એ કહેવાની જરૂર ન્હોતી કે તેમણે અધ્યયન કર્યું હતું, પ્રવચન કરવામાટેજ તો બિરાજમાન કર્યા હતા, પણ એક સ્વસ્થ પ્રણાલિકામાટે બોલ્યા હતાં "અધીતવાન્" મેં અધ્યયન કર્યું છે, હું ભણીને આવ્યો છું. અને એક વાત તરફ ધ્યાન દોરું તો **"સ્વાધ્યાયોઽધ્યેતવ્ય:"** અધ્યયનવિધિ છે. અને વિધિ હોય તો વિધિપૂર્વક થાય. યજ્ઞોપવીત ધારણ કરવું પડે. એટલે શુકદેવજીએ યજ્ઞોપવીત ધારણ કર્યું. વિધિવત્ વેદાધ્યયનપૂર્વક શ્રીમદ્ભાગવતનું અધ્યયન કર્યું. પાછળથી પરમહંસદશામાં એ ઉપનીતને નિવૃત્ત કર્યું હશે અને નિમિત્તમાત્ર કથા કરવામાટે પધાર્યા હશે. પણ વિધિપૂર્વક અધ્યયન શુકદેવજીએ કર્યું હશે એ 'અધીતવાન્' શબ્દ પરથી સ્પષ્ટ દેખાય છે. એટલે આ અધ્યયનની પરમ્પરાની અનિવાર્યતા, આવશ્યકતા નહીં અનિવાર્યતા કહીશ. આજે એ લગભગ લુપ્તપ્રાય: બની ગઈ છે. આના પરિણામે માત્ર લોકરઞ્જનમાં મોટા ભાગના પ્રવચનકારોને સરી પડેલા આપણે જોઈએ—અનુભવીએ છીએ. આથી આજે આવશ્યકતા છે કે જ્યાં ગુણગાન થતાં હોય ત્યાં કોઈ પ્રણાલિકાથી થતાં હોય.

આપણી પાસે આવી બે પ્રણાલિકાઓ દેખાય છે. એક શ્રીગોપીજનોની પ્રણાલિકા અને બીજી અષ્ટસખાઓની પ્રણાલિકા. બન્નેમાં વિલક્ષણતા એ દેખાશે કે અષ્ટસખાઓને પ્રમેયબળથી લીલાઓનું દર્શન થયું તે પછી તેમણે તેનાં કીર્તનો ગાયાં, લીલા ગાઈ. કીર્તનોના શબ્દો પણ તેમને પ્રમેયબળથીજ મળ્યાં હશે. જેમ મહર્ષિ વેદવ્યાસને સમાધિમાં ભગવલ્લીલાદર્શન થયું અને લીલાનું નિરૂપણ કરનારાં શબ્દો પણ સમાધિમાં જ મળ્યાં તેમ અષ્ટસખાઓને પણ ભગવલ્લીલાનું નિરૂપણ કરનારાં શબ્દો પણ વ્યાકરણ-શબ્દકોશાદિના



બળથી નથી મળ્યાં પરન્તુ ભગવાનના પ્રમેયબળથી જ મળ્યાં છે. અધિકાર પ્રમેયબળથી સિદ્ધ થયો, કૃપાબળથી સિદ્ધ થયો. આજ વાત મેં મારા પેપરમાં **"ગતેરર્થવત્વં હિ"** આદિ અનેક સૂત્રોથી સિદ્ધ કર્યું કે જે જીવને ભગવાન્ પોતાનામાંથી વ્યુચ્ચરિત કરે ત્યારથી તેનામાટે અધિકારનો નિશ્ચય કરીજ રાખે કે **"અમુષ્મૈ જીવાય અમુકં કર્મ કારયિત્વા અમુકં ફલં દાસ્યે ઇતિ ભગવાન્ પૂર્વં વિચારિતવાન્, તથૈવ ભવતિ"**. અને એજ અધિકારરૂપ બને. ભગવાને વિચારી રાખ્યું છે કે અમુક જીવદ્વારા અમુક કર્મ કરાવીને હું અમુક ફલ આપીશ એ વિચાર ભગવાનનો સહુનેમાટે અધિકારરૂપ બની જાય. પછી અધિકારના સૂક્ષ્મભેદો ગમે તેટલા હોય, અધિકાર ભગવાન્ સિદ્ધ કરે ભગવાન્ વિચારે ભગવાન્ આપે. અને એ વિચારને અનુકૂળ ઇચ્છા થાય ઇચ્છાને અનુકૂળ વરણ થાય વરણના અનુકૂળ અનુગ્રહ થાય—આ ક્રમમાં જીવ પોતાનો અધિકાર વ્યક્ત કરી શકે. અને જે પ્રકારે એ અભિવ્યક્તિ કરે છે એના પરથી અનુમાન થઈ શકે કે એનો આ અધિકાર હશે. નિર્ણય કરવો તો અતિકઠિન છે. આ એક પ્રણાલિકા અષ્ટસખાઓની. બીજી પ્રણાલિકા ગોપીજનોની દેખાય છે.

ગોપીજનોએ ગુણગાન ગાયાં છે, લીલાઓ ગાઈ છે. વેણુગીત-યુગલગીત, વિયોગ-સઙ્ગમદશામાં. ભ્રમરગીત અને ગોપીગીત એ બે કેવળ વિપ્રયોગાવસ્થામાં ગાયાં છે. ત્યાં **"કૃષ્ણાગમનલાલસા:"** કૃષ્ણના આગમનની આકાંક્ષાવાળાં ગોપીજનો ગાઈ રહ્યાં છે. અને તન્નિષ્ઠ બની ગયાં છે એમની વાણીરૂપે હૃદયરૂપે વર્તનરૂપે વિચારરૂપે **"તન્મનસ્કાસ્તદાલાપા"**. એ ભૂમિકા છે. અને એ ભૂમિકા ઊપર વિપ્રયોગનું ગાન કર્યું. અને એ ગાનમાં ભગવાનની અભિવ્યક્તિ થશે. હૃદયમાં રહેલા ત્રણ પદાર્થો તાપભાવ, ભગવાન્ અને લીલા ક્રમશ: એક-બીજાનો ઉત્કર્ષ/ઉપમર્દ કરીને પ્રકટ થાય. હું કહું કે ગોપીગીતમાં એમના ગીતના શબ્દોરૂપે હૃદયમાં રહેલાં ભગવાન્ અભિવ્યક્ત થઈ ગયાં. અને એટલા માટે ગોપીગીતનું ગાન પ્રમેયબળથી પ્રેરાયેલું છે. બુદ્ધિથી વપરાયેલાં શબ્દો નથી. હૃદયની સમવેદનાઓ કેવળ અભિવ્યક્ત થઈ ગઈ છે સ્વાભાવિકતાથી. યુગલગીત અને વેણુગીત બેઉમાં પ્રત્યક્ષમાં

વિપ્રયોગ છે. પણ આસક્તિબળથી દૂરદર્શન અને દૂરશ્રવણ જેવી સિદ્ધિઓ વિના— એક મત એવો છે કે ભગવાને તેઓને દૂરદર્શન અને દૂરશ્રવણ પ્રદાન કર્યાં પરન્તુ એ તો વાદિમુખમર્દનન્યાય છે શ્રીપુરુષોત્તમજીનો, માફ કરજો, તો એ ન્યાયે સમજવામા આવે તો જુદી વાત છે અન્યથા તો આસિક્તિબળથીજ તેઓ—વનમાં થતી લીલઓ તેઓ ઘરમાં દેખી શકે છે, સાંભળી શકે છે અને અનુભવી પણ શકે છે. સંયોગ - વિયોગનું એક સાથે ત્યાં પ્રદાન છે. ત્યાં પણ આસક્તિબળથી ભગવાનની લીલાઓ તેમણે અનુભવીને ગાઈ છે. ગુણગાનમાં 'ગુણ'ને આપણે માત્ર શબ્દિક અર્થમાં નહીં લઈએ ઉપલક્ષણવિધિથી લઈએ. ઉપલક્ષણમાં જેમ અનેકનો સમાવેશ થાય છે તેમ ગુણગાનમાં રૂપગાન, લીલાગાન, માહાત્મ્યગાન, સ્વરૂપગાન આ બધાનું ગાન એક સાથે સંવલિત થઈ જાય.

હવે બીજી પ્રણાલિકા. જુઓ આપણને આ અનુભવની યોગ્યતા નથી. પ્રમેયબળદ્વારા પ્રદાન થયું નથી. તો પૂર્વપુરુષોએ જે ગાન કર્યું છે તેને અનુસરીને તેને મનમાં સ્થિર રાખીને, હું માનું કે, તેનો અનુવાદ કરતાં-કરતાં ગાન કરવું તો તે યથાર્થ પ્રણાલિકાનું ગાન થશે. અને એવા પ્રણાલિકાના ગાનદ્વારા અન્યથાગાનનો સમ્ભવ નહીં રહે.

હવે "ગુણગાનની પ્રણાલિકાદ્વારા ભગવાનની લીલાનુભૂતિમાં" આ સમ્બન્ધમાં એક શ્રીમહાપ્રભુજીનું સુબોધિનીજીનું એક વાક્ય યાદ આવ્યું "**સ્વરૂપભૂતાઃ કથાઃ**". ભગવાનની કથા એ ભગવાનનું સ્વરૂપ જ છે. કથા અને સ્વરૂપ માં કોઈ ભેદ નથી. "**રૂપનામવિભેદેન જગત્ક્રીડતિ યો યતઃ**" રૂપ-નામના વિભેદથી જે જગદ્રૂપે ક્રીડા કરે છે જેનાથી જગત્ક્રીડા કરે છે. તો અહીં રૂપનામના વિભેદથી લીલા પોતાનીજ છે. તેથી જેમ રૂપસેવનમાં ભગવાનનો અનુભવ થાય તેમ નામસેવનમાં પણ ભગવાનનો અનુભવ થાયજ. 'સેવન'શબ્દ એટલો વિશાળ છે કે સેવા નામનીય હોય અને સેવા રૂપની પણ હોય. બન્ને પ્રકારે સેવા થાય. પાંક્તાલાપન કરતી વખતે મને કોઈ એક ભગવદીયે કહ્યં કે પાંક્તાલાપન પણ સહજતા



પૂર્વક કરવું. જેમ પ્રભુના સ્વરૂપને પરિશ્રમ ન થાય તેમ પંક્તિના શબ્દોને પણ પરિશ્રમ થવો ન જોઈએ. આવી સહજતા રાખવી. આ સાથે મને શ્રીગુસાંઈજીની વિદ્વન્મણ્ડનની એક પંકિત યાદ આવે છે "ભગવતો નામાન્યપિ ભગવતઃ સ્વરૂપાણ્યેવ". ભગવાનના જે નામો છે તે ભગવાનના નામાત્મક રૂપોજ છે. એ ભગવદ્રૂપ છે. એમને પરિશ્રમ ન થાય તેમ અર્થ કરવો. આમ ભગવાનનું ગાન અને ભગવાનની લીલાઓ જુદાં નથી. જેમ ભગવાન્ સદાનન્દ તેમ ભગવાનની લીલા પણ સદાનન્દરૂપા છે. આચાર્યચરણોએ યુગલગીતની સુબોધિનીમાં આ પ્રતિપાદિત કર્યું છે. જ્યારે કૃષ્ણ ગોચારણમાં પધારતાં હતાં ત્યારે "**ઇત્થં કૃષ્ણે વૃજં યાતે**" ગોકુલનાં સ્ત્રીઓ "**તદનુદ્રુત ચેતસઃ**" અનુદ્રુત ચિત્તવાળા થઈને "**કૃષ્ણલીલાઃ પ્રગાયન્ત્યઃ**" કૃષ્ણલીલાનું ગાન કરતા હતાં. ઉભયત્ર 'કૃષ્ણ'પદનો પ્રયોગ છે. તેથી લીલા પણ સ્વરૂપભૂતા છે. આમ લીલા અને સ્વરૂપ માં ભેદ નથી એમ પ્રતિપાદિત કર્યું. એટલામાટે ભગવાનનું ગાન અને ભગવાનની લીલાનું ગાન એ બન્ને સમાન છે. અને આ લીલા એટલે "અનાયાસેન હર્ષાત્ ક્રિયમાણા ચેષ્ટા". અનાયાસે હર્ષથી કરેલી ભગવાનની ચેષ્ટા તે 'લીલા'. હા, કોઈક લીલામાં પ્રભુને પરિશ્રમ થતો દેખાતો પણ હોય પરન્તુ તે પરિશ્રમ આપણી દૃષ્ટિએ છે પ્રભુની દૃષ્ટિએ તો લીલા જ છે.

હવે આવે છે 'અનુભૂતિ'. અનુભૂતિ જીવને કયા સામર્થ્યથી થઈ શકે? ભાષ્યદૃષ્ટિએ જોવા જઈએ તો અનુભૂતિની સ્વરૂપયોગ્યતા અને સહકારીયોગ્યતા બે રીતે પ્રાપ્ત થાય. પરન્તુ શ્રીગુસાંઈજીએ નિષેધ કર્યો કે પુષ્ટિમાં જીવ છે તો ઉભયની આવશ્યકતા રહેતી નથી. મર્યાદાના પરિપ્રેક્ષ્યમાં આ બન્નેની આવશ્યકતા રહે છે. આ બન્નેથી નિરપેક્ષ કેવળ સર્વાત્મભાવના દાન દ્વારા ભગવાન્ એના ઉપર કૃપા કરે અને જીવને અનુભૂતિ કરાવી શકે છે. અનુભૂતિ જીવને પોતાના સાધનબળથી સિદ્ધ થતી નથી. અધિકાર પણ સ્વતન્ત્ર ભગવાનનું પ્રદાન છે. હવે અધિકારનો વિચાર કરીએ તો ભગવાને જેને જેવો અનુભવ કરાવવા ઈચ્છયો છે તેનો તેવો અધિકાર. સ્વતન્ત્ર અધિકાર જીવનો નથી. જીવ ઈચ્છે તે

અધિકાર પણ તેનો નથી. પોતે કોઈ લીલાનો અનુભવ કરવા ઇચ્છતો હોય કે પોતે કોઈ સ્વરૂપનો અનુભવ કરવા ઇચ્છતો હોય તો સર્વત્ર દશલીલાવિશિષ્ટ કૃષ્ણ સર્વદા બિરાજતા હોવા છતાંય ભગવાન્ સર્વલીલાવિશિષ્ટ અનુભવ જીવને **ન** પણ કરાવે. જે અનુભવ કરાવવા ભગવાને ઇચ્છ્યો છે તે લીલાનો અનુભવ ભગવાન્ તે ભક્તને કરાવે. એટલે અનુભૂતિ પણ ભગવનના અનુગ્રહ આધીન છે. આમ સમ્પૂર્ણતાથી વિચાર કરીએ તો, 'વિચાર'શબ્દ આવ્યો તો કહું કે વિચાર પણ આપણા સામર્થ્યથી બહાર છે. વિચાર એ બુદ્ધિનું કાર્ય છે. બુદ્ધિપ્રેરક તો કૃષ્ણ છે. ભાગવતમાં બુદ્ધિનાં પાંચ કર્યો બતાવ્યાં છે પરન્તુ લીલાનુ ચિન્તન તો બુદ્ધિ પણ સ્વતન્ત્રરીતે કરી ન શકે. તેથી ગુણગાનનો વિચાર, અધિકારનો વિચાર, અનુભૂતિનો વિચાર આવા બધા વિચારો ભગવાનના અનુગ્રહથી જ થઈ શકે છે. બસ મને આ પત્રથી આટલું જ કહેવું હતું. શ્રીગોવર્ધનનાથકી જય!

હું માનું છું કે આપના સન્તોષમાટે આ બસ થશે. અને હું ઇચ્છું કે આવા સેમિનારો વારં વાર યોજાતા રહે. અને આજે તો હું બધા સમય ભાગ નથી લઈ શકતો મારી કેટલીક દુર્બલતાને કારણે પણ ફરીથી મને સૌભાગ્ય મળે કે હું પૂરે પૂરો ભાગ લઈ શકું એવી મઙ્ગલકામના સાથે હું વિરમું છું.

**ગોસ્વામી શરદ**

શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીને ખુબ સુન્દર પ્રસ્તુતિ બદલ ધન્યવાદ. અને વિશેષ ધન્યવાદ પણ. તે એટલામાટે કે પ્રસ્તુતિ દરમ્યાન આપે સમયને પણ ખૂબ માન આપ્યું. આપે ન્યાયશાસ્ત્રની પદકૃત્ય શૈલીને અનુસરતાં તેમને આપેલા વિષય ( ગુણગાનકી પ્રણાલીદ્વારા હોતી ભગવલ્લીલાનુભૂતિમેં અધિકારકા વિચાર ) નું સુન્દર વિવેચન કર્યું.

તેમાં સર્વપ્રથમ તેમણે ગુંણગાનમાં ભગવાન્ તથા આચાર્યચરણ આમ



બન્નેના ગુણગાનનું ગ્રહણ કર્યું. અને મારી દૃષ્ટિમાં તે યોગ્યજ છે કારણકે શિષ્યલક્ષણનું નિરૂપણ કરતાં સર્વનિર્ણયનિબન્ધના આવરણભઙ્ગમાં શ્રીપુરુષોત્તમજીએ જે પ્રણાલી બતાવી છે તેમાં શિષ્યત્વની પ્રાપ્તિ પછી ગુરુભજનને ફલોપકરી અઙ્ગ બતાવતાં શ્રીસર્વોત્તમસ્તોત્રાદિદ્વારા શ્રીઆચાર્યચરણોના આદરપૂર્વક ધ્યાનને પ્રથમ સાધન બતાવ્યું છે ( એવઞ્ચ સર્વોત્તમાદિપાઠોऽપિ ગુરુભજનસ્યૈવ શેષ ઇતિ જ્ઞેયમ્. ઇદં ચ ફલોપકાર્યઙ્ગમ્. "યસ્ય દેવે યથા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ, તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ" ઇતિ શ્રુતેઃ ). તે પછી 'ગુણગાન' અન્તર્ગત 'ગુણ'માં ભગવાન્ સાથે-સાથે ભક્તના પણ ભગનું પણ પરિગણન કરાયું છે. ભગવાનના ભગ દ્વિવિધ બતાવ્યાં : નિત્ય અને અનિત્ય. તેમાં અનિત્યભગનો તાત્પર્ય "**યાવદધિકારમવસ્થિતિરાધિકારિકાણામ્**" એ સૂત્રોક્તન્યાયથી તત્તત્કાર્યને સમ્પન્ન કરવામાટે તત્તજ્જીવોમાં ભગવાનના ગુણો તત્તત્કાલ પુરતા આવિર્ભૂત થાય છે એ અર્થમાં એમણે ગ્રહણ કર્યું છે. નિત્યભગ તો ભગવત્સ્વરૂપસ્થિત છે. ભક્તના ભગની બાબતમાં આ ( નિત્ય અને અનિત્ય ) પ્રકારનું વર્ગીકરણ સમ્ભવી શકે કે કેમ તે બાબતમાં આપ કંઈ બોલ્યા નથી. તે જિજ્ઞાસ્ય છે. તે પછી ગાન. ગાન ગદ્ય-પદ્યાત્મક છે. 'ગાન'શબ્દનો અર્થ કીર્તન એટલે કે રાગ-તાલાદિ પૂર્વક ગાવું એટલા અર્થમાં સીમિત નથી. આપણે ત્યાં જેમ સેવા અને કથા આમ બે સાધનાના મુખ્ય પક્ષો છે. તેમાં કથાપક્ષમાં પ્રભુના નામ-સ્વરૂપ-ગુણ-લીલાનું સ્મરણ-કીર્તન-સ્મરણ આમ પારિભાષિક અર્થમાં સમગ્રતાથી 'ગાન'શબ્દ લેવાનો હોય છે. તે પછી 'પ્રણાલિકા'માં ગુરુ-શિષ્યની પ્રણાલિકાનું નિરૂપણ કરીને પ્રવર્તમાન ગાનપ્રણાલીની આલોચના કરી. બે પ્રણાલિકા એમણે ગુણગાનની બતાવી એક તો ગોપીજનોની અને બીજી અષ્ટસખઓની. એમાં સંયોગ-વિપ્રયોગાત્મક ( વેણુગીત-યુગલગીત ) અને કેવલ વિપ્રયોગાત્મક ( ગોપીગીત-ભ્રમરગીત ) આમ બે દૃષ્ટાન્ત આપ્યાં. આમાં તેમણે અષ્ટસખાઓની પ્રણાલિકા ઉપર આજના સન્દર્ભમાં વધારે ભાર આપ્યો. તેના કારણમાં તેની નિર્દુષ્ટતા અને સામ્પ્રતકાલમાં તેની સર્વાધિક ઉપયોગિતા ગણાવ્યા. લીલાનુભૂતિની બાબતમાં ભગવાન્ અને ભગવાનની લીલા એ બન્ને તુલ્ય છે એ વાતનું નિરૂપણ કર્યું. અને તે ભગવત્સ્વરૂપતા ભગવલ્લીલાની અનુભૂતિની બાબતમાં નિરૂપણ કર્યું કે

તે કેવલ ભગવદનુગ્રહથી જ થઈ શકે છે. આ બાબત એમણે એક વાત જણાવી કે સ્વરૂપયોગ્યતા અને સહકારી યોગ્યતાની અપેક્ષા મર્યાદામાર્ગમાં હોય છે પુષ્ટિમાર્ગમાં તો સર્વ કંઈ ભગવત્કૃપાથીજ સિદ્ધ થઈ જાય છે. આ બાબત થડી વિચારણીય બની જાય છે. કારણકે સામાન્યત: જોઈએ તો સ્વરૂપયોગ્યતા વરણલભ્ય હોય છે, સહકારીયોગ્યતા સાધનાનુષ્ઠાન સાધ્ય હોઈ શકે છે અને ફલયોગ્યતા ભગવત્કૃપૈકલભ્ય હોય છે. આવી સ્થિતિમાં સમ્પ્રદાયમાં રહેલા કનિષ્ઠ / પ્રારમ્ભિક, મધ્યમ અને ઉત્તમ આમ દરેક અવસ્થાવાળા સાધકોમાટે શું આ કથન પ્રાસઙ્ગિક હોઈ શકે? (અર્થાત્ મૃત્તિકાજન્ય ઘટની ઉત્પત્તિમાં જેમ દણ્ડ સહકારી હોય છે તેમ ભગવત્કૃપાજન્ય પુષ્ટિફલમાં પુષ્ટિમાર્ગીય તનુવિત્તજાસેવા-કથાત્મક સાધનાનુષ્ઠાનજન્ય પ્રેમાસક્તિવ્યસનાત્મિકા યોગ્યતા યદિ સહકારી ન બનતાં હોય તો આચાર્યચરણોદ્વારા તેના કથનની શું વ્યર્થતા નહીં થાય?). બીજી વાત એ કે પરિચ્છેદ કરીને ઇતરવ્યાવર્તન કરવાથી વિષયની સ્પષ્ટતા વધારે થતી હોય છે. તેથી ગુણગાનની પ્રણાલિકાદ્વારા ભગવલ્લીલાની અનુભૂતિમાં અધિકારી એ વિષય છે ત્યારે એ જિજ્ઞાસા થાય છે કે તો અનધિકારી કોણ? એક વાત ઓર કે ભગવત્સેવાની પ્રણાલિકાદ્વારા થતી ભગવલ્લીલાની અનુભૂતિ અને ભગવત્કથાની પ્રણાલિકાદ્વારા થતી ભગવલ્લીલાની અનુભૂતિ માં અધિકારની ભિન્નતા કઈ રીતે સમજવી? અર્થાત્ ભગવત્કથાની પ્રણાલિકામાં એવો કયો અસાધારણ ધર્મ છે કે જે તેને ભગવત્સેવાની પ્રણાલિકાથી થતી ભગવલ્લીલાની અનુભૂતિથી ભિન્ન કરે છે. આવી કેટલીક બાબતો શાસ્ત્રીજી પાસેથી જિજ્ઞાસ્ય બને છે.

આ સાથે હું એક વાત કહીશ કે એમણે લખી મોકલેલું પેપર એમણે પ્રસ્તુત કર્યું નથી. "સિદ્ધસ્ય ગતિશ્ચિન્તનીયા" એ ન્યાયે એમણે અત્યારે જે કહ્યું છે એ બાબતમાં આપણે પ્રશ્નોત્તર પ્રથમ કરીશું અને ત્યાર બાદ એમણે જે લેખ મોકલાવ્યો હતો તે ઉપર જો કોઈના પ્રશ્નો હશે તો તે વિચારીશું.



## ચર્ચા

### गुणगानकी प्रणालीसे होती भगवल्लीलानुभूतिमें अधिकारका विचार

**શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી**

**રાજન કડીયા:** લીલાનુભૂતિ અંગે આપે જે અન્તિમ ચર્ચા કરી એમાં આપે જે કહ્યું કે સહકારીયોગ્યતા પુષ્ટિમાર્ગમાં નિયામક નથી કેવળ અનુગ્રહ જ નિયામક છે. તેમાં આપે ગોપીજનોનું દૃષ્ટાન્ત આપ્યું. હવે જો અનુગ્રહજ નિયામક હોય તો સેવા કે દીક્ષા ની આવશ્યકતા ક્યાં રહે? એટલે સહકારી યોગ્યતા જો મર્યાદામાર્ગમાં જતી હોય તો પછી દીક્ષા અને સેવા નો અવકાશ રહેતોજ નથી. આમાં મારી બીજી જિજ્ઞાસા એ છે કે અનુગ્રહમાટે ભક્તની પોતાની કોઈ યોગ્યતાની આવશ્યકતા ખરીકે નહીં?

**ન.પ્રિ. શાસ્ત્રી:** જો અધિકારની અપેક્ષા રાખે તો અનુગ્રહજ કેમ કહેવાય? અનુ પશ્ચાત્ ગ્રહ: ગ્રહણમ્ અનુગ્રહ:. તો અહીં જીવની યોગ્યતા પશ્ચાત્ત નહીં પરન્તુ પહેલા ભગવાનનો વિચાર, પછી ભગવાનની ઈચ્છા, પછી ભગવાને કરેલ જીવનું વરણ અને પછી ભગવાને કરેલો અનુગ્રહ અને જીવનો સ્વીકાર—આ ક્રમ છે. એટલે જીવના પક્ષે કશુંજ અભિલષિત નથી. તેથીજ ઉપનિષદ્‌ના "**यमेवैष वृणुते**" માં 'યમ્' શબ્દ અવિશેષણવિશિષ્ટ છે. ગમે તેવો જીવ હોય તેની યોગ્યતા-અયોગ્યતાના વિચાર વગર ભગવાન્ તેનો સ્વીકાર કરી શકે. એટલે જીવ પક્ષે કશું જ અભિલષિત નથી. હવે દીક્ષા. દીક્ષા પણ આચાર્ય

અનુગ્રહ છે. આચાર્ય અનુગ્રહ સિવાય દીક્ષા સમ્ભવ નથી. હા! તેમાં એટલી યોગ્યતાની અપેક્ષા છે કે તેના ઉપર ભગવાનનો અનુગ્રહ છે કે નહીં. એ અનુગ્રહ ''માર્ગરુચ્યાનુમીયતે''. રુચિ હોય તો તેને બ્રહ્મસમ્બન્ધ આપી શકાય. આ માર્ગ જ અનુગ્રહનો છે તેથી આ માર્ગમાં અનુગ્રહ સિવાય કંઈ સમ્ભવતું જ નથી.

**ગો. શ ર દ:** શ્રીરાજનભાઈનો પ્રશ્ન હું સ્પષ્ટ કરું તો એમનો આશય એમ છે કે (જો સહકારી યોગ્યતાની પુષ્ટિસમ્પ્રદાયમાં આવશ્યકતા ન હોય તો) તો પછી શોડષગ્રન્થાદિમાં સાધનોનો ઉપદેશ કરવો, જીવનો શરણ - સમર્પણદીક્ષાદ્વારા માર્ગમાં અઙ્ગીકાર કરવો વગેરેની વ્યર્થતા સિદ્ધ થાય છે એવો કંઈક આશય શ્રીરાજનભાઈનો જણાય છે.

**ન.પ્રિ.શાસ્ત્રી:** હા. આને જો સ્પષ્ટ કરું તો અનુગ્રહ માત્ર ફલોન્મુખજ હોય તેમ જરૂરી નથી તે સાધનોન્મુખ પણ હોય છે. તો ભગવાન્ જેની પાસે સાધન કરાવવા ઇચ્છે છે, સમ્પ્રદાયાનુસાર, તો સમ્પ્રદાયાનુસાર સાધનોન્મુખતા આવશે ફલોન્મુખ અનુગ્રહ કરશે તો ફલોન્મુખતા આવશે. એટલે ઉભયત્ર અનુગ્રહ છે. અનુગ્રહ કયા પ્રકારનો થાય છે તેના ઉપર બધું અવલમ્બે છે. એટલે જીવને પક્ષે આવશ્યકતા કોઇ કર્તવ્યની નથી.

**અસિત શાહ:** બે પ્રશ્નો છે. એક તો આપે ગુણગાનની પ્રણાલીમાં જે પહેલો પ્રકાર બતાવ્યો એમાં આપે એમ કહ્યું કે જે વિધિપૂર્વક કરવામા આવે. એટલે જે પરમ્પરાથી અધ્યયન કરેલા વક્તાઓ હોય ... હવે સમ્પ્રદાયમાં આજે પ્રણાલી છે તેમાં એનું અનુમોદન કે તેનું આચરણ સ્પષ્ટ નજરમાં નથી આવતું. જેમ વિધિપૂર્વક હોય તેમાં દક્ષિણાદિ પણ વિધિનું એક અઙ્ગ હોય છે. એ બધો પ્રકાર આપણે ત્યાં નથી આવતો.

**ન.પ્રિ.શાસ્ત્રી:** ના. વિધિ એટલે અધ્યયનવિધિ ...

**અસિત શાહ:** હું જરા પૂરું કરીલઉં પછી આપ... એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુનું જો આપણે જોઈએ તો જ્યાં બી આપે ભાગવતનું પારાયણ કર્યું ત્યાં એવા કોઈ વિધિ - વિધાનો નથી જોવા મળતાં કે ક્યાંય આચાર્યચરણો એવું બતાવતાં નથી. પરવર્તીકાળમાં પણ જો આપણે જોઈએ તો નિત્ય સુબોધિનીનું અવગાહન કરનારા આચાર્યો કે ભગવદીયો માં પણ આવું કંઈ નજર નથી આવતું. આ બાબત આપનો શો અભિપ્રાય છે? અને બીજો પ્રશ્ન ...



**ન.પ્રિ.શાસ્ત્રી:** અહીં વિધિનો અર્થ ...નથી પરન્તુ અધ્યયનમાત્ર છે. એટલે આચાર્યોમાં પણ અધ્યયનવિધિ પ્રાપ્ત છે કે નહીં તે પ્રષ્ટવ્ય છે.

**અસિત શાહ:** નહીં ત્યાં આપે વ્યાસાસન અને બધું બતાવ્યું ...

**ન.પ્રિ.શાસ્ત્રી:** સંગીત નથી વ્યાસાસન ઉપર એટલુંજ વિધાન મેં કર્યું હતું. વ્યાસાસનનું બીજી રીતે મેં કહ્યું નથી..

**અસિત શાહ:** હા. પરન્તુ એ પણ જે નિષેધ આવી રહ્યો છે તે આપ કોઈ વિધિને માનીને ચાલી રહ્યા છો કરીને નિષેધ આવી રહ્યો છે..

**ન.પ્રિ.શાસ્ત્રી:** વ્યાસાસનની એવી મર્યાદા છે.

**અસિત શાહ:** સમ્પ્રદાયમાં એ પ્રમાણે નથી આવતું.

**ન.પ્રિ.શાસ્ત્રી:** કહેવું શું છે આપને ?.

**અસિત શાહ:** આપ જે ગુણગાનનું કહી રહ્યા છો તેમાં સ્વમાર્ગીય પ્રણાલી જો આપણે જોઈએ જે પરમ્પરાથી ચાલી આવી રહી છે કે જેનું આચરણ આચાર્યચરણથી કરીને અત્યાર સુધી થઈ રહ્યું છે તેમાં વિધિપૂર્વકની કોઇ પ્રણાલી નથી આવતી.

**ન.પ્રિ.શાસ્ત્રી:** 'વિધિ'શબ્દ મેં અધ્યયનવિધિના અર્થમાં વાપર્યો છે, કર્મકાણ્ડની વિધિના અર્થમાં નહીં.

**અસિત શાહ:** એમાં બી આપના વક્તવ્યમાં આન્તર્વિરોધ આવી રહ્યો છે. કારણ કે જે ગોપીજનોની પ્રણાલી છે અથવા તો અષ્ટસખાઓની પ્રણાલી છે એમાં આપ કહી રહ્યા છો કે એ પ્રણાલીમાં અધ્યયનાદિનો કંઇ પ્રશ્ન જ નથી. કેવળ

પ્રમેયબળથી એમને જે પ્રાપ્ત થયું તે પ્રમાણે તેઓ કરી રહ્યા છે. તો એ જે પ્રણાલી અષ્ટસખાઓની કે ગોપીજનોની છે તેમાં અધ્યયનનું કંઇ નથી આવતું. **ન.પ્રિ.શાસ્ત્રી:** તેમાં અષ્ટસખાઓએ અને ગોપીજનોએ જે ગાન કર્યા એ ફલદશાનાં ગાન છે. એને અનુસરતાં આપણે કરીએ એટલે આપણે સાધનદશામાં આવીએ. આપણે સાધનથી ફલપર્યન્ત પહોંચવાનું છે.

**અસિત શાહ:** પણ અધ્યયન કયા તબક્કે આવે છે?

**ન.પ્રિ.શાસ્ત્રી:** શેમાં ?.

**અસિત શાહ:** સાધનદશામાં જે ગુણગાન ....

**ન.પ્રિ.શાસ્ત્રી:** ગુણગાનનો વક્તા તરીકે આરમ્ભ કરો તે ક્ષણે ગુરુદ્વારા અધ્યયન આવશ્યક છે. અને એટલામાટે ભાગવતમાં પણ 'શ્રુતભાગવતત્વ' એ લક્ષણ આચાર્યચરણોએ આપ્યું છે.

**અસિત શાહ:** આમાં બે પ્રણાલી અલગ થઈ રહી છે થોડી. આપ વિધિપૂર્વક અને એ બધું જે કહી રહ્યા છો ને તે ....

**ન.પ્રિ.શાસ્ત્રી:** વિધિ અધ્યયનવિધિ છે. બીજું કશું પ્રાપ્ત નથી થતું આમાં. એ માટે આચાર્યશ્રીએ સ્વીકાર્યું છે **"યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા, વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્ સ્ત્રીશૂદ્રાણાં તતોऽન્યથા"** ત્યાં વિધિ સ્વીકારેલોજ છે. નહીં તો આચાર્યશ્રીએ ત્યાં નિષેધ ન કર્યો હોત. બરાબર ?.

**અસિત શાહ:** એ જે આચાર્યવચન છે તે કેવળ શ્રીભાગવતજીનું પઠન છે એને લગતાં છે. ગુણગાન જે છે તેનો સન્દર્ભ બહુ વ્યાપક છે. એ કેવળ શ્રીભાગવતજીથી *કન્ફાઈન્ડ* નથી થતું. જેમ અષ્ટસખાઓને પોતાને પણ કંઇ અનુભવ થઈ શકે તો તે બાબતનું વર્ણન તેઓ ગુણગાનમાં કરે છે.

**ન.પ્રિ.શાસ્ત્રી:** તે બાબતની સ્પષ્ટતા મેં પેપરમાં કરેલીજ છે કે જલભેદાદિ ગ્રન્થોમાં બ્રાહ્મણત્વ, યજ્ઞોપવીતત્વ, પુરુષત્વ આદિ વિવક્ષિત નથી. સામ્પ્રદાયિક ગુણગાન કોઇ પણ કરી શકે છે. પણ વ્યાસાસનની મર્યાદામાં બધું પ્રાપ્ત થાય છે. બરાબર ?.



**અસિત શાહ:** ગુણગાનની પ્રણાલીમાં વ્યાસાસનની મર્યાદા અનિવાર્ય નથી. બીજો એક પ્રશ્ન છે. આપે જે ગુણગાનની વાત કરી તેમાં જલભેદ અને પઞ્ચપદ્યાની ગ્રન્થોનો ઉલ્લેખ ન કર્યો. એમાં જે વક્તા અને શ્રોતા ના જે પ્રભેદ બતાવ્યા છે એ બાબત આપનું શું મન્તવ્ય છે? એમાંથી અનુભૂતિમાં કોણ અધિકારી છે કોણ અનધિકારી છે? સામાન્યત: એવું લાગે છે જલભેદ જોતાં કે વીસ પ્રકારના વક્તા છે તો દરેકે દરેક ગુણગાન તો કરીજ રહ્યા છે પોત-પોતાની રીતે પોત-પોતાના આશયથી. એવું નથી કે કોઇ અનધિકારી એટલે કે બોલીજ નથી શકતો. અથવા જેમ તમે બી કીધું કે વિચાર બી છે તે બુદ્ધિથી છે અને **"બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય"**. તો જ્યારે પ્રભુનો અનુગ્રહ થાય છે ત્યારે જ વિચાર થઈ શકે છે, ત્યારેજ ગુણગાન થઈ શકે છે. એવું જલભેદ અને પઞ્ચપદ્યાનિ ગ્રન્થના અવગાહનથી નથી લાગી રહ્યું..

**ન.પ્રિ.શાસ્ત્રી:** શ્રોતાએ વિવેકબુદ્ધિથી વિચાર કરવાનો છે જલભેદગ્રન્થ જોઈને કે કયા વક્તા પાસેથી મારે શ્રવણ કરવું કે જેથી મારી ભક્તિની વૃદ્ધિ થાય. માટે વક્તાના લક્ષણો બતાવ્યાં છે જલભેદ ગ્રન્થમાં. એમ વક્તાએ કયા શ્રોતાને શ્રવણ કરાવવું કે જેથી પોતાનો ભાવ વધે. આ માટે શ્રોતાના લક્ષણો બતાવવામાટે પઞ્ચપદ્યાનિ ગ્રન્થ કહ્યો છે.

**અસિત શાહ:** હા તો એમાંથી અધિકારી કોણ છે અને અનધિકારી કોણ છે?.

**ન.પ્રિ.શાસ્ત્રી:** સર્વ સર્વસ્થિતિનો અધિકાર તો છેજ. અથવા સાધનોન્મુખ-ફલોન્મુખનો વિવેક પોતાએ કરવાનો. વિવક્ષા આચાર્યચરણોની સ્પષ્ટ છે.

**અસિત શાહ:** ગુણગાન દરેક વ્યક્તિ કરી શકે છે?.

**ન.પ્રિ.શાસ્ત્રી:** હા. શામાટે નહીં! કરી શકે તેના અધિકાર પ્રમાણે. **"યથા નભ: પતન્ત્યાત્મસમમં પતત્રિણ:"**. પંખીઓ આકાશમાં ઊડતાં હોય તેમાં ચકલી પણ ઊડતી હોય અને ગરુડ પણ ઊડતો

હોય. ઊડનારાં તો બધાય કહેવાય. અધિકાર પ્રમાણે ઉડ્ડયન હોય. એમાં કંઇ ખોટું નથી.

**અસિત શાહ :** એમાંથી ભગવલ્લીલાનુભૂતિ કોને થઈ શકે ?

**ન.પ્રિ.શાસ્ત્રી :** અચ્છા. જે વક્તાને સરોવર જેવા ગણાવ્યા છે તે વક્તાને. સમુદ્ર જેવા ગણાવ્યા છે તે વક્તાને. બધાને નહીં.

**અસિત શાહ :** પાછો એક અધિકાર આવી ગયો વચ્ચે.

**ન.પ્રિ.શાસ્ત્રી :** હા તો પુષ્ટિમાં પણ અધિકારનો વિચાર તો કરીજ રહ્યા છીએ. નહીં તો તો એ વિચારજ ઊડાવી દેવો જોઈએ. અનુગ્રહજન્ય અધિકાર છે. જેના પર જે પ્રકારનો અનુગ્રહ તે પ્રકારનો તેનો અધિકાર.

**અસિત શાહ :** દાખલા તરીકે જેમ તમે કહી રહ્યા છો કે સરોવર પ્રકારના વક્તા હોય તો તેઓને ભગવલ્લીલાનુભૂતિ થઈ શકે છે. એની પાછળ શું કારણ ?

**ન.પ્રિ.શાસ્ત્રી :** એમાં ''પ્રેમપૂર્ણા:'' કહેલું છે. તો જેમ-જેમ પ્રેમની વૃદ્ધિ થતી જશે તેમ-તેમ આસક્તિ અને વ્યસન દશા પ્રાપ્ત થઈને ફલદશા સુધી તે પહોંચી જશે.

**અસિત શાહ :** બીજા વક્તા ન પહોંચી શકે એ રીતે ?

**ન.પ્રિ.શાસ્ત્રી :** અનુગ્રહ હોય તો પહોંચી શકે. એ મારે વિચાર નહીં કરવાનો. એ વિચાર પ્રભુએ કરવાનો હોય. એ મારું કામ નથી. હવે આ અતિપ્રશ્ન થઈ રહ્યા છે. અતિપ્રશ્ન ખબર છે? ''**નાડતિપ્રશ્નં પ્રાક્ષી** ગાર્ગી ...''.

**ગોપાલદાસ :** असित जो पूछ रह्यो हे वा सन्दर्भमें एक प्रश्न पूछ लउं. दूसरे भी प्रश्न हते परन्तु वो अभी नहीं पूछुंगो. जो बात चल रही हे वो पूरी हो जाय तो ठीक रहे. पिष्टपेषण नहीं होवे. वामें वक्ताके भेदके सम्बन्धमें आसित जो कहे रह्यो हतो वा सम्बन्धमें शास्त्रीजीने पेपरमें ''**वृत्त्यर्थं नैव युञ्जीत**'' वगेरे सब प्रकार बतलाके कौनसे वक्ता उत्तम प्रकारके होवें कोनसी तरहसुं भागवतजीको श्रवण करनो वगेरे-वगेरे बतायो. ओर वामें आपने ये भी बतायो के अपने आपमें सभी वक्ता हें. जाकु जाकी गरज होवे वासुं वो सुन लेवे. शायद वासु वाकु कोई फायदा हो जाय. वामें प्रश्न ये हे के जलभेद श्रीमहाप्रभुजीने प्रकट कियो हे. ओर वाको आशय जितनो टीकाकार जानें इतनो मेरे खयालसुं ओर कोई नहीं जाने हें. बुद्धिके प्रेरक भगवान् हें. ओर गुणगान भगवान्‌को ही कियो जाय हे. यासु वक्त तो सब उत्तम हे. ज़ेसो जो अधिकारी श्रोता होय सो वासुं सुनले. शायद वासु कछु फायदा हो जाय. ये जलभेदको आशय नहीं है. जलभेदको आशय ये हे के यामें ३, ४, ५, १४ ओर १९ ये निषिद्ध प्रकारके वक्ता हें. इनसुं सुनो तो गटरके पानीकु छू लियो एसे नहानो पड़ेगो. दूसरो ये के समुद्रमें भी दो खारे ओर वो हें सो निषिद्ध हें. अमृतोद उत्तम हे. फिर वामें जो सामान्य वक्ता जो १०, १२ ओर १९ श्लोकमें कहे गये हें उनूसुं सुनो तो संसाराभिनिवेश भी प्रकट हो सके हे.



**ન.પ્રિ.શાસ્ત્રી :** प्रश्न क्या है ?

**ગોપાલદાસ :** प्रश्न ये हे के इतने भेद होनेके कारण जो भी गुणगान कर रह्यो हे वाकु कुछ-न-कुछ मिल जायगो ये जो वक्तव्य हे वो अपने आपमें ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** मैनें ये कहा कि यदि भाववृद्धि करनी हो तो श्रोताको जलभेदग्रन्थके अनुसार विवेक करना चाहिये. इतनेमें सब बात नहीं आ गई गोपालभाई ? उन लोगोंसे सुनोगे तो भावकी वृद्धि नहीं होगी. सीधीसी बात है. विवेकमें ओर क्या आयेगा ?

**ગોપાલદાસ :** इतने आपके वचन एकदम बराबर हें जेसे कि मेरे समझमें आ रही है पर जो आशय समझमें नहीं आ रह्यो

हे वो ये हे के भगवद्गुणगानकर्ता कोई-न-कोईके तो काममें आ ही सके हे एसो जो आपको आशय होय तो वो गलत हे.

**ન.પ્રિ.શાસ્રી:** ऐसा तो मैनें कहा नहीं था शायद. आपकी समझमें ये कैसे आ गया ये एक आश्चर्यकी बात है.

**શાહ રસિક:** આપે એક વાત કરી કે સાધનદશાથી ફળદશા સુધી પહોંચવાનું છે. એક વાત આપે એ પણ કરી કે બધી જગ્યાએ અનુગ્રહ જ નિયામક છે. તો મારો પ્રશ્ન એ છે કે એમાં અનુગ્રહનો *રોલ* કેટલો હોય છે અને વ્યક્તિનો પોતાનો *રોલ* કેટલો હોય છે. આ મારી મૂંઝવણ છે.

**ન.પ્રિ.શાસ્રી:** એ જ મેં કહ્યું હતું સાહેબ! ભગવાને જેને જે ફળ દેવાનું નિર્ણિત કર્યું છે તેને તે જ ફળ દેશેજ. જો શરૂઆતમાં તેની પાસે સાધન કરાવવા હશે તો સાધનાનુરૂપ અનુગ્રહ હશે. એ સાધન કરાવતાં-કરાવતાં આગળ વધારતા જશે. એને એ સાધન કરવાજ પડશે જે કરાવતા હશે તે. અને એ સાધનોદ્વારા ફળદશા સુધી પહોંચી શકાશે.

**શાહ રસિક:** એટલે વ્યકિતએ કાંઇ બી વિચાર કરવાનો હોય કે વિવેક કરવાનો હોય કે જે શરદ્‌બાવાએ વાત કરી કે આ બધી વસ્તુઓની વ્યર્થતા નક્કી થાય છે. કૃપાબળની જે વાત છે તે આપણા હાથની વાત નથી. તો કૃપાબળની વાત છોડીને સાધનબળની વાત જે આપણા હાથની છે અને આપણને જે સાધન આપવામાં આવ્યાં છે તે સાધનો આપણને કરાવશે તે હકીકત છે પણ જે આપવામાં આવ્યા છે ...

**ન.પ્રિ.શાસ્રી:** જેમ-જેમ હરિ કૃષ્ણ હૃદયમાં પ્રવેશે છે તેમ-તેમ **"સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે"**. સ્પષ્ટ વાક્ય છે આચાર્યચરણોનું.

**શાહ રસિક:** એમાં મારો વાંધો નથી. સાધન્નેષુ પરિનિષ્ઠા જે છે તે જરૂરી છે કે નહીં. કારણ કે એ વાત બી તો કૃપાલક્ષી થઈ ગઈ ને. મારો એકદમ *પ્રેક્ટિકલ પ્રોબ્લેમ્* છે કે વ્યકિત તરીકે મારે કંઇ વિચાર કરવાનો હોય તો કૃપાનો મારે વિચાર કરવાનો કે મારી બુદ્ધિને સુધારવાનો મારે પ્રયત્ન કરવો જોઈએ.



**ન.પ્રિ.શાસ્રી:** અહીં વચ્ચે જ કહું. સુધારવી હશે તો વેદનું વાક્ય છે **"એષ ઉ એવ સાધુ કર્મ કારયતિ તં યમેભ્યો લોકેભ્ય ઉન્નિનીષતિ. એષ ઉ એવ અસાધુ કર્મ કારયતિ તં યમેભ્યો લોકેભ્ય અધો નિનીષતિ"**. આથી વધારે કયું વાક્ય જોઈએ છે?

**શાહ રસિક:** નહીં નહીં. સિદ્ધાન્તની દૃષ્ટિએ આપની કોઈ વાત ખોટી નથી. પણ જે *પ્રેક્ટિસ્*ની જ્યાં વાત છે ત્યાં બે વાતનો ભેદ આવી રહ્યો છે કે વ્યક્તિને પુરુષાર્થમાંથી *વિરૂો* કરાવવા માગે છે કે પુરુષાર્થમાં પ્રવૃત્ત કરવા માગે છે.

**ન.પ્રિ.શાસ્રી:** રસિકભાઈ! મને એક વાત કહેવા દો. શું આપ સિદ્ધાન્ત અને *પ્રેક્ટિસ્* એ બેને જુદાં માનો છો?

**શાહ રસિક:** હા. કારણ કે બે કક્ષા જુદી છે. કૃપા ઉપર જેનો ભરોસો હોય એ ભક્તની પરિસ્થિતિ જુદી છે અને કૃપા ઉપર પૂર્ણ ભરોસો નથી એવા ભક્તની પરિસ્થિતિ જુદી છે. પહેલી સ્થિતિમાં આપની વાત પૂરે-પૂરી *એપ્લિકેબલ* છે. પણ ...

**ન.પ્રિ.શાસ્રી:** એક વાત કહું? ભરોસો પણ કૃપાથીજ થાય.

**શાહ રસિક:** નહીં નહીં. આ બધી જે વાત છે એ વદતોવ્યાઘાત જેવી છે.

**ન.પ્રિ.શાસ્રી:** કેવી રીતે? બતાવોને! એક વાત કહું. *સાયન્સ્*માં પણ વિદ્યાર્થી ભણતો હોય ત્યાં *પ્રેક્ટિકલ્* અને *થિયરી* બન્ને સાથે હોય છે. *પ્રેક્ટિકલ્*થી વિરુદ્ધ *થિયરી* નથી, *થિયરી*થી વિરુદ્ધ *પ્રેક્ટિકલ્* નથી. પૂરક છે. તે જ રીતે સિદ્ધાન્ત અને વ્યવહાર બન્ને એક-બીજાના વિરોધી નથી, પૂરકજ છે. એટલામાટે સિદ્ધાન્તાનુરૂપજ વ્યવહાર હોઈ શકે.

**શાહ રસિક:** આપણે જે સિદ્ધાન્તની વાત કરી રહ્યા છીએ એ પરમેશ્વરના સામર્થ્યની વાત છે, એ આપણા સામર્થ્યની વાત નથી. આપણા સામર્થ્યમાં કઈ વાત આવી રહી છે અને તે પ્રમાણે

આપણને શું કરવું જોઈએ એનો નિર્ણય કરવામાટે આપણે એમ-ને-એમ બેસી રહીએ ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** બ્રહ્મવાદનો એક સાવ સીધો સિદ્ધાન્ત હું કહું? કર્તા કારયિતા હરિ:.

**શાહ રસિક :** એની ના જ નથીને! મારો પ્રશ્ન અહીં જ ઊભો થાય છે કે મારે જે કંઇ કરવાનું હોય એમાં મારે શાસ્ત્રનું અવગાહન કરીને બુદ્ધિ વાપરવી જોઈએ કે ન વાપરવી? બીજા બધા ક્ષેત્રમાં બીજી બધી જગાએ આપણે જેમ આપણી બુદ્ધિ વાપરતા હોઈએ છીએ તેમ ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** જો ભગવાને બુદ્ધિનો ઉપયોગ કરાવવા ઇચ્છ્યું હશે તો કરાવશે. નહીં ઇચ્છ્યું હોય તો નહીં કરાવે. સમજાયું? આમાંથી બહાર નિકળી શકાય તેમજ નથી.

**શાહ રસિક :** આજ વાતને કારણે એટલી ખોટી પરમ્પરા ચાલુ થઈ ગઈ છે કે ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** નહીં તો સર્વાધિકારક માર્ગ બની જાત જો પોતાની બુદ્ધિથી બધાની પ્રવૃત્તિ થતી હોત તો.

**શાહ રસિક :** પ્રવૃત્તિ થતી નથી. પણ છતાંય ભગવાને એવી વ્યવસ્થા બનાવી છે. માણસમાં અહં પૈદા કર્યો છે, માણસને સાધનો આપ્યાં છે.

**ન.પ્રિ.શાસ્ત્રી :** હવે ભગવાને આપેલી વ્યવસ્થા આપ સ્વીકારો છો ત્યારે પ્રશ્નને ક્યાં અવકાશ રહે છે?

**શાહ રસિક :** સવાલ ત્યાં આવીને ઊભો રહ્યો છે કે જ્યારે આપણને પગલું ભરવું હોય ત્યારે આપણે વિચાર કરીને પગલું ભરીએ છીએ.

**ન.પ્રિ.શાસ્ત્રી :** પગલું પણ ત્યારે જ ભરાશે કે જ્યારે તેણે ઇચ્છ્યું હશે.

**શાહ રસિક :** તો વ્યક્તિએ કાર્ય કરતી વખતે શું નક્કી કરવું જોઈએ?

**ન.પ્રિ.શાસ્ત્રી :** કશુંજ નહીં. એ કરાવશે અને આપે તેમ કરવુંજ પડશે. હું સમજું છું ત્યાં સુધી પુષ્ટિમાર્ગ આ પ્રમાણે માને છે.



**ગો. શ ર દ :** આ ચર્ચાનો કોઈ અન્ત આવે તેમ નથી. રસિકભાઈનો મુખ્ય પ્રશ્ન નિયતિવાદ અને પુરુષાર્થવાદ ની બહુચર્ચિત સમસ્યા બાબત છે. સિદ્ધાન્તત: અનુગ્રહની સર્વોપરિતા તો રસિકભાઈ પણ સ્વીકારી રહ્યા છે. પછી તે પુષ્ટિમાર્ગ હોય કે મર્યાદા આદિ માર્ગો હોય. એટલે એ સમ્બન્ધમાં એમનો પ્રશ્નજ નથી. રસિકભાઈની સમસ્યા મુખ્ય એ છે કે નિયતિવાદને જડતાથી પકડવાથી સમાજમાં વ્યવસ્થાનો ઉચ્છેદ થઈ જવાની ભીતિ છે. કારણ કે જો ભગવાન્ જ બધું કરે કે કરાવે છે તો પછી કોઇએ કશું કરવાની આવશ્યકતાજ શું છે? આ સનાતન સમસ્યા છે. એટલે મારી સમજમાં આ સિદ્ધાન્ત કે વ્યક્તિ કરતાં પણ એક વાતાવરણનો પ્રશ્ન છે. આપણે ત્યાં નો જેટલો પણ ઉપદેશ છે તે ગુરુ-શિષ્ય પરમ્પરાથી જ પ્રાપ્ત કરવાની પદ્ધતિ રહી છે. સ્વચ્છન્દી પરમ્પરા આપણે ત્યાં કદી પણ માન્ય બની નથી. આવો પ્રશ્ન આપણે ત્યાં પણ ઉપસ્થિત થઈ શકે છે. જેમ ગુરુના લક્ષણ **"कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्, श्रीभागवतत-त्वज्ञं भजेज्जिज्ञासुरादरात्"** સર્વનિર્ણયમાં બતાવ્યાં છે. હવે સમ્પ્રદાયમાં પ્રવેશવા ઇચ્છનાર અજાણ્યો વ્યક્તિ સર્વનિર્ણયના સાધનપ્રકરણમાં કહેવાયેલા ગુરુલક્ષણના આ શ્લોકને કેમ તો જાણશે અને કેમ તો ગુરુનું પરીક્ષણ કરીને યોગ્ય ગુરુને શોધીને માર્ગમાં પ્રવેશ મેળવશે? આ વસ્તુ *પ્રેક્ટિકલિ* સમ્ભવ લાગતી નથી. (કારણ કે તેવા વાતાવરણનો આજે અભાવ છે. વાતાવરણ હું એ અર્થમાં કહેવા માગું છું કે જેમ સંવિધાનમાં કાયદાઓ સિવાય પણ નિર્બાધ પણે સ્વધર્માચરણ કરી શકવાનું સ્વાતન્ત્ર્ય વગેરે જેવા મૂળભૂત અધિકાર વિષયક તેમજ નીતિવિષયક કેટલાક માર્ગદર્શક સૂચનો કરવામાં આવતાં હોય છે. આવા સંવૈધાનિક સૂચનોને પ્રચારિત કરવાનું ઉત્તરદાયિત્વ કાયદાના નિષ્ણાતો, કાયદાના અમલદારો, શિક્ષણસંસ્થાઓ વગેરેનું હોય છે. કારણ કે દેશના પ્રત્યેક નાગરીકમાટે સંવિધાનનું આદ્યોપાન્ત અધ્યયન કરવું

અસમ્ભવ જ નહીં અનાવશ્યક પણ છે જ. આવા સૂચનોનો પ્રચાર આમ નાગરિકોમાં જો કરવામા આવે તો તેઓ દેશમાં પોતાના અધિકારો અને સીમાઓ પ્રત્યે જાગૃતિ કેળવી શકે. જો દેશનું પ્રશાસન આ કાર્યમાં જેટલું નિષ્ફળ નિવડે તેટલું તે દેશમાં, ભારતની જેમ, અમલદારશાહી, શોષણ, ભ્રષ્ટાચાર, વર્ગવિગ્રહ, પક્ષપાત જેવી કુરીતિઓનું પ્રચલન વિશેષ થાય. તે જ પ્રમાણે "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય" આદિ ગુરુલક્ષણનું નિરૂપણ કરનારાં તેમજ તેવાજ અન્ય પણ સિદ્ધાન્તવચનો સમ્પ્રદાયવ્યવસ્થાના સંચાલકવર્ગને તેવી સદ્ભાવનાથી ઉદ્દેશીને કહેવામાં આવ્યાં હોય છે કે તેઓ સ્વયં તે સિદ્ધાન્તાનુરૂપ લક્ષણો પોતાનામાં કેળવે અને સાથે-સાથે સમ્પ્રદાયના હિતાહિતનો વિચાર કરીને તે સિદ્ધાન્તોનો યોગ્યરીતે પ્રચાર કરીને એક એવું વાતાવરણ સર્જે કે જેથી સમ્પ્રદાય યથાપૂર્વ સુચારુરીતે ચાલી શકે.) આ જ પ્રમાણે વેદાધ્યયનના સમ્બન્ધમાં આવતી અધ્યયનવિધિ અને અધ્યાપનવિધિ માં પણ આ જ સમસ્યા છે. વેદમાં એક વચન છે **"સ્વાધ્યાયોઽધ્યેતવ્યઃ"** અને બીજું વચન છે **"અષ્ટવર્ષં બ્રાહ્મણમ્ ઉપનયીત તમધ્યાપયીત"**. હવે પ્રશ્ન એ છે કે વેદાધ્યયન કઈ વિધિના પાલન રૂપે કરવામા આવે છે? **"સ્વાધ્યાયોઽધ્યેતવ્યઃ" તઈ૭પ૨ કૈ૧૩ એ અધ્યયનવિધિથી કે "અષ્ટવર્ષં બ્રાહ્મણમ્ ઉપનયીત તમધ્યાપયીત"** એ અધ્યાપનવિધિથી. જો અધ્યયનવિધિથી અધ્યયન કરવામા આવતું હોય તો આ વિધિવાક્યનું જ્ઞાન દ્વિજને જન્મથી તો હોતું નથી કે જેથી તે અધ્યયનવિધિના બલથી વેદાધ્યયનમાં પ્રવૃત્ત થાય. અને તૈત્તિરીય આરણ્યકનું આ વચન વેદાધ્યયનનો પ્રારમ્ભ કર્યા પછી સંહિતા બ્રાહ્મણ અને છેક આરણ્યક નું અધ્યયન કરતી વખતે જો જાણમાં આવતું હોય ત્યારે તો ઘણુ ખરું વેદાધ્યયન પહેલે જ થઈ ગયું. ત્યારે પછી તો વિધિનું (અજ્ઞાતાર્થજ્ઞાપકરૂપ) વિધિપણું જ કુણ્ઠિત થઈ ગયું. એટલે જ આચાર્યચરણે પત્રાવલમ્બનમાં સ્પષ્ટતા કરી છે કે શિષ્યનું વેદાધ્યયન અધ્યયનવિધિથી નહીં પરન્તુ **"અષ્ટવર્ષં બ્રાહ્મણમ્ ઉપનયીત તમધ્યાપયીત"** એ



અધ્યાપનવિધિથી થતું હોય છે. અહીં પણ એ વાતાવરણનીજ વાત છે. (અર્થાત્ વેદનું અધ્યયન જેણે કરેલું છે તેનામાટે વેદનો સ્વાધ્યાય કરવો અને ભણેલા વેદનું શિષ્યને પ્રવચન=અધ્યાપન કરીને તેની શ્રૌત પરમ્પરાને ચાલુ રાખવી એ તેનું અનિવાર્ય કર્તવ્ય છે. આ સાથે બ્રાહ્મણની આજીવિકા પણ વેદાધ્યાપન બતાવવામાં આવી છે. વેદજ્ઞ બ્રાહ્મણ જો વેદ ભણાવતો નથી તો તે કર્મો કરવામાટે અયોગ્ય ઠરે છે. વેદજ્ઞોને અનુલક્ષીને કરાયેલા આવા અનેક શાસ્ત્રવચનો એક વિશિષ્ટ વાતાવરણ બનાવે છે. આના પરિણામે અનુપનીત જિજ્ઞાસુ બાળકને ઉપનયન સંસ્કારથી સંસ્કૃત કરીને તેને વેદાધ્યાપન કરવાથી શ્રૌતપરમ્પરાનું રક્ષણ થવાની સાથોસાથ જીવિકાનિર્વાહ, આચાર્યત્વપ્રાપ્તિ, સ્વાધ્યાય આદિ લાભો અધ્યાપકને તથા વેદજ્ઞાન પૂર્વક કર્માધિકારની પ્રાપ્તિ આદિ લાભો શિષ્યને ગૌણ-મુખ્ય સ્વરૂપમાં પ્રાપ્ત થઈ જાય છે.). આ જ પ્રમાણે આચાર્યોને ત્યાં કોઈ અજાણી વ્યક્તિ આવે કે જેને સામ્પ્રદાયિક શિષ્ટાચારોનું જ્ઞાન ન હોય તો ત્યાં રહેલા બે-ચાર અન્તરઙ્ગ વૈષ્ણવો કે ખવાસ કે ચોકીદાર "સાવધન! સાવધન! ઊભાથાઓ આચાર્યશ્રી પધારે છે" "આવું આપણાથી ન બોલાય" "આમ કરો" "નીચે બેસો" "જય શ્રીકૃષ્ણ ન કહેવાય" (આ કેવળ દૃષ્ટાન્તરૂપે જ બોલાયું છે. વસ્તુતઃ "જય શ્રીકૃષ્ણ"ના ઉદ્ઘોષ રૂપે નિર્ભય-નિસ્પૃહ પણે ભગવન્નામોચ્ચારણ તો આચાર્યવંશજો સહિત કોઈ પણ વૈષ્ણવના માટે પરમ પવિત્ર બાબત છે જ.) જેવા વિધાનો કરીને એક વાતાવરણ બનાવતા હોય છે. આવા બધા નિર્દેશો ગુરુ પોતે આપે તો બિચારો અહંકારી તરીકે પ્રસિદ્ધ થઈ જાય અને ન કહે તો મર્યાદા ન જળવાય. આમ કહેવાય પણ નહીં અને સહેવાય પણ નહીં જેવી પરિસ્થિતિ સરજાય. તેથી આવું વાતાવરણ વ્યવહારના નિયમન માટે ઉપકારક બનતું હોય છે. પ્રકૃત પ્રસઙ્ગમાં પણ વિચારીએ તો નિયતિવાદને કારણે કોઈ પુરુષાર્થમાં પ્રવૃત્તજ ન થતું હોય કે પુરુષાર્થવાદને કારણે કોઈ નિયતિને સ્વીકારતાંજ ન હોય તેવું બનતું નથી. વ્યવહાર તો જેમ ચાલતો હોય છે

તેમ ચાલ્યા જ કરતો હોય છે. અટકતું કંઈ નથી. પરન્તુ જેમ મેં શરૂઆતમાં કહ્યું હતું કે ઉપદેશની પ્રાપ્તિ ગુરુ - શિષ્ય પરમ્પરાથી થવો જોઈએ તદનુસાર યદિ કોઈના મનમાં નિયતિવાદ દૃઢ થઈ ગયો હોય તો શાસ્ત્રમાં એવી વ્યવસ્થા બતાવવામાં આવી છે કે ગુરુ શિષ્યના અધિકારાનુસાર બોધ કરે. અર્થાત્ નિયતિવાદ દૃઢ થઈ ગયો છે તો અનિયતિના દાખલા - દૃષ્ટાન્તો આપીને તેને પુરુષાર્થની સાચી સમજ આપે. તે જ રીતે યદિ કોઈ વ્યક્તિ પુરુષાર્થવાદી બની ગયો હોય તો પુરુષાર્થની ઈશ્વરાધીનતા બતાવીને તેને બેલેન્સ્ કરે. આવો મારો અભિપ્રાય છે.

**શાહ રસિક :** ત્યાં જ મારું કહેવું છે કે કૃપા - અનુગ્રહથી બધું કાંઇ થઈ રહે છે એ વાત ઉપર ભાર આપીને જે નિરન્તર વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવી રહ્યું છે તે વાતાવરણ સમ્પ્રદાયને નડી રહ્યું છે. મારું લક્ષ્ય ત્યાં છે.

**ગો. શ ર દ઼ :** એ વ્યાવહારિક સમસ્યા છે. સિદ્ધાન્ત તો સ્પષ્ટ છે.

**શાહ રસિક :** સિદ્ધાન્ત તો બરાબર છે. પણ સિદ્ધાન્તથી જે વાતાવરણ પૈદા કરવામાં આવી રહ્યું છે અને તેના ઉપર જે ભાર મુકવામાં આવી રહ્યો છે અને બીજી બાજુ પરનો જે ભાર જતો રહ્યો છે તેના તરફ હું ધ્યાન દોરવા માગતો હતો.

**ગોપાલદાસ :** कारणं कार्यपूर्ववृत्तित्वम् वा आशयमें अनुग्रह अनुग्रह अनुग्रह करते रहें हें वो कारणकी बात यहां नहीं चल रही हती. बात यहां ये चल रही हती कारणं कार्यनियतपूर्ववृत्तित्वम् वा विषयमें बात चल रही हती के गुरु मिले क्या? बहिर्मुखता छोड़ी क्या? भगवत्सेवामें वाकु रुचि है क्या? वाकी बात करवेके बजाय खाली ये के सबको बाप कोन? तो कहेनो के 'भगवान्'. सबको मूल क्या? तो कहेनो 'अनुग्रह'. बात गलत बिलकुल नहीं है. सो टका सच्ची है. पर हम जो कारण पुछ रहे हैं के



मार्गपे केसे चलनो, पा-पा-पगली केसे भरनी, बच्चानुकुं केसे भरानी, ग्रन्थ केसे पढने, गुरुके सम्बन्धमें क्या भावना करनी ओर जो श्रीमहाप्रभुजी कहे रहे है के **''वाराग्य-ज्ञान-योगैश्च प्रेम्णा च तपसा तथा, एकेनाऽपि दृढेनेशं भजन् सिद्धिमवाप्नुयात्''** इन बातनसुं चलनो के खाली अनुग्रह अनुग्रह करते रहेनो? अनुग्रह होयगो तब आप ये सब कर सकोगे ये आपको उत्तर में समझ गयो. परन्तु ये तो वो जवाब हो गयो के सबको बाप भगवान् है. ये बात तो तत्वविवेकमें आयगी. यहां रसिकभाईको जो प्रश्न है वो कर्तव्योपदेशके बारेमें है या सम्प्रदायकी स्थितिके बारेमें हे ओर वाको जवाब मेरे हिसाबसु बराबर नहीं आयो.

**ગો. શ ર દ઼ :** શસ્ત્રીજી! મેં જે અત્યારે વાત કરી રસિકભાઈના પ્રશ્નના સન્દર્ભમાં કે આ વ્યવહારસમ્બન્ધી સમસ્યા છે અને એ પ્રકારનું વાતાવરણ બનતું હોય તો ગુરુએ યોગ્ય ઉપદેશદ્વારા તેને સુધારવું જોઈએ તે બાબત મને એમ નથી લાગતું કે આપને કોઈ જાતની આપત્તિ હોય.

**ન.પ્રિ.શાસ્ત્રી :** હા વાતાવરણ છે.

**શાહ રસિક :** તો એ વાતાવરણનો ઉકેલ લાવવાની આપણી કાંઇ જવાબદારી ખરી કે નહીં?

**ગો. શ ર દ઼ :** એ આ પરિચર્ચાનો વિષય નથી.

**ન.પ્રિ.શાસ્ત્રી :** તેનો શ્રૌત પ્રકારે એટલું જ થાય **''તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્ સમિત્પાણિં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્''** એટલું જ થાય.

**રાજન કડીયા :** ત્યાં પણ અત્યારે તકલીફ છે.

**ન.પ્રિ.શાસ્ત્રી :** બધે તકલીફો તો છે જ. અને જેમ બીજે બધે તકલીફો આપણે વેઠીએ જ છીએ તો આત્મકલ્યાણમાં તકલીફ ન વેઠી શકાય?

**ગોપાલદાસ :** मेरी तो इनसुं (शास्त्रीजीसुं) खाली इतनी बिनती हती के ये केवल इतनो बता दें के तत्वविचार ओर उपदेश

या कर्तव्यविचार को भेद स्पष्ट करदें तो हमकु क्या करनो या हमारे बच्चानूकुं क्या करनो या सम्प्रदायकु क्या करनो वामें ये थोड़ो कछु बतादें तो अनुग्रहके नामपे बाकी सब बातनके उपर पोतना फेर देवेकी जो बात चल रही है वो ...

રાજન કડીયા: इसमें ऐसा लगता है कि अधिकारविचारके अन्तर्गत भिन्न-भिन्न चर्चा तो चल रही हैं लेकिन इसकी फलश्रुतिके रूपमें आचार्यचरणोंकी इन विषयोंमें क्या आज्ञा है ये भी जिज्ञास्य है. हमारी जो आज चिन्ताएं हैं जैसे युवापीढी आज सम्प्रदायसे दूर जा रही है उसको नजदीक लाना है तो उसकेलिये क्या किया जाय? उसके सम्बन्धमें भी जो सुझाव यहां आ रहे हैं उनको एकत्रित किया जाय और उसके सम्बन्धमें भी थोड़ा विचार बादमें भी यदि किया जाय ...

ગો. શ ર દ: હા હા અવશ્ય. શ્રીરસિકભાઈનો આખો પેપર જ તે વિષયનો છે. આપણે એક કલાક તેના ઉપર વિચાર કરીશું. એમણે એ મુદ્દાને પોતાના પેપરમાં ખૂબ ચર્ચ્યો છે. એટલે આપણે એનો વિચાર કરીશું જ.

રાજન કડીયા: મારો મુદ્દો થોડો જુદો છે. ચર્ચા તો અહીં થાયજ. પરન્તુ ચર્ચાની ફલશ્રુતિરૂપે અહીં જે *સજેશન્સ્* આવે પછી જે કાર્ય થવું જોઈએ સુધારણામાટે એની જો કંઇ વ્યવસ્થા થાય તો જ આમાંથી કંઇ નિષ્પન્ન થશે. બાકી તો ...

ગો. શ ર દ: એ કાર્ય બહુ મોટું છે, સામુહિક છે. એમાં આપણી પિપુડી વાગે નહીં. આપણો અહીં *એજેન્ડા* ચર્ચા *જનરેટ્* કરવાનો છે. બાલની ખાલ ખેંચવામાટે જ આપણે અહીં ભેગા થયા છીએ.

રાજન કડીયા: *એજેન્ડા* છે નહીં પણ ભવિષ્યમાં બનાવવો જોઇએ.

ગો. શ ર દ: રાજનભાઈ આપની વાત યોગ્ય છે. આપણે આ પરિચર્ચાને



જ્યારે એક *ડોક્યુમેન્ટ્*ના રૂપમાં પ્રકાશિત કરીશું ત્યારે *ફ્યુચર રેફરન્સ્* માટે આનો ગ્રન્થ રહેશેજ. અને જ્યારે લોકો તેને વાંચશે ત્યારે તેઓ પણ વિચારશે કે ભૂતકાળમાં આવી-આવી સમસ્યાઓ બાબત લોકોએ આટલો વિચાર કર્યો હતો. તો આ સર્વથા ઉપયોગી થશે. હવે આપણે કિરણબેનને સાંભળીશું.

# શરણાગતિમાં અધિકારવિચાર

કિરણ શાહ

**"દુર્લભ મનુષ્યદેહ છે આવે કોઇક વાર, તે પામ્યાનો લાભ એ ભજવા નન્દકુમાર"**. ઉપરોક્ત પઙ્ક્તિઓ પ્રાણીમાત્રને પ્રેરણા આપે છે કે મનુષ્યદેહ મળવો દુર્લભ છે તો નન્દકુમારને ભજી લો. પુષ્ટિજીવોનું મુખ્ય કર્તવ્ય પણ શ્રીઠાકોરજીની સેવા કરવી, તેમના ગુણગાન કરવા. તે ન બને તો પ્રભુની શરણાગતિ સ્વીકારવી. શરણાગતિ બાબત વિચારતા પહેલાં આપણે પુષ્ટિભક્તિ અને ભગવત્કથા (ગુણગાન) બાબત વિચાર કરીશું.

**પુષ્ટિભક્તિ :**

પુષ્ટિમાર્ગમાં બે દીક્ષા હોય છે ૧. શરણદીક્ષા ૨. બ્રહ્મસમ્બન્ધદીક્ષા. બ્રહ્મસમ્બન્ધ લઇને જીવે શ્રીઠાકોરજીને ઘેર પધરાવી નિષ્કામ ભાવે સેવા કરવી જોઇએ. ભાવપૂર્વક - પ્રેમપૂર્વક થાય તે સાચી સેવા. ઠાકોરજીના સુખનોજ હરેક ક્ષણ વિચાર કરવો જોઇએ. **"ચેતસ્તત્પ્રવણં સેવા"** ચિત્તનું ઠાકોરજીમાં પરોવાઇ જવું તે જ સેવા સાચી. આસકરણરાજાનું દૃષ્ટાન્ત ધ્યાનમાં લેવું. તનુ - વિત્તજા સેવા કરતાં - કરતાં માનસી સુધી પહોંચવાનું છે. ભાવપૂર્વક તનુ - વિત્તજા સેવા થતાં માનસી સુધી પહોંચતા જીવને પરમાનન્દની પ્રાપ્તિ થાય છે. પૂરણમલ્લ ક્ષત્રી, જેઓ એક જ વાર તનુ - વિત્તજા સેવા કરીને માનસી સુધી પહોંચ્યા. **"સેવા કૃતિર્ગુરોરાજ્ઞા"**. શ્રીહાપ્રભુજીના સિદ્ધાન્તો મુજબ સેવા થાય તે જ ખરી સેવા. આજે આપણે બધા સેવા કરીએ છીએ, કેવી સેવા? ક્રિયાત્મિકા! ક્રિયાત્મિકા સેવા ફળ અપાવે ખરી! તો મારામાં ક્યાં ખામી છે? શ્રીવલ્લભના સિદ્ધાન્તો અનુસાર મારાથી



સેવા નથી થતી તો શું કરવું? વૈષ્ણવે પોતે વિચારવું. આપણે બોલીએ છીએ કે સેવા કરી લીધી. અરે! સેવા તો પ્રત્યેક ક્ષણે ચાલુજ હોય. તેથીજ શ્રીવલ્લભે આજ્ઞા કરી **"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:"**.

**ભગવત્કથા :**

શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે જે ભક્તની સેવા કે કથા માં દઢ **આસક્તિ** હોય તેનો કોઇ કાળે **નાશ** થતો નથી. દીનકરદાસ શેઠ જેવી ભગવત્કથામાં એટલે કે ગુણગાનમાં જીવની દઢ આસક્તિ હોવી જોઈએ. વૈષ્ણવ બોલે છે "હું આખો દિવસ ભગવદ્ગુણગાનમાં વિતાવું છું" પણ ખરેખર તે ગુણગાન હૃદય પૂર્વક કરે છે ખરો? પ્રભુના ગુણગાન કરવા બેસીએ ને ચિત્ત તો ક્યાંય ભટકતું હોય. લૌકિક વિષયોમાં મન દોડી જતું હોય છે. આવા ગુણગાન શું પ્રભુપ્રાપ્તિ કરાવી શકે ખરા? પ્રભુની સેવા ને ગુણગાન તો ગોપીજનો એ કર્યાં. ગોપીજનો અહર્નિશ સેવામાંજ રહેતાં. ગોપીઓ કહે છે: **"હું શું જાણું વહાલે મુજમાં શું દીઠું, વારે - વારે સામું ભાળે મુખ લાગે મીઠું"**. આ જ સાચી પુષ્ટિભક્તિ. ભક્ત ઠાકોરજીને લડે, તરછોડે તોય ઠકોરજી ભક્ત પાસેથી ખસેજ નહીં. વારંવાર ભક્તનું મુખજ નિહાળે જાય. આવી સ્થિતિ સર્જાય તો જ સાચી પુષ્ટિભક્તિ કે સાચા ભગવદ્ગુણગાન. હવે શરણાગતિ વિશે વિચારીશું.

**પુષ્ટિમાર્ગીય શરણાગતિ :**

જીવે પ્રભુને એટલુંજ કહેવાનું કે આજથી હું તમારો છું ને તમે મારા છો. જીવે મન વાણી અને કાયા થી ભગવદાશ્રય રાખવો. મનથી સતત ભાવન કરવું કે પ્રભુજ મારું રક્ષણ કરનાર છે. અષ્ટાક્ષર મન્ત્રનું સતત રટણ કરવું તે વાણીનો ભગવદાશ્રય કર્યો કહેવાય. સર્વ ઇન્દ્રિયોનો પ્રભુસેવામાં વિનિયોગ કરવો તે કાયાથી ભગવદાશ્રય કર્યો કહેવાય. દરેક વૈષ્ણવે પોતેજ વિચારવું કે "મેં આ રીતે ભગવદાશ્રય લીધો છે ખરો કે માત્ર ઉપરછલ્લી રીતે જ શરણાગતિ લીધી છે". "પ્રભુજ મારું શરણ છે" તેમ બોલીએ છીએ તો ખરા પણ ઘરમાં કોઇ બીમાર પડે કે

ઓચિન્તી આપત્તિ આવી પડે તો તરતજ આપણે અન્યશ્રય કરવા લાગી જઈએ છીએ. ધાગા-દોરા તેમજ અન્યદેવની માનતા માનીએ છીએ. અનેક માણસો અનેક જાતના ઉપાયો બતાવે છે તો તે બધાજ કરવા લાગી જઈએ છીએ. શું આ આપણું સાચું શરણ છે?

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે વિપત્તિમાં અહીં-તહીં દોડાદોડ કર્યા વિના શ્રીકૃષ્ણનું શરણ લો. ભલે ગમે તેટલી કસોટી થાય પણ શરણ દૃઢ રાખો. શ્રીકૃષ્ણ સર્વસામર્થ્યવાન્ છે. તો અન્યને શરણે જવાની શી જરૂર? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે:

**"પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનન્દકં બૃહત્,**
**પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણએવ ગતિર્મમ".**

શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં ભગવાન્‌ના ત્રણ ગુણોનું વાર્ગન કર્યું છે:

૧. અતિસામર્થ્યમ્ = શ્રીકૃષ્ણમાં મહાન્ શક્તિ છે.
૨. સ્વરૂપતએવ સર્વોત્કર્ષ = સ્વરૂપથીજ ઉત્તમ છે. અને
૩. પરમદયાળુ છે.

તેથી આવા ગુણોવાળા શ્રીકૃષ્ણનું શરણ લેવું. શેઠ પુરુષોત્તમદાસ જેમણે મણિનો આશ્રય છોડીને ઠાકોરજીનો આશ્રય સ્વીકાર્યો. શ્રીરામદાસ સાંચોરા જેમણે શ્રીવલ્લભ પાસે આપનો દૃઢ આશ્રય રહે તેવું જ માગ્યું.

**શ્રીહરિના શરણની જ ભાવના:**

આલોક-પરલોકની બાબતમાં, દુ:ખનો નાશ કરવામાં, પાપમાં, ભય સમયે, કમનાઓની અપૂર્તિમાં, ભગવદ્‌ભક્તનો દ્રોહ-અપરાધ થયો હોય ત્યારે, ભક્તિના અભાવમાં, ભગવદ્‌ભક્તોએ અતિક્રમ કર્યો હોય ત્યારે, અહઙ્કારમાં, પોષ્યવર્ગનું પોષણ અને રક્ષણ કરવામાં, પોષ્યવર્ગથી પોતાનો અતિક્રમ થયો હોય ત્યારે તેમજ બન્ધુ, દાસ, શિષ્ય વગેરે તરફથી પણ અનાદર થયો હોય ત્યારે તથા અલૌકિક મન સિદ્ધ થવામાં—આ સર્વ પ્રકારે સુશક્ય અને અશક્ય સર્વ કાર્યમાં શ્રીહરિના શરણની ભાવનાજ મનમાં સદા કરવી ( વિવેકધૈર્યાશ્રય ૯ થી ૧૩ ).



**શરણાગતિની દીક્ષા:**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પહેલાં વૈષ્ણવે શરણાગતિની દીક્ષા લેવી જોઈએ. શ્રીવલ્લભકુળના બાળકો ઠાકોરજી સમક્ષ અષ્ટાક્ષરમન્ત્ર આપણને ૩ વાર જમણા કાનમાં બોલીને આપે છે. આ મન્ત્ર મહામન્ત્ર છે. આ મહામન્ત્ર વૈષ્ણવે શરણાગતિ લીધી છે તેનું સૂચન કરે છે. આ મન્ત્રથી સર્વ રોગોની શાન્તિ તથા સર્વ પાપો નષ્ટ થાય છે. રિદ્ધિ-સિદ્ધિ ઘરમાં આવીને વસે છે. સઙ્કટ સમયે કોઈ ભય રહેતો નથી. ત્રણ પ્રકારના દુ:ખોની નિવૃત્તિ થાય છે. સતત આ મહામન્ત્ર જપવો જોઈએ. શ્રીવલ્લભેજ આ મન્ત્ર પ્રગટ કર્યો છે.

એક વાર શ્રીકુમ્ભનદાસને સાથે લઈને વૈષ્ણવસમુદાય શ્રીકૃષ્ણદાસ અધિકારી પાસે સત્સઙ્ગ કરવા ગયાં. વૈષ્ણવોએ પૂછ્યું "અમને પુષ્ટિમાર્ગનું સારતત્ત્વ કયું છે તે બતાવો". ત્યારે કૃષ્ણદાસે નીચેનું પદ કહ્યું જેમાં અષ્ટાક્ષરમન્ત્રનો ભાવ ભરેલો છે. **"કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે, રૈન-દિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી, કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે".** અષ્ટાક્ષર મન્ત્રથી શ્રીગુસાંઈજીના સેવકે બાળકને જીવતો કર્યો. આ મન્ત્રના સતત જપને લીધે ચાચાજી જળ પર ચાલી શક્યા. આ છે મન્ત્રનો પ્રતાપ!

**આશ્રયનું સ્વરૂપ:**

આશ્રય કે શરણાગતિ ના બે અર્થ થાય છે: ૧. આશ્રય લેવાની ક્રિયા. રસ્તા પર તોફાન થાય ત્યારે મકાનનો આશ્રય આપણે લઈએ છીએ. આ છે આશ્રય લેવાની ક્રિયા. ૨. આશ્રય જેનો લેવામાં આવે તે વ્યક્તિ કે વસ્તુ. ઉપરના દૃષ્ટાન્તમાં મકાનને 'આશ્રય' કહી શકાય.

ગીતાજીમાં પણ ભગવાને અર્જુનને કહ્યું **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ"** લૌકિક-વૈદિક ધર્મોનો ત્યાગ કરીને જે જીવ પ્રભુને શરણે જાય છે તેનું પ્રભુ રક્ષણ કરે છે. શરણે જવાથી ગજેન્દ્રની મગરના

મુખમાંથી, દ્રૌપદીની દુષ્ટ કૌરવોથી, વ્રજભક્તોની ઈન્દ્રના કોપથી ભગવાને રક્ષાજ કરી છે. શરણાગતની સારી રીતે સર્વભાવથી અને સર્વદા રક્ષા કરવી એ ભગવદ્વ્રત છે. શરણાગતની કદી અધોગતિ થતીજ નથી. શ્રીમહાપ્રભુજીનું શ્રીસર્વોત્તમસ્તોત્રમાં એક નામ છે **"પૃથક્શરણમાર્ગોપદેષ્ટા"**. મર્યાદાશરણ કરતાં પુષ્ટિશરણ જુદું છે. મર્યાદામાં જપ, તપ, વ્રત કરી જીવ ભગવાનને શરણે જાય છે. જીવે તો પ્રભુ પર વિશ્વાસ રાખી અનન્યતા રાખવી તો જીવનું બધુંજ પ્રભુ સંભાળી લે છે ને તેને અલૌકિક ફળ આપે છે.

શરણની પ્રારમ્ભિક દશામાં પ્રભુ મારા હિતકારી રક્ષક છે એવું ભાન તીવ્રતાથી રહે. પ્રભુ મારા રક્ષકજ છે એવો પાકો નિશ્ચય થાય તે મધ્ય, સાધનઅવસ્થા પણ ક્યારેક ચિત્ત ઠેકાણે ન હોય ત્યારે પ્રભુ મારા રક્ષક છે તેવો ભાવ અટકી પણ જાય છે. જ્યારે શરણની ફલાવસ્થામાં પ્રભુજ મારું સર્વસ્વ છે તેવું જ અખણ્ડ સ્મરણ રહે પ્રભુના અવલમ્બન વિના ભક્ત જીવીજ ન શકે. પ્રભુનું સ્મરણ પ્રભુની સેવાજ તેના પ્રાણોને ટકાવે.

શ્રીમહાપ્રભુજીએ શરણાગતિના છ પગથિયાં બતાવ્યાં છે.

૧. આનુકૂલ્યસ્ય સઙ્કલ્પ : પ્રભુને અનુકૂળ રહીને જીવન જીવવું.

૨. પ્રાતિકૂલ્યે વિસર્જનમ્ : પ્રભુને પ્રતિકૂળ હોય તેનો ત્યાગ કરવો.

૩. રક્ષિષ્યતીતિ વિશ્વાસ : પ્રભુ મારું રક્ષણ કરશેજ તેવો દૃઢ વિશ્વાસ રાખવો.

૪. ભર્તૃત્વે વરણં યથા : પ્રભુએ મારું વરણ કર્યું છે તેથી મારો ત્યાગ કદી પણ નહીં કરે. રામદાસની વાર્તા.

૫. આત્મનૈવેદ્ય : પ્રભુને બધું જ સમર્પણ કરવું. માણિકચન્દની વાર્તા.

૬. કાર્પણ્ય : હું પ્રભુનો દાસ છું એવા આત્મજ્ઞાન સાથે દીન બનીને રહેવું. હૃદયમાં દીનતા ધારણ કરવી.

શ્રીવલ્લભે બતાવેલ શરણાગતિના છ પગથિયાનું વૈષ્ણવે પાલન કરવું તો તેની શરણાગતિ સાચી. હવે આપાણે શરણાગતિમાં કોણ અધિકારી ને કોણ અનધિકાર તે વિશે વિચારીશું.



**શરણાગતિમાં અધિકાર :**

૧. આ લોકના તથા પરલોકના સાધનોનો જીવે ત્યાગ કરવો જોઈએ. તેમાં મમત ન રાખવી. વૈરાગ્ય કેળવવો. પ્રભુના સામર્થ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવું. પ્રભુ સર્વ કરવા સમર્થ છે તે સતત યાદ રાખવું તો તે જીવ અધિકારી બનશે. ૨. શરણાગતિમાં અકિઞ્ચનનો અધિકાર છે. જે ભક્તોને પ્રભુ સિવાય કોઈજ નથી તે અકિઞ્ચન કહેવાય છે દા.ત. કુમ્ભનદાસ જેવા ભક્તો. ૩. દીનતા : દીનતાવાળો વૈષ્ણવ શરણાગતિનો અધિકારી બને છે. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે **"નહિ સાધનસમ્પત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્, ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણ સાધનમ્"** (સુબો.કારિકા ૧૦-૩૨-૧). ગોપીજનોએ પ્રભુને પ્રકટ કરવા ગાન વગેરે સાધનો કર્યા પણ પ્રભુ પ્રસન્ન ન થયા. જ્યારે તેઓ નિ:સાધન - દીન બન્યા, પ્રભુ તરત પ્રકટ થયા.

**શરણાગતિમાં અનધિકાર :**

૧. પ્રભુપરનો વિશ્વાસ જીવે મૃત્યુ પર્યન્ત જાળવી રાખવો. અવિશ્વાસથી શું પરિણામ આવે છે તે માટે બ્રહ્માસ્ત્રનું દૃષ્ટાન્ત યાદ રાખવું. વિશ્વાસ માટે ચાતકપક્ષીનું દૃષ્ટાન્ત નજર સમક્ષ રાખવું. વિવેકધૈર્યાશ્રયમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"અવિશ્વાસો ન કર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ:"**.

૨. અનન્યતા વિના શરણાગતિ કદી પણ સિદ્ધ થતી નથી. ભક્તકવી શ્રીદયારામભાઈ તેથીજ કહે છે : **"એક વર્યો ગોપીજનવલ્લભ નહીં સ્વામી મારે બીજો"**. ૪૮ - ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં કેટલાયે દાખલા મૌજૂદ છે જેમણે અન્યાશ્રય કર્યો તેનું પરિણામ કેવું આવ્યું.

૩. જે વૈષ્ણવ માર્ગના સિદ્ધાન્તોનું જ્ઞાન નથી મેળવતો, પ્રભુના સ્વરૂપ લીલા ગુણ અને નામો નું શ્રવણ - કીર્તન નથી કરતો, વૈષ્ણવી ચિહ્નો ધારણ નથી કરતો તથા સાચી શરણાગતિ કોને કહેવાય તે નથી જાણતો તે પાણ શરણાગતિમાં અધિકારી નથી.

**ઉપસંહાર :**

પ્રભુની સેવા એ જ સાધન અને ફળ છે તેમ પ્રભુની શરણાગતિ

એ પણ સાધન અને ફળ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શરણમાર્ગ એ એક સ્વતન્ત્રમાર્ગ છે અને પુષ્ટિભક્તિમાર્ગનો સહાયકમાર્ગ પણ છે. જે જીવ પ્રભુની સેવા કરે, પ્રભુનું સ્મરણ કરે, પ્રભુના ગુણગાનનું શ્રવણ - કીર્તન કરે તેને પણ પ્રભુની શરણાગતિ તેની પ્રભુભક્તિને દૃઢ બનાવનારી નિવડશે. જે જીવ પ્રભુની સેવા, સ્મરણ, ગુણગાન કરી ન શકતો હોય પરન્તુ જો તે કેવળ પ્રભુનું અનન્યભાવે શરણું લે તો પણ તેને પ્રભુપ્રાપ્તિ અવશ્ય થઈ શકે છે. અલૌકિક ફળ તેને મળી શકે છે.

વૈષ્ણવ નામદીક્ષા - બ્રહ્મસમ્બન્ધદીક્ષા લે છે છતાં પણ તેને શાન્તિ નથી. અહીં - તહીં ભટક્યા કરે છે. ભવસાગરમાં અટવાયા કરે છે. ધોબીનો કૂતરો ઘરનો નહીં ને ઘાટનોય નહીં તેવી તેની દશા છે. કેમ? આ ચિન્તાનો વિષય છે. વૈષ્ણવ બ્રહ્મસમ્બન્ધ લીધા પછી પણ સ્વાધ્યાય તરફ વળે છે, દેવી - દેવતાની માન્યતાઓ રાખે છે, દેવીમાં શ્રદ્ધા ધરાવે છે. આપણા સૌના માટે આ ચિન્તાનો વિષય છે. સૌએ ભેગા મળીને આનો ઉકેલ શોધવો જ રહ્યો. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરી શ્રીઠાકોરજીનું શરણ લઈ જીવને ભટકવું પડે તે તો કેવું કહેવાય!

**સન્દર્ભગ્રન્થો :**


કૃષ્ણને કરવું હોય તે કરે - ગો.શ્રીઇન્દીરાબેટીજી
કૃષ્ણાશ્રયસ્તોત્ર - ગો.શ્રીશ્યામમનોહરજી
પુષ્ટિપ્રવેશ - ૨ ગો.શ્રીશરદકુમારજી
ન્યાસાદેશ વિવરણમ્




## ચર્ચા

### શરણાગતિમાં અધિકારનો વિચાર

**શ્રીકિરણબેન શાહ**

**ગો. શ ર દ:** કિરણબેને ખુબજ પદ્ધતિસર પોતાનો પત્ર પ્રસ્તુત કર્યો. "શરણાગતિમાં અધિકારવિચાર" વિષયમાં તેમણે સર્વપ્રથમ પુષ્ટિભક્તિ અને ભગવત્કથા નું નિરૂપણ કરીને પુષ્ટિમાર્ગીય શરણાગતિનું સ્વરૂપ સમજાવ્યું. તેના સાધનો-ઉપાયો બતાવ્યા અને સાથે-સાથે અન્ય આચાર્યોના શરણાગતિવિષયક મતોનો પણ ઉપન્યાસ કર્યો. ષડ્વિધા શરણાગતિનો સન્દર્ભ આપીને તેમાં કોણ અધિકારી હોઈ શકે છે અને કોણ અનધિકારી તેનું મુદ્દાસર નિરૂપણ કર્યું. અન્તમાં ઉપસંહાર પણ આપ્યો છે. હવે આ પત્ર ચર્ચામાટે આપની સમક્ષ પ્રસ્તુત છે.

**રાજન કડીયા:** હવે જે પ્રશ્ન છે તે અવિશ્વાસની દૃષ્ટિથી નહીં પરન્તુ થોડી સ્પષ્ટતા થાય તે માટે છે. આવા પ્રસઙ્ગો અવાર-નવાર વાર્તામાં આવતાં હોય છે અને તેને આપણે ઘણી વાર ટાંકતા હોઈએ છીએ. આવા પ્રસઙ્ગોની બાબતમાં કાંઈક ફેરવિચાર કરવાની વૃત્તિ જાગે એટલામાટે આ પ્રશ્ન છે. ચાચા હરિવંશજીની અષ્ટાક્ષરમન્ત્રમાં અનન્યનિષ્ઠાને કારણે તેઓ શ્રીયમુનાજીનાં જળ ઉપર ચાલી શક્યાં. હવે તેઓ યમુનાજીનાં જળ ઉપર જે ચાલી શક્યા તો જે જળનો ભૌતિક પ્રવાહ છે તેના ઉપર ચાલી શક્યાં. એટલે કે એ પ્રકારની દૈવી શક્તિ તેમને કેળવાઈ? આવા દૃષ્ટાન્તોને આપણે જો બૌદ્ધિક રીતે મુલવીએ તો

જેઓ પુષ્ટિમાર્ગી ન હોય તેઓને તો સ્વીકાર્ય બનેજ નહીં પણ ઘણી વાર તો પુષ્ટિમાર્ગીઓને પણ તે સ્વીકાર્ય બનતા નથી હોતાં. તો મારો પ્રશ્ન એ હતો કે આવા જે દૃષ્ટાન્તો આમાં આવ્યાં છે તેને સામાન્ય માણસથી લઇને વિદ્વાન્માં વિદ્વાન્ માણસ સ્વીકારી શકે એવા કોઈ ભાવો એના પાછળ છે કે કેમ? એ શોધવો જોઈએ એ મારા પ્રશ્ન પાછળનો હેતુ હતો. હવે હું જે સમજું છું તે કહું તો જે શ્રીયમુનાજી છે તે આપ સહુ જેમ જાણોજ છો તેમ ભક્તિનું જ પ્રતીક છે. યમુનાજી એટલે ગોકુળ-મથુરા વચ્ચે વહેતી નદી એવી કોઈ વાતજ નથી. એટલાજ માટે તેમને પ્રભુના શરણમાં પહોંચાડનારાં ચતુર્થપ્રિયા ગણાવ્યાં છે. એટલે નિઃસ્વાર્થ-શુદ્ધ ભક્તિ હશે તો એ ભક્તિથી સર્વ સિદ્ધ થશે. અને અહીં જે ચાચાજીનો પ્રસઙ્ગ છે એમાં પણ તેઓ ભક્તિદ્વારા સામે કાંઠે એટલે ભવ પાર કરી રહ્યાં છે એ બતાવવામાટેનીજ આ એક વાત છે નહીં કે ભૌતિક જળની વાત છે. આવા ઘણા પ્રસઙ્ગો છે. આવી સ્પષ્ટતા જો થતી રહે તો આવા ચમત્કારિક પ્રસઙ્ગોનો ખુલાસો થાય. કારણકે આચાર્યજી પણ ચમત્કારમાં માનતા નથી.

**ન.પ્રિ.શાસ્ત્રી :** આ પ્રશ્નના બે રીતે સમાધાન સમ્ભવી શકે છે એક પ્રમાણથી અને એક યુક્તિથી. પ્રમાણથી વિચારીએ તો **"ન જલં યમુનાવારી તત્તુ બ્રહ્મૈવ કેવલમ્"**. બ્રહ્મરૂપ છે અને ભગવત્કાર્ય કરવા જતાં ચાચાજી તેને પાર કરી રહ્યાં છે. આમ પ્રમાણથી સમાધાન થઈ જશે. એટલે કે યમુનાજીનાં પાણી સ્થિર થઈ જાય અને ચાચાજી નદી પાર કરી જાય. બરાબર? હવે યુક્તિથી વિચારીએં તો જળનાં ત્રણ સ્વરૂપો હોઈ શકે. આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક નહીં પણ એક પ્રવાહી બીજું ઘન અને ત્રીજું ઘન-પ્રવાહી, પરિસ્થિતિને કારણે. હવે કેવળ યુક્તિ લગાણું છું. અષ્ટાક્ષરમન્ત્રના પ્રભાવને કારણે



શ્રીયમુનાજીનું જળ ઘનસ્વરૂપ બની ગયું અને તેના ઉપર ચાલીને ચાચાજી સામે પાર પહોંચી ગયાં.

**રાજન કડીયા :** શાસ્ત્રીજી! તમે જે કહ્યું તેમ આનો બીજો પણ યુક્તિસઙ્ગત જવાબ મળી શકે છે. પ્રભુનું જે સ્વરૂપ છે તે રસરૂપ છે તેમ પ્રભુની ભક્તિનું સ્વરૂપ ઘનસ્વરૂપ અને રસસ્વરૂપ પણ છે. ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** પણ પછી ઘનસ્વરૂપ અને રસસ્વરૂપ ની વાતો બધાએ સ્વીકારવી જોઈએ તો તે સર્વગ્રાહી બને ને! આપનો પ્રશ્ન છે કે બધાં સ્વીકારે.

**પિયૂષ પરીખ :** રાજનભાઈ! અન્ય માર્ગોમાં સિદ્ધિઓની વાત કરીએ તો પાણી ઉપર ચાલવાની સિદ્ધિઓ છે જ. હવે તેને જો આમ સમાજ સ્વીકારતો હોય તો આ તો વલ્લભના અને શ્રીગુસાંઈજીના આશ્રિતને મન્ત્ર ફલિત થયો છે એની વાત છે. તો મારી સમજ પ્રમાણે આહીં આવો કોઈ વિચાર ઉદ્ભવતો નથી.

**ન.પ્રિ.શાસ્ત્રી :** શઙ્કરાચાર્યજીના એક શિષ્ય પદ્મપાદ હતાં. શઙ્કરે તેમને બોલવ્યા અને ગઙ્ગાજીઉપર ચાલતા - ચાલતા આવ્યા અને તેમના પગે - પગે પદ્મ ઉગવા લાગ્યાં. આ કારણેજ તેમનું નામ 'પદ્મપાદ' પડ્યું. એટલે સાર્વત્રિક આ વાતો સ્વીકાર્ય છે. એટલે આશઙ્કાને કોઈ સ્થાન નથી.

**રસિક શાહ :** આ યુક્તિવાદ તો એવો છે કે આપણે એમ કહી દઈએં કે ભગવત્કૃપાથી જે કરાવવાનું હતું તે કરાવી દીધું. વાર્તાઓ જે કંઈ છે તે વૈષ્ણવોને બોધ આપવામાટે છે. અને વાર્તામાંથી આવી રહેલા બોધને કાં તો યુક્તિથી લઈએ કાં તો ચમત્કારથી લઈએ. પ્રશ્ન જે ગુંચવી રહ્યો છે તે એ છે કે આવી વાતોને લઈને વ્યક્તિ કયો બોધ લઈને આગળ વધી રહ્યો છે.

**ગો. શ ર દ :** રસિકભાઈ! હું એક વાત તમને કહું કે વાર્તાસાહિત્યના લેખનના ઇતિહાસ તરફ જો દૃષ્ટિ કરવામાં આવે તો તેનું

લેખન બોધકથારૂપે થયું હોય તેવું કદાચ ન હોય. કદાચ તે સ્વમાર્ગીય ઇતિહાસરૂપે અથવા ભગવદીયોના ચરિત્રોના ગુણગાન માટે અથવા ફળરૂપે કે સ્વાન્ત:સુખાય હોય. તેનો ઉપયોગ કદાચ કોઈ આવા (બોધ આપવા કે લેવા ના) હેતુથી કરતો હોઈ શકે છે. તેથી જ શ્રીહરિરાયજીએ વાર્તાઓ ઉપર ભાવપ્રકાશ લખીને વાર્તાના તેવા અંશો કે જે સામાન્ય બુદ્ધિ અથવા ન્યૂનાધિકાર ને કારણે આપણને સમજમાં ન આવતા હોય તેનું ત્રણ જન્મના સમ્બન્ધનું નિદર્શન કરીને સ્પષ્ટીકરણ આપ્યુંજ છે. હવે તે પણ જો પર્યાપ્ત ન હોય તો બીજા પ્રયાસો કરી શકાય છે. શ્રીઆચાર્યજીએ પણ શ્રીભાગવતસુબોધિનીમાં અનેકત્ર ભગવલ્લીલા આદિના આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક અર્થો બતાવ્યાંજ છે. અને લીલાના એ પક્ષો પણ છે તત્વત: છે જ. જેમ આપે (રાજનભાઈએ) કહ્યું કે શ્રીયમુનાજીનું કેવળ જલાત્મક સ્વરૂપ નથી પરન્તુ આપ ભક્તિસ્વરૂપા પણ છે. તો પુષ્ટિમાર્ગની દૃષ્ટિમાં શ્રીયમુનાજીનું આધ્યાત્મિક સ્વરૂપ ભક્તિરૂપ હોઈજ શકે છે. આ સાથે પરન્તુ શ્રીયમુનાજીના જળસ્વરૂપનો પણ આપણે અસ્વીકાર કરી નથી શકતા. કારણકે આધિદૈવિકાદિ ત્રિવિધ સ્વરૂપો સૃષ્ટિના પ્રત્યેક પદાર્થોના આપણે ત્યાં સ્વીકૃત છે જ. આ પક્ષોને લઈને યથાપ્રસઙ્ગ યથાધિકાર ઉપપત્તિઓ આપી શકાય. અને તેમાં પણ શાસ્ત્રીજીએ જેમ કહ્યું કે વચનો પણ ભગવત્સ્વરૂપ હોય છે તેથી તેનો અર્થ કરવામાં જો ખોટી ખેંચ-તાણ કરવામાં આવે તો તેને પરિશ્રમ પડી શકે છે તેમ વાર્તા આદિના નવીન અર્થો કરવા જતાં તેના સ્વરૂપને પરિશ્રમ ન પડે તેની સાવધાની રાખવી જોઈએ. એટલેજ શ્રીગોકુલનાથજી વાર્તાને તાળામાં રાખતા હતા. કેમ કે આપ જાણતા હતા કે આ વસ્તુ સર્વાધિકારક નથી. હવે જે વસ્તુ સર્વાધિકારક ન હોય તેને જો સર્વજનના હાથોમાં મુકી દેવામાં આવે



તો આવા ભવાડાઓ થવાનાજ છે. ભગવદ્ગીતાની પણ એ જ દશા થઈ. **"ઇદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન, ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૂયતિ, ય ઇમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ, ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશય:"** કહીને ભગવદ્ગીતાના ઉપદેશ-શ્રવણના અધિકારી અનધિકારીનો સ્પષ્ટ વિવેક ભગવાને સ્વયં બતાવી દીધો હતો કે જે કૃષ્ણનો અભ્યસૂયક હોય, જે તેને સાંભળવા - સમજવામાં માં રુચિ ન ધરાવતો હોય, જે ભગવદ્ભક્ત ન હોય કે જે તપસ્વી ન હોય તે ભગવદ્ગીતાનો અધિકારી સર્વથા નથી. આમ છતાં જ્યારે તેને "વિશ્વના કોઈ પણ વ્યક્તિને એમાંથી જે જોઈએ છે તે મળી રહે છે" "વિશ્વના કોઈ પણ ધર્મગ્રન્થ કરતાં સહુથી વધુ ભાષામાં આના ભાષાન્તર થયાં છે તેમજ તેના ઉપર વ્યાખ્યાનો લખાયા છે" આવા વિધાનોદ્વારા અધિકારી - અનધિકારીના વિવેકનો લોપ કરીને જ્યારે તેને સર્વસુલભ બનાવવામાં આવી ત્યારે જ તેના સ્વરૂપમાં વિકૃતિઓની તથા તેનો દુરુપયોગ થવાની શરૂઆત થઈ ગઈ. તે જ પ્રમાણે જે-જે પણ વસ્તુ સર્વજનાર્થ ન હોય તેને જો સર્વજન સમક્ષ મુકી દેવામાં આવે તો તેમાં આવી અસમ્ભાવનાઓ તેમજ વિપરીતભાવનાઓ ઉત્પન્ન થવાનીજ છે. તેથી હવે જેટલું થયું તે તો થયું પરન્તુ હવે તે આગળ ન વધે તેવું વિચારીને અધિકાર - અનધિકારના વિવેકની પ્રાચીન પરમ્પરાને પુન:સ્થાપિત કરવામાં આવવી જોઈએ. અને શરૂઆતમાં મેં જે વાત કહી હતી કે બોધ ગુરુ - શિષ્ય પરમ્પરાથી થવો જોઈએ એ પરમ્પરાનું પણ રક્ષણ કરવામાં આવે. તેમાં ગુરુ તથા શિષ્ય ની યોગ્યતા - અયોગ્યતાના વિષયમાં પણ વ્યાપક સભાનતા કેળવાવી જોઈએ. આવું બની શકે તો આવી સમસ્યાઓનું નિરાકરણ સમ્ભવી શકે. બાકી નવીન - નવીન અર્થઘટનોના પુસ્તકો, માનીલો કે, પ્રસિદ્ધ

કરી દેવામાં આવે તો એવી સ્થિતિ થાય કે કોઈ એક ચોક્કસ માન્યતાને પકડીને કોઈ વ્યકિત પુસ્તક વાંચી રહ્યો હોય તે જ પુસ્તકમાં તેની માન્યતાથી વિરુદ્ધ માન્યતાવાળાને પણ વાત ગળે ઉતારવામાટેના પ્રમાણ-તર્કો આપવામાં આવ્યા હોય કે જે એનામાટે સર્વથા વિરુદ્ધ બાબત હોય. આવી સ્થિતિમાં વાંચનાર માણસની સમજ સુધરવાને બદલે વધારે ગુંચવાતી હોય છે. આ સિવાય કેટલીક વાતો એવી હોય છે કે જેને વસ્તુત: ક્યારેય પ્રકટ કરવાની હોતી નથી. દાખલા તરીકે કોઈ એક દવા ખાવાના અડધા કલાક પહેલાં દરદીએ કંઈ પણ ન ખાવા-પીવાનો નિયમ હોય. પરન્તુ નિરપવાદ રૂપે દરેક ડૉક્ટર્ "આના ખાવાના એક કલાક પહેલાં કંઈ ખાવું-પીવું નહીં" એ પ્રમાણે સૂચન આપતા હોય છે. કારણકે એક કલાકનું કહેવામાં આવશે ત્યારે દરદી અડધા કલાકની મર્યાદા સાચવશે તેવી ગણતરી દરેક ડૉક્ટર કરતાં હોય છે. હવે ધારો કે કોઈ સમજદાર ડૉક્ટર દરદીને એવું કહે કે "ખરેખર તો અડધા કલાકનોજ નિયમ છે પરન્તુ અમે દરદીઓ પોતાની રીતે છુટ-છાટ લેતા હોય છે તેની ગણતરી કરીને એક કલાકનું કહેતા હોઈએ છીએ" તો પરિસ્થિતિ એ થાય કે આ રહસ્યને જાણી જનાર દરદી બીજા સામાન્ય દરદીની માફક એક કલાકના સ્થાને અડધા કલાકના નિયમને ડૉક્ટરની આજ્ઞારૂપ માને અને પોતાની રીતે લેવાતી છુટ-છાટ લઇને આખરે તે પન્દર મિનિટની ઉપર આવીને ટકે. એટલે હું કહેવા એ માગું છું કે જે વાત જેટલા અંશમાં પ્રકટ થવી જોઈએ તેટલા અંશમાંજ પ્રકટ થવી જોઈએ તેથી વધારે જો પ્રકટ થાય તો તેની અસરકારકતા ખતમ થઈ જતી હોય છે. આ બધી સમસ્યાઓ ઉપદેશદાનની મૂળ પ્રાણાલિકાથી આપણી ચ્યુતિ થઈ હોવાને કારણે સરજાઈ હોય તેવું મને લાગે છે. તેથી ઉપદેશની



મૂળ પ્રાણાલિકાને આપણે વળગીને રહેવાનો આગ્રહ સેવવો જોઈએ. આ સાથે આપણા સાહિત્યો જ્યારે ગમે તે કારણે બહાર પ્રકટ થઈજ ગયાં છે ત્યારે તેના વાસ્તવિક તાત્પર્યથી હટ્યા વિના તેના અર્થઘટનો શોધવાના પ્રયસો કરી શકાય છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** આપના પેપરમાં "શરણાગતિની દીક્ષા"ના પેરેગ્રાફમાં આપે લખ્યું છે કે "આ મન્ત્રથી સર્વ રોગની શાન્તિ તથા સર્વ પાપો નષ્ટ થાય છે. રિદ્ધિ-સિદ્ધિ ઘરમાં આવીને વસે છે. સઙ્કટ સમયે કોઈ ભય રહેતો નથી. ત્રણ પ્રકારના દુ:ખોની નિવૃત્તિ થાય છે. સતત આ મહામન્ત્ર જપવો જોઈએ" તો શું આવા હેતુઓમાટે આ મન્ત્ર ઉપદેશેલો છે? કે શું પુષ્ટિમાર્ગીય શરણાગતિ એ આવી સકામ શરણાગતિ છે? જો એવું હોય તો તે વાતને પ્રમાણિત કરનારાં શ્રીમહાપ્રભુજીનાં કોઈ વચનો આપ ટાંકી શકશો?

**કિરણ શાહ:** એક કીર્તનમાં આવું જણાવેલું છે કે આ મન્ત્ર જે સતત જપ્યા કરે એના રોગોની શાન્તિ થાય. જો કોઈ મન્ત્ર સતત જપે એને માનસિક શાન્તિ, લૌકિક-અલૌકિક એની મેળેજ સિદ્ધ થાય છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** પ્રશ્ન અહીં જે સતત નથી કરતાં તેનો પણ છે. મૂળ પ્રશ્ન મારો એ છે કે જે કોઈએ પણ શરણાગતિની દીક્ષા લીધી તો તે શેનામાટે લીધી? શરણાગતિની દીક્ષા શા માટે લેવી જોઈ એ એ બાબત શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ કે પૂર્વાચાર્યોએ શું કહ્યું છે? ધારો કે મને કોઈ રોગ થઈ ગયો અને હું અષ્ટાક્ષરમન્ત્રની દીક્ષા લઈ લઉં. તો શું આપણા સમ્પ્રદાયમાં એ પ્રસકત છે કે અપ્રસક્ત છે તેનો વિચાર કરવો જોઈએ. અને અહીં જે વચન આપ્યું છે તે કોઈ પૂર્વાચાર્યનું વચન છે કે કોઈ કલ્પિત વચન છે.

**રાજન કડીયા:** પદમાંથી આ વાત આવી છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** તો કોનું એ પદ છે? કયા સન્દર્ભમાં છે? તેનું તાત્પર્ય

શું છે? તેનું પ્રામાણ્ય કેટલું હોઈ શકે છે? આ બધી બાબતોનો વિચાર તો આપણને કરવોજ પડશે ને! નહીં તો તો એનું પ્રતિફલન એ થાય કે કોઈને રોગ થયો છે તો દવા શું કરવી? તો કહ્યું કે ચલો અષ્ટાક્ષર જપો. શું એનામાટે અષ્ટાક્ષરમન્ત્ર પ્રગટ થયો છે?

**રાજન કડીયા:** યમુનાજીનાં જે ૪૨ પદો છે તેમાં પણ આવું વર્ણન આવે છે. પરન્તુ તેનું અર્થઘટન આપણે ખોટું કરીએ છીએ.

**ધર્મેન્દ્ર ઝાલા:** એક સેકન્ડ. શ્રીયમુનાજીના પદમાં તો એવું પણ આવે છે કે **"ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુને જુ દેની, બાત લૌકિક તજો પુષ્ટિયમુને ભજો"**. ત્યાં જ ચોખ્ખી વાત આવે છે કે "બાત લૌકિક તજો પુષ્ટિયમુને ભજો". હવે રોગ દૂર થાય કે ચિન્તા દૂર થાય તેના માટે જેને અષ્ટાક્ષર કરવું હોય તે કરે પણ આપણી પુષ્ટિમાર્ગની શું પદ્ધતિ છે?

**કિરણ શાહ:** પુષ્ટિમાર્ગીએ તો અષ્ટાક્ષરદીક્ષા લઈને પ્રભુનું અનન્ય શરણજ રાખવું જોઈએ. પણ આતો એક કીર્તનમાં આવી વાત હતી. બનતાં સુધી અષ્ટસખાનું જ કોઈનું કીર્તન છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** વાત તમારી સાચી છે પરન્તુ સવાલ એ છે કે આવી રીતે અષ્ટાક્ષરનો ઉપયોગ થાય તો અનન્યતા કહેવાય કે નહીં?

**કિરણ શાહ:** ના. જેને અનન્યતા છે તેને આવા ભાવોની જરૂર નથી કે મારા રોગો દૂર થશે કે મને આમ થશે.

**રાજન કડીયા:** અનન્યતા રાખે કે ન રાખે ભક્તિમાં આ સ્વીકાર્ય જ નથી. ભક્તિનો માર્ગ તો અનન્યશરણાગતિ અને સ્વરૂપ પ્રાપ્તિનો માર્ગ છે નહીં કે ભૌતિકપ્રાપ્તિનો.

**ન.પ્રિ.શાસ્ત્રી:** મને એમ લાગે છે કે અષ્ટાક્ષરમન્ત્રનું સામર્થ્ય આપે જે ગણાવ્યું છે તે અષ્ટાક્ષરમન્ત્રના પ્રત્યેક અક્ષરનું તેવું તાત્પર્ય શ્રીગુસાંઈજીએ સ્વયં જણાવ્યું છે. આપ સ્વયં કહે છે **"યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ, અતએવાસ્તિ નૈશ્ચિન્ત્યમ્ ઐહિકે પારલૌકિકે"**. હવે તેના તાત્પર્યનો વિચાર કરીએ તો



જે જીવ સામાન્ય કક્ષાનો છે અને તે શરણે આવ્યો છે તો તેનામાં દઢતા લાવવામાટે આવું કહેવાયું હોઇ શકે છે. અને જેની અસામાન્ય કક્ષા છે તેને આવી કોઈ આવશ્યકતા નથી. સામાન્યકક્ષાનો જીવ હોય તો તેને થોડું આશ્વાસન મળે. ભગવન્માર્ગ મળે એટલે આવું કહેવાયું છે કે ભગવાનના નામથી - અષ્ટાક્ષરથી આવું બધું થશે. આના એક - એક અક્ષરનું આ સામર્થ્ય છે. એટલે સામર્થ્ય કામ કરશે. શરુઆતમાં તેની અપેક્ષા લૌકિક હશે પછીથી ધીમે - ધીમે તે નિવૃત્ત થશે. જેમ બાળકને દવા ખવડાવવામાટે તેને લાલચ આપવામાં આવતી હોય છે તે તેને દવાખવડાવવામાટે નહીં પરન્તુ તેને સાજો કરવામાટે આપવામાં આવતી હોય છે તેમ જીવને લૌકિક આસક્તિઓથી નિવૃત્ત કરવામાટે અહીં પણ **"રોચનાર્થા ફલશ્રુતિઃ"** બતાવી. અને પછી આગળ જતાં તે નિવૃત્ત થઈ જશે અને ભગવાનમાં અનન્યતા આવી જશે. એટલે જીવની અવસ્થા પરત્વે વિચારીએ તો સારું થશે.

**ધર્મેન્દ્ર ઝાલા:** મારો અભિપ્રાય એવો છે કે અષ્ટાક્ષણના અક્ષરોના અર્થનું નિરૂપણ કરનારો ગ્રન્થ ખરેખર શ્રીગુસાઈજીનો છે જ નહીં. તેને *પબ્લિશ* ભલે શ્રીગુસાંઈજીના નામે કરી દેવામાં આવ્યો હોય. બીજું કે **"યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ, અતએવાસ્તિ નૈશ્ચિન્ત્યમ્ ઐહિકે પારલૌકિકે"** એમાં ઐહિક પારલૌકિક બાબત નિશ્ચિન્તતાની વાત છે. તે વાત વિવેકધૈર્યાશ્રયમાં પણ છે. પરન્તુ મૂળ પ્રશ્ન એ છે કે ઐહિક-પારલૌકિક ચિન્તા કે દુઃખ ના નિવારણની કામનાથી શરણદીક્ષા લેવા માગતો વ્યક્તિ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત મુજબ દીક્ષા લેવામાટે અધિકારી ગણાય કે કેમ? આગળ સુધરી જશે કે બગડી જશે તેની વાત પછી, પરન્તુ તેવો લલચુ માણસ દીક્ષાનો અધિકારી ગણાય કે નહીં. એટલે કે અત્યારે આપણ કોઈને રોગના નિવારણ કે દુઃખ દુર કરવાની લાલચથી પ્રોત્સાહિત

કરીને માર્ગમાં પ્રવેશ કરાવીએ તે ઇષ્ટ છે કે અનિષ્ટ?

**ન.પ્રિ.શાસ્ત્રી:** હું માનું છું કે શરણાગતિ સર્વાધિકારક હોઈ શકે છે. એટલા માટે કોઈ પણ જીવ શરણે આવી શકે છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** શરણ સહુમાટે છે તે વાત તો કબુલજ છે. પણ કોઈ લૌકિક ઇચ્છાથી શરણાગત થાય છે તો તે પુષ્ટિસમ્પ્રદાયમાં તે ગ્રાહ્ય છે કે અગ્રાહ્ય?

**ન.પ્રિ.શાસ્ત્રી:** જો મૂળભૂત શરણાગતિ સર્વાધિકારક છે તો લૌકિક ઇચ્છાવાળો પણ ગ્રાહ્ય થઈજ ગયોને!

**રસિક શાહ:** સ્વરૂપતયોગ્યતાના અર્થમાં ગ્રાહ્ય હોઈ શકે છે પણ લૌકિક કામના ના અર્થમાં તે ગ્રાહ્ય નથી બનતો.

**ન.પ્રિ.શાસ્ત્રી:** તમને લૌકિક કામના વગરના કેટલા મળશે?

**રસિક શાહ:** અહીં પ્રશ્ન મળશે કે નહીં મળે તેનો નથી. પ્રશ્ન અહીં સિદ્ધાન્તનો પુછાઈ રહ્યો છે.

**ગો. શ ર દ:** શ્રીલાલૂભટ્ટજીએ બહુ સ્પષ્ટ લક્ષણ પ્રમેયરત્નાર્ણવમાં પુષ્ટિભક્તિનું આપ્યું છે **"ભગવત્સ્વરૂપાતિરિક્ત-ફલાકાંક્ષારહિતત્વે સતિ ભગવત્સ્વરૂપાત્મક-ફલાકાંક્ષાવત્ત્વમ્"**. હવે આને જો ભક્તિનું લક્ષણ માનતા હોઈએ તો પછી એ પ્રશ્ન વિચારણીય બને છે કે એક શરણાગતિ ભક્ત્યઙ્ગ હોય છે અને એક સ્વતન્ત્ર. હવે જો આ લક્ષણ ભક્ત્યઙ્ગ શરણાગતિના અધિકારમાં લગુ પડતું હોય અને સ્વતન્ત્ર શરણાગતિમાં લાગુ ન પડતું હોય એવી જો માન્યતા હોય તો આ વિષયક ગ્રન્થોમાં શું વ્યવસ્થા બતાવવામાં આવી છે તે વિચારણીય બને છે.

**ગોપાલ દાસ:** આપે ગ્રન્થની વાત કરી તો શ્રીગુસાંઈજીનું સ્પષ્ટ વચન છે **"વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામ વિશેષતઃ, અવિચારિત દાનેન સ્વયં દાતા વિનશ્યતિ"**. આ વચનમાં આપ સ્પષ્ટ આજ્ઞા કરી રહ્યાં છે કે વિચાર્યાવિના અનધિકારીને અષ્ટાક્ષરદીક્ષા પણ આપે તો આચાર્ય પોતે પતિત થાય છે. તો શાસ્ત્રીજી જે જવાબ આપી રહ્યા છે તે આમાં *ફિટ્* બેસી નથી



રહ્યો. આ તો એવી વાત કરી રહ્યા છે કે મારે મુખિઆજી થવું હોય કે જલઘરીયા થવું હોય કે નોકરી જોઈતી હોય કે મારે વૈષ્ણવના ચમચા થાવું હોય તો મારે અષ્ટાક્ષરથી કાન ફૂંકાવવા એમ?

**ગો. શ ર દ:** એક ક્ષણ આપ સાંભળો. નવનીતપ્રિયજીનો અભિપ્રાય એવો છે કે શરણાગતિની દીક્ષા સર્વાધિકારક છે. આપ લોકોનો અભિપ્રાય એવો છે કે તે સર્વાધિકારક નથી. આ બે સ્થિતિ સ્પષ્ટ થઈ. સર્વાધિકારક નથી એના આધારો આપે પ્રસ્તુત કર્યા. સર્વાધિકારક છે તેના આધારો તેઓ પ્રસ્તુત કરશે. એમણે વ્યવહારપક્ષથી એક વાત કહી કે તમે લોકો કહી રહ્યા છો તેવા નિષ્કામ અને અનન્યભાવવાળા લોકો શરણદીક્ષામાટે મળશે ક્યાં? તેથી જે આવે તેને આપે જાઓ.

**રસિક શાહ:** વ્યવહારપક્ષને જો લઈએ તો કદાચ આપી શકાતી હોય. પરન્તુ તેમાં દીક્ષા લેનારને એ વાત સમજાવવી જોઈએ કે દીક્ષા શું છે, તે શામાટે આપવામા આવે છે, તું કામનાવાળો છે, તારી કામના યોગ્ય નથી, કામના તારે છોડી દેવી જોઈએ, ઉપાય તરીકે અમે તને સ્વીકારીએ છીએ પરન્તુ કામનાવાળા હોવાની સ્થિતિમાં તુ આનામાટે યોગ્ય નથી.

**ગો. શ ર દ:** હવે દીક્ષાના વ્યવહારની બાબતમાં એક સૂક્ષ્મ સ્પષ્ટીકરણ. બે પ્રકારના દીક્ષાર્થીઓ હોઈ શકે છે. એક તો વૈષ્ણવકુલોદ્ભવ એટલે કે વૈષ્ણવપરમ્પરામાંથી આવનારા અને બીજા કે જેઓ વૈષ્ણવ *બેક્ગ્રાઉન્ડ* ન ધરાવતા હોય. હવે જો વૈષ્ણવકુલોદ્ભવ હોય છે અને જો તેને દીક્ષા આપવાનો અવસર આવતો હોય છે તો તેનામાટે આપણા સમ્પ્રદાયમાં થોડું *કન્સેશન્* આપવામાં આવ્યું છે. જ્યારે વૈષ્ણવકુલોદ્ભવ નથી તેને દીક્ષા આપવા બાબત કોઈ વિશેષ વ્યવસ્થા છે. પરન્તુ વૈષ્ણવકુલોદ્ભવને દીક્ષા આપતાં પહેલા પણ એ વાતની સાવધાની રાખવાનો નિર્દેશ શ્રીપુરુષોત્તમજી એ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થની વિવૃતિમાં

કર્યો છે **"યસ્તુ સ્વયમ્ અનુત્કણ્ઠ: સત્સઙ્ગાત્ કુલપારમ્પર્યાદ્ વા ઉપસીદિત્ સોઽપિ ઉપદેશમ્ અર્હતિ. ... "** આમ કહીને **"સ પરં પરીક્ષણીય:"** કહ્યું છે. અર્થાત્ વૈષ્ણવકુલોદ્ભવ દીક્ષાર્થીની પણ પરીક્ષા તેના વેશ - ભાષા - આચાર આદિ વડે તેમજ તેને થતાં ભગવન્માર્ગ સમ્બન્ધી પ્રશ્નો વડે કરવી જોઈએ તેમ કહ્યું છે. અને પછી ગુરુ જો એમ લાગે કે એના પરિવારનું વાતાવરણ વૈષ્ણવ છે, એના અભિભાવકો એની અન્દર વૈષ્ણવતાના સંસ્કારોનું સિઞ્ચન કરશે, તેને સારો વૈષ્ણવ બનાવશે, સિદ્ધાન્તોનું જ્ઞાન આપશે તો તેને દીક્ષા આપી શકાય છે. આ સાથે આચાર્યે આપેલી દીક્ષા શિષ્યસંગ્રહની કામનાથી કે ધનલાલસાથી આપાયેલી ન હોય કેવલ શિષ્યના કલ્યાણ માત્રની ભાવનાથી દીક્ષા અપાયેલી હશે તો આચાર્ય પોતે અપરાધી નહીં બને અન્યથા જેમ ગોપાલભાઈએ શ્રીપ્રભુચરણનું વચન ઉદ્ધૃત કર્યું તેમ અનધિકારીને દીક્ષા આપવાથી આચાર્ય સ્વયં પતિત થાય છે. હવે વૈષ્ણવકુલોદ્ભવની બાબતમાં પણ આટલી બધી સાવધાની રાખવાની છે તો અન્યની બાબતમાં શું કહેવું! તેથી સર્વાધિકારકતાનો તો સ્પષ્ટ નિષેધ ગ્રન્થોમાં જણાય છે. હવે શાસ્ત્રીજી! આપ સકામતાની બાબતમાં થોડું સ્પષ્ટીકરણ કરો કે યદિ કોઈ સકામ છે તો તે અષ્ટાક્ષરદીક્ષાનો અધિકારી કેવી રીતે બને છે.

**ન.પ્રિ.શાસ્ત્રી :** સુબોધિનીજીમાંનું આચાર્યજીનું વાક્ય છે **"પ્રાર્થિત: કામિતં દદ્યાત્"** ભગવાનને વિનન્તી કરે તો ઇચ્છેલું આપે. તેથી ઈચ્છા થયે ભગવાન્ પાસે જશે તો ભગવાનની શરણાગતિ કરશે. આ સુબોધિનીજીનાં વાક્યથી પ્રાપ્ત થાય છે.

**ગો. શ ર દ્ :** સમ્પ્રદાયની મર્યાદાથી સકામને શરણદીક્ષા પ્રાપ્ત છે કે નહીં?

**ન.પ્રિ.શાસ્ત્રી :** સુબોધિનીજીનું વાક્ય છે.

**ગો. શ ર દ્ :** નહીં. એમ નહીં. સુબોધિનીજી તો એવું છે ને કે ભાગવતની વ્યાખ્યા છે. ભાગવતની એક અલગ કોટિ છે.



**ન.પ્રિ.શાસ્ત્રી :** હા. તે સર્વાધિકારક છે.

**ગો. શ ર દ્ :** ભાગવતમાં સર્વ વસ્તુનું પ્રસઙ્ગાનુરૂપ નિરૂપણ છે. ભાગવત્ કાંઈ સમ્પ્રદાયનો સ્વતન્ત્ર ગ્રન્થ નથી. તેથી ભાગવતના વ્યાખ્યાનમાં આવતાં વચનોમાં આપણે એ વિવેક પણ કરવો પડશે કે તેના કયા વચનો કે સિદ્ધાન્તો પુષ્ટિસમ્પ્રદાયપરક છે અને કયા તેનાથી ઈતરપરક છે. આથી ષોડશગ્રન્થાદિ સામ્પ્રદાયિક ગ્રન્થોમાં નિરૂપિત સિદ્ધાન્તોની સાથે ભાગવત્ - સુબોધિનીમાં યથાપ્રસઙ્ગ વર્ણિત સિદ્ધાન્તોનો પ્રકરણાનુસાર વિચાર કરીને તેની સઙ્ગતિ વિચારવી પડશે કે સુબોધિનીમાં વર્ણિત તત્ - તદ્વચનો સમ્પ્રદાયની પ્રણાલિકાનુસારી છે કે તત્ - તત્પ્રસઙ્ગના પોષક વ્યાખ્યાનરૂપ છે. તો મને લાગે છે કે આ વચનની ષોડશગ્રન્થાદિની સાથે સઙ્ગતિનો વિચાર કે અવિરોધ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીશું તો કદાચ પ્રભુના નામાત્મકસ્વરૂપને પરિશ્રમ પડી શકે.

**ધર્મેન્દ્ર ઝાલા :** વિવેકધૈર્યાશ્રયમાં પણ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **"પ્રાર્થિતે વા તત: કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્"**. પ્રભુને પ્રાર્થના કરવી નહીં. કારણ કે "સ્વામ્યભિપ્રાયસંશયાત્". ત્યાં પ્રાર્થનાનું વર્જન કર્યું છે. સકામની મનોવૃત્તિ પ્રભુના અભિપ્રાયમાં સંશયવાળી છે તે જ તેને પ્રભુના શરણ જવામાં અનધિકારી બનાવે છે એવું મને લાગે છે.

**ગો. શ ર દ્ :** અસિત! *બોલિંગ્* કોની સામે કરશે?

**અસિત શાહ :** શાસ્ત્રીજીને.

**ગો. શ ર દ્ :** આપણો માર્ગ અનુગ્રહનો છે. આજે બધાનો આપના ઉપર ખુબ અનુગ્રહ છે. ( હાસ્ય )

**અસિત શાહ :** શરણાગતિની દીક્ષામાં ત્રણ *પાર્ટી* છે. એક તો જીવ છે કે જેની બાબતમાં આપણે વિચાર કરી રહ્યા છીએ. પણ પહેલાં આપણે બીજી બે પાર્ટીનો વિચાર કરીએ. તેમાં એક ગુરુ છે અને બીજા અધિદેવ શ્રીકૃષ્ણ છે. જ્યાં સુધી ગુરુની વાત છે તો તેમાટે સ્પષ્ટ શ્રીગુસાંઈજીનું વચન છે **"વિચાર્યૈવ**

સદા દેયં કૃષ્ણનામ વિશેષતઃ, અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ''. અવિચારિત દાનનો તેમાં નિષેધ કરવામાં આવ્યો છે. અને જ્યાં સુધી કૃષ્ણનો સવાલ છે તો સિદ્ધાન્તમુક્તાવલીમાં કહ્યું છે **"લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા"**. આની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે અહીં જે 'કૃષ્ણ'પદ છે તે વિભૂતિ પર્યવસાયી છે. કૃષ્ણપર્યવસાયી નથી. એટલે કે જે લોકાર્થી જીવ છે તેને એમ લાગી રહ્યું છે કે હું કૃષ્ણનું ભજન કરી રહ્યો છું પરન્તુ જો તે સકામ ભજન કરે છે તો તે વસ્તુતઃ કૃષ્ણનું ભજન કરતો જ નથી. એનું ભજન ખાલી વિભૂતિપર્યવસાયી થાય છે. એ જ વસ્તુ શરણદીક્ષામાં પણ લાગુ થાય છે. તમે જો એવી રીતે વિચારો છો કે હું મારી કામનાની પૂર્તિમાટે શ્રીકૃષ્ણની શરણે જાઉં તો તમે એમ માની રહ્યા છો કે તમે કૃષ્ણની શરણે જઈ રહ્યા છો પણ હકીકતમાં તમારી કૃષ્ણપરતા નથી. તમારી વિભૂતિપરતા છે. એટલે ગુરુની અને કૃષ્ણની દૃષ્ટિથી વિચારતાં સકામને શરણાગતિની દીક્ષા આપી શકાય તે ઉપપન્ન નથી થતું.

**ગો. શ ર દ્:** હવે હું આ વિષયને *સમપ્કરું*? આપ આ વિષયમાં કંઈ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** **"કામૈસ્તૈસ્તૈર્હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેડન્યદેવતાઃ"** કામનાઓથી હરાયેલી બુદ્ધિવાળાઓ અન્ય - અન્ય દેવતાઓને ભજે છે, ગીતાના સાતમા અધ્યાયમાં કહ્યું. અને જે અન્ય દેવતાઓને ભજે છે તે **"તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્"**. એ પણ સ્વીકાર્યું છે ત્યાં.

**ગો. શ ર દ્:** એટલે ત્યાં પછી સિદ્ધાન્તમુક્તાવલીમાં પ્રભુચરણે જે વ્યવસ્થા બતાવી છે તદનુસાર 'મામ્'નો અર્થ મદ્વિભૂતિ કરવાનો ને!.

**ન.પ્રિ.શાસ્ત્રી :** હા.

**રસિક શાહ :** ભક્તિહંસમાં પણ એવીજ વાત આવી છે.

**ન.પ્રિ.શાસ્ત્રી :** વિભૂતિઓનું પ્રભુની સાથે ઐક્ય ગણવું કે ન ગણવું?



**અસિત શાહ :** એવી સ્થિતિમાં આપણે વિચારવું પડશે કે આપણે કૃષ્ણાશ્રયનો પાઠ કરવો કે વિભૂત્યાશ્રયનો, વિવે ધૈર્ય અને આશ્રય છે તે કૃષ્ણની બાબતમાં છે કે વિભૂતિની બાબતમાં ...

**ન.પ્રિ.શાસ્ત્રી :** મુખ્યતા તો કૃષ્ણની છે જ.

**અસિત શાહ :** સકામતા અને કૃષ્ણ નો સમ્બન્ધ જ નથી થતો.

**ન.પ્રિ.શાસ્ત્રી :** **"નિષ્કામોડપિ યં માં ભજતે સ સકામો ભવતિ"** નિષ્કામ પણ જો મને ભજે છે તો તે કૃષ્ણકામનાવાળો થઈ જાય.

**ગો. શ ર દ્:** આમાં મને એમ લાગે છે કે જેમ સિદ્ધાન્તમુક્તાવલીમાં પણ કહ્યું છે કે લોકાર્થી જો કૃષ્ણનું ભજન કરે છે તો તેને ક્લેશ પ્રાપ્ત થાય છે. પરન્તુ **"ક્લિષ્ટોડપિ ચેત્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા"** ક્લેશવાળો પણ જો કૃષ્ણ ભજનને છોડતો નથી તો તેની લૌકિકાસક્તિનો નાશ થાય છે. પરન્તુ સમસ્યા એ છે કે પ્રમેયબળનું પ્રતિપાદન કરનારા આવા વચનોનો આધાર લઈને ગુરુ દીક્ષાદાનમાં અધિકાર બાબત છુટ - છાટ લઈ શકે કે કેમ ? તો આ સમ્બન્ધમાં આચાર્યચરણોનાં વચનો સામે લાલબત્તી ધરે છે. આવું ન કરવું જોઈએ. અને આપનો સર્વાધિકારકતાનો મુદ્દો છે તેની બાબતમાં મને એમ લાગે છે કે જો શરણાગતિના મુદ્દામાંથી આપણે દીક્ષાને થોડીવાર માટે અલગ મુકી દઈએ તો આ વિવાદ શાન્ત થઈ શકે છે. (અર્થાત્ ભગવચ્છરણાગતિ સર્વાધિકારક છે જ્યારે કે શરણદીક્ષા સર્વાધિકારક નથી) હવે વ્યવહાર બાબત વિચાર કરીએ તો ધારો કે કોઈ સકામ મનુષ્ય પુષ્ટિમાર્ગીય આચાર્ય કે ભગવદીય વૈષ્ણ પાસે આવે છે તો તેનો તિરસ્કાર કરવા કે હડધૂત કરવા ના સ્થાને—દીક્ષા તો આપવાનો પ્રશ્ન જ નથી કારણ કે તે તો અત્યન્ત પવિત્ર બાબત છે અને મારા મતે તેને તો આવી સ્થિતિમાં *અન્ - ટચેબલ્* રહેવા દેવી જોઈ એ — જેમ રસિકભાઈએ કહ્યું, તેને એવા સદુપદેશથી સંસ્કૃત કરવો જોઈએ કે જેથી તેની સકામતા દૂર થાય.

અને ધીરે-ધીરે જેમ આપે વચન ટાંક્યું હતું "**યથા યથા હરિઃ કૃષ્ણ: મનસ્યાવિશતે નિજે, તથા-તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે**" એ ન્યાયથી એમાં જેમ-જેમ ભગવાન્‌નો પ્રવેશ થતો જાય છે તેમ-તેમ તેની ભક્તિમાર્ગીય સાધનોમાં નિષ્ઠા વધતી જશે. અને એક સ્થિતિ એવી આવશે કે એ પુરુષોત્તમભજનની યોગ્યતા પ્રાપ્ત કરી લેશે. ત્યારે તેને દીક્ષા પ્રાસઙ્ગિક બને છે. કારણ કે આચાર્યચરણોએ શાસ્ત્રાર્થનિબન્ધમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે "**ભજનં સર્વરૂપેષુ ફલસિદધ્યૈ તથાપિ તુ, આદિમૂર્તિઃ કૃષ્ણએવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા**". આની પ્રકાશમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે "**વિભૂતિરૂપેષુ સાધનાનિ ફલાનિ ચ વ્યવસ્થયા કૃતાનિ પૂર્ણફલદાનં ચ સ્વસ્મિન્. અતો ભજનં મૂલરૂપેએવ કર્તવ્યમ્**" પુષ્ટિમાર્ગીય ભગવદ્ભજન તો મૂલરૂપમાં જ કરવું જોઈએ. આથી સકામ વ્યક્તિ સ્વરૂપત: કદાચ શરણાગતિના યોગ્ય હોઈ શકે પરન્તુ તેની ફલમુખ્યયોગ્યતા તો સકામતાના નિવારણ પછીજ સિદ્ધ થાય છે.

રસિક શાહ: એવું ક્યાં કહેવામાં આવ્યું છે કે વિભૂતિપરત્વ થવાથી અન્યાશ્રય થાય છે?

હંસરાજ વેદ: અન્યાશ્રય છે જ.

**પિયૂષ પરીખ**: કિરણબેનને મારે પુછવું છે કે જ્યાં આપે ગીતાવાક્ય ટાંક્યું અને "**પૃથક્શરણમાર્ગોપદેષ્ટા**" એ નામ સાથે સઙ્ગતિ બતાવવાનો પ્રયાસ કર્યો ત્યારે મને એ વિચાર આવ્યો કે અર્જુન પ્રતિ "**સર્વધર્માન્ પરિત્યજ્ય**" એ વચન પરથી આચાર્યચરણોએ પૃથક્શરણમાર્ગ પ્રકટ નથી કર્યો. મારું પોતાનું એવું માનવું છે અને એવી સમજ છે, બધા સાહિત્ય ઉપરથી, કે ગોવર્ધનલીલા વખતે જ્યારે બધા વ્રજવાસીઓ પ્રભુનાં શરણે ગયાં "**રાખો અપની ઓટ માધોજુ રાખો અપની ઓટ**" એ વખતના જે કૃષ્ણવચન છે કે "**તસ્માન્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્, ગોપાયે સ્વાત્મયોગેન સોઙયં મે વ્રત આહિતઃ**". અને ઉદ્ધવજી પ્રતિ "બધા વિધિ અને નિષેધ છોડીને તું મારા શરણે આવ". આ બે ભાગવત્‌વાક્યો છે તે "**પૃથક્શરણમાર્ગોપદેષ્ટા**" નામને વધારે સબળ કરે છે. પૃથક્શરણાગતિ એનો ઉદ્ભવ ત્યાંથી છે એવી મારી સમજ છે નહીં કે "**સર્વધર્માન્પરિત્યજ્ય**" એ જે અર્જુન પ્રતિ વાક્ય છે. કારણ કે જીવ જ્યારે ભગવાનની પાસે જવાનો **પ્રયત્ન** કરે છે ત્યારે મર્યાદાશરણ છે જ્યારે અહીં **તો** પ્રભુ પોતે પ્રતિજ્ઞાબદ્ધ થાય છે કે "હું જીવનો ઉદ્ધાર કરું છું". તેથી અહીં જે આપે નિરૂપણ કર્યું છે તે આવી રીતે છે તેવું મારું માનવું છે. હું કદાચ ખોટો પણ હોઈ શકું છું.



કિરણ શાહ: મેં જે જે! આપનું પુસ્તક વાંચ્યું તેમાં આ પ્રમાણે હતું એટલે મેં આમ લખ્યું છે.

ગો. શ ર દ: તો પછી હું જ આનો ખુલાસો કરું છું. આપને આપની સમજ પ્રકટ કરવાનું સ્વાતન્ત્ર્ય છે. પરન્તુ આ વિષયનું પ્રતિપાદન શ્રીપુરુષોત્તમજીએ અવતારવાદાવલીના ઉપદેશવિષયકશઙ્કાનિરાસવાદમાં સ્પષ્ટ કર્યો છે. ત્યાં આપે અષ્ટાક્ષરમન્ત્રની ઉત્પત્તિ "**સર્વધર્માન્ પરિત્યજ્ય**" ભગવદ્વચનથી થઈ છે તેવું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. અને તમે જે કહી રહ્યા છો તે પણ સમ્ભવી શકે છે કારણ કે ભાગવતના પ્રામાણ્યની બાબતમાં કોઈ વિવાદને સ્થાન નથી. "**તદ્વિસ્તારો ભાગવતં સર્વનિર્ણયપૂર્વકમ્**". આ સિવાય પણ ભગવચ્છરણાગતિનું પ્રતિપાદન કરનારા વચનો શાસ્ત્રોમાં ઠેર-ઠેર ઉપલબ્ધ થાય છે કે જેની ગણના પણ સમ્ભવ નથી. કોઈ વ્યક્તિ વિષ્ણુપુરાણનું વચન લાવીને કહી શકે છે કે પૃથક્શરણમાર્ગ શ્રીમહાપ્રભુજીએ અહીંથી પ્રકટ કર્યો છે. તે જ રીતે જે-જે શાસ્ત્રગ્રન્થોમાં શરણાગતિનું નિરૂપણ કરનારાં વચનો ઉપલબ્ધ થશે તે-તે શાસ્ત્રને કે વચનને પૃથક્શરણમાર્ગના મૂળ સ્રોત તરીકે માનવાની અનવસ્થા સર્જાશે. હવે જ્યારે ...

**હંસરાજ વેદ :** ન્યાસાદેશમાં પણ **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** એ વચનનું વિગતવાર વિવરણ શ્રીગુસાંઈજીએ આપ્યું જ છે.

**ગોપાલદાસ :** શરણાગતિના આ જે સોપાનો તમે બતાવ્યાં કદાચ તે શ્રીમહાપ્રભુજીને અભીષ્ટ હોઈ શકે જો તે આપનો શ્લોક હોય તો. **"આનુકૂલ્યસ્ય સઙ્કલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્, કરિષ્યતીતિ વિશ્વાસઃ ભર્તૃત્વે વરણં યથા, આત્મનૈવેદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ"** તો જ્યાં આટલી - આટલી *કન્ડીશન્સ્* અને *ટર્મ્સ્* આવે છે શરણાગતિમાં કે જે સેવા - કથાથી બી છેલ્લો અનુકલ્પ છે અને જ્યાં કાંઈ કરવાનું જ નથી ફક્ત દૈન્યજ કરવાનું છે. તો ત્યાં તમે અનુગ્રહ કે ભગવાનની ઇચ્છા ઉપર બધું છોડી દેવાનું ન કહીને શરણાગતિમાં પણ આટલું બધું કરવાનું કહો છો તે બાબત તમારું શું કહેવું છે?

**કિરણ શાહ :** શરણાગતિ ખરી પરન્તુ તેમાં પણ વિશ્વાસ અને અનન્યતા તો રાખવાજ પડે. જો અન્યાશ્રય થાય તો શરણાગતિ જાય.

**હંસરાજ વેદ :** "આલોક તથા પરલોક ના સાધનોનો જીવે ત્યાગ કરવો જોઈએ ... તો જીવ શરણાગતિનો અધિકારી થાય" આ બાબત કંઇ સ્પષ્ટીકરણ આપશો?

**કિરણ શાહ :** એટલે આપણે જે વૈદિક ક્રિયા કરતા હોઈએ છીએ તે શરણે ગયા પછી કરવાની જરૂર રહેતી નથી.

**ગોપાલદાસ :** એવું શ્રીમહાપ્રભુજીએ તો નથી કહ્યું. ઉલટાનું **"યાવદ્દેહોઽયં તાવદ્ વર્ણાશ્રમધર્માએવ સ્વધર્માઃ ભગવદ્ધર્માદયોઽપિ વિધર્માઃ પરધર્મા વા".**

**ગો. શ્ર ર દ્ :** એટલે કિરણબેનનો આશય સમ્ભવતઃ એવો હોઈ શકે કે યથાશક્તિ લૌકિક સાધનો અને શાસ્ત્રીય સકામકર્મો છોડવા.

**રસિક શાહ :** એમ કહી શકીએ કે સાધન અને સાધનતા ...

**ગો. શ્ર ર દ્ :** સાધનનું અભિમાન.

**રસિક શાહ :** હા. સાધન તો છુટી શકે તેમ નથી, જો સાધનાભિમાન છુટી જાય તો પછી સાધનનો બીજો કોઈ અર્થ રહેતો નથી.



**ગો. શ્ર ર દ્ :** એ તો ઠીક છે. પણ સકામ સાધનો તો સદન્તર છોડવાનાજ છે. નિત્ય - નૈમિત્તિક કર્મો ...

**રસિક શાહ :** સાધનતાથી નક્કી થશે ને! સાધન તો કેવી રીતે છોડાશે? લૌકિક કે પારલૌકિક સાધન આપણે કહીશું કેવી રીતે? એ તો જે પ્રમાણે સાધનને વાપરે છે તેના આધારે નક્કી થશે કે લૌકિક છે કે પારલૌકિક. એટલે સાધનનું અભિમાન છોડી દેવાનું છે. કારણકે શરણાગતિનું *ડાયરેક્ટ ઈમ્પ્લિકેશન* ત્યાં આવી રહ્યું છે.

**ધર્મેન્દ્ર ઝાલા :** સકામ સાધનો છોડવાના છે. અને બીજા જે સાધનો છે એમાં સાધનાભિમાન છોડવાનું છે. પણ સકામ સાધનો તો *એઝ્ અ* સાધન છોડવાના છે.

**ગો. શ્ર ર દ્ :** સકામસાધનોનો તો સ્વરૂપતઃ ત્યાગ છે. અને અન્ય નિષ્કામ નિત્ય - નૈમિત્તિકાદિ શાસ્ત્રીય સાધનોનો પણ કાપટ્યાત્ નિર્વાહ કરવાનો છે.

**રસિક શાહ :** સ + કામ. કામના સાથે લાગે ત્યારે કોઇ સાધનો કોઈ પણ સકામ થાય છે. એમ ને એમ તો થતા નથી. સાધનો *ઈટ્સેલ્ફ્* તો *ઈન્સ્ટ્રુમેન્ટ્* જ છે. જેવી રીતે ક્રોધ - લોભ - ભય વગેરે જે છે તેને, સુબોધિનીમાં પણ આવે છે, શ્રીમહાપ્રભુજી કહે છે કે હું દુષણ નથી ગણતો. જો તે પ્રેમમાં વૃદ્ધિ કરતા હોય તો દોષ પણ માન્ય છે. તેમ જે સાધનો છે તે *ઈટ્સેલ્ફ્* તટસ્થ છે. આપણે જેવી રીતે તેનો ઉપયોગ કરીએ તેના ઉપર ...

**ગો. શ્ર ર દ્ :** એવું નથી. કેટલાક એવા સાધનો છે કે જેની સાથે કામના જોડવાથી તે સકામ બને છે અન્યથા તે નિષ્કામ રહે છે. કેટલાક નિત્ય - નૈમિત્તિક નિયત નિષ્કામ સાધનો છે. સ્વરૂપનિર્વાહક. જેમ **"અહરહઃ સન્ધ્યામ્ ઉપાસીત".** આમાં કોઈ ફલશ્રુતિ નથી. આ કર્મસાથે તમે કામના શું જોડી શકશો? કેટલાક કર્મોની સાથે ફલશ્રુતિ જોડાયેલી છે. આવા

કર્મો કોન કરશે? જેને તે ફલની કામના હશે તે જ તો! જેમ **"અગ્નિષ્ટોમેન સ્વર્ગકામો યજેત" "ઉદ્ભિદા યજેત પશુકામ"** અથવા પુત્રકામેષ્ટિયજ્ઞ. તેથી નિત્ય, નૈમિત્તિક અને નિષિદ્ધ કર્મોથી અતિરિક્ત ભિન્ન-ભિન્ન ફલશ્રુતિ બતાવનારા કર્મો મોક્ષાર્થીમાટે કરવા આવશ્યક નથી રહી જતાં, તે આપો-આપ *કેન્સલ્* થઈ જાય છે.

**રસિક શાહ:** એટલે સવાલ મારો ત્યાં છે કે આપણે લૌકિક અને સકામ ને એક નહીં કરી શકીએ. એકી સાથે બધા લૌકિક સાધનો ઉપર આપણે પ્રતિબન્ધ મુકી દઈશું તો તે સમ્ભવ નથી. તેથી લૌકિક સાધનો કે જે સકામ હોય તેનો ત્યાગ કરવો જે સકામ ન હોય તેવા લૌકિક સાધનોનો ત્યાગ ન કરવો.

**ગો. શ ૨૬:** એ વાત તમારી બરોબર છે. મારો તાત્પર્ય સકામ શાસ્ત્રીય સાધનોની બાબતમાં જ છે.

**ગો. યોગેશ:** શરણધર્મ વિશે ઘણી બધી ચર્ચા થઈ. શરણધર્મો ઘણા બધા બતાવ્યાં. પરન્તુ શરણદીક્ષા લેવામાટે વ્યક્તિમાં કયા શરણધર્મો હોવા આવશ્યક છે એનો ખુલાસો હજી સુધી થયો નથી.

**અસિત શાહ:** આ બાબત ગ્રન્થોમાં પણ એટલો બધો ખુલાસો નથી મળતો. આ વિષય હકીકતમાં અસ્પષ્ટ છે. પણ જે સકામતાની વાત આવી તો એટલા પુરતું તો સ્પષ્ટ છે. મેં પહેલા જેમ કીધું કે શરણીયના સ્વરૂપનો વિચાર કરીએ ગુરુના સ્વરૂપનો વિચાર કરીએ તો એનાથીજ અડધું તો નિશ્ચિત થઈ જાય છે. એટલી તો યોગ્યતા જોવીજ રહી. બાકીનું તો ગ્રન્થોમાં અસ્પષ્ટ છે.

**રાજન કડીયા:** પ્રભુને પામવાની તાલાવેલી અને એ માર્ગમાં જવામાટેની નિષ્ઠા આ બેને અનિવાર્ય ગણીએ. અને જો આ બે ન હોય તો એ શરણદીક્ષામાટે પણ અધિકારી નથી એવું માનવું જોઈએ. કમસે કમ આટલું તો એનામાં હોવુંજ જોઈએ.



**હંસરાજ વેદ:** श्रीपुरुषोत्तमजी सिद्धान्तरहस्यमें आज्ञा करे हें के उत्कण्ठा होनी आवश्यक हे. केवल वैष्णवकुलोद्भव होय इतनो ही नहीं, वाकी उत्कण्ठा भी होनी चहिये. श्रीपुरुषोत्तमजी ओर भी खुलासा करे हें के वैष्णवकुलोद्भव होते भये भी वामें यदि उत्कण्ठा नहीं होय तो आचार्यजी वाको उद्धार करनो नहीं चाह रहे हें एसो मानके वाकु दीक्षा नहीं देनी चहिये.

**ગોપાલદાસ:** "**अङ्गीकृतौ समर्यादो**" श्रीमहाप्रभुजी भी अङ्गीकार करते हते नामदीक्षासु ओर पीछे ब्रह्मसम्बन्धदीक्षा देते हते. ब्रह्मसम्बन्धदीक्षा तो पीछेसुं आयी. स्वाभाविक जो आपको अङ्गीकार हतो वो शरणदीक्षासु हतो. ओर सेवाकेलिया ब्रह्मसम्बन्धको प्रकार पीछे प्रकट भयो. वामें "अङ्गीकृतौ समर्यादो"में जो श्रीगोकुलनाथजी कह रहे हें वामें स्वरूपयोग्यता, फलोन्मुखयोग्य, सहकारीयोग्यता ओर अधिकार भी आ गयो. ओर वो ये हे के यदि वाकु सबसु उत्तम श्रीकृष्ण जो परात्पर पुरुषोत्तम हें वाकी प्राप्तिकी इच्छा हे और वाकी प्राप्ति शुद्धपुष्टिमार्गीयाचार्य श्रीवल्लभाचार्यजीसुं होय हे तो में उनकी शरणमें जाउं एसो जाकु भाव आवे हे या एसो बिचारके जो श्रीमहाप्रभुजीकी शरणमें जावे हे, जायवेके पीछे श्रीमहाप्रभुजी वाकु कहे हें "काहेकु खाली-पीली आवे हे" एसो कहके वाकु समझावे हें. याके पीछे भी जाकी आकांक्षा प्रकट रहे हे तब वाकु आप शरणमें लेके वाकु मार्गको उपदेश दे हें. याके बाद आप वाकु श्रीकृष्णको करे हें. श्रीकृष्ण तब अपनो माने हें जब श्रीमहाप्रभुजी वाकु अपनो माने हें. एसो जब श्रीमहाप्रभुजी अपनो माने हें तब शरणदीक्षा पूर्ण भई या ब्रह्मसम्बन्धदीक्षा पूर्ण भई. एसो मोकु लगे हे.

**ગો. યોગેશ:** यामें ये तो बात आई नहीं के "अङ्गीकृतौ समर्यादो" तो कोनसी मर्यादा?

धर्मेन्द्र ઝાલા : "अङ्गीकृतौ समर्यादो" ये मुख्यरूपसुं तो भक्तिमार्गके सम्बन्धमें कही गई बात हे. श्रीहरिरायजी "अङ्गीकृतौ समर्यादो"में आज्ञा करे हें के श्रीमहाप्रभुजीकी वाणीरूपी मर्यादासु अङ्गीकार भयो हे. एसे ही ये वचनकी मर्यादा मैं एसे मनुं हुं के वो पृथक्शरणमार्गपे भी लागु होयगी. श्रीमहाप्रभुजीके शरणमार्गके सम्बन्धमें जो वचन हें वाकी मर्यादा.

ગો. श २६ : निबन्धमें **"तत्र आदितः साधनान्याह"** सुं प्रारम्भ करके **"जिज्ञासुः नतु कौतुकाद्याविष्टः"** ये जो कह्यो हे वो शरणागति तथा ब्रह्मसम्बन्ध दोनोंनूके सम्बन्धमें कह्यो हे अथवा केवल ब्रह्मसम्बन्धके सम्बन्धमें? दोनों पक्षनूसुं यदि विचार करें तो ब्रह्मसम्बन्धको अधिकार भी शरणागति पूर्वक ही हे (या ही कारणसुं दीक्षादानकी परम्परामें भी सबनुकु अष्टाक्षरमन्त्रोच्चारण पूर्वक ही सगद्यपञ्चाक्षरमन्त्रकी दीक्षा दी जाय हे. एक अन्य दृष्टिसुं विचार करें तो अष्टाक्षरदीक्षाकी तुलना वाग्दान - सगाई / विवाह - लग्नके सङ्ग तथा ब्रह्मसम्बन्ध - आत्मनिवेदन दीक्षाकी तुलना विवाह - लग्न / द्विरागमन - गोना के सङ्ग करी जाय हे. यहां पूर्वसम्बन्ध अपने उत्तरभावी सम्बन्धके अङ्गतया सर्वत्र प्रसिद्ध हे. अर्थात् सगाई / विवाह वाको ही कियो जाय हे जाको भविष्यमें विवाह / गोना अवश्यम्भावी हे. अतएव उत्तरभावी गार्हस्थ्यके निर्वाहार्थ आवश्यक योग्यतानूकु दृष्टिमें रखके ही पूर्वसम्बन्ध स्थापित किये जाय हे. या दृष्टान्तकुं यदि पकड़के चलें तो भी) निबन्धमें **"परमत्र न सर्वेषां फलमुखाधिकारः. किन्तु येषु भगवत्कृपा, कृपापरिज्ञानञ्च मार्गरुच्यानिश्चीयते"** तथा **"जिज्ञासुः नतु कौतुकाद्याविष्टः"** एसे कहेके जो आवश्यक शिष्यलक्षण कहे हें वो अष्टाक्षरदीक्षार्थ भी मानने चहिये. (तब यहां एसी शङ्का हो सके हे के इतने लक्षण जामें हें वाकु ब्रह्मसम्बन्धदीक्षा ही क्यों नहीं देनी? अर्थात् भगवत्कृपापरिज्ञान वाकी मार्गरुचिसुं हो ही रह्यो हे.) यामें इतनो भेद समझनो चहीये के जब तक अष्टाक्षरदीक्षा लिये भये पुष्टिमार्गीमें सिद्धान्तानुसार



सर्वस्वसमर्पणपूर्वक स्वगृहमें भगवत्सेवा करवेकी योग्यता सिद्ध नहीं हो जाय हे तब तक वाकु ब्रह्मसम्बन्धदीक्षा नहीं देनी चहिये. या स्थितिमें रहे भये पुष्टिमार्गीको कर्तव्य ये होवे हे के वो शरणमार्गके साधन करतो रहे. यासु भी अधिक अधिकार होयवे पे कथापक्षके साधननूको आचरण करे. एसे याकी व्यवस्था समझी जा सके हे. ओर ...

धर्मेन्द्र ઝાલા : पृथक्शरणमार्गमें थोड़ो ...

ગો. श २६ : पृथक्शरणमार्गके सम्बन्धमें मोकु एसो लगे हे के वो तो आरूढपतित जेसो हे. जेसे कोई अष्टाक्षर लियो भयो व्यक्ति अपने सन्निष्ठ प्रयाससुं गुरूपसत्ति करे हे, मार्गके सिद्धान्तनूको ज्ञान लेवे हे, सत्सङ्ग करे हे, मार्गकु उत्तम जाने हे परन्तु कोई कारणसुं वो भगवत्कथामार्गपे अथवा भगवत्सेवामार्गपे आरूढ नहीं हो पारह्यो हे तब तो शरणमार्ग वाके गले पतित हे. **"अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः"**. जेसे सेवाफल ग्रन्थमें भी आचार्यजी आज्ञा करे हें **"प्रतिबन्धोऽपि द्विविधः साधारणो भगवत्कृतश्च. तत्र आद्यो बुद्ध्या त्याज्यः. भगवत्कृतश्चेत् प्रतिबन्धः तदा भगवान् फलं न दास्यतीति मन्तव्यम्. तदा अन्यसेवाऽपि व्यर्था. तदा आसुरोऽयं जीवः इति निर्धारः. तदा ज्ञानमार्गेण स्थातव्यं, शोकाभावाय इति विवेकः"** अर्थात् यदि भगवान् प्रतिबन्ध करे हें तब अन्य सब उपाय जीवके व्यर्थ हो जाय हें. तब जीवकी क्या स्थिति? वाकु ये ही प्राप्त होयगो. क्योंके पृथक्शरणमार्गकी *प्रिकन्डीशन्* हे निस्साधनता. ओर वो निस्साधनता तो करवेके पीछे ही खबर पडेगी. के करवेके पूर्व भी खबर पड़ सके?

धर्मेन्द्र ઝાલા : पूर्वमें ही निर्धारण तो करनो पड़ेगो न? क्योंके पृथक्शरणमार्गमें जो हे वाकु तो शरणमार्गमें ही हे एसे मानके दीक्षा दी हे. यालिए ब्रह्मसम्बन्धके जो नियम हें वो यहां

तो लागु नहीं हो सकेंगे न?. थोड़ो भेद तो करनो पड़ेगो.

ગો. શ ૨૬: साधन करवेके पीछे जिनकी मार्गच्युति भई हे वो तो शरणमार्गमें आयेंगे ही. एसे तो आरूढपतित बहोत होवे हैं. ''**विक्षेपादथवाशक्त्या प्रतिबन्धादपि क्वचिद्, अत्याग्रहप्रवेशे वा परपीडादि सम्भवे, तीर्थपर्यटनं श्रेष्ठम्**'' में कहे गये बाधकनके कारण सेवा करवेवाले कथापक्षमें स्थिति करें हैं. कथापक्षको भी यदि निर्वाह कठिन हो रह्यो हे तो वे अन्ततः शरणमार्गमें ही आयेंगे.

રસિક શાહ: આમાં *ઍવોઈડૅબલ્* અને *અન્-ઍવોઈડૅબલ* બન્ને પ્રકારના *સર્કમ્સ્ટેન્સિસ્* આવશે ને. પૃથક્શરણમાર્ગમાં *અન્-ઍવોઈડૅબલ્* આવશે.

ગો. શ ૨૬: મતલબ કે ભગવત્કૃતપ્રતિબન્ધ સમજવા પડશે. કારણકે લૌકિકભોગમાટે "**तत्र लौकिकस्त्याज्यः**" અને સાધારણ પ્રતિબન્ધના સમ્બન્ધમાં "**तत्र आद्यो बुद्धया त्याज्यः**" કહ્યુંજ છે. મને લાગે છે કે સમય હવે આપણને વધુ ચર્ચાની છૂટ નથી આપતો. આગળ પણ શરણાગતિ વિષયક એક પેપર છે તેમાં આ વિષયને આપણે ફરીથી ઉપાડીશું.



## પ્રથમદિવસીય પ્રથમસત્રનું સમાપન વકતવ્ય

ગોસ્વામી શ્રીઅનિરુદ્ધલાલજી

અધિકાર વિષયક જે પરિચર્ચાનું આયોજન કરવામા આવ્યું છે તેને એક રીતે જોઈએ તો તે ખરેખર સત્સઙ્ગનો જ એક પ્રકાર છે. પરિતઃ ચર્ચા. વિષયના દરેક પાસાઓનો વિચાર એ પરિચર્ચા છે. આપ લોકોએ તે રીતે વિષયનો વિચાર કર્યો. આ સત્સઙ્ગનો લાભ ભગવત્કૃપાથી સહુને મળ્યો છે. ભવિષ્યમાં પણ આવા આયોજનોદ્વારા સત્સઙ્ગનો લાભ સહુને મળતો રહે એવી અપેક્ષા સાથે હું વિરમું છું.

## બ્રહ્મસમ્બન્ધદીક્ષા મેળવવાને અનધિકારી કોણ ?

શ્રીરાજનભાઈ કડીયા

"પુષ્ટિમાર્ગમાં અધિકારવિચાર" વિશેની આજની પરિચર્ચા દરમિયાન મારે ભાગે આવેલ વિષય છે "બ્રહ્મસમ્બન્ધદીક્ષા મેળવવાને અનધિકારી કોણ?". આ નિષેધાત્મક પ્રશ્ન છે. જો નિષેધનું નિરાકરણ થાય તો વિધેય સ્વયં સ્પષ્ટ રીતે ઉપસી આવે. જો વિધેય સ્પષ્ટ થાય તો નિષેધ પણ આપમેળે ઉપસી આવે. પ્રસ્તુત નિરૂપણમાં બન્ને દૃષ્ટિથી વિચાર થયો છે. પરન્તુ આ વિષય પર બોલવાનું ઈજન કરીને પૂજ્યપાદ શ્રીશરદ્બાવાએ મને ધર્મસઙ્કટમાં મૂક્યો છે. કારણકે આ તો વિદ્યર્થીને એમ પૂછવામાં આવે કે "વિદ્યા મેળવવામાટે અનધિકારી કોણ?" તો વિદ્યાર્થી સહેજે વિમાસણમાં મુકાઈ જાય! મેં આ વિમાસણને પણ એટલામાટે આવકારી લીધી કે એ બહાને કમ-સે-કમ આન્તરખોજ કરવાનો સુ-અવસર તો મળશે! આખરે પ્રસ્તુત વિષય પણ શું આન્તરખોજની જ દિશા ભણી સઙ્કેત નથી કરતો?

સૌ પ્રથમ સવાલ એ ઉઠે છે કે બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવાનો અધિકાર કોનો? પ્રત્યુત્તર સ્વયં સ્પષ્ટ છે કે શ્રીવલ્લભવંશીય પૂજ્યપાદ ધર્માચાર્યોનો - શ્રીગુરુદેવનો. "**બ્રહ્મસમ્બન્ધકરણં નામ એતન્માર્ગીયાચાર્યદ્વારા ભગવન્નિવેદનમ્**" (શ્રીગોકુળનાથજી). કારણ કે શ્રીમહાપ્રભુજીએ "**સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ**" એ ન્યાયથી સ્વવંશમાં પોતે જ પોતાનું અશેષમાહાત્મ્ય સ્થાપિત કર્યું છે[1]. તો પછી દીક્ષાર્થીનું ચયન અથવા દીક્ષાર્થીની પાત્રતા નક્કી કરવાનો અધિકાર પણ એકમેવ શ્રીગુરુદેવોનો જ હોઈ શકે. પ્રસ્તુત વિષયની ચર્ચાનો આરમ્ભ કરતાં પહેલાં આ ચર્ચા કઈ-કઈ બાબતોને



સ્પર્શે છે અને અમે કયા દૃષ્ટિકોણથી એને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે એની થોડી સ્પષ્ટતા કરી લઈએ.

૧. પુષ્ટિમાર્ગમાં દીક્ષાનો એકમાત્ર પ્રકાર બ્રહ્મસમ્બન્ધ છે કે અન્ય પણ પ્રકાર અસ્તિત્વમાં છે?

પુષ્ટિમાર્ગમાં શરણમન્ત્રદીક્ષા અને બ્રહ્મસમ્બન્ધ કે આત્મનિવેદ દીક્ષા આમ બે પ્રકારની દીક્ષોઓ છે. સવારે ચર્ચા થઈ તે પ્રમાણે પુષ્ટિમાર્ગીય દીક્ષા સર્વાધિકારક નથી. જેના ઉપર પ્રભુની કૃપા હોય તે દીક્ષામાટેનો અધિકારી ગણાય. હવે પ્રભુકૃપા જો વર્ષાજલ જેવી હોય તો સર્વત્ર વર્ષા સમાન હોવા છતાં જમીનમાં ક્યાંક બીજ ફલિત થાય છે ક્યાંક નથી થતું. જો તેમ ન હોય તો વિચારણીય એ છે કે દોષ જીવના પક્ષે છે કે કૃપામાં કોઈ ભેદ છે? તેથી અધિકાર-અનધિકારનો વિચાર બન્ને પક્ષે થવો જોઈએ.

૨. જો અન્ય દીક્ષાપ્રકાર અસ્તિત્વમાં હોય તો તેનું પ્રયોજન શું?

બે દીક્ષાઓનું હોવું એ સૂચિત કરે છે કે શરણાગતિ એ પ્રથમ પગથીયું છે. તેનાથી વધુ યોગ્યતા હોય એટલે કે ભગવત્સેવા કરવાની યોગ્યતા અને તત્પરતા હોય તો જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષાનું બીજું પગથીયું ચઢી શકાય. પણ બ્રહ્મસમ્બન્ધ આપતાં પહેલાં શું આવું કોઈ ગુરુ દીક્ષાર્થીને પૂછે છે ખરા? એવું બનતું નથી. બ્રહ્મસમ્બન્ધ લીધા પછી કોઈ કદાચ પોતાનું કર્તવ્ય પૂછે તો કેટલાકને સેવા પધરાવવામા આવતી હોય છે કેટલાકને નથી પણ પધરાવવામા આવતી અથવા તો ભિન્ન પ્રકારની પધરાવવામા આવતી હોય છે.

૩. ગદ્યમન્ત્રનું આજનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ નિર્ધારિત કર્યું હતું તેવું જ અવિકલરૂપે આજે અસ્તિત્વમાં છે કે તેમાં કોઈ પાઠફેર થયો છે?

૪. જો પાઠફેર થયો હોય તો તે માર્ગના શ્રેયાર્થે જ થયો હશે; પરન્તુ કાલાન્તરે એ હેતુ સિદ્ધ થયો છે ખરો? કે પછી પુષ્ટિમાર્ગીય વ્યાપક શ્રેયસાધનાને કોઈ વિપરીત અસર થઈ છે?

આ બાબતમાં અનેક વડીલ વૈષ્ણવો અને આચાર્યશ્રીઓ સમક્ષ ચર્ચાથી જાણવા મળ્યું છે તે પ્રમાણે ગદ્યમન્ત્રનું વર્તમાન સ્વરૂપ પરિવર્તિત છે. તેમાં "**શ્રીગોપીજનવલ્લભાય**" શબ્દ કોઈ સદ્દેશ્યથી ઉમેરાયો છે. આ પરિવર્તનને કારણે કેટલીક વખતે "શ્રીગોપીજનવલ્લભાય" એટલે ૧૧ વર્ષ અને પર દિવસ સુધી પ્રભુએ જે લીલા કરી ત્યાં સુધીના જ શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગીય. ત્યાર પછી મથુરા કે દ્વારકા માં લીલાઓ કરી તે કૃષ્ણ પુષ્ટિમાર્ગીય નહીં આવી પણ એક વાત વ્યાપક પણે ચાલે છે. આનો અર્થ એ કે ગીતાના ગાનારાં કૃષ્ણ પણ પુષ્ટિમાર્ગી નહીં. એનો અર્થ એ કે ગીતા પણ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્ય નહીં. આ બાબત અનેક આચાર્યો પાસે ચર્ચા કરી પરન્તુ આ સમસ્યાનો કોઈ નિર્ભ્રાન્ત ઉત્તર મળતો નથી. હવે શ્રીમહાપ્રભુજી ગીતાને પ્રમાણ તરીકે માને છે અને શાસ્ત્રાર્થપ્રકરણને 'ગીતાર્થ' કહે છે તો પછી આપણને આવું કહેવાની હિમ્મત કેમ ચાલે છે! આ જ પ્રમાણે ઘણા લોકો આચાર્યોનો અભિપ્રાય જાણ્યા સિવાય કે પ્રમાણોની દરકાર કર્યા સિવાય પોતાની માન્યતાઓને પુષ્ટિમાર્ગીય માન્યતા તરીકે પ્રચારિત કરતાં હોય છે જેમ એક પ્રસિદ્ધ વૈષ્ણવે મને કહ્યું હતું કે "પુષ્ટિમાર્ગમાં 'ૐ' ન હોય. આપણે ત્યાં 'શ્રી' હોય". તે જ પ્રમાણે અન્યાશ્રયની બાબતમાં પણ છે. આ સિવાય ગ્રન્થસાહિત્યના વાંચન બાબત પણ એવું કહેવાતું હોય છે કે વૈષ્ણવે તો પુષ્ટિમાર્ગીય આચાર્યો કે ભક્તો રચિત સાહિત્યજ વાંચવું બીજું ન વાંચવું. નહીં તો ખોટી સમજ થઈ જાય. સારી વાત છે. કારણ કે શ્રીમહાપ્રભુજીએ તમામ શાસ્ત્રોનો સાર ષોડશગ્રન્થ વગેરેમાં સંગ્રહીત કર્યો છે. પણ એનો અર્થ એવો નથી કે આ જ વાંચો અને બાકીનું બધું છોડીદો.

૫. બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપતી વેળા પૂજ્ય ગુરુદેવો જે જીવોને શ્રીઠાકોરજીનાં ચરણોમાં સોંપે છે તે જીવોને પરબ્રહ્મના સ્વરૂપ અંગે કશો જ ભ્રમ ન રહે એવો પ્રત્યક્ષ પરિચય કરાવવામાં આવે છે ખરો?



૬. જીવ અને ઈશ્વર વચ્ચે જે ભેદ છે તેને ભૂંસવામાં આવે છે ખરો? ઈશ્વર અને બ્રહ્મ એક જ છે કે એની વચ્ચે પણ કોઈ સૂક્ષ્મ ભેદ છે? જો આવો કાઈ ભેદ હોય તો એમાં અભેદ સિદ્ધ કરવાની કોઈ યુક્તિ બતાવવામાં આવે છે ખરી?

અહીં થોડી સ્પષ્ટતા કરી લઉં. ઈશ્વર એ બ્રહ્મનુંજ એક રૂપ છે. પરન્તુ શુદ્ધબ્રહ્મ કરતાં થોડું જુદું સ્વરૂપ છે. કારણ કે એ સગુણબ્રહ્મની ભૂમિકામાં આવે છે. એટલે સગુણબ્રહ્મની ભૂમિકામાં બાળકૃષ્ણ છે એ નન્દજીનાં આંગણાંમાં આળોટે છે એ બ્રહ્મ અને બીજો બ્રહ્મ એ કે જેને ઋષિ-મુનિઓ વર્ષો સુધી તપ કરવા છતાંય શોધી શકતાં નથી. તો આ બેની વચ્ચે ભેદ શું? આની ચર્ચા શ્રીમહાપ્રભુજીએ બહુ સૂક્ષ્મ રીતે કરી છે કે જે ઈશ્વર પદ છે એને જ્યાં સુધી સાવ ભૂંસી નહીં નખાય ત્યાં સુધી તુરીય પદ પ્રાપ્ત નહીં થાય. આપણે ત્યાં આ જ વાત કરી છે. અને એવા સઙ્કેતો કર્યા છે.

૭. આત્મનિવેદન કરનારને માથે શ્રીઠાકોરજીનાં નિધિસ્વરૂપો પૈકી કોઈ એક સ્વરૂપ પધરાવી આપવામાં આવે ત્યારે તેને મૂર્તિ અથવા પ્રતિમા ન કહેતાં સ્વરૂપ કેમ કહેવામાં આવે છે તેની કોઈ સૂક્ષ્મ સમજ આપવામાં આવે છે ખરી?

સ્વરૂપ એટલે પોતાનું સાચું રૂપ. સેવ્યને મૂર્તિ કે પ્રતિમા ન કહી સ્વરૂપ કહીને શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીને એ સઙ્કેત કરવામાગે છે કે "તારું પણ સાચું સ્વરૂપ આ જ છે. જ્યાં સુધી તું પોતાના સ્વરૂપને નહીં સમજે ત્યાં સુધી તું આ સ્વરૂપમય થઈ જા. અને તેદ્વારા તું તારા સ્વરૂપને પ્રાપ્ત કર".

૮. આત્મનિવેદી જીવો પૈકી દરેકને માથે સ્વરૂપ પધારવી આપવાની જ પરમ્પરા છે કે પછી અન્ય રીતે પણ સેવા કરવાની આજ્ઞા આપવામાં આવે છે?

૯. અન્યરીતે સેવા પધરાવાતી હોય તો એની પાછળ કયો હેતુ છે?

આવા બીજા પ્રશ્નો પણ ઉદ્ભવી શકે; પરંતુ અહીં મુખ્ય વિષયને સ્પર્શતા કેટલાક મહત્ત્વના મુદ્દા જ વિચારણામાં લેવા ધાર્યું છે જેથી લેખનો અનાવશ્યક વિસ્તાર ટાળી શકાય. ઉપરોક્ત પ્રશ્નોનું સમાધાન થયા પછી બ્રહ્મસમ્બન્ધ દીક્ષાના અધિકારક્ષેત્રમાં પ્રવેશ કરી શકાય એમ અમારું નમ્રપણે માનવું છે.

પુષ્ટિમાર્ગમાં દીક્ષા બે પ્રકારે અપાય છે તે સર્વવિદિત છે. ૧. શરણમન્ત્રદીક્ષા જેને અષ્ટાક્ષરદીક્ષા કે નામદીક્ષા પણ કહે છે. નામદીક્ષાનો મન્ત્ર અષ્ટાક્ષરમન્ત્ર છે. આ દીક્ષા લેનારમાટે ભગવદાશ્રય અને અન્યાશ્રયત્યાગ એ બે પાયાની બાબતો છે. ભગવદાશ્રય દઢ થાય ત્યારેજ પ્રભુની સાચી ભક્તિ થઈ શકે અને સાંસારિક ચિન્તાઓથી મુક્ત બની પ્રભુનો આશ્રય કરી ભક્ત ચિત્તને ભક્તિભાવમાં પરોવી શકે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે તેમ આલોક-પરલોકની ચિન્તા છોડી શ્રીપ્રભુના શરણે જવું એ ભક્તિનો પ્રથમ પાયો છે[2].

ભગવદાશ્રયની મહત્તા સમજ્યા પછી બીજી મહત્વની બાબત છે અન્યાશ્રયનો ત્યાગ. શ્રીમહાપ્રભુજી આથીજ આજ્ઞા કરે છે કે ૧. શ્રીકૃષ્ણ સિવાય કોઈ પણ દેવી-દેવતાની સેવા-પૂજા ન કરવી. ૨. સામે ચાલીને કોઈ પણ દેવી-દેવતાના દર્શને ન જવું. ૩. કોઈ પણ દેવી-દેવતા પાસે ક્યારે પણ કંઈ માંગવું નહીં[3]. જો કે આ આજ્ઞા પાછળ અન્ય દેવી-દેવતાઓના અનાદરનો ભાવ નથી; પરન્તુ આપણા ઈષ્ટ શ્રીકૃષ્ણના આશ્રયને દઢ રાખવા એમનામાંજ રતિ, ગતિ અને મતિ રાખવી એવો અર્થ સમજવો. કેમકે 'શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શિવજી, દુર્ગા, ગણપતિ આદિ દેવી-દેવતા શ્રીકૃષ્ણના ભક્ત છે અને શ્રીકૃષ્ણની આજ્ઞાથી જ તેઓ



પોત-પોતાના કાર્યો કરે છે. આથી શ્રીકૃષ્ણભક્ત હોવાને કારણે તે બધાં આપણા માટે આદરણીય છે. પણ ભજનીય તો સર્વદેવપૂજ્ય શ્રીકૃષ્ણજ છે[4].

જ્યારે જીવમાં આટલી દઢતા આવે ત્યારે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવા માટે ખેતર ખેડાઈને તૈયાર થયું એમ માનવામાં આવે છે. આવા જીવો જ્યારે આગળ વધવા જિજ્ઞાસા અને શ્રદ્ધા ધરાવતા થાય ત્યારે એ વાસ્તવિક ભક્તિમાર્ગમાં પ્રવેશવાને યોગ્ય ગણાય. ભક્તિમાર્ગને સમજાવતાં શ્રીમહાપ્રભુજી શાસ્ત્રાર્થપ્રકરણમાં આજ્ઞા કરે છે કે પ્રભુના માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ અને સૌથી વધુ સ્નેહ થાય ત્યારે ભક્તિ થઈ કહેવાય. પ્રેમપૂર્વકની ભક્તિજ મુક્તિ માટેનું દ્વાર છે. આવી ભક્તિને શ્રીમહાપ્રભુજી 'ભાવ' કહે છે[5]. કેવળ શબ્દાડમ્બર એ વાણીનો વ્યભિચાર છે. નારદપઞ્ચરાત્રમાં પણ માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ કરવી એમ જણાવાયું છે. ભાગવતજીના ત્રીજા સ્કન્ધનાં સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"સ્નેહો માહાત્મ્યં ચ મિલિતં ભક્તિર્ભવતિ"**[6].

પ્રભુનો વાસ્તવિક મહિમા જાણ્યા વગર સાચી પ્રભુભક્તિ થઈ શકતી નથી. પ્રભુના મહિમાને જાણવાથીજ નિઃસ્વાર્થ, સુદઢ અને સર્વતોધિક સ્નેહવડે પ્રભુની સેવા થઈ શકે છે. આવી સેવા માટે સજ્જ જીવને બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય પૂજ્ય આચાર્યો તથા વિદ્વાનો નિઃશઙ્ક એટલું તો સ્વીકારે જ છે કે પ્રભુમાં દઢવિશ્વાસ, અન્યાશ્રયત્યાગ, તિલક-કંઠી વગેરે બાહ્ય વૈષ્ણવચિહ્નો, માર્ગનું જ્ઞાન મેળવવામાં તત્પરતા, હરિ-ગુરુ-વૈષ્ણવોમાં આદરભાવ અને સેવા કરવાની ઈચ્છા ઓછામાં ઓછાં આ લક્ષણો તો બ્રહ્મસમ્બન્ધ લેનારમાં હોવાજ જોઈએ. આ લક્ષણો દીક્ષાર્થી ધરાવે છે કે નહીં તેની પરીક્ષા કર્યા વિના ગુરુએ તેને બ્રહ્મસમ્બન્ધ ન આપવું જોઈએ[7].

બ્રહ્મસમ્બન્ધદીક્ષાદ્વારા જીવ પોતાના સર્વસ્વનું પ્રભુને સમર્પણ કરે છે. બ્રહ્મસમ્બન્ધ દીક્ષાને આત્મનિવેદન પણ કહે છે જેમાં આપણા સહિત

આપણું ઘર, પરિવાર, ધન બધું પ્રભુનુંજ છે એવું પ્રભુ સમક્ષ નિવેદન કરવામાં આવે છે. આત્મનિવેદન પછી પુષ્ટિમાર્ગની રીતે શ્રીપ્રભુની સેવા કરવાની પાત્રતા ગણાય છે. સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મસમ્બન્ધદ્વારા જીવની પ્રભુ સાથે થયેલ આત્મીયતાને કારણે પ્રભુ સેવકના દોષોને ગણકાર્યા વિના એની સેવાનો સ્વીકાર કરે છે. અલબત્, પ્રભુ દોષોને ન ગણકારે એટલા માત્રથી જીવ નિર્દોષ થઈ જતો નથી. તેથી પોતાના વ્યવહાર તરફ સદા સતર્ક રહેવુ જરૂરી છે.

શિષ્યને જ્યારે સાચી તાલાવેલી જાગે અને તે પ્રભુને પામવા તરફડે ત્યારેજ એને દીક્ષા આપવી જોઈએ એવી પરમ્પરા છે. જિજ્ઞાસુ આ બાબતમાં પૃચ્છા કરે ત્યારે એને વધુ ચકાસવા કેવા જવાબ અપાય એનો નમૂનો ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતાજીમાં આપ્યો છે. ભગવાન્ કહે છે: "હે પાર્થ! સમ્પૂર્ણ કર્મો જ્ઞાનમાં સમાઈ જાય છે. એ જ્ઞાનનો ઉપદેશ તને બ્રહ્મજ્ઞ, બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય એવા તત્ત્વદર્શી જ્ઞાનીપુરુષો કરશે. તેમાટે એમને પ્રણામ કરી, એમની સેવા કરી, એમને પ્રશ્નો પૂછી એ જ્ઞાન તું જાણી લે. એ જ્ઞાન પામ્યા પછી તું ફરી મોહ નહીં પામે અને એનાથકી સર્વ પ્રાણીઓને પ્રથમ તું પોતામાં અને પછી મારામાં જોઈશ"[૮].

અહીં વિચારવા જેવો મુદ્દો એ છે કે જગદ્ગુરુ પરબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ અર્જુનને આજ્ઞા કરે છે કે "તું તત્ત્વજ્ઞપુરુષો પાસે જઈ બ્રહ્મજ્ઞાન મેળવ". અહીં જ્ઞાનાર્થીમાં જે નમ્રતા, શરણાગતી અને જિજ્ઞાસા જોઈએ તેનો પણ તેણે કરવાના વ્યવહાર દ્વારા ઈશારો કર્યો છે. એ એકજ શ્લોકમાં ગુરુ અને શિષ્ય બન્નેની પાત્રતા દર્શાવી છે. શ્રીમહાપ્રભુજીએ પણ સર્વનિર્ણયપ્રકરણની કારિકા ૨૨૭માં આજ્ઞા કરી છે કે કેવા લક્ષણવાળા પુરુષને ગુરુ બનાવવા જોઈએ. "**कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितं नरम्, श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात्**". અર્થાત્ સેવા કરવાની ઈચ્છાવાળા જિજ્ઞાસુએ નીચેનાં ત્રણ લક્ષણો બ્રહ્મસમ્બન્ધ આપનારમાં છે કે નહીં એની ખાતરી કરીને પછીજ બ્રહ્મસમ્બન્ધ લેવું જોઈએ:



૧. ગુરુનું આચરણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત ન હોય. શ્રીમહાપ્રભુજીએ બતાવેલ પ્રકારે પોતાના ઘરમાંજ ફલરૂપ જાણીને ભગત્સેવા કરતા હોય. ભગવત્સેવા માટે કોઈની પાસેથી ધન, ભેટસામગ્રી માંગતા ન હોય અને કોઈ આપવા તૈયાર હોય તો પણ તેને સ્વીકારતા ન હોય.

૨. પ્રભુની સેવા કરવા છતાં જો પાખંડ કે લોભથી સેવા કરતા હોય તો એવી વ્યક્તિ ગુરુ થવાને યોગ્ય ન ગણાય. આથી ગુરુએ લોકોને દેખાડવા, વાહવાહી મેળવવા કે લોકો પાસેથી શ્રીઠાકોરજીમાટે પૈસા લેવા સેવા ન કરવી જોઈએ.

૩. શ્રીભાગવત એ ભકિતમાર્ગનો આધાર છે. આથી બ્રહ્મસમ્બન્ધદાતા ઓછામાં ઓછું ભાગવતના સારને તો જાણતા હોવાજ જોઈએ[૯].

જો સદ્ગુરુની આટલી પાત્રતા હોવી અનિવાર્ય ગણી હોય તો સેવકમાં પણ અમુક પાત્રતા તો હોવી જ જોઈએ. અહીં અમે 'અધિકાર' શબ્દને 'વરણ' અને 'હક્ક' એવા રૂઢ અર્થમાં ન લેતા પાત્રતા કે યોગ્યતા એવા અર્થમાં જ મૂલવ્યો અને પ્રયોજ્યો છે. સેવકની પાત્રતા અંગે યથાસ્થાન વિચારીશું, પરંતુ તેનામાં જિજ્ઞાસા, શ્રધ્ધા, નિષ્ઠા, સમર્પણભાવ અને ત્યાગ - વૈરાગ્યયુક્ત નીર - ક્ષીર વિવેક હોવાં જોઈએ.

અહી ૧. શરણદીક્ષા અને ૨. આત્મનિવેદન અથવા બ્રહ્મસમ્બન્ધ દીક્ષા એવા બે પ્રકાર મૂળથી ચાલ્યા આવે છે. તેનો અર્થ એ થયો કે બ્રહ્મજ્ઞાન મેળવવા અને તે મેળવ્યા પછી શ્રીપ્રભુની નિષ્ઠાપૂર્વક સેવા કરી આત્મોદ્ધાર કરવા ઈચ્છનારે પ્રથમ શરણદીક્ષાદ્વારા અમુક પાત્રતા તો કેળવવી જ જોઈએ. એનો અર્થ એ કે સૌ કોઈ બ્રહ્મસમ્બન્ધદીક્ષાના અધિકારી ગણાય નહીં. પરન્તુ શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું એક નામ "સ્ત્રી-શૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ:" છે. અને એક ક્ષત્રાણી અને યાદવદાસ જેવા કુંભારને આપ શરણે લે છે. એટલે કે સ્ત્રી - શૂદ્રાદિ સર્વના ઉદ્ધારક એવા શ્રીમહાપ્રભુજી સૌ કોઈને પુષ્ટિમાર્ગમાં પ્રવેશને પાત્ર ગણે છે, એટલું જ નહીં અલીખાન અને રસખાન જેવા મ્લેચ્છોનો જ નહીં નન્દગામના પાનસરોવરપાસે સોદાગરના

ઘોડાનો પણ ઉદ્ધાર કરે છે. એટલે આવા જીવોનો પણ અઙ્ગીકાર કરનાર શ્રીમહાપ્રભુજી મહાકારુણિક હતા. તેમ છતાં એમાંથી સ્પષ્ટ થતું નથી કે એ સૌને બ્રહ્મસમ્બન્ધજ કરાવ્યો હશે.

શરણદીક્ષામાટે જેમ અષ્ટાક્ષરમન્ત્ર છે. તેમ બ્રહ્મસમ્બન્ધદીક્ષામાટે ગદ્યમન્ત્ર છે. પરન્તુ ગદ્યમન્ત્રનું સ્વરૂપ યથાવત છે ખરું? જાણવામાં આવ્યું છે તેમ ગદ્યમન્ત્રમાંજ મૂળમાં જે બ્રહ્મવાચી શબ્દ હતો તેના સ્થાને શ્રીગોકુલનાથજીએ "યશોદોત્સઙ્ગલાલિત:" શબ્દ પ્રયોજ્યો છે. જો આવો પાઠફેર માર્ગના શ્રેયાર્થે જ થયો હોય તો તે ઉત્તમ જ છે, પણ કાલાંતરે એનું પરિણામ આજે એવું જોવા મળે છે કે પુષ્ટિમાર્ગમાં જે વ્યાપક ધર્મભાવના હતી તે ક્રમશ: સઙ્કીર્ણ બનતી ગઈ અને ગોકુલમાં હતા તે બાલલીલા કરનારા શ્રીકૃષ્ણજ અમારા ઈષ્ટ અને ત્યાર પછી મથુરા ગયેલા અને ત્યાંથી દ્વારકામાં વસેલા શ્રીકૃષ્ણ અમારા નહીં એવો અધ્યાસ વૈષ્ણવોમાં પ્રવેશતો અને દૃઢ થતો ગયો. આવા વૈષ્ણવોની એ માન્યતાને જો સ્વીકારી લેવામાં આવે તો મહાભારત યુદ્ધ સમયે ગીતાના ગાનાર શ્રીકૃષ્ણનો છેદ જ ઊડી જાય અને ચાર પ્રમાણો પૈકીનું એક મહત્ત્વપૂર્ણ પ્રમાણ ગીતા પણ પ્રમાણગ્રન્થ રહી જ ન શકે! શ્રીમહાપ્રભુજી પૂર્વાચાર્યોના સમયથી ચલ્યાં આવતાં ત્રણેય પ્રમાણોનો સ્વીકાર કરી શ્રીમદ્ભાગવતને ચોથા પ્રમાણ તરીકે પ્રયોજે છે. એ તો સર્વવિદિત છે કે વેદો અને ઉપનિષદો ના અર્કરૂપ બ્રહ્મસૂત્રો અથવા વ્યાસસૂત્રો છે. વ્યાસસૂત્રોનોજ વિસ્તાર વર્ગીકૃત થઈને ગીતામાં નિરૂપાયો છે. અને ગીતાનોજ વિસ્તાર દૃષ્ટાન્તરૂપે શ્રીમદ્ભાગવતમાં નિરૂપાયો છે. બ્રહ્મસૂત્રો, મહાભારતમાં નિરૂપાયેલી ગીતા અને શ્રીમદ્ભાગવત એ ત્રણેય ગ્રન્થો ભગવાન શ્રીવેદવ્યાસરચિત છે. શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતાને પ્રમાણરૂપ માની જ છે.

આ સ્થાને દુ:ખ સાથે એ પણ નોંધ્યા વગર રહી શકાતું નથી કે પુષ્ટિમાર્ગમાં ઘણા ખરા વૈષ્ણવો એવું માને છે કે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થ તેમજ શ્રીવલ્લભવંશજ આચાર્યચરણોના ગ્રન્થો તેમજ શ્રીમદ્ભાગવત



દશમસ્કન્ધ, શ્રીદયારામભાઈનાં પદો તથા માર્ગીય વિદ્વાનો - વૈષ્ણવોદ્વારા રચેલાં ધોળાપદ કે સાહિત્ય સિવાય બીજા કશાનું અધ્યયન અમારાથી થાય નહીં. અહીં એમને અન્યાશ્રયનો હાઉ આભડે છે.

બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપતી વેળા પૂજ્યવાદ ગુરુદેવો શરણાગત જીવને જ્યારે શ્રીઠાકોરજીનાં ચરણોમાં સોંપે છે ત્યારે તે ઠાકોરજી પરબ્રહ્મ શ્રીકૃષ્ણજ છે એવું તો દૃઢ કરાવે છે પરન્તુ પરબ્રહ્મનું સ્વરૂપ શું? એનો ભાગત્યાગલક્ષણાદ્વારા પ્રત્યક્ષ પરિચય કરાવે છે ખરા? સમ્ભવ છે કે આ માર્ગ જોખમી હોઈ દરેક જીવને આવી નિર્ભ્રાન્ત પ્રતીતિ કરાવવાનું કદાચ ઉચિત ન ગણાય. તો પણ વેદો - ઉપનિષદોમાં જ્યાં પણ બ્રહ્મની ચર્ચા આવે છે ત્યાં ખૂબ સૂક્ષ્મતાપૂર્વક એની વાત કરવામાં આવે છે, પરન્તુ કાપટ્યભાવપૂર્વક. આથી જ આવે સ્થળે શ્રુતિઓમાં "નેતિનેતિ" કહી ઋષિઓ જિજ્ઞાસુને આત્મખોજ કરવા પ્રેરે છે. આ પરંપરાને કારણે જ પરમજ્ઞાન પ્રાપ્તત કરવા મથતા મુમુક્ષુઓ માટે ગુરુની અનિવાર્ય આવશ્યકતા બતાવાઈ. આમ પરમ્પરાથી જ ગુરુઉપર વધુ જવાબદારી નાખવામાં આવી છે. અને સદ્ગુરુઓએ આ જવાબદારી નિભાવવી જ રહી.

ઉપરની ચર્ચાના સન્દર્ભમાં ઉપસંહાર રૂપે દીક્ષાર્થીની યોગ્યતા - અયોગ્યતાનો વિચાર કરી શકાય.

આત્મનિવેદન વખતે વૈષ્ણવ પોતાનું સર્વસ્વ પ્રભુ સમક્ષ નિવેદિત કરે છે. આથી આવા સેવકનું પોતાનું કશું જ રહેતું નથી. આ પ્રણાલી વ્યક્તિની અહન્તા તથા મમતા ને છોડાવવામાટેનું અનિવાર્ય પ્રાથમિક સોપાન છે. જો શ્રધ્ધા અને નિષ્ઠાપૂર્વક પ્રભુને સઘળું સમર્પિત કર્યું હોય તો પછી કશાજ ઉપર પોતાનો માલિકીભાવ રહેતો નથી. સેવકભાવે ઠાકોરજીની યથાવકાશ સેવા કરવી એ જ એનો જીવનધર્મ બની રહે. આ સેવા પોતાના સેવ્યસ્વરૂપમાં તદાકાર થઈને કરવાની હોય છે. આ માટે શ્રદ્ધા અને નિષ્ઠા બન્ને જરૂરી છે. શ્રદ્ધા એ મનની સઙ્કલ્પાત્મિકા વૃત્તિ છે

જે ચઞ્ચલ મનને સ્થિર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. 'ભક્તિ' એટલે પ્રભુની પ્રેમપૂર્વક નિ:સ્વાર્થ ભાવે કરાતી સેવા. જ્યારે સેવાનો આવો ભાવ દૃઢ થાય અને પ્રભુમાં રતિ જાગે ત્યારે મતિ શુદ્ધ થાય, પછી એને સર્વત્ર શ્રીપ્રભુનાજ દર્શન થાય. આવી વ્યસનદશા સિદ્ધ થાય ત્યારે સઘળી જંજાળ પાકેલા પાનની જેમ આપમેળે ખરી જાય. ભક્તિની આવી ચરમાવસ્થા સિદ્ધ થાય એટલા જ માટે સેવા કરવાની હોય છે. અન્તત: સેવાનું ફળ તો સેવા જ છે, પણ સેવકનું આખું જગત્ બદલાઈ જાય છે. પ્રભુ સર્વતન્ત્ર સ્વતન્ત્ર હોવા છતાં ભક્તપરવશ - પરતન્ત્ર બની ભક્તની પાછળ - પાછળ ફરે છે. જ્યાં આવી સ્થિતિનું નિર્માણ થાય ત્યાં ભક્ત આનન્દોલ્લાસથી ગાઈ ઉઠે છે "લાલી મેરે લાલકી જિત દેખોં તિત લાલ, લાલી દેખન મૈં ચલી મૈં ભી હો ગઈ લાલ". ગીતાજીમાં પણ "વાસુદેવ: સર્વમ્" આવી અવસ્થામાટેજ કહ્યું છે. અને ભગવાન કૉલ આપે છે કે "જે મને બધે જુએ છે અને બધું મારામાં જુએ છે એને હું આદૃશ્ય રહેતો નથી અને એ મને અદૃશ્ય રહેતો નથી"[૧૦]. આવી સ્થિતિ પ્રાપ્ત થાય તેમાટે ભગવાન્ સાવચેતીના સુરમાં બોધવાક્ય કહે છે "હે મહાબાહો! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે. તો પણ હે કુન્તીપુત્ર! અભ્યાસ અને વૈરાગ્ય વડે તેને વશ કરાય છે"[૧૧]. એટલે ભક્તિમાર્ગમાં પણ ઈન્દ્રિયો અન્યત્ર ન ભટકે તેમાટે અભ્યાસ અને રાગાત્મક વૃત્તિઓને પ્રભુગામી બનાવવા રૂપ વૈરાગ્ય આવશ્યક મનાયો છે.

જેમને આ બધું ઝંઝટરૂપ લાગે તેમનામાટે પણ ભગવાને ગીતાજીમાં છેલ્લે એક જ વાત કરી કે **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ"**[૧૨]. આથી અર્જુન પણ શરણાગતિ સ્વીકારી નિશ્ચિન્ત બનતાં એકરાર કરે છે કે **"નષ્ટો મોહ: સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્ મયાચ્યુત, સ્થિતોઽસ્મિ ગતસન્દેહ: કરિષ્યે વચનં તવ"**. ભક્તની જ્યારે આવી તૈયારી હોય અને નિષ્ઠાપૂર્વક સર્વસ્વસમર્પણ કરી, પ્રભુ પ્રીત્યર્થે જીવન જીવવાની તાલાવેલી હોય તે જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષાનો સાચો અધિકારી ગણાય. આવા જીવોના યોગક્ષેમની જવાબદારી પ્રભુ ઉપાડી લે છે અને શ્રીમહાપ્રભુજી આજ્ઞા



કરે છે તેમ **"ચિન્તા કાઽપિ ન કાર્યા નિવેદિતાત્મભિ: કદાપીતિ, ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્"**[૧૩]. જીવ જ્યારે સર્વસમર્પણદ્વારા અકિઞ્ચન બને છે એટલે કે શૂન્યરૂપ બને છે ત્યારે જ પૂર્ણ પણ બને છે. "ત્યાગીને ભોગવી જાણો" એ ઉપનિષદ્વાક્યનો આ જ મર્મ છે[૧૪]. આવા શૂન્યરૂપ થઈ ગયેલા ધન્ય જીવોને જોઈને જેમની વૃત્તિ બ્રહ્માકાર બની જાય છે એવા ઋષિ ગદ્ગદકણ્ઠે લલકારી ઊઠે છે[૧૫]. **"ૐ પૂર્ણમદ: પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે, પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે, ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:"**

અન્તે, વાક્પતિ શ્રીવલ્લભનાં પાદપઙ્કજમાં આ લેખ અર્પણ કરી વિરમું છું. અસ્તુ.

સન્દર્ભ :

૧. ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ કૃત 'પુષ્ટિસિદ્ધાન્તસાર' પૃ. ૪ - ૫
૨. વિવેકધૈર્યાશ્રય ૧૦ - ૧૧
૩. એજન, ૧૪
૪. ગો. શ્રીશરદ્ કૃત 'પ્રવેશિકા' પૃ. ૧૨
૫. શાસ્ત્રાર્થપ્રકરણ કા. ૪૨, પૃ. ૬૧
૬. સુબોધિનીજી ૩/૯/૩૧
૭. પ્રવેશિકા પૃ. ૧૬
૮. શ્રીમદ્ભગવદ્ગીતા ૪/૩૪ - ૩૫
૯. પ્રવેશિકા પૃ. ૧૮ - ૧૯ અને સિદ્ધાન્તવચનાવલિ પૃ. ૩
૧૦. ભગવદ્ગીતા ૬/૩૦
૧૧. એજન, ૬/૩૫
૧૨. એજન, ૧૮/૭૩
૧૩. નવરત્ન ૧
૧૪. ઈશાવાસ્ય ૧
૧૫. ઈશાવાસ્યોપનિષત્ શાન્તિપાઠ.

## ચર્ચા

### બ્રહ્મસમ્બન્ધદીક્ષા મેળવવાને અનધિકારી કોણ?

પ્રા. શ્રીરાજનભાઈ કડીયા

ગજાનન શર્મા: 'ब्रह्मसम्बन्ध'में 'ब्रह्म'पदका प्रयोग क्यों किया गया है? दूसरा प्रश्न ये है कि केवल ''गोपीजनवल्लभाय''शब्दके प्रोयोगसे ही गीताका अनादर हो गया हो एसा मुझे नहीं लगता है.

રાજન કડીયા: ब्रह्म व्यापक है. ''**सर्वं खलु इदं ब्रह्म**'' ''**वासुदेवः सर्वम्**''. जो भी हमारे सामने है वो सब ब्रह्ममय है. ब्रह्मसे ही हम सभीकी उत्पत्ति है. हम सब ब्रह्मके अंश हैं. इसलिये सबके मूलके साथ या जगत्के कारणके साथ जब हमारा सम्बन्ध हो रहा है तो वह उसके परिचयके साथ हो यह अनिवार्य है. और ब्रह्म आनन्दस्वरूप है. ब्रह्मसे अलग हो जाने पर हमारे अन्दरसे आनन्दांश तिरोहित हो गया है. उसे पानेकेलिये हमारी खोज जन्म - जन्मान्तरोंसे चल रही है. ब्रह्मसम्बन्ध उसीको पानेकेलिये कराया जा रहा है. इसलिये 'ब्रह्म'पदका प्रयोग है. और दूसरी जो बात है उसके सम्बन्धमें मेरा यह कहेना है कि हो सकता है कि केवल उसके कारण ऐसी भ्रान्ति न फेली हो, दूसरे भी कारण रहे हों, परन्तु व्यवहारमें ऐसी भ्रान्तियां हमारी किसी न किसी सङ्कुचित विचारधारा अथवा अज्ञान के कारण फैली हैं जिसे हमें दूर करना चाहिये.



ગો. યોગેશ: ''गोपीजनवल्लभाय''पदके ब्रह्मसम्बन्धमन्त्रमें समाविष्ट होनेके सन्दर्भमें एसा है कि हमारी परम्परामें श्रीविष्णुस्वामी सम्प्रदायकी गोपालमन्त्रकी दीक्षा भी है. ऐसा कहा जाता है कि श्रीगोकुलनाथजीने गोपालमन्त्रमें आनेवाले ''गोपीजनवल्लभाय''-पदको ब्रह्मसम्बन्धमें जोड़कर दीक्षाके दो भिन्न - भिन्न प्रकारोंको एक कर दिया. फिर भी वल्लभवंशज आचार्योंके कुछ घरोंमें गोपालमन्त्रकी दीक्षा अलगसे भी दी जाती है. इसी तरह कुछ घरोंमें ब्रह्मसम्बन्धमन्त्रमें ''गोपीजनवल्लभाय''पदको जोड़े बिना भी दीक्षा दी जाती है.

ધર્મેન્દ્ર ઝાલા: આપે પેપરમાં લખ્યું છે કે ''બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપતી વેળા પૂજ્યપાદ ગુરુદેવો ... પરબ્રહ્મનું સ્વરૂપ શું છે એનો ભાગત્યાગલક્ષણાદ્વારા પ્રત્યક્ષ પરિચય કરાવે છે ખરા?''. તે જ રીતે ''ઈશ્વર એ બ્રહ્મનુંજ એક રૂપ છે. પરન્તુ શુદ્ધબ્રહ્મ કરતાં થોડું જુદું સ્વરૂપ છે. કારણ કે એ સગુણબ્રહ્મની ભૂમિકામાં આવે છે. એટલે સગુણબ્રહ્મની ભૂમિકામાં બાળકૃષ્ણ છે એ નન્દજીનાં આંગણામાં આળોટે છે એ બ્રહ્મ અને બીજો બ્રહ્મ એ કે જેને ઋષિ - મુનિઓ વર્ષો સુધી તપ કરવા છતાંય શોધી શકતા નથી. તો આ બેની વચ્ચે ભેદ શું? આની ચર્ચા શ્રીમહાપ્રભુજીએ બહુ સૂક્ષ્મ રીતે કરી છે. કે જે ઈશ્વર પદ છે એને જ્યાં સુધી સાવ ભૂંસી નહીં નખાયે ત્યાં સુધી તુરીય પદ પ્રાપ્ત નહીં થાય'' આમાં આપ શાઙ્કરમતનું પ્રતિપાદન કરી રહ્યા છો એવો મારો આક્ષેપ છે.

રાજન કડીયા: શાઙ્કરમતમાં તો એવું નથી. ... કેટલાક સમ્પ્રદાયોમાં ભાગત્યાગલક્ષણાની પરમ્પરા છે કેટલાકામાં નથી. આપણા સમ્પ્રદાયમાં કદાચ નહીં હોય. ભાગત્યાગલક્ષણા એ શું છે? તમારે અપ્રત્યક્ષ વસ્તુને જાણવામાટે પ્રત્યક્ષનો ઉપયોગ કરવો પડે. હવે બ્રહ્મ એ પ્રત્યક્ષ નથી. વેદો પણ ''**नेति नेति**'' કહીને છટકી જાય. ...

**ગો. શ ર દ:** રાજનભાઈ! આની ચર્ચામાં જઈશું તો અન્ત નહીં આવે અને અત્યન્ત વિષયાન્તર થઈ જશે. આ બાબત ઝાલાનો જે નિર્દેશ છે તે યથાર્થ છે. શાઙ્કરમતે ઉપનિષદોના કેટલાક વચનોને મુખ્ય માન્યા છે. તે વચનોના આધારે તેઓ પોતાના મતની સ્થાપના કરે છે. તેમાં ખાસ કરીને **"એકમેવાદ્વિતીયં બ્રહ્મ" "પ્રજ્ઞાનં બ્રહ્મ" "અયમાત્મા બ્રહ્મ" "નેહ નાનાઽસ્તિ કિઞ્ચન" "તત્ત્વમસિ" "અહં બ્રહ્માસ્મિ"** આદિ વચનો પ્રસિદ્ધ છે. આમાં "તત્ત્વમસિ" "અહંબ્રહ્માસ્મિ" આદિને તેઓ 'મહાવાક્ય' કહે છે. આવા ઉપનિષદ્વચનોના આધારે તેઓએ પોતાના કેવલાદ્વૈત મતની સ્થાપના કરી છે. શાઙ્કરમતનું નિરૂપણ કરનારું પ્રસિદ્ધ સૂત્ર છે: બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાઽપરઃ. હવે જીવ અને બ્રહ્મનો ભેદ તત્વત: મિથ્યા છે. બ્રહ્મસિવાય બીજું કશું જ અહીં નથી એવું વેદ કહે છે. છતાં શ્રુતિમાં 'બ્રહ્મ'નામ તેના ગુણો તથા 'જીવ - આત્મા'નામ તથા તેના ગુણો ભિન્ન - ભિન્ન બતાવ્યાં જ છે. અને બ્રહ્મ સિવાય કશુંજ ન હોવા છતાં જડ જગત્‌ના રૂપે દ્વૈતની પ્રતીતિ પણ અનુભવસિદ્ધ છે જ. આ વિરોધનો પરિહાર કેમ કરવો? એ સમસ્યા છે. **"નેહ નાનાઽસ્તિ કિઞ્ચન" "એકમેવાદ્વિતીયં બ્રહ્મ"** જેવા વચનોથી તેઓ જગત્‌ની અસત્યતા, ભ્રમરૂપતા કે મિથ્યાત્વ નું પ્રતિપાદન કરે છે જ્યારે **"તત્વમસિ"** અને **"અહં બ્રહ્માસ્મિ"** થી તેઓ જીવની બ્રહ્મરૂપતાનું. આમાં **"તત્વમસિ"** ઉપદેશવાક્ય છે અને **"અહં બ્રહ્માસ્મિ"** એ અનુભૂતિવાક્ય છે. હવે અહીં સમસ્યા એ છે કે આ બન્ને વાક્યોમાં પણ 'તત્' અને 'ત્વમ્' તથા 'અહમ્' અને 'બ્રહ્મ' આમ બે વસ્તુ તો સંભળાયજ છે તો અદ્વૈત કેમ સિદ્ધ કરવું? આના સમાધાનમાટે ભાગત્યાગલક્ષણા છે. દાખલા તરીકે "સોઽયં દેવદત્તઃ". (દેવદત્ત નામના પુરુષને બહુ પહેલાં ક્યારેક જોયો હોય તે ફરીથી દેખાય તો આપણ કહીએ છીએ કે )



"આ તે જ દેવદત્ત છે". આ વાક્યમાં 'આ' (વિશેષ્ય) અને 'તે' (વિશેષણ) બન્ને પદોનું (સામાનાધિકરણ્ય) તાત્પર્ય તો એકજ વ્યક્તિ = દેવદત્ત માં છે. કેવલ ઉપાધિ ભિન્ન - ભિન્ન છે. તત્કાલવિશિષ્ટતા અને એતત્કાલવિશિષ્ટતા. આમ ઉપાધિઓ ભિન્ન - ભિન્ન છે. તે જ રીતે "તત્ત્વમસિ"—"તુ તે જ છે" અથવા "અહં બ્રહ્માસ્મિ"—"હું બ્રહ્મ છું" માં પણ ચૈતન્ય તો એકજ છે. પરન્તુ અપરોક્ષ (જીવ) ચૈતન્યમાં અલ્પજ્ઞતા, કર્મફળનો ભોક્તા, શરીર ધારણ વેગેરે ઉપાધિઓ છે જ્યારે પરોક્ષ (ઈશ્વર) ચૈતન્યમાં સર્વજ્ઞત્વ, સર્વનિયામકતા, જગત્કારણતા વગેરે ઉપાધિઓ છે. આ 'તત્' અને 'ત્વમ્' પદોથી વાચ્ય ચૈતન્યનું સામાનાધિકરણ્ય વિશેષણ - વિશેષ્યભાવથી સિદ્ધ કરીને અખણ્ડાર્થ બોધ સિદ્ધ કરવામાં આવે છે. આ સમગ્ર શાઙ્કરમતની પ્રક્રિયા છે. વાહ્લભવેદાન્તમાં આ અપસિદ્ધાન્ત છે. એટલે આ શબ્દાવલી કે સિદ્ધાન્ત ને આપણે અહીં ન લેવાં જોઈએ.

**રાજન કડીય:** આપણે જ્યારે શુદ્ધાદ્વૈતની વાત જ્યારે કરીએ છીએ ત્યારે બ્રહ્મના અંશ જીવને માન્યા. અને જીવ જો જુદો જ હોય બ્રહ્મથી તો ...

**ગો. શ ર દ:** રાજનભાઈ! એ અલગ વસ્તુ છે. મારું કહેવું તો કેવલ એટલું જ છે કે આપે ભાગત્યાગલક્ષણાના સન્દર્ભમાં જે વિષય ઉઠાવ્યો છે તેને સમ્પ્રદાયની મર્યાદાનો વિચાર કરતાં આપણને સ્પર્શ ન કરવો જોઈએ. વલ્લભવેદાન્ત બ્રહ્મ - જીવ કે જગત્ વચ્ચે ભેદાત્યન્તાભાવરૂપ કેવલાદ્વૈત નથી માનતો. જગત્સત્તાને રજ્જુ - સર્પવત્ વિવર્ત કે પ્રતિભાસ માત્ર નથી માનતો. સત્તાના પારમાર્થિકી વ્યાવહારિકી અને પ્રાતિભાસિકી આવા કોઈ સ્તર નથી સ્વીકારતો. શુદ્ધાદ્વૈત બ્રહ્મ - જગત્ - જીવમાં ભેદસહિષ્ણુ અભેદ માને છે. લીલામાટે બ્રહ્મ જડ - જીવાત્મક જગત્‌ની પોતાનામાંથી સૃષ્ટિ કરે છે. તે જગત્ - જીવ સૃષ્ટિ

પણ બ્રહ્માત્મિકા છે તેથી સત્ય છે. ભેદ લીલાર્થ છે. તે પણ પરમાર્થત: સત્ય છે. બ્રહ્મ પ્રાકૃતગુણ-ધર્મ રહિત અને અપ્રાકૃત સકલ ગુણ-ધર્મ વાળો છે. તેથી તે સગુણ અને નિર્ગુણ બન્ને છે. **"પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ"**. શ્રુતિવચનોના મુખ્યાર્થથી જે નિષ્પન્ન થાય છે તે જ શ્રૌતમત છે. તેથી આચાર્યચરણને શ્રુતિનો અર્થ કરવામાટે ભાગત્યાગલક્ષણાનો આશ્રય લેવાની આવશ્યકતા નથી પડતી. હવે આપને મારે એ પૂછવાનું છે કે બ્રહ્મસમ્બન્ધદીક્ષા મેળવવામાટે સિદ્ધાન્તત: અનધિકારી કોણ તે લેખના સાર રૂપે આપ ચાર પંક્તિમાં જણાવશો?

**રાજન કડીયા:** જિજ્ઞાસા, નિષ્ઠા, બ્રહ્મ અથવા તો સ્વરૂપને પામવાની તાલાવેલી, સમ્પૂર્ણ સમર્પણનો ભાવ અને નિષ્કામકર્મવાળા જીવન જીવવાની તૈયારી જેનામાં ન હોય તે મારી દૃષ્ટિએ બ્રહ્મસમ્બન્ધ તો શું કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક દીક્ષા લેવામાટે અનધિકારી ગણાય.

**પિયૂષ પરીખ:** રાજનભાઈ! આપ ખાસ એ મુદ્દા ઉપર ભાર મુકવા માગો છો કે બ્રહ્મસમ્બન્ધ આપતાં પહેલાં પરબ્રહ્મ શું છે, જીવ અને બ્રહ્મ વચ્ચે સમ્બન્ધ શું છે, માર્ગ શું છે, સેવા શું છે એ વિષયોનું જ્ઞાન જીવને પ્રથમ કરાવવું જોઈએ અને પછી બ્રહ્મસમ્બન્ધ કરાવવું જોઈએ. જો એ આવશ્યક હોય તો મારે એમની પાસેથી એ જાણવું છે કે તો આચાર્યશ્રી નવરત્નગ્રન્થમાં જે આજ્ઞા કરે છે કે **"અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્, યૈ: કૃષ્ણસાત્કૃત:પ્રાણૈ: તેષાં કા પરિદેવના"** તેનું શું? અને આપણી ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં પણ કોઈક જગ્યાએ બાદ કરતાં મોટે ભાગે તો જીવ શરણે આવ્યો છે કે તરત શ્રીમહાપ્રભુજીએ તેને શરણે લીધો છે. તેને પરબ્રહ્મ શું છે કે જીવનું સ્વરૂપ શું છે આવું કંઈ સમજાવ્યું હોય તેવું વાર્તા સાહિત્યમાં ક્યાંય



જોવા મળતું નથી. હવે આનેજ જો સફળતાની પારાશીશી માનવામાં આવતી હોય, એમના કહેવા પ્રમાણે, તો આચાર્યચરણોની **"અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્"** જે આજ્ઞા છે ત્યાં અજ્ઞાનનથી લેવામાં આવેલી જે દીક્ષા છે તેની કોઈ અહેમીયતજ નથી રહેતી.

**રાજન કડીયા:** આચાર્યશ્રીએ તો એટલે સુધી કહ્યું છે કે જો યોગ્ય ગુરુ ન મળે તો કોઈ પણ પ્રકારની દીક્ષા લેવાની પણ જરૂર નથી. સ્વયમેવ વ્યક્તિ સેવા કરી શકે છે. અને નિષ્ઠા હશે તો તે પોતાના ગન્તવ્ય સુધી પહોંચી શકે છે. એનો અર્થ એવો નથી કે આપણે એ માર્ગજ અપનાવવો. તેથી જ્ઞાનપૂર્વક બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેવામાં આવે તો ઉત્તમ વાત છે.

**ગો. શ ર દ:** નવરત્નના આ શ્લોકના તાત્પર્યના વિચારનો પ્રારમ્ભ કરીએ તે પહેલાં આપણે એ સમજી લેવું જોઈએ કે આ ગ્રન્થનો અધિકારી કોણ છે. એટલે કે શ્રીમહાપ્રભુજી કેવી યોગ્યતાવાળાને આ ઉપદેશ આપી રહ્યા છે. શ્રીગુસાંઈજી ગ્રન્થના ઉપક્રમ અને ઉપસંહાર માં તે બાબત સમજ આપે છે.

ત્યાં ભગવદીયોને જો ચિન્તા થાય તો કેવી થાય તે જણાવતાં આપ આજ્ઞા કરે છે કે આત્મનિવેદન જેણે કર્યું હોય તે જ પ્રભુસેવા કરવામાટે યોગ્ય ગણાય, અન્ય નહીં. હવે આત્મનિવેદન જેણે કર્યું હોય તેણે તો ઐહિક કે પારલૌકિક કોઈ પણ વસ્તુ પ્રભુને સર્મર્પણ કર્યા વિનાની રાખીજ ન હોય, બધુંજ પ્રભુને સમર્પિત કરી દીધું હોય. આવા નિવેદિતાત્માને મનમાં વિચાર આવે કે [1]હવે પછી દેહનો નિર્વાહ શેનાથી કરવો? નિવેદિત વસ્તુથી કે તે સિવાયની વસ્તુથી? નિવેદિત વસ્તુથી તો દેહનિર્વાહ કરી ન શકાય. કારણ કે જે પ્રભુને સર્વસ્વનું નિવેદન કર્યું છે તેથી આપણું બધું હવે પ્રભુનું થઈ ગયું તેથી તેની આ બાબત ઈચ્છા જાણ્યા વિના તો તેની વસ્તુથી પોતાનો નિર્વાહ કરીજ કેમ શકાય? અને

પ્રભુની ઇચ્છા જીવ જાણી પણ કેમ શકે? કદાચ દલાતરવાડીની જેમ પ્રભુની તેવી ઇચ્છા માની લેવામાં આવે તોય સેવકમાટે સ્વામિની વસ્તુનો ઉપભોગ કરવો ઉચિત કેમ ગણાય? બીજી બાજુ અનિવેદિત વસ્તુથી દેહાદિનો નિર્વાહ કરવાથી સ્વધર્મની હાનિ થાય છે. આમ બન્ને રીતે જો દેહાદિનો નિર્વાહ સમ્ભવ ન રહે ત્યારે તો દેહજ ન ટકે! દેહ ન ટકે તો ભગવત્સેવા ન સમ્ભવે. પરિણામે આત્મનિવેદન વ્યર્થ જાય. આથી એક તરફ આત્મનિવેદનથી સેવાનો અધિકાર મળે છે અને અત્મનિવેદન કરવા પછી દેહનિર્વાહ સમ્ભવ ન રહેતાં સેવા સમ્ભવી શકતી નથી આમ બાવાનાં બેઉ બગડ્યાં જેવી સ્થિતિ થાય છે. હવે નિવેદન એ દાન નથી. દાનમાં જે શાસ્ત્રનો નિયમ છે કે દાનમાં આપેલી વસ્તુનો ઉપયોગ દાન આપનાર ન કરી શકે તેવો નિષેધ નિવેદિતવસ્તુના ઉપયોગની બાબતમાં નથી. આમ છતાં નિવેદિત બધી સમ્પત્તિનો ભગવત્સેવામાં વિનિયોગ થઈ ગયા પછી [૨]ભગવત્સેવાના નિર્વાહમાટે ભવિષ્યમાં વધુ સમ્પત્તિ કમાવવામાટે પ્રયત્નો કરવા કે નહીં? જો તેમ કરવામા આવે તો પ્રભુથી બહિર્મુખ થવાય અને તેથી સેવામાં પ્રતિબન્ધ આવે. વળી ભગવાન્ પોતે પણ જો પોતાનો ભક્ત પ્રભુથી જે કારણે વિમુખ થતો હોય તે કારણોમાં પ્રતિબન્ધ કરતાં હોય છે. અને જો સેવાર્થ સમ્પત્તિ કમાવવાનો પ્રયત્ન ન કરવામા આવે તો સેવાર્થ આવશ્યક સમ્પત્તિના અભાવમાં ચિત્તમાં ક્લેશ થાય. હવે ભગવત્સેવાર્થ આવી ચિન્તાઓ ન કરવી જોઈએ છતાં પરિવારજનોના કાર્યા કરવામાં પોતાનો વિનિયોગ પ્રભુ સિવાય અન્યત્ર થતાં પ્રભુ સંસારાસક્ત અન્ય લોકો જેવી [૩]લૌકિકીગતિ પોતાની તો નહીં કરે ને! આવી ચિન્તા થાય. ભગવાન્ દયાળુ છે તેથી તેમ નહીં કરે તેવું જો વિચારવામા આવે તો ભગવાનની દયાળુતાના નામે ભક્ત સ્વચ્છન્દ તો નહીં બની જાય ને! "હું ભગવાનનો છું"



એવા અનુસન્ધાનથી સ્વચ્છન્દતા નહીં આવે. અને વળી પરિજનોનું પણ નિવેદન પ્રભુને થયેલું હોવાથી પરિજનોનો પણ અઙ્ગીકાર પ્રભુએ સમાન રૂપથી કરેલ છે. અતઃ તેઓ પણ ભગવદીયજ છે તેથી તેઓમાં પોતાનો વિનિયોગ પણ પરમ્પરયા ભગવદ્વિનિયોગજ છે તેથી કોઈ હાની નથી. હવે, પોતે તો સમ્પૂર્ણ જ્ઞાનપૂર્વક આત્મનિવેદન કર્યું છે પરન્તુ પરિવાર જેનોને તો તેમનું પણ નિવેદન પ્રભુને થઈ ગયું છે તેનું તો જ્ઞાનજ નથી. આવા પોતાના નિવેદન બાબત અજ્ઞાની [૪]પરિજનોનો જો લૌકિક કાર્યોમાં વિનિયોગ થાય તો? આ ચિન્તા છે. સમાધાન એ છે કે ભગવાને જેનો અઙ્ગીકાર કર્યો છે તેની ચિન્તા ભગવાને કરવાની છે. ભગવાનને સોંપેલાઓની ચિન્તા કરી-કરીને ભગવત્સેવામાં ભક્તે સ્વસ્થતા શા માટે ગુમાવવી? ભગવાન્ પોતેજ તેઓનું સંભાળશે. બીજાની ચિન્તા ન કરવી પરન્તુ [૫]પોતે કરેલ આત્મનિવેદનનો સ્વીકાર પ્રભુએ કર્યો હશે કે કેમ? એવી ચિન્તા તો થઈજ શકે છે. આનું સમાધાન એ છે કે જે વિચારથી અન્યવિનિયોગ સમ્બન્ધિ ચિન્તા નથી કરવાની તે જ વિચારથી નિવેદનના સ્વીકાર બાબત પણ ચિન્તા નથી કરવાની. ભગવાન્ કૃપાળુ છે. ભક્તને નહીં છોડે. અને વળી આવી ચિન્તાઓ થવી એજ ભક્તનો અઙ્ગીકાર થયો છે તે સૂચવે છે. કારણ કે ભગવાને જેનો અઙ્ગીકાર કર્યો છે તેને લોક-વેદમાં સ્વસ્થ થવા દેતાજ નથી. ગુરુની આજ્ઞા મુજબ પ્રભુની સ્વસ્થ ચિત્તે સેવા કરવી જોઈએ. કદાચ [૬]પ્રભુ પોતે પણ ભક્તના ચિત્તમાં કોઈ નિમિત્તો ઉત્પન્ન કરીને ઉદ્વેગ કરાવે તો પણ તે ભક્તના વિવેક-ધૈર્યની પરીક્ષાર્થે કોઈ પ્રભુની લીલા છે તેવું વિચારીને પ્રસન્ન રહેવું જોઈએ. ટુંકમાં ચિન્તાને તો તરતજ છોડી દેવી જોઈએ. આ બધા ઉપાયોમાં સ્થિરતા ન આવતી હોય તો "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આમ સતત બોલતાં-બોલતાં

મનમાં પ્રભુની શરણાગતિની ભાવના કરવી. અહીં ગ્રન્થના ઉપક્રમથી લઈને ઉપસંહાર સુધી જેટલી પણ ચિન્તાઓને દષ્ટિમાં રાખીને આચાર્યચરણોએ તેના સમાધાનો નવરત્નમાં બતાવ્યાં છે તેમાં એક પણ એવી ચિન્તા નથી કે જે બ્રહ્મસમ્બન્ધ - આત્મનિવેદન દીક્ષા જેણે ન લીધી હોય કે ભગવત્સેવામાં પ્રવૃત્ત ન હોય તેને લગતી હોય. તેથી નવરત્નગ્રન્થમાં બ્રહ્મસમ્બન્ધ દીક્ષા જ્ઞાનપૂર્વક લેવી કે અજ્ઞાનપૂર્વક એ ચર્ચાજ અપ્રાસંગિક છે. તે જ રીતે ગ્રન્થના ઉપસંહારમાં આ ગ્રન્થ કોનામાટે ઉપદેશાયેલો છે તે અધિકારીનું નિરૂપણ કરતાં શ્રીગુસાંઈજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમિદમુચ્યતે, અન્ધસ્ય સૂર્ય ઇવ તદ્વિમુખસ્યાત્ર નાર્થિતા"**. અર્થાત્ પુષ્ટિભક્તિમાર્ગ ઉપર જે ચાલવા લગી ગયો છે તે આ માર્ગ ઉપર દઢતાથી ચાલી શકે તે પ્રયોજનથી નવરત્નગ્રન્થ કહેવામા આવ્યો છે. "માર્ગ ઉપર ચાલવા લગી ગયો છે" એટલે કે નિયમ મુજબ બન્ને દીક્ષાઓ લઈને જે સ્વગૃહમાં સર્વસ્વનું પ્રભુને સમર્પણ કરીને શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા કરવાનું જેણે શરૂ કરી દીધું છે તે. હવે "અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્" શ્લોકનો વિચાર કરીએ. આ શ્લોક વારંવાર સમસ્યા ઉત્પન્ન કરતો હોય છે. પ્રવચનકારો અને ગોસ્વામી આચાર્યો પણ આ શ્લોકનો અર્થ કરવામાં બટાકાં બાફતાં હોય છે. આ શ્લોકના શબ્દો એટલા ભ્રામક છે કે જો શ્રીગુસાંઈજીની વિવૃતિને જોયા - જાણ્યા વગર શ્લોકનો અર્થ કરવાનો પ્રયત્ન કરવામા આવે તો ઉંધોજ અર્થ સમજાય. હવે શ્રીગુસાંઈજી આ શ્લોકની ઉત્થાનિકામાં આજ્ઞા કરે છે કે **"યથા પુત્રાદીનાં તથા સ્વસ્યાऽપિ સ અન્યવિનિયોગશ્ચેત્, તદાપિ ચિન્તા ન કાર્યેત્યાહુઃ 'અજ્ઞાનાદ્' ઇતિ"**. અહીં સમસ્યા અન્યવિનિયોગને કારણે થતી ચિન્તાના નિવારણની છે નહીં કે આત્મનિવેદન જ્ઞાનપૂર્વક કરવું કે અજ્ઞાનપૂર્વક કરવું તે બાબત સિદ્ધાન્તનો



ઉપદેશ કરવાની. તેથી શ્લોકનો આખો સન્દર્ભજ જુદો છે. અહીં એ વાતનો ભેદ સમજવો પણ આવશ્યક છે કે તત્વ કે સિદ્ધાન્ત નું પ્રતિપાદન કરવું એ એક વાત છે અને ચિન્તાના નિવારણના ઉપાય રૂપે આશ્વાસન આપવું એ બીજી વાત છે. અહીં શ્રીઆચાર્યજીની સામે કૃષ્ણસાત્કૃતપ્રાણ એટલે કે જેણે પોતાના પ્રાણ શ્રીકૃષ્ણની સાથે એક - મેક કર્યા છે તે ઉભો છે. તેને પોતાના તેમજ તેણે જેઓનું નિવેદન પોતાના સમ્બન્ધથી પ્રભુને કર્યું છે તેવા પરિજનોના અન્યવિનિયોગની ચિન્તા થઈ રહી છે. આવા ચિન્તિત આત્મનિવેદીને આચાર્યજી આશ્વાસન આપી રહ્યાં છે કે **"અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેનમ્, યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના"**. અર્થાત્ અજ્ઞાનપૂર્વક જેમણે આત્મનિવેદન કર્યું છે તેવા મન્દ - કનિષ્ઠ કક્ષાના અધિકારીએ તેમજ જ્ઞાનપૂર્વક જેણે આત્મનિવેદ કર્યું છે તેવા મધ્યમ કક્ષાના અધિકારીએ પણ જ્યારે પોતાનો અન્યવિનિયોગ થવા બાબત ચિન્તા ન કરવી જોઈએ ત્યારે જેણે પોતાના પ્રાણ કૃષ્ણની સાથે એક - મેક કર્યાં છે તેણે તો ચિન્તાજ શું કરવાની હોય? હવે રાજનભાઈ! તમે ધ્યાનથી સાંભળજો. તમારા ફેવરની વાત કહી રહ્યો છું. અહીં શ્લોકમાં 'અજ્ઞાન' અને 'જ્ઞાન' બે પદો છે. શ્રીગુસાંઈજીએ અજ્ઞાનથી આત્મનિવેદન કરનારને કનિષ્ઠ - મન્દ કક્ષાનો અને જ્ઞાનથી આત્મનિવેદન કરનારને મધ્યમ કક્ષાનો અધિકારી કહ્યો છે પરન્તુ તેનો અર્થ સ્પષ્ટ નથી કર્યો. શ્રીપુરુષોત્તમજીએ કર્યો છે. ત્યાં એવી પંક્તિ છે **"ભગવતઃ સર્વરૂપત્વેન, માર્ગપ્રવર્તકોપદેશકગુર્વાદિરૂપતાયા, નિરવધિસચ્ચિદાનન્દસ્વરૂપત્વેન પરમફલતાયા, નિરુપધિભક્ત્યેકપ્રાપ્યતાયાશ્ચ અજ્ઞાનાદ્ હીનાધિકારિભિઃ"**. અજ્ઞાન એટલે કે ભગવાન્ સર્વરૂપે થાય છે તેનું જ્ઞાન ન હોવું. **"માર્ગપ્રવર્તકોપદેશકગુર્વાદિરૂપતાયાઃ"** એટલે **"શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ, સાક્ષાદ્**

ભગવતા **પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે**" એ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થોક્તરીત્યા આચાર્યજીને પુષ્ટિભક્તિસમ્પ્રદાયનો આદ્યોપદેશ આપી બન્ને દીક્ષામન્ત્રોનું દાન કર્યું. આથી ભગવાનજ આ સમ્પ્રદાયના પ્રવર્તક ગુરુ છે અવું જ્ઞાન જેને નથી. અને ભગવાન્ નિરવધિ એટલે કે જેની અવધિ-સીમા નથી તેવા અનન્ત સચ્ચિદાનન્દસ્વરૂપ છે અને ફલસ્વરૂપ છે આવું જેને જ્ઞાન નથી. અને "**નિરુપધિભક્ત્યેકપ્રાપ્યતાયાશ્ચ**" એટલે આવા ભગવાન્‌ને કેવલ નિરુપધિ ભક્તિથી જ પ્રાપ્ત કરી શકાય છે આવી જેને સમજ નથી. આ છે અજ્ઞાની. સ્પષ્ટ થયું ને. અને "**તાદૃશજ્ઞાનવત્વેઽપિ કૃષ્ણસાત્કૃતપ્રાણત્વાભાવેન મધ્યમાધિકારિભિઃ ઇતિ અર્થઃ**". જ્ઞાન એટલે અત્યારે આપણે ગણાવ્યું તે બધી બાબતનું જ્ઞાન હોવું. આવા જ્ઞાનવાન્‌ને પણ મધ્યમ અધિકારી એટલામાટે કહ્યો છે કારણ કે તેને જ્ઞાન હોવા છતાં તે કૃષ્ણસાત્કૃતપ્રાણ નથી. અર્થાત્ પ્રથમ જે છે તે જ્ઞાન અને સ્નેહ ઉભય રહિત છે જ્યારે આ જ્ઞાનવાન્ છે પરન્તુ સ્નેહ રહિત છે. આનો સાર એ છે કે આવા અજ્ઞાનપૂર્વક કે જ્ઞાનપૂર્વક જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પણ ચિન્તા કરવાની નથી ત્યારે જે કેવલ પ્રભ્વધીનીકૃતપ્રાણ છે તેને તો ચિન્તા કરવાનીજ શી હોય? એટલે આ વાત ચિન્તાના નિવારણ માટે કહેવામા આવી છે. આનો એવો અર્થ કથમપિ થઈ શકતો નથી કે તેથી અજ્ઞાનથી પણ બ્રહ્મસમ્બન્ધ લઈ કે આપી શકાય છે.

**પિયૂષ પરીખ**: જેજે! હું આપની વાત એકદમ સમજી ગયો. મારું એ કહેવું છે કે આત્મનિવેદન કરીને "કૃષ્ણ મારા છે" એવી દૃઢ ભાવના થઈ ગઈ હોય પછી ભલે એ વખતે પરબ્રહ્મ શું છે કે સ્વરૂપ શું છે કે હું શું છું એનું જ્ઞાન ન હોય તો વાંધો નથી. કૃષ્ણનો થઈ જવો જોઈએ

**ગો. શ ર દ**: એટલે રાજનભાઈનો આશય એ હતો કે આપણે ત્યાં



શરણ-સમર્પણ દીક્ષાઓ આપતી વખતે જે આંધળે બહેરું કુટાય છે કે જેમાં ન તો શિષ્ય ગુરુને કંઈ પૂછે છે કે ન ગુરુ કંઈ શિષ્યને ઉપદેશ આપે છે. આ જે અવ્યવસ્થાના સામ્રાજ્યમાં દીક્ષાનો અવસરજ એક એવો છે કે જેમાં. ગુરુ અને શિષ્ય નો મેળાપ, પુષ્ટિમાર્ગમાં, તેમના સમ્બન્ધના અનુરૂપ (તૈત્તિરીયોપનિષદ્‌માં "**આચાર્યઃ પૂર્વરૂપમ્. અન્તેવાસ્યુત્તરરૂપમ્. વિદ્યા સન્ધિઃ. પ્રવચનં સન્ધાનમ્**" ગુરુ-શિષ્યને જોડનાર સન્ધિ વિદ્યા છે. અને તે જોડાણ અધ્યાપનાત્મક પ્રવચનથી જોડાય છે. તેથી ગુરુ-શિષ્યને ભેગા થવાનું પ્રયોજન કે નિમિત્ત ઉપદેશ-વિદ્યાનું આદાન-પ્રદાનજ હોવું જોઈએ.) થાયજ છે. પછી તો કદાચ માળાપહેરામણી વખતે થતું હશે. એટલે રાજનભાઈનો તાત્પર્ય એ છે કે જે કંઈ પણ કહેવાનું હોય, પુછવાનું હોય કે કરવાનું હોય તે બધું આ સુવર્ણાવસરનો લાભ લઈને કરી દેવું જોઈએ. આમાં કંઈ ખોટું નથી.

## વરણની દૃષ્ટિથી પુષ્ટિમાર્ગીય અધિકારવિચાર

રસિકભાઈ શાહ - ધર્મેન્દ્રસિંહ ઝાલા

'વરણ' અને 'અધિકાર' શબ્દોની અમારી ઘટાવેલી પરિભાષા સમજી લઈએ. વરણ=પસંદગી. અલગ-અલગ ગુણધર્મોના અધિષ્ઠાન બનવાને માટે અને તેનાથી પ્રેરાઈ ભિન્ન-ભિન્ન કૃતિ કરવા માટે ભગવાન જુદા-જુદા જીવોની પસંદગી કરે છે. આ પસંદગીને આપણે 'વરણ' કહીશું. જેમ નાટકનો લેખક પોતાના નાટકમાં જુદા-જુદા પાત્રોનું વરણ કરે છે, જેમ એક દિગ્દર્શક જુદા-જુદા કલાકારોની જે તે પાત્રો માટે પસંદગી કરે છે. તેમ ભગવાન્ પણ પોતાને રમણ કરવાની ઇચ્છા થતાં લીલારૂપી નાટકમાટે વિવિધ પ્રકારના પાત્રો ભજવવા વિવિધ પ્રકારના ગુણધર્મોવાળા જીવોને ઉત્પન્ન કરે છે. તે-તે કાર્યો માટે તે-તે જીવોની પસંદગીને અમે 'વરણ' કહીશું.

**અધિકાર :**

સામાન્ય રીતે 'અધિકાર'શબ્દ બે અર્થમાં વપરાય છે : ૧. હક્ક ૨. યોગ્યતા
૧. હક્ક : ભારતના નાગરિક તરીકે ભારતભરમાં ગમે તે સ્થળે ગમે તેટલા સમય માટે જવાનો અને રહેવાનો અધિકાર - હક્ક - રાઈટ્ મને મળે છે. તેવા પ્રકારનો હક્ક મને બીજા રાષ્ટ્રોમાં ભોગવવા મળતો નથી.
૨. યોગ્યતા : મુંબઈ યુનિવર્સિટિની કોઈ પણ કોલેજમાં પ્રવેશ મેળવવામાટે *એસ. એસ. સી* પાસ થવું જરૂરી છે. *એસ. એસ. સી* પાસ થવાથી મેં કોલેજમાં પ્રવેશની યોગ્યતા-અધિકાર પ્રાપ્ત કર્યો કહેવાય.

આ બન્ને પરિભાષાઓ ધ્યાનમાં રાખતાં ચર્ચાના વિષયનો ભાવાર્થ



અમે આ પ્રમાણે કર્યો છે : ભગવાને પોતાની લીલા/ક્રિડા માટે કરેલું જીવોનું વરણ અને તેના પરિણામે પ્રાપ્ત થતા જીવોના ભિન્ન-ભિન્ન અધિકાર. આ સંદર્ભમાં વિષયની ચર્ચા કરીશું.

શુરૂઆતમાં, અત્યારથીજ અમે એક વાતની ચોખવટ કરવા માગીએ છીએ કે આ લેખ લખતી વખતે અમે મુખ્યત્વે ત્રણ બાબતને નજર સમક્ષ રાખી છે. ૧. વ્યક્તિનો ઉદ્ધાર ૨. સમ્પ્રદાયનો ઉત્કર્ષ અને ૩. સંમ્પ્રદાયનું આન્તરસાંપ્રદાયિક અને આંતરરાષ્ટ્રિય ગૌરવ. આ ત્રણ બાબતોને મહત્ત્વ આપવાનું કારણ પણ આપણે સમજી લઈએ.

૧. વ્યક્તિનો ઉદ્ધાર : કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનું લક્ષ્ય તેના અનુયાયીઓનો ઉદ્ધાર કરવાનું જ હોય છે. તેથી તે જે કંઈ કહે તે આચરણમાં મૂકી શકાય તેવું હોવું જોઈએ નહીં તો શાસ્ત્રની દૃષ્ટિથી પણ 'અશક્યોપદેશ'નો દોષ થઈ જાય. વળી ધર્મની એક પરિભાષા "ધારણાદ્ ધર્મ" કરવામાં આવી છે. જો વ્યક્તિ કે સમાજ ધારણ ન કરી શકે તો તેવા ધર્મનો કંઈ અર્થ રહેતો નથી.

૨. સમ્પ્રદાયનો ઉત્કર્ષ : સમ્પ્રદાય અને અનુયાયી પરસ્પર અવલંબિત છે. ધર્મ એની કડી છે. તેથી જો સમ્પ્રદાય નહિં ટકે તો ધર્મ અથવા અનુયાયી ટકી શકશે નહિં. વળી સમ્પ્રદાયનું ઘડતર પ્રાધાન્યતઃ વ્યક્તિની સ્વાભાવિક, માનસિક, ભૌગોલિક, ઐતિહાસિક, વ્યવહારિક, સામાજીક, જાતીય વગેરે પરિસ્થિતિઓને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે. જેથી કોઈ પણ સંજોગોમાં કોઈપણ કાળમાં, કોઈપણ દેશમાં તે-તે વ્યક્તિ પાળી શકે. મૂળમાં સમ્પ્રદાય એ ધર્મ અને તેની પ્રણાલીને અનંતકાળ સુધી જીવંત રાખવાની વ્યવસ્થા હોય છે.

૩. આજના *ઈન્ફર્મેશન્ ટેકનોલોજી*ના યુગમાં જ્યારે સંપર્ક એટલા સરળ અને સહેલા થયાં છે અને દુનિયા એટલી બધી નજીક આવી ગઈ છે કે આપણને એક નાના સંકુચિત વર્તુળમાં ભરાઈ રહેવું નહિં પોસાય.

આજના ઉગતા યુવાન સામે હરિફાઈ એકસામટી આવી રહી છે તેનો પડકાર આપણે ઝીલવો પડશે. નજીકના જ ભૂતકાળમાં પણ જ્યારે હિંદુધર્મ સામે બૌદ્ધધર્મનો પડકાર આવ્યો હતો ત્યારે શ્રીશંકરાચાર્યે અથાગ શ્રમ કરી નવી વ્યસ્થા ઉભી કરી પડકારનો સામનો કર્યો હતો. પછી શ્રીમહાપ્રભુજીને પણ શ્રીશંકરાચાર્યના માયાવાદનો પણ સામનો કરવો પડ્યો હતો. **"ભૂતનાથોદિતાસન્"**. વળી તદ્‌પરાંત આપ સૌને ખ્યાલ હશે જ કે પૂ. શ્રીશરદબાવાએ એક વર્ષમાં બે અન્તરસામ્પ્રદાયિક ચર્ચાસત્ર શ્રીપુરૂષોત્તમજીના 'પ્રસ્થાનરત્નાર'ગ્રંથના બે પ્રકરણો પર યોજ્યા હતા. તેમાં અન્ય વૈદિક અને વેદમાં ન માનનારા વિદ્વાનો, પંડિતો તેમજ પ્રોફેસરોએ ભાગ લીધો હતો. હર્ષજનક કહો કે શોકજનક કહો પણ તેઓનો ઉદ્ગારો હતા કે હવેલીના અને પ્રસાદના સમ્પ્રદાય તરીકેની જેની ખ્યાતી આજે છે તે સમ્પ્રદાયમાં આટલું ગહન વિચારસામર્થ્ય પણ છે! તત્વજ્ઞાનને ન મળતા ઘણા ઉકેલો આટલી સરળતાથી કડીબદ્ધરીતે આ સમ્પ્રદાયે જે આપ્યા છે તેની કલ્પના પણ અજાયબી ભરેલી લાગે તેવી છે. આ ઉપરથી લાગે છે કે આપણા શ્રીમહાપ્રભુજીએ રચેલા આ શ્રેષ્ઠમાર્ગનું ગૌરવ યથાયોગ્ય સચવાય તેની કાળજી લેવી એ આપણું પરમ અને ચરમ કર્તવ્ય બને છે. નહીં તો આપણે શ્રીમહાપ્રભુજીના કૃતજ્ઞ બનવાને બદલે કૃતઘ્ની બનીશું.

ઉપર જણાવેલી બાબતોને જાણી, સમજી અને લક્ષ્યમાં રાખીને પુષ્ટિમાર્ગીય કુળમાં જન્મેલ પુષ્ટિમાર્ગીય વાતાવરણમાં ઉછરેલ બુદ્ધિશાળી, ઉત્સાહી, જિજ્ઞાસુ અધીર બનેલા યુવાનોએ પૂછેલા પ્રશ્નો તેમનીજ ભાષાના રણકાર સાથે તેમનું સમાધાન કરવા આપલા ઉત્તરો તેમજ અણઉકેલ સમસ્યાઓ સહિત અત્રે અમે શરૂ કરીએ છીએ. આ સામાન્ય પ્રશ્નો છે. કોઈ વ્યક્તિ કે સમૂહને ઉદ્દેશીને દ્વેષભાવથી કંઈ કહેવામાં નથી આવ્યું છતાં યુવાનોની અધીરાઈ તેઓની સ્વાભાવિક ઉદ્ધતાઈ તેમજ તેમને થયેલ રંજને કારણે જો કોઈ અયોગ્ય ભાષા વપરાઈ હોય અથવા અનધિકારચેષ્ટા થઈ હોય તો અથવા અજાણતા કોઈની લાગણી દુભાય તો આપ સૌ વડિલો વિદ્વાનો તે યુવાનોને તથા અમને ક્ષમા કરશો.



હવે આપણે તેમણે રજૂ કરેલ સમસ્યાનો વિચાર કરીએ અમને લાગે છે કે પુષ્ટિમાર્ગની આજની પરિસ્થિતિ અને યુવાનોમાં રહેલી તેની છબીનું મહદંશે સાચું સ્વરૂપ આપણને જાણવા મળે છે.

પ્રશ્ન: "અમે તમને એક સવાલ પૂછવા માગીએ છીએ".
ઉત્તર: "જરૂરથી પૂછી શકો છો જરાપર સંકોચ વિના".
"અમારે પુષ્ટિમાર્ગમાં આવવું છે".
"ઓહો! આવી શકો છો. તેમાં કોઈ બંધન નથી. મુઝવણ શું છે? કેમ આવું લાગે છે?"
"મુંઝવણ તો એ છે કે અમે પુષ્ટિમાર્ગમાટે અને પુષ્ટિમાર્ગ અમારામાટે છે કે નહિં? કારણકે અમારા ઘણા બધા સગાસમ્બન્ધીઓ સ્વાધ્યાય, સ્વામીનારાયણ અથવા ઈતર સમ્પ્રદાયો; યોગ વિપશ્યના વિગેરેમાં માને છે અને અમને એ તરફ લઈ જવાનો આગ્રહ રાખે છે. આ બાજુ અમારા મા-બાપ પુષ્ટિમાર્ગીય છે અને તેઓ સ્પષ્ટ ના પાડે છે. "ત્યાં જવાય નહિં". શા માટે? તેનો જવાબ તેમની પાસે નથી. તેઓ સવારે સેવા કરવી અને સાંજે મંદિરે જવું એમાંજ કૃતાર્થતા માને છે. વળી બીજું, અમારું એક વર્તુળ છે જે કહે છે કે કાંઇ પડપૂછ કરવાની જરૂરજ નથી. બસ સેવા કરવા લાગી જાઓ. મંદિરની પણ કાંઇ જરૂર નથી, નથી જરૂર કાંઇ જ્ઞાનના થોથા વાંચવાની. ઠાકોરજીની કૃપા હશે બધું પાર પડી જશે. સેવા કરો હૃદયને આર્દ્ર બનાવો. ભાવમાં તરબોળ થતાં શીખો. તે લોકો લીલાની, ગોપીઓના ભાવની, ત્રણ જન્મની લીલાના ભાવની એવી-એવી ઉંચી વાતો કરે છે કે જે અમને પચતી નથી. કોઈક વળી એવું પણ કહે છે કે "ઉતાવળ કરશો નહિં. માર્ગને બરાબર સમજવાનો પ્રયત્ન કરો. એક પછી એક પગથી ચડો. અનન્યતા કેળવો અને પછી સમ્પૂર્ણ નિષ્ઠાથી લાગી જાઓ". પુરુષવર્ગ તરફ નજર કરીએ તો તેમાંથી મોટાભાગના સારા દિવસોએ મંદિરમાં જવું, ઉત્સવોમાં ભેટ ધરવી, છપ્પનભોગ અન્નકૂટ કથાઓ વગેરે જાહેર કાર્યક્રમો યોજવા, દાન આપવા, નામના મેળવવી એમાં જ ધાર્મિકતા સમજે છે. ચારેબાજુ

પૈસા અને કાવા-દાવા નજરે પડે છે. હવે આમાં સમજ્યા વિના કુદકો કેવી રીતે મારીએ? અમારે તો અમારો ઉદ્ધાર કરે તેવો માર્ગ અપનાવવો છે. જણાવો, પુષ્ટિમાર્ગમાં આ સામર્થ્ય છે? તે બધાનો ઉદ્ધાર કરી શકે તેમ છે?

તમારા મુખ્ય પ્રશ્નોનો જવાબ પહેલા આપું. પુષ્ટિમાર્ગ બધાનો ઉદ્ધાર કરવા સમર્થ છે કે નહિં તે કહી શકાય નહિં. પરન્તુ તે નાત-જાત, દેશ, પુરુષ, સ્ત્રી આવા કોઈ પણ ભેદ વિના કોઈનો પણ ઉદ્ધાર કરવા સમર્થ છે. જરૂરીયાત એટલીજ છે કે તે વ્યક્તિની તે માર્ગ પર ચાલવાની રુચી હોવી જોઈએ. તેને અનુસરવું તેને ગમતું હોવુ જોઈએ, તેમાં તેને આનંદ મળવો જોઈએ. ટૂંકમાં, *ઈટ્ ઈઝ્ ફોર્ એનિબડી નોટ્ ફોર્ એવ્રીબડી.* બધાએ જ પુષ્ટિમાર્ગી થવું જોઈએ એવું નથી. તે વિશ્વધર્મ બનવાને સર્જાયલ નથી.

તો આ માર્ગમાં પ્રવેશને યોગ્ય કોણ છે તે કેવી રીતે નક્કી થાય? એક વખત અકબર બાદશાહને પ્રશ્ન થયો: ઈશ્વર કેમ મળે. શ્રીગુસાંઈજી તેના પ્રશ્નનો સન્તોષકારક ઉત્તર આપી શકશે તેવું જણાતાં તેને શ્રીગુસાંઈજીને મળવાની ઈચ્છા થઈ. તે શ્રીગુસાંઈજીને મળવા આવ્યા અને પૂછ્યું "સાહબ કૈસે મિલે?" શ્રીગુસાંઈજીએ જવાબ આપ્યો: "જૈસે હમ-તુમ મીલે". મતલબ કે બાદશાહને જેને પણ મળવાનું મન થાય તેને તે સામે ચાલીને મળીજ શકે. સામાન્ય વ્યક્તિ બાદશાહને એટલું સહેલાઈથીથ ન મળી શકે. તેજ પ્રમાણે ભગવાન્ જેને મળવા ચાહે તેને તે મળી શકે છે. એટલેકે ભગવાન પોતે જેને મળવા માટે પસંદગી કરે તે જ તેને મળી શકે છે. **"યમેવૈષ: વૃણુતે તેન લભ્ય:"**. પરન્તુ આ બધું સમજવામાટે માર્ગની કેટલીક મૂળભુત ધારણાઓનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

**એ જ્ઞાન ક્યાંથી મેળવવું?**

"તમને સમય હોય તો મારી સમજની મર્યાદામાં આપણે તે સમજવાનો મર્યાદિત પ્રયત્ન કરીએ".



"ચોક્કસ આના માટે તો અમને હંમેશા સમય જ છે".

"તો સાંભળો, સૌ પ્રથમ ઉત્પત્તિના બારામાં શ્રીમહાપ્રભુજીનો શો મત છે તે સમજીએ. આપશ્રી આજ્ઞા કરે છે કે વેદ અને બીજા શાસ્ત્રોના મત મુજબ ભગવાન્‌ને એકલા રહેવાનું ગમ્યું નહિં. **"સ એકાકી ન રમતે"**. તેણે રમણ કરવાની ઈચ્છા થઈ અટલે તે એકમાંથી અનેક બન્યા. **"એકોઽહમ્ બહુસ્યામ્ પ્રજાયેય"**. કારણકે ક્રીડા / રમણ કરવું હોય તો એકલાથી થઈ શકે નહીં. તેથી અનેક હોવા જોઈએ. અને વળી તે અનેક પણ વિવિધ હોવા જોઈએ. જેવી રીતે નાટકનો લેખક પોતાના નાટકમાં જુદા-જુદા પાત્રો સર્જે છે, જેવી રીતે દિગ્દર્શક જુદા-જુદા કલાકારોની વરણી કરે છે તેમ ભગવાને પણ પોતાની ક્રીડા માટે જડ અને જીવ સૃષ્ટિની રચના કરી. અગ્નિમાંથી જે પ્રકારે તણખલા છૂટાં પડે તેમ ભગવાને પોતાનામાંથી પોતાના અંશરૂપ જીવો છૂટા પાડ્યા. **"એગ્નેર્વિસ્ફુલિંગા ઈવ"**. પહેલી પગથી એ થઈ કે ભગવાને આપણને જડ ન બનાવતાં જીવ બનાવ્યા. આ પ્રક્રિયાને શ્રીમહાપ્રભુજી જીવવરણ કહે છે. તે પછી, જન્મવરણ, માર્ગવરણ, સાધનવરણ, વ્યાપારવરણ, અને ફલવરણ, એમ જુદા-જુદા વરણ ભગવાન્ કરે છે.

**પણ આપણે દૈવી છીએ તે કેમ ખબર પડે?**

ભગવાન્ ગીતાજીના ૧૬મા અધ્યાયમાં દૈવી અને આસુરી જીવોનાં લક્ષણોનું વર્ણન કરે છે તેનાથી સમજ આવે. જેમકે **"પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરા:"**. સૃષ્ટિ ઉત્પન્ન કર્યા પછી ભગવાન્ લીલારૂપી નાટક આગળ ચલાવવા પોતાની અવિદ્યાશક્તિનો જીવ ઉપર પ્રભાવ નાખે છે. આના કારણે જીવ પોતાનો ભગવાન્ સાથેનો સમ્બન્ધ કે તે ભગવાન્‌નો અંશ છે તે ભૂલી જાય છે અને પોતે સ્વતંત્ર સામર્થ્યવાન મનુષ્ય છે અને આ સૃષ્ટિ તેના જ માટે અને તેના મોજ-શોખ માટે બનાવવામાં આવી છે એમ માનવા લાગે છે. બસ, ભગવાન્‌ના નાટકનો મૂળ *પ્લૉટ* મુખ્યત્વે દૈવી જીવમાટે આટલો જ છે કે તે ભગવાન્‌નો અંશ છે તે વાત ભૂલી ગયો છે અને હું અને મારું કરવા લાગ્યો છે. તેને સંસારમાં

આસક્તિ થઈ ગઈ છે. તેની સામે જીવનમાં એ પડકાર છે કે સંસારની આસક્તિ છોડી પોતે ભગવદંશ છે તે સમજી લે અને પરિણામે ભગવદાસક્તિ કેળવી તે ભગવદ્ધામમાં પાછો પહોંચી જાય. આ માટે ભગવાન્ જુદા-જુદા જીવો પાસે જુદી-જુદી રીતે પોત-પોતાના સ્વભાવ પ્રમાણે અનેક જન્મો સુધી પણ સાધનાચરણ કરાવે છે. અને અંતે પોતે નક્કી કરેલા કોઈ એક જન્મમાં તેને પાછો બોલાવી લે છે. આને 'જન્મવરણ' કહેવાય છે.

**પરંતુ આ બન્ને વરણમાં તો આપણા સત્તાક્ષેત્રમાં કાંઇ આવતું નથી!**

ભગવાન્ એવા કુશળ નાટ્યકાર છે કે એમણે એમની લીલાને રસભર બનાવવા જીવોમાં જુદા-જુદા સ્વભાવો મૂક્યા છે અને સાથે અહં મૂક્યો છે. આથી જીવ પોતે કાંઇ કરવાને સમર્થ છે એમ તે માનવા લાગે છે. અને પોતાના સ્વાભાવ મુજબ સાધનાચરણ ( કર્મ-જ્ઞાન-ભક્તિ ) દ્વારા ભગવાન્‌ને પામવાનો અથવા મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરે છે. જે કર્મ-જ્ઞાન-ભક્તિના માર્ગદ્વારા તે ધ્યેય હાંસલ કરવા માગે છે તે માર્ગના તે રાહી બની જાય છે તેનામાટે તે માર્ગ છે. આને 'માર્ગવરણ' કહેવાય છે.

**અમે ક્યા માર્ગના રાહી છીએ એ કેવી રીતે નક્કી કરવું?**

શ્રીમહાપ્રભુજી કહે છે **"માર્ગરુચ્યા અનુમીયતે"**. જે જીવની જે માર્ગના તત્વજ્ઞાન-સિદ્ધાન્તો, સાધનાપ્રણાલી અને ફળમાં રુચિ હોય તે જીવ તે માર્ગનો રાહી ગણાય. તેના માટે તે માર્ગ છે.

**રુચિ છે એ ખબર કેવી રીતે પડે?**

દરેક વાર્તા નાટક યા સીનેમા દરેકને ગમે તેવું નથી હોતું. પણ તેના વિષય તેનો પ્લોટ વગેરે તેની પ્રસ્તાવના-ભુમિકા જાણ્યા પછી નક્કી કરી શકાય છે કે તે ગમશે કે નહિં. તે પ્રમાણે પુષ્ટિમાર્ગની ભૂમિકા, મૂળભુત જરૂરીરાયાતો તેમજ અધિકારનું જ્ઞાન મેળવીને આપણે નક્કી કરી શકીએ કે તે આપણને અનુકુળ છે, ગમે તેવા છે.

"જાણવું કેવી રીતે? આવી કોઇ વ્યવસ્થા દેખાતી તો નથી!"



"જાણકારો પાસે જઇને, મુખ્ય તો ગુરુ પાસે જઇને".

"મૂળ સમસ્યા તો અહિંયા છે. યથાર્થ જાણકારો સહેલાઈથી મળતા નથી. પહેલાં કહ્યું તેમ આપણે સામેથી જઇએ ત્યારે જાત-જાતની સલાહ મળે છે. સ્વાધ્યાયી-પુષ્ટિમાર્ગી મળી જાય તો કહે છે કે "છોડને પુષ્ટિમાર્ગને હવેલી મનોરથ પ્રસાદ સિવાય બીજું એમાં શું છે? બૈરાઓનો માર્ગ છે. બુદ્ધિનો તેમાં કોઈ ઉપયોગ નથી. સ્વાધ્યાયમાં આવી જા. અમે બન્ને નીભાવીએ છીએ. ઘરમાં સેવા પણ ચાલે છે. ઉત્સવા પણ ઉજવીએ છીએ અને સ્વાધ્યાયના બધા કાર્યક્રમોમાં નિયમિત રીતે આગળ પડતો ભાગ પણ લઇએ છીએ. કેટલી સમાજસેવા કરીએ છીએ. કેટલાયને ધાર્મિક બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. કેટલીય આર્થિક સમસ્યાને ઉકેલવાના પ્રયોગો કર્યા છે. એક કલાક પ્રવચન સાંભળવું પડે".

સ્વામીનારાયણમાં માનનારા કહે છે: "જો કેટલો મોટો અનુયાયીવર્ગ, કેટલી બધી પ્રવૃત્તિ કરે છે. ભણાવાની, ભક્તિ કરી શકાય તેમાટે મોટા મંદિરો આ માર્ગમાં છે, ઈન્ટરનેશનલ્ માર્ગ છે. લોકો મુર્ખા છે દેશ-પરદેશના લોકો આટલો સમય અને પૈસાનો ભોગ આપે છે. પુષ્ટિમાર્ગીય મળી જાય તો શું કરવું તે જણાવી શકે પરન્તુ શા માટે કરવું તે ન કહી શકે. ગુરુની વાત કહી તો પ્રથમ તો માં-બાપ વડિલોજ ના પાડે કે ગુરુની આગળ ગમે તેમ બોલાય નહિં. તેમને શ્રમ પડે. ગમે તેમ કરીને તેમની પાસે જઇએ તો ગુરુની આજુ-બાજુ જે ચમચાઓ હોય છે તે જવાજ ન દે. આવનારને ઘણા બધા પ્રશ્નો પૂછે અને છેવટે ના પાડી દે. આ બધાની દરકાર કર્યા વગર ગુરુના પાસે પહોંચી જઇએ અને કાંઈ પૂછીએ, દલીલો કરીએ તો સમાજ અમારી સાથે સમ્બન્ધ તોડી નાંખવાની ધમકી આપે છે. હવે બીજી કોઇ વ્યવસ્થા હોય તો બતાવો.

આના જવાબમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે હાલ માર્ગમાં નિશ્ચિત વ્યવસ્થા નથી. પણ તેની ચર્ચા અત્યારે મુલત્વી રાખી પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરી રસ્તો કાઢવો પડશે. પરન્તુ આપણે એમ સમજીને

ચાલીએ કે કોઇ પણ એક પ્રકારથી આપણે જરૂરી જ્ઞાન મેળવી લીધું છે અને જ્યારે આપણને લાગે કે તેની બધી વાતો ગમી ગઇ છે તો એમ નક્કી થાય કે આ માર્ગ તમારામાટે છે. આને 'માર્ગવરણ' કહે છે. હવે જ્યારે પહેલા આપણે માર્ગનું જ્ઞાન મેળવ્યું પછી તેમાં રુચી છે કે નહીં તે નક્કી થઇ ગયું એટલે માર્ગ નક્કી થઇ ગયો. પછી માર્ગપર ચાલવાની—સાધનાચરણની અવસ્થા આવે છે.

**આ માટે પહેલાં માર્ગમાં પ્રવેશ મેળવવો જરૂરી છે?**

''નામ તથા નિવેદન દિક્ષા લેવાની હોય તે *કમ્પલ્સરી છે?''*

''કોઇ પણ સાધના શરુ કરતા પહેલાં યોગ્યગુરુ પાસે માર્ગના પ્રવેશની દીક્ષા લેવાની હોય છે. આપણે ત્યાં વ્યક્તિ જ્યારે માર્ગનું મૂળભુત જ્ઞાન મેળવી લીધા પછી માર્ગ પર ચલાવા તૈયાર થાય છે ત્યારે તેને પહેલા નામદીક્ષા અથવા શરણદીક્ષા આપવામાં આવે છે''.

''પણ આ નામદીક્ષા તો બે ચાર મહીનાના બાળકને પણ આપવામાં આવે છે. તેની તૈયારી છે કે કેમ તે કેમ જાણી શકાય?''

''તમારી શંકા તો સાચી છે. મને સમજ છે ત્યાં સુધી નામદીક્ષા તે જ બાળકને અપાય છે જેના માં-બાપ પુષ્ટિમાર્ગીય હોય. ધારણા એ છે કે પુષ્ટિમાર્ગીય વાતાવરણમાં ઉછરેલ બાળક માર્ગમાં રુચીવાળો થશે જ. માં-બાપે આવા સંસ્કાર આપી બાળકને તૈયાર કરવાની ગણતરી સાથે જ શરણદીક્ષા અપાવવી જોઈએ. જો કે આ મારો અભિપ્રાય સાચો જ છે તેવું હું કહી શકતો નથી કારણ કે આવી કેટલા પ્રમાણમાં થઈ રહી છે તેની માહિતિ નથી. તેમજ ચોક્સાઇ કરવી જ જોઈએ તેવો સિદ્ધાંત છે તે પણ ચર્ચાનો વિષય હોય એવું મને લાગે છે. આ પ્રશ્ન વિશેષ જાણકારમાટે મુલ્તવી રાખીએ''.

અહીંથી સાધનાચરણની શરુઆત થાય છે. સાધનાવરણની ભુમિકા અહિં આવે છે. શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરે છે તે મુજબ ભક્તની મુખ્યત્વે ત્રણ અવસ્થાઓ / પરિસ્થિતિઓ હોય છે. ૧ જે



પોતાની વૃત્તિમાં એટલો બધો વ્યાવૃત્ત છે કે તે સેવા માટે પૂરતો સમય કાઢી શકતો નથી તેને 'વ્યાવૃત્ત' કહે છે. ૨. જે સેવા માટે વ્યવસ્થિત સમય કાઢી શકે છે તેને શ્રીમહાપ્રભુજી 'અવ્યાવૃત્ત' કહે છે. અને ૩. જેનો બીજભવા દઢ થયેલો છે, જે ભગવદ્ભાવ નાશ પામે નહિં તેવો છે. જે વ્યાવૃત્ત છે તેના માટે શ્રીમહાપ્રભુજી કથા શ્રવણ-કીર્તન-સ્મરણની હિમાયત કરે છે. જેના મારફત તે આગળ જઈ સેવા કરનાર જેટલું જ અંતિમફળ પ્રાપ્ત કરી શકે છે. જે અવ્યાવૃત્ત છે તેને માટે ઘરમાં રહી વર્ણાશ્રમધર્મ પાળતા-પાળતાં સેવા અને શ્રવણ-કીર્તન વગેરેદ્વારા ભક્તિને વધારવા ભલામણ કરે છે. અત્રે માર્ગીય પ્રણાલી મુજબ બ્રહ્મસંબંધદીક્ષા લઈ શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવી સેવા કરવાની આવશ્યક્તા રહે છે.

કથાશ્રવણની વાતમાં તો પદ્મનાભદાસ વૈષ્ણવની વાર્તા પરથી સમજાય છે કે શ્રીભાગવતની કથા કરીને જીવનનિર્વાહ શ્રીમહાપ્રભુજીને માન્ય નથી. આપશ્રીએ નિષેધ કર્યો છે. તેવી કથા સાંભળનારને લાભ થવાને બદલે હાનિ થાય છે. માટે તેવી કથા સાંભળવી પણ ન જોઈએ.

''અમે તો હજારોની સંખ્યામાં વૈષ્ણવોને ભાગવત્‌ની કથા સાંભળવા જતા જોઈએ છીએ! અન્યમાર્ગીઓની પણ કથા સાંભળવા જતા જોઈએ છીએ! ભગવાનનું નામજ લે છે, સાંભળવામાં શું વાંધો છે?''

''તમારી વાત સાચી છે. એક બાજુ સાંભળનારાઓ જુદી-જુદી રીતે મનને સમજાવી લે છે ''આ તો ઘેર બેઠા ગંગા છે''; 'અમારો વ્યવહાર છે એટલે જવું પડે છે''; ''અમારા પિયરના સગાએ બેસાડી છે. બધા જાય અને અમે ન જઈએ તો ખરાબ લાગે'' એમ કરીને જાય છે. બીજી બાજુ કથા બેસાડનારાઓ મરનારનો ઉદ્ધાર થાય તે બહાનું બતાવી પોતાની મોટાઈ બતાવવા કથા કરાવતા હોય છે. સેંકડો સગા-સમ્બન્ધીઓને બોલાવીને રહેવાની તથા સવારે ચા-નાસ્તાથી શરુ કરી રાતના ભોજન વગેરેની સમ્પૂર્ણ સગવડ આપી પોતાની કીર્તિ વધારવા કથા કરાવતાં હોય છે. નવો પ્રકાર શરુ થયો છે. અને ત્રીજી બાજુ કથાકારો પણ

કાંઇ વિકલ્પો-અનુકલ્પોથી પ્રમાણતા ઘટાવી કથા કરતા હોય છે. એમાં કથાકાર પોતાની પ્રસિદ્ધિ પ્રમાણે કથા કરવાના પૈસા પહેલેથી નક્કી કરી કથા કરતા હાય છે. કેટલાક દક્ષિણા પહેલેથી નક્કી નહીં કરવાનો નિયમ રાખ્યો હોય છે પણ પાછળથી યજમાનને જેટલી યોગ્ય લાગે તેટલી દક્ષિણા લેવાનો નિયમ રાખ્યો હોય છે. વળી કેટલાક તો મૌનની ભાષામાં યજમાન કથાકાર સમજતાં હોય છે અને કથાકારના ઉતારે ભેટ સ્વિકારાતી હોય છે. પરંતુ મૂળ વાત તો એ છે કે ''પ્રાણ કંઠે આવી જાય તો પણ શ્રીભાગવતની કથાથી નિર્વાહ ન કરવો'' એવું સ્પષ્ટ વચન શ્રીમહાપ્રભુજીનું મળે છે''.

''તો પછી વૈષ્ણવો પાસે કથાશ્રવણનો રસ્તો શું છે?''

''અમને લાગે છે કે સામુહિક કથાશ્રવણનો વૈષ્ણવે આગ્રહ ન રાખવો જોઈએ. પરંતુ નિસ્પૃહી જાણકાર વૈષ્ણવો સત્સંગ ભગવદ્ગુણગાન કરતા હોય છે તેમની પાસે જઈ શકાય. અથવા જાતે કરી શકાય''.

હવે ૨. અવ્યાવૃત્તની વાત સમજીએ. બ્રહ્મસમ્બન્ધદીક્ષા લઈ સેવા ઠાકોરજી પુષ્ટાવીને કરવી જોઈએ. આ વિષયમાં પણ આપણા માર્ગમાં ઘણી અવ્યવસ્થા પ્રવર્તે છે. બ્રહ્મસમ્બન્ધદીક્ષા સેવાનો અધિકાર પ્રાપ્ત કરવાની દીક્ષા છે. એટલે જ જાણે સેવા કરવી હોય તેણેજ દીક્ષા લેવી જોઈએ.

''તો શું તમે એમ કહેવા માંગો છો કે સેવા ન કરવી હોય તો બ્રહ્મસંબંધદીક્ષા લેવાનો કોઈ ઉપયોગ નથી''.

''ના, નથી જ''.

''તો પછી નાનપણમાં બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવામાં આવે છે તેનું શું? આડેધડ હજારોની સંખ્યામાં, છાપામાં જાહેરાત આપીને, કોઇ સમજણ આપ્યા વિના અપાય છે તેનું શું'? ફક્ત વલ્લભવંશજ પાસેથી જ લેવાય કે અન્ય વિદ્વાન્ વૈષ્ણવ પાસેથી પણ લેવાય? વૈષ્ણવોમાં તો એવી માન્યતા છે કે એક વાર દીક્ષા લઈ લીધી, ઠાકોરજીએ હાથ પકડી લીધો તો બેડો પાર. તમારો ઉદ્ધાર થશે જ. સાચું શું?''

''સાચી વાત તો એ છે કે બ્રહ્મસમ્બન્ધદીક્ષાદ્વારા ઠાકોરજીને આપણું



સર્વસ્વ દેહ, પ્રાણ વગેરેથી માંડીને સ્ત્રી, પુત્ર, ધન, આલોક અને પરલોકનું બધું સમર્પણ કરવાનું નિવેદન ( *ડેક્લેરેશન્* ) કરીએ છીએ અને તેના દાસ બનીને રહેવાની પ્રતીજ્ઞા કરીએ છીએ. અને ઠાકોરજીને ઘરમાં પધરાવી સેવા કરીએ ત્યારે એ પ્રતિજ્ઞાનો અમલ થાય છે''.

''બાપરે! અહિં તો ઘણો *કોન્ટ્રાસ્ટ* છે. ઘણું બધું *કન્ફ્યૂઝન્* છે''.

''ચાલો, આ બાબતના *કન્ફ્યૂઝન્* ને આપણે જાણકારો પાસેથી દૂર કરવાનો પ્રયત્ન કરીશું. આ પછી સેવા કરવાનો પ્રશ્ન આવશે. એને આપણે સાધનવરણ કહીશું. જેથી પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે જે-જે જીવોનો જે-જે ( સાધનના ) પ્રકારથી ઉદ્ધાર કરવાની ઈચ્છા કરે છે તે પ્રકારે ગુરુ અને ઉપદેશ આદિથી તેના પ્રતિબંધનો નાશ કરાવી તેની યોગ્યતા પ્રાપ્ત કરાવી ઉદ્ધાર કરાવે છે''.

જો કે હકીકતમાં મૂળ સાધન કૃપા જ છે પરંતુ પ્રભુકૃપા સેવા-કથા વગેરે સાધનદ્વારા વ્યાપારિત થાય છે ત્યારે તેને 'વ્યાપારવરણ' કહેવાય છે. જો કે અત્યારે બીજી બધી વાતોની જેમ સેવામાં પણ અરાજક્તા પ્રવર્તે છે. વૈષ્ણવો માત્ર દર્શનમાટે કે ચરણસ્પર્શમાટે ઠાકોરજીની સેવાની આજ્ઞા લઈ આવે છે. વળી કોઈક થોડાક આગળ વધે તો મિશ્રિભોગની પછી અનસખડી ભોગની અને છેવટે બધી પરિસ્થિતિનો ખ્યાલ કરી સખડીભોગની આજ્ઞા લેતા હોય છે. કોઈકજ આ હિંમત કરતા હોય છે. અમુક વૈષ્ણવો તો જીંદગીભર ઠાકોરજીને પુષ્ટજ કરાવતા નથી. તેઓ એમ માને છે કે પુષ્ટ કરાવીએ પછી સખડીભોગ ધરીએ પછી અસમર્પિતત્યાગનો નિયમ લેવો પડે તો ધંધાર્થે બહારગામ જવું પડે કે દીકરા-દીકરીઓના લગ્નમાં કે વ્યવહારમાં જમવા જવું પડે તો શું થાય? આ એક મોટી સમસ્યા છે. તેનો જવાબ પણ મેળવવો પડશે, જાણકારો પાસેથી.

આપણા સમાજમાં સેવાનું બીજું મુખ્ય હિરઝ 'અપરશ' ગણાય છે. તેની તો વળી ભયંકર સમસ્યા છે. યુવાનોને કહીએ કે પુષ્ટિમાર્ગમાટે પ્રશ્ન પૂછો. તો જવાબ મળે છે ''પુષ્ટિમાર્ગનું થોડું અમથું જ્ઞાન હોય તો પૂછી શકીએ ને! અમને તો નાનપણથી જ અપરશના કારણે ''આધા

રહો'' ''દૂર રહો'' એમ કહીને દૂર રાખવામા આવ્યા છે. તેથી અમે તો દૂર જ રહી ગયા! બીજી છેલ્લી ફરિયાદ તેઓની આવી રહી છે કે લગ્નના બજારમાં અમારી કિંમત અપરશના કારણે ઘટી જાય છે. છોકરી પહેલો જ પ્રશ્ન તપાસ કરી લે કે આ ઘરમાં સેવા છે? અપરશ વગેરે બહુ પાળવાનું છે તો અમારે છોકરો જોવોજ નથી. જ્યારે ઠાકોરસેવાનો વારસો લેવાવાળા કોઈ રહેશે કે નહિં તે સમસ્યા અમને સતાવી રહી છે. અપરશનું ધોરણ કેવી રીતે નક્કી કરવું તે સમજાતું નથી. લાકડા-કોલસા-સ્ટવ-ઈલેક્ટ્રીક્સગડી-ગેસથી સામગ્રી ઉતરતા ક્રમમાં અપરશની દૃષ્ટિએ ગણવામાં આવે છે. તે જ પ્રમાણે નહાવાનું, હાથ ધોવાનું, સ્પર્શાસ્પર્શ, વસ્ત્ર વગેરેની અપરશમાં પણ ચડતી-ઉતરતી કક્ષાઓ છે. પુષ્ટિમાર્ગીઓએ આનો નિવેડો લાવવો જ પડશે.

જો આટલું બધું *કન્ફ્યૂઝન્* સાચું જ્ઞાન મેળવવામાં હોય, ઘણી તકલીફ વેઠવી પડતી હોય અને છતાં *રિસ્ક્* રહેતું હોય તો આ બધું કરવાની જરૂરજ શું?

ના ના એમ ન થાય. એમ કરીને થોડા ભાગી જવાય? આપણે મૂળ સુધી પહોંચવું જોઈએ. મૂળથી રોગનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. સારી વસ્તુનો આપણી વસ્તુનો આમ નાશ થતો જોઈ ન રહેવાય.

બસ, તમે બંન્નેએ જેમ કહ્યું તેમ મને પણ એક પછી એક બેય વિચાર આવ્યા હતા. પછી એમ વિચાર આવ્યો કે પડોશીના બીજાના ઘરમાં રહેતા હોઈએ અને આગ લાગે તો દોડીને આપણા ઘરને સાચવવા દોડીએ. પણ જો આપણા ઘરને આગ લાગી હોય તો આપણે હોલવવી જ પડે. જો કે સાથે-સાથે આપણે એ પણ નક્કી કરી લેવું જોઈએ કે મળવાનું શું છે? મારો દૃઢ અભિપ્રાય કહું તો પુષ્ટિમાર્ગની વિલક્ષણતા, ચઢીયાતાપણું અહિં જ છે. જે ફળ તેને મળે છે તે સેવા શરુ કરનારને જગત નિયંતા ઠાકોરજીની સાક્ષાત્ સેવા પોતાની બધી ઈન્દ્રિયોદ્વારા તુરતજ



કરવાની મળે છે. બીજા બધાં સાધનોમાં મોટે ભાગે સાધના બાદ સિદ્ધિ મળે છે. અહિં શરુ કરતાં ઠાકોરજીરૂપી ફળ મળે છે. ઠાકોરજી પ્રત્યે સ્નેહ ધીરે-ધીરે વિકાસ પામશે. ચિત્ત ભટકતું રહેશે. ચોંટતા થોડી વાર લાગશે. પણ ક્ષણવાર પણ ચોંટશે તો સેવા સિદ્ધ થશે. અને સતત તેવું ધ્યાન રહેશે તો ફળરૂપા માનસી સિદ્ધ થશે. તેનો આનંદ તો જેને મળ્યો હોય તે જ વર્ણવી શકે. પરંતુ આજ દેહે સ્વતઃ માનસીદ્વારા શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ એ પુષ્ટિમાર્ગનું બહુ મોટું જમા પાસું છે. આને જ અલૌકિક સામર્થ્યરૂપી મુખ્ય ફળ કહે છે. દેહ છૂટ્યા પછી કાં તો સાયુજ્ય અથવા વૈકુંઠાદિમાં સેવોપયોગીદેહ એમ ફળ કહેવામાં આવ્યા છે. ઠાકોરજીની કૃપાજ માર્ગમાં નિયામક છે અને તેથી ઠાકોરજી જેને જે સાધનાચરણદ્વારા અથવા પોતાની ઈચ્છા જે ફળ આપવા માગે છે તેને તે ફળની પ્રાપ્તિ થાય છે. તેને 'ફળવરણ' કહેવાય છે.

''તમે કહો છો તેવા ફળમાટે લોકો ભક્તિ કરતા હોય એવું દેખાતું નથી. સ્વાર્થમાટે ભૌતિક સુખમાટે ભક્તિ કરતા હોય તેવું જ દેખાય છે. લોકો તો દર નિશ્ચિત તિથિએ શ્રીનાથજી જતા હોય છે. દર મહિને એક વાર જવાનો નિયમ રાખતા હોય છે. કોઇક વર્ષમાં એક વાર જવાનો નિયમ રાખે છે. લાભ મળી જાય ત્યારે થેંક્સ્ કહી ભેટ ધરવા જતાં હોય છે. શ્રીનાથજીની, શ્રીયુમનાજીની, શ્રીગિરિરાજજીની માનતા માનનારા તો બહુમતીમાં છે. આ બધું ન ફળે તો ઇતર દેવો કે સંતોના શરણે જાય છે અને કોઇક એવા પણ છે કે પીર દરગાહની પણ માનતા માનતા હોય છે અને પાછું ઘરમાં સેવા અને મંદિર જવાનું તો ચાલુ હોય છે''.

''તમારી વાત સાચી છે માનવ સ્વભાવ એવો છે. સંજોગો માણસને પરવશ બનાવી દે છે. પણ આખરે તો આપણા ભાઈઓ જ છે ને! સાચી સમજ ન હોવાને કારણે આમ થાય છે. પણ અમને લાગે છે કે આપણે બધાએ ભેગા મળી આ ડૂબતા વહાણને અને મુસાફરોને બચાવવા ભેખ લેવો પડશે. આપણા માર્ગની આજની પરિસ્થિતિનો ચિતાર

તેમજ આધુનિકો કે જે આપણી ભવિષ્યની પેઢી છે તેની મન:સ્થિતિનો ખ્યાલ આપણી સામે આવ્યો. હવે આપણે શું કરવું જોઈએ તે વિચારવું રહ્યું. આપણે વિદ્વાન્ અને અનુભવી વૈષ્ણવો જેમણે જીવનના ઘણાં બધાં વર્ષો પુષ્ટિમાર્ગમાં તેનું આચરણ કરતાં-કરતાં ગુજાર્યા છે તેઓ એમ તો નહિં જ કહી શકે કે આ સમસ્યાથી તેઓ અજાણ હતા. એમ પણ નહીં કહી શકીએ કે અમે અમારુ જીવન સંભાળીને ચાલીએ છીએ બીજા જો એ પ્રમાણે ન ચાલે તો અમને કાંઈ લાભ-હાનિ નથી. પરંતુ ધ્યાન રાખવા જેવી એક વાત આવે છે કે ઘરમાં જે પ્રસરશે તેનો ચેપ આપણને પણ લાગશેજ. આજે બીજાના દીકરાઓ છે કાલ આપણા દિકરા-દિકરી હોઈ શકે છે. આંખ આડા કાન કરે નહિં ચાલે. શ્રીમહાપ્રભુજીએ આપણને બક્ષેલ, વ્યક્તિના ઉદ્ધારની અજોડ ક્ષમતાવાળા માર્ગને આપણે આમ અસહાય બનેલ જોઈ શકીએ નહિં. આપણા માર્ગની સાર્થક્તા તેનું ગૌરવ તેની ઉદ્ધાર ક્ષમતાને ફરીથી પ્રગટ કરવી જોઈએ.

આનો ઉકેલ અમને તો એ જ લાગે છે કે પહેલાં આપણે લાગતા-વળગતા બધાઓએ દઢ સંકલ્પ કરવો જોઈએ કે આપણે તેની મૂળ અસ્મિતા પાછી લાવવી છે. આપણે આપણા અંગત રાગ-દ્વેષ મતમતાંતરોને ભૂલીને કામે લાગી જવું જોઈએ. માર્ગમાં જ્યારે અંધા-ધુંધી ચાલી રહી છે ત્યારે આપણને મોડું કરવું પોસાય તેમ નથી. પ્રથમ ઉપાય તરીકે આપણે શ્રીમહાપ્રભુજીના વચનોનોજ આશ્રય કરીને આપશ્રીનો સંદેશ-ઉપદેશ ઘેર-ઘેર પ્રતિ વ્યક્તિ પ્રતિ યુવાન તેઓ સમજી શકે તેવી સરળ ભાષામાં સહેલાઈથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી. તેના માટે મુખ્ય જરૂરી પગલું છે: એકમત સ્થાપવાનું છે, જો સંપ્રદાયને જીવંત રાખવો હોય તો. વાત હવે છૂપી નથી રહી કે માર્ગમાં ઘણી બધી વાતોમાં એકમત નથી. પણ આપણે કમ સે કમ સંમત અને અસંમત બાબતોને અલગ છાંટી તો શકીએ છીએ! અને જ્યાં સંમતી છે તેનો કોઈ એક *કોમન્ મિનીમમ્ પ્રોગ્રામ્* બનાવી શકીએ છીએ! અને અસંમતી હોય તેના બધા પક્ષ ખુલ્લા મૂકી દેવા જોઈએ. વૈષ્ણવો અંધારામાં રહે તે



કોઈ રીતે યોગ્ય નથી જ. એવી પણ દલીલો સાંભળવા મળે છે કે ગમે તેટલી મહેનત કરીએ પણ આજના ભૌતિકવાદના જમાનામાં કોઈ આપણી વાત માનવાનું નથી. આ બધી કસરત વ્યર્થ છે. અમારો સવાલ એ છે કે જો તેમજ હોય તો બીજા સંપ્રદાયમાં બીજાં સંતોનો કાર્યક્રમોમાં હજારો લાખોની સંખ્યામાં યુવાનો પાતાન પૈસા ખર્ચીને સમય અને શકિત કેમ આપતા રહ્યા છે? આપણે આંતરખોજ કરવી પડશે કે આપણે ત્યાં આમ કેમ?

આપણે યુવાનોની સાથે મળીને એક અભિયાન શરુ કરવું પડશે. એક ઠોસ કાર્યક્રમ ઘડવો પડશે. વયાવૃદ્ધો કદાચ પોતાન અભિપ્રાય નહિં બદલે પણ યુવાનોને જરૂર યોગ્યમાર્ગે વાળી શકીશું. આપને ઘણા બધાને ખ્યાલ હશે કે પુ.શ્રીશરદબાવા તથા અન્ય યુવાન આચાર્યોએ આવો એકમત સાધવાનો એક કાર્યક્રમ સાત-આઠ વર્ષ પૂર્વે યોજ્યો હતો. તેની સફળતા કે નિષ્ફળતાનો વિચાર, ગુણ-દોષનો વિચાર આપણે કરવાની જરુર નથી. પણ એક હકીકત તો નિશ્ચિત છે કે તેનાથી માર્ગમાં ચેતના આવી છે. કોઈકના હિસાબે આ પ્રયોગનું ધારેલું પરિણામ ન પણ આવ્યું હોય તેથી નિરાશ થવું બુદ્ધિમાન્ ઉત્સાહી વ્યક્તિ માટે ઉચિત ન જ ગણાય. તેની ઉણપોમાંથી બોધપાઠ લઈ આ અથવા આવા પ્રકારનો બીજો કોઈ પ્રયોગ થવો જોઈએ. આ અમારો અભિપ્રાય છે અને આ મુદ્દો આપની ચર્ચા માટે પ્રસ્તુત કરીએ છીએ.

છેલ્લે એક વાત કહી દઉં કે મેં ક્યાંક સાંભળેલું કે ક્રિશ્ચિયન ધર્મનો ફેલાવો ક્રાઈસ્ટથી થયો ન હતો પણ *સેંટ પોલ્*થી થયો હતો. અને કહેવાય છે કે તેણે તે વખતે કહેલું કે "ક્રીશ્ચિયન ધર્મનો ફેલાવો થતો હોય તો જુઠુ બોલવાનું પાપ કરવા પણ હું તૈયાર છું". હું જુઠું નથી બોલ્યો. પણ જે કાંઈ બોલ્યો છું તેના કારણે જો કોઈ અપરાધ થતો હોય પણ જો તેનાથી સંપ્રદાયનો ઉત્કર્ષ થતો હોય તો તેનામાટેની બદનામી સજા ભોગવવા હું તૈયાર છું. અસ્તુ.

## ચર્ચા

## વરણની દષ્ટિથી પુષ્ટિમાર્ગીય અધિકારનો વિચાર

શ્રીરસિકભાઈ શાહ

**ગો. શ ર દ:** સુન્દર પત્ર પ્રસ્તુત કરવા બદલ શ્રીરસિકભાઈને ખુબ ધન્યવાદ. એમણે સમ્પ્રદાયમાટે ખુબ આવશ્યક ગણાય તેવા વિષયો ચર્ચામાટે ઉપસ્થાપિત કર્યા છે. સૌ પ્રથમ સમ્પ્રદાયમાં દીક્ષિત થવા આવનારને સમ્પ્રદાયના સિદ્ધાન્તો વગેરેનું જ્ઞાન આપવામાટેની વ્યવસ્થા બાબત એમણે નિર્દેશ કર્યો છે. બીજા ક્રમમાં એમણે અત્યન્ત બાલ્યાવસ્થામાં નામદીક્ષા આપી દેવામાં આવે છે— જો કે હવે તો બોલી ન શકે તેવાને બ્રહ્મસમ્બન્ધદીક્ષા પણ આપવામા આવે છે—તે બાબત વિચારની આવશ્યકતા તેમણે બતાવી છે. આ બાબત મેં પ્રથમસત્રમાં થોડી ચર્ચા કરી હતી. આ વિચાર કોણે કરવાનો છે તે પણ વિચારી લેવું જોઈએ. કારણ કે દીક્ષા લેવા આવનાર કંઈ બંદૂક માથે મુકીને દીક્ષા આપવાનું નથી કહેતો હોતો. જો દીક્ષા આપનાર દીક્ષા આપવાની ના પાડવાની ઉદારતા કે સાહસ બતાવી શકે તો આ કોઈ મોટી સમસ્યા નથી. તે પછી રસિકભાઈએ સિદ્ધાન્તોપદિષ્ટ કથાશ્રવણનો પ્રકાર શું છે તે બાબત ધ્યાનાકર્ષણ કર્યું છે. કારણ કે કથાપક્ષ એ પુષ્ટિસમ્પ્રદાયની સાધનામાં એક પ્રમુખ સાધના છે. ભક્તિવર્ધિની ગ્રન્થમાં આચાર્યચરણોએ સ્વગૃહમાં પરિજનો સહિત સર્વસમર્પણાત્મિકા ભગવત્સેવા અને ભગવત્સેવાના અનવસરમાં ગુણગાનાદિ કરવાનો ઉપદેશ આપ્યો



છે. જેનાથી સેવા ન સમ્ભવે તેનામાટે ભગવદ્ગુણગાનને જ સાધનાના રૂપમાં માન્ય કર્યું છે. આ પણ ન સમ્ભવે તો શરણાગતિજ એક માત્ર ઉપાય શેષ રહે છે. શ્રીહરિરાયજી તો સ્પષ્ટ આજ્ઞા કરે છે **"પક્ષદ્વયેન ભક્તેસ્તુ વૃદ્ધિરેવં નિરૂપિતા, 'ઇતિ'શબ્દઃ સમાપ્ત્યર્થોઽન્યપ્રકારનિષેધકઃ"** . **"ઇત્યેવં ભગવચ્છાસ્ત્રમ્"** માં આવતો 'ઇતિ' શબ્દ સમાપ્તિમાટે છે. તેનાથી આચાર્યજીએ ભક્તિની વૃદ્ધિના સેવા અને કથા સિવાય બીજા બધા ઉપાયોનો નિષેધ કર્યો છે. તેથી પુષ્ટિમાર્ગમાં આવ્યા પછી મારું શું કર્તવ્ય? આવી જિજ્ઞાસા જો કોઈને થાય તો તેના માટે બે જ ઉપાયો છે: ૧. સ્વગૃહમાં સર્વસ્વસમર્પણપૂર્વક ભગવત્સેવા અને ગુણગાન અથવા ૨. કેવલ ગુણગાન. આમ હોવા છતાં કથા-ગુણગાનપક્ષ આપણે ત્યાં ઉપેક્ષિત રહ્યો છે. આચાર્યચરણોએ તો ગ્રન્થોમાં સવિસ્તાર નિરૂપણ કર્યુંજ છે. અને પ્રાચીન તેમજ અર્વાચીન સમયમાં **"ભોજન કર વિશ્રામ છિનક લે નિજમણ્ડલી બુલાઈ, વેણુગીત પુન યુગલગીતકી રસબરખા બરસાઈ, પ્રકટ હે મારગરીત દિખાઈ"** માં વર્ણિત પ્રકારે આચાર્યોના દૈનિક ક્રમમાં (ટી.વી., વી.ડી.ઓ., સિનેમા કે ફિલ્મિ મેગેઝીન ના સ્થાને) સુબોધિની, સિદ્ધાન્તગ્રન્થો તેમજ વાર્તા આદિનું વાંચન-પ્રવચન વણાયેલું હતું. તેથી કથાપક્ષને લગતી સમસ્યા ત્યારે આજ જેટલી વિકટ ન હતી. તેથી આ બાબત વિચાર અત્યન્ત આવશ્યક છે. બીજી એક સમસ્યા પુનર્દીક્ષાની છે. આજે ઘણા બધા બહાના હેઠળ પુનર્દીક્ષા અપાય છે. કેટલાક લોકો દીક્ષાગુરુઉપર આસ્થા ન રહી જતાં બીજા ગુરુ પાસેથી ફરીથી દીક્ષા લેતાં હોય છે (લોભીયાના ગામમાં ધુતારા ભૂખ્યા ન મરે એ ન્યાયે તેઓને દીક્ષા આપનારા પણ મળી રહે છે), કેટલાક લોકો કોઈ કારણે કુલપરમ્પરાગત ગુરુઘર પાસેથી દીક્ષા ન લઈ શક્યા હોય તો અનુકુળતા એ પુન: ત્યાંથી દીક્ષા લેતા હોય છે. આજે

એવું પણ જોવામાં આવે છે કે કુલપરમ્પરાગત ગુરુઘર સિવાય અન્ય ગુરુઘર પાસેથી દીક્ષા લીધી હોય તો તેવી દીક્ષાને અમાન્ય કરવામાં આવે છે. અને તે વ્યક્તિને બીજા પાસેથી પહેરેલી કણ્ઠી ઉતરાવી પહેરાવનારને પાછી આપવામાટે બાધ્ય કરવામાં આવે છે. તેને પુન: દીક્ષા આપવામાં આવે છે. કેટલા *કેસિસ્*માં બહુ નાનપણમાં દીક્ષા લીધી હોવાથી કે લીધી છે કે નહીં તેવો સંશય હોવાથી અથવા લીધી હોવા છતાં ગુરુ કોણ હતા તે યાદ ન હોવાથી પણ પુન: દીક્ષા લેવા - આપવામાં આવતી હોય છે. આ સમસ્યા વિકટ છે. આનો પણ ગમ્ભીર વિચાર થવો જોઈએ. આ પછી અપરસનો મુદ્દો શ્રીરસિકભાઈએ ઉઠાવ્યો છે. અને અન્તે સમ્પ્રદાયના આચાર્યો તથા અનુયાયીઓ માં ઉભી થયેલી વર્ગવિગ્રહની સમસ્યાના તાત્કાલિક સમાધાન રૂપે એક *કોમન્ મિનિમમ્ પ્રોગ્રામ્*નો સુઝાવ શ્રીરસિકભાઈએ આપ્યો છે. વાત તેમની સાચી છે. આવું થવું જોઈએ. તે દિશામાં હાલમાં થોડા પ્રયત્નો પણ થયા હતાં. પરન્તુ તેમાં *પ્રોગ્રામ્*ની *કોમનાલિટિ*ને *મિનિમાઈઝ્* કરીને *કોમન્ મિનિમમ પ્રોગ્રામ* બનાવવાના સ્થાને *મિનિમમ્ કોમન્ પ્રોગ્રામ્* બનાવવાનો ઉપક્રમ થયો હતો. એટલે *એક્ઝેટ્લી રિવર્સલ્ ઓફ્ ઑર્ડર્* થઈ ગયું. આ *પ્રોગ્રામ્*માં અનુયાયીવર્ગનો કોઈ *રોલ્* હતો નહીં. તેમાં *ગોલ્* હતો: યુવા આચાર્યોએ ભેગા થવું. સમસ્યા હવે એ થઈ કે ભેગા થઈને કરવું શું? સિદ્ધાન્તચર્ચા? સિદ્ધાન્તો તો વિવાદપૂર્ણ છે!!! તેની જો ચર્ચા કરવામાં આવે તો તો પ્રથમગ્રાસે મક્ષિકા થાય. તો પછી ભેગા થઈને શું કરવું? તો એવા સુઝાવ આવ્યો કે સમ્પ્રદાયની સમસ્યાઓ કે ઉત્કર્ષ નો વિચાર કે સિદ્ધાન્તો - ગ્રન્થોની ચર્ચા કરવાના સ્થાને વૃદ્ધ - પ્રૌઢ આચાર્યો પાસેથી યુવા આચાર્યોએ શેર - શાયરી, પખાવજ - ઝાંઝ, ગાયન્ વગેરે શીખવું. આવા *ફ્ની* સુઝાવોમાં એ પ્રકરણ પૂરું થઈ



ગયું. આ અમારી *ગ્રાઉન્ડ રિઆલિટિ* છે. તેથી આ બધા વિષયોમાં શું કરી શકાય તે આપ લોકો હવે વિચારો. અને વિચાર કરીને એક *રેઝોલ્યુશન્ પાસ્* કરીને બધા આચાર્યોને મોકલાવજો કે જેથી બધા જાણી શકે કે સમ્પ્રદાયનો પ્રબુદ્ધ વર્ગ આ બાબતમાં શું - શું વિચારે છે. આવો જ એક પ્રયાસ પૂર્વે સિદ્ધાન્તસંરક્ષણસમિતિદ્વારા થયો હતો. તેમાં સમિતિ તરફથી એક ખરા - ખોટાના જવાબ આપો એવા *ફોરમેટ્*માં અભિપ્રાયાવલી બધા ગોસ્વામી આચાર્યોને મોકલવામાં આવી હતી. તો એ જ દિશામાં એક વધુ પ્રયાસ અવશ્ય કરી શકાય છે.

**રાજન કડીયા:** રસિકભાઈ એ જે વાત કરી કે આપણી નવી પેઢી પુષ્ટિમાર્ગથી દૂર ભાગે છે. અને ગમે તે કારણો સર અન્ય માર્ગો કે સંસ્થાઓ તરફ આકર્ષાય છે. આ બાબતમાં મારું કહેવું છે કે આપણે બીજાઓ જેવાં આકર્ષણો ઊભા કરવા નથી. પણ આપણા સમ્પ્રદાય પ્રત્યે સુગ થવા પાછળનું શું કારણ છે તે શોધી કાઢીને તેને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે પછી પ્રશ્નો પૂછવાના તેમજ ગુણગાનના સમ્બન્ધમાં એ કે જેમ પૂજ્યશ્રીએ કહ્યું કે આજે સત્સઙ્ગ પ્રત્યે અમારી પોતાની ઉદાસીનતા છે. અને રોજ આચાર્યશ્રીઓ ગ્રન્થો વાંચે કે ભણાવે તેટલો સમય આપવો તેમના માટે શક્ય નથી.

**રસિક શાહ:** સમય આપવો શક્ય નથી એમ કહીને પોતાની જવાબદારીથી આચાર્યો છટકી ન શકે.

**રાજન કડીયા:** હા. છુટી જવાથી ચાલશે નહીં, પહેલી વાત તો એ. બીજું આપે (રસિકભાઈએ) જે કહ્યું કે કેટલાક વડીલ વૈષ્ણવો પ્રશ્નો પૂછનારાઓને લડે છે કે "સમ્પ્રદાયની બહાર મુકીશું" આવી વાતો ખરેખર બરોબર નથી. કારણ કે શિષ્યને કોઈ વાત સમજાતી નથી તો તે વાત સમજાવવાની જવાબદારી અન્તે ગુરુદેવની જ છે. એટલે ગુરુએ એ બાબતમાં સજ્જ

પણ બનવું જોઈએ અને બધાની વચ્ચે આવવું પણ જોઈએ. આમાં રાજાઓને સામાન્ય જનતા વચ્ચે આવવામાં જેમ નાનપ લાગતી તેવી નાનપ ગુરુજનોને લાગતી હોય તો તે અયોગ્ય છે. આના વિકલ્પરૂપે સમ્પ્રદાયના શાસ્ત્રીજીઓ કે વડીલ વૈષ્ણવો કાર્ય કરી શકે. પરન્તુ તેઓ પણ એટલા જાગરૂક કે સક્ષમ નથી કે આ અપેક્ષા તેઓ સન્તોષી શકે. પરન્તુ આનો વિકલ્પ તો આપણે સાથે રહીને શોધવોજ પડશે એવું લાગે છે. પછી નાના બાળકોને દીક્ષા આપવાની બાબતમાં. આવું આપણે ત્યાં જો થતું હોય તો એમાં આપણા માર્ગનું કંઈ ગૌરવ નથી. કારણ કે કાન ફૂંકાવા કે કંઠી બંધાવવી કે ગુરુ કરવા આવી જે સામાન્ય રૂઢિ છે તે રૂઢિનું અનુસરણ માત્ર થયું. અને આવા લોકોને દીક્ષા આપનારમાં ચેલાઓના ટોળાં ઊભા કરવાની વૃત્તિ જે બીજે બધે દેખાય છે તેવું આપણે ત્યાં પણ થયું. એમાં સરવાળે વ્યક્તિ કે સમ્પ્રદાય કોઈનું હિત નથી. તે જ પ્રમાણે વૈષ્ણવકુલોદ્ભવને દીક્ષા આપવામાં દોષ નથી એમ માનવું પણ યોગ્ય નથી. કારણ કે દીક્ષા તો કંઈક પામવા માટે કે સાચા અર્થમાં પ્રભુસેવા કરવામાટે છે. અવો જો હેતુ જ ન હોય તો દીક્ષા લેવાનો કોઈ અર્થ જ નથી. પછી પુન: દીક્ષા લેવાના સમ્બન્ધમાં મને એમ લાગે છે કે જો જિજ્ઞાસા જાગી હોય અને કંઈક પ્રાપ્ત કરવું હોય અને તે એક સ્થળેથી ન મળતું હોય તો બીજેથી મેળવવામાં મને કંઈ ખોટું લાગતું નથી. ભાગવતજીના ૧૧મા સ્કન્ધમાં ૨૪ ગુરુઓના પ્રસઙ્ગમાં આવે છે તે આ દિશામાં એક સઙ્કેત છે કે જો ક્યાંકથી સારું મળતું હોય તો પ્રાપ્ત કરવામાં કશું ખોટું નથી. પરન્તુ તમારી મધ એકત્રિત કરવાની વૃત્તિ તો કમસે કમ હોવી જોઈએ. ખાલી શોખ ખાતર કે ગતાનુગતિક ગુરુઓ બદલવાનો કંઈ અર્થ નથી. એ ઉચિત નથી. એનાથી કંઈ ફાયદો પણ



નથી. તે પછી આચારની બાબતમાં એવો વિવેક રાખવો જોઈએ કે સમય અને સંજોગો અનુસાર જે સાધનો ઉપલબ્ધ હોય તેને સ્વીકારી લેવા એમાં ડહાપણ છે. સિદ્ધાન્તમાં, પરન્તુ, આવી કોઈ બાંધછોડ ન ચાલે.

**ગો. શ ર દ:** સંક્ષેપમાં રાજનભાઈએ લગભગ બધા મુદ્દાઓની ચર્ચા કરી. હવે શર્માજી.

**ગજાનન શર્મા:** रसिकभाईने अपने परिपत्रमें ६ प्रकारके वरण बतलाये. उसमेंसे व्यापरवरण तथा फलवरण के सम्बन्धमें अधिक चर्चा होनी चाहिये ऐसा आपका आग्रह है. इसके सम्बन्धमें मेरा ये निवेदन है कि ये चर्चा स्वतन्त्ररूपसे की जा सकती है. ये अधिकारपरिचर्चाका विषय नहीं है. इसी तरह जो *कॉमन् मिनिमम् प्राग्राम्*वाली जो बात है वो बहुत अच्छी बात है. परन्तु मुझे ऐसा लगता है कि ये अधिकारसे सीधा सम्बन्ध रखनेवाली बात नहीं है. इसलिये जैसे आपश्रीने कहा कि एक परिपत्र निकालना चाहिए. तो बस यही हो सकता है.

**પિયૂષ પરીખ:** આપે લેખમાં જે જન્મવરણ, માર્ગવરણ, સાધનવરણ, વ્યાપારવરણ અને ફલવરણ આમ વરણના જુદા-જુદા પ્રકારો ગણાવ્યા છે તે વિષયમાં થોડી સ્પષ્ટતા કરશો?

**રસિક શાહ:** **"દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્ દૈવ આસુર એવ ચ"**. બે પ્રકારના સર્ગ છે: એક દૈવ અને બીજો આસુર. હવે દૈવી કે આસુરી તરીકેનો જે અધિકાર છે તે કેવી રીતે મળી રહ્યો છે? શ્રીઠાકોરજી પાસેથી મળી રહ્યો છે. હવે જન્મવરણ પણ આપણા સામર્થ્યની વાત નથી. એ પણ પ્રભુની કૃપાથી મળે છે. વ્યાપારવરણ. શ્રીઠાકોરજીને જે વ્યાપારથી આપણને ફળ આપવું છે તે જાતની પ્રેરણા કરીને આપણાદ્વારા સાધનવ્યાપાર કરાવીને ફળ આપે છે. આ વ્યાપારવરણ છે. જ્યારે સાધન કરાવ્યાસિવાય ફળ આપી રહ્યા છે ત્યારે પોતાના કૃપાબળથી

આપે છે. હવે જેટલા પણ વરણ છે તે સિદ્ધાન્તની દષ્ટિએ શ્રીઠાકોરજીના હાથમાં રહેલાં છે. હવે માર્ગરુચિથી કૃપાનું અનુમાન કરીને આપણે જ્યારે એ જાણ્યું કે આપણો અધિકાર પુષ્ટિભક્તિમાં છે ત્યારે આપણી જે આજે સમસ્યાઓ છે તે અમે અમારા પેપરમાં રજુ કરી છે.

**અસિત શાહ**: રસિકભાઈએ જે સમસ્યાઓ બતાવી સમ્પ્રદાયના વિષયમાં તેના જે સમાધાનો મને સમજાય છે તે હું રજુ કરું છું. રસિકભાઈએ જે સમસ્યાઓ બતાવી છે તેમાંની ઘણી ખરી એવી છે કે જે ભારતીય જીવનપ્રણાલીના અન્તર્ગત વૈવાહિક સમ્બન્ધની સમસ્યાઓ સાથે સામ્ય ધરાવે છે. અને જે ઉકેલો તેના હોઈ શકે છે તે જ ઉકેલો આપણે આપણા સમ્પ્રદાયની સમસ્યાઓમાટે પણ વિચારી શકીએ છીએ. હવે તેમનો પહેલો મુદ્દો છે બ્રહ્મસમ્બન્ધનો છે. તેમાં બ્રહ્મસમ્બન્ધ લેવામાટે શું યોગ્યતા હોવી જોઈએ, આપવામાટે શું યોગ્યતા હોવી જોઈએ, દીક્ષા પછી સિદ્ધાન્તોનું જ્ઞાન આપવાની વ્યવસ્થા વગેરે વિષયમાં આપણા સમ્પ્રદાયમાં કોઈ વ્યવસ્થા નથી. તો એ જ સ્થિતિ આપણે ત્યાં વિવાહસંસ્કારના સમ્બન્ધમાં પણ છે. વિવાહ થતા હોય છે ત્યારે લગભગ કોઈને ખબર હોતી નથી કે પતિને બોલવાના શ્લોકમાં શું બોલાય છે કે પત્નિને બોલવાના શ્લોકોમાં શું બોલાય છે કે એનો અર્થ શું થાય છે કે વિવાહસમ્બન્ધનો શું અર્થ છે. પરન્તુ એનાથી કાંઈ એટલો બધો વાંધો નથી આવતો. જો વાંધો આવતો હોય તો આપણે જે શ્લોકો બોલતાં હોય તેના ભાવાર્થની પુસ્તકો છાપી શકાય. એ રીતે બ્રહ્મસમ્બન્ધ વિશે પણ પુસ્તિકાઓ છાપી શકીએ. ગુરુ જો પોતે એ બાબત ગમ્ભીર હોય તો બ્રહ્મસમ્બન્ધ લેવા ઈચ્છુકને આવશ્યક ઉપદેશ આપી શકે કે પુસ્તકોદ્વારા બ્રહ્મસમ્બન્ધ શું છે, શામાટે લેવું જોઈએ, કોણે લેવું જોઈએ, પછી શું કર્તવ્યો હોય છે,



શું છોડવાનું હોય છે વગેરેની સમજ દીક્ષા લેતાં પહેલાં આપી શકે છે. જો ગુરુ આજે ગમ્ભીર નથી તો જાગરૂક વૈષ્ણવો આવી પુસ્તકાઓનું પ્રકાશન - વિતરણ કરી શકે છે. હવે નાનપણમાં અજ્ઞાન અવસ્થામાં જે નામદીક્ષા આપવામાં આવે છે તેના સમ્બન્ધમાં વિચારીએ. આપણે ત્યાં બે દીક્ષાઓ છે. નામદીક્ષા અને બ્રહ્મસમ્બન્ધદીક્ષા. આમાં બ્રહ્મસમ્બન્ધદીક્ષા થોડી વધારે ગમ્ભીર છે. કારણ કે તેના પછી દીક્ષા લેનારને સેવા અને કથા માં પ્રવૃત્ત થવાનું હોય છે. તેમાં ઠાકોરજી પણ *પાર્ટી* બનતાં હોય છે. આની સરખામણીમાં શરણદીક્ષા એટલી ગમ્ભીર નથી હોતી. તે થોડી *લાઈટલી* લેવાતી અને અપાતી હોય છે. આ બાબતમાં શ્રીગુસાંઈજી ભક્તિહંસ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે યજ્ઞોપવીત દીક્ષા જ્યારે બાળક લે છે ત્યારે તેને ખબર હોતી નથી કે તે યજ્ઞોપવીત શામાટે લઈ રહ્યો છે કે તેને પછી શું કરવાનું છે. પણ તેના *પેરેન્ટ્સ* બાળકના હિતના વિચારથી જાતકર્મસંસ્કારની જેમ ઉપનયનસંસ્કાર કરાવે છે અને વેદાધ્યયનની વ્યવસ્થા કરતાં હોય છે. તે જ રીતે નામદીક્ષામાં પણ થઈ શકે છે. વૈષ્ણવકુળમાં જન્મેલ બાળક નામદીક્ષા લઈને વૈષ્ણવ વાતાવરણ અને સંસ્કાર મળશે એટલે આગળ જઈને બ્રહ્મસમ્બન્ધ લઈને પુષ્ટિમાર્ગીય સાધનોમાં પ્રવૃત્ત થશે. તો એવું જરૂરી નથી કે નામદીક્ષા લેતી વખતે પણ એટલી બધી સમજ એનામાં હોવી જોઈએ. એ સિવાય અપરસની બાબતમાં એ વાત આવી કે તેમાં બધે અલગ - અલગ *સ્ટાન્ડર્ડ* ચાલી રહ્યાં છે. એ સમ્બન્ધમાં જો આપણે વાર્તાસાહિત્ય જોઈશું તો તેમાં આચાર બાબત *ફ્લેક્સિબિલિટિ* જોવા મળશે. તે વખતે પણ અપરસ એકસરખી ન હતી અને એવો આગ્રહ પણ રાખવામાં આવતો ન હતો. એક વાર્તામાં આવે છે કે એક નિષ્કિઞ્ચન અને ધનિક વૈષ્ણવ ના ઘરમાં માટીનાં વાસણોમાં કુતરાએ મોઢું અડાડી દીધું તો ગરીબ વૈષ્ણવની

અપરસ ન છોવાઈ જ્યારે ધનિકની છોવાઈ ગઈ. કારણ એ હતું કે ધનિક નવેસરથી બધું વસાવી શકે છે જ્યારે ગરીબ તેમ કરી શકતો નથી. તો આ બાબત કોઈ એક નિર્ણય આપી શકાય તેમ નથી. આનું સમાધાન તે જ હોઈ શકે કે જેમ પહેલાંના સમયમાં શ્રીમહાપ્રભુજી પોતાના શિષ્યના ઘરે બે-ચાર દિવસ રોકાઈને સેવા-આચાર વગેરે બાબત બધી સમજ આપતા તેમ આજે કરવામાં આવે. અથવા જેમ વૈષ્ણવો અડેલ જતા અને ત્યાં રોકાઈને બધી સમજ લઈ જતા હતાં તેમ આજે પણ થઈ શકે. આજે તો પ્રવાસના અને સન્દેશ વ્યવહારના સાધનો એટલાં સુલભ છે કે ગુરુ-શિષ્ય બન્ને એક બીજા પાસે સરળતાથી આવી જઈ શકે છે. *કૉમન્ મિનિમમ્ પ્રોગ્રામ્* ની વાત છે ત્યાં સુધી અપરસમાટે એ આવશ્યક નથી. પરન્તુ જે એવા વિવાદિત વિષયો છે તેનામાટે એવું કરી શકાય છે. કથાપક્ષમાં શ્રીભાગવતની પ્રમુખતા છે. તે બાબતમાં સિદ્ધાન્ત સ્પષ્ટ છે કે વૃત્યર્થ ભાગવત વાંચવું કે સાંભળવું ન જોઈએ. પ્રયત્નપૂર્વક જાતે જ ભાગવતનો અભ્યાસ કરવો જોઈએ. એમાં જો સમજ ન પડતી હોય કે અધિકાર ન હોય તો પરવર્તી આચાર્યો તેમજ સામ્પ્રદાયિક વિદ્વાનોએ અનેક ગ્રન્થો રચ્યા છે જેવા કે શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધનામાવલી, શ્રીહરિરાયચરણના પણ ગ્રન્થો છે. વ્રજભાષા અને ગુજરાતી માં પણ અનેક ગ્રન્થો છે જે સંસ્કૃત ન સમજી શકનારાઓને સહાયક બની શકે છે. આવા ગ્રન્થો સુલભ બનાવવા જોઈએ. પુનર્બ્રહ્મસમ્બન્ધ. આપણે ત્યાં બાળવિવાહ થતા આવ્યા છે. મોટાં થઈને તેઓ ફરીથી પરણતાં નથી. બાળલગ્નો પણ ટકે છે. એટલે બાળપણમાં લીધી હોય કે યાદ ન હોય જેવા કારણે દીક્ષા ફરીથી લેવાની આવશ્યકતા નથી.

ધર્મેન્દ્ર ઝાલા: અસિતના વક્તવ્યમાં નામદીક્ષાના સન્દર્ભમાં મારે ખાલી



એટલું જ કહેવું છે કે મા-બાપ અને ગુરુ ની જવાબદારી બને છે. નામમન્ત્રની દીક્ષામાં ભલે બીજી કોઈ કર્તવ્યની અપેક્ષાઓ ન હોય પરન્તુ જ્યારે જેમ શરદબાવાએ કહ્યું છે કે મા-બાપો પોતે પણ જ્યારે પાંચ મિનિટ બેસીને દીક્ષામન્ત્રની એક માળા કરવાની તસ્દી લેતાં ન હોય ત્યારે પોતાના બાળકોને દીક્ષા અપાવવાનો એમનો કોઈ અધિકારજ નથી તેવું હું માનું છું. આટલી પણ *ડિગ્નિટી* જો આપણે દીક્ષાની જાળવી ન શકતા હોઈએ તો પછી દીક્ષા અપાવવાનો શું અર્થ રહે છે? આવા સમયે તો ગુરુની એ *રિસ્પોન્સિબિલિટિ* થાય છે કે તેઓ આવા લેભાગુ લોકોને દીક્ષા ન આપે.

રસિક શાહ: હવે અત્યાર સુધી જે સમસ્યાઓની આપણે ચર્ચા કરી તેમાં મુખ્યપણે બે સ્તરે ક્ષતિઓ છે: એક તો આચાર્યોના સ્તરે અને બીજા અનુયાયીઓના સ્તરે. આમાં એક વાત નક્કી છે કે જો સમ્પ્રદાયના બનીને જીવવું છે તો કોઈ પણ વૈષ્ણવ એમ કહીને છટકી શકે તેમ નથી કે "અમારાથી કંઈ થઈ શકે તેમ નથી". દરેક વૈષ્ણવે આ સમસ્યાઓનો વિચાર કરીને પોત-પોતાનો અભિપ્રાય ખુલ્લો કરી દેવો જોઈએ કે સમ્પ્રદાયની સમસ્યાઓ બાબત શું કરી શકાય છે અને તે પોતે શું કરી શકે છે. દરેક વૈષ્ણવોના કોઈ-ને-કોઈ આચાર્યો સાથે સમ્બન્ધો છે જ. હવે સમ્બન્ધિત આચાર્યો જો આપણી અપેક્ષા મુજબ સિદ્ધાન્ત અનુસાર ન વર્તતાં હોય અથવા આપણા અભિપ્રાય સાથે તેમનો સુમેળ ન થતો હોય તો આપણે આચાર્યો પાસે તે વાતોને *ક્લીયર* કરાવવી જોઈએ. શરૂઆત જો સઙ્ગઠનથી ન થઈ શકે તો વ્યક્તિગત સ્તરે કરવી જોઈએ. દાખલા તરીકે આપણે અહીં આટલા લોકો છીએ તો આપણે આપણો મત જાહેર કરવો જોઈએ. આપણા મત સામે કોઈ વિરોધ જાહેર કરે તો આપણે તેનામાટે ખુલ્લા છીએ. હવે જો આપણે કોઈ એક

મતમાં સ્થિર હોઈએ તો શરદ્‌બાવા એમ કહીને છટકી ગયાં કે આચાર્યો એકમત થઈ શકે તેમ નથી તેથી તે દિશામાં પ્રયાસ કરવો અર્થહીન છે. એમની કહેવાની વાત એવી છે. તો મારું એમ કહેવું છે કે જો વૈષ્ણવો આચાર્યોની પાછળ પડીને આગ્રહ કરશે કે આપ આનો ફૈસલો કરો તો આચાર્યોએ કોઈ-ને-કોઈ રીતે કાંઈક તો કરવું જ પડશે. હું કદાચ મારી અધિકાર મર્યાદાથી બહાર જઈને વાત કરી રહ્યો હોઉં. પરન્તુ ચર્ચાનો પ્રસઙ્ગ છે એટલે કરી રહ્યો છું કે જે આચાર્યો આ વિચારમાં સમ્મત હોય એમનો પણ કોઈ પક્ષ તૈયાર થવો જાઈએ. બધા આચાર્યો અસમ્મત હોય એવું નથી. બે આચાર્યો બે બાબતમાં સમ્મત હોય તો એમનો પણ પક્ષ જાહેર થવો જોઈએ. એમની એ દિશામાં કાંઈક પ્રવૃત્તિ હોવી જોઈએ. આ માટે એમણે પણ કાંઈક પ્રયત્નો કરવા પડશે. વૈષ્ણવોએ પણ પોતાની રીતે પ્રયત્નો કરવા પડશે. અને વૈષ્ણવો જો આચાર્યોને પકડશે, 'પકડશે' *ઈન્ ધ સેન્સ્* કે આગ્રહપૂર્વક ત્યાં જઈને બેસશે અને આગ્રહપૂર્વક આચાર્યોને વિનન્તી કરશે કે આપ આ વાતનો ખુલાસો કરો. ત્યાંથી શરૂઆત થશે તો એકથી દસ. દસના સો. સોના હજાર થશે. પણ જો આપણે એવું વિચારીને બેસી રહીશું કે આ કાળમાં કંઈ થઈ શકે એવું નથી, દુનિયા આખી બગડી ગઈ છે તો પછી અન્ત નક્કી છે.

ગો. શ ર દ્:રસિકભાઈની વાત તદ્દન સાચી છે. હવે કથાની બાબતમાં મારે થોડું કહેવું છે. શ્રીઆચાર્યજીનો સિદ્ધાન્ત સ્પષ્ટ છે કે વૃત્ત્યર્થ ભાગવતકથા પુષ્ટિસમ્પ્રદાયમાં ન થઈ શકે. સર્વનિર્ણયના **"પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતં વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ, તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્"** એ વચનથી તેમજ પદ્મનાભદાસજી વગેરે આચાર્યજી તથા પ્રભુચરણો ના શિષ્યોના દૃષ્ટાન્તથી પણ એ સિદ્ધ છે. તેથી જે પણ



પુષ્ટિમાર્ગી કથાવાચક પૈસા લઈને ભાગવતની કથા કરે છે તેઓ ગુરુદ્રોહને કારણે અપરાધી છે જ એ સ્પષ્ટ છે. આમ છતાં (જેમ સમર્પણ, આચાર, અન્યાશ્રય વગેરે સિદ્ધાન્તોના યથોક્ત પાલન, અલ્પપાલન કે વિરુદ્ધ પાલન થવાપર તેના કારણો તેમજ તે કારણોના નિવારણની વિવેચના આપણે કરતા રહીએ છીએ તેમ) ભાગવતકથાની વાત આવતાં કેવલ કથાકારોનેજ દોષી ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવે છે તેનાથી હું સમ્મત નથી. આમાં ઘણી બધી પરિસ્થિતિઓ જવાબદાર છે. પહેલા ક્રમે ભાગવતની અસાધારણ મહત્તા આનામાટે જવાબદાર છે. બીજી વાત એ છે કે ભાગવત્‌નો અભ્યાસ આચાર્યો તો કરાવતા નથી અને અપુષ્ટિમાર્ગીના મોઢે ભાગવત સાંભળી શકાય નહીં. બન્ને તરફ સમસ્યા. ભાગવતસમ્બન્ધિ સિદ્ધાન્તશુદ્ધ વ્યવસ્થા સમ્પ્રદાય પોતાના અનુયાયીઓને ઉપલબ્ધ ન કરાવે અને ભાગવતનો આગ્રહ એટલોજ સેવવામા આવે તો લોકો તો જ્યાં અને જેમ ભાગવત સાંભળવા મળે તેમ સાંભળવાનાજ છે કે વાંચવાનાજ છે. આજે માયાવાદી ડોંગરેજી, અખણ્ડાનન્દ સરસ્વતી અને ગીતાપ્રેસ ના ભાગવત પુષ્ટિમાર્ગીઓના ઘરે-ઘર વંચાતા હોય છે. આપણો સમ્પ્રદાય ૫૦૦ વર્ષ પછી પણ મનને સન્તોષ થાય તેવું સુબોધિનીજી સમ્મત ભાગવત લોકભોગ્ય શૈલી અને ભાષા માં પ્રસિદ્ધ કરી શક્યો નથી. હવે પુષ્ટિમાર્ગીઓ અવૈષ્ણવ પાસે ભાગવત સાંભળતા નથી તેથી આજીવિકામાટે કથા કરનારાઓ તેમજ પ્રસિદ્ધ કથાકારો પણ વૈષ્ણવોમાં માન્યતા મેળવવામાટે સમ્પ્રદાયમાં નિષ્ઠા ન હોવા છતાં પુષ્ટિમાર્ગીય ગુરુઓ પાસેથી કણ્ઠી બંધાવી લેતા હોય છે. અહીં સમસ્યા એ છે કે આવા નિષ્ઠાવિહીન લોકોને કણ્ઠી કહેરાવે કોણ છે? અમે (પુષ્ટિમાર્ગીય ગોસ્વામી આચાર્યો) લોકો જ તો. વૃત્ત્યર્થ થતી કથાઓમાં પધારે કોણ છે? ગોસ્વામી આચાર્યો જ. આવી કથા કરનારાઓને કથા કરવાની આજ્ઞા કોણ આપે

છે? અમે લોકો જ. કેટલાક આચાર્યો તો સ્વયં કથાઓનું આયોજન કરે છે. તેથી મને એમ જણાય છે કે સિદ્ધાન્તવિરુદ્ધ ભાગવતકથાની ગંગોત્રી તો અમારા તરફથી વહી રહી છે. એટલે આમાં પહેલા દોષી અમે છીએ. હવે આની બીજી બાજુ વિચારીએ તો ચાર-પાંચ પેઢી પહેલાના ગોસ્વામી આચાર્યો ભગવત્સેવાને સ્વધર્મબુદ્ધિથી ફલરૂપ સમજીને કરતા હતા, વ્યાવસાયિક દૃષ્ટિકોણ આજના જેવો તેમનામાં ન હતો. તેઓની જ પરમ્પરામાં રહેલા અમે લોકો આજે સેવાને ધન્ધો બનાવીને બેસી ગયા છીએ. આ પરિવર્તન એકદમ નથી થયું. ૧૫૦-૨૦૦ વર્ષનો સમય આમાં લાગ્યો છે. ઘણા બધા પરિબળો આમાં કામ કરી ગયાં છે. અમારામાંથી આજે કેટલાક લોકો સેવાના વ્યાપારીકરણને પાપકૃત્ય સમજીને છોડી ચુકયા છે, કેટલાક છોડવાની તૈયારીમાં છે, કેટલાક આટલા વર્ષોથી આવું કરતા આવ્યા છીએ તે ખોટું હતું તે કબૂલવાના સઙ્કોચ વશ તેને છોડી નથી રહ્યા પરન્તુ સમજે છે ખરા અને કેટલાક સ્વાર્થાન્ધ બિલકુલ સ્વીકારતા કે સમજતાં જ નથી. આ જ પરિસ્થિતિ કથાકારોની પણ છે. હવે આપણે અધિકારની ચર્ચા જ્યારે કરી રહ્યા છીએ ત્યારે ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ કક્ષાના ભેદો આપણે સ્વીકારવા જોઈએ. ધંધાકીય સેવા કરનારા ગોસ્વામી આચાર્યો જેમ એકદમથી આ ધંધામાં પડ્યા નથી તેમ પરમ્પરાથી કથા કરનારાઓ પણ એકદમથી કથાને ધંધા તરીકે અપનાવી નહીં હોય. આમાંના કેટલાક કથાકારો એવા પણ હોઈ શકે છે કે જેઓ વૃત્ત્યર્થકથા કરવી એ આચાર્યચરણોનો દ્રોહ છે તે વાતને સમજતા હોય. પરન્તુ તેમના સામે એક મોટી સમસ્ય છે આજીવિકાના વિકલ્પની. શ્રીપદ્મનાભદાસજી જેવામાટે આ સમસ્યા ન હતી. કારણ કે ઉત્તમાધિકાર હતો. તેમાણે તો એક વખત જાણ્યું કે તરતજ હાથમાં પાણી લઈને વૃત્ત્યર્થકથાના



ત્યાગનો સઙ્કલ્પ કરી લીધો. ન્યૂનાધિકારને કારણે આવું જે નથી કરી શકતા તેવા સઙ્ઘર્ષરત કથાકારોને તેમજ અન્ય પણ કથાકારોને જો એવું આશ્વાસન મળે કે આજીવિકાર્થે ભાગવત તેઓ નહીં વાંચે તો પણ તેમનું ભરણ-પોષણ સમ્પ્રદાય પોતાની જવાબદારી સમજીને કરશે તો હું નથી માનતો કે તેઓ વૃત્ત્યર્થ ભાગવતજ વાંચવાનો દુરાગ્રહ સેવે. માની લ્યો કે સમ્પ્રદાયનિષ્ઠાને કારણે સાચી વાત નો બોધ થતાં કોઈ કથાકારે વૃત્ત્યર્થ ભાગવત વાંચવી છોડી દીધી તો સમ્પ્રદાય એના માટે શું કરશે? (આવું કહેવા પાછળનો મારો આશય એ નથી કે એવા કથાકારોની જવાબદારી સમ્પ્રદાયની છે અથવા તો જો સમ્પ્રદાય તેની જવાબદારી ન ઉપાડી શકે તો તે બીકે કોઈ કથાકારને વૃત્ત્યર્થ કથા કરવાની છૂટ મળી જાય છે. મારું કથન આ સમાસ્યાનો વ્યાવહારિક ઉકેલ લાવવામાટે છે. મારું કહેવું એટલું જ છે કે જેમ ગોસ્વામી આચાર્યોએ આવા કથાકારોને દીક્ષાઆપીને તેમજ તેવી કથાઓમાં હાજરી આપીને ભૂલ કરી છે તેમજ કરી રહ્યાં છે તે અંશમાં તેઓ જેમ આ પરિસ્થિતિજન્ય પાપના સહભાગી છે જ તેમ વૈષ્ણવ શ્રોતાઓ પણ સમ્પ્રદાયના પાયાના સિદ્ધાન્તો કે બાહ્યઆચાર વિષયક અણુમાત્ર પણ જ્ઞાન ધરાવતા ન હોવા છતાં સિદ્ધાન્તગ્રન્થોને સાંભળવા-શીખવાના સ્થાને ભાગવત સાંભળવાનો દુરાગ્રહ સેવતા હોય છે કે જેનું સાચું તાત્પર્ય વસ્તુત: ષોડશગ્રન્થાદિ સામ્પ્રદાયિક બધા ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ થઈ ગયા પછીજ સમજી શકાય છે. આથી આ અંશમાં વૈષ્ણવ સમાજ પણ આ પરિસ્થિજન્ય પાપનો સહભાગી છે જ.) આચાર્યો તો પ્રાય: ઉપદેશ આપતાં નથી. તેઓ તો સમાજસેવા, રાજકારણ, નોકરી-ધંધા, કોર્ટ-કચેરી કે પુજારીપણા માં પોતાના સામ્પ્રદાયિક ઉત્તરદાયિત્વને ભૂલીને લગભગ છોડી ચુક્યાં છે. આવી સ્થિતિમાં વૃત્ત્યર્થ ભાગવત કથા કરનારા કથાવાચકો પાસેથી અથવા તો માત્ર કથાવાચકો પાસેથી વૈષ્ણવ સમાજ ષોડશગ્રન્થો, નિબન્ધ, ૮૪-૨૫૨ કે શિક્ષાપત્ર આદિ સામ્પ્રદાયિક ગ્રન્થોને સાંભળે-શીખે અને

તેના બદલમાં ભાગવત કથામાટે અપાતી દક્ષિણા કરતાંય વિશેષ દક્ષિણા તેમને આપે. આમેંય કથામાં સંગીત, સાજસજ્જા, મનોરથો, શોભાયાત્રા જેવા આડમ્બરોમાં મનોરથીઓ અઢળક નાણાં વેડફતાંજ હોય છે. તે પૈસા તેઓ સિદ્ધાન્તગ્રન્થો ઉપર પ્રવચન કરનારા કથાકારોને દક્ષિણા ઉપરાંતમાં આપે તો વૃત્ત્યર્થ થતી ભાગવતકથાના પ્રવચન - શ્રવણની દૂષિત પરમ્પરા સ્વતઃ શુદ્ધ થઈ જાય. જેમ યોગેશભાઈ શાસ્ત્રીજી છે, અમદાવાદવાળા. તેઓ આ સેમિનારના દિવસો અને સમય પ્રમાણે હાલોલમાં જ અત્યારે શ્રીયમુનાષ્ટક ઉપર શિબિર કરી રહ્યાં છે. ધંધાકીય ભાગવત નથી કરી રહ્યાં. તો આવી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવી જોઈએ. આવા કથાકારોને પણ પ્રોત્સાહિત કરવા જોઈએ કે જેથી તેઓ અપસિદ્ધાન્તના ગર્તમાંથી બહાર આવી શકે. હવે એ ઓર વાત છે કે આપણા સેમિનારમાં તેઓ નથી આવવાના. જો કે એમને મેં આપણા આ સેમિનારમાં આવવાનું આમન્ત્રણ (૭-૧-૦૧ ના લખેલ પત્ર દ્વારા તેમજ તેના ચાર દિવસ પછી વ્યક્તિગત ફોનદ્વારા) આપ્યું હતું. મેં તેમને "બહિરઙ્ગસેવામાં અધિકારનો વિચાર" એ વિષય આપ્યો હતો. એમણે પત્રનો જવબ ન આપ્યો એટલે એ વિષય આપણે આ સેમિનારમાં બીજા કોઈને આપી ન શક્યા. આજે તેઓ હાલોલમાંજ છે. પરન્તુ એમણે પરિષદ્ના માધ્યમથી પોતાનો જુદો કાર્યક્રમ રાખ્યો છે. આ બધું દુઃખદ છે. ખેર, આ જ ઉપાય (મુખ્યત્વે) ગોસ્વામી આચાર્યોદ્વારા તેમજ અન્ય લોકોદ્વારા ચાલતી ધંધાકીય સેવાની કુપરમ્પરાને શુદ્ધ કરવામાટે પણ છે. કારણ કે આચાર્યપદમાટે આવશ્યક યોગ્યતાના અભાવે આર્થિક અનિશ્ચિતતાનો ભય સેવાના વ્યાપારીકરણમાટે નિશ્ચિતરૂપથી એક જવાબદાર કારણ છેજ. આ દિશામાં બધાએ સહાનુભૂતિથી વિચાર કરવો જોઈએ. કારણ કે આર્થિક અનિશ્ચિતતા એ એક *જેન્યુઈન્* સમસ્યા



છે. શિષ્યવર્ગ આની ગમ્ભીરતાને સમજીને આચાર્યોને જો આશ્વસ્ત કરે કે જો તેઓ ધંધાકીય ધોરણે કૃષ્ણસેવા ન કરીને આચાર્યોચિત કર્તવ્યનો નિર્વાહ શિષ્યોને સિદ્ધાન્તોપદેશ આપીને કરશે તો પણ અનુયાયીવર્ગ તેમના સ્થાનના અનુરૂપ નિર્વાહ ગુરુભેટ - દક્ષિણાદ્વારા ચલાવશેજ. પોતાના ગુરુને આર્થિક બાબતમાં ચિન્તિત થવા નહીં દે તો મને લાગે છે કે ૯૯% લોકો આ અપસિદ્ધાન્તપૂર્ણ સેવાના પ્રકારને છોડવામાં સઙ્કોચનો અનુભવ નહીં કરે. હવે દીક્ષા પૂર્વે સ્વમાર્ગીય સિદ્ધાન્તોની સમજ આપવાની વ્યવસ્થા સમ્પ્રદાયમાં કોઈ ઠેકાણે નથી એવું જે કહેવામાં આવ્યું એ બાબત મારે એ કહવાનું છે કે એકન્દરે આ વાત સાચી છે. પરન્તુ આ દિશામાં કોઈ પ્રયાસ જ નથી થતાં એવું પણ નથી. થોડા સમય પૂર્વે શ્રીરાજેશબાવાને ત્યાં લગ્નપ્રસઙ્ગમાં સમ્મિલિત થવાનું થયું ત્યારે મને જાણવા મળ્યું કે ચતુર્થગૃહાધીશ શ્રીશુરેશબાવાને ત્યાં ગોકુળમાં જે બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેવામાટે આવે છે તેને બે દિવસ રોકવામાં આવે છે. બે દિવસમાં તેને નિત્યનિયમના સ્તોત્રપાઠો શુદ્ધ ઉચ્ચારપૂર્વક શિખવવામા આવે છે. તે સિવાય સામાન્યધર્મથી કરીને સમ્પ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોની સમજ આપવામા આવે છે. ત્યાર પછી તેને દીક્ષા આપવામા આવે છે. તો આવી *કન્સ્ટ્રક્ટિવ્* પ્રવૃત્તિ પણ સમ્પ્રદાયમાં ક્યાંક - ક્યાંક ચાલે છે. બધી જગાએ આંધળે બહેરું કૂટાતું નથી. રસિકભાઈને ધન્યવાદ કે સમ્પ્રદાયની ગમ્ભીર સમસ્યાઓને વિચારાર્થ પ્રસ્તુત કરી. ખુબ ઠોસ સમાધાનો પણ આપણને એ સમસ્યઓનાં પ્રાપ્ત થયાં. હું તો એ દૃઢ માન્યતા ધરાવું છું કે સમ્પ્રદાયની કોઈ પણ પ્રકારની હાનીમાં પ્રથમ જવાબદારી ગુરુની હોય છે. જો ગુરુ જાગૃત ન હોય તો શિષ્યોએ પોતાના ગુરુને જાગૃત કરવા જોઈએ. થોડા દિવસો પહેલાં છાપામાં સમાચાર હતા કે મધ્યપ્રદેશના કોઈ ગામમાં લોકોએ પુનઃ મતદાન

કરીને જનતાદ્વારા ચુંટાયેલા નગરપાલિકાના અયોગ્ય પ્રતિનિધિને પદભ્રષ્ટ કર્યો. ભારતના સંવિધાનમાં આ *પ્રોવિઝન્* છે પરન્તુ તે અધિકારનો પ્રયોગ પ્રથમવાર થયો. તેથી જો એક પક્ષ પોતાની જવાબદારી પ્રત્યે અભાન હોય તો બીજા પક્ષે પોતાના હિતનો વિચાર કરીને તેને જવાબદારીનું ભાન કરાવવું જોઈએ. તેથી વૈષ્ણવોનો *ફોર્સ* જો તૈયાર થશે તો અમે બધા આપો - આપ *રાઈટ્ ટ્રેક્* ઉપર ચઢી જઈશું. વૈષ્ણવો જો જાગૃત બનશે તો *કોમન્ મિનિમમ્ પ્રોગ્રામ્* પણ આપો - આપ તૈયાર થઈ જશે. જુનાગઢના કેસમાં સુપ્રિમકોર્ટનો નિર્ણય આવ્યો કે ગોસ્વામી આચાર્યોને જે ભેટ આવે છે તે પણ મન્દિરના ટ્રસ્ટની ગણાય કારણ કે તે ભેટ તેઓને મન્દિરમાં તેઓ સેવા - પૂજા કરે છે તે કારણે આવે છે. એટલે કે પુજારીની હૈસિયતથી આવે છે. ત્યારે અમે બધા આચાર્યોએ *કોમન્ મિનિમમ્ પ્રોગ્રામ* બાનાવી લીધો હતો.

**ગોપાલદાસ :** શરદ્ભાવાની વાત ઉપરથી મને યાદ આવે છે કે જ્યારે મન્દિરોમાં હરિજનપ્રવેશની ચળવળ ચાલી હતી ત્યારે બધા ગોસ્વામી બાળકોએ *કોમન્ મિનિમમ્ પ્રોગ્રામ* બનાવી લીધો હતો કે અમે બધા ગૃહસેવા કરીશું. મન્દિરો કેટલાય દિવસો સુધી બન્ધ રહ્યાં હતાં. એટલે શરદ્ભાવાની વાત યોગ્ય છે. વૈષ્ણવો જાગૃત બનશે તો આપોઆપ બધું સુધરી જશે.



## पुष्टिमार्गीय भगवद्गुणगानमें अधिकारका विचार

**राधेश्याम त्रिवेदी**

महाप्रभु श्रीमद्वल्लभाचार्यजीद्वारा प्रवर्तित पुष्टिमार्ग भक्तिमार्गके रूपमें सुप्रसिद्ध है. इसके मूलमें "भगवान् जिसपर कृपा करें, आत्मीयके रूपमें वरण करें उसे प्रभुप्राप्ति हो सकती है[१]" यह मन्त्र है. यही पुष्टि है. 'पुष्टि' अर्थात् पोषण. "पोषणं तदनुग्रहः" (भाग.पुरा.२।१०।४) के अनुसार भगवदनुग्रह ही पोषण है. इसमें मर्यादासे भिन्न, साधनरहित या अल्पसाधनसे महाफलका दान दिया जाता है. इस प्रकार पुष्टि ही भगवदनुग्रहमूल है[२]. जब भक्ताधीन भगवान् भक्तके स्वातन्त्र्यको पुरस्कृत करते हैं तब 'पुष्टि'पद यथार्थतः युक्तियुक्त सिद्ध होता है.

पुष्टिमार्ग ही प्रमेयमार्ग है. क्योंकि यह वस्तुकी भगच्छक्ति है[३]. तत्त्वदृष्टिसे प्रमेयमार्ग ही शुद्धाद्वैत ब्रह्मवादका प्रकटीकरण है.

भगवत्कृपा या भगवदनुग्रह ही पुष्टिभक्तके अधिकारका परिचायक प्रमाण है. भगवत्कृपा अप्रत्यक्ष होनेके कारण मार्गरुचिसे ही उसका अनुमान किया जाता है; क्योंकि कृपाके विना पुष्टिमार्गमें रुचि उदित नहीं होती है[४]. इस प्रकार पुष्टिमें रुचिको धारण करनेवाला निःसाधनभक्त अधिकारी कहा जाता है.

**पुष्टिमार्गीय साधनाका मूलाधार भगवत्सेवा :**

पुष्टिमार्ग भगवत्सेवाको ही लक्ष्य सिद्ध करता है. अतएव महाप्रभु

श्रीमद्वल्लभाचार्यजी ''कृष्णकी सेवा सदैव करनी चाहिए'' इस वचनामृतसे सूचित करते हैं कि कृष्णसेवा स्वत:पुरुषार्थरूपा एवं आत्यन्तिक भक्तिरूपा है[५]. इस प्रकार सर्वभावसे भजनीय व्रजाधिपकी सेवा ही अधिकाररूपा है. महाप्रभु श्रीमद्वल्लभाचार्यजी कहते हैं कि भगवत्स्वरूपकी सेवाकेलिये पुष्टिकी सृष्टि है, अन्यथा वह सम्भवित नहीं है[६]. इससे सिद्ध होता है कि भगवत्सेवाके अधिकारमें पुष्टिस्थ जीवोंकी सृष्टिका भगवान्ने अपने भजनकेलिये ही सृजन किया है. विभिन्न जीवोंकी अधिकारभेदसे कक्षा अङ्कित की गई है जिसका सूक्ष्म एवं गहन निरूपण 'पुष्टिप्रवाहमर्यादा'नामक प्रकरणग्रन्थमें किया गया है.

**अधिकारकी श्रेणियां :**

पुष्टिभक्तोंकी भिन्न-भिन्न श्रेणियोंके विभाजनके पूर्व सर्व जीवसृष्टि-भूतसर्गका श्रीमद्भगवद्गीतामें निरूपित दैव और आसुर विभाग भी चिन्तनीय है. क्योंकि कतिपय जीवोंमें उभयप्रकारेण प्रकृतिके लक्षण भी दृश्यमान होते हैं. 'पुष्टिप्रवाहमर्यादा'ग्रन्थमें पुष्टि, प्रवाह और मर्यादा के भेदका क्रम इस प्रकार निरूपित है. १. भक्तिमार्गके कथनसे पुष्टिमार्गका निश्चय किया गया है. २. दैवासुरसम्पद्विभागसे प्रवाहमार्गकी व्यवस्था की गई है. ३. नित्यविद्यमान् वेदसे मर्यादामार्ग भी व्यवस्थित किया गया है[७].

जैसे इस सृष्टिमें भिन्न-भिन्न मिले-जुले गुणवाले मनुष्य दिखाई देते हैं. अर्थात् सद्गुण और दुर्गुण एक-दूसरेमें मिश्रित होते हैं वैसे दैवीजीवोमें भी मिश्रता होती है जिसके कारण अधिकारकी श्रेणियां सुनिश्चित होती हैं.

पुष्टिभक्तिमार्गसे विमिश्रित जीव सर्वज्ञ होते हैं; प्रवाहसे मिश्रित पुष्टिजीव क्रियारत होते हैं. मर्यादासे मिश्रित पुष्टिजीव भगवद्गुणोंके ज्ञाता होते हैं जब कि प्रेमसे शुद्ध पुष्टिजीव अत्यन्त दुर्लभ हैं[८]. इस प्रकार



मिश्रप्रकारसे तीन प्रकारका निरूपण कर शुद्धपुष्टि प्रकारको पुष्टिमार्गका सर्वोत्कर्ष निरूपित किया है.

निम्नलिखित कोष्ठक भिन्न-भिन्न जीवोंकी कक्षाओंको प्रदर्शित करता है.

सृष्टि

दैवी | आसुरी

| पुष्टि | मर्यादा | प्रवाह |
|---|---|---|
| १. शुद्ध (अनुग्रहावलम्बी नि:साधन जीव) | १. शुद्ध (ज्ञानमार्गीय) | १. केवलप्रवाह (दुर्ज्ञ, उद्धार नहीं) |
| २. पुष्टिमिश्र (भगवत्स्वरूपके ज्ञाता नारदादि) | २. मर्यादामिश्र (स्वर्गादिकेलिये कर्म करनेवाले) | २. पुष्टिमिश्र (भगवद्भजनानुकूलक्रियाकर्ता, उद्धार है) |
| ३. मर्यादामिश्र (ज्ञानमिश्र नौ योगेश्वरादि) | ३. पुष्टिमिश्र (माहात्म्यज्ञानसे भगवत्प्रीत्यर्थ कर्म करनेवाले) | ३. मर्यादामिश्र (सत्कर्मकर्ता, उद्धार है) |
| ४. प्रवाहमिश्र (क्रियारत तीर्थाटनप्रेमी) | ४. प्रवाहमिश्र (लौकिकार्थ ही कर्म करनेवाले) | |

(सौजन्य: शुद्धाद्वैतब्रह्मवाद और पुष्टिमार्ग; व्या. डॉ. के. का. शास्त्री पृ.४२.)

पुष्टिभक्ति भगवत्कृपाके अनुपात्तमें चार उपविभागोंमें विभाजित है. १. पुष्टिभक्ति २. मर्यादापुष्टिभक्ति ३. पुष्टिपुष्टिभक्ति ४. शुद्धपुष्टिभक्ति. पुष्टिकी प्रमुखतामें उसका अग्रस्थान है; पुष्टिकी गौणतामें उसका निम्न या अल्प स्थान है. जैसे-जैसे भगवन्नाम और गुणों का श्रवण कीर्तन एवं स्मरण विवर्धमान होता है वैसे-वैसे क्रमश: रुचि, श्रद्धा और निष्ठा भी वृद्धिंगत होने लगने पर पुष्टिभक्तिसाधनाके अङ्ग हो सकते हैं.

जैसे अर्जुन मर्यादापुष्टिका जीव है क्योंकि उसे भगवदुपदेश दिया गया उसमें कर्तव्यपालनका महत्व सविशेष है. अम्बरीष पुष्टिमर्यादाके जीव हैं; क्योंकि शास्त्रमर्यादाके पालन सहित उसमें पुष्टिका महत्व प्रतिपादित है. हिरण्यकशिपु आदि प्रवाहपुष्टि हैं. ... शबरी जैसे भक्त पुष्टिप्रवाह हैं. पुष्टिजीवोंका अधिकारभेद जिन-जिन जीवोंमें दिखाई देता है उन-उन जीवोकी अधिकारभेद अनुसार भक्ति भी भिन्न-भिन्न कोटिकी होती है. शुद्धपुष्टिभक्तोंके अतिरिक्त जीवोंमें श्रवणादि नौ-नवधा भक्ति न्यूनाधिक अनुपात्तमें रही हुई है.

**अधिकारभेदका समन्वय :**

पुष्टिभक्तिके भिन्न-भिन्न प्रकारोंसे अधिकारभेदका दर्शन होता है. परन्तु महाप्रभु श्रीमद्वल्लभाचार्यजीद्वारा पुष्टिभक्तिमें प्रतिपादित अधिकारभेदका समन्वय इस प्रकार समझना चाहिए.

१. प्रवाहपुष्टिभक्ति = तामसभक्ति
२. मर्यादापुष्टिभक्ति = राजसभक्ति
३. पुष्टिप्रवाह = तामसमिश्र सात्विकभक्ति
४. पुष्टिमर्यादा = राजसमिश्र सात्विकभक्ति
५. पुष्टिपुष्टि = शुद्ध सात्विकभक्ति
६. शुद्धपुष्टि = निर्गुणभक्ति

उपर्युक्त पुष्टिभक्तिके अधिकारभेदोंका साम्य श्रीमद्भागवत-दशमस्कन्धके सुबोधिनीमें निर्दिष्ट प्रकरणो एवं अवान्तर प्रकरणोंकी लीलाओमें श्रीमहाप्रभुजीने भलीभांति प्रतिपादित किया है.

**विभिन्न कक्षाओंके भक्तोंका विभागीकरण :**

श्रीमद्भागवतके दशमस्कन्धसुबोधिनीमें उपर्युक्त जिन-जिन अध्यायोंमें जिन-जिन कक्षाओंके भक्तोंके उद्धारके कथानक वर्णित हैं उनमें कापिलेयोपाख्यान (भाग.पुरा. ३।२८।८।९२) में वर्णित विभागीकरण स्पष्टतया दिखाई देता है. उसका सङ्क्षेपमें निम्न प्रकारसे निरूपण है:



तामसभक्त : पूतना, शकटासु, तृणावर्त, अघासुर, धेनुकासुर, कालिय, प्रलम्ब, यज्ञपत्नियां, इन्द्र, गोपाङ्गनाएं, शङ्खचूड.

राजसभक्त : केशी, व्योमासुर, धनुष्यके रक्षक, मल्ल, कंस, सत्राजित, शतधन्वा, भौमासुर, रुक्मी, बाणासुर.

तासमसात्विकभक्त : नृग, मिथ्यावासुदेव, द्विविद.

राजससात्विकभक्त : शिशुपाल, दुर्योधन, शाल्व, दन्तवक्त्र, विदूरथ, बल्वल.

सात्विकभक्त : सुदामा, पटरानियां.

निर्गुणभक्त : श्रुतिरूपा.

(सौजन्य शुद्धाद्वैतब्रह्मवाद और पुष्टिमार्ग, व्या. डॉ. के. का. शास्त्री)

भगवान् श्रीकपिल माता देवहूतिको भक्तिका मर्म समझाते हुए कहते हैं कि जो भेददर्शी क्रोधीपुरुष हृदयमें हिंसा, दम्भ अथवा मात्सर्य का भाव रखकर मुझसे प्रेम करता है वह मेरा 'तामसभक्त' है[९]. जो पुरुष विषय, यश और ऐश्वर्य की कामनासे प्रतिमादिमें मेरा भेदभावसे पूजन करता है वह 'राजसभक्त' है[१०]. जो व्यक्ति पापोंका क्षय करनेकेलिए परमात्माको अर्पण करनेकेलिए पूजन करना कर्तव्य है इस बुद्धिसे मेरा भेदभावसे पूजन करता है वह 'सात्विकभक्त' है[११]. जिस प्रकार गङ्गाका प्रवाह अखण्डरूपसे समुद्रकी ओर बहता रहता है उसी प्रकार मेरे गुणोंके श्रवणमात्रसे मनकी गतिका अविच्छिन्न रूपसे मुझ सर्वान्तर्यामीके प्रति हो जाना तथा मुझ पुरुषोत्तममें निष्काम और अनन्य प्रेम होना यह 'निर्गुणभक्तियोग'का लक्षण कहा गया है[१२].

**पुष्टिमार्गीय भगवद्गुणगानके उपजीव्य विचार :**

पुष्टिभक्तिमार्गमें भगवद्गुणगानके उपजीव्य विचार षोडशग्रन्थान्तर्गत भक्तिवर्धिनी ग्रन्थसे मूलतः प्राप्त होते हैं. क्योंकि बीजरूप भाव अनुग्रहसे उत्पन्न प्रमे दृढ होता है तब त्यागसे और श्रवण सहित कीर्तन करने से भक्तिकी वृद्धि होती है[१३].

श्रीमहाप्रभुजी भक्तिकी व्याख्या नारदपञ्चरात्रसे गृहीत निबन्धशास्त्रार्थप्र-

करणमें देते हुए कहते हैं कि माहात्म्यज्ञानपूर्वक सुदृढ और सर्वसे श्रेष्ठ जो स्नेह है वह 'भक्ति' है. उसीसे मुक्ति है, अन्यथा मुक्ति नहीं है[१४].

सत्सङ्ग सेवा और आत्मरुचि का मूल कारण है. क्योंकि पुष्टिमार्गमें सेवा सस्नेहा होती है और कृपाका फल है. इस प्रकार विशुद्ध चित्त भक्तकी बिना प्रेरणाके ही भगवद्धर्ममें रुचि उत्पन्न होती है[१५].

पुष्टिमार्गीय भगवद्गुणगानमें प्रेमाधिक्यसे प्रकृष्ट गान अपेक्षित है. अरविन्दलोचन भगवानूका उच्चस्वरसे गान करनेवाली व्रजाङ्गनाओंकी ध्वनि आकाशको छूती है[१६]. यहां भी उत्कृष्टगान वर्णित है.

मनोरम कृष्णकथाका श्रवण करनेसे श्रवणभक्ति सिद्ध होती है. तदनन्तर कीर्तन और स्मरण की वृद्धि होते ही नवधा-साधनभक्ति सिद्ध होती है. ऐसे प्रेमसे भगवत्सायुज्य प्राप्त होता है[१७].

श्रद्धासे श्रवणादिकका भगवानूके याथार्थ्यज्ञानरूप फल सिद्ध होता है तब कीर्तनमें अधिकार होता है. श्रवणसे भगवद्रुचि होती है. अतएव प्रिय श्रवण या कीर्तन जिसका है ऐसे प्रियश्रवा प्रभुमें मेरी रुचि हुई[१८]. यहां श्रीमहाप्रभुजी आज्ञा करते हैं कि प्रमाणबलका परित्याग कर इन्द्रियोंके स्वाभाविक विषयोंका ग्रहण 'रुचि' है[१९].

प्रेम या भक्ति के विशेषको समझाते हुए श्रीमहाप्रभुजी कहते हैं कि भक्ति, मानसिक प्रमप्रवाहसे, भगवान् अति आदरसे प्रकट होते हैं, भक्तको अपना स्वरूप ही दे देते हैं. फिर स्वरूपानन्दमें क्या परिदेवना-चिन्ता है?[२०] इससे यह निष्कर्ष निकलता है कि भक्तिके तीन प्रकार १. रुचि २. श्रवणादि और ३. प्रेम भगवद्गुणगानकेलिए उपयुक्त तत्त्व हैं.



भगवच्छ्रवण, कीर्तन आदि अन्य साधनोंकी भांति विहित-विधिपूर्वक करने ही चाहिए तथापि भागवतधर्म सर्वथा कर्तव्य हैं. क्योंकि श्रुति और स्मृति के लक्षणसे यही सिद्ध होता है[२१].

भगवन्नामकी महिमाका गान भक्तिमार्गमें उपदिष्ट है. श्रीमद्भागवतमें कहा गया है "सङ्केतमें, परिहासमें, तान-आलापमें या अवहेलनामें भी भगवन्नामोच्चारण किया जाय तो वह अशेष पापोंका नाश करता है"[२२]. इसी सन्दर्भमें श्रीमहाप्रभुजी आज्ञा करते हैं कि पुत्रके उपचारमें अर्थात् अजामिलके पापोंका नाशक हुआ[२३]. इसी विचारकी पुष्टि और स्पष्टता करते हुए श्रीमहाप्रभुजी कहते हैं कि जिन भगवत्सेवकोंका किसी कारणसे भगवद्विरह हुआ हो उन्हींके पापोंका नाश निश्चितरूपसे होता है.[२४]

सत्सङ्गसे ही माहात्म्यज्ञान होने पर भगवन्नामोच्चारण होता है. इसीसे यह निर्णीत हुआ कि जहां भगवन्नामकीर्तन होत है वहां भगवत्कृपा होती है.

भगल्लीला प्रयोजनरहित विहारादि क्रीडनरूपा प्रवृत्ति है. अतः भगवान् स्वयं रूप और नाम के भेदसे जगत्क्रीडा करते हैं[२५]. भगवल्लीला भगवानूसे अभिन्न है. अतएव कहा गया है कि सर्वलीलयुक्त भगवान् नित्य प्रकट हैं और फिर धर्मरक्षा, सद्रक्षा, देवकार्य के निमित्त भूभारहरणादिक भगवल्लीला है[२६]. भगवानूने स्वक्रीडाकेलिए ही जगत्कार्य किया है. श्रीमद्भागवमें कहा है कि भगवानूने क्रीडाकेलिए ही यह त्रिलोक सृजित किया है[२७].

भगवन्माहात्म्यज्ञान सचराचर जगतूको ब्रह्मात्मक समझनेसे प्राप्त होता है. भगवानूके नाम, रूप, गुण और लीलाओंको सत्य और नित्य समझने पर माहात्म्यज्ञान उदित होता है. सङ्क्षेपमें कहा जाय

तो भगवन्नाम, लील और माहात्म्यज्ञान के त्रिविध रूप भगवत्स्नेहके ही सर्जक हैं. भगवच्छ्रवणके अनन्तर कीर्तन कहा गया है. इसका तात्पर्य यह है कि श्रवण किये गये स्वरूप, गुण एवं लीलाओंका चिन्तन - स्मरण, कीर्तनसे पूर्व करना यह बात अर्थके बलसे ज्ञात होती है[२८].

उपर्युक्त पुष्टिभक्तिके चार प्रकार पुष्टिकी वृद्धिके साथ क्रमशः उत्तरोत्तर उच्च कक्षापन्न होते हैं.

**बीजभावकी दृढताके क्रोशस्तम्भ :**

बीजरूप भाव सूक्ष्मभक्तिकी वृद्धि करता है. उसी भावको भगवान् जीवभावकी प्राप्तिके पश्चात्त पुष्टिमार्गीय सिद्धिकेलिए स्थापित करते हैं[२९]. जैसे - जैसे लता वृक्षको दृढतासे भलीभांति लिपट जाती है - फैल जाती है वैसे - वैसे उसके नष्ट होने या मुरझा जानेका भय नहीं रहता यही बीजभावकी दृढता है.

श्रीमद्भागवतमें कहा है कि जो आपके चरणकमलोंकी सेवामें ही अपने चित्तको लगाये हुए है वह इस संसारचक्रमें नहीं आता[३०]. इस प्रकार श्रवण - भावन - कीर्तनकी प्रणालीसे भक्तिके बीजभावको दृढ करनेकेलिए आगे बढने पर तीन क्रोशस्तम्भ प्रतिपादित होते हैं. ये हैं १. प्रेम २. आसक्ति ३. व्यसन.

१. प्रेम : बीजभाव भगवत्प्रेमरूप है. वह भगवदतिरिक्त रागको दूर करता है. अतः स्नेहसे रागका नाश होता है[३१]. फलस्वरूप भक्तिमें बाधक सभी वस्तुएं और व्यक्तियोंके प्रति अनुराग कम होता जाता है.

२. आसक्ति : उपर्युक्त श्रवण - भावन - कीर्तनकी प्रणालीसे आगे बढते हुए रागका नाश भगवदासक्ति उत्पन्न करता है. भगवद्भक्तके हृदयप्रदेशमें समुत्पन्न भगवदासक्ति गृहारुचि - रुचिविरुद्ध भावका रूप धारण करती है[३२].

३. व्यसन : व्यसनदशामें गृहस्थ जड़ - चेतनादि पदार्थोंका अनात्मत्व और बाधकत्व भासित होता है[३३]. अब भगवान्के विना एक क्षण भी रहा नहीं जाता. ऐसी प्रेम और आसक्तिके प्रकर्षकी उत्तरावस्था व्यसन है[३४]. व्यसन विशेषतया दैहिक धर्मोंका क्षेपण है. इसी व्यसनदशाको प्राप्त भक्ति 'मानसीसेवा' है. इसीको शाण्डिल्य भक्तिसूत्रमें ''ईश्वरमें परा अनुरक्ति भक्ति है''[३५] ऐसा प्रतिपादित होता है. जब जीवका श्रीकृष्णमें व्यसन होता है तब वह कृतार्थताको प्राप्त होता है[३६]. यही भक्तिकी परम और चरम अवस्था है. जिसे परिपाकावस्था भी कहा जा सकता है.

उपर्युक्त क्रमानुसार व्यसनात्मिका दशा ''वह कथन वरदानकी भांति ही है'' इस ब्रह्मसूत्रके अणुभाष्यमें ''सर्वात्मभावसे मुझे प्राप्त कर'' ऐसा सम्बन्ध जोडती है[३७]. सुबोधिनीमें भी इस अवस्थाकी परिणतिका इस प्रकार निरूपण है. ''भगवदीय होनेसे ही घरमें रहनेकी उत्कृष्टता नहीं है परन्तु भगवान्के साथ भगवत्सेवार्थ रहना ही उत्कृष्ट हेतु है अन्यथा रहना उचित नहीं है[३८].

**पुष्टिभक्तिकी तदात्मिका गोपिकाएं और भक्तिका भुवनभूषण श्रीमद्भागवत् :**

पुष्टिभक्तिकी अनन्यताकी गोपिकाएं मूर्तिमन्त प्रतीक हैं. केवल भावसे ही वे भगवान्को अनायास प्राप्त हुई. स्वयं भगवान् भी उनके त्यागके सम्मुख अपनेको ऋणी मानते हैं. व्रजाङ्गनाएं धन्य हैं. क्योंकि वे सारे काम - काज करते समय श्रीकृष्णके गुणोके गानमें ही मस्त रहती हैं ( भाग.पुरा.१०।४४।१५ ).

प्रेमभक्ति ही श्रेष्ठ साधन है. श्रीमद्भागवत भी उसीका उत्पादक

शास्त्र है. उच्चाधिकारी श्रीमद्भागवतके श्रवणसे तीर्थादिसे शुद्ध अन्तःकरण विदुर जैसा होता है. अथवा उससे भी अधिक उद्धव तुल्य होता है[३९]. इस प्रकार भक्ति प्रादुर्भूत होती है.

**सन्दर्भ :**

१. ''यमेवैष वृणुते तेन लभ्यः'' ( कठ उप., मु.उप.१।२।२३;३।२।३ )
२. ''साधनं विना अल्पसाधनेन वा यन्महाफलदानं मर्यादाभिन्नम्. तच्च केवलभगवदनुग्रहमूलम् ...''.
३. ''पुष्टिश्च वस्तुनो भगवतः शक्तिः'' ( वि.मं.पो. पृष्ठ२१ )
४. ''यतः कृष्णं विना पुष्टिमार्गे रुचिर्निर्वेदिति'' ( प्र.र.५पृ.२५ ).
५. ''स्वतःपुरुषार्थत्वेन; सएव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृत इति'' ( सि.मु.१ वि., वि.प्र. )
६. ''भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्'' ( पु.प्र.म. १२ )
७. ''भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः, द्वौ भूतसर्गावित्युक्तेः प्रवाहोऽपि व्यवस्थितः, वेदस्य विद्यमानत्वान् मर्यादाऽपि व्यवस्थिता'' ( तत्रैव २,३ )
८. ''पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः, मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णाऽति दुर्लभाः'' ( तत्रैव १५ )
९. ''अभिसन्धाय यो हिंसां दम्भं मात्सर्यमेव वा, संरम्भी भिन्नदृग्भावं मयि कुर्यात् स तामसः'' ( भाग.पुरा.३।२९।८ ).
१०. ''विषयानभिसन्धाय यशः ऐश्वर्यमेव वा, अर्चादावर्चयेद्यो मां पृथग्भावः स राजसः'' ( तत्रैव ३।२९।९ )
११. ''कर्मनिर्हारमुद्दिश्य परस्मिन् वा तदर्पणम्, यजेद्यष्टव्यमिति वा पृथग्भावः स सात्विकः'' ( तत्रैव ३।२९।१० )
१२. लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम्, अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे'' ( तत्रैव ३।२९।११ ).
१३. ''बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात्'' ( भ.व.१ )
१४. ''माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः, स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा'' ( त.दी.नि. १।४२ )
१५. ''सेवा च पुष्टिमार्गे सस्नेहा. कृपाफलं चैतत्. तत्र प्रेरणाव्यतिरेकेण आत्मनएव रुचिरुत्पन्ना''. ( सुबो. १।५।२५ ).
१६. ''उद्गायतीनामरविन्दलोचनं व्रजाङ्गनानां दिवमस्पृशद्ध्वनिः'' ( भाग.पुरा.१०।४६।४६ ).
१७. ''एवम् अग्रे स्मरणादिवृद्धौ तावद्भिः कल्पैर् नवविधसाधनभक्तौ प्रेम्णा भगवत्सायुज्यं भवतीति शास्त्रार्थः'' ( सुबो.१।५।२६पृ.७१ )



१८. ''प्रियश्रवस्यङ्ग ममाऽभवद्रुचिः'' ( भाग.पुरा.१।५।२६ ).
१९. ''प्रमाणबलं परित्यज्येन्द्रियाणां स्वाभाविकविषयग्रहणं रुचिः'' ( सुबो.१।५।२६पृ.७१ ).
२०. ''भक्तावत्यादरेणैव प्रकटो जायते हरिः, ओत्मनं च ततो दद्यात् सुखे का परिदेवना'' ( त.दी.नि.२।३१३ ).
२१. ''भगवच्छ्रवणकीर्तनादयः साधनान्तरवद् विहितत्त्वेन कर्तव्याएव तथापि सर्वथा ... तएव भगवद्धर्माएव कर्तव्या, श्रुतिलिङ्गात्'' ( अ.भा.३।४।३३ ).
२२. ''साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा, वैकुण्ठनामग्रहणम् अशेषाघहरं विदुः'' ( भाग.पुरा.६।२।१४ ).
२३. ''अतः पुत्रोपचारेऽपि तद्वस्तुनिखिलाघनुत्'' ( त.दी.नि.३।६।२ - ४९ ).
२४. ''भगवत्सेवाका ये तु कथञ्चिद् भिन्नतां गतः, सर्वात्मना पापनाशस्तेषामेव भवेद् ध्रुवम्'' ( तत्रैव ६।१ - २० ).
२५. ''रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः'' ( तत्रैव १।१ ).
२६. ''भगवान् हि सर्वलीलायुतः प्रकटः सदा, तथाच यथा धर्मरक्षा सद्रक्षा देवकार्यकरणं भूभारहरणादिकं भगवल्लीला'' ( वि.मं.पृ.२०१ ).
२७. ''क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते'' ( भाग.पुरा.८।२३।२० ).
२८. ''अत्र श्रवणानन्तरं कीर्तनस्य कथनात् श्रुतानां स्वरूपगुणलीलानां भावनं कीर्तनात् पूर्वम् अर्थबलात् प्राप्यते'' ( भ.व.पु.कृ.वि.१ )
२९. ''स भावो भगवता पूर्वमेव जीवत्वसम्पादनोत्तरं पुष्टिमार्गीयत्वसिद्धये सूक्ष्मरूपः स्थापयति इति ज्ञेयम्'' ( प्र.र.अ.नि.पृ.२५ ).
३०. ''क्रियासु यस्त्वच्चरणारविन्दयोर् आविष्टचेता न भवाय कल्पते'' ( भाग.पुरा.१०।२।३७ ).
३१. ''स्नेहाद् रागविनाशः स्याद्'' ( भ.व.४ )
३३. ''आसक्त्यास्याद् गृहारुचिः'' ( तत्रैव ४ )
३३. ''गृहस्थानां बाधकत्वम् अनात्मत्वं च भासते'' ( तत्रैव ५ )
३४. ''प्रेमासक्तिप्रकर्षोत्तरं व्यसनं तद्विना स्थातुमशक्तिः'' ( तत्रैव पु.कृ.वि.५ पृ.४० ).
३५. ''सा परानुरक्तिरीश्वरे'' ( श.भ.सू.२ ).
३६. ''यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थस्यात् तदैव हि'' ( भ.व.५ ).
३७. ''प्रदानवदेव तदुक्तम्. अथवा सर्वात्मभावेन मां याहीति सम्बन्धः''. ( ब्रह्मसू.अ.भा.३।३।४३ ).
३८. ''गृहस्थितेरुत्कृष्टत्वं न भगवदीयत्वमात्रेण किन्तु भगवता सह स्थित्या भगवत्कार्यार्थं वा अन्यथा न स्थातव्यम्'' ( सुबो.३।१।२ ).
३९. ''तीर्थादिना शुद्धान्तःकरणः विदुरतुल्यः, ततोऽप्यधिको वा उद्धवतुल्यः'' ( त.दी.नि.२।३२८ ).

## चर्चा

# पुष्टिमार्गीय भगवद्गुणगानमें अधिकारका विचार

डॉ. श्रीराधेश्याम त्रिवेदी

**ગો. યોગેશ :** આપે પત્રમાં ''विभिन्न कक्षाओंके भक्तोंका विभागीकरण'' માં ભક્તોના પ્રભેદ દર્શાવતું જે કોષ્ઠક બનાવ્યું તે તેના સમ્બન્ધમાં મને કેટલાક સવાલો છે. પહેલો પ્રશ્ન તો એ છે કે આપણે સગુણભક્ત અને નિર્ગુણભક્ત નો ભેદ કેમ સમજીશું? અને બીજો પ્રશ્ન છે કે એ ભક્ત અને ભક્તિ નો આપસમાં શું *રિલેશન* છે? અને એના પછી આપે જે ઉદાહરણો આપ્યાં છે કે ''હિરણ્યકશિપુ આદિ પુષ્ટિપ્રવાહી હૈં ... પુષ્ટિજીવોંકા અધિકારભેદ જિન - જિન જીવોંમેં દિખાઈ દેતા હૈ ઉન - ઉન જીવોંકી અધિકારભેદ અનુસાર ભક્તિ ભી ભિન્ન - ભિન્ન કોટિકી હોતી હૈ'' તો આ વાતને કયા આધારે આપણે પુષ્ટ કરી શકીશું?

**રા. ત્રિવેદી :** સગુણભક્ત જ્યારે ભક્તિ કરે છે તો તેની ભક્તિ સગુણભક્તિ કહેવાય છે. સગુણભક્તિ કહેતાં સકામભક્તિ હોય એવું મારું માનવું નથી. સગુણભક્તિને જો આપણે સકામ તરીકે લઈએ તો એ દોષ કહેવાશે. એટલે 'સગુણ'શબ્દ એ ભક્તિની એક પૂર્વાવસ્થાનું સૂચન કરે છે. અથવા તો પ્રાથમિક કે પ્રારમ્ભિક અવસ્થાનું સૂચન કરે છે. ભક્તિનો આરમ્ભ થતો હોય, સ્વરૂપનું જ્ઞાન ન હોય, પરમાત્મત્વ કે ભગવતત્વની કોઈ કલ્પના - શ્રદ્ધા પણ ન હોય ત્યારે સગુણ સ્વરૂપે ભગવાનને



સેવવા એ સ્વાભાવિક બની જતું હોય છે. તેથી સગુણભક્ત અને સગુણભક્તિનો સીધો સમ્બન્ધ છે. સગુણભક્ત પોતાના સ્વરૂપનું ધ્યાન કરવામાટે, સેવન કરવામાટે સગુણભક્તિ કરે તો એની કક્ષા પ્રમાણે ...

**ગો. શ ર દ :** રાધેશ્યામભાઈ! મને એવું લાગે છે કે શ્રીયોગેશબાવાનો પ્રશ્ન ભાગવત તૃતીયસ્કન્ધમાં જ્યાં સગુણભક્તિનું વાર્ગન છે તે સન્દર્ભમાં છે. ત્યાં ''**અભિસન્ધાય યો હિંસાં દમ્ભં માત્સર્યમેવ વા, સંરમ્ભી ભિન્નદગ્ભાવં મયિ કુર્યાત્ સ તામસ:, વિષયાનભિસન્ધાય યશ ઐશ્વર્યમેવ વા, અર્ચાદાવર્ચયેદ્યો માં પૃથગ્ભાવ: સ રાજસ:, કર્મનિર્હારમુદ્દિશ્ય પરસ્મિન્ વા તદર્પણમ્, યજેદ્યષ્ટવ્યમિતિ વા પૃથગ્ભાવ: સ સાત્વિક:**'' આમ સગુણભક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વચનોમાં સાત્વિક - રાજસ - તામસ ભક્તોને સગુણભક્તો કહ્યા છે. અને તેવા ભક્તોદ્વારા કરવામાં આવતી ભક્તિ સગુણભક્તિ છે. હું ધારુછું ત્યાં સુધી આપે સ્વયં આ ભાગવતવચનોને *ક્વોટ્* કર્યાં છે. ત્યાં ભાવભેદથી ભક્તિમાં ભેદ થાય છે તે વાર્ણવ્યું છે. પૃથક્ - પૃથક્ ભાવોનું વાર્ગન પણ ત્યાં ખૂબ સ્પષ્ટપણે કરવામાં આવ્યું છે. સાત્વિક - રાજસ - તામસ સ્વભાવના ભક્તોદ્વારા ભિન્ન - ભિન્ન ભાવોથી કરવામાં આવતી ભક્તિને સગુણ ભક્તિ કહી છે. અને ત્યાં જ ''**મદ્ગુણશ્રુતિમાત્રેણ મયિ સર્વગુહાશયે, મનોગતિરવિચ્છિન્ના યથા ગઙ્ગામ્ભસોડમ્બુધૌ, લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય હ્યુદાહ્રતમ્, અહૈતુક્યવ્યવહિતા યા ભક્તિ: પુરુષોત્તમે**'' આ વચનમાં નિર્ગુણભક્તિનું લક્ષણ ભગવાને બતાવ્યું છે. નિર્ગુણ અને સગુણ ભક્તિનો ભેદ તો સ્પષ્ટ છે. અને જ્યાં સુધી સકામભક્તિને સગુણભક્તિ કહી ન શકાય તે વાત છે તો આજ સ્થળે ''વિષયાનભિસન્ધાય યશ ઐશ્વર્યમેવ વા'' વચનમાં સગુણભક્તિમાં સકામભક્તિની ગણના પણ કરવામાં આવી જ છે. તો અહીં આપનું કથન શાસ્ત્રવિરુદ્ધ

થઈ જશે એવું લાગે છે. તો આ વાત તો હું માનું છું કે સ્પષ્ટ છે. હવે આગળની જિજ્ઞાસા.

**ગો. યોગેશ :** આગળની જિજ્ઞાસા એ છે કે આપે જે રાજસ - તામસ - સાત્વિક ભક્તો ગણાવ્યા છે તેને શું સગુણભક્તિમાં ગણી શકાશે ?

**રા. ત્રિવેદી :** હા.

**ગો. યોગેશ :** તો એમાં આપે પૂતના, શકટાસુર, તૃણાવર્ત, અઘાસુર વગેરે અસુરોની સાથે ગોપાઙ્ગના, યજ્ઞપત્નિઓ વગેરેને પણ તામસભક્ત કહીને એકજ *કેટેગરિ*માં લઈ લીધાં છે. તો આ બાબત આપ કંઈ સ્પષ્ટીકરણ આપશો ?

**રા. ત્રિવેદી :** ભાગવતજીનાં સુબોધિનીજી અનુસાર જે પ્રકરણોના વિભાગ કરવામાં આવ્યાં છે, તામસ પ્રમાણ - પ્રમેય - સાધન - ફલ, તદનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

**ગો. યોગેશ :** અને બીજું આપ જે કહી રહ્યા છો કે પ્રવાહપુષ્ટિભક્તિ = તામસભક્તિ, મર્યાદાપુષ્ટિભક્તિ = રાજસભક્તિ, પુષ્ટિપ્રવાહ = તામસમિશ્ર સાત્વિકભક્તિ, પુષ્ટિમર્યાદા = રાજસમિશ્ર સાત્વિક-ભક્તિ વગેરે. આ બાબત સમજાતી નથી.

**રા. ત્રિવેદી :** એ બધું સમન્વયને માટે છે. કારણ કે ઉપર કોષ્ઠકમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ એ જે અધિકારભેદની વાત આવીને તેનું સમન્વયની દૃષ્ટિથી સમાધાન કેમ શોધવું? તો સમાધાન શોધવામાટે આ મૂકેલું છે. પ્રવાહપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, પ્રવાહપુષ્ટિ, પુષ્ટિમર્યાદા, પુષ્ટિપ્રવાહ અને શુદ્ધપુષ્ટિ આ છ અન્તર્ગત ભાગવતજીનાં જે તામસ રાજસ દશમસ્કન્ધ અન્તર્ગત લીલાઓ છે તેને આ રીતે ...

**ગો. યોગેશ :** તો હવે અહીં શઙ્કા એ થાય છે કે મહાપ્રભુજી એમ કહે છે કે મારી જે ભક્તિ છે તે નિર્ગુણા ભક્તિ છે. એટલે પુષ્ટિભક્તિ એ *બેઝિકલિ* નિર્ગુણભક્તિ છે. પુષ્ટિભક્તિના ચાર પ્રભેદ આપે ગણાવ્યા. એક શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિના ત્રણ પ્રભેદો. તો પુષ્ટિભક્તિજ જ્યારે નિર્ગુણભક્તિ હોય તો પ્રવાહપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ કે પુષ્ટિમર્યાદા ભક્તિઓ આપો - આપ નિર્ગુણભક્તિજ થવાની છે. તો એનો સમન્વય તામસભક્તિ, રાજસભક્તિ કે સાત્વિકભક્તિ સાથે કેવી રીતે થઈ શકે છે ?



**ગો. શ ર દ :** એટલે શ્રીયોગેશબાવાનો સઙ્કેત **"પ્રોવાચં ભક્તિયોગસ્ય સ્વરૂપં તે ચતુર્વિધમ્"** ની સુબોધિનીમાં આચાર્યજી જે આજ્ઞા કરી રહ્યા છે કે **"તે ચ સામ્પ્રતં વિષ્ણુસ્વામ્યનુસારિણ:, તત્ત્વવાદિન:, રામાનુજાશ્ચેતિ તમોરજ:સત્વૈ: ભિન્ના:. અસ્મત્પ્રતિપાદિતશ્ચ નૈર્ગુણ્ય:"** તે તરફ છે. તેથી આપે જે શ્રીકે. કા. શાસ્ત્રીજીના ગ્રન્થમાંથી આ લીધું છે તેમાં ઘણું બધું વિચારણીય લાગે છે.

**રા. ત્રિવેદી :** હા વિચારણીય છે અને થોડું સંશોધન પણ જરૂરી છે. એમનું પુસ્તક "શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ ઔર પુષ્ટિમાર્ગ" છે ...

**ગો. યોગેશ :** બીજો પ્રશ્ન એ કે નિર્ગુણભક્તિમાં પણ તામસ - સાત્વિક - રાજસ ભક્તો હોઈ શકે છે. એવું જરૂરી નથી કે તામસ ભક્તો હોય તે સગુણભક્તિ જ કરતાં હોય. એટલે ગુણનો જે વિષય છે તો એ સ્પષ્ટ થવું જોઈએ કે ગોપાઙ્ગનાઓના માટે 'તામસભક્ત' કે 'રાજસભક્ત' જેવા શબ્દોનો પ્રયોગ થતો હોય છે તો તે કયા *સેન્સ્*માં પ્રયોગ થાય છે? પ્રાકૃતગુણોના અર્થમાં કે અપ્રાકૃત ભક્તિના ભાવની વાત છે ?

**રા. ત્રિવેદી :** હા બરાબર છે. એટલે ત્યાં પછી અધિકારભેદ. જેમ - જેમ પુષ્ટિની વૃદ્ધિ થાય છે તેમ - તેમ ભગવત્પ્રાપ્તિમાટે કક્ષા વધતિ જાય છે. કારણ કે પુષ્ટિનું જ્યાં પ્રાબલ્ય હોય ત્યાં ભક્તિની વૃદ્ધિ થાય છે. જ્યાં અલ્પતા હોય ત્યાં ન્યૂનતા થાય છે.

**હંસરાજ વેદ :** પરન્તુ આપે જે શકટાસુર, તૃણાવર્ત વગેરેની સાથે ગોપાઙ્ગનાઓને તામસભક્ત તરીકે એક *લેવલ્*માં ગણાવ્યા છે તેનું ...

**રા. ત્રિવેદી :** ભાગવતજીની અન્દર ગોપિકાઓને તામસભક્ત કહ્યાં છે.

**હંસરાજ વેદ :** એ તામસનો અર્થ આવો નથી થતો. એનો અર્થ જુદો છે.

**રા. ત્રિવેદી :** એ બરાબર છે પરન્તુ તામસ ફલપ્રકરણની અન્દર ગોપિકાઓને તો ...

**હંસરાજ વેદ:** ત્યાં 'તામસ'નો અર્થ જુદો છે. પાછા આપ લખી રહ્યા છો કે "જો ભેદદર્શી ક્રોધી પુરુષ હૃદયમેં હિંસા, દમ્ભ અથવા માત્સર્ય કા ભાવ રખકર મુઝસે પ્રેમ કરતા હૈ". આ ગોપિકાઓનો ભાવ છે? તો પછી એને તામસમાં કેવી રીતે લીધા?

**રા. ત્રિવેદી:** આ ફક્ત વિભાગીકરણ છે. તામસ પ્રકરણમાં તો તેઓ આવે છે ને?

**હંસરાજ વેદ:** પરન્તુ શ્રીમહાપ્રભુજી તામસ એ અર્થમાં નથી કહી રહ્યાં. શ્રીમહાપ્રભુજીને એ અર્થમાં માન્ય નથી.

**રા. ત્રિવેદી:** નથી. પરન્તુ તેઓ તામસપ્રકરણમાં તો આવે છે ને!

**પિયૂષ પરીખ:** ત્રિવેદી સાહેબ! બીજું બધું બરોબર પણ પૂતના, સકટાસુર વગેરે ભક્ત કેવી રીતે થયા એ મને સમજાતું નથી. કારણ કે **"તામસાનામ્ અધોગતિ:"** એ અહીંયા જો આપણે તામસ લઈએ તો સુબોધિનીજીમાં તામસ ભક્તોને ઉત્કૃષ્ટ ગણ્યાં છે. તો ગોપીજનો માટે આવું કહેવું કે જે હિંસા દમ્ભ વગેરે ભાવોથી મને પ્રેમ કરે છે તે મારા તામસ ભક્ત છે એ વધુ પડતું લાગે છે. અને ગોપિજનોની માફક શકટાસુર, અઘાસુર વગેરે અસુરોને તમે તામસપ્રકરણમાં કેવી રીતે ગોઠવી શકો છો એ ખરેખર સમજાતું નથી.

**રા. ત્રિવેદી:** અહીંઆ જે તામસાદિ ભક્તોની કોટિ મૂકી છે, ભક્તો એટલે કે જીવો, જેમાં અસુરો પણ આવી જાય છે, તો ભગવાને જેમનો ઉદ્ધાર કર્યો હતો તો તેઓ ભગવાનના ભક્તો જ થયાને! પૂતનાનો ઉદ્ધાર કર્યો, શકટાસુરનો ઉદ્ધાર કર્યો, તૃણાવર્ત ... ઉદ્ધાર કર્યો એટલે કેટલો ઊંચો અધિકાર હશે કે જેથી ભગવાનના હાથે તેઓનો ઉદ્ધાર થયો હશે! એટલે એ વિચારણીય વિષય છે. કેવલ અસુર છે એટલે એ નિન્દનીય છે એમ માનીને ચાલીશું તો ...

**પિયૂષ પરીખ:** નિન્દનીય છે એવું મારું કહેવું નથી. આપ ગેરસમજ ન કરો. પરન્તુ ભક્તની *કેટેગરી*માં એમને કેવી રીતે મૂકવા એ સમજાતું નથી. અને તે પણ ગોપીજનોની *કેટેગરી*માં. ત્યાં મારો પ્રશ્ન છે.



**રા. ત્રિવેદી:** અહીં જે શ્લોકો મૂક્યા છે તે તો કેવલ એ સ્પષ્ટ કરવામાંટે કે તામસ કોને કહેવાય, રાજસ કોને કહેવાય કે સાત્વિક - નિર્ગુણ કોને કહેવાય. નહીં કે ગોપીજનોને એ કક્ષામાં મુકવા માટે કે એમને ઉતારી પાડવા માટે.

**પિયૂષ પરીખ:** આપના પ્રયત્ન બદલ આભાર. પરન્તુ આપણા આચાર્યોએ જ્યારે ભાગવતનું આટલું બધું મન્થન કર્યું છે ત્યારે આપણે આ બધી વ્યાખ્યાઓ, કપિલ ભગવાન્ ભલે જ્ઞાનકલાના અવતાર છે એમને બાજુ પર રાખીને જ્યારે શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ બિરાજતા અને જો આ બાબત પોતાનો અભિપ્રાય આપ્યો હોય તો તેનો આધાર આપણે લીધો હોત તો વધારે સારું કહેવાત એટલું જ મારું કહેવું છે.

**રા. ત્રિવેદી:** ભાગવતજી તો માન્ય હોય કે નહીં!

**પિયૂષ પરીખ:** ભાગવતજી માન્ય હોય પરન્તુ શ્રીમહાપ્રભુજી શું કહે છે તેનો આપ આધાર લો એવું મારું કહેવું છે.

**ગો. શ ર દ:** પિયૂષભાઈ! ... ત્રિવેદી સાહેબ! હવે આ વિષયનો ઉપસંહાર કરી દઈએ. આ *પ્રોબ્લેમ્* જ્યાંથી ત્રિવેદીસાહેબે *ક્વોટેશન્* ટાંક્યું છે તે ગ્રન્થમાંથી ઊભી થઈ છે. *એક્યુઅલી* ત્રિવેદીસાહેબના પોતાના લખાણમાં એટલી બધી સમસ્યા નથી. હવે જુઓ ("શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ ઔર પુષ્ટિમાર્ગ" પુસ્તકમાં) આ *ક્લાસીફિકેશન્* જે કરવામાં આવ્યું છે તેનો પ્રયત્ન સ્તુત્ય હોઈ શકે છે. પરન્તુ આમાં શ્રીઆચાર્યચરણોના વચનોથી અને સિદ્ધાન્તોથી વિરોધ પ્રકટરૂપથી દેખાય છે. આ *ક્લાસીફિકેશન્*ના મૂળ સ્રોતને જો આપણે જોઈશું તો સ્થિતિ સ્પષ્ટ થશે. શ્રીભાગવતજીના **"મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્, ગોપાનાં સ્વજનોऽસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ, મૃત્યુર્ભોજપતે વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનાં, વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો**

રઙ્ગં ગતઃ સાગ્રજઃ'' આ શ્લોકમાં સાત્વિક - રાજસ - તામસ તથા તેના ત્રાણ - ત્રાણ પ્રભેદ અને નિર્ગુણ એમ દશવિધ ભાવોનું નિરૂપાણ થયું છે. સુબોધિની કારિકામાં આચાર્યચરાણ **''પ્રમેયેણ નિરોધોઽત્ર કર્તવ્યો હરિણા ભૃશમ્, લોકાશ્ચ દશધા ભિન્નાસ્તતો દશવિધોઽભવત્, યસ્ય ભાવો યથા લોકે તસ્યાનુસરણે કૃતે નિરોધો જાયતે સમ્યક્ અન્યથા બન્ધનં ભવેત્, ગુણા નવવિધાઃ પ્રોક્તાસ્ તદભાવસ્તથા પરઃ, શૃઙ્ગારાદિરસાશ્ચૈવ તેષામેવ નિરૂપકાઃ''** હવે ધ્યાન આપજો **''રાજસાસ્ત્રિવિધાઃ પૂર્વં સાત્ત્વિકાશ્ચ તતઃ પરાઃ, આધ્યાત્મિકાસ્ તથા પૂર્વં દૈવિકાસ્તુ તતઃ પરમ્, રૌદ્રોઽદ્ભુતશ્ચ શૃઙ્ગારો હાસો વીરો દયા તથા, ભયાનકોઽપિ બીભત્સઃ શાન્તો ભક્તિરસસ્તથા, એતાન્ દર્શયિતું ભાવાન્ હરિરેવં બભૌ મહાન્, અતસ્તસ્મિન્ ગુણા એવ સર્વે ભાવા ન ચાન્યથા''** કુવલયાપીડનો વધ કરીને જ્યારે ભગવાન્ રઙ્ગમણ્ડપમાં પધાર્યાં ત્યારે આપના શ્રીહસ્તમાં કુવલયાપીડના દાંત હતા અને આપના મુખારવિન્દ ઉપર હાથીના રક્ત, પ્રસ્વેદ અને રજકાણો ચિહ્નિત હતાં. આવું સ્વરૂપ ભગવાને શા માટે પ્રકટ કર્યું હશે તેનું સ્પષ્ટીકરાણ આપતાં આચાર્યચરાણ કારિકામાં આજ્ઞા કરે છે કે વિભિન્ન ભાવોવાળા અધિકારીઓનો નિરોધ પ્રભુ પોતાના સ્વરૂપબલથી કરવા માંગે છે તેથી આવું વિચિત્ર સ્વરૂપ આપે ધારાણ કર્યું. અહીં સુબોધિનીમાં આપ આજ્ઞા કરે છે કે રઙ્ગમણ્ડપમાં પ્રવેશતાં સહુ પ્રથમ વજ્ર સ્વરૂપે આપનાં દર્શન રૌદ્ર પ્રકૃતિના તામસ - તામસ સ્વભાવવાળા મલ્લોને થયાં. તેઓનો પ્રભુના સ્વરૂપમાં નિરોધ થયો. ત્યાર પછી સાધારાણ રાજસ ભાવોવાળા મનુષ્યોને ભગવાનના દર્શન નરશ્રેષ્ઠ રૂપે થયાં. રાજસ - સાત્વિક સ્વભાવવાળી સ્ત્રીઓને મૂર્તિમાન કામ સ્વરૂપે થયાં. રાજસ - તામસ સ્વભાવવાળા ગોપોને ભગવાન્ સ્વજન જાણાયાં. કંસ તામસ - સાત્વિક સ્વભાવવાળો હતો. તેને ભગવાનના દર્શન સાક્ષાત્ મૃત્યુ સ્વરૂપે થયાં. અજ્ઞાનિ



રાજસ - સાત્વિક જનોને ભગવાનના દર્શન વિરાટ્ સ્વરૂપે થયાં. સાત્વિક - સાત્વિક સ્વભાવવાળા યોગિઓને ભગવાનના દર્શન પરમ તત્ત્વ સ્વરૂપે થયાં.

તો આ બધું જે નિરૂપાણ કરવામાં આવ્યું છે તેને પુષ્ટિભક્તિ સાથે કોઈ સમ્બન્ધ નથી. અહીં તો ભગવાનના દર્શનથી પ્રકટ થતાં તેઓના ભાવોની ગાણના છે. અથવા તેમના ભાવોના અનુસાર થતા ભગવાન્ના દર્શનના વિભિન્ન પ્રકારોનું વાર્ણન છે. શ્રીકે. કા. શાસ્ત્રીજીએ આ બધું તો યથાવત્ લીધું છે પરન્તુ તુલનાત્મક દૃષ્ટિથી વિચારવા જતાં એમાણે સાથે - સાથે શુદ્ધ અને મિશ્ર પુષ્ટિજીવોને પાણ અસુરોની સાથે *ક્લાસિફાય* કરી દીધાં છે. આ ગોમયં પાયસમ્ થઈ ગયું છે એવું જાણાય છે.

પુષ્ટિભક્તોનું લક્ષાણ આપાણે ત્યાં જે રીતે સ્વીકૃત થયું છે તેને જો આપાણે વિચારીએ તો **''ભગવત્સ્વરૂપાતિરિક્તફલાકાંક્ષારહિતત્વે સતિ ભગવત્સ્વરૂપાત્મકફલાકાંક્ષાવત્વમ્''** આ પુષ્ટિભક્તિનું લક્ષાણ છે. આ લક્ષાણ શુદ્ધપુષ્ટિભક્તોની સાથે મિશ્રપુષ્ટિભક્તો ઉપર પાણ નિરપવાદતયા ઘટિત થાય છે. અર્થાત્ યદિ કોઈ પ્રવાહપુષ્ટિભક્ત છે તો તે પાણ ભગવત્સરૂપાતિરિક્ત કોઈ પાણ લૌકિક - પારલૌકિક કામનાઓથી રહિત અને ભગવત્સ્વરૂપાત્મક ફલાકાંક્ષાવાન્ જ હશે. એટલે તૃતીયસ્કન્ધોક્ત તામસ - રાજસ - સાત્વિક ભક્તોની તુલના પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ કે પ્રવાહપુષ્ટિ ભક્તો સાથે થઈ શકે તેમજ નથી. તેથી કંસાદિકનો તો કોઈ અહીં અવકાશ જ નથી. એ લોકોની તો ભક્તની કક્ષામાં પાણ ગાણના નથી. હવે જો એમ કહેવામાં આવે કે ભગવાને તેમનો ઉદ્ધાર કર્યો હોવાથી, અર્થાત્ કેવલ ઉદ્ધારયોગ્યતા હોવાને કારાણે શું આપાણે કોઈને ભક્ત કહી શકીએ? જો એમ કહેવામાં આવે તો જે ઉદ્ધારયોગ્ય દૈવી જીવોનો જ્ઞાનમાર્ગદ્વારા ભગવાન્ ઉદ્ધાર કરે છે કે જે ઉદ્ધારયોગ્ય

દૈવી જીવોનો કર્મમાર્ગદ્વારા ભગવાન્ ઉદ્ધાર કરે છે તેઓની શું વ્યવસ્થા? આ આપત્તિ આવે છે. તેથી આ જ શઙ્કાને **"માર્ગૈકત્વેઽપિ ચેદન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ"** આમ પૂર્વપક્ષ તરીકે ઉપસ્થાપિત કરીને આચાર્યજીએ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં તેનું નિરાકરણ પણ **"ન તદ્યુક્તં સૂત્રતો હિ ભિન્નૌ યુક્ત્યા હિ વૈદિક:, જીવદેહકૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતે:, યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધત:, પ્રમાણભેદાદ્ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિત:"** આમ કર્યું છે.

બીજી વાત એ કે પૂતના, શકટાસુર વગેરે અસુરોની તુલના યદિ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં વર્ણિત વિભિન્ન *કેટેગરીઝ* સાથે જો કરવીજ હોય અથવા તો પુષ્ટિ, મર્યાદા, ચર્ષણી કે પ્રવાહ જીવોના વિભાગમાં તેઓનું વર્ગીકરણ કરવું જ હોય તો શ્રીપુરુષોત્તમજીએ વિવૃતિમાં આ બાબતની સ્પષ્ટતા કરી છે. ત્યાં **"ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:"** ની વિવૃતિમાં શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ આજ્ઞા કરે છે **"તથા ચ દ્વિધા પ્રવાહો અત્ર ઉક્ત:, સહજાસુરાવેશિભેદેનેતિ જ્ઞેયમ્"** તેમજ **"યે ચ મુચ્યન્તે તે ચ ન અસુરા: કિન્તુ આસુરાવેશિન:"** આમ અસુરોના સહજાસુર અને આસુરાવેશવાળા આમ બે પ્રભેદ બતાવ્યા છે. આગળ **"તાનહં દ્વિષતો વાક્યાદ્ ભિન્ના જીવા: પ્રવાહિણ:"**ની વિવૃતિમાં શ્રીપુરુષોત્તમજીએ આ પ્રભેદને વધુ સ્પષ્ટ કર્યા છે. ત્યાં આપ આજ્ઞા કરે છે કે **"તથાચ યેષાં ભગવદ્દ્વેષો અસાધારણધર્મ: તેન સાર્વદિકો અતિઘોર: સંસાર: તતો અન્ધતમપ્રવેશ: પર્યવસાને તે પ્રવાહિણ:"** આસુરી જીવો તેઓની અન્દર રહેલ ભગવાન્ પ્રતિ જે દ્વેષભાવ છે તેને કારણે તેઓ અન્ય જીવોથી જુદા પડે છે. ભગવદ્દ્વેષ એ એમનો અસાધારણ ઇતરવ્યાવર્તક ધર્મ હોય છે. **"ભગવદ્દ્વેષશ્ચ ત્રિવિધ:. મૂલરૂપાવતારરૂપદ્વેષો વિભૂત્યાદિદ્વેષો જગદ્રૂપદ્વેષશ્ચ. તત્ર મૂલરૂપાવતારાન્યતરદ્વિષો ભગવન્તં પશ્યન્ત: કાલં પ્રાપ્ય**



**મુચ્યતે"** ભગવદ્દ્વેષ ત્રણ પ્રકારે હોઈ શકે છે. એક તો મૂલરૂપ તેમજ અવતારરૂપ પ્રતિ દ્વેષ. બીજો ભગવાન્‌ની વિભૂતિઓ પ્રત્યે દ્વેષ. અને ત્રીજો દ્વેષ ભગવાનના જ રૂપ જગત્ પ્રત્યે દ્વેષ. આમાં આસુરાવેષી હોય તેવા પ્રથમ પ્રકારના જે ભગવદ્દ્વેષીઓ હોય છે એટલે કે મૂલરૂપ કે અવતારરૂપ ના દ્વેષીઓ, કંસ - પૂતના જેવા, તેઓનો ભગવાન્ સ્વયં સંહાર કરે છે તેથી તેઓ મુક્ત થાય છે. તે જ પ્રમાણે ભગવાનની વિભૂતિઓનો દ્વેષ કરનારાં તેમનામાંથી દ્વેષભાવ નિવૃત્ત થયા પશ્ચાત્ત શુદ્ધ થાય છે. આમ જો કંસ - પૂતનાદિ અસુરોને જો પુષ્ટિ - મર્યાદા - પ્રવાહ - ચર્ષણીની વ્યવસ્થામાં જો વર્ગીકૃત કરવાં હોય તો તેઓને પ્રવાહી જીવોમાં આસુરાવેશીની કક્ષામાં સ્થાપિત કરી શકાય. પુષ્ટિભક્તોની કક્ષામાં શાસ્ત્રીજીએ તેમને ગણાવ્યાં છે તે ઉચિત નથી લાગતું. આવું થવાનું કારણ મને એમ લાગે છે કે જ્યારે કોઈ જીવની સ્થિતિ કે સ્વરૂપ ની વિવેચના કરવામાં આવે છે ત્યારે જીવના અનેક પક્ષો વિચારણીય બને છે. દા. ત. જીવનું નિત્યલીલાન્ત:પાતિ સ્વરૂપ, ભૂતલસ્થિત સ્વરૂપ, ભગવદવતારકાલીન સ્વરૂપ, અનવતારકાલીન સ્વરૂપ, આવેશકાલીન સ્વરૂપ, જીવદ્વારા કરવામાં આવતા સાધનો વગેરે. જીવના આવા વિભિન્ન પાસાઓનો પૃથક્ - પૃથક્ વિવેક કર્યા વિના જો કોઈ પણ નિરૂપણ કરવામાં આવે તો ગોમયં પાયસં થયા વિના ન રહે. (આને જો આપણે એક દૃષ્ટાન્તથી વિચારી શું તો સ્પષ્ટ થશે. જેમ મધુ - કૈટભ દૈત્યો ભગવત્કૃપાથી જય - વિજય નામના ભગવાનના પાર્ષદ બન્યા. સનત્કુમારોના શાપથી તેઓના હિરણ્યાક્ષ - હિરણ્યકશિપુ, રાવણ - કુમ્ભકર્ણ અને શિશુપાલ - દન્તવક્ત્ર આમ ત્રણ જન્મો દૈત્ય રૂપે થયા. અન્તમાં ભગવાનના સ્વરૂપમાં તેઓને સાયુજ્ય પ્રાપ્ત થયું. હવે અહીં જય - વિજયને કદાચ ભક્ત કહી શકાય પરન્તુ એક જન્મમાં ભગવદ્ધામમાં તેઓની સેવક સ્વરૂપે સ્થિતિ હતી તેથી અથવા તો અન્તે તેઓનો ભગવત્સ્વરૂપમાં વિલય થયો હતો તેથી હિરણ્યાક્ષ - હિરણ્યકશિપુને

કે રાવણ-કુમ્ભકર્ણને કે શિશુપાલ-દન્તવક્ત્રને ભક્ત કેમ કહી શકાય? કારણ કે સિદ્ધજ્ઞાનપૂર્વક જ્ઞાનોપાસના કરે તે જ્ઞાની, શરણે જાય તે પ્રપન્ન, શાસ્ત્રાજ્ઞાનુસાર કર્મ કરે તે કર્મી તેમ ભક્તિ જે કરે તે ભક્ત અને ભગવદ્દ્વેશ કરે તે અસુર. આથી જ સમ્પ્રદાયમાં સાધનદૃષ્ટિથી જીવોનું વર્ગીકરણ નિઃસાધન, સુસાધન તથા દુષ્ટસાધન જીવ તરીકે કરવામાં આવે છે. સર્વસાધારણ મનુષ્યના તથા વસ્તુના લૌકિક સ્વભાવોને લક્ષ્યમાં રાખીને તેઓને સાત્વિકાદિ ગુણોમાં વર્ગીકૃત કરવા એ એક દૃષ્ટિ છે જ્યારે કે ભગવન્નિષ્ઠ ભક્તોના ભગવાન્ વિષયક કામાદિ ભાવોને લક્ષ્યમાં લઈને તેઓને સાત્વિકાદિ પ્રકારે વર્ગીકૃત કરવા એ સર્વથા ભિન્ન દૃષ્ટિ છે. 'સાત્વિક' વગેરે શબ્દો ઉભયત્ર સમાન હોવા છતાં તાત્પર્ય સર્વથા ભિન્ન છે. તેથી જ ભાગવતાદિમાં વર્ણિત અવતારકાલીન જીવોમાટે આચાર્યજીએ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના સ્થાને સાત્વિક-રાજસ-તામસ-નિર્ગુણ કે સુસાધન-દુષ્ટસાધન-નિઃસાધન જેવા શબ્દોનો પ્રયોગ વિશેષ પ્રયોજનથી કર્યો છે. સંક્ષેપમાં કહું તો આચાર્યજીએ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદમાં ત્રિવિધમાર્ગોને જેમ જીવસ્વરૂપભેદ, કારણભેદ, ફલભેદ તેમજ સાધનભેદ ના વિવેકથી સમજાવ્યા છે તે વિવેકથી જો નિરૂપણ કરવામાં આવે તો આવી ભ્રાન્તિઓનું નિવારણ કરી શકાય છે.)

હવે એક પ્રશ્ન છે. **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ, સ્નેહો ભક્તિરિતિપ્રોક્તસ્ તયા મુક્તિર્ન ચાન્યથા"** આ વચનમાં ભક્તિનું લક્ષણ આપીને કહ્યું છે કે ભક્તિથી અતિરિક્ત અન્ય કોઈ પ્રકારે મુક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. આપે પણ પેપરમાં આ વચનનો અનુવાદ કર્યો છે. હવે પ્રશ્ન એ છે કે ભક્તિ સિવાય જો મુક્તિ સમ્ભવ ન હોય તો આચાર્યચરણ સ્વયં બાલબોધ ગ્રન્થમાં બે સ્વાશ્રયા મુક્તિ અને બે પરાશ્રયા મુક્તિ આમ ચાર પ્રકારે મુક્તિની પ્રાપ્તિ સ્વીકારે છે. ત્યાં આપ **"મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ, દ્વિધા દ્વે-દ્વે સ્વતસ્તત્ર સાંખ્ય-યોગૌ પ્રકીર્તિતૌ, ત્યાગાત્યાગવિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ, અહન્તા-મમતાનાશે સર્વથા નિરહઙ્કૃતૌ, સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ**



**સ નિગદ્યતે, તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપિતા, ઋષિભિર્બહુધા પ્રોક્તા ફલમેકમબાહ્યતઃ, અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ, યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા"** આમ આજ્ઞા કરે છે. સાંખ્ય-યોગ દ્વારા સ્વાશ્રયા મુક્તિ કહી છે જ્યારે શિવ-વિષ્ણુની તદીયતા તથા તદાશ્રય થી પરાશ્રયા મુક્તિ પ્રાપ્ત થાય છે તેમ કહ્યું છે. ત્યાં કહ્યું છે કે **"પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે"** અને પછી **"અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ"**. આ જ પ્રમાણે સર્વનિર્ણયનિબન્ધમાં પણ **"તત્તદ્દેવોપાસકાનામ્ આજન્મોપાસને ફલમ્"** વચનોમાં અન્યાન્ય ઉપાયોથી મુક્તિનું નિરૂપણ કર્યું છે. તો અહીં જે વિરોધ દેખાય છે તેનું શમન કેવી રીતે કરવું? થોડો સઙ્કેત આપું તો **"મુક્તિ ભક્ત્યૈક લભ્ય છે"** એવું કહેવામાં આવે તો અહીં 'એવ'કાર અયોગવ્યવચ્છેદક છે, અન્યયોગવ્યવચ્છેદક છે કે અત્યન્તાયોગવ્યવચ્છેદક છે? (અર્થાત્ ભક્તિથી મુક્તિજ મળે છે અથવા ભક્તિથીજ મુક્તિ મળે છે અથવા ભક્તિથી મુક્તિ મળેજ છે.) અથવા મુક્તિ અહીં કોઈ પારિભાષિક અર્થમાં કહેવાઈ રહી છે; એટલે કે મુક્તિના સ્વરૂપમાં કોઈ ભેદ છે આવી રીતે આ સમસ્યાનો વિચાર કરવો પડશે.

**અસિત શાહ:** બાલબોધગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી એક પરિભાષા આપે છે **"સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે"**. મુક્તિને પણ જો આપણે તે દૃષ્ટિથી મુલવીએ તો સાંખ્ય-યોગથી જે મુક્તિ મળે છે તેમાં જીવની જે શુદ્ધ અવસ્થા બતાવાઈ છે જેમ સાંખ્યમાં પ્રકૃતિથી લિપ્ત ન થયેલો જીવ છે તેને તેઓ મુક્ત કહે છે. યોગમાં પણ તેઓ જીવની જે શુદ્ધ અવસ્થા બતાવે છે તે યોગથી મુક્તિ છે. તેવી રીતે દરેક શાસ્ત્રમાં છે. જેમ કર્મમાર્ગથી મુક્તિ મળે છે. તો તે-તે શાસ્ત્રમાં જીવનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે

જો જીવની સ્થિતિ થઈ જાય તો તેની મુક્તિ થઈ જાય. એ અર્થમાં આપણે કહી શકીએ કે કેવલ ભક્તિથી મુક્તિ નથી થતી. દરેક શાસ્ત્રમાં જીવનું જે શુદ્ધસ્વરૂપ બતાવ્યું છે તેને પ્રાપ્ત કરવામાંટે તે શાસ્ત્ર અનુસાર આચરણ કરવામાં આવે તો તે શાસ્ત્ર પ્રમાણે મુક્તિ કહી શકાય. અને જે **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ, સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તસ્તયા મુક્તિર્ન ચાન્યથા"** ની વાત છે તો અહીં આપણે સાયુજ્ય અથવા આપણે ત્યાં જે ભક્તિની ફલાવસ્થાઓ બતાવી છે તેને આપણે ગણી શકીએ. તો એના માટે જે સાધન છે તે તો માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહ જ છે. આ પ્રકારની મુક્તિ મેળવવામાંટે આપણે બીજા બધા સાધનોનો આપણે નિષેધ કરી શકીએ.

**રા. ત્રિવેદી:** શાસ્ત્ર, સાંખ્ય, યોગ કે જે તે સાધનોથી તે-તે પ્રકારની મુક્તિ પ્રાપ્ત થાય આવી જો આપણે વાત કરતા હોઈએ તો પછી મુક્તિ તે-તે શાસ્ત્રના સન્દર્ભમાં જ થઈ કહેવાય! અહીં જે ભક્તિ છે એની અવધારણા અનન્ય છે. ભક્તિદ્વારા મુક્તિની જે અવધારણા છે એ વધારે સ્વીકાર્ય બની શકે છે. અન્યથા ...

**ગોપાલદાસ:** **"તયા મુક્તિર્ન ચ અન્યથા"** આમાં એમ લાગે છે કે ભક્તિ કરો. તેનાથી બીજું કંઈ નહીં થાય. નથી પૈસા આવવાના કે નથી પ્રસિદ્ધ થવાના. ભક્તિથી તો ખાલી મુક્તિ જ મળવાની છે. એના માટે કરશો તો તો ફાયદો છે.

**ગો. શ ર દ:** 'થા' પ્રકારવાચી છે. ભક્તિ સિવાય—અતિરિક્ત પ્રકારે મુક્તિ નહીં મળે. શબ્દથી તો આવો અર્થ નિકળે છે.

**ગોપાલદાસ:** એક ટીકામાં આવો અર્થ કરવામાં આવ્યો છે.

**ગો. શ ર દ:** હવે પેપરમાંની એક બાબતનું સ્પષ્ટીકરણ કરીને આજે આપણે વિરામ લઈશું. પેપરમાં આપ લખો છો "जैसे अर्जुन मर्यादापुष्टिका जीव है क्योंकि उसे (जो) भगवदुपदेश



दिया गया उसमें कर्तव्यपालनका महत्व विशेष है" આની પ્રસ્તુતિ વખતે આપે કહ્યું હતું કે "અર્જુનમાં મર્યાદા પહેલાં છે અને પુષ્ટિ પછી છે". આ બાબત, પરન્તુ, પ્રભુચરણોદ્વારા અર્જુનના અધિકાનું જે નિર્ધારણ કરવામાં આવ્યું છે તેનાથી વિસઙ્ગત છે. ગીતાતાત્પર્યનિર્ણય જે પ્રભુચરણવિરચિત ગ્રન્થ છે તેમાં અર્જુનના અધિકારનો વિચાર કરતાં આપની એક પંક્તિ છે **"પાર્થસ્ય પુષ્ટિમર્યાદાયામ્ અઙ્ગીકારો ન તુ પુષ્ટિપુષ્ટૌ"**. અર્થાત્ પાર્થનો અધિકાર પુષ્ટિપ્રધાન મર્યાદામાં છે. મર્યાદાપ્રધાન પુષ્ટિમાં નહીં. તે જ રીતે પુષ્ટિપ્રધાન પુષ્ટિમાં પણ નહીં. તેનું કારણ શું? **"શરણગમનઞ્ચ પુષ્ટિમર્યાદારૂપમ્. તેન ધર્મત્યાગઃ પુષ્ટ્યંશઃ. શરણગમનાત્મકસાધને સતિ રક્ષા ચ મર્યાદાયાઃ"** અર્જુન યદિ પુષ્ટિપુષ્ટિભક્ત હોત તો **"પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ"** અનુસાર ઉચ્ચાધિકારને કારણે ભગવાનદ્વારા પ્રથમ તેને **"મોચયિષ્યામિ મા શુચઃ"** આવું અભયવચન આપવામાં આવે અને ત્યાર પછી તે **"સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ"** કહીને શરણે જાય આટલો વિલમ્બ ન થાત. તેથી પ્રભુચરણ આજ્ઞા કરે છે કે તેને ધર્મત્યાગનો જે ઉપદેશ આપવામાં આવ્યો છે તે તેનો પુષ્ટિઅધિકાર *ઇન્ડીકેટ્* કરે છે જ્યારે શરણે આવવા પર રક્ષા કરવાનું અભય વચન જે આપવામાં આવ્યું છે તે તનો મર્યાદાંશ *ઇન્ડીકેટ્* કરે છે.

## પુષ્ટિમાર્ગમાં અધિકારવિચાર : પ્રમાણમૂલક - પ્રમેયમૂલક

ગોપાલદાસ શાહ

"એવં પરમતનિરાકરણપૂર્વકં સ્વમતં સ્થાપયિત્વા નિરૂપિતસ્ય ભક્ત્યુપયોગમ્ આહ:

વૈરાગ્ય જ્ઞાનયોગૈશ્ચ પ્રેમ્ણા ચ તપસા તથા
એકેનાપિ દૃઢનેશં ભજન્ સિદ્ધિમવાપ્નુયાત્ ॥

પ્રકાશ : વૈરાગ્યેતિ. આપઞ્ચાઙ્ગયુક્તઃ પુરુષો ભગવન્તં ભજેત્. તત્ર પ્રથમં વૈરાગ્યમ્ અઙ્ગમ્. તદભાવે ભગવદાવેશાભાવાત્ ન ભજનસિદ્ધિઃ. દ્વિતીયં જ્ઞાનં સર્વપદાર્થાનાં યાથાર્થ્યરૂપં ભગવતશ્ચ. તદભાવે નિશ્ચયાભાવાત્ ન પ્રવૃત્તિઃ. યોગોઽપ્યઙ્ગમ્, મનસ: ચાઞ્ચલ્યે ભજનાનુપત્તેઃ. તથા પ્રેમાપિ અઙ્ગમ્. તદભાવે દેહાદેઃ આત્મત્વાત્ ન ભજનં સિદ્ધ્યતિ. તપસા ચ દેહેન્દ્રિયાદીનાં પાકઃ. પઞ્ચાનાં સમુદાયો દુર્લભ ઇતિ ગૌણપક્ષમ્ આહ એકેનાઽપિઇતિ. દૃઢેનેતિ વિશેષઃ. ઈશં સમર્થં કૃષ્ણમ્. સિદ્ધિં મોક્ષમ્. આના આવરણભઙ્ગમાં શ્રીપુરુષોત્તમજી નિરૂપે છે કે "તસ્ય સર્વસ્યાપિ પ્રયોજનં વદન્તઃ સાધનફલાધ્યાયાર્થં સંગ્રહેણ આહુઃ "એવમ્..." ઇત્યાદિના. દ્વિતીયમ્ ઇત્યાદિ. એતેન સાઙ્ખ્ય - યોગયોઃ સદાદતત્વે બીજમ્ ઉક્તમ્. એતેષુ વૈરાગ્ય - યોગૌ ફલોપકારકૌ. જ્ઞાનતપસી સ્વરૂપોપકારકે. પ્રેમતુ સ્વરૂપોત્કર્ષાધાયકમ્. એવં પઞ્ચાનામ્ ઉપયોગો બોધ્યઃ. અત્ર અઙ્ગપઞ્ચકયુક્તં ભજનં મુખ્યમ્. તસ્ય દુર્લભત્વાદ્ આહુઃ 'પઞ્ચાનામ્'ઇતિ" (ત.નિ.પ્ર.આ. ૧.૯૫). આ વડે પુષ્ટિભક્તિમાં અધિકારનું સ્વરૂપ જણાવ્યું. વળી "સાત્વિકા ભગવદ્ભક્તા યે મુક્તાવધિકારિણઃ ભવાન્ત સમ્ભવા દૈવાત્ તેષામર્થે નિરૂપ્યતે" એ વડે પુષ્ટિઅધિકારનું નિરૂપણ થયું. શાસ્ત્રાર્થપ્રકરણની દ્વિતીય કારીકા તથા તેના પ્રકાશમાં "સાત્વિકા ઇતિ. સ્વભાવપ્રકૃત્યપેક્ષયા અધિકં વિહિતમ્ અલૌકિકં યે કુર્વન્તિ તે. તત્રાપિ ઈશ્વરેચ્છયા અન્તિમજન્મનિ



જાતાઃ શરીરં ગ્રહીતવન્તઃ તેષાં યથા અન્તિમત્વં સિદ્ધ્યતિ તથોપાયો નિરૂપ્યત ઇત્યર્થઃ".

અધિકાર સમર્પક ઇતર વચનામૃતો

"સત્સંગો ભાગવતં ચેતિ ભગવચ્ચરણદ્વયમ્", આધિભૌતિકમજ્ઞાનં ભક્તિશ્ચાધ્યાત્મિકમ્, ચરણાવેવ પ્રસન્નસ્યાધિદૈવિકો, તન્મધ્યેઽન્યતરપ્રાપ્તાવપિ કૃતાર્થતા" (સુબો.૧૦.૩.૨૭). વળી "ચિત્તે ભગવત્પ્રેમ સંપાદનીયમ્. તતઃપ્રેમ સંવલિત ચિત્તં સર્વત્ર વિદ્યમાનં ભગવન્તં વિષયીકરિષ્યતિ, યથા રસનેન્દ્રિયસહિતા જિહ્વા દ્રવ્યેષુ વિદ્યમાનાન્ રસાન્ સ્વયમેવ ગૃહ્ણાતિ. નતુ તદ્રસજ્ઞાનં પૂર્વમપેક્ષતે. તથા ભક્ત્યાવિષ્ટં ચિત્તં સ્વયમેવ ભગવન્તં ગૃહ્ણાતિ. પ્રતિનિયતેન્દ્રિયવદ્ ભગવદ્વ્યક્તિઃ" (સુબો. ૨.૬.૩૩). તેમાં યોગ્યતાની પરિપાટી સમજાવી પુષ્ટિ અધિકારનું નિરૂપણ છે.

કોઈને શઙ્કા થાય કે ભાગવતમાં પ્રભુનું નિરૂપણ કરવામાં આવ્યું કે : "નૃણાં નિઃશ્રેયસાર્થાય વ્યક્તિર્ભગવતો નૃપ, અવ્યયસ્યાપ્રમેયસ્ય નિર્ગુણસ્ય ગુણાત્મનઃ" (ભાગ.૧૦।૨૬।૧૪). સુબોધિની : "આદૌ ભગવાન્ સર્વૈશ્વર્યસમ્પન્નઃ અપરાધિનઃ કાલકર્મસ્વભાવાનાં નિયામકઃ સર્વનિરપેક્ષઃ કિમર્થમ્ આગચ્છેત્ ? કિઞ્ચ સ્વાર્થં ગમનાભાવેપિ પરાર્થં વા સ્યાત્, તદપિ નાસ્તીત્યાહ અવ્યયસ્યેત્યાદિચતુર્ભિઃ પદૈઃ. અન્યેષાં કૃતિસાધ્યં જ્ઞાનસાધ્યં વા યદ્ભવતિ તદુપયુજ્યતે, ભગવાંસ્તુ અવ્યયત્વાદ્ અવિકૃતત્વાદ્ ન કૃતિસાધ્યઃ. અપ્રમેયત્વાત્ જ્ઞાનસાધ્યોઽપિ ન. દેહાદિભજનદ્વારા ભજનીયો ભવિષ્યતીત્યાપિ ન, યતો નિર્ગુણઃ. નિર્ગતા ગુણા યસ્માત્ ગુણેષુ વિદ્યમાનેષ્વેવ અન્યસ્ય પ્રતિપત્તિ: તત્ર ભવતિ. યથા ક્ષુધિ સત્યામ્ અન્નદાનં, કામે સતિ સ્ત્ર્યુપયોગઃ, ઇન્દ્રિયેષુ સત્સુ તદ્વિષયાણામ્, અતો ભગવતઃ સેવકપૂરણીયાંશઃ કોઽપિ નાસ્તીતિ ભજનીયોઽપિ ન ભવતિ. કિઞ્ચ લીલાર્થં યદ્યપેક્ષેતાપિ તથાપિ સર્વં તસ્યૈવ, યતઃ સર્વગુણાનાં સએવ આત્મા, અતઃ સાધનપ્રકારેણ ન અન્યસ્યાપિ ઉપયોગઃ. અતઃ સ્વ - પરપ્રયોજનાભાવાદ્ યદિ સાધનનિરપેક્ષાં મુક્તિં ન પ્રયચ્છેત્ તદા વ્યક્તિઃ પ્રયોજનરહિતૈવ સ્યાત્". તેથી પ્રભુ જીવના સ્વસામર્થ્યથી ક્રિયા

જ્ઞાન યા ભજન કોઈ પણ રીતે ગૃહીત થતા નથી. તેથી પુષ્ટિ અધિકારનું નિરૂપણ કરવું વ્યર્થ છે. તેમજ **"નહિ સાધન સમ્પત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્, ભક્તાનાં દૈન્યમેવેકં હરિતોષણસાધનં"** એ કારીકાવડે જણાવ્યું કે અધિકારનું નિરૂપણ થઈ શકે નહીં. આ રીતે સૂચવેલા પુર્વપક્ષના નિરાસમાટે તથા સિદ્ધાન્તની એક વાક્યતા કરવા નીચે મુજબ સમાધાન છે.

**પ્રમાણમૂલકતામાટે પ્રમેયસ્વરૂપનિરૂપણ :**

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપપરિચાયક શ્રીમત્પ્રભુચરણ એક શ્લોક નિરૂપે છે : **"સૌંદર્યં નિજહૃદ્ગતં ... પરમભિધ્યેયં સદા વલ્લભમ્"**. તેથી આપ શ્રીકૃષ્ણસ્વરૂપ, ઉભયરસાનુભાવક, સાક્ષી તથા આચાર્યસ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા છે. શ્રીસર્વોત્તમમાં **"દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ, વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ"** એ નિરૂપણ થયું. શ્રીયુમનાષ્ટકવિવૃત્તિમાં શ્રીપ્રભુચરણકૃત **"વિશ્વોદ્ધારાર્થમાવિર્ભૂત્ વૃન્દાવનપ્રિયઃ"** એ કથન પણ આનો બોધ કરે છે. શ્રીવલ્લભાષ્ટકમાં **"શ્રીમદ્વૃન્દાવનેન્દુ ... તં પ્રપદ્યે હુતાશમ્"** આ પ્રકારે આપશ્રીનું ભાવાત્મક રસાત્મક, ફલાત્મક, ઉભયલીલારસાત્મક સ્વરૂપનું ગુણગાન શ્રીમત્પ્રભુચરણોએ કર્યું. લીલારસભાવાત્મક આત્માનુભાવ પ્રગટ કરવાના ઉદ્દેશથી જ આ ભૂતલપર સન્મનુષ્યાકૃતી રૂપે પ્રાગટ્ય થયું. પુષ્ટિરસ ભુતલપર પ્રગટ થયો તે નામાત્મકરૂપના પ્રાદુર્ભાવદ્વારા અને તન્નિરૂપિત રૂપસેવાદ્વારા પણ કૃષ્ણરસજ વિલસિત થયો છે. આપશ્રીનું પ્રાગટ્ય પુરુષોત્તમપ્રાગટ્યની જેમજ નિઃસાધનભક્તોને ફલદાનસામર્થ્યયુક્ત છે તેમ નિરૂપિત થયું. શાસ્ત્રાર્થપ્રકરણની શરુઆતમાં પણ **"સર્વોદ્ધારપ્રયત્નાત્મા ... વ્યાખ્યાનં તન્નિરૂપ્યતે"**. તેમાં જણાવ્યું છે કે શ્રીકૃષ્ણ જ સર્વોદ્ધારપ્રયત્નવાન છે, તે જણાવવા પ્રગટ થયા અને રૂપદ્વારા અવતાર કાલમાં ઉદ્ધાર કર્યો. અનવતારદશામાં ભક્તોદ્ધાર નામાત્મકસ્વરૂપ શ્રીભાગવતથી કર્યો. શ્રીભાગવતનું તત્વ ઉદ્ધારકતૃત્વ સિદ્ધ કરવા તત્વાર્થદીપનિબન્ધ અને પ્રકાશ તે અગ્નિરૂપકાર - શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કર્યા. શ્રીભાગવત યથાર્થતયા જાણવાથીજ ઉદ્ધારક થશે. આ પ્રકારે શ્રીકૃષ્ણ - શ્રીભાગવતજીના અનુક્રમે, અવતાર - અનવતારભેદથી આવિર્ભાવ, ભક્તોને પ્રપઞ્ચથી પૃથક કરી ભગવાન્ શ્રીકૃષ્ણમાં



આસક્તિરૂપ ઉદ્ધાર કરવા થયો છે. વળી **"અર્થં તસ્ય વિવેચિતું નહિ વિભુર્વૈશ્વાનરાદ્ વાક્પતેરન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસચ્છ્રીપતિઃ, દત્વાડજ્ઞાઞ્ચ કૃપાવલોકનપટુર્ યસ્માદતોહં મુદા, ગૂઢાર્થં પ્રકટી કરોમિ સતતં વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્"** એ પ્રથમસ્કન્ધમાં નિરૂપિત કારિકાવડે સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને તેમની આજ્ઞાવડે શ્રીમદાચાર્યચરણોએ કેવલ કરુણાવડે પ્રમાણનું સહકારીપણું સમ્પાદિત કર્યું છે તે સ્પષ્ટ છે. તેથી પુષ્ટિઅધિકારભેદ પ્રમાણમૂલક અને પ્રમેયમૂલક પ્રતિપાદિત કર્યો છે.

**બ્રહ્મસમ્બન્ધનિરૂપણ :**

આનન્દસ્વરૂપ પુરુષોત્તમમાં એકાત્મતાથી રહેલા અને સંયોગાનન્દ અને વિયોગાનન્દનો અનુભવ કરનારા દૈવીજીવોજ ( જ્યારે પ્રભુએ અનેક રીતે પ્રગટ થઈને રમવાની ઇચ્છા કરી ત્યારે ) ભૂતલ પર પ્રગટ થયા અને તે દૈવીજીવોનેજ પુષ્ટિભક્તિના અધિકારી જાણવા. પ્રથમ પુષ્ટિભક્તિબીજનું દાન બ્રહ્મસમ્બન્ધવડે શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય છે પછી વધારે કૃપા થતાં બીજ અઙ્કુરિત થાય છે અને ફલદશામાં ફલિત થાય છે. તે રીતે તે અધિકાર ફલોન્મુખ થતો રહે છે. તે યોગ્યતા જે કારણથી જે કર્તવ્ય કરાવીને પ્રભુ અર્પિત કરે છે તે જ બ્રહ્મસમ્બન્ધસંસ્કાર. આમાં ભક્તની સકલ અહન્તા - મમતાનું નિવેદન ( દાન નહીં ) પ્રભુને થાય છે. તે જ બ્રહ્મસમ્બન્ધ વિયોગાત્મક થતાં એટલે જીવન કાયિક - વાચિક - માનસિકરીતે શ્રીકૃષ્ણપરાયણ કરીને સદૈન્ય, ભક્તિસહિત, ભજન્માર્ગાનુસાર, શરણાગતિપૂર્વક, શ્રીઆચાર્ય શ્રીમહાપ્રભુજીના આશ્રયપૂર્વક, શ્રીઆચાર્યશ્રીદ્વારા ઉપદિષ્ટ મહાત્મ્યજ્ઞાનાત્મક જીવ, જગત તથા પ્રભુ નું જ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુના દાસ તરીકે **"સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ"** એમ સિદ્ધાન્તરહસ્ય પ્રમાણે જીવન નિર્વહન કરે છે. બહિરઙ્ગ તનુવિત્તજાસેવા, પોતાના સર્વસ્વનું નિવેદન કરીને તથા સેવા પોતાનાજ દેહથકી કરે છે. આ સાથે અન્તરઙ્ગસેવા, ઇન્દ્રિયનિગ્રહ, વૈરાગ્ય, નિષ્ઠા, સન્તોષ, સ્મરણ, દૈન્ય, નિઃસાધનતા, ગુણગાન કરે છે તેથી પ્રેમ, આસક્તિ, વ્યસન, નિરોધ, સર્વાત્મભાવ, અલૌકિકસામર્થ્યાદિ અધિકારની પ્રાપ્તિ પુષ્ટિમાર્ગીય દૈવીજીવને શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય

છે. તે જ બ્રહ્મસમ્બન્ધની ફલાત્મક અનુભૂતિ. આ સોપાનો જે રીતે પ્રાપ્ત કરે છે તેના અનુજ્ઞાપક યા અનુવાદક જે પ્રકારો તે જ પુષ્ટિમાર્ગીય અધિકારવિચારની પ્રમેય - પ્રમાણમૂલકતા. આ જ ફલાત્મકતાનો અનુભવ તાપ - ક્લેશાનન્દનો પૂર્ણ આવિષ્કાર તે માર્ગનો ભાવ **"ભાવૈરઙ્કુરિતં મહીમૃગદશાં"** એ શ્લોક તથા તેના વિવરણમાં પ્રગટ થયેલો છે તે જાણવો. આ ભાવોને પ્રગટ કરતું શ્રીહરિરાયજી મહાપ્રભુજીનું પદ છે. "પુષ્ટિ મહારસદેન પ્રગટે, શ્રીવલ્લભ હરિભાવ અતિ મુખરૂપ સમર્પિત લેન, નિત્ય સમ્બન્ધ કરાય ભાવદે વિરહ અલૌકિક બેન, યહ પ્રાગટ્ય રહત હૃદયમેં તીન લોક ભેદનકો જેન, રહિયે ધ્યાન સદા ઇનકે પદ પાલક કોઉ લગેન, રસિક યહ નિરધાર નિગમગતિ સાધન ઔર ન હેન". કૃપાયુક્ત શ્રીકૃષ્ણની ઇચ્છાથી તેવા દૈવી યોગ્ય અધિકારીમાટે શ્રીઆચાર્યચરણનું પ્રાગટ્ય થયું. તેનુંજ વર્ણન સર્વોત્તમજીમાં **"આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ, દૈવોદ્ધારપ્રયત્નાત્મા"** એ નામનિરૂપણવડે આપશ્રીના સ્વરૂપનો બોધ શ્રીપ્રભુચરણ કરાવ્યું છે તથા આપશ્રીના પ્રાગટ્યનું મુખ્ય લીલાપ્રયોજન દર્શાવ્યું છે. પુષ્ટિભક્તિમાર્ગીય દૈવીજીવોને અધિકાર સમ્પન્ન કરવા પુષ્ટિભક્તિમાર્ગ પ્રગટ કરી કૃપાથી તેનું દાન કર્યું તેથી જ "પુષ્ટિમહારસદેન પ્રગટે". તે બ્રહ્મસમ્બન્ધ માત્ર શ્રીકૃષ્ણ યા તત્સામર્થ્યયુક્ત શ્રીમહાપ્રભુજી દ્વારા **"સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા"**વડે શ્રીકૃષ્ણસ્વરૂપની ભાગવત - ભજનમાર્ગવડે પ્રાપ્તિ થાય છે. તે પ્રકારની સિદ્ધિ તેના આલમ્બનવિભાવરૂપ ઉદ્દીપનવિભાવરૂપ ષોડશગ્રન્થ, અણુભાષ્ય, શ્રીગીતાના શ્રીકૃષ્ણવચનામૃતો, તત્વાર્થદીપનિબન્ધ, શ્રીસુબોધિનીજીમાં પ્રગટ થયેલા પ્રમાણાદિ નિરૂપક વચનોવડે જ્ઞાત થાય છે. તે પ્રમેયની અનુભાવક તનુવિત્તજાસેવા છે. જે સાધનદશા તથા ફલદશા વડે માનસીસેવાનુભવ કરાવે છે અને સેવાના અનવસરમાં પ્રભુનું ગુણગાનાદિ અનુભાવક થાય છે. એ રીતે આ રસસમ્પત્તિ સપન્ન કરાવવા પરમ દૈન્ય, સંયોગવિયોગાનુભૂતિ, શુદ્ધાદ્વૈતજ્ઞાન અને યથોચિત ઇતર સિદ્ધાન્તસંગ્રહના જ્ઞાપનવડે રસને યોગ્ય સંચારિભાવોનું દાન કરીને સ્થાયિભાવરૂપ પરમપ્રેમ, આસક્તિ, વ્યસન, નિરોધ, સર્વાત્મભાવ રૂપ ફલદશા પ્રાપ્ત કરે છે. સેવાફલ અલૌકિકસામર્થ્ય, સાયુજ્ય, સેવોપયોગીદેહ ની પ્રાપ્તિ પણ પરમફલરૂપ છે. શ્રીમહાપ્રભુજી જે દૈવીજીવોને ઉપરોક્ત



ફલદાન કરે છે તે આનો અધિકારી છે.

પ્રમેયમૂલકઅધિકારનું વિશેષ અવગાહન આ રીતે કરીએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે **"ભાવૈરઙ્કુરિતં ... શૃંગારકલ્પદ્રુમમ્"**. ભાવ - પ્રેમનું સૂક્ષ્મબીજ, અઙ્કુર, કન્દલ, શાખા, પલ્લવકલિકા, પ્રસૂન વિગેરેરૂપે વૃદ્ધિંગત થઇને શૃંગારકલ્પદ્રુમસ્વરૂપ રસાત્મક શ્રીકૃષ્ણનો પરમ રસાસ્વાદને અનુભવે છે. તે **"અક્ષણ્વતાં ફલમિદં..."** એ વેણુગીતમાં ગુરુસ્વરૂપ શ્રીસ્વામીનીજીએ નિરૂપ્યું છે. ભગવદ્દત્ત વિયોગભાવાત્મક તાપભાવનું પોષણ, તાપસંગોપન, સિંચનપૂર્વક અનેક કલ્પોસુધી વ્રજભક્તોએ કર્યું. ત્યાર પછી પ્રગટ થયેલો ભગવત્પ્રેમ **"તા મન્મનસ્કા..."** માં વર્ણિત પ્રકારે વૃદ્ધિ પામ્યો. પ્રભુ સમ્બન્ધિ પ્રગટ થયેલા મનોરથોનો આનન્દરસ સેવાથી પ્રગટ થયેલા અનુભાવો તથા અલૌકિક રસાનન્દથી પોષિત ભાવાત્મકસ્વરૂપ શૃંગારકલ્પદ્રુમસ્વરૂપે શ્રીયશોદોત્સંગલાલીત પ્રગટ થઇને વિવિધ ફલાત્મક લીલાઓવડે પરમાનન્દાનુભવ જેમને કરાવે તે પુષ્ટિમાર્ગમાં અધિકારી છે. આ રીતે માર્ગપ્રવેશ, સાધનાધિકાર, કર્તવ્યનિર્વહન, યથાધિકાર પુષ્ટિમાર્ગીય અધિકારમાં પ્રમેયમૂલક નિરૂપણ થયું.

શુદ્ધપુષ્ટિભક્તોને અવતાર સમયમાં નિરોધ ફલદાનના પ્રકારનો નિર્દેશ નીચે મુજબ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમાં મળે છે. તે જ છે તેમનો અધિકારવિચાર. શ્રીકૃષ્ણના પ્રાદુર્ભાવવડે ભક્તોનો નિરોધ સમ્ભવિત બને છે. તે કારણનિરોધ, સાધનનિરોધ, વ્યાપારનિરોધ અને ફલનિરોધ તરીકે પ્રસિદ્ધ છે. અવતાર સમયમાં આપશ્રીના પ્રાગટ્યવડે જે સ્નેહનો આવિષ્કાર તે ( નિરોધ શબ્દાર્થનો ભાવવ્યુત્પત્તિ મુજબ ) કારણનિરોધ. વ્રજભક્તો સાથે અનેક લીલાઓવડે પ્રગટ થયેલો નિરોધ ( નિરોધ શબ્દનો કરણવ્યુત્પત્તિ મુજબ ) તે સાધનનિરોધ. ભક્તોને પ્રપઞ્ચવિસ્મરણપૂર્વક ભગવદાસક્તિરૂપ વ્યાપારનિરોધ અને પરમફલાનુભવ કરાવીને પ્રભુએ ફલનિરોધનું દાન કર્યું છે. આ બધી અનુભૂતિ તે જ અધિકારસમર્પક થઈ. અવતારદશામાં પ્રમાણ પ્રમેય સાધન ફલ પ્રકરણમાં નિર્દિષ્ટ લીલા કરીને તેદ્વારા પ્રેમ, આસક્તિ, વ્યસન અને ફલના દાનની લીલાનો પ્રકાર પ્રમેયમૂલક અધિકારની અનુભૂતિજ્ઞાપક યા અનુવાદક અવતાર

સમયમાં રહે છે. તે સ્નેહવૃદ્ધિનોજ રસાવસ્થાનો વિસ્તાર એટલે ચક્ષુરાગ, મનઃસંગ, સઙ્કલ્પ, જાગરણ, તનુજા, વિષયદ્વેશ, લજ્જાત્યાગ, ઉન્માદ, મૂર્ચ્છા અને મરણ અવસ્થાઓ.

અનવતાર દશામાં આધુનિક ભક્તોને નિરોધાત્મક અધિકારની સમ્પત્તિનો પ્રકાર. તેજ પ્રમાણાવરુદ્ધ (પ્રમાણાનુરોધિ નહિં) પ્રમેયવડે પ્રગટ થયેલો નિરોધ યા અધિકારનો ક્રમ **"સમુદાયો જન્મવાચી કીડાયુક્તસ્ય વૈ હરેઃ, પ્રપઞ્ચ વિસ્મૃતિસક્તિર્ભક્તાનાં ચાપિ યોગતઃ"** (ભાગ.નિબન્ધ ૧૦।૨૦). પૂર્ણપુરુષોત્તમ પ્રગટ થઇને લીલાસ્થ ત્રિવિધભક્તોના પ્રપઞ્ચને વિસ્મૃત કરીને નિરોધાત્મક ઉદ્ધાર અવતારદશામાં કરે છે. તે જ પ્રમાણે આધુનિક નિઃસાધનભક્તોના ઉદ્ધારક પણ શ્રીકૃષ્ણજ છે. ભગવાન્ સર્વભક્તસમ્બન્ધિ સર્વલીલા કરતા સદા બીરાજે છે. તેથી સર્વક્રીડાયુક્ત હરી અવતારસમયમાં સર્વલોક દર્શનાર્થ તે 'સમુદાય' ભક્તો સાથે બહાર એકીભાવ થયો તેને પ્રભુનો જન્મ કહેવાય છે. તેમાં આસક્તિથી ત્યારના જીવોને પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક નિરોધ થયો. તેમ અનવતાર દશામાં જે ભક્તોનો નિરોધ કરવાની પ્રભુને ઇચ્છા છે તેમના હૃદયમાં માત્ર તેનાજ દર્શનમાટે સર્વક્રીડાયુક્ત પ્રગટ થયેલા પ્રભુ જ્યારે નિરન્તર ચિન્તન - ધ્યાનાદિથી તે ભક્તના હૃદયમાં યોગરૂઢ થાય છે ત્યારે તે રૂપનો સમુદાય તે ભક્ત સાથે એકીભાવ થયો જાણવો. આ પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ જાણવો.

**અવતાર તથા અનવતાર દશાના લીલામાં નિરોધનું તારતમ્ય :**

અવતારદશામાં દર્શન અનેક ભક્તોને બાહ્ય થાય છે. અનવતારદશામાં અહીંયા તે દર્શન એકજ ભક્તને અને આન્તર અનુભૂતી થાય છે (આન્તરજ થાય એવો કોઇ નિયમ નથી). બીજો કોઇપણ ભેદ નથી (ફલાનુભવમાં) એમાં શઙ્કાલેશ નથી. આનેજ સાધનાધિકાર અને ફલાધિકાર સમર્પક જાણવું. વળી શ્રીમહાપ્રભુજી ગુણગાનકર્તા તથા સેવાઆસક્ત ભક્તના પુષ્ટિઅધિકાર સમ્બન્ધમાં આજ્ઞા કરે છે કે **"ગુણાનુવાદનિરતાઃ સેવાયાં વા પ્રતિષ્ઠિતાઃ, ભક્તાસ્તેઽત્રાવમન્તવ્યા રસિકાઃ કામવર્જિતાઃ"** (ભાગ.નિ.૬।૩૨ માં).



વેણુગીતપ્રસઙ્ગમાં **"બર્હાપીડં નટવરવપુઃ ..."** એ શ્લોકની સુબોધિનીજીમાં પ્રમાણ તથા પ્રમેય મૂલક પુષ્ટિઅધિકારસમર્પક સુધાનું નિરૂપણ કર્યું છે. તે સુધા સર્વાભોગ્યા, ભગવદ્ભોગ્યા તથા દેવભોગ્યા એમ ત્રિવિધ પ્રકારે ફલાનુભુતિ તથા ફલાધિકાર સમ્પાદક વાર્ણવી છે. વાણુગીતના શ્લોક ૮ ના **"ચૂત પ્રવાલબર્હસ્તબકોત્પલાબ્જ ..."** ના સુબોધિનીજીમાં તથા શ્રીપુરુષોત્તમજીકૃત પ્રકાશમાં રસપ્રનાડીને પ્રમાણપૂર્વક યોજી પુષ્ટિઅધિકારસમ્પાદ-કતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ અવતાર તથા અનાવતારદશામં પ્રમાણ તથા પ્રમેય મૂલક અધિકારસમ્પાદક ભેદને શ્રીપદ્મનાભદાસજી કિર્તનમાં પ્રગટ કરે છે. "ઐસી બંસી બાજી બનધનમેં વ્યાપી રહી ધુની મહામુનીનનકી સમાધિ જાગી. ભયો બ્રહ્મનાદ ઉઠત આહ્લાદ જહાં તહાં વ્રજરત્ન ઘોષવૃન્દ ભયે સબ રાગી, રાસ આદિ અનેક લીલા રસભાવ પૂરિત મૂરતી મુખારવિન્દછબી દેખ વિરહ અનઙ્ગ જાગી. તબ વેણુનાદ દ્વાર અબ શ્રીલક્ષ્મણભટ્ટભૂપકુમાર, પદ્મનાભ દૈવોદ્ધાર અર્થ ત્યાગી". "તબ વેણુનાદદ્વારા" એ પ્રમેયપૂર્વક અને "અબ શ્રીલક્ષ્મણભટ્ટભૂપકુમાર" એમ પ્રમાણપૂર્વક પુષ્ટિઅધિકારનું નિરૂપણ થયેલું છે.

**અધિકાર સમ્પાદનનો પ્રારંભપ્રકાર :**

પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકૃત જીવ મૂલમાં વ્યુચ્ચરણ પહેલા પ્રભુના સંયોગ - વિયોગ ઉભયરસનો ગ્રહણકર્તા હતો. **"એકોઽહં બહુસ્યામ્" "સ એકાકિ ન રમતે દ્વિતીયમૈચ્છત.."** વિગેરે શ્રુતીકથનાનુસાર જ્યારે લીલા - રમણમાટે બહુભવનની ઇચ્છા શ્રીકૃષ્ણે કરી ત્યારે એ દૈવીજીવ પણ ભૂતલપર પધાર્યા. લીલામાટે **"પરાભિધ્યાનાત્ તુ તિરોહિતં તતો હિ અસ્ય બન્ધ વિપર્યયઃ"** એ બ્રહ્મસૂત્ર પ્રમાણે જીવમાં આનન્દાંશ તિરોહિત થતાં ફરીથી પ્રાગટ્યમાટે ધર્મિઆનન્દસહિત પ્રભુ સાથે પુષ્ટિ - દૈવીજીવોને ફરીથી સંયોગાનન્દ તથા તાપક્લેશાનન્દ પ્રાપ્ત કરાવવામાટે બ્રહ્મસમ્બન્ધસંસ્કારથી ભક્તિબીજસ્થાપન કરી શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણની સેવાયોગ્ય બનાવ્યા. પદાર્થોમાં બ્રહ્મતાનું દાન કર્યું અને નિર્દોષ સમ્બન્ધ પ્રગટ થયો. તે બીજરસની વૃદ્ધિના ઉપાયોનું વર્ણન નિજસિદ્ધાન્તોમાં પ્રથમ વર્ણવેલા અનેક ગ્રન્થોમાં પ્રમાણોના ઉપાન્યાસપૂર્વક કરેલ છે. તેમાં

વાર્ણિવલ કર્તવ્યોપદેશ, તત્વોપદેશ, વ્યવહારોપદેશ, સાધનોપદેશ વિગેરે સિદ્ધાન્તોનું જ્ઞાન તથા તે સમ્બન્ધિ ક્રિયા આપશ્રી દાન કરે છે ત્યારેજ દૈવીજીવને સમ્પન્ન થાય છે. તેથી તે વચનો પ્રભુદત્ત સામર્થ્યદ્વારા પુષ્ટિઅધિકારી જીવમાં પ્રગટ થયેલી ક્રિયા, જ્ઞાન યા ભાવ નું અનુજ્ઞાપક તથા અનુવાદક થઈ રહે છે. આનાજ પોષક તરીકે શ્રુતી અનુસાર પણ **"રસો વૈ સઃ"** વેદવચનાનુસાર જે રસ છે તે જ પુરુષોત્તમ અગણિતાનન્દ છે, શ્રીકૃષ્ણ છે, પરમાનન્દ સાગર છે. તે જ ભાવાત્મક છે. વળી **"યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ"** એ શ્રુતી અનુસાર સર્વ પ્રાકૃતસાધનાદિદ્વારા, સ્વતઃ સામર્થ્યથી જીવદ્વારા બ્રહ્મ અગ્રાહ્ય છે તો પણ **"આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ ન વિભેતિ કુતશ્ચન"** એ શ્રુતીવચનવડે તે આનન્દના અનુભવનેજ પરાત્પર મોક્ષ કહેવાય છે. વળી **"બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ્"** એ શ્રુતીવચનવડે અક્ષરબ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પામે છે તે કથનથી તે ઋચામાં પુરુષોત્તમપ્રાપ્તિનો અનુવાદ કર્યો છે. ( સાધનોપદેશ નહિં ) તે પરપ્રાપ્તિનું વિવરણ **"સોડશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતાઃ"** ઋચામાં કહેલ છે. આ સર્વ રૂપલીલાદ્વારા સિદ્ધ કરવાના આશયથી જ **"કદાચિત્ સ્વગતં સૌદર્યં પ્રગટીકરિષ્યામિ ઇતિ ઇચ્છયા પ્રાદુર્ભૂતં સત્ શ્રીકૃષ્ણ ઇતિ ઉચ્યતે"** આ ભાગ. નિબન્ધની ઉકિત અનુસાર પ્રગટપ્રભુની સ્વભાવાનુપાતિ તથા પરમફલદિત્સા પ્રગટ થતા ઉપપત્તિ તથા ઉત્પત્તિપક્ષ અનુસાર નિત્યલીલા પ્રગટ થઈ. તેથી દૈવીજીવોને શ્રવણકિર્તનાદિ નવવિધભક્તિ અને તેથી પ્રગટ થયેલ પ્રેમલક્ષણા ભક્તિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તે જ પુષ્ટિઅધિકાર સમર્પક પ્રમાણમૂલક પુષ્ટિમાર્ગ અધિકારવિચારના સન્દર્ભમાં શ્રીપ્રભુચરણોએ માર્ગસ્વરૂપનિરૂપકસિદ્ધાન્ત એક શ્લોકમાં શ્રીનાગભટ્ટને સમજાવ્યો તે આ પ્રમાણે છે **"શ્રીવલ્લભાચાર્યમતે ભગવાનેવ હિ ફલં, તત્ર પ્રેમૈવ અવ્યભિચારી હેતુઃ, તત્ર નવધોક્ત ભક્તિઃ, તત્રોપયોગોડખિલ સાધનાનાં"**. આના અવગાહનથી પુષ્ટિમાર્ગિય પ્રમેય અને પ્રમાણમૂલક પુષ્ટિઅધિકાર સમ્બન્ધી પ્રક્રિયાનું નિરૂપણ સ્પષ્ટ થઈ જશે. વળી બ્રહ્મસમ્બન્ધસંસ્કારાત્મક આત્મનિવેદી ભક્તોને કૃપાથી પ્રભુ નીચેની મર્યાદાનું આચરણ કરાવીને ફલોન્મુખ અધિકારી કરે છે. **"ભકત્યા સઞ્જાતયા ભક્ત્યા"** એ પ્રકારે પ્રમાણમૂલક પુષ્ટિઅધિકાર યોગ્યતા આમાં નિરૂપિત થયેલ



છે. શ્રીભાગવતજી ૧૧।૧૯।૨૦ - ૨૪ માં ભગવાન્ શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ઉપદેશે છે "મારી ભક્તિ પ્રાપ્ત કરવા જે ઇચ્છતો હોય તે નિરન્તર મારી અમૃતમય કથામાં શ્રદ્ધા રાખે, નિરન્તર મારા ગુણ લીલા અને નામોનું સંકીર્તન કરે, મારી સેવા પૂજામાં નિરન્તર અત્યન્ત નિષ્ઠા રાખે અને નિરન્તર સ્તોત્રોદ્વારા મારી સ્તુતી કરે. મારી સેવાપૂજામાં પ્રેમ અને આદર રાખે, મને સાષ્ટાઙ્ગ દણ્ડવત્ પ્રણામ કરે, મારી સેવા પૂજા કરતાં મારા ભક્તોની સેવા - પૂજા વધારે કરે અને બધા પ્રાણીઓમાં મનેજ જુએ. પોતાના સર્વ અઙ્ગોની ચેષ્ટા કેવલ મારે જ માટે કરે. વાણીથી મારાજ ગુણોનું ગાન કરે અને પોતાનું મન મનેજ અર્પણ કરી દે તથા બધીજ કામનાઓનો ત્યાગ કરી દે. મારામાટે ધન, ભોગ અને આવી મળેલ સુખનો ત્યાગ કરી દે અને જે કાંઇ યજ્ઞ, દાન, હવન, જપ, વ્રત, અને તપ કરવામાં આવે તે બધું મારેમાટે જ કરે. હે ઉદ્ધવજી! જે મનુષ્યો આ ધર્મનું પાલન કરે છે અને મને આત્મનિવેદન કરી દે છે તેમના હૃદયમાં મારી પ્રેમમયી ભક્તિનો ઉદય થાય છે. જેને મારી ભક્તિ થઇ ગઇ તેને બીજી કઇ વસ્તુ મળવાની બાકી રહી જાય છે? ( કોઇ પણ પુરુષાર્થ બાકી રહેતો નથી, એના સર્વ મનોરથો પૂર્ણ થાય છે ).

પુષ્ટિઅધિકારવિચારમાં પુષ્ટિભક્તિનું સ્વરૂપ અધોલિખીત વિવરણથી સ્પષ્ટ થઇ જશે. શ્રીમત્પ્રભુચરણપ્રણીત ભક્તિહંસમાં પુષ્ટિભક્તિના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. તે ભક્તિ મન્ત્રોપાસન, વૈદિક - તાન્ત્રિક - દીક્ષાર્ચનાદિવિધીથી અસ્પૃશ્ય છે. તે ભક્તિમાન ભક્તહૃદયમાં જ પ્રભુ વિહાર કરે છે. તેની ઉપપત્તિમાં **"નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ ન મેધયા ન બહુના શ્રુતેન યમૈવેષ વૃણુતે તેન લભ્યઃ"** એ શ્રુતી અનુસાર 'યમેવ' એમ સામાન્યઉક્તિવડે અને ભગવદઙ્ગિકારમાત્રૈકલભ્યતા કહી છે. તેથી જીવકૃતિસાધ્ય સાધનોથી અપ્રાપ્યતા કહી છે. તે અઙ્ગીકૃત જીવને દાસત્વેન ગ્રહણ કરે છે. તેમાં **"ન રોધયતિ માં યોગો.."** **'નાહં વૈદૈર્ન તપસા ..."** **"અહં ભકત પરાધિનઃ..."** **"ભક્ત્યાડહમેકયા ગ્રાહ્યઃ ..."** **"ભક્ત્યા તુ તોષ..."** **"નાલં દ્વિજત્વં..."** ઇત્યાદિ વચનોવડે પુરુષોત્તમપ્રાપ્તિસાધક ભક્તિનું સ્વરૂપ કહેલું છે. તે ભક્તિ

સર્વથા સ્વતન્ત્ર ભગવદ્વરણાધિન છે તે પ્રમાણીત કર્યું છે. તે ભક્તિમાનજ પુરુષોત્તમાર્થિ પ્રવૃત્તિયુક્ત વરણને કારણેજ થાય છે તે સ્પષ્ટ કર્યું છે.

વરણ પુષ્ટિ-મર્યાદાભેદથી બે પ્રકારથી છે. ૧. માત્ર પુષ્ટિવરણ છે. તે જ ભક્તિસાધનભૂત સ્નેહોત્પાદનમાટે, સાધનરૂપતા ભગવાન્ પોતેજ અઙ્ગિકાર કરે છે. ૨. મર્યાદાયુક્તવરણ; તેના સાધનોમાં પ્રથમ પ્રવૃત્તિ કરાવે છે, પરન્તુ સ્નેહોત્પત્તિપર્યંત જ વિધી ત્યાં પ્રયોજક છે. સ્નેહ ઉત્પન્ન થયા પછી સ્નેહને કારણે જ પુરુષોત્તમપ્રાપ્તિરૂપ ભક્તિમાં સ્વતઃ જ પ્રવૃત્ત થશે. પછી વિધીની અપ્રયોજકતા છે. તે જ વાત ભક્તિહંસમાં **"પ્રેમાત્મકસાધનત્વેનક્રિયમાણઃ શ્રવણાદિ ભક્તિમાર્ગે મર્યાદાભક્તિ: ઇત્યુચ્યતે"** ઇતિ. આ પ્રકારે પ્રથમનિર્દિષ્ટ શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગપ્રવર્તનનો પ્રકાર કહ્યો અને દ્વિતીય મિશ્રપુષ્ટિમાર્ગનું સ્વરૂપ કહ્યું, આ જ વાતે 'ભક્તિહેતુનિર્ણયમાં' શ્રીપ્રભુચરણોએ ભક્તિહેતુ તરીકે માત્ર ભગવદ્વરણને જ છે તે કથનની પુષ્ટિ કરે છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં **"ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તિ ઇતિ નિશ્ચયઃ"**નું નિરૂપણ શુદ્ધપુષ્ટિમાર્ગીય આચાર્યદ્વારા થયું અને તે ભક્તિનો વિસ્તાર ગ્રન્થોમાં કર્યો છે. તેથી અનવતારકાલમાં અધિકારસમ્પાદનનો પ્રકાર કહ્યો. અવતારકાલમાં શ્રીવસુદેવ - દેવકીજીને પુત્રભાવ અને બ્રહ્મભાવથી ભજનનો ઉપદેશ શ્રીકૃષ્ણ ભગવાને આપ્યો. તેથી પ્રભુની કૃપાદ્વારા જ પુષ્ટિભક્તિનું કથન થયું. સાધનદશામાં અપરાધ ન થાય તેમાટે માહાત્મ્યજ્ઞાન અને સ્નેહયુક્ત ભક્તિ ઉપદેશી. પ્રેમસેવા 'ભક્તિ'શબ્દાર્થ થયો. સાકારબ્રહ્મવાદ તથા તત્વમસિ વચનો પણ પરમ સ્નેહોદ્બોધક વચનો છે. પરમફલાનુભવરૂપ સુદૃઢસ્નેહ જે **"સા પરાનુરક્તિરીશ્વરે" માં કહી છે તે અનુગ્રહૈકસાધ્ય ભક્તિના ઉપદેશના કારણ તરીકે પ્રભુની મહાન કૃપા-પુષ્ટિ જ છે. તે સ્વભાવાનુપાતિ વિશેષપુષ્ટિ છે. તે જ વાતનું "પ્રદાનવત્"** બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદન કરેલ છે. તેથી દાનલભ્ય ભક્તિમાર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ છે. સર્વમાર્ગોથી વિલક્ષણ છે. આ રીતે આ માર્ગ પ્રમાણાનુરુદ્ધ ( સંરક્ષિત - પોષીત ) છે, પ્રમાણાનુરોધિ નથી. પ્રમેય પણ પૂર્ણપુરુષોત્તમ છે. સર્વસાધનો તથા ફલ માં અતિ ઉત્કૃષ્ટતા ધરાવતો પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ થયો. પુષ્ટિમાર્ગના



અધિકારી શુદ્ધ અને મિશ્ર ભેદથી બે પ્રકારના છે. વળી મિશ્રપુષ્ટિના ત્રણભેદો: પુષ્ટિપુષ્ટિ મર્યાદાપુષ્ટિ અને પ્રવાહપુષ્ટિ, શુદ્ધપુષ્ટિમાં અધિકાર સ્વતન્ત્ર સ્વરૂપબળવડે છે. મિશ્રપુષ્ટિમાં અધિકાર પણ સ્વરૂપબળવડેજ, સાથે માર્ગની મર્યાદાનુસાર અધિકારીને કર્તવ્યપાલન કરાવીને અઙ્ગીકાર કરે છે. આ વાત **"અઙ્ગીકૃતૌ સમર્યાદૌ"** માં શ્રીગુંસાઇજીએ નિરૂપણ કર્યું છે તથા તેનો વિસ્તાર શ્રીગોકુલનાથજીએ તેની ટીકામાં કર્યો છે તે જોવાથી વાત સ્પષ્ટ થઇ જશે. આજ છે પ્રમાણમૂલક તથા પ્રમેયમૂલક પુષ્ટિમાર્ગઅધિકારવિવેક.

આપણા ગ્રન્થોમાં 'ભક્તિ' તથા 'મર્યાદા' શબ્દ અનેક સન્દર્ભોમાં યોજીત કરવામાં આવ્યો છે. યથા 'ભક્તિ'થી ક્વચિત્ ૧. શુદ્ધપુષ્ટિભક્તિ ૨. શુદ્ધસ્નેહ ૩. પારિભાષિક નિઃસાધનતા ૪. મર્યાદાભક્તિ ૫. મિશ્રભક્તિ ૬. નિર્ગુણભક્તિ ૭. મિશ્રભક્તિ વિગેરે તેમજ 'મર્યાદા'શબ્દથી ક્વચિત્ ૧. મર્યાદામર્ગ ૨. મર્યાદાભક્તિ ૩. મર્યાદાપુષ્ટિ ૪. પુષ્ટિમર્યાદા ૫. મિશ્રભક્તિ ૬. ભગવાન્ સિવાય અન્ય સાધનસમ્પત્તિ ૭. મર્યાદામાર્ગિય સાધનસમ્પત્તિ. તેથી 'ભક્તિ' તથા 'મર્યાદા' શબ્દના અર્થનું અનુસન્ધાન યથાક્રમ, યથાસન્દર્ભ, ઉપક્રમ, ઉપસંહાર, પ્રતિપાદ્યવિષય, પ્રયોજન વિગેરે વિચારીને કરવું આવશ્યક રહે છે. તે વડે પુષ્ટિઅધિકારના વિચારનું મન્થન સુલભ થશે.

પુષ્ટિમાર્ગમાં અધિકારવિચાર અનેક રીતે ઉદ્ભવી શકે. દૃષ્ટાન્ત તરીકે, ૧. માર્ગપ્રવેશ ૨. શરણાગતિ ૩. આત્મનિવેદન ૪. આન્તર - બાહ્યભગવત્સેવા ૫. આન્તરબાહ્યશુદ્ધિ ૬. સ્થાયીભાવ - બીજભાવની પ્રાપ્તિ ૭. પ્રેમ ૮. આસક્તિ ૯. વ્યસન ૧૦. શ્રવણાદિ નવધાસાધન તથા ફલભક્તિ ૧૧. સંયોગાનુભૂતિ ૧૨. વિપ્રયોગાનુભૂતિ ૧૩. ગુણગાન - સાધન - ફલદશા ૧૪. સત્સંગ ૧૫. ભક્તિ-વૃદ્ધિમાં ત્યાગ, અત્યાગ, વ્યાવૃત્ત, અવ્યાવૃત્ત વિગેરે સાધનસમ્પન્ન કરાવીને અધિકાર સમર્પક વિવિધ પ્રકારો છે. તે બધા લેખમાં ઉદ્દેશેલા નથી. માત્ર પ્રમાણમૂલક અને પ્રમેયમૂલક અધિકારવિચાર વિસ્તારથી કહ્યો છે.

ષોડશગ્રન્થમાં આ પ્રકારે પુષ્ટિમાર્ગીય અધિકારપ્રાપ્તિનું વિવરણ

પ્રમાણ - પ્રમેય રીતે નિરૂપણ થયું છે.

૧. શ્રીયમુનાષ્ટક : પ્રભુને જીવના સામર્થ્યથી માત્ર નમનજ થઇ શકે છે, અધિક કંઇ પણ નહી. પુષ્ટિઅધિકારસિદ્ધિ શ્રીયમુનાજીદ્વારા પ્રાપ્ત થાય છે. પુષ્ટિભક્તિની સાધનદશા તથા ફલદશાના અનુભવમાં પ્રતિબન્ધોનો નિરાસ, શ્રીકૃષ્ણમાં રતિ વિગેરે અધિકારપોષકસમ્પત્તિ શ્રીયમુનાજીની કૃપાથી નિત્યલીલામાં થાય છે. આધુનિક ભક્તોને તે બધું શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત થાય છે.

૨. બાલબોધ : સઙ્ક્ષેપથી પુરુષાર્થો કહ્યા અને મોક્ષપુરુષાર્થની સિદ્ધિનો પ્રકાર કહ્યો જેથી તે પુષ્ટિભક્તિ કરતાં ભિન્ન છે તેનું જ્ઞાન થાય. અજ્ઞાન યા અન્યથાજ્ઞાન ના નિવારણમાં તે ઉપયોગી છે.

૩. સિદ્ધાન્તમુક્તાવલી : આન્તર તથા બાહ્ય સેવાનું શુદ્ધ સ્વરૂપ, તેના જ્ઞાનનો પ્રકાર જગતમાં સર્વત્ર શ્રીકૃષ્ણની નિયામકતા છે. આ પરિચયથી ફલાત્મકરીતે સાધનસેવા તથા ફલસ્વરૂપા અનુભવ કરી શકે. કૃષ્ણસેવાના ઉત્તમ તથા અધમ અધિકારીનો પરિચય.

૪. પુષ્ટિપ્રવાહમર્યાદા : આ ત્રણે માર્ગના પ્રાગટ્ય, તેના જીવ, કૃતિ, દેહ, સાધન, ફલ અને પુષ્ટિભક્તોના શુદ્ધ તથા મિશ્રભેદના નિરૂપણથી તેના અધિકારનું પ્રમાણ અને પ્રમેયનું નિરૂપણ થયું.

૫. સિદ્ધાન્તરહસ્ય : શ્રીકૃષ્ણભજનના માર્ગમાં આત્મનિવેદન એજ અધિકાર સમર્પક, સર્વમાં બ્રહ્માત્મકતાના ચિન્તનવડે નિર્દોષતા જ્ઞાપક પુષ્ટિભક્તનું જીવન આનન્દરસાનુભૂતિવાળું રહે તેના અધિકાર સમર્પકતાનું નિરૂપણ છે.

૬. નવરત્ન : આત્મનિવેદિત ભક્ત અધિકારપૂર્ણ ભગવદીય રહે તેનું દિગ્દર્શન કરાવવા અલૌકિક ચિન્તાનિવૃત્તિના ઉપાય દર્શાવ્યા.

૭. અન્તઃકરણપ્રબોધ : નિઃસાધનતાનો પુષ્ટિભક્તને બોધ, પ્રભુના સત્યસઙ્કલ્પતાનું ચિન્તન, પ્રભુમાં શુદ્ધભાવનું સ્થાપન.

૮. વિવેકધૈર્યાશ્રય : બાહ્ય તથા આન્તર શુદ્ધિનો પ્રકાર તેના નિર્વાહમાટે તથા નિઃસાધનતા પૂર્વક શરણાગતિમાટે વિવેક - ધૈર્ય - આશ્રયનું નિરૂપણ તેને ધારણ કરનાર પુષ્ટિમાર્ગમાં અધિકારી છે.



૯. કૃષ્ણાશ્રય : ચતુર્વિધપુરુષાર્થરૂપ તથા સર્વધર્મોના મૂલ આધારરૂપ દેશાદિ શ્રીકૃષ્ણાશ્રયજ છે તે જણાવી દૈન્ય આશ્રય સમ્પાદક.

૧૦. ચતુઃશ્લોકી : ''પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મઃ, અર્થો હરિરેવહિ, કામઃ હીરદિદૃક્ષૈવ, મોક્ષઃ કૃષ્ણસ્ય ચેત્ ધ્રુવમ્''. પુષ્ટિચતુર્વિધ પુરુષાર્થનું નિરૂપણ.

૧૧. ભક્તિવર્ધિની : ભક્તિવૃદ્ધિના સાધનો (પ્રકારો) અને કાર્ય લક્ષણો.

૧૨. જલભેદ : પ્રભુના ગુણગાન કરનારા કથાકારોના ભેદ. નિમિત્તવશાત્ કરનારા તથા માત્ર ભગવાન્ યા ભક્તિમાટે કરનારા કિર્તનકારોના અધિકારનો પરિચય.

૧૩. પઞ્ચપદ્યાનિ : શ્રવણોત્સુક ભક્તની યોગ્યતાનો તારતમ્ય વિચાર.

૧૪. સંન્યાસનિર્ણય : ભક્તને સર્વત્યાગનું વિધાન નથી પરન્તુ પરમપ્રેમ પ્રગટ થતાં ત્યાગ પ્રશંસનીય છે તેનું નિરૂપણ.

૧૫ : નિરોધલક્ષણ : તાપક્લેશાનન્દનું સ્વરૂપ, નિરોધભાવની ભાવનાનો ક્રમ, નિરોધનું કાર્યલક્ષણ, ભક્તિમાર્ગીય ગુણગાનનું તારતમ્ય.

૧૬. સેવાફલ : આ લોક તથા પરલોકામાં સેવા સદા ફલાત્મક છે. ભક્ત તેની સાધનદશા તથા ફલદશામાં ભિન્ન રીતે અનુભવે છે. નિત્યલીલા પ્રાપ્તિમાં અધિકારનુસાર યથાયોગ્ય પરમફલનો અનુભવ. સેવામાં પ્રતિબન્ધોના ત્યાગનો પ્રકાર.

આ રીતે ષોડશગ્રન્થમાં પુષ્ટિભક્તિમાર્ગના સોપાનો ચઢવામાં યોગ્યતા જે રીતે પ્રાપ્ત થાય છે તેના પ્રમાણો તે યોગ્યતાનું સ્વરૂપ કેવું હશે તેનું કાર્ય દર્શાવેલું છે. તે પ્રાપ્તિમાટે પ્રગટ થયેલી ભગવાનની કૃપાના અનુવાદક તરીકે સાધનોનું નિરૂપણ છે. પુષ્ટિભક્તિફલના અનુભવના પરિચાયક ગ્રન્થોવડે પુષ્ટિઅધિકારની વિવિધદશાપન્ન સ્થિતિનું પ્રમાણમૂલક વિચાર એટલે શાસ્ત્ર નિર્ણિત પ્રમાણો અને સાધનાચરણની સરણીમુજબ કેવો હશે તે સમજી શકાય છે. અલૌકિક શબ્દનિરૂપિત શાસ્ત્રોદ્વારા, સિદ્ધાન્તોદ્વારા તથા તેની યુક્તિમૂલક સંગતિ પણ ષોડશગ્રન્થમાં જણાવેલી છે. તેથી મુખ્યતઃ પ્રમાણમૂલક પુષ્ટિમાર્ગીય અધિકાર વિચાર કહ્યો. તે આચાર્યશ્રી તથા દૈવીજીવોને અનુભવ પર્યવસાયી હોવાથી પ્રમેયમૂલક પણ છે જ. ''પ્રમાણે બુદ્ધ્યા

ફલં પ્રમેયેતુ વસ્તુનઃ શક્ત્યા ફલમ્'' એ સુબોધિનીજી સ્કન્ધ ૧૦|૮|૩૩ ''ત્રિભુવન કમલં...' માં જણાવેલ છે. પુષ્ટિભક્તિમાં પ્રવેશ કર્તવ્યબોધ, સાધનનિષ્ઠા અને ફલાનુભવ સુધીના બધા અધિકારો પ્રમેયમૂલક પણ છે જ તે વાત અત્યન્ત સ્પષ્ટતાથી પહેલા કહેવામાં આવી છે જ તો પણ પ્રમેયમૂલક નિરૂપણનો પ્રકાર સક્ષેપથી નીચે પ્રમાણે છે. **''પુષ્ટિશ્ચ વસ્તુનો ભગવતઃ શક્તિઃ તથા ચ ફલમિતી પુષ્ટિમાર્ગસ્ય પ્રમેયમાર્ગતા''** ( શ્રીબલભદ્રલાલાજીકૃત વિદ્વન્મણ્ડનનો ઉપોદ્ઘાત )

**પ્રમેયમૂલક અધિકાર :**

૧. શ્રીયમુનાષ્ટક : પ્રભુની કૃપાથીજ અધિકાર, સ્વતઃ સ્વાતંત્ર્ય જીવમાં નથી.

૨. બાલબોધ : પ્રમેય આશ્રય, શ્રીકૃષ્ણાશ્રય અને તદીયતા અધિકાર સમ્પાદક.

૩. સિદ્ધાન્તમુક્તાવલી : પ્રભુકૃપાથી બાહ્ય-આન્તર સેવાનો અધિકાર, જગન્નિયામકતા શ્રીકૃષ્ણની તેથી કૃપાનુસંધાન, મહાત્મ્યજ્ઞાનાનુસન્ધાન, ભાવનું દાન, ભક્તને દેવદર્શનની યોગ્યતા કૃપાથીજ આવશે.

૪. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ : પ્રભુદ્વારા સર્વ સર્ગાદિભેદની નિર્મિતી તેથી પ્રમેયદ્વારાજ અધિકાર સમ્પન્નતા.

૫. સિદ્ધાન્તરહસ્ય : સાક્ષાત્ ભગવત્પ્રોક્ત સિદ્ધાન્તરહસ્ય, પુષ્ટિભક્તિમાર્ગ, સાધનફલસમ્બન્ધિ સકળ અધિકારપ્રવર્તક સાક્ષાત્ પ્રમેયજ, અધિકાર નિરૂપક થયા.

૬. નવરત્ન : સર્વ પ્રભુનેજ અધિન છે તેથી મુખ્ય ઉપાય ''શ્રીકૃષ્ણઃ શરણં મમ''.

૭. અન્તઃકરણપ્રબોધ : પ્રભુનું સ્વરૂપ સર્વ પ્રમાણોથી અવિરુદ્ધ પરન્તુ સર્વ પ્રમાણોનું મૂલક છે.

૮. વિવેકધૈર્યાશ્રય : પ્રમેયમૂલકકારણ કલિયુગમાં ભક્ત્યાદિમાર્ગ સર્વથા દુઃસાધ્ય છે.

૯. કૃષ્ણાશ્રય : પ્રમાણબોધક કર્મ, જ્ઞાન યા ભક્તિમાર્ગીય શાસ્ત્રોથી પરમરસ અસમ્ભવ હોવાથી અધિકાર તે કૃષ્ણાશ્રયજ, તેથી પ્રમેયમૂલક.

૧૦. ચતુઃશ્લોકી : પ્રમેયરૂપ વસ્તુસ્વરૂપ રસાત્મક, ફલાત્મક દાસ્ય શ્રીકૃષ્ણનુંજ કરે છે, પ્રભુજ અર્થરૂપ જણાય, પ્રભુજ દીક્ષા કરાવે, પ્રભુ પોતાના માને ત્યારેજ પુષ્ટિભક્તિના પુરુષાર્થો મળે છે, તેથી પ્રમેયમૂલક અધિકાર વિચાર થયો.



૧૧. ભક્તિવર્ધિની : ભક્તિબીજનું દાન વૃદ્ધિ, સંરક્ષણ, ફલાનુભવમાત્ર પ્રમેય પ્રભુકૃત છે તેથી પ્રમેયમૂલક અધિકાર કહ્યો.

૧૨. જલભેદ : **''દેવાનાં ગુણલિઙ્ગાનાં ...''** એ તૃતીયસ્કન્ધ મુજબ તેવા ઉત્તમ ભાવોનું દાન કરે ત્યારે પ્રગટ થયેલ ભાવથી કરેલ કિર્તનજ ભક્તિયુક્ત કિર્તન કહેવાશે તેથી પ્રમેયમૂલક અધિકાર.

૧૩. પઞ્ચપદ્યાનિ : ભક્તિયુક્તભાવનું દાન, ઉત્તમ મધ્યમ કનિષ્ઠ પ્રકારે પ્રભુ કૃપાથીજ થાય છે તેથી શ્રોતાના અધિકારનું પ્રમેયમૂલક વિવરણ થયું.

૧૪. સન્ન્યાસનિર્ણય : આત્મપ્રદપ્રિય પ્રભુ છે, તેથી પ્રમેયમૂલક.

૧૫. નિરોધલક્ષણ : તાપક્લેશાનન્દ, સંયોગાનન્દ, ( સર્વાત્મભાવ ) ભગવદીય સત્સઙ્ગનો આનન્દ પ્રભુદાન કરે તોજ થઈ શકે, તેથીજ ગ્રન્થમાં નિરોધની આકાઙ્ક્ષા કરી. તેથી પ્રમેયમૂલક નિરૂપણ.

૧૬. સેવાફલ : સેવાફલવિવરણ : **''ફલમતઃ ઉપપત્તેઃ''** અને **''ભગવાનેવ હી ફલં''** તેથી પ્રમેયજ ફલસમર્પક છે. સ્વામીસન્તોષજનીકા જ સેવા છે. તેથી પ્રમેય મૂલક અધિકારનું નિરૂપણ સ્પષ્ટ થશે.

**''લીલાં કરોતિ શાસ્ત્રાર્થં ચ સ્થાપયતિ''** એ શ્રીપ્રભુચરણની ઉક્તિ મુજબ પ્રભુની દિવ્યલીલાનું પ્રમેય નિરૂપણ કરનારા પ્રમાર અલૌકિક નામ તથા રૂપ, સ્વરૂપાત્મક અને નિત્ય છે. વળી પ્રમેયાનુગ્રાહી પ્રમાણ પણ પ્રમેયનું અઙ્ગજ બને છે. તેથી ઉભય ( પ્રમેય-પ્રમાણ )ના સારરૂપ શ્રીઆચાર્યચરણોના શ્રીસર્વોત્તમજીમાં પ્રગટ થયેલા તથા શ્રીમત્પ્રભુચરણના શ્રીનામરત્નાખ્યમાં પ્રગટ થયેલા નામો તેમનું ગુણગાન પુષ્ટિમાર્ગીય અધિકારવિચારમાં પ્રબોધક છે. તેથી તે નામ ટીકાસહીત વિચારવાથી અત્યન્ત બોધપ્રદ તથા અધિકાર પ્રદાયક થશે. તેનુંજ ગુણગાન **''રતિપથ પ્રગટ કરનકો પ્રગટે કરુણાનિધી શ્રીવલ્લભભૂતલ''** એ પદ છે. શ્રીમદ્ભગવદ્ગીતાનુસાર પુષ્ટિમાર્ગમાં અધિકારવિચાર **''એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતં, એકો દેવો દેવકીપુત્રએવ, મન્ત્રોડપિ એકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માડપિ એકં તસ્ય દેવસ્ય સેવા''** એ શાસ્ત્રાર્થનિબન્ધમાં શ્રીઆચાર્યશ્રીએ પ્રભુના નિર્ણયને પ્રગટ કરીને ઉપદેશ આપ્યો કે **''શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દૈહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ''**. આ ઉપદેશ પ્રમાણાનુસારજ મર્યાદાસહિત પુષ્ટિમાર્ગનું પ્રાગટ્ય શ્રીઆચાર્યશ્રીએ આધુનિક પુષ્ટિભક્તોમાટે પ્રગટ કરીને તે મુજબ અનુસરવાનો ઉપદેશ આપ્યો છે.

તેથીજ તે પ્રમેયમૂલક છે. તથા તે આચાર્યચરણથીજ સર્વસિદ્ધિ છે તેથી પ્રમાણમૂલક અધિકારનિરૂપક પણ છેજ. પુષ્ટિજીવોમાં સહજઅધિકાર વરણલભ્ય છે. તેમજ સાધનદશા તથા ફલદશા ના ઇતર અધિકાર પ્રભુભજન કરાવીને સિદ્ધ કરે છે તે ભજનની વિશેષ મર્યાદાઓ પુષ્ટિભક્તોને સહકારી કારણતયા શ્રીગીતામાં પ્રભુએ પ્રગટ કરી છે. તેમાંથી કેટલીક સાક્ષાત્ યા પરમ્પરાથી અધિકારને વધારે છે. ભક્તિમાં પ્રતિબન્ધક પ્રકારોને દૂર કરવાના ઉપાયો પણ શ્રીગીતાજીમાં પ્રભુએ ઉપદેશ્યા છે. તે પ્રકારે આચરણ કરવાથી પુષ્ટિમાર્ગીય અધિકાર પ્રાપ્ત થશે. પુષ્ટિમાર્ગીય અધિકારવિવેક પ્રમાણમૂલક અને પ્રમેયમૂલક ના સમ્બન્ધમાં અત્યન્ત ઉપયોગી મુદ્દાઓનું વર્ગીકરણ નીચે મુજબ વિચારીએ જેથી તે સમ્બન્ધમાં શ્રીગીતાજીમાં કરેલ આજ્ઞાનું ચયન થઇ શકે છે. મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

૧. કૃતિ/ક્રિયા ૨. મતી/જ્ઞાન ૩. રતી/ભાવ, સ્નેહ ૪. ભક્તિ ૫. શરણાગતિ ૬. શ્રીકૃષ્ણ ૭. જગત ૮. જીવ ૯. બ્રહ્મ ૧૦. લૌકિક ૧૧. અલૌકિક ૧૨. આધિભૌતિક ૧૩. આધ્યાત્મિક ૧૪. આધિદૈવિક. વિ. તે સમ્બન્ધમાં શ્રીગીતાજીમાં પ્રગટ થયેલી આજ્ઞાઓને તેના અધ્યાય તથા શ્લોકના અનુક્રમ લખ્યા છે જે ઉપરના વિષયોનું નિર્ણયમાં ઉપયોગી છે. પુ.પા.ગો. શ્રીપુરુષોત્તમજીકૃત શ્રીગીતાજીની અમૃતતરઙ્ગિણી ટીકા આમાં અત્યન્ત ઉપકારક થશે.

| અધ્યાય | શ્લોકસંખ્યા |
|---|---|
| ૨. | ૧૩,૧૪,૧૭,૧૮,૨૫,૪૧,૪૫,૪૬,૫૧,૬૩,૬૪,૬૮,૭૧ |
| ૩. | ૧૩,૩૦,૩૫,૩૭,૩૮,૪૨ |
| ૪. | ૯,૧૧,૧૮,૨૨,૨૪,૩૯ |
| ૫. | ૬,૮,૧૯,૨૨ |
| ૬. | ૬,૮,૧૦,૧૭,૨૫,૩૦,૩૬,૪૭ |
| ૭. | ૪,૫,૬,૭,૧૫,૧૬,૧૭,૨૧,૨૪,૨૬ |
| ૮. | ૩,૪,૭,૧૪,૧૬,૨૨ |
| ૯. | ૧,૪,૭,૮,૧૧,૧૩,૧૪,૨૨,૨૬,૨૭,૨૯,૩૦,૩૧,૩૨,૩૪ |
| ૧૦. | ૮,૯,૧૦,૧૫,૨૦,૩૨,૪૧,૪૨ |
| ૧૧. | ૭,૮,૧૮,૩૨,૩૮,૪૦,૪૨,૪૪,૫૩,૫૪,૬૬ |
| ૧૨. | ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૪,૧૬,૧૭,૨૦ |
| ૧૩. | ૮,૯,૧૦,૧૧,૧૪,૧૫,૧૬,૨૩,૩૦,૩૩ |
| ૧૪. | ૧,૬,૮,૧૧,૧૪,૧૫,૧૬,૨૩,૩૦,૩૩ |
| ૧૫. | ૧,૫,૬,૭,૧૬,૧૭,૧૮,૧૯, |
| ૧૬. | ૧,૨,૩,૪,૬,૭,૧૧,૧૨,૧૩,૧૬,૨૧,૨૪ |
| ૧૭. | ૩,૧૧,૧૪,૧૫,૧૬,૧૭,૨૨,૨૪,૨૭,૨૮ |
| ૧૮. | ૨,૭,૯,૧૦,૧૪,૧૫,૧૭,૨૦,૨૨,૨૬,૩૦,૩૩,૩૬,૩૭,૪૨,૪૭, ૪૮, ૫૨,૫૪,૫૫,૫૬,૬૧,૬૨,૬૫,૬૬,૬૭,૬૮,૬૯,૭૩,૭૮. |



પરમવિદ્વાન અને પરમભગવદીય શ્રીબાલકૃષ્ણભટ્ટજી (શ્રીલાલુભટ્ટજી)એ 'પુષ્ટિઅધિકારવિવેક' માં સિદ્ધાન્તસારનું અતિઉત્તમ રીતે સઙ્કલન કર્યું છે. તેમાં પરન્તુ 'બ્રહ્મસમ્બન્ધ'રૂપી આત્મનિવેદનસંસ્કારનો ઉલ્લેખ સ્પષ્ટતયા કર્યો નથી તે આશ્ચર્યની વાત છે. પૂજ્યપાદ ગો. શ્રીહરિરાયજીકૃત 'પુષ્ટિમાર્ગલક્ષણાની' ગ્રન્થવડે પણ 'પુષ્ટિઅધિકારવિવેક' સમજવામાં ઘણી સુગમતા સાંપડે છે. "સ્વબલેન સ્વપ્રાપણં પુષ્ટિઃ" એ પુષ્ટિનું લક્ષણ સમ્પૂર્ણ પુષ્ટિમાર્ગપર અસઙ્કુચિતતાથી સામ્રાજ્ય કરે છે. "અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામકઃ" તે વચન પણ આનોજ બોધ કરે છે. આ વાતને ધ્યાનમાં રાખીનેજ 'પુષ્ટિમાર્ગલક્ષણાની'ગ્રન્થ યોજેલ છે તેમ જણાય છે. તેથી તે ગ્રન્થમાત્ર શુદ્ધપુષ્ટિનેજ કથન કરે છે તેવો અન્ય વિદ્વાનોનો મત શ્રીહરિરાયમહાપ્રભુને રુચિકર થશે તેમ આપશ્રીના અન્ય ગ્રન્થોમાં પ્રગટ કરેલા સિદ્ધાન્તોને જોતાં ભાસમાન થતું નથી તેવું મારું નમ્ર નિવેદન છે. પુષ્ટિમાર્ગીય અધિકાર પ્રગટ થવામાં પ્રમાણમૂલક તથા પ્રમેયમૂલક જે ભાવના અત્યન્ત ઉપર્યુક્ત છે અને જે શ્રીકૃષ્ણની કૃપાથીજ પ્રાપ્ત થશે તેનું વર્ણન શ્રીહરિરાયજી મહાપ્રભુએ તેમના ગ્રન્થમાં કર્યું છે. તેના સારરૂપે તથા અનુવાદરૂપે ગો. શ્રીદ્વારકેશજીએ એક કિર્તનની રચના કરી છે. તે સર્વનિબન્ધના સારરૂપ પણ છે તેનું નિવેદન કરું છું.

આશરો એક દૃઢ શ્રીવલ્લભાધીશકો,<br>
માનસી રીતકી મુખ્ય સેવા વ્યસન, લોક વૈદિક ત્યાગ, શરણગોપીશકો,<br>
દીનતાભાવ,ઉદ્બોધ ગુણગાનતે, ઘોષત્રિયભાવના ઉભયજાને<br>
કૃષ્ણનામ સ્ફૂરે, પલન આજ્ઞા ટરે, કૃતિ વચન વિશ્વાસ ચિત આને,<br>
ભગવદીયજન સત્સઙ્ગકો અનુસરે ન દેખે દોષ અરુ સત્ય ભાખે,<br>
પુષ્ટિપથ મર્મ, દશધર્મ યહ વિધિ કહે, સદા ચિત્તમેં શ્રીદ્વારકેશ રાખે

## પુષ્ટિમાર્ગમાં અધિકાર-વિચાર : પ્રમાણમૂલક-પ્રમેયમૂલક લે. શ્રીગોપાલભાઈ શાહના પેપરના કેટલાક મુદ્દાસંબંધી મારું મંતવ્ય

પૃ. ૧૭૯ પર કરેલ વિધાન "પ્રથમ પુષ્ટિભક્તિબીજનું દાન બ્રહ્મસંબંધ વડે શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય છે" પ્રમાણસંમત કે યુક્તિસંગત નથી લાગતું. બીજભાવ વ્યુચ્ચરણ વખતે ભગવદ્વરણથી લભ્ય મનાયો છે. તે સિવાય વ્રજભક્તો આદિ આપણા સંપ્રદાયમાં અદીક્ષિત પુષ્ટિભક્તોના સંદર્ભમાં આવા વિધાનથી અવ્યવસ્થા ઊભી થઈ જાય.

પૃ. ૧૯૩ પર શ્રીલાલૂભટ્ટજીના પુષ્ટિઅધિકારવિવેકમાં બ્રહ્મસંબંધના અનુલ્લેખ સંદર્ભે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તે બાબત મને લાગે છે કે નિબંધનું નામ 'પુષ્ટિભક્તાધિકારવિવેક' ન હોઈને 'પુષ્ટિભક્ત્યધિકારવિવેક' છે. બીજા શબ્દોમાં આમાં વર્ણવાયેલ વિકાસગાથાનો કથાનાયક પુષ્ટિસંપ્રદાયાનુયાયી ન હોઈને પુષ્ટિભક્તિ તેની નાયિકા છે. આ પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો બ્રહ્મસંબંધસંસ્કાર એ માર્ગરુચિની અવસ્થાએ સ્થિત પુષ્ટિભક્તિ પરોક્ષરુચિના સોપાન તરફ વધે તેમાં નિમિત્તમાત્ર બને છે. તેથી અનુયાયી માટે તે સાક્ષાતસ્વરૂપસેવાધિકારસંપાદક હોવાથી અતિમહત્વનું હોય પણ પુષ્ટિભક્તિમાં તેનું સીડીના બીજા પગથિયા જેટલું જ મહત્વ છે. તે કારણોસર તેનો વિશેષ ઉલ્લેખ શ્રીલાલૂભટ્ટજીએ ન કર્યો હોય તેવું લાગે છે. તે આશ્ચર્યજનક નથી લાગતું.

પૃ. ૧૯૩ પર શ્રીહરિરાયજીના 'પુષ્ટિમાર્ગલક્ષણાનિ'વિષયક શ્રીલાલૂભટ્ટજીના મંતવ્ય, કે તેમાં શુધ્ધપુષ્ટિભક્તિનું નિરૂપણમાત્ર છે, થી અસહમતિ વ્યક્ત કરાઈ છે. તેના કારણ તરીકે અપાયેલ યુક્તિ પર્યાપ્ત નથી. શ્રીલાલૂભટ્ટજી કહે છે તેમ આ બધાને લક્ષણો માનીએ તો પ્રવાહપુષ્ટિભક્તોમાં તે અવ્યાપ્ત થઈ જાય. જેમકે "સ્વરૂપમાત્રપરતા તાત્પર્યજ્ઞાનપૂર્વકમ્ ધર્મનિષ્ઠા યત્ર નૈવ" લક્ષણ પુષ્ટિપુષ્ટિવરણવાળામાં હોઈ શકે પણ પ્રવાહપુષ્ટિ કે મર્યાદાપુષ્ટિવાળામાં ન હોય. તે સિવાય અનેક લક્ષણો, જેવા કે "સર્વબાધકતાસ્ફૂર્તિ, વિદ્યમાનસ્ય દેહાદેર્ન સ્વીયત્વેન ભાવનમ્" આદિ સ્નેહની આસક્તિ અને ત્યાર બાદની અવસ્થાપ્રાપ્ત ભક્તોમાં વિદ્યમાન હોવાના પણ પ્રારંભિક દશાના ભક્તોમાં તે અવ્યાપ્ત હોય છે. મારા મતે વધુમાં વધુ આ સર્વે લક્ષણો વ્યસનાવસ્થાપન્ન મિશ્રપુષ્ટિભક્તો તેમજ શુધ્ધપુષ્ટિભક્તોની કક્ષાને આવરી શકે. તેથી શ્રીલાલૂભટ્ટજીથી સહમત થવું રહ્યું.

— **અસિત શાહ.**



# ચર્ચા

## પ્રમાણમૂલક અને પ્રમેયમૂલક અધિકારનો વિચાર

**શ્રીગોપાલદાસ શાહ**

**ગો. શ ર દ:** ઘણા વિચારયોગ્ય વિષયો શ્રીગોપાલભાઈએ પોતાના લેખમાં ઉપસ્થાપિત કર્યા છે. સઙ્કેત કરું તો પ્રથમ તો લેખમાં જે ઉદ્ધરણો ટાંક્યા છે તેનો સન્દર્ભ ક્યાંક-ક્યાંક વિચારણીય બને છે. બીજા ક્રમમાં પ્રમાણમૂલક અને પ્રમેયમૂલક અધિકારનો વિચાર એ વિષયનું સપ્રમાણ સવિસ્તાર નિરૂપણ શ્રીગોપાલભાઈએ કર્યું છે આમ છતાં જો લક્ષણમુખથી આ વિષયનું નિરૂપણ થાય તો વિષય વધુ સ્ફુટ થાય એવું મને લાગે છે. અર્થાત્ પુષ્ટિમાર્ગમાં પ્રમાણમૂલક અધિકાર કોને કહેવાય એનું લક્ષણમુખથી કથન અને પુષ્ટિમાર્ગમાં પ્રમેયમૂલક અધિકાર કોને કહેવાય એનું લક્ષણમુખથી કથન થાય તો શ્રીગોપાલભાઈએ આ વિષયમાં જે વિભિન્ન સમ્ભાવનાઓ બતાવી છે કે અધિકાર પ્રમાણમૂલક પણ હોય છે, અધિકાર પ્રમેયમૂલક પણ હોય છે, ઉભયમૂલક પણ હોય છે અને પાછું આમ તો અધિકાર પ્રમેયમૂલક હોય છે પરન્તુ તેની સિદ્ધિ પ્રમાણથી થાય છે આવા એકન્દરે - મહદંશેવાળા પ્રતિપાદનથી વસ્તુસ્થિતિની સ્પષ્ટતા થવામાં ક્લિષ્ટતા થાય છે. હવે પત્ર ચર્ચા માટે પ્રસ્તુત છે.

**ધર્મેન્દ્ર ઝાલા:** પ્રમાણમૂલક, પ્રમેયમૂલક અને ઉભયમૂલક ની જે વાત થઈ તે વિષયમાં થોડું જિજ્ઞાસ્ય છે કે શાસ્ત્રાર્થપ્રકરણમાં આચાર્યજી જે આજ્ઞા કરે છે **"પ્રમાણબલમાશ્રિત્ય શાસ્ત્રાર્થો વિનિરૂપિતઃ,**

પ્રમેયબલમાશ્રિત્ય સર્વનિર્ણય ઉચ્યતે'' એ પ્રમાણબલ અને પ્રમેયબલમાં કંઈ અન્તર છે? એમાં શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે ''પ્રમેયસ્ય સકલવેદાદિવેદ્યસ્ય ભગવતો બલં સર્વસમર્થત્વેઽપિ તત્તદ્રૂપેણ પ્રતિનિયત - તત્તત્કાર્યકર્તૃત્વાદિરૂપં પ્રમેયાણાં શાસ્ત્રાનુગૃહીતચક્ષુરાદિજન્યપ્રમા - વિષયાણામ્ અર્થાનાં વા બલં તત્તત્કાર્યજનનસામર્થ્યમ્ અવધાર્ય સર્વેષાં પદાર્થાનાં નિર્ણયઃ સ્વરૂપયાથાત્મ્યમ્ ઉચ્યતે''. આ એક વાત. અને બીજી વાત, આના સન્દર્ભમાં જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શા માટે આપણો માર્ગ ઉત્તમ છે. પ્રમાણ - પ્રમાણ સાંભળતાં જ આપણને થોડો હીનભાવ આવી જતો હોય છે આપણે નાક - મોઢું મચકોડતા હોઈએ છીએ અને પ્રમેય - પ્રમેય સાંભળતાં કંઈક ઉચ્ચભાવ આવી જાય છે. આવી લાગણી માર્ગમાં સર્વત્ર છે. ત્યારે પ્રમાણ અને પ્રમેય ના સમ્બન્ધ બાબત શ્રીમહાપ્રભુજી શું આજ્ઞા કરે છે તે હું કહેવા માગું છું. ''માર્ગોઽયં સર્વમાર્ગાણામ્ ઉત્તમઃ પરિકીર્તિતઃ, યસ્મિન્ પાતભયં નાસ્તિ મોચકઃ સર્વથા યતઃ'' આના પહેલાં શ્રીમહાપ્રભુજી પોતે આજ્ઞા કરે છે કે વિશિષ્ટરૂપ વેદાર્થ પ્રમેય છે. અને તે જ ફલ છે. તેને પ્રાપ્ત કરવાનું સાધન પ્રેમ છે. ''પ્રમાણાદીનાં ચતુર્ણામપિ એકરૂપત્વાત્ સર્વમાર્ગાપેક્ષયા અયમ્ ઉત્તમો માર્ગઃ''. બધા પ્રમાણ પ્રમેય સાધન ફલ એક રૂપ હોવાથી આપણો માર્ગ બધા માર્ગો કરતાં ઉત્તમ છે. ''તથા હિ પ્રમાણં ભગવદ્વાક્યમ્''. પ્રમાણને ગૌણ માનતા પહેલાં એ વિચાર કરવો પડશે કે પ્રમાણ કોને કહી રહ્યા છો. પ્રમાણ ભગવાનના વાક્યો છે. ''વાક્યેન પ્રવૃત્તઃ સાધનમ્ અસાધયન્નપિ ભગવતા કૃતાર્થીક્રિયતે. પ્રમેયપરિજ્ઞાનં ચ ફલાનુભવરૂપમ્. સાધનં ફલાદપિ અધિકમ્ ... અતએવ અસ્મિન્ માર્ગે પાતભયં નાસ્તિ''. આ માર્ગમાં પડવાનો ભય નથી. કેમ? ''પ્રમાણપ્રવૃત્તિમારભ્ય ભગવતો રક્ષકત્વાત્ ... સ હિ સર્વાનેવ યેનકેનચિદુક્તપ્રકારેણાપિ



પ્રવર્તમાનાન્ મોચયતિ, મોચકસ્વભાવત્વાત્''. પણ સૌથી મહત્વની વાત એ છે કે પ્રમાણમાર્ગ છે. ભગવાન્ બધાના મોચક છે ત્યારે ''સ્વવાક્યાનુગતાન્ કથં ન મોચયેત્!''. તો આપણો માર્ગ પ્રમાણમાર્ગ છે કે નહીં? જો પ્રમાણ કરતાં પ્રમેય ઉપર વધારે ભાર આપતા હો તો એ વિચારવું પડશે કે પ્રમાણ એ સ્વયં ભગવદ્વાક્ય છે કે નહીં! શ્રીમહાપ્રભુજીએ ગીતાની બાબતમાં પણ આજ્ઞા કરી છે ''ગીતાયા અપિ પ્રામાણ્યં ફલવાક્યત્વાત્. કૃષ્ણસ્ય ફલરૂપત્વં પરમાનન્દરૂપત્વાત્-''. એ ફલે પ્રકટીને વાક્યો પ્રકટ કર્યાં છે. એટલે પ્રમાણનું પ્રામાણ્ય પણ ફલવાક્ય હોવાથી છે. આ મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે ફલનું વાક્ય છે. ફલે પ્રકટીને આપણને શું કહ્યું? એ પ્રમાણ છે. હવે જો કોઈને પ્રમાણને ગૌણ માનવું હોય તો ...

ગોપાલદાસ : शायद मेरे लेखकी उत्थानिकामें अपनो मार्ग तो प्रमेयमार्ग ही है, प्रमेयमार्ग ही है एसे कहेके वाकी उपपत्तियां मेने दी हे. वाके कारण यदि कोइकु कछु अन्यथाभाव होतो होय तो नहीं होनो चहिये. क्योंके मार्गकी प्रमाणमूलकता भी मेनें लेखमें बताई हे. षोडशग्रन्थमें भी प्रमाणमूलकता तथा प्रमेयमूलकता साथ - साथ ही चल रही है ये भी मेनें दिखायो हे. प्रमेयमूलकता होयवेसुं ही जो शुद्धपुष्टिजीव नहीं हें उनकु भी आज फल मिल रह्यो हे. ओर प्रमाणमूलकताके कारण जेसे जब आपने मान कियो तब भी ''प्रशमाय प्रसादाय'' एसे वा बखत भी प्रमाणमूलकता प्रकट करी हे. ''भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम्''. तो दोनों *लाईन्* एक साथ ही चल रही हें. ओर मेनें जो श्रीमहाप्रभुजीके वचन कहे हें वामें तो कोईकु कछु आपत्ति होनी ही नहीं चहिये. तो वहां भी इनने ये ही कह्यो के प्रमेय हे वो ही प्रमाण हे ओर प्रमाण हे वो ही प्रमेय हे.

झालाको आशय ये हतो के ''पुष्टिमार्ग तो प्रमेयमार्ग ही है'' एसे शायद मेनें घांटा पाडके कह्यो होय तो जरा *सिम्पल वें*में कहो. एसो जो उनको आशय होय तो में *सिम्पल वें*में कहुं. मेरेकु कोई हरकत नहीं हे.

गो. श्या. २ ६: गोपालभाई! प्रमाण - प्रमेय - साधन - फल एसे चार पक्षनूकु लक्ष्यमें लेते भये अपने यहां विचार होवे हे. अब जब अपन पुष्टिमार्गीय अधिकार को प्रमाणमूलक विचार और प्रमेयमूलक विचार करवे बैठे हें तब प्रश्न ये खड़ो होय हे के ''अधिकारकी प्रमाणमूलकता'' को अर्थ शास्त्रमूलकता एसो होवे हे? एसे ही, ''अधिकारकी प्रमेयमूलकता'' को अर्थ क्या शास्त्रामूलकता होवे हे? जेसे अपने यहांको प्रसिद्ध न्याय हे **''अविहितत्वे सति अविरुद्धत्वम्''**. अर्थात् पुष्टिमार्ग केसो मार्ग हे? वो वेदाविहित हे साथ - साथ वेदसु अविरुद्ध भी हे. ये बात क्यों आई? कारण ये हे के अन्य सम्प्रदाय पुष्टिभक्तिसम्प्रदायकी सत्सम्प्रदायिता अथवा धर्मरूपता के सम्बन्धमें प्रश्न उपस्थित करे हें तो वाको समाधान करवेकेलिये अथवा कोई एकदेशी जब एसी शङ्का - जिज्ञासा करे तब वाके विश्वासकु दृढ करवेकेलिये ये समाधान दियो जाय हे. कोई सम्प्रदाय सत्सम्प्रदाय हे अथवा असत्सम्प्रदाय हे याको निर्णय केसे हो सके? सीधो उत्तर हे: सम्प्रदाय यदि धर्मरूप हे तो वो सत्सम्प्रदाय हे अधर्मरूप हे तो असत्सम्प्रदाय हे. अधर्मरूपता केसे जानी जाय? शास्त्र कहे हे: **''वेदप्रणिहितो धर्म ह्यधर्मस्तद् विपर्ययः''** शास्त्रसुं जो विरुद्ध हे वो अधर्म हे. यासुं ही आचार्यजी सर्वनिर्णय निबन्धमें आज्ञा करे हें: **''विरुद्धकरणं नास्ति प्रक्रिया न विरुद्ध्यते, कल्पितैरेव बाधः स्याद् अवोचाम प्रमाणताम्''**. पुष्टिभक्ति शास्त्रविहित नहीं होते भये भी शास्त्रानिरूपित भी नहीं है. शास्त्रनिरूपित होयवेसुं तथा



शास्त्रविरुद्ध नहीं होयवेसुं पुष्टिभक्तिसम्प्रदाय सत्सम्प्रदाय हे. अतः में नहीं समझुं हुं के प्रमाणमूलक अधिकारविचारकु अपनूकु शास्त्रमूलक अधिकारके अर्थमें लेनो चहिये. क्यों के **''त्रैगुण्यविषया: वेदा निःस्त्रैगुण्यो भवाऽर्जुन''** के अनुसार शास्त्र तो वर्णाश्रमानुसार त्रिगुण देहकु लक्ष्यमें रखके अधिकार तथा कर्तव्य को विधान करे हे. अतः शास्त्रीय अधिकारको नियोज्य तो वर्णाश्रमी होवे हे. अतः या दिशामें तो अपनू पुष्टिमार्गीय अधिकारको विचार करही नहीं सकेंगे. ओर जहां तक सम्प्रदायकी शास्त्रमूलकताको प्रश्न हे तो वो तो अभ्युपगमसिद्धान्ततया स्वीकृत ही हे. एसे ही प्रमेय भी शास्त्रीय ही हे. 'प्रमेय' अर्थात् तत्त्व. 'प्रमेय'को प्रयोग प्रमाण - प्रमेय - साधन - फल या चतुष्टयीमें जा (तत्त्व) अर्थमें होवे हे वा अर्थकु समझके यदि प्रमेयमूलक अधिकारको विचार करेंगे तो भी बात नहीं बेठेगी. में झालाके वक्तव्यके सन्दर्भमें ये बात कहे रह्यो हुं. अतः 'प्रमेय' को अर्थ फल **''भगवानेव हि फलम्''** अथवा सामर्थ्य ओर 'प्रमाण'को मतलब साधन इन अर्थनूमें 'प्रमाण - प्रमेय'कु लेते भये चर्चा होनी चहिये. यदि या अर्थमें अपन नहीं लेंगे तो समस्या ये आयगी के प्रमेय केसो? प्रमाणमूलक. प्रमाण क्या? शास्त्र. शास्त्रको प्रामाण्य क्यों हे? क्योंके वो अपौरुषेय हे, भगवद्वाक्य हे अतः आप्त हे. तो प्रमाण फिरसु प्रमेयाश्रित हो गयो. ये अन्योन्यश्रय हे. यासुं जब अपन प्रमाणमूलक अथवा प्रमेयमूलक अधिकारको विचार करें तब जीवकृत साधनकी दृष्टिसु अधिकार तथा प्रभुके निरङ्कुश सामर्थ्यकी दृष्टिसु अधिकार को विचार या *ट्रेक्* पे विचार चलनो चहिये.

श्रीगोपालभाईके लेखको जो शीर्षक हे वो यदि मोकु दियो जाय तो में वाकु जा ढंगसु *डेवलप्* करुं

वो में आपकु कहुं. प्रमेयमूलक अधिकारको अर्थ हे भगवदनुग्रहमूलक अधिकार. भगवदनुग्रह दो प्रकारसुं हो सके हे. परोक्ष प्रकारसुं अनुग्रह ओर दूसरो अपरोक्ष प्रकारसुं अनुग्रह. परोक्षअनुग्रह दो तरहसुं होवे हे: एक अवतारकालमें ओर दूसरो अनवतारकालमें. एसे ही अपरोक्ष अनुग्रह भी अवतारकाल ओर अनवतारकाल के भेदसुं दो प्रकारसुं हो सके हे. तो, या ढंगसुं जिन-जिन जीवनूके उपर भगवानूकी कृपा भई हे वो प्रमेयमूलक अधिकारको दान हे एसे समज्यो जा सके हे. अब जो प्रमाणमूलक अधिकारको दान हे वामें दो प्रकार हो सके हें. एक तो अवतारकालीन ओर एक अनवतारकालीन. अवतारकालमें, भागवतादिमें अपन देख सके हें के, भगवानूने जीवनूसुं साधनाचरण करवाये हें. जिन जीवनूसुं भगवानूने साधनाचरण नहीं करवाये हें उनके करवेके साधन भगवानूनें स्वयं कर लिये हें. तात्पर्य ये हे के भगवान् साधनाके कोई क्रमकु पकड़के चले हें. याही प्रकार, अनवतारकालमें भी सम्भव हे. अनवतारकालमें भी भगवान् भक्तिमार्गोक्त साधननूको अनुष्ठान कोई जीवसुं यथाविधि करवावे हें ओर कोई जीवपे अत्यनुग्रह करके वाके द्वारा किये जाते साधननूमें कटौती भी कर देवे हें. तथापि कुछ साधनको स्वीकार तो भगवानने कियो ही हे. तो या प्रकारके अधिकारकु प्रमाणमूलक अधिकार समझनो चहिये. अर्थात्, भगवान् अथवा भक्त जब पुष्टिभक्तिमार्गीय साधनक्रमको स्वीकार करके चले हें तब वो प्रमाणमूलक अधिकार कह्यो जाय हे. और जब वा साधनको बाध करके स्वतन्त्र अनुग्रह अथवा स्वरूप सुं जब भगवान् भक्तकु फलदान करे हें तब वो प्रमेयमूलक अधिकार कह्यो जाय हे. लक्षणमुखसु प्रमाणमूलक तथा प्रमेयमूलक अधिकारको विचार केसे हो सके हे ये दिखायवेको



यत्न मेनें कियो हे. यामें कुछ *डेटा कलेक्ट्* किये हें. इनके आधारपे अपन इनको लक्षण बना सके हें. या विषयमें आपको अभिप्राय क्या हे?

**ગોપાલદાસ:** आपश्रीने जो आज्ञा करी वामें मेरेकु कोई विप्रतिपत्ति नहीं हे. जो आप कह रहे होवो वो ही में कह रह्यो हुं. या जो में कह रह्यो हुं वोही आप कह रहे हो. आप अलग ढंगसु कह रहे हो.

**ગજાનન્ શર્મા:** अवतारदशा ओर अनवतारदशा में निरोधकी बात कही गई हे. उसमें कहा गया है कि अवतारदशामें अनेक भक्तोंको एकसाथ दर्शन होते हैं और बाह्य होते हैं. अनवतारदशामें, कहा जाता है कि, दर्शन एक ही भक्तको होते हैं और आन्तर् अनुभूति होती है. जो ८४-२५२ वैष्णवोंको सानुभाव करवाया श्रीठाकुरजीने तो वो क्या आन्तरानुभूति थी? क्या भक्तोंने मनमें ही ऐसा समझलिया कि श्रीठाकुरजी मांग रहे हैं, दर्शन दे रहे हैं, खेल रहे हैं? यदि ऐसा हो तब तो हमारे सारे ८४-२५२ वैष्णवोंके चरित्रोंमें जो सानुभावकी बातें आती हैं उसके उपर प्रश्नचिह्न लग जायगा.

**ગોપાલદાસ:** आपको आशय शायद एसो हे के एसे मानवेसु लीला सारीकी सारी गुम हो रही हे ओर खाली भाव ही भाव बच रह्यो हे.

**ગજાનન્ શર્મા:** हां. केवल अन्दर ही अनुभूति हो रही हे. बहार तो भ्रान्ति जेसा या आभासमात्र ही कुछ हो रहा है ऐसा तात्पर्य आपके कथनका लग रहा है. इसको आप जरा स्पष्ट करें.

**ગોપાલદાસ:** पहेली बात तो ये के ये मेरे वचन हें ही नहीं. "**समुदायो जन्मवाची**" ये जो वचन है वाकी व्याख्यामें श्रीपुरुषोत्तमजीने जो वचन लिखे हें वाको शब्दशः अनुवाद मेनें दियो

हे. अब याकी उपपत्तिमें आपकु बताउं. आपने जो प्रश्न पूछ्यो वो मौलिक प्रश्न हे. जो बाह्य सेवा करी जाय हे वाके बदलेमें खाली आन्तर् अनुभूतिकी बात हो रही हे तो क्या पुष्टिमार्गपे पोतना तो नहीं फिरानो चाह रहे हो! ये ही आपको कहेनो हे न! गोविन्दस्वामीकु घोड़ा बनाके उपर श्रीठाकुरजी सवार होते हते. **''क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्, तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः''**. भगवान् बहार प्रकट स्वरूपसुं सानुभाव जतावे हें. जेसे या प्रकारके वचन उपलब्ध होवे हें वेसे एसे वचन भी उपलब्ध होवे हें के प्रकटभगवान् बहारसुं अन्दर बिराज जावे हें. अनुभूति बाह्य-आन्तर दोनों तरेहसु हो सके हे. परन्तु अवतारदशामें निरोधको प्रकार बाह्य प्राकट्यसुं ज्यादा हतो. **''यच्च दुःखं यशोदायाः नन्दादीनां च गोकुले, गोपिकानां च यद्दुःखं तद्दुःखं स्यान् मम क्वचित्, गोकुले गोपिकानान्तु सर्वेषां व्रजवासिनां यत् सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति''** यहां जो सुखकी कामना करी वहां चाचा श्रीगोपेशजीने ये अर्थ कियो हे के भगवान् हृदयमें एसो आनन्द देंगे क्या? तो बोले के सुखमें तो बहार ... श्रीठाकुरजीकु. दुःखमें तो भले आन्तरकी बात करनी हती. वा पङ्क्तिपे आप आज्ञा कर रहे हें के **''अत्युत्कृष्टसंयोगस्य विजातीयवपुसाध्यत्वात्''तइ७५१कै१३. निरोधलक्षणमें जो सुखकी बात हे वहां तो आन्तर्की ही बात हे. आप *रिफर्*कर लीजो.**

**गो. श २ ६:** ''हृदिस्थं निर्गतं बहिः'' एसे आज्ञा करे हें. तो जब आन्तर-बाह्य दोनों मान्य कर रहे हें तब एसे कहेनो के अनवतारकालमें आन्तर् ही होवे हे ये केसे सङ्गत होयगो? बाह्य नहीं होवे हे एसे निराकरण करनो तो कथमपि सम्भव नहीं हे.



**गजानन् शर्मा:** ''अक्षण्वतां फलमिदम्'' की सङ्गति कैसे बैठेगी?

**गोपालदास:** श्रीठाकुरजी तो वनमें हते. ओर अनुभूति व्रजमें भई हती. गोपिकानकु तो श्रीठाकुरजीके दर्शन आसक्तिभ्रमन्यायसुं भये हते या बातकु आपने विस्मृत करके ये वचन बोल दियो हे.

**गो. श २ ६:** गोपालभाई! वा प्रसङ्गमें क्या भयो हतो वो जिज्ञास्य नहीं हे. शर्माजीकी जिज्ञासा ये हे के अनवतारकालमें बाह्यानुभूति भगवान्की हो सके हे के नहीं.

**गोपालदास:** हो सके हे. निरोधकी बात हे यालिये अवतारकालमें प्रकटस्वरूपसुं निरोध अधिक होवे हे. ओर अनवतारकालमें निरोधकी बात हे तो यहां भी बाह्य अनुभव हो ही रहे हें, जेसे ८४-२५२ कु भये. आज भी हो रहे हें. प्रभुकी ये प्रकटलीला ही हे. परन्तु निरोध करवेकेलिये अनवतारकालमें जो प्रकार चले हे वामें प्रभु प्रथम अन्दर बिराजे हें. वाके बाद अन्दर बिराजे भये प्रभुको चिन्तन-मनन करके जब हृदयारूढ होवे हे तब वाको निरोध प्रभुमें होवे हे. तब वाकु 'समुदाय' कह्यो जाय हे. बाह्यके कारण ही तो वो अन्दर पधार्यो हे. बाह्यमें निष्ठा नहीं होती तो अन्दर थोड़ी पधारतो. यासु आपकी जो आपत्ति हे के बाह्यकी गौणता हो जायगी एसी कोई बात हे ही नहीं.

**धर्मेन्द्र झाला:** जब सानुभाव होवे हे तब ही वो स्वरूप होवे हे एसी बात नहीं हे. क्योंकि प्रारम्भिक अवस्थामें भी जो बाह्यसेवा कर रह्यो हे वाकेलिये श्रीमहाप्रभुजी आज्ञा कर रहे हें **''अयमेव अस्य मार्गस्य प्रकार उत्तमः यन्मूर्तौ कृतं भगवति कृतं भवति ... परं यत्र हस्तः तत्र हस्तः. तत्तदवयवेषु तत्तदवयवा इति''**. तो बाहर भी जो हो रह्यो हे वामें कोई उच्च कक्षा या अवस्था की जरूरत नहीं हे. साधारण अवस्थामें भी जहां बाह्यसेवाको प्रकार चल रह्यो हे वहां

भी साक्षात् ही हो रह्यो हे.

ગોપાલદાસ: हां तो बस इतनो ही हे के बहार जो हे वो खास करके भक्ति हो रही हे. प्रेमासक्ति-व्यसन तक. निरोधप्रकरण अपन दशमस्कन्धकु कहे हें ओर नवम् तक भक्ति हे. तो निरोधको जो प्रकार चले हे वामें अनवतारदशामें मुख्यप्रकार रहे हे वो ये हे एसो आपको आशय हे. निरोधमें वो बहोत काममें आवे हे. निरोधके क्रममें होयवेसुं वाकु भी निरोध कह सको हो. पर पूर्णतया फलोन्मुख वो आन्तर्में होवे हे एसो यहां श्रीपुरुषोत्तमजीको आशय होवे एसो लगे हे. मेरी समझ एसी हे के श्रीठाकुरजीकु आधुनिक भक्तनूके घरमें पधराके श्रीमहाप्रभुजीने अवतारकालकी रीतिकु ही पुनरुज्जीवित करी हे. **''लीला होती जूनी नातर''**. अपनेलिये श्रीमहाप्रभुजीने अवतारकालकु फिरसु प्रकट कियो हे. या तरेहसु सङ्गति हो सके हे.

ગો. શ ર દ: **''सुन सूर सबनकी यह गति जे हरिचरण भजे''.**

ગોપાલદાસ: निरोधकी प्रक्रिया बतलाते भये ये कह्यो गयो हे के प्रथम प्रभुको जन्म, फिर नाट्य अर्थात् चतुर्भुजस्वरूपसुं बालरूपमें होनो ओर याके बाद निरोधकी प्रक्रिया भई हे. ये सब अनवतारकालमें स्वरूपके नहीं होयवेसुं निरोध होनो सम्भव नहीं लगे हे एसी शङ्का उठाके **''समुदायो जन्मवाची''** में कही हे के अनवतारकालमें भी प्रभु ही निरोध करे हें, प्रकारभेदसुं. बाकी अवतारकाल होवे या अनवतारकाल होवे, निरोधके प्रकारमें कोई अन्तर नहीं हे. दोनों बखत आप पूर्ण कृपा करे हें.

પિયૂષ પરીખ: પ્રમાણ-પ્રમેયની આટલી બધી સરસ ચર્ચા થઈ ત્યારે મને આ બાબત શ્રીગુસાંઈજીના વચનામૃતોનું સ્મરણ થયું. ચત્રભુજદાસજી જ્યારે શ્રીનવનીતપ્રિયજીના દર્શને ગયા ત્યારે કુંભનદાસજીએ આજ્ઞા કરી કે તુ પ્રમેયને છોડીને પ્રમાણમાં



ક્યાં પડ્યો? ત્યારે ચત્રભુજદાસજીએ શ્રીગુસાંઈજીને પૂછ્યું કે આ આવું કેમ કહે છે? શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે બન્ને વસ્તુ સરખી છે. એટલે, મારી સમજ આ પ્રસંગમાં એવી છે કે શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ ભાગવત અનુસાર, આચાર્યચરણોના સિદ્ધાન્ત મુજબ પ્રમાણસ્વરૂપ આચાર્યચરણ સુબોધિનીજીમાં બતાવે છે. જ્યારે કે શ્રીનાથજીનું સ્વરૂપ પ્રમેયસ્વરૂપ છે જે દશમસ્કન્ધના પ્રમેયપ્રકરણમાં જોવા મળે છે. એ અનુસન્ધાનમાં આ વાત છે. એટલે શ્રીગુસાંઈજી તો એમ આજ્ઞા કરેજ છે કે બન્ને સરખાં છે. પરન્તુ કોઈક જીવ એવો હોય કે જેને શ્રીઠાકોરજીના પ્રમાણલીલાના સ્વરૂપમાંજ ભગવાને વધારે રુચિ મૂકી હોય અને કોઈક જીવ એવો હોય કે જેનામાં શ્રીઠાકોરજીએ પ્રમેયલીલાના સ્વરૂપમાં ભગવાને રુચિ મુકી હોય. તો આ અનુસન્ધાનમાં આપણે અહીં પ્રમાણ-પ્રમેયમૂલક અધિકારનો વિચાર કરી શકીએ કે કેમ?

ગોપાલદાસ: ના. લીલામાં તો કાંઈ ભેદ પડતાજ નથી. જ્યારે ચત્રભુજદાસજી ગોકુલ ગયા ત્યારે કુમ્ભનદાસજીએ કહ્યું કે પ્રમેય છોડીને કેમ પ્રમાણમાં ગયા? આ વસ્તુ આસક્તિના ભેદને કારણે બની છે. આસક્તિ રસરૂપ છે. એટલે આ વાત રસમાર્ગમાં વિઘાતક નથી. **''કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે''.** ત્યાં એમનો કહેવાનો આશય શું હતો તે મને બહુ ખબર નથી પડતી પણ એવું લાગે છે કે કુમ્ભનદાસજીની આસક્તિ શ્રીનાથજીમાં એટલી હતી કે ત્યાંથી છોડીને બીજે ક્યાંય જવાની તેમની ઇચ્છા થતી ન હતી. તેથી એ તેમને પ્રમેય લાગતું. એટલે એમણે એવા શબ્દોમાં પોતાની વાત મુકી હશે. આનો અર્થ જો તમે કંઈ જુદો સમજ્યા હોવ તો ...

પિયૂષ પરીખ: એવું નથી. ગોપાલભાઈ! જેમ આચાર્યચરણો સુબોધિનીજીમાં સમજાવે છે કે શ્રીઠાકોરજીની પ્રમાણલીલાઓથી પ્રેમની ઉત્પત્તિ થઈ અને પ્રમેયલીલાઓથી આસક્તિની ઉત્પત્તિ થઈ. એટલે

હું એમ કહું છું કે અહીં જે અધિકારનો વિચાર છે એમાં કેટલાક જીવો એવા છે કે જે પ્રેમ - ભાવ કક્ષામાં છે, કે જે શ્રીઠાકોરજીએ બાલલીલાદ્વારા પ્રેમ પ્રકટ કર્યો તે. બીજા કેટલાક જીવો એવા હોય કે પ્રમેયલીલાદ્વારા જેમને આસક્તિ થઈ. જીવો તો પુષ્ટિમાર્ગનાજ છે. પણ અધિકારમાં પાછો અધિકાર થયો કે કોઈકને બાલલીલામાં વધારે રુચિ છે કોઈકને પ્રમેયલીલાઓમાં વધારે આસક્તિ છે. તો આ રીતે પણ અધિકારનો વિચાર થઈ શકે કે નહીં એ મારું પુછવું છે. આમાં પ્રેમ કે આસક્તિ ઉત્પન્ન કરનાર તત્ત્વ તો એકજ છે.

**ધર્મેન્દ્ર ઝાલા**: આપણે જો સ્વરૂપમાં ભેદ કરીશું કે આ સ્વરૂપથી પ્રેમ થાય કે આ સ્વરૂપથી આસક્તિ થાય તો એ માન્યતાનો ઉચ્છેદ તો શ્રીનવનીતપ્રિયજીએ ત્યારે જ કરી દીધો કે જ્યારે ગજ્જનધાવનને વ્યસનાવસ્થાનું દાન કર્યું. એટલું જ નહીં આપ પોતે પણ વ્યસનભાવાપન્ન થયા. તો એમ આપણે વિચાર નહીં કરી શકીએ. એ જ પ્રમાણે કોઈક ભક્તે પોતાના શ્રીઠાકોરજીને પુષ્પ અઙ્ગીકાર કરાવ્યું અને શ્રીનાથજીનું મસ્તક ઝુકી ગયું. તે જ પ્રમાણે કૃષ્ણભટ્ટે પોતાનાં ઠાકોરજીને વસન્ત ખેલાવ્યા અને શ્રીજી ખેલ્યા. એટલે લીલા એ સ્વરૂપની ભાવનામાત્ર છે કે આ સ્વરૂપ આ લીલાનું છે. બાકી સ્વરૂપમાં કોઈ પણ જાતનો ભેદ ન કરી શકીએ. તેથી કુમ્ભનદાસજીને જે ભેદ લાગ્યો એ એમની આસક્તિને કારણે લાગ્યો. આમાં અધિકારમાં કોઈ ભેદ નહીં પાડી શકાય.

**પિયૂષ પરીખ**: સ્વરૂપોમાં કોઈ ભેદ નથી. સાચી વાત છે. હું અધિકારમાં કોઈ ભેદ નથી કહેતો પણ રુચિ પ્રમાણે કહું છું.

**ધર્મેન્દ્ર ઝાલા**: આપે કહ્યું ને કે બાલલીલાથી પ્રેમ. પણ અહીં તો નવનીતપ્રિયજીથી વ્યસન સુધી સિદ્ધ થયું છે. એટલે પાછો અધિકારનો ભેદ નહીં થઈ શકે.

**પિયૂષ પરીખ**: ઝાલાભાઈ હું એટલુંજ કહેવા માગું છું કે શ્રીમહાપ્રભુજીએ



એટલું તો આપણને ભાગવતજીમાં કહ્યું છે કે પ્રમાણપ્રકરણની લીલાઓદ્વારા ભગવાને પ્રેમ પ્રકટ કર્યો. ત્યાર પછી પ્રમેયપ્રકરણની લીલઓદ્વારા શ્રીઠાકોરજીએ આસક્તિ પ્રકટ કરી તત્પશ્ચાત્ત વ્યસન થયું અને ત્યાર પછી ફળ મળ્યું. શ્રીઠાકોરજી તો એકજ છે પણ લીલાઓના ભેદથી આચાર્યચરણ પ્રેમ - આસક્તિ - વ્યસન - ફળ આવું તો બતાવેજ છે. એટલે અહીં પુષ્ટિમાર્ગમાં પણ કેટલાક ભક્તોને શ્રીમહાપ્રભુજીએ બાલસ્વરૂપ પધરાવી આપ્યાં તો કેટલક ભકતોને મદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. તો હું ક્યારેક એવું વિચારું છું કે આચાર્યજી કેટલા મોટા *સાયકોલોજિસ્ટ* હશે કે જે જીવને જે લીલામાં રુચિ છે તેને તેની રુચિ પ્રમાણે શ્રીઠાકરોજીના સ્વરૂપ પધરાવી આપ્યાં.

**ગો. શ ર દ**: પિયૂષભાઈ! આમાં એવું છે કે સેવ્યની આકૃતિ ચાહે બાલ હોય, કિશોર હોય કે રાજલીલાની કેમ ન હોય; પુષ્ટિમાર્ગીય સેવાક્રમ એવી રીતે નિબદ્ધ કરવામાં આવ્યો છે કે સેવ્યસ્વરૂપ બાલકૃષ્ણનું હોવા છતાં તેમની સેવામાં બાલ, કિશોર, પ્રૌઢ લીલાના અનુરૂપ ઉપચારો કરવામાં આવે છે. યથા, શૃઙ્ગારમાં ટોપી પણ ધરાવાશે અને ટિપારા - મુકુટ - શહેરા પણ ધરાવાશે. પલના ઝુલશે તો રાજભોગ આરોગીને ગોચારણમાટે પણ પધારશે. બાલલીલા કે માનના પદો ગવાશે તો કરખાના પદો પણ ગવાશે. એટલે અહીં લીલા કે ભાવ ભેદ છે. સ્વરૂપ તો પુષ્ટિમાર્ગમાં પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણજ સેવ્ય છે.

**પિયૂષ પરીખ**: બરોબર જ છે. સ્વરૂપ એજ છે પણ પલનામાં પોતે ઝુલતાં હોય ત્યારે પણ ગોપીજનોને કિશોરભાવો પ્રકટ કરાવતા હોય તેવાં દર્શન થતાં હોય. આવો અધિકાર શ્રીઠાકોરજીએ આપ્યો હાય ત્યારે જ ને! એટલે એનો એવો અધિકાર તો આપણને ગણવોજ રહ્યોને! તો પછી મહાપ્રભુજીએ શામાટે પ્રમાણલીલ - પ્રમેયલીલા આમ ભેદ કર્યા?

**ગો. શ ર દ**: આનું કારણ તો આચાર્યચરણે સુબોધિનીજીની એક કારિકાદ્વારા

સ્પષ્ટ કર્યું છે. આપ આજ્ઞા કરે છે **"સ્વભાવસ્યાન્યથાભાવો ન વૈ શક્ય: કથઞ્ચન, અતસ્ત્રિવિધજીવેષુ ત્રિવિધા ભગવત્કૃતિ:"**. સ્વભાવનો અન્યથાભાવ થવો શક્ય નથી. કારણ કે ભક્તો અનન્ત છે. એમાં ગૌરવ થાય છે. તેથી ભક્તો ચાહે તો સાત્વિક - રાજસ - તામસ સ્વભાવના હોય કે બાલ - કિશોર - પ્રૌઢ લીલામાં ભાવવાળા હોય, ભગવાન્ તેવા ભક્તોના સ્વભાવને પોતાના અનુરૂપ બદલવાનો પરિશ્રમ નથી લેતા કે ભક્તોને તેવો પરિશ્રમ નથી આપતાં. ભગવાન્ પોતેજ ભક્તોના સ્વભાવાનુરૂપ લીલાઓ કરીને તેઓનો નિરોધ પોતાનામાં કરી લેતા હોય છે. તેથી જ કામભાવવાળા ભક્તોને ભગવાનના બાલસ્વરૂપમાં પણ તેમના ભાવાનુરૂપ પ્રતીતિ થઈ શકી હતી. આ જ વાત ગઈ કાલે **"મલ્લાનામશનિર્નૃણાં નરવર: સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્"** ના પ્રસઙ્ગમાં પણ આવી હતી. તેમાં પણ સ્વરૂપ તો કિશોરાવસ્થાનું છે પરન્તુ અસુરોને મૃત્યુસ્વરૂપે પણ દર્શન ભગવાનનાં થયાં છે.

ગો. [illegible]: कुम्भनदासजीके प्रसङ्गमें मोकु एसो लगे हे के श्रीनाथजीसु सम्बन्धित चरित्रकु यदि अपन् देखें तो वामें श्रीठाकुरजीने अवतारकालमें जेसी लीला करी हती एसी लीलाएं श्रीनाथजीके चरित्रमें देखवेमें आवे हे. जेसे कृष्णावतारके समय भगवान् हर व्रजवासीकुं साक्षात् हते, उनसुं विभिन्न लीला करते हते एसे श्रीनाथजीके चरित्रमें भी देखवे मिले हे. एसी लीलाएं श्रीनवनीतप्रियजीके चरित्रमें कम देखवेमें आवे हे. जिनके घरमें आप बिराजे हें उनके घरमें एसी लीला करते होयेंगे परन्तु सबनूकु अनुभव होय एसे प्रकारसुं आपकी लीला नहीं देखवेमें आवे हे जेसी श्रीनाथजीकी देखवेमें आवे हे. तो या दृष्टिसु कुम्भनदासजीने शायद ये कही होय के प्रमेयकु छोड़के प्रमाणमें क्यों गयो.

ગોપાલદાસ : हां. मगर कुम्भनदासजीको आशय तो आसक्तिको ही हतो.



અસિત શાહ : मेरे हिसाबसु पियूषभाई जो कह रहे हें वामें इतनो परिवर्तन करनो चहिये. वो जो कहे रहे हें के हर भक्तनूके अधिकारके अनुरूप श्रीठाकुरजी लीला दिखावें हें. यामें 'अधिकार'की जगह 'भाव'शब्द रख दें तो "हर भक्तनूके भावके अनुरूप लीला भगवान् दिखावे हें" तो बातको समाधान हो जायगो.

ગો. શ્ર ર દ : अब या *पेपर्*को उपसंहार करते भये में कछु कहनो चाह रह्यो हुं. मेरे वक्तव्यपे कोई *रिएक्शन्* अपेक्षित नहीं हे. या पेपरमें श्रीलालूभट्टजीके सम्बन्धमें जो बात कही गई हे वा सम्बन्धमें स्पष्टीकरण आवश्यक हे. ग्रन्थपे व्याख्या लिखवेके अनेक प्रकार होवे हें. यथा, **"पदच्छेद: पदार्थोक्ति: विग्रहो वाक्ययोजना, आक्षेपेषु समाधानं व्याख्यानं पञ्चलक्षणम्"**. यथा सूत्रपे वृत्ति - भाष्य - वार्त्तिकके रूपमें विवृति लिखि जाय हे. सामान्यतया व्याख्या लिखवेको प्रयोजन ग्रन्थ विषयक अज्ञान, विपरीतज्ञान तथा अन्यथाज्ञान को निवारण करनो होवे हे. अतएव जब भी ग्रन्थपे व्याख्या लिखते बखत व्याख्याकार अपनी दृष्टिके समक्ष कोई अधिकारीविशेषकु रखे हे. अधिकारी अज्ञानी हे तो **"पदच्छेद: पदार्थोक्ति: विग्रहो वाक्ययोजना"** द्वारा सरल - सरल अर्थ दिखावे हे. विपरीत ज्ञान अथवा अन्यथाज्ञान वालो हे तो **"आक्षेपेषु समाधानम्"**की नीतिसु व्याख्याकार चले हे. कुछ व्याख्या इन सब बातनूको एक सङ्ग प्रतिपादन करती होवे हें. अत: श्रीहरिरायचरणके तात्पर्यको अन्यथानयन कोई न कर बैठे एसे प्रयोजनसु श्रीलालूभट्टजीने श्रीहरिरायजीके 'पुष्टिमार्गलक्षणानि' ग्रन्थके उपर विवृति लिखी हे. अतएव श्रीलालूभट्टजी श्रीहरिरायचरणके ग्रन्थाशयसुं अनभिज्ञ हें अथवा उननें आचार्यमर्यादाको अतिक्रमण कियो हे एसो विचार मनमें नहीं आनो चहिये. दूसरी बात कि श्रीहरिरायजीके

ग्रन्थकी श्रीलालूभट्टजीकी विवृतिके कारण सिद्धान्तभेद हो रह्यो हे अथवा तत्वान्तर हो रह्यो हे तो एसी बात भी नहीं हे. क्योंके श्रीआचार्यचरण स्वयं सर्वनिर्णयनिबन्धमें भक्तिमार्गीय उत्तम ओर मध्यम अधिकारीको निरूपण करते भये स्पष्ट आज्ञा करे हैं के **"एतादृशस्तु पुरुषः कोटिष्वपि सुदुर्लभः, यो दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम्, हित्वा कृष्णे परं भावं गतः प्रेमप्लुतः सदा"**. एसे उत्तम निर्गुण पुष्टिभक्तको निरूपण कियो. ओर **"सर्वत्यागेऽनन्यभावे कृष्णमात्रैकमानसे, सायुज्यं कृष्णदेवेन शीघ्रमेव ध्रुवं फलम्"** में मध्यमाधिकारीको निरूपण कियो है यामें आप स्पष्ट आज्ञा करे हैं के **"कायवाग्विनियोगाभावेऽपि मनोमात्रस्थितौ फलमेतद्"**. तो या दृष्टिसु यदि अपन् 'पुष्टिमार्गलक्षणानि'कु देखेंगे तो श्रीलालूभट्टजीकी विवृतिमें कोई आपत्तिजनक बात नहीं लगेगी.



## વરણની દૃષ્ટિથી પુષ્ટિમાર્ગીય - અધિકારવિચાર

**અસિત શાહ.**

વરણ અને અધિકાર પૈકી આપણા માર્ગમાં 'વરણ'શબ્દ આજકાલ ઓછો વપરાશમાં છે પરંતુ 'અધિકાર' અને 'અધિકારી' શબ્દો માર્ગમાં તથા કાનૂનમાં પણ વિવિધ અર્થોમાં પ્રયોજાય છે તેથી પહેલા તેનાથી શરૂઆત કરીએ. વાતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવા એક દૃષ્ટાન્ત આપું તો કેટલાક વર્ષ પૂર્વે સુપ્રીમ કોર્ટમાં એક અનુયાયી દાવેદારે તેમના દીક્ષાદાતા ગુરુના સેવ્યસ્વરૂપ શ્રીઠાકોરજીની સેવામાં પોતાના સહિત જનતાનો હક પ્રસ્થાપિત કરવા એવી દલીલ કરી હતી કે તેને તે સ્વરૂપ સમક્ષ બ્રહ્મસંબંધ આપવામાં આવ્યું હોવાથી તે સ્વરૂપનો સેવાધિકાર મળે છે. આ બાબત વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરવી તેથી આવશ્યક છે.

અધિકાર=હક કે યોગ્યતા? જ્યારે શ્રીગુસાંઈજી નવરત્નપ્રકાશમાં કહે છે કે નિવેદનદીક્ષા સાક્ષાત્સ્વરૂપસેવાધિકારસંપાદક છે, કે સિદ્ધાન્તરહસ્યકાર બ્રહ્મસંબંધદીક્ષાથી સર્વદોષનિવૃત્તિનું વિધાન કરે છે ત્યારે યોગ્યતાની જ વાત છે તે સ્પષ્ટ છે. નહીં તો અસમર્પિતત્યાગાદિ ઉપદેશો અનાવશ્યક થઈ જાય. વળી ભીડમાં હોલસેલમાં દીક્ષા લઈ ગદ્યમંત્રનેય ભૂલી જનારા સેવાયોગ્ય નથી હોતા તે આપણો સહુનો જાતઅનુભવ છે. આમ આપણે સમજ્યા કે પુષ્ટિમાર્ગમાં નિવેદનદીક્ષાથી મળતો સેવાધિકાર તે સેવા કરવાની યોગ્યતામાત્ર છે.

યોગ્યતા વળી બે પ્રકારની હોઈ શકે: સ્વરૂપયોગ્યતા કે ફલમુખયોગ્યતા. જેમકે ગોટલીમાં કેરી પેદા કરવાની સ્વરૂપયોગ્યતા હોય છે જ્યારે કે

એક સધન આંબામાં ઉનાળામાં કેરી પેદા કરવાની ફલમુખ્યયોગ્યતા હોય છે. તે પૈકી "**ફલમતઃ ઉપપત્તેઃ**" બ્રહ્મસૂત્રોક્તન્યાયે તથા "**ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ**" અને "**અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામકઃ ઇતિ સ્થિતિઃ**" તેમ જ "**આપાતતસ્તુ સર્વેષામ્ ઉપાયત્વં મયોદિતં, વિષ્ણોઃ કૃપાવિશિષ્ટાનાં ફલં તત્ નાન્યથા ભવેદ્**" આદિ આચાર્યવચનોના આધારે કહી શકાય કે જન્મોજન્મની સાધનાના અંતે પણ ફલમુખ્યયોગ્યતા તો સંપાદન ન પણ થાય. તેથી અહીં સ્વરૂપયોગ્યતાની જ વાત છે.

"**એકોઽહં બહુસ્યાં પ્રજાયેય**"ની ભગવદિચ્છાને અનુરૂપ વિવિધ નામ - રૂપ - ક્રિયાવાન્ જડ - જીવોમાં વિવિધ સ્વરૂપયોગ્યતા છે. ઘટમાં જલધારણની તો પટમાં આવરણની. તેમ જીવોમાં પણ પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા, દૈવી - આસુરી, વિષયી - મુમુક્ષુ - મુક્ત, વર્ણાશ્રમના ભેદે વગેરે કરીને સ્વરૂપયોગ્યતાનું વૈવિધ્ય છે. તેનો સ્રોત પરંતુ જીવોની વાડાબંધીની સંકુચિત મનોવૃત્તિ ન હોઈને રૂપ - નામવિભેદથી જગત્ક્રીડાની પ્રભુની રમણવૃત્તિ છે. પુષ્ટિમાર્ગ કે તેની દીક્ષા પણ તેથી જ, કોઈપણ અન્ય માર્ગની જેમ જ, સાર્વજનિક નથી, વૈશ્વિક નથી. આ તબક્કે હવે વરણને સમજવું જરૂરી છે.

વરણ = પસંદગી. વરણના પ્રકાર અને તેના અર્થ હવે 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ-'ગ્રંથને આધારે સમજીએ. સાથે જ પુષ્ટિજીવના સંદર્ભમાં તેનો વિશેષ વિચાર કરીએ. પ્રભુ લીલાના લેખક, દિગ્દર્શક તેમ જ નાયક પણ છે. લીલાના દરેક પાત્રને તેથી તેઓ લીલાવશાત્ છતાં આયોજનબદ્ધ રીતે ગૂંથે છે. (દરેક પાત્ર જેમ લેખકના સર્જન હોવાના અર્થમાં સમાન છે તેમ દરેક જડ - જીવ ભગવત્કાર્ય અને સાથે જ ભગવદ્રૂપ એવો ભગવદંશ હોવાથી સમાન જ છે ) પ્રથમ તો તેઓ જીવવરણ કરે છેઃ પુષ્ટિ / પ્રવાહ / મર્યાદા. તે તે વરણને અનુરૂપ આત્મરમણ / વિષયરમણ / વિહિતરમણનો ભાવ તે - તે જીવોમાં તેઓ સ્થાપિત કરે છે જેને ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજી 'બીજભાવ' કહે છે. પછી આવે છે માર્ગવરણ. અનુક્રમે પ્રભુના સ્વરૂપથી નિયંત્રિત



પુષ્ટિમાર્ગ, વાણીથી નિયંત્રિત વેદમાર્ગ અને મનથી નિયંત્રિત પ્રવાહમાર્ગમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોનો નિવેશ થાય છે. એક ત્રિઅંકી નાટકમાં લેખક જેમ બધા પાત્રોનો પ્રવેશ પહેલા જ અંકમાં નથી કરાવી દેતો તેમ પ્રભુ પણ કયા જન્મમાં કયા જીવનો ઉદ્ધાર કરવો તેનું જન્મવરણ ત્યાર બાદ કરે છે. (શ્રીમહાપ્રભુજી એવા સદાશયથી ઉપદેશ કરે છે કે તે જેમનો આ અંતિમ જન્મ છે તેમના માટે છે!).

પછી આવે છે સાધનવરણ; કયા સાધનથી જીવ પ્રભુને પામશે તેનું વરણ. આમ તો કૃપા જ સાધન છે પણ સાધકની દૃષ્ટિથી ભક્તિવર્ધિનીમાં સેવા - કથા / સેવા / કથાને કે પછી સર્વનિર્ણયનિબંધમાં જ્ઞાન - પ્રેમ / પ્રેમ / જ્ઞાનને સાધન કહેવાયા છે તેમ કહી શકાય. હકીકતે આ બધા વ્યાપાર છે જે કૃપાથકી ભક્તિ પ્રકટ કરવાનું માધ્યમ બને છે. આવા વ્યાપાર કે પછી, કહેવા ખાતર, સાધનના વરણને અનુરૂપ દઢ - અદઢ બીજભાવની કક્ષા, અવ્યાવૃત્ત - વ્યાવૃત્ત અધિકાર કે તન - મન - ધન - ગૃહ - પરિવારની અનુકૂલતા / ઉદાસીનતા / પ્રતિકૂલતામૂલક ગૃહસ્થિતિ / ગૃહત્યાગને ભગવત્કૃતિસિદ્ધ અથવા જીવકૃતિસાધ્ય માની તેથી આગળ વધવા ભક્તિવર્ધિનીગ્રંથમાં ઉપદેશ અપાયો છે.

પછી વાત આવે છે ફલવરણની. તેમાં ભૂતલપર તથા નિત્યલીલામાં મળતા ભક્તિ તેમ જ મુક્તિના વિવિધ અનુભવોને ગણાવી શકાય. તે સિવાય અવાન્તરફલ તરીકે સિદ્ધાન્તમુક્તાવલીમાં કહેલ સંસારદુઃખનિવૃત્તિ - બ્રહ્મબોધ, ચતુશ્લોકીમાં કહેલ ચતુર્વિધ પુરુષાર્થ, ભક્તિવર્ધિનીમાં કહેલ પ્રેમ - આસક્તિ - વ્યસન, નિરોધલક્ષણોક્ત સેવામાં સર્વેન્દ્રિયોનો ભગવન્નિરોધ - ગુણગાનમાં સુખપ્રાપ્તિ આદિને ગણાવી શકાય.

અહીં સુધી તો એવું લાગે કે પુષ્ટિમાર્ગમાં બધું ભગવાને જ કરવાનું છે તેમ આચાર્યચરણો ઉપદેશે છે; અને પરવર્તી ગુરુ કે અનુયાયીએ કશું જોયા - વિચાર્યા - કર્યા વિના બધું આપ્યે - મેળવે જવાનું હોય છે. પણ

તેવું નથી. **"દેહદ્રોણ્યા ચિયાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ, ગુરુણા કર્ણધારેણ ઉત્તાર્યાઃ સ્વોપદેશતઃ"** આ સાધનદીપિકાકારના વચનને અનુરૂપ ગંભીરતાભર્યો ગતિનિર્દેશ આચાર્યચરણોના ઉપદેશગ્રંથોમાં જોવા મળે છે.

હવે આપણે જોઈએ કે વરણના દરેક તબક્કે પરવર્તી ગુરુ તેમ જ અનુયાયીઓ માટે આ પુષ્ટિપથપર કેવા સુવિચારિત સ્પષ્ટ સરળ સાઈનબોર્ડો મુકાયેલા છે.

જીવવરણના તબક્કે પુષ્ટિજીવોના બે પ્રભેદ શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ સમજાવાયા છે. શુદ્ધપુષ્ટિજીવો, તે પૈકી, દુર્લભ પ્રેમયુક્ત અનુપદેશ્યકોટિના, મોટે ભાગે અવતારકાલીન જીવો હોઈ તેમના માટે માર્ગદર્શન નથી અપાયું. પરંતુ તે સિવાયના મિશ્રપુષ્ટિજીવોને દીક્ષા આપવા - લેવા બાબત સ્પષ્ટ કહ્યું છે કે **"વિચાર્યેવ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ"**. વિચાર શું કરવો તે ય કહેલ છે: **"કૃપાપરિજ્ઞાનં તુ માર્ગરુચ્યા અનુમીયતે"** - માર્ગમાં રુચિ હોય તે જ જીવનું વરણ થયેલ જાણી તેને જ દીક્ષા આપવી. વરણમાં વૈવિધ્યવશાત્ પુષ્ટિપુષ્ટિજીવો સર્વજ્ઞ, મર્યાદાપુષ્ટિજીવો ભગવદ્ગુણજ્ઞ અને પ્રવાહપુષ્ટિજીવો ભગવદ્સંબંધીક્રિયારત હોય છે. સ્પષ્ટ છે કે દરેક આધુનિક દીક્ષિત જીવે બંધબેસતી પાઘડી માથે પહેરી પોતાને પ્રવાહપુષ્ટિ માની સ્વમાર્ગીય જ્ઞાન પ્રાપ્ત કરવાની તકલીફ પોતે ન લેવી અને ગુરુને પરિશ્રમ ન આપવો તેવું ક્યાંય કહેલ નથી. ઉલટાનું તેવી જિજ્ઞાસા ગુરુ પાસે પ્રકટ કરે તો જ તેને અધિકારી=યોગ્ય જાણી તેને દીક્ષા આપવી જોઈએ. વાર્તાઓમાં એવા સ્પષ્ટ દૃષ્ટાન્તો મળે જ છે કે પરિવાર વૈષ્ણવ હોય છતાં ય પોતાના દિવ્ય સામર્થ્યથી તેને અનધિકારી જાણી કે પછી તે તે જીવના અયોગ્ય વર્તનથી અનુમાન કરી તેને દીક્ષા આપવાનું રદ કરાયું હોય કે મોકૂફ રખાયું હોય. દીક્ષાના સ્તરે આટલા સંયમ અને અનુશાસન ગુરુ તેમ જ અનુયાયીએ જાળવવાજ રહ્યા.

૮૪ વૈષ્ણવો દીક્ષા લઈ તરત પૂછતા કે હવે અમારું કર્તવ્ય શું?



માર્ગવરણ પણ જો રુચિપૂર્વક નિષ્ઠાથી માર્ગપર સરખી રીતે ચાલી શકાતું હોય તો સિદ્ધ જ છે. પણ અહીં નિષ્ઠાનો અર્થ સાફ - સાફ છે; **"નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા"**. માર્ગમાં આવીને ખાલી વાતોના વડાં કરનારાઓની કે પગારદાર / ભેટ - દક્ષિણાદાર કર્મચારી / ગુરુ - કથાકારોથકી સેવા - સ્મરણ કરાવી મિથ્યા સંતોષ માનનારાઓની ગતિ **"અયમેવ મહામોહો હીદમેવ પ્રતારણમ્, યત્કૃષ્ણં ન ભજેત્ પ્રાજ્ઞઃ શાસ્ત્રાભ્યાસપરઃ કૃતિઃ, તેષાં કર્મવશાનાં હિ ભવ એવ ફલિષ્યતિ"** આચાર્યવચનમાં વર્ણવાઈ છે. આગળ વધવાનું સાઈનબોર્ડ છે **"યથા યથા હરિઃ કૃષ્ણઃ મનસ્યાવિશતે નિજે તથા તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે"**. ઝડપભેર આગળ વધી શકો તો આ જન્મમાં જ તમારું વરણ માની આને અન્તિમ જન્મ જ જાણો. નહીં તો પછી **"કૃતભજનસ્ય વૈયર્થ્યાસમ્ભવાત્ ખંડશઃ ક્રિયમાણા ભક્તિઃ અન્તિમજન્મનિ ફલં જનયતિ"**ન્યાયે ભક્ત્યનુકૂળ જન્મની કામના રાખતાં બને તેટલું ભજન કર્યે જાઓ. પણ તે ય માર્ગરીતિથી - ભગવત્પ્રીતિથી, ન ભીતિથી કે ન વિપરીતિથી. માર્ગવરણનું એક સાઈનબોર્ડ તેથી પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રંથમાં છે: **"યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાન્ આત્મભાવિતઃ સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્"**; આ માર્ગમાં વરણ થાય તેની લોક - વેદમાં રચી - પચી રહેલ મતિ છૂટતી જાય છે. હૃદયપર હાથ મૂકી આપણે સ્વયં આ ચકાસીએ.

સાધનવરણ / વ્યાપારવરણ ઉપર જણાવ્યું તેમ અધિકારભેદે છે, ને અધિકારસિદ્ધ / ટૂંકમાં સાધ્ય માની ભક્તિવર્ધિનીગ્રંથમાં ઉપદેશ અપાયેલ છે. તે પૈકી ૧. સેવામાટે ગૃહ - પરિવારાદિની અનુકૂળતા તથા તન - મન - ધનની અવ્યાકુલતા યથાશક્ય સિદ્ધ કરવી રહી. અડગ નિશ્ચયવાળા ૮૪ - ૨૫૨ પૈકીના અને પરવર્તી વૈષ્ણવો દીક્ષા લેતાં જ બહારના ખાનપાનાદિ તેમ જ ભજનપ્રતિકૂલ ઘર - પરિવારજનનો ય ક્ષણમાત્રમાં ત્યાગ કરી દેતા. સેવાનુષ્ઠાન શરૂ કરતા પહેલા તથા તે દરમ્યાન પણ સતત કઈ સાવધાનીઓ રાખવી તે સિદ્ધાન્તમુક્તાવલી, સિદ્ધાન્તરહસ્ય, સેવાફલ, શિક્ષાશ્લોકી તેમ જ સર્વનિર્ણયનિબન્ધના સાધનપ્રકરણમાં ઉપદેશેલ છે. અહીં સંક્ષેપમાં જણાવું

તો તનુ - વિત્ત - ગૃહ - પરિવારાદિ સર્વ નિવેદિત પદાર્થોનો ગૃહસેવામાં વિનિયોગ કરાવવાની અનિષિદ્ધ યથેષ્ટ સમર્પણરીતિ, લોકાર્થિતાનો ત્યાગ, શાસ્ત્રાવગાહનપૂર્વક બ્રહ્મવાદાનુસારી ભજનરીતિ, દેશકાલની પરિસ્થિતિજન્ય અને તેને જ અનુરૂપ પરંતુ સર્વથા બહિર્મુખતાસમ્પાદક એવા ધન - પ્રસિદ્ધિ - ચેલા / યજમાનભેગા કરવાની દિશાના સ્પર્ધાદિ લૌકિકભાવોનો ત્યાગ, વ્રજભક્તોના દિવ્ય નિરુપાધિક સ્નેહમય ભાવોના ભાવનપૂર્વક સેવન, લૌકિક ભોગ - ઉદ્વેગ - પ્રતિબન્ધનો ત્યાગ, અક્લિષ્ટ ઇષ્ટ વસ્તુઓનું સમર્પણ, એકાદશી - જયન્તીવ્રતાદિનું પાલન, વિક્ષેપ - અશક્તિ આદિ પરિસ્થિતિમાં સેવાત્યાગ વગેરે.

૨. સેવાના અનવસર / અભાવમાં ભગવદ્દસ્મરણનો વ્યવસ્થિત ઉપદેશ અપાયેલ છે. આજે સ્મરણમાં જે કચાશ જોવા મળે છે તે આચાર્યચરણોને સર્વથા અનપેક્ષિત છે. કેમકે ગાયના શિંગડાપર રાઈનો દાણો ટકે એટલી વારે ય સેવા - સ્મરણાભાવ=આસુરાવેશ એવી દઢ માન્યતા તેઓની છે; **"નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ"**. આ માટે શ્રીમહાપ્રભુજીના શ્રીસુબોધિનીજી, નિબન્ધ, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધનામાવલી આદિ, શ્રીગુસાંઈજીરચિત ટિપ્પણીજી - સ્તોત્રો - પદો, શ્રીહરિરાયજી આદિ પરવર્તી આચાર્યો તથા અનુયાયી ભક્તકવિઓએ (પુષ્ટિજીવ હોવાનો ઠેકો આપણા માર્ગે લીધેલ નથી તે દર્શાવતા હરિદાસજી, હિતહરિવંશજી આદિના પદોનો ય આમાં સમાવેશ છે) રચેલ સ્તોત્રો - ગ્રંથો - ચમ્પૂકાવ્યો - કીર્તનો - ધોળ - પદોનો સંસ્કૃત - વ્રજ - ગુજરાતી ભાષામાં સમૃદ્ધ ભંડાર હોવા છતાં આધુનિક અનુયાયીઓ અને સ્વયં પ્રવચનકારો બહારવાળાઓનું સાંભળવા - ઓકવામાંથી ઊંચા નથી આવતા તે જોઈ **"પારસમણિનું પાત્ર લઈ ઘેર - ઘેર ભિક્ષા માંગે"** એ દયારામભાઈની ઉક્તિ યાદ આવે છે. સંક્ષેપમાં સમાનશીલવ્યસનવાળા નિરપેક્ષ સાત્વિક નિરુપાધિક - કૃષ્ણરતિના ઉદ્દબોધક સ્વમાર્ગીય ભગવદીયો અને / કે ગ્રંથ સાથે કેવલ ભગવત્પ્રીત્યર્થ અનવરત સંગ ભીડ - ભાડ રહિત માહોલમાં કરતા રહેવું એમ ઉપદેશેલ છે.

૩. સેવા - સ્મરણના અલ્પ / ચિરકાલીન અભાવમાં શરણભાવનનો ઉપદેશ



વિવેકધૈર્યાશ્રયગ્રન્થમાં આપેલ છે તેને અનુસરવાનું છે. કોઈપણ સ્થિતિમાં નિષ્ક્રિય રહેવાનું તો નથી નથી ને નથી જ. નિઃસાધનતાનું ભાવન કરતાં - કરતાં સાધનાભિમાનનો ત્યાગ કરીને ય સાધનો તો કર્યે જ જવાના છે, અનવરત. વિશ્વાસ ફક્ત સાધનબલનો ન રાખી પ્રભુકૃપાનો રાખવાનો છે.

પૃથક્શરણમાર્ગની દીક્ષારૂપે નામમંત્રની દીક્ષા આપી - લઈ શકાય છે અને તે માર્ગે ચાલી શકાય છે. પરંતુ આ પેપરનો વિષય પુષ્ટિમાર્ગપૂરતો સીમિત હોવાથી અહીં તેનો વિચાર નથી કરી રહ્યો. જોકે એટલું જરૂર કહેવા ચાહીશ કે આ શરણમાર્ગ સર્વાધિકારક હોઈ વ્યાપક પ્રચાર જ જો કરવો હોય તો બ્રહ્મસંબંધદીક્ષા તથા ભગવત્સેવા - કથાને સાર્વજનિક ભવાડા અને ઉપહાસને પાત્ર રસાભાસ ન બનાવતાં શરણદીક્ષા અને શરણોપદેશને જ જાહેરમાં પ્રાધાન્ય આપી શકાય.

ફ્લવરણ અને અવાન્તરફ્લવરણના સાઈનબોર્ડ આપણી ગાડી સીધી દિશામાં જઈ રહી છે તેનો સધિયારો આપે છે. સંસારાસક્તિ ધીરે - ધીરે છૂટતી જાય અને ભગવદાસક્તિ વધતી જાય તેનો અર્થ એ કે ભક્તિ વધતી જાય છે ને ભટકગતિ ઘટતી જાય છે. ઉપર જોયું તેમ ષોડશગ્રંથોમાં વિવિધ ફ્લ અને અવાન્તરફ્લ દર્શાવેલ છે, જે ભગવત્કૃપાથી મળે છે. તે પૈકી એકેય ન મળે તોય નુકસાન નથી ને **"સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ"** કહી શ્રીઆચાર્યચરણ આપણને આશ્વસ્ત કરે છે કે આજીવન આપે બતાવેલ સાધનરત રહ્યા તો ભાવનાશ નહીં થાય; ફ્લ મળવામાં કાળ કે અધિકાર નહીં પણ અનુગ્રહ જ નિયામક છે તેથી નિરાશ થયા વિના સાધનો કરતા રહો. તે સાથે જ પરંતુ આપણે સ્વયં ચકાસી જવું રહ્યું કે એકે ફ્લ ન મળવામાં આપણું સાધનાચરણ યથોપદિષ્ટ ન હોવું તો કારણ નથી ને! ભગવાનના મથુરાગમનના પ્રસંગનું સ્મરણ કરીને પોક મૂકી રડવામાં ને રડવામાં સમય વેડફી ઘરે શ્રીઠાકોરજી પધરાવી માથે બિરાજે તે સંયોગનો આનંદ માણવાનો અમૂલો અવસર એળે તો નથી જવા દઈ રહ્યા ને!

માર્ગ તો સુવ્યવસ્થિત છે પણ ક્લચ - બ્રેક - એક્સેલેરેટર આપણા હાથમાં છે! ૧૨૦ વચનામૃતકાર શ્રીગિરિધરજી મહારાજના શબ્દોમાં **"બડેનને કાહૂ બાતકી કસર નાહીં રાખી હૈ, પરન્તુ લોગનકી બડી કસર હૈ. તાસોં અહર્નિશ ચિન્તા બની આવે હૈ".**

જો કે એક ટી. વી. સીરિયલનો ડાયલોગ છે પણ માર્મિક છે જેનાથી હું અંત કરું છું; "દુનિયામાં ચાર પ્રકારના લોકો જીવતા હોય છે. એક એવા કે જે ભૂલો કરતાં જ નથી ને સીધા સડસડાટ ચાલ્યે જાય છે. બીજા એવા કે જે બીજાને ભૂલોનો ભોગ બનતા જોઈ તેમાંથી બોધપાઠ લઈ પોતે ભૂલ કર્યા વિના સીધા ચાલે છે. ત્રીજા એવા કે જે પોતે એકવાર ભૂલ કરી તેનો ભોગ બની તેમાંથી બોધપાઠ લઈ ફરી તે ભૂલ ન કરતાં સીધા ચાલે છે. ને ચોથા એવા કે જે વારંવાર ભૂલ કરતા રહે છે ને પડતા રહે છે પણ સુધરવાનું નામ લેતા નથી ને આગળ વધી શકતા નથી". આપણે સહુ પથિકો પુષ્ટિપથપર અગ્રેસર થઇએ એવી મારી શુભકામના. બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ.



# ચર્ચા

## વરણની દૃષ્ટિથી અધિકારવિચાર

**શ્રીમસિત શાહ**

**પિયૂષ પરીખ :** માર્ગરુચિ અને ભગવદ્રુચિ ની વાત કરી એમાં મારી સમજ પ્રમાણે માર્ગરુચિને આપણે સેવા કરવાની તત્પરતા અથવા ગુર્વાજ્ઞા પાલનની તત્પરતા એવી રીતે આપણે સમજી શકીએ ખરા? કે પછી એને માત્ર 'માર્ગરુચિ'જ કહેવાય?

**અસિત શાહ :** મેં દૃષ્ટાન્તોવડે આ વાત સમજાવી હતી. સેવારુચિમાટે મેં કુમ્ભનદાસજીનું અને ગોપાલદાસ જટાધારીનું ઉદાહરણ આપ્યું. કથા વિશે જો ઉદાહરણ તમને જોઈએ તો દિનકર ક્ષત્રીનું ઉદાહરણ લઈ શકીએ. માર્ગરુચિ બાબત પણ મેં કહ્યું હતું કે એનો વિકાસ પણ મેં બતાવ્યો કે તે થઈ શકે છે. માર્ગમાં નિષ્ઠા થઈ શકે, એનાથી આગળ જઈને આસક્તિ થઈ શકે.

**પિયૂષ પરીખ :** મારું એમ કહેવું છે કે 'માર્ગરુચિ'શબ્દનો આપે પ્રયોગ કર્યો. તો એ માર્ગરુચિ વૈષ્ણવની સેવામાટે તત્પરતા કે ગુરુની આજ્ઞાના પાલનની તત્પરતા ... જેમ આપે ગોપાલદાસ જટાધારીની વાત કરી કે "શ્રીઠાકોરજીને તમે આંખો મીચીને પંખો કરજો". આ ગુરુદેવની આજ્ઞા છે. એ પ્રસઙ્ગમાં શ્રીઠાકોરજી પોતે કહે છે કે "તમે આંખો ખોલો. હું રાજભોગ આરોગી રહ્યો છું". છતાં તેઓ આંખો મીચીને જ પંખો કરે છે.

ત્યાં માર્ગરુચિ એ આપની વાત બરોબર છે પરન્તુ સાથે-સાથે ગુરુ આજ્ઞા પાલનની તત્પરતા એવો આપણે એમાં ...

**અસિત શાહ :** મને એક વચન યાદ આવે છે **"सेवाकृतिर्गुरोराज्ञा"**. ગુરુની આજ્ઞા પ્રમાણેજ સેવા કરવી જોઈએ. હવે જો સેવાકૃતિ ગુરુની આજ્ઞા પ્રમાણેજ હોય તો ગુરુઆજ્ઞાના પાલનને સેવાતત્પરતાથી અલગ *કાઉન્ટ્* કરવાની મને જરૂર નથી જાણાતી.

**ગજાનન शर्मा :** मार्गरुचि और भगवद्रुचि यों दो बातें बतलाईं असितभाईनें. वहां कहीं-कहीं ऐसा लगता है कि जैसे दोनों स्वतन्त्र रुचियां हों. कहीं बात-चीतमें ऐसा लगा कि दोनों क्रमिक सोपान हों. कहीं लगा कि उनके बीचमें किसी प्रकारका तारतम्य है. कहीं लगा कि युगपत् दोनों साथ-साथ चल सकती हैं. कहीं परस्पर विरोधी भी लगा. और एक स्थान पर तो आपने ऐसा कहा कि मार्गरुचि न हो तो भगवद्रुचि भी जाती रहती है. मानें प्राधान्य मार्गरुचिका हो गया. तो ये सारा जो विवेचन है उसका हमारे किसी आकरग्रन्थोमें कोई आधार है अथवा ये सब स्वतन्त्र विवेचन है ? ये मैं जानना चाहता हुं.

**અસિત શાહ :** मार्गरुचिका जहां तक प्रश्न है तो वह तो मैंनें बतला ही दिया कि **"कृपापरिज्ञानञ्च मार्गरुच्या निश्चीयते"** यह आचार्यवचन ही है. और श्रीलालूभट्टजी पुष्टिभक्त्यधिकारविवेकमें बता रहे हैं कि मार्गरुचिसे हम शुरु करते हैं तब जाकर भगवद्रुचि होती है. प्रथम परोक्षरुचि होती है उसके बाद अपरोक्षरुचि होती है. आगे जाकर प्रेमासक्तिव्यसन होते हैं. इस प्रकार ग्रन्थोमें बतलाया गया है. इसके अलावा मैनें एक वचन बतलाया कि **"सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत्, यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम"**. मार्गरुचिकी पराकाष्ठा यह है कि हमारी निष्ठा सेवा और कथा में हो जाय. इतने आधार मेरे वक्तव्यको



प्रमाणित करनेकेलिये पर्याप्त हैं ऐसा में समझता हुं. और रही बात आपकी यह कि मार्गरुचि और भगद्रुचि का आपसमें सम्बन्ध क्या है. तो इस सम्बन्धमें मैनें *मोटर-कार्* के दृष्टान्तसे बतानेका प्रयत्न किया कि जेसे *कार्* होती है तो उसमें एक *एन्जीन्* होता है, *बेट्री-डायनामा* होते हैं. मार्गरुचि *बेट्री-डायनामा*की तरह होती है. जब गाड़ीको शुरु करनी है तब जैसे *बेट्री-डायनामा*की आवश्यकता बहुत होती है उसी तरह प्रारम्भमें मार्गरुचिकी आवश्यकता बहुत होती है. और गाड़ी शुरु हो जानेके बाद *एन्जीन्* चालु हो जाता है तब वह सब संभाल लेता है. लेकिन इसका मतलब ऐसा नहीं होता कि *एन्जीन्* शुरु हो गया तो हम *बेट्री-डायनामा*को निकाल कर फेंक दें. उनकी भी आवश्यकता पड़ सकती है. तो इससे हमें ये समझना है कि गाड़ी अपने आपमें एक *सिस्टम्* है. उसमें सभी चीजोंकी आवश्यकता रहती है. किसीको निकाला नहीं जा सकता है. किसी एकसे काम चल नहीं सकता है. यही बात महाप्रभु कहते हैं कि मार्गरुचि-भगवद्रुचि दोनोंकी आवश्यकता होती है. अब इसमें किसीकी ऐसी अवस्था आ सकती है जैसे गोविन्द दूबेकी. उनको रणछोड़रायजीमें रुचिके कारण मार्गरुचि नहीं पनप पाई, केवल भगवद्रुचि ही पनप पाई. तो इसके कारण उनकी गाड़ी थोड़ी लड़खड़ायेगी जरूर. इसीके कारण उनको उद्वेग-चिन्ता हो रहे हैं. श्रीमहाप्रभुजीको उनकेलिये 'नवरत्न'ग्रन्थ लिखना पड़ा. लड़खड़ानेके बावजूद भी उनकी गाड़ी किसी तरह चल गई. इसी कारण हमें यह निर्णय नहीं करना है कि हमारी गाड़ी केवल भगवद्रुचिके आधारपर चल जायगी. अपन् देख सकते हैं कि उनकी गाड़ी लड़खड़ाती हुई चली थी, *स्मूथ्ली* नहीं चली थी. तो हमें यही

बोध ग्रहण करना चाहिये कि दोनों निष्ठा हमारी हो, केवल मार्गरुचि नहीं केवल भगवद्रुचि नहीं. केवलमार्गरुचिके भी भयस्थान आचार्यचरण बताते हैं. ''**भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः, अन्यथाभावमापन्नस् तस्मात् स्थानाच्च नश्यति**''. आपकी प्रवणता सेवामें ऐसी हो गई कि आपको भगवद्रुचि ही नहीं रह गई. २४ घण्टा आप सेवा ही किये जा रहे हो. तो अन्यथाभाव कभी-न-कभी हो सकता है. श्रीमहाप्रभुजीको यह भी अभिलषित नहीं है. एसा न हो उसकेलिये हमें दोनों रुचिओंका *बेलेन्स्* करना है. ये रुचियां ऐसी भी चीज़ नहीं हैं कि जो सर्वथा एक-दूसरेसे भिन्न ही हो. क्योंकि आचार्यजी आज्ञा करते हैं कि ''**यथा यथा हरिः कृष्ण मनस्याविषते निजे, तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते**''. तो एसी बात नहीं है कि मार्गरुचि बढ़ी तो भगवद्रुचि या सेवारुचि नहीं बढ़ेगी. अथवा भगवद्रुचि बढ़ी तो उसके कारण मार्गरुचि नहीं बढ़ेगी. दोनों एकसाथ वृद्धिंगत हो सकते हैं. मैनें कुम्भनदास तथा गोपालदास जटाधारीका दृष्टान्त दिया, उसमें हम देख सकते हैं कि एक ओर उनमें मार्गरुचिकी पराकाष्ठा है तो दूसरी ओर भगवद्रुचिकी भी पराकाष्ठा है. इस प्रकारका दोनोमें सम्बन्ध है. समझनेमें हमें दोनोंको अलग समझने चाहिये. परन्तु ऐसा क्वचित् ही हो कि जिसमें केवल मार्गरुचि ही हो, भगवद्रुचि सर्वथा हो ही नहीं. अथवा केवल भगद्रुचि ही हो, मार्गरुचि सर्वथा हो ही नहीं. जो भी मिलेंगे उनमें थोड़ी-बहुत मार्गरुचि मिलेगी तो थोड़ी बहुत भगवद्रुचि होगी.

ગજાનન્ શર્મા: एक बात और. आपने कपिशावक और मार्जारशावक का जो दृष्टान्त दिया वह रामानुज सम्प्रदायका है. श्रीमहाप्रभुजीके अनेक ग्रन्थोंमें ऐसा लगता है कि आपको जहांसे भी



अपने मतके अनुरूप जो चीज़ मिलती थी वहांसे वो चीज़ आपने ली है. उसमें आपने कोई *वॉटर्-टाईट् कम्पार्टमेन्ट्* नहीं रखा है. जैसे वेदान्तदेशिक वाली बातको ले लें. आज हमने उसे सम्प्रदायमें इतना आत्मसात कर लिया है कि हम इस बातको भूल ही गये कि वह वेदान्तदेशिककी बात है. ''माहात्म्यज्ञानपूर्वस्तु''वाली जो बात है वह पाञ्चरात्रसे ली गई है. उसे हम भूल ही गये. और सबसे महत्वपूर्ण बात है षड्विधाशरणागतिकी. वह अहिर्बुध्न्यसंहितासे ली गई है. और रामानुजसम्प्रदायमें इस बातका जगह-जगह उल्लेख मिलता है. अतः कपि-मार्जार शावककी जो बात है वह यदि हमारी किसी बातको समझानेमें सहायक होती है तो उसे कहनेमें कोई आपत्तिजनक बात हो जाती हो ऐसा तो नहीं लगता है.

અક્ષિત શાહ: मैं सर्वथा ऐसा नहीं कह रहा हुं कि इसमें आपत्तिजनक है. सेवाप्रकार भी हमारे यहांका देखा जाय तो उसमें भी दोलोत्सव, हिंडोरा आदि बातें हमने पूजामार्गसे ली हैं. शरणागतिमें भी ऐसी बहुतसी बाते हैं कि जो असलियतमें अन्यमार्गमें कही गई है परन्तु हमारे विचारके अनुरूप है तो हमारे यहां भी उसे ले लिया गया है. पर मेरा कहना सिर्फ इतना है कि एसे जो भी प्रकार हम जब दूसरे मार्गसे लें तब यह सावधानी रखें कि हमारे यहां उस सन्दर्भमें जो *ओरिजिनल्* बात कही गई है उसको हम भूल न जायें. तो विवेकधैर्याश्रयके सम्बन्धमें मैनें बतलाया कि विवेक, धैर्य और आश्रय का जो विशिष्ट निरूपण हमारे यहां किया गया है वह अन्य किसी भी सम्प्रदायमें नहीं मिलता है. इसे हमें नहीं भूलना चाहिये. क्यों कि उसका अपने-आपमें कोई महत्व है. शरणका स्वरूप अन्य सम्प्रदायोंमे भी बतलाया गया

था. पृथक् शरणमार्ग पहलेसे ही मौजूद था ही. फिर भी आचार्यजीको विवक्षा हुई. तो आपने विवेक - धैर्याश्रय, कृष्णाश्रय आदि ग्रन्थोंकी रचना की. तो उसके द्वारा आप जो बात समझाना चाह रहे हैं उसे हमें अलगसे समझना चाहिये.

**ગો. શ ર દ:** पेपरमें लिख्यो हे ''ફળ મળવામાં કાળ કે અધિકાર નહીં પણ અનુગ્રહ જ નિયામક છે''. मेरी जिज्ञासा केवल इतनी हे कि ये पङ्क्ति क्या **''फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामक:''**को अनुवाद है अथवा स्वतन्त्र वाक्य हे ?

**અસિત શાહ:** हां. वाको अनुवाद है.

**ગો. શ ર દ:** अनुवाद हे तब या श्लोकको अन्वय व्याख्याकारनूनें भिन्न बतायो हे. **''अत्र सेवायां फलं अलौकिकसामर्थ्यं वा अधिकारो, अधिकारो नाम सायुज्यं सेवोपयोगिदेहो वैकुण्ठादिषु वा कालः नियामको न भवति''** तो ''કાલ કે અધિકાર નહીં પણ અનુગ્રહ જ નિયામક છે'' एसे अर्थ नहीं करके व्याख्याकार ये अर्थ कर रहे हैं कि ''अलौकिकसामर्थ्यरूप 'फल'में तथा सायुज्य - वैकुण्ठादिमें सेवोपयोगिदेहकी प्राप्तिरूप 'अधिकार'में काल नियामक नहीं हे, भगवदनुग्रह नियामक हे. तो यहां मतभेद हो रह्यो हे.

**અસિત શાહ:** ''અનુગ્રહ નિયામક છે'' ये बात में सिद्धान्तमुक्तावलीसु कह रह्यो हुं. **''अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः''** ओर **''ફળ મળવામાં કાળ કે અધિકાર નિયામક નથી''** ये बात में सेवाफलसु कह रह्यो हुं. ओर आपने जो बताई वासु में सहमत हुं के वहां 'फल'को अर्थ अलौकिकसामर्थ्य कियो हे ओर 'अधिकार'को अर्थ सायुज्य ओर सेवोपयोगिदेह कियो हे. परन्तु *जनरल् सेन्स्*में सोचें तो भी कोई आपत्ति नहीं होनी चहिये.

**ગો. શ ર દ:** दूसरी बात. ''આ શરણમાર્ગ સર્વાધિકારક હોઈ વ્યાપક



પ્રચારજ જો કરવો હોય તો બ્રહ્મસમ્બન્ધદીક્ષા તથા ભગવત્સેવા - કથાને સાર્વજનિક ભવાડા અને ઉપહાસ ને પાત્ર રસાભાસ ન બનાવતાં શરણદીક્ષા અને શરણોપદેશ નેજ જાહેરમાં પ્રાધાન્ય આપી શકાય''. यामें शरणदीक्षाकु सर्वाधिकारक बताई हे. मेरो प्रश्न ये यहे के यहां 'सर्वाधिकारक' शब्दमें 'सर्व' असङ्कुचित अर्थमें है अथवा ''सर्वे ब्राह्मणा भोजयितव्या'' न्यायसु सङ्कुचित अर्थमें हे ?

**અસિત શાહ:** ''सर्वाधिकारक हे'' याको अर्थ ये नहीं हे के प्रत्येकाधिकारक हे. जो हाथमें आ जाय वाकु शरणदीक्षा दे देनी एसो में नहीं कहनो चाह रह्यो हुं. ये बात अपनू भक्तिमार्गके सम्बन्धमें भी कह रहे हें के भक्तिमार्ग सर्वाधिकारक हे. स्त्री - स्त्रीशूद्रादिक कोई भी वाको अनुसरण कर सके हे. द्विजत्वादिकी कोई आवश्यकता नहीं हे. एसे ही शरणमार्गके सम्बन्धमें भी अपनू कह सकें. दोनों सर्वाधिकारक होते भये भी प्रत्येकाधिकारक तो नहीं ही हे.

**ધર્મેન્દ્ર ઝાલા:** ''તે સિવાય અવાન્તરફલ તરીકે સિદ્ધાન્તમુક્તાવલીમાં કહેલ સંસારદુઃખનિવૃત્તિ - બ્રહ્મબોધ, ચતુઃશ્લોકીમાં કહેલ ચતુર્વિધ પુરુષાર્થ, ભક્તિવર્ધિનીમાં કહેલ પ્રેમ - આસક્તિ - વ્યસન, નિરોધલક્ષણોક્ત સેવામાં સર્વેન્દ્રિયોનો ભગવન્નિરોધ - ગુણગાનમાં સુખપ્રાપ્તિ આદિને ગણાવી શકાય''. એ ફક્ત સુખપ્રાપ્તિના અર્થમાંજ છે કે ભગવન્નિરોધના અર્થમાં પણ છે ? નહીં તો અવાન્તર ફળમાં ''સર્વેન્દ્રિયોનો ભગવન્નિરોધ'' ગણાઈ જાય તો ... એટલે કે ફક્ત 'સુખપ્રાપ્તિ'ના અર્થમાં જ અવાન્તરતા છે કે અવાન્તરતા ભગવન્નિરોધમાં પણ આવી રહી છે ? એ જ પ્રમાણે ચતુઃશ્લોકીમાં પણ પઞ્ચમપુરુષાર્થરૂપ ભગવાન્ સ્વયં થયા છે તો ત્યાં પણ શું વ્યવસ્થા છે ? એ જિજ્ઞાસ્ય છે.

**અસિત શાહ:** 'સુખપ્રાપ્તિ'નો અન્વય કેવલ 'ગુણગાન' સાથે છે. ગુણગાનમાં

સુખપ્રાપ્તિ એક અલગ *આઈટમ્*છે અને સર્વેન્દ્રિયોનો ભગવન્નિરોધ અલગ છે. તેમાં ગુણગાનમાં સુખપ્રાપ્તિ એ અવાન્તરફળ છે એ એટલામાટે કે ગુણગાનથી શ્રીમહાપ્રભુજીએ આગળ પણ બતાવ્યું છે કે ગુણગાનથી ક્લેશ થાય. **"ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્"** ત્યારે પ્રભુ બહાર પ્રકટ થઈને, એના બધા પ્રતિબન્ધોને દૂર કરીને એને આનન્દનું દાન કરે છે. તો એને જો આપણે મુખ્યફલ માનીએ તો ગુણગાનમાં જે આત્માનન્દથી ઉત્કૃષ્ટ સુખપ્રાપ્તિ બતાવી **"ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે, યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોऽન્યતઃ"** એને અવાન્તર્ ફલ કહી શકાય. એવી રીતે સર્વેન્દ્રિયોનો જે ભગવન્નિરોધ છે **"હરિમૂર્તિઃ સદા ધ્યેયા સઙ્કલ્પાદપિ તત્ર હિ"** તો આજે પણ આ શરુઆતની કક્ષામાં થઈ શકે છે. આનન્દનો અનુભવ એમાં પછી થાય છે. પણ નિરોધ તો થઈ શકે છે. તો બધી ઈન્દ્રિયો પ્રભુમાં જોડાઈ જવી એ પણ એક પોતાનામાં અવાન્તર્ ફલ છે.

**ધર્મેન્દ્ર ઝાલા :** ત્યારે પછી નિરોધમાં પણ કોઈક પ્રકારનો ભેદ કરવો પડશે. સાધનાવસ્થા કે ફલાવસ્થા નો. 'નિરોધ' કહેતાં નિરોધનું પૂર્ણરૂપ જો આપણને અહીં ફલિત થતું લાગતું હોય તો એના માટેજ મારું *ઓબ્જેક્શન્* છે.

**અસિત શાહ :** થઈ શકે. એટલે જ મેં સર્વેન્દ્રિયોની વાત કરી છે.

**ધર્મેન્દ્ર ઝાલા :** આના કરતાં 'ભગવદ્વિનિયોગ' કહ્યું હોત તો વધુ સારું હોત એવું મારું માનવું છે.

**રસિક શાહ :** કથાપક્ષની જે ભાઈ આસિતે વાત કરી એમાં શ્રીગોવિન્દરાયજી (સુરત) ના વાર્તાપ્રવચનોની વાત કરી. તે જ પ્રમાણે આપે (ગો. શ્રી ૨ દ) પણ વાત કરી હતી કે મન્દિરપ્રથાની સામે જે પ્રશ્નો આવી રહ્યા છે તે આ પ્રશ્ન આવી રહ્યો છે. આ બેયની બાબતમાં મારી સમજ એવી છે કે વૈષ્ણવોને મન્દિર કે કથા એની સાથે બહુ સમ્બન્ધ નથી. જેઓ



કથા સાંભળવા જાય છે તેઓ કંઈ અર્થ સમજવામાટે ત્યાં જાય છે તેવું પણ નથી. લોકો તો એને કંઈ મહત્વનું કર્મકાણ્ડ સમજીને કથા કે મન્દિરો માં જતાં હોય છે. એટલે લોકો એમ સમજે છે કે આ વસ્તુ સમ્પ્રદાયની દૃષ્ટિમાં ખૂબ મહત્વની છે. લોકોની અન્દર ધર્મમાટે પૈસા આપવાની કંઈક ભાવના કે વૃત્તિ છે. તે જ પ્રમાણે ધર્મને સાંભળવાની પણ લોકોમાં ભાવના છે. શું સાંભળવું કે શું ન સાંભળવું એવી લાંબી બુદ્ધિ સામાન્ય લોકોમાં હોતી નથી. તે જ પ્રમાણે ધર્મના નિયમ પ્રમાણે પૈસા ક્યાં આપવા અને ક્યાં ન આપવા એવી પણ બુદ્ધિ નથી હોતી. એટલે પુષ્ટિમાર્ગમાં મન્દિરો જો બન્ધ થઈ જાય તો લોકોની ધર્માર્થ પૈસા આપવાની વૃત્તિ છે તે મન્દિરવ્યવસ્થાથી જેઓનો નિર્વાહ આજે ચલી રહ્યો છે એ બ્રાહ્મણો કે ગોસ્વામી આચાર્યો તરફ વળી શકે છે. આનાથી આજે એ વર્ગ જે દેવદ્રવ્યની પાપવૃત્તિથી જીવી રહ્યો છે તેઓને શુદ્ધવૃત્તિથી જીવવાનો રસ્તો ખુલ્લો થઈ શકે છે. એ જ પ્રમાણે આચાર્યો અને શાસ્ત્રીજીઓ પણ જો કંડફાળા કે આજીવિકા માટે ભાગવતકથાની પ્રથા બન્ધજ કરી દે તો શ્રોતાઓનો પ્રશ્ન એમને નહીં નડે. કેમકે એ લોકો જે કંઈ પણ બોલશે તે લોકો તો સાંભળશેજ. મને લાગે છે આ (આજીવિકાર્થ સાર્વજનિકમન્દિર તેમજ ભાગવતકથાની)સમસ્યાને હલ કરવાનો આવો રસ્તો હોઈ શકે છે.

**ગોપાલદાસ :** १. मूलवरण ओर ब्रह्मसम्बन्धवरण में अन्तर क्या हे ?

२. दूसरो प्रश्न : આપ કહી રહ્યા છો કે શુદ્ધપુષ્ટિજીવ અનુપદેશ્યકોટિના છે. પરન્તુ એમને પણ માર્ગદર્શન અપાયું છે. **"ન હિ સાધનસમ્પત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્"** એ એમને ખબર ન્હોતી. **"અવિદ્યા પૂતના નષ્ટા"** એટલે એમને માર્ગદર્શન અપાયું કે અવિદ્યા જાય પછી કામ થાય. પછી ઈન્દ્રયાગ કર્યો ત્યારે અન્યાશ્રયત્યાગ સમજાવ્યો.

"લીલાં કરોતિ શાસ્ત્રાર્થં ચ જ્ઞાપયતિ". પછી "મદીયાઽપિ એતાદૃશા બહિર્મુખા ભવન્તિ" તો પ્રભુએ રુદન કર્યું. માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા દામોદરલીલાના પ્રસઙ્ગથી સમજાવી. ફળ મળ્યું તો પણ વિરહ્વળ કરીનેજ મળવું જોઈએ તે માટે ભ્રમરગીત પાછળથી પ્રકટ થયું. તેથી શુદ્ધપુષ્ટિમાં માર્ગદર્શન નથી અપાયું. અનુપદેશ્યકોટિના છે. તો હશે. આપણામાટે કદાચ અપાયું હશે કે એમના માટે અપાયું હશે. પણ અપાયું તો છે છે અને છેજ. એના આ પ્રમાણો મેં આપ્યાં. એમાં જે કહેવું હોય તે કહેજો.

૩. પછીનો પશ્ન છે: લખ્યું છે કે "અન્તિમ જન્મ એનો જાણવો". એનું જ્ઞાપક શું છે એ તમે નથી બતાવ્યું.

૪. પછી "અહીં સંક્ષેપમાં જાણાવું તો ... દેશકાલની પરિસ્થિતિજન્ય અને તેનેજ અનુરૂપ" આવું લખ્યું છે તો પ્રશ્ન એ છે કે શું આ બધું પરિસ્થિતિ જન્યજ છે શું સનાતન સત્ય નથી? એટલે જ્યારે પરિસ્થિતિ બદલાય ત્યારે તે પ્રમાણે બધું બદલાઈ જાય શું? સનાતનધર્મ નથી આપણો!

૫. પછી પ્રશ્ન છે: "સમાનશીલવ્યસનવાળા નિરપેક્ષ સાત્વિક નિરુપાધિક - કૃષ્ણરતિના ઉદ્‌બોધક સ્વમાર્ગીય ભગવદીયો અને / કે ગ્રન્થો સાથે કેવલ ભગવત્પ્રીત્યર્થ અનવરત સઙ્ગ ભીડ - ભાડ રહિત માહોલમાં કરતા રહેવું એમ ઉપદેશેલ છે" તો પ્રશ્ન એ છે કે આવા ભગવદીયોને કેમ ઓળખવા? અને શું આ કાળમાં આવું સમ્ભવ છે?

૬. પછી આપ કહી રહ્યા છો કે "નિઃસાધનતાનું ભાવન કરતાં - કરતાં સાધનાભિમાનનો ત્યાગ કરીનેય સાધનો તો કર્યેજ જવાના છે". હવે હું એમ કહી રહ્યો છું કે સાધન કરવાનું સામર્થ્ય શું જીવનું છે? અને જો હોય તો એનું પ્રમાણ શું?



૭. પછી, "શરણદીક્ષા અને શરણોપદેશનેજ પ્રાધાન્ય આપી શકાય" તો શું બહિર્મુખ, દ્વેષી કે આસુરી ને પણ કૃષ્ણશરણોપદેશ આપી શકાય?

૮. પછી, આપ લેખમાં કહો છો કે "ભગવાનના મથુરાગમનના પ્રસઙ્ગનું સ્મરણ કરીને પોક મૂકીને રડવામાં ને રડવામાં સમય વેડફી" તો ભગવદ્વિરહાવસ્થામાં રડવું આવવું એ તો ભક્તિજ્ઞાપક છે. તો પોક મૂકીને કોઈ રડે તો તેમાં આપને તકલીફ શું થઈ?

૯. પછી આપે જે ટી.વીનો સંવાદ રજુ કર્યો એમાં મારું એમ કહેવું છે કે શું ખાલી ભગવદીયતાનું અનુસન્ધાન રાખશે તો ભગવાન્ આગળ નહીં વધારે? આમ કરશે તો પુષ્ટિમાર્ગીય રીત થઈ. આમ સુધારે આમ કરે આવું બધું કરવાની શું જરૂર?

**અસિત શાહ:** હું ઉત્તર ઉલટા ક્રમથી આપીશ.

૯. પહેલી વાત ભૂલ સુધારવાની. મને એમાં એવું લાગે છે કે આપણે પુષ્ટિમાર્ગી છીએ તો પ્રભુને ઓછામાં ઓછો પરિશ્રમ આપીએ તો સારું. આપણે નિરન્તર ભૂલ કરતા રહીએ અને પ્રભુ ભૂલ સુધારવાનો પરિશ્રમ કરતા રહે એના કરતાં આપણેજ આપણી ભૂલ સુધારીએ તો વધુ સારું. પ્રભુમાં આપણી ભૂલ સુધારવાનું સામર્થ્ય નથી એવું હું નથી કહેતો પરન્તુ આપણામાં સામર્થ્ય હોય તો તેનો ઉપયોગ આપણે શામાટે ન કરવો?.

૮. "રડવામાં ને રડવામાં" વીપ્સાથી રડવાનો અતિરેક કરાય તેની સામે વાંધો ઉઠાવ્યો છે.

૭. શરણદીક્ષા અને શરણોપદેશ ના બાબતમાં ખુલાસો પહેલાંજ થઈ ગયો કે તે પ્રત્યેકાધિકારક નથી. હું અહીં એમ નથી કહી રહ્યો કે શરણદીક્ષા અને શરણોપદેશ જાહેરમાં આપી શકાય. હું સ્પષ્ટપણે કહું છું કે તેને જાહેરમાં

પ્રાધાન્ય આપી શકાય. શરણદીક્ષાને જાહેરમાં ન આપવી જોઈએ. તે તો તેનો અધિકારી જીવ આવે તેનું બરોબર પરીક્ષણ કરીને પછી આપવી જોઈએ. પણ જાહેર પ્રવચનાદિમાં તેને પ્રાધાન્ય આપી શક્યા. કેમકે બધા જીવો ભક્તિમાર્ગઉપર ચાલી શકે એવા નથી હોતા તે આપણે જોઈએ છીએ. તેથી જાહેર ઉપદેશ - પ્રવચનમાં પ્રભુ શરણીય છે તે વાત ઉપર ભાર આપી શકીએ. આ સર્વાધિકારક છે. તમે દીક્ષાના સ્તર ઉપર તેને સમજી રહ્યા છો. એ હું નથી કહી રહ્યો.

૬. પછી સાધનો કરવાની બાબતમાં. આ બાબત મેં આગળ ખુલાસો કરીજ દીધો છે કે વાસ્તવમાં તો આપણા માર્ગમાં કૃપાજ સાધન છે. સેવા કથા સત્સઙ્ગ વગેરે બધા વ્યાપાર છે. *લૂઝ સેન્સ*માં આપણે આ બધાને સાધન કહી શકીએ. એ અર્થમાં હું અહીં કહી રહ્યો છું. આપણે ત્યાં એવું ક્યાં કહ્યું છે કે તમે ન સેવા કરો ન સ્મરણ કરો ખાલી કૃપા ઉપર આધાર રાખીને બેસી રહો. આપણે નિરન્તર સેવા - સ્મરણ કરતા રહેવાનું છે. ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર પણ જો સેવા - સ્મરણનો અભાવ થયો તો આસુરાવેશ થાય એવી આપણી માન્યતા છે. ચૈતન્યની માન્યતાથી ભેદ બતાવતાં શ્રીઆચાર્યજીએ આ કહ્યું છે. એટલે નિષ્ક્રિય રહેવાની આપણે ત્યાં કોઈ વાતજ નથી. માત્ર ભાવન નિ:સાધનતાનું કરવાનું છે. એટલે મારાદ્વારા કરાતાં સાધનોથી મને પ્રભુ મળવાના નથી. "**યમેવૈષ વૃણુતે**"માં આ જ વાત કહેવાઈ છે. પ્રભુના વરણથી મળે છે એનો અર્થ એ નથી કે ૨૯ એપ્રિલે પ્રભુ કૃપા કરે અને મળે. પ્રભુએ વ્યુચ્ચરણ વખતે વરણ કર્યું છે. એ વરણના અન્તર્ગત પ્રભુએ જે જન્મ અને સાધન નું વરણ કર્યું હશે તે પ્રમાણે પ્રભુ મળશે.



તો એને અનુરૂપ હું આચરણ કરી રહ્યો છું એવી નિ:સાધનતાની ભાવના રાખવાની છે. તો વરણના અન્તર્ગતજ આ વાત પણ આવી રહી છે કે સાધન તો કરવાનાંજ છે.

૫. હવે સત્સઙ્ગ વિષયમાં શ્રીહરિરાયજીનો શ્લોક છે "**યશ્ચ કૃષ્ણે રતિર્નિત્યં બોધયત્યપ્રયોજનં, નિરપેક્ષ: સાત્વિકશ્ચ તત્સઙ્ગ: સાધુસઙ્ગમ:**". આગળ દુષ્ટસઙ્ગના પણ લક્ષણો બતાવ્યાં છે. ત્યાં કહ્યું છે કે સંસુતિપ્રેરક વચનો કહેનારા ઉત્તમકુલપ્રસૂત હોય તો પણ તેના સઙ્ગને દુ:સઙ્ગ જાણીને તેનો ત્યાગ કરવો. હવે તમે કહો છો કે આવા લોકોની ચકાસણી કેવી રીતે કરવી અને ઉત્તમ લોકો ન મળે તો શું કરવું. આ બાબતમાં પણ કહ્યું છે કે જો આવા ભગવદીયો ન મળતા હોય તો સ્વમાર્ગીય ગ્રન્થો તો અવશ્ય ઉપલબ્ધ છે. તમે **શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધલીલાનામાવલી,** ષોડશગ્રન્થો વગેરે જરૂર મુજબ લઈ શકો છો. ગ્રન્થો સ્વામાર્ગીય છે, સાત્વિક છે, નિર્ગુણ કૃષ્ણરતિના ઉદ્દબોધક છે આમાં કોઈ બે - મત નથી. તેથી ભગવદીયો ન મળે ત્યારે ગ્રન્થોનો સઙ્ગ કરી શકો છો. હવે આની કસોટી શું? તો આની કોઈ *હાર્ડ - એન્ડ - ફાસ્ટ* કસોટી ગ્રન્થોમાં નથી વર્ણવાઈ. તમને તમારા પોતાના *જજમેન્ટ*થી નક્કી કરવું પડશે કે આ વ્યક્તિ કેવી છે. ગ્રન્થોમાં એનું નિદર્શન સ્પષ્ટપણે નથી અપાયું કે નિરપેક્ષ કોને કહેવો કે નિરુપાધિક કૃષ્ણરતિના ઉદ્દબોધક કોને કહેવા. પણ આ એટલી બધી કોઈ *ડિફિકલ્ટ* વસ્તુ નથી કે તમે જોઈને કે સાંભળીને નક્કી ન કરી શકો.

૪. દેશકાળની પરિસ્થિતિજન્ય ... એ ... નું વિશેષણ છે, સનાતનધર્મનું નહીં.

૩. સાઙ્ગોપાઙ્ગ સેવા - કથાનુષ્ઠાનરૂપ ભગવદ્રુચિનો આજીવન વિકાસ અન્તિમજન્મના જ્ઞાપક છે.

૨. પછી શુદ્ધપુષ્ટિજીવો અનુપદેશ્યકોટિના છે એ બાબત. માર્ગદર્શનનો વિચાર કરીએ તો ષોડશગ્રન્થો વગેરે પ્રકરણગ્રન્થોમાં શુદ્ધપુષ્ટિજીવોમાટે કોઈ માર્ગદર્શન નથી અપાયું. હવે આપે જે માર્ગદર્શન અપાયા હોવાની વાત કરી એ સુબોધિનીના વચનો છે. એનો જો વિચાર કરીએ તો એવું નથી કે સુબોધિની પહેલા રચાઈ અને પછી ભગવાને લીલા કરી હોય. તો એવો અવસરજ ઊભો નથી થતો કે વ્રજભક્તો સુબોધિનીજી વાંચે અને પોતાની ભૂલો સુધારે. એ બધી લીલાઓ તો પહેલાંજ થઈ ગઈ હતી. અને જેમ તમે આચાર્યજીનું વચન ઉદ્ધૃત કર્યું કે **"लीलां करोति शास्त्रार्थं च ज्ञापयति"**. એમાં તો સુબોધિનીજી રચવાનો શ્રીમહાપ્રભુજીનો આશય એ છે કે જે શુદ્ધપુષ્ટિભક્તો સાથે પ્રભુએ લીલા કરી તો એમાંથી એવો સાર નિકળી શકે કે ઉપદેશ નિકળી શકે છે કે આપણે ભૂલો ન કરીએ જે વ્રજભક્તોથી થઈ હતી. એ વસ્તુ આપણને સુબોધિનીમાંથી શીખવાની છે. વ્રજભક્તોને પ્રભુ પહેલાં મળી ગયા છે અને સાધન તેઓ પછી કરી રહ્યા છે. આપણા *કેસમાં* થોડું અલગ છે. છતાં આપણા અને એમનામાં કાંઈક *કોમન્* છે. જેમ **"भक्तानां दैन्यमेवैकं हरितोषणकारणम्"**. આ વાત વ્રજભક્તોને કહેવાનો કંઈ ફાયદો નથી કારણ કે એમની સાથે તો લીલા ઘટિત થઈ ગઈ છે અને પછી સુબોધિનીજીનું આ વાક્ય લખાયું છે. પણ જ્યારે આપણે લીલાઓ વાંચીએ ત્યારે આપણે એ વિચારીએ કે વ્રજભક્તો આટલા ઉચ્ચ સ્નેહવાળા હતા કૃપાભાજન હતા છતાંય પ્રભુ તિરોહિત થઈ ગયા. અને એમનામાં જ્યારે દીનતા આવી ત્યારે પાછા પ્રકટ થયા. આપણે આ પરથી એ બોધ લેવાનો છે કે દીનતા રાખવી જોઈએ. તો આ બધા ઊપરથી એ ફલિત થાય છે કે ઉપદેશો



કે ગ્રન્થો એ આપણા જોવા માટે છે. આ જ પ્રશ્ન તમારા પેપરમાં પણ ચર્ચાયો હતો કે પુષ્ટિમાર્ગલક્ષણાનિ ગ્રન્થમાં શ્રીહરિરાયજી જે લક્ષણો આપી રહ્યા છે તે લગભગ બધા શુદ્ધપુષ્ટિ ઉપર જઈ રહ્યાં છે. જ્યારે તમે કહી રહ્યા હતા કે તે લક્ષણો બધાજ પુષ્ટિભક્તો ઉપર લાગુ પડે છે. એમાં પણ એ જ સમજવાની વાત છે કે શુદ્ધપુષ્ટિજીવોને જો આપણે અવતારકાલીન માનીએ તો તેઓ આચાર્યશ્રીના પ્રાકટ્ય પહેલાંના છે. એ લોકોને ઉપદેશ આપવાનો કોઈ પ્રસઞ્જ ઉપસ્થિત નથી થતો.

૧. મૂલવરણ અને બ્રહ્મસમ્બન્ધ વરણ માં ભેદ. આમાં એવું છે કે વ્યુચ્ચરણ વખતે જે જીવવરણ થયું છે તે બાબત મેં ખુલાસો કર્યો કે એને શ્રીમહાપ્રભુજી બીજભાવ કહી રહ્યા છે. જ્યારે જીવવરણ થાય છે ત્યારે વરણના અનુરૂપ બીજભાવ તે-તે જીવમાં સ્થાપિત થાય છે. બ્રહ્મસમ્બન્ધ વખતે જે પરીક્ષણ કરવાનું છે તે *બેઝિકલિ* એ કે તે-તે જીવમાં પુષ્ટિભક્તિનું બીજ છે કે નહીં. હવે આ પરીક્ષણ કેમ થઈ શકે? તો એમાટે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે **"कृपापरिज्ञानञ्च मार्गरुच्या निश्चीयते"**. એ બીજભાવ છે કે નહીં તે માર્ગરુચિથી જાણો. અને એ બીજભાવ શું હોવો જોઈએ તો એ પણ શ્રીમહાપ્રભુજીએ બહુ સ્પષ્ટપણે જણાવી દીધું છે કે **"भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्"**. જે પુષ્ટિસૃષ્ટિનો જીવ હશે તો તેનું સૃજન ભગવદ્રૂપસેવાર્થ થયું છે. આ તારતમ્ય છે. મૂલવરણ વ્યુચ્ચરણ વખતે થાય છે. બ્રહ્મસમ્બન્ધ વખતે બીજનું વરણ કરવામાં નથી આવતું. એ *જસ્ટ રેકગ્નીશન્* છે. એક સિક્કો મારવામાં આવે છે કે તમારામાં પુષ્ટિભક્તિનો બીજભાવ છે, તમારામાં એવી સ્વરૂપયોગ્યતા છે એ ગુરુએ જાણી લીધું છે. અને હવે તમે સ્વરૂપસેવા કરી શકો છો.

ગો. શરદ: बहुत सुन्दर शङ्का - समाधान भये. अब *पेपर्की* प्रस्तुतिके समय वारं - वार ये जो बात कही गई कि "પ્રભુના વરણથી મળે છે એનો અર્થ એ નથી કે ૨૯ એપ્રિલે પ્રભુ કૃપા કરે અને મળે" तो यामें नियतिके सम्बन्धमें शङ्का सी प्रतीत भइ. या सन्दर्भमें भक्तिहेतुनिर्णय ग्रन्थमें श्रीप्रभुचरण आज्ञा करे हें. वहां प्रसङ्ग ये हे के (भगवान्‌की) इच्छाके कारण अनुग्रह होवे हे तथा अनुग्रह भक्तिकु उत्पन्न करे हे ये क्रम हे. अर्थात् अनुग्रह मुख्यकारण हे ओर इच्छा सहकारीकारण हे. यहां एक प्रश्न खड़ो कियो गयो हे के हे जब इच्छासु ही सब सिद्ध हो रह्यो हे तब अनुग्रहकु अलगसु मानवेकी आवश्यकता क्या हे? वाके समाधानमें ये बात कही गई हे के जेसे भगवान् नित्य हें एसे भगवान्‌की इच्छा भी नित्य हे. इच्छा जब नित्य हे तब कोई एक इच्छा नित्य हे ओर दूसरी अनित्य हे एसे तो मान नहीं सकोगे. सब ही इच्छाएं नित्य ही हें. ये स्थिति हे तब जेसे सृष्टिकी इच्छा भगवान्‌की हे एसे ही सृष्टिके संहारकी इच्छा भी भगवान्‌की ही हे. दोनों ही नित्य हें. तब जा क्षणमें सृष्टि होवे हे वाही क्षणमें प्रलय भी क्यों नहीं हो जावे हे? प्रथम सृष्टि होवे हे, स्थिति रहे हे पीछे प्रलय होवे हे. ये तो सिद्ध ही हे. ये उत्पत्ति - स्थिति - प्रलयमें जो पौर्वापर्यभाव हे वो कहांसु आ रह्यो हे? अत: यासु ये सिद्ध होवे हे के भगवान् जब सृष्टिलीला करे हें तब त्रिविध कालको विभाजन करके लीला करे हें. अत: प्रभुचरण आज्ञा करे हें "**एवं सति यदा यथा येन यत्र यद् भवति नश्यति न भवति वा तदा तथा तेन तत्र तद् भवतु नश्यतु माऽभूदिति सृष्टेः पूर्वमेव नियमः कृतइति न सर्वस्य अभावो युगपद्भावो वा प्राप्तावसरः**". अर्थात्



जा प्रकारसुं, जाकेद्वारा, जा ठिकाने जो कछु होवे हे, जो नष्ट होवे हे, वा समय वा प्रकारसु वाके द्वारा वहां वाके होवे नष्ट होवे अथवा नहीं होवेको नियम भगवान् सृष्टिके पूर्व ही बनादे हें. या नियमके कारण ही सब कार्यनको एकसङ्ग भाव अथवा अभाव नहीं होवे हे. अतएव तत्वविचार यदि कियो जाय तो नियति "२९ एप्रिल सवेरे सवा ग्यारह बजे" जेसी हे ये स्वीकारनो पड़ेगो. ओर जहां तक कर्तव्यनिर्धारणको प्रश्न हे तो वामें तो ये निश्चित हे के जो शास्त्र इतनो कठोर नियतिको कथन करे हे वो ही शास्त्र इतने सारे कर्तव्यनको भी कथन करे हे. अतएव नियतिके भरोसे बेठे रहेके कर्तव्यसु पराङ्मुख होनो शास्त्रकु केसे अभिलषित हो सके हे? अतएव या विचारसु प्रेरित होके जा क्षण मार्गरुचि भई वा ही क्षण व्यक्तिकु साधनाचरणमें प्रवृत्त हो जानो चहिये. अब ये बात अधिकारके उपर निर्भर करे हे के जेसे आचार्यचरण भागवतार्थनिबन्धमें आज्ञा करे हें "**उत्तमस्य संक्षेपकथनेनापि भक्तिर् भवतीति आदिमध्ययोस्तु न भवतीति तदर्थं विवरणम्**" जो उत्तमाधिकारी हें वो शीघ्र स्वीय साधननमें प्रवृत्त हो जायेंगे मन्द - मध्यमनकु विलम्ब होयगो. तो या सन्दर्भमें ये थोड़ी बातें ध्यानमें रखनी चहिये.

અસિત શાહ: मेनें जो नियतिकी बात कही हती वो जीववरण जन्मवरण मार्गवरण केसन्दर्भमें कही हती. वो तो व्युच्चरणके बखत ही तय हो जा रह्यो हे. तो पुष्टिजीव होनेकी या भगवद्रूपसेवार्थ वाको सृजन होयवेकी जो अधिकारिता हे वो वा बखत तय हे. वाकेलिये अलगसु कृपा होयगी ओर वासु फिर अधिकारिता आयेगी एसी बात नहीं हे या अर्थमें मेनें कही हती.

# अधिकारविचारकी आवश्यकता

डॉ. जया शुक्ल

अधिकार विचारकी आवश्यक्ता इस जगत्‌में किसी भी संस्थामें, हमारे जीवनमें, हमारे सम्पर्कमें आने वाले प्रत्येक व्यक्तिकेलिए अत्यावश्यक है. अधिकार भेदसे फल भेद हो जाता है. अधिकारीके स्तरके अनुसार एक ही वस्तु उत्तम मध्यम एवं हीन रूपान्तरणको प्राप्त हो जाती है. उदाहरणार्थ स्वाति नक्षत्रकी वर्षाकी बूंद कदलीमें गिरकर कर्पूर बनती है ओर सीपीमें गिरने पर उसकी परिणति मुक्तामें होती है, किन्तु वही बिन्दु सर्पमुखमें गिरने पर विष बन जाता है.

अध्यात्मके क्षेत्रमें भी अधिकारविचार सर्वत्र किया गया है. इसी दृष्टिसे गुरुके द्वारा शिष्यकी सम्यक् परीक्षाका विधान है.

दर्शन शास्त्रका परम ध्येय है: परमानन्दकी प्राप्ति. परन्तु सभी जीव इस परमानन्दको प्राप्त नहीं कर पाते है. तामसी वृत्तिके लोगोंको इन्द्रियगत सुखोंकी लालसा होती है. उसे प्राप्त करनेका वे सहज एवं सतत् प्रयत्न करते हैं. परन्तु उन्हें अपने सारे प्रयत्नोंके बाद भी वह सुख पूर्णतः प्राप्त नहीं होता. सभी जीव परमानन्दकी प्राप्तिके अधिकारी नहीं हो पाते हैं. कुछ ही एसे भाग्यवान् होते हैं जो इस परम पद एवं परमानन्दको प्राप्त करनेका प्रयास करते है, या इस मार्गमें अग्रसर होनेकेलिये उन्हें सद्गुरु उपलब्ध हो जाते है.

कठोपनिषद्ने भी यही कहा है ''**श्रवणायापि बहुर्भि यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विदुः. आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाऽऽश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः**'' (कठोपनि.२।७). इस प्रकार कठोपनिषद्में जब यमराजको यह विश्वास हो गयाकी यह नचिकेता दृढ निश्चयी, परम वैराग्यवान् एवं निर्भीक है तथा ब्रह्मविद्याका उत्तम अधिकारी है तभी उसे ब्रह्मविद्याका उपदेश किया. एवं कहा कि विषयासक्त एवं प्रत्यक्षवादी जन आत्मतत्त्वको जानते भी नहीं हैं तथा उस तत्त्वज्ञानको सुननेके पश्चात् भी बहुतसे उसके गूढार्थको समज कर हृदयङ्गम नहीं कर पाते हैं तथा इसके वक्ता तथा श्रोता (ज्ञाता)भी परम दुर्लभ होते हैं.

इसके अतिरिक्त जगत्‌में दो प्रकारके विषय होते है: १. प्रेय २. श्रेय. जब मनुष्यके समक्ष श्रेय तथा प्रेय दोनों विषय आते हैं तब अधिकांश लोग प्रेयको अपने योगक्षेममें सहयोगी होनेके कारण अपना लेते हैं तथा श्रेयकी उपेक्षा कर बैठते हैं[१].

इसी प्रकार भगवद्गीतामें भी भगवान् कृष्णने यही कहा है कि आत्मचिन्तन या आत्मतत्त्वको जानना हरएककेलिए दुर्लभ है. किसी-किसीको ही पूर्ण प्रयत्न करनेके पश्चात् तथा सद्गुण प्राप्त हो ओर पूर्व जन्मके इसी प्रकारके संस्कार हों तो ही यह जाना जा सकता है. अतएव उस परम पदको प्राप्त करनेकेलिए सतत प्रयास पूर्वक उसका 'अधिकारी' बनना आवश्यक है[२].

जिस प्रकार परिष्कृत किए हुए खेतमें ही बीज बोया जा सकता है ओर फिर भी खेत सभी प्रकारके बीजोंको अङ्कुरित करनेमें सक्षम नहीं होते, उसकी माटी, पर्यावरण, ऋतु भी अनुकूलता इत्यादि सभी वस्तुएं जैसे आवश्यक हैं उसी प्रकार साधककेलिए भी संस्कार, परिष्कार एवं अधिकार अत्यन्त आवश्यक हैं. अधिकारी जिज्ञासु बीजरूपी उपदेशको धारण करनेमें समर्थ हो सकता है. अन्यथा ज्ञानीके द्वारा

दिये गये उपदेश उसके पास ऊसर भूमिमें बोए हुए बीजकी भांति नष्ट हो जावेंगे. इतना ही नहीं अनधिकारीको दी गई विद्या तो विपरीत फल देनेवाली तथा अनिष्टकारक भी हो सकती है. इसलिए जीवको अध्यात्मका अधिकारी बननेकेलिए कतिपय नियमोंका पालन करके परम तत्त्वकी प्राप्तिका अधिकारी बनना होगा.

श्रीमद् भगवद्गीता एक तत्त्वज्ञानके उपदेशका ग्रन्थ है; परन्तु भगवान् कृष्णने इस उपदेशको तत्काल अर्जुनको न देकर उसकी ओरसे जिज्ञासा ओर प्रपन्नताकी अभिव्यक्ति होने पर ही उसे उपदेश दिया था[३].

इस प्रकार कठोपनिषद्से ज्ञात होता है कि यमराजने नचिकेताकी पात्रताकी सम्यक् परीक्षा ली थी ओर उसे अनेक प्रलोभन दिये थे. इसी प्रकार कृष्णने भी अर्जुनका मोहभङ्ग होने पर ही उसे तत्त्वज्ञानका उपदेश दिया था.

इसी प्रकार महाप्रभु श्रीमद् वल्लभाचार्यजीने गुरुकी भी परीक्षाका आदेश दिया है. 'सर्वनिर्णय'में कहा है कि जो जिज्ञासु हो उसने आदरपूर्वक ऐसे गुरुका सेवन करना चाहिए जो कृष्णसेवामें तत्पर हो[४]. दम्भादिसे रहित हो. तथा इसीके शास्त्रार्थप्रकरणमें भी मुक्तिके अधिकारीका विवेचन करते हुए श्रीवल्लभाचार्यजी आज्ञा करतें है कि सात्विक भगवद्भक्त मुक्तिके अधिकारी हैं. तथा भगवदिच्छासे जिनका यह अन्तिम जन्म है उनकेलिए शास्त्रोंके तात्पर्यका निरूपण किया जाता है[५].

इतने विवेचनसे स्पष्ट है कि 'अधिकार'का स्पष्ट अर्थ है : पात्रता या योग्यता. श्रीमद् वल्लभाचार्यजी अपने 'अणुभाष्य'ग्रन्थमें अधिकार तथा अधिकारी की चर्चा करते हुए ''अथातो ब्रह्मजिज्ञासा'' इस ब्रह्मसूत्रके प्रथमसूत्रकी व्याख्यामें कहते हैं कि '''अथ' शब्दो अर्थचतुष्टये वर्त्तते : मङ्गले, अधिकारे, आनन्तर्ये अर्थान्तरोपक्रमे च''. अर्थात् 'अथ'का तात्पर्य मङ्गल, अधिकार, आनन्तर्य ओर अर्थान्तरोपक्रम इन चार अर्थोसे है. श्रुतिके सारे ही अर्थ माङ्गलिक हैं इसलिए 'अथ'शब्द मङ्गलार्थक तो हो ही नहीं सकता. पूर्वमें कुछ कहा भी नहीं गया है इसलिए 'अथ'शब्द अर्थान्तर बोधक भी नहीं हो सकता है. 'आनन्तर्य'का अर्थ होता है अध्ययनके बाद अधिक आकाङ्क्षा होती है यही 'आनन्तर्य' अर्थका तात्पर्य है. जैसे अध्ययनके बाद स्वतः ही ब्रह्मसम्बन्धी अधिक आकाङ्क्षा होती है वैसे ही धर्मके बाद भी होगी ही. इसलिये 'अथ'शब्द धर्मके आनन्तर्य अर्थमें भी प्रयुक्त नहीं है. उपर्युक्त विवेचनसे यही सिद्ध होता है कि पुरुषार्थकी सिद्धि 'अधिकार' पक्षमें ही होती है आनन्तर्य पक्षमें नहीं[६].



जो फलाकाङ्क्षी वेदान्तशास्त्रके अधिकारी हैं उन्हें विचारके फलस्वरूप शाब्दज्ञान होता है. मनन आदिसे उस ज्ञानकी अपरोक्ष अनुभूति होती है. अतएव अनर्थकी निवृत्ति होकर परमानन्द पुरुषोत्तमकी प्राप्ति होती है. तो जो अनर्थको त्यागने वाले विरक्त हैं, जो कि ब्रह्मको प्राप्त करनेकेलिए आकुल रहते हैं वे अधिकारी क्यों न होंगे? अनन्यभावसे परमात्मप्राप्तिकी कामनावाले ब्रह्मवेत्ताको ही अधिकारी बतलाया गया है[७].

इसी प्रकार रामचरितमानसमें कलियुगका वर्णन करते हुए उत्तरकाण्डमें तुलसीदासजीने कहा है कि इस कलिकालमें स्त्री-पुरुष ब्रह्म ज्ञानके अलावा दूसरी बात करते हुए दिखाई नहीं देते, परन्तु उनमें लोभवृत्ति विशेषरूपसे होती है, इसलिए वे अवसर प्राप्त होनेपर थोडेसे द्रव्यके लोभके वशीभूत होकर ब्राह्मण और गुरुकी हत्या भी करनेमें नहीं चूकते[८]. इससे यह स्पष्ट है कि अधिकारीकी नितान्त आवश्यक्ता है. अन्यथा वह ऐसे अनर्थ भी करनेसे नहीं चूकता.

बृहदारण्यकोपनिषद्के पञ्चम अध्यायके द्वितीय ब्राह्मणमें एक प्रसङ्ग

उल्लेखनीय है. एक बार देवों, मनुष्यों ओर असुरों ने अपने पिता प्रजापतिके पास जाकर ज्ञान प्राप्त करनेकी इच्छा प्रकट की. उन्होंने प्रजापतिके यहां ब्रह्मचर्यवास किया और प्रजापतिके पूछने पर अपनेको कोई उपदेश करनेका निवेदन किया. प्रजापतिने तीनोंको 'द' यह अक्षर कहा ओर पूछा ''समझ गए?''. इसपर देवोंने कहा ''आपने हमें 'दमन करो' ऐसा कहा है''. मनुष्योंसे पूछने पर उन्होंने कहा ''हमें आपने 'दान करो' ऐसा कहा है''. तथा असुरोंसे पूछने पर उन्होंने कहा ''हम भी समझ गए. आपने हमें 'दया करो' एसा कहा है[१].

प्रजापतिके अनुशासनकी मेघगर्जनारूपी वाणी तीनों 'द'का इसी प्रकार अनुवाद करती है कि ''हे भोग प्रधान देवों! इन्द्रियोंका दमन करो.'' ''हे संग्रहप्रधान मनुष्यों! भोगसामग्रीका दान करो'' तथा ''हे क्रोध-हिंसाप्रधान असुरों! जीवों पर दया करो''. अतः दम, दान ओर दया इन तीनोंको सीखें. इस प्रकार हमने देखा कि जीव अपनी पात्रता या अधिकार के अनुसार ही उपदेशको ग्रहण कर पाता है. अधिकारी होनेकी आवश्यक्ता तथा अधिकारीके विचारकी आवश्यक्ताका एक ओर सुन्दर दृष्टान्त छान्दोग्योपनिषद्में भी देखनेको मिलता है.

एक बार देवताओंके राजा इन्द्र तथा असुरोंके राजा विरोचन हाथमें समिधाएं लेकर प्रजापतिके पास आए. उन दोनोंने वहीं ३२ वर्षों तक ब्रह्मचर्य वास किया. तब प्रजापतिने उनसे पूछा ''तुम यहां किस इच्छासे रह रहे हो?'' उन्होंने कहा ''जो आत्मा पापरहित, जरारहित, मृत्युरहित, शोकरहित, क्षुधाहीन, तृषाहीन, सत्यकाय तथा सत्यसङ्कल्प है उसका अन्वेषण करना चाहिए'' जो उस आत्माका अन्वेषण करके उसे विशेषरूपसे जान लेता है वह सम्पूर्ण लोक और समस्त भोगोंको प्राप्त कर लेता है. उसी आत्माको जाननेकी इच्छा करते हुए हम यहां रहे हैं''(ब्रह्मदा.उप.२।१।२।३). इस पर प्रजापतिने उन्हें कहा ''यह जो नेत्रोंमें पुरुष दिखाई देता है वही



आत्मा है. वही अमृत है. वही आश्रय है. तथा वही ब्रह्म है''. तब असुरों एवं देवोंके पुनः पूछने पर कि ''जल में जो प्रतिबिम्ब दिखाई देता है तथा दर्पणमें दिखाई देता है उनमेंसे आत्मा कौनसी है?''. तब प्रजापतिने कहा ''मैनें जिस नेत्रान्तर्गतपुरुषका वर्णन किया है वही इन सब में सब ओर प्रतीत होता है''. इसके बाद प्रजापतिके कहने पर उन्होंने जलके शकोरेमें अपने आपको देखा तथा सुन्दर वस्त्रालङ्कार धारण करके पुनः अपने प्रतिबिम्बको देखा. तब प्रजापतिने कहा ''यह आत्मा है ओर यही ब्रह्म है''. तब ये दोनों शान्तचित्त होकर चले गए. प्रजापतिने उन्हें दूर गया देखकर कहा ''ये दोनों आत्माको उपलब्ध किए बिना; बगैर आत्मसाक्षात्कारके ही जा रहे हैं''. असुरोंके राजा विरोचन तो सन्तुष्ट होकर, शान्तचित्त होकर असुरोंके पास पहुंचे ओर उनको यह आत्मविद्या सुनाई. वे शरीरको ही आत्मा समझने लगे. इसीलीए ऐसी वृत्तिवाले पुरुषको ''यह आसुरी वृत्तिवाला है'' ऐसा कहकर तिरस्कृत किया जाता है. परन्तु इन्द्रका समाधान नहीं हुआ. वे पुनः-पुनः तीन बार देवताओंके पास न पहुंचते हुए प्रजापतिके पास आए ओर पौनः पुन्येन अपने मनकी शङ्का उनके समक्ष प्रस्तुत की. प्रजापतिके कहने पर तीनों बार उन्होंने ३२ वर्षों तक वहां ब्रह्मचर्यवास किया. अन्तमें ५ वर्षों तक और ब्रह्मचर्यवास करते रहे तथा विचार करते-करते तथा बार-बार प्रजापतिके उपदेशसे उनका अन्तःकरण शुद्ध हो गया. तब वे ज्ञानप्राप्तिके अधिकारी हुए. इस प्रकार विरोचन तथा इन्द्र दोनोंमें अधिकारभेद होनेसे ही तत्त्वज्ञानमें अन्तर हुआ. अतः अधिकारविचारकी नितान्त आवश्यक्ता है तथा उस विचारके फलस्वरूप अपने आपको तत्-तत् विषयका अधिकारी बनाना चाहिए.(छान्दो.उप.८-१२).

श्रीमद् वल्लभाचार्यजीने तत्त्वार्थदीपनिबन्धके शास्त्रार्थप्रकरणमें अधिकारीकी व्याख्या की है. इसका विवेचन पहले किया जा चुका है. इस प्रकार श्रीमद् वल्लभाचार्यजीनें भी अपने महत्त्वपूर्ण वेदान्तग्रन्थोंमें

'अधिकारी'की विशद् व्याख्या की है. जब तक 'अधिकार' प्राप्त नहीं होगा तब तक सारे प्रयत्न निरर्थक होंगे. श्रीमद् भागवत्में भी श्रोता तथा वक्ता केलिए उन लक्षणोंका विशेष विवेचन किया गया है जिनके द्वारा वह श्रोता ओर वक्ता का अधिकार प्राप्त कर सकता है.

षोडशग्रन्थमें भी श्रीमहाप्रभुजीने 'जलभेद'ग्रन्थमें बीस प्रकारके वक्ताओंका वर्णन किया है. पञ्च पद्यानिमें श्रोताके भेदोंका निरूपण किया है. इससे वक्ता और श्रोताके अधिकारका परिचय प्राप्त होता है. इस प्रकार वेदों, पुराणों अन्य दर्शन ग्रन्थों तथा सम्प्रदायके सभी महत्त्वपूर्ण ग्रन्थोमें अधिकारविचारकी आवश्यक्ताका निरूपण प्रकारान्तरसे किया गया है. इति शुभम्.

**परिशिष्ठ :**

१. कठोपनिषद् द्वितीय वल्ली.

२. ''श्रेयश्च प्रेमश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्ति धीरः,
श्रेयो हि धीरोऽभिप्रयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते'' (कठोपनीषद् २।२)

३. ''आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यविद्वदति तथैव चान्यः,
आश्चर्यवच्चैनमन्यः श्रुणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित्'' ( गीता २।२९)

४. ''कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्म सम्मूढचेताः,
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वा प्रपन्नम्'' (गीता २।७)

५. ''कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्,
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात्'' ( सर्वनि. २२६-२७)

६. ''सात्विकाः भगवद्भक्ताः ये मुक्तावधिकारिणः,
भवान्तसम्भवा दैवात् तेषामर्थे निरूप्यते ( शास्त्रार्थप्रकरण )

७. ''किञ्च अधिकारपक्षे पुरुषार्थः सिद्ध्यति, नानन्तर्य पक्षे, उक्तन्यायात्. किञ्च तादृशस्य अधिकारिणः श्रवणमात्रेण कृतार्थस्य समाधिनिरतस्य प्रवचनासम्भवात्



शास्त्रोच्छेदः, शास्त्रविरोधश्च. साधनानामग्रे स्वयमेव वक्तव्यत्वात्. अतोऽनेकदोषदुष्टत्वाद् आधिकारार्थएव श्रेयान्'' (अणुभाष्य १।१।१).

८. ''ननु फलप्रेप्सुरधिकारी. फलं च विचारस्य शाब्दं ज्ञानम्, तस्य मननादि द्वाराऽनुभवः. तस्य चानर्थ निवृत्तिपूर्वकपरमानन्दावाप्तिः. तथाच विरक्तोऽनर्थजिज्ञासुः परप्रेप्सुश्चाधिकारी कस्मान् न भवति? ''शब्दब्रह्मणि निष्णातो च निष्णायात् परे यदि. श्रमस्तस्य फलं मन्ये ह्यधेनुमिव रक्षतः'' इति भगवद्वचनात् केवलस्य निन्दाश्रवणादिति चेत्, न फलकामनाया अनुपयोगात्. अनन्येनैव तत्समर्पणात्. नित्यत्वादप्यर्थज्ञानस्य न फलप्रेप्सुरधिकारी. निन्दार्थवादस्तु मननादिविधिशेष इति मन्तव्यम्''. ( तत्रैव ).

९. ''ब्रह्मज्ञान बिनु नारिनर, कहहिं न दूसरि बात,
कोहि लागि लोक बूझ, करहिं विप्र गुरु घात''.( रामच.मा.उ.का. ९९ )

# ચર્ચા

## अधिकारविचारकी आवश्यकता

### श्रीजयाबेन शुक्ल

ગો. શ૨૬: औपनिषद् दृष्टान्तोंको लेते हुवे श्रीजयाबहिन शुक्लने अपने आलेखकी रोचक प्रस्तुति की है. इनको शीर्षक दिया गया था: ''अधिकारविचारकी आवश्यकता''. इसमें इनसे सर्वसामान्यदृष्टिसे अधिकारविचारकी आवश्यकता अपेक्षित थी अत: इन्होंने उसी प्रकारसे अपने आलेखको प्रस्तुत किया. शास्त्रार्थ-सर्वनिर्णय निबन्धमें जहां-जहां अधिकारका निरूपण किया गया है उसकी ओर केवल अङ्गुलिनिर्देश किया. एक प्रश्न श्रीरेखाबहिन सिंहलका है जो कि इस पत्रके विषयसे सम्बद्ध होनेके कारण मैं आप लोगोंके सामने चर्चाकेलिये प्रस्तुत कर रहा हुं. यह प्रश्न इसलिये प्रासङ्गिक बन रहा है क्योंकि अधिकारविचार सर्वथा आवश्यक है ऐसा श्रीजयाबहिनने अपने पत्रमें प्रतिपादित किया है. और इस प्रश्नमें इससे ठीक विपरीत अभिप्राय प्रतिध्वनित हो रहा है. उनका प्रश्न उन्हींके शब्दोमें मैं पढ रहा हुं.

प्रश्न: श्रीगोवर्धनधरने श्रावणशुक्ल ११की मध्यरात्रिमें श्रीमहाप्रभुजीको जीवोंका ब्रह्मसम्बन्ध करवानेकी आज्ञा दी थी. इसका केन्द्रविन्दु वे जीव प्रतीत होते हैं जो अनेक दोषोंसे भरे हुवे हैं. ऐसे ही दोषयुक्त जीवोंकी ब्रह्मसम्बन्धके द्वारा दोषमुक्ति बतलाई गई है. इस आज्ञामें यह सङ्केत कहीं भी नहीं मिलता है कि केवल दैवीजीवोंका ही ब्रह्मसम्बन्धकरवाया जाय अन्यका नहीं. भगवान् श्रीकृष्ण तो पतितपावन हैं. और महाप्रभुजी विशेष कारुणिक हैं. इसलिये पतितजीवोंका उद्धार तो उनसे होना चाहिये. दैवीजीव सद्बुद्धिके कारण अन्य साधनोंसे भगवत्प्राप्ति कर सकते हैं किन्तु दोषोंसे भरे बेचारे पतितजीवोंका क्या होगा?'' इससे यह प्रतीत होता है कि पुष्टिमार्गमें अधिकारका विचार आवश्यक नहीं होना चाहिये. इस विषयमें आप अपने अभिप्राय प्रकट करें.



અસિત શાહ: जैसे महाप्रभुजीका एक नाम है ''**महाकारुणिक:**'' ऐसे दूसरा भी एक नाम है ''**दैवोद्धारप्रयत्नात्मा**''. इस नामके आशयका यदि हम विचार करें तो इस प्रश्नका समाधान हो जाता है. महाप्रभुजीका प्राकट्य केवल दैवीजीवोंके उद्धारार्थ है. अवतारकालमें यह सम्भव होता है कि जीवके अधिकारका विचार किये बिना ही प्रभु किसी जीवका उद्धार कर दें. लेकिन महाप्रभुजीका प्राकट्य आचार्यपरम्पराके अनुरूप है. अत: आपने अपनी स्वरूपमर्यादाके अनुसार दैवीजीवोंके उद्धारकेलिये ही परिश्रम किया. और जहां तक सिद्धान्तरहस्यकी बात है तो पुष्टिमार्गमें सिद्धान्तरहस्य ही एकमात्र ग्रन्थ नहीं है. अत: साम्प्रदायिक अन्य ग्रन्थोंके साथ उसमें निरूपित सिद्धान्तोंकी सङ्गतिका विचार करना चाहिये. तो आज सुबह मैनें बतलाया कि ''**भगवद्रूपसेवार्थं तत्सृष्टि:**''. दैवी जीवोंके अन्तर्गत जो पुष्टिजीव हैं जिनको भगवान्ने अपनी स्वरूपसेवार्थ प्रकट किया है उनको ही ब्रह्मसम्बन्धदीक्षा देनी चाहिये.

જયા શુક્લ: दैवीजीवकी क्या परिभाषा है? आचार्य उनको परख कर दीक्षा देते हैं क्या?

અસિત શાહ: वार्ताका अवगाहन करें तो यह स्पष्ट हो जाता है. यदि कोई व्यक्ति आचार्यजीको दैवी नहीं लगता है तो आप आज्ञा करते थे कि वो दैवी नहीं है अत: उसे दीक्षा

नहीं देंगे अथवा केवल शरणदीक्षा देंगे. कुछ लोगोंको तो शरणदीक्षा भी नहीं दी जाती थी. अब दैवीजीव किसे कहा जाय. पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थमें आता है. दैवी जीव दो होते हैं एक तो पुष्टिजीव और दूसरे मर्यादा जीव. जिनका वरण प्रभुने इस तरहसे किया है कि जीव साधनोंकेद्वारा प्रभुको प्राप्त करे अथवा प्रभु स्वयं उसके साधन बन जायें और अन्ततः उसको प्रभुप्राप्ति हो वो दैवी हैं. जो आसुरी जीव होते हैं उनको प्रभुप्राप्ति नहीं होती है.

ગો. શ૨દ: भगवद्गीताके दैवासुरसम्पद्विभागयोगमें दैवी - आसुरी जीवोंका लक्षण स्वयं भगवान्ने परिभाषित कर दिया है. भगवान् कहते हैं: **''द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च''** **''दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता''**. भक्ति अथवा मुक्ति के जो अधिकारी हैं, उद्धारयोग्यता जिनमें है वो दैवी हैं. और उद्धारयोग्यता जिनमें नहीं होती है, संसृति ही जिनकी नियति है वे आसुरी हैं. इस तरहसे भगवान्ने गीतामें परिभाषित किया है. गीतोक्त दैवीजीवोंका वर्गीकरण आचार्यचरणोने किया है. क्योंकि देखा जाता है कि कुछ जीव भगवद्वचनमर्यादाके अनुसार जीवनयापन करते हैं और कुछ जीव ऐसे भी होते हैं कि जो धर्मिनिष्ठ, भगवत्स्वरूपनिष्ठ अथवा स्नेहभक्ति प्रधान होते हैं. **''वचसा वेदमार्गंहि पुष्टिं कायेन निश्चयः, मूलेच्छातः फलं लोके वेदोक्तं वैदिकेऽपि च, कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकधा''** ''. एसे दोनों प्रकारके जीवोंका भगवान् उद्धार करते हैं यह भी शास्त्रसे ज्ञात होता है. दैवीमें जो पुष्टिजीव हैं उनके भूतलपर समागमनका प्रयोजन आचार्यचरण यह मानते हैं कि **''भगवद्रूपसेवार्थं तत्सृष्टिः नान्यथा भवेत्''**. पुष्टिजीवोंको भगवानने अपनी स्वरूपसेवार्थ ही भूतलपर भेजा है. इन



जीवोंकी इससे अन्य गति हो ही नहीं सकती है. अतएव इस प्रकारके जो पुष्टिजीव भूतलपर हैं उनकेलिये ही आचार्यचरणोंने पुष्टिभक्तिसम्प्रदायका प्रवर्तन किया है. अब ऐसी स्थिति होने पर जिन जिवोंकी अभिरुचि भगवत्सेवा-स्मरणमें न हो उनको पुष्टिभक्तिसम्प्रदायमें अङ्गीकृत करना तो भगवदिच्छाके ही विपरीत जानेका दुःसाहस माना जायेगा. अतएव अधिकारविचार तथा जीवोंका परीक्षण सर्वथा आवश्यक बन जाता है. अब आपका जो प्रश्न था कि अन्य पतित जीवोंका तब क्या होगा? तो इसका उत्तर यह है कि अन्य जीव यदि वे दैवी हैं तो उनकेलिये भगवान्ने मर्यादामार्गका प्रवर्तन किया ही है. उसके अन्तर्गत कर्मयोग ज्ञानयोग उपासनाभक्ति तथा शरणागति जैसे साधन शास्त्रोंमें दिखलाये गये हैं. अधिकारानुसार इन साधनोंका अनुष्ठान मुमुक्षु जीवोंको करना चाहिये. और जो प्रवाही जीव हैं तो भगवद्वचनानुसार उनकी सुनिश्चित गति **''निबन्धायासुरी मताः''** जन्म-मरणात्मिका संसृति ही है. यह व्यवस्था है.

ગો. યોગેશ: आपने कहा है कि फिर पतितजीवोंका क्या होगा? तो देखा जाता है कि जिनका दैवीसर्गमें वरण हुवा है वो जीव भी पतित हो सकते हैं. मतलब यह कि आसुरीजीव ही पतित होते हैं और दैवीजीव पतित नहीं होते ऐसा जरूरी नहीं है. अब जो दैवी है और किसी कारण वह पतित हुवा है तो उसका उद्धार होगा.

રેખા સિંઘલ: **''समदर्शी है नाम तिहारो ...नैया पार करो''** ये बात कहां रही. केवल जो दैवी जीव हैं उनके प्रति सहानुभूति है जो दैवी नहीं है उनके प्रति भेदभाव है. तो समदर्शिता कहां है.

ગો. યોગેશ: जो दैवी नहीं हैं उनके मनमें तो यह बात ही नहीं आयेगी कि मुझे प्रभुप्राप्ति करनी चाहिये. आसुरी यह क्यों चाहेंगे.

यदि किसी जीवमें ऐसी भावना जागृत होती है कि "मैं पतित हुं और भगवान् मेरा उद्धार करें" यह दीनता और प्रभुप्राप्तिकी लालसा ही उसके दैवी होनेका प्रमाण है. यही तो दैवीका लक्षण है. अतः यदि कोई पतित है तो उसका भी उद्धार तो है.

ગો. શ્રર૬: विषमदर्शिताके सम्बन्धमें यदि हम सोचें तो स्वयं भगवान्का ही वचन है "**समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः**" भगवान् कहते हैं कि मैं प्राणिमात्रके प्रति सम हुं. न मेरा कोई प्रिय है और न ही मेरेलिये कोई द्वेष्य है. अब इसके बादका वचन सुनें "**ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्**". भगवान् कहते हैं कि यदि तत्वविचार किया जाय तो यह सृष्टि मेरी आत्मसृष्टि होनेसे मेरेलिये सब समान् हैं. न कोई द्वेष्य है न कोई प्रिय है. परन्तु यदि लीलाकी दृष्टिसे देखा जाय तो जो जीव मेरी प्रमेसे सेवा करते हैं तो मयी ते, तेषु अहम्; वो मेरेमें हैं और मैं उनमें हुं. यह भगवान्का उत्तर है. तत्वदृष्टिसे समानता है तो लीलदृष्टिसे भेद भी है. इस पर भी यदि विषमता लगती हो तो यह आक्षेप भगवान्के उपर है.

રેખા સિંઘલ: वार्ताप्रसङ्गमें यह आता है कि पति-पत्नी या पुत्र एक घरमें है, एकको ब्रह्मसम्बन्ध दिया है तो दूसरेको अनधिकार कह कर भगा दिया है. तो वह तो सम्पर्कसे भी गया. अब वो कैसे मार्गमें आ सकेंगे?

ગો. શ્રર૬: आ भी सकते हैं और नहीं भी. दोनों तरहके दृष्टान्त मिलते हैं. जैसे श्रीदामोदरदास सम्भलवारेकी वार्तामें आता है कि पुत्र म्लेच्छ होगा यह जानकर श्रीदामोदरदासकी पत्नीने जन्म होते ही उसका त्याग किया. श्रीदामोदरदासके देहावसानके बाद अपने जीवनकालमें ही उन्होंने म्लेच्छपुत्रके भयसे अपने श्रीठाकुरजी और सब सम्पत्ति आचार्यजीके घर भेज दी. कुछ दृष्टान्त ऐसे भी मिलते हैं कि प्रारम्भमें भगवन्मार्गके विरोधी होते हैं और बादमें कभी सत्सङ्गादिके कारण आदर होने पर भगवन्मार्गका अनुसरण भी करने लग जाते हैं. इन्ही सम्भावनाओंका विचार करके आचार्यचरणोंनें पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थमें प्रवाहीजीवोंका निरूपण करनेके पश्चात्त "**प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते, सोऽपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः**" ऐसा कहा है. अर्थात् यदि कोई पुष्टिजीव पूर्वजन्मके कर्मोंके कारण अथवा भगवदिच्छासे प्रवाहमार्गीओंके बीच आ जाता है तब भी भगवान्ने क्योंकि उसका वरण पुष्टिजीवत्वेन किया है अतः वह प्रवाही नही बन जाता है, पुष्टि ही रहता है. इसी तरह प्रवाही तथा मर्यादा जीवोंके बारेमें भी समझना चाहिये. तात्पर्य यह है कि भगवान्द्वारा किये गये वरणमें कोई परिवर्तन नहीं हो सकता है. दृष्टान्त मिलते हैं कि प्रह्लाद विभीषण बली आदि आसुरी जीवोंके बीच रहने पर भी भक्त बने रहे. तो भगवान्ने ही जब सृष्टि ऐसी प्रकट की है तो इन सम्भावनाओंको हमें स्वीकार कर चलना पड़ेगा. अतः भगवदिच्छाका विचार करते हुवे पुष्टिमार्गमें दीक्षा उन जीवोंको ही देनी चाहिये कि जिनको पुष्टिमार्गानुसार कृष्णसेवा-स्मरण करनेमें रुचि हो.

# સમ્પ્રદાયમાં અધિકારનો વિચાર કેમ ?

ડૉ. પિયૂષ પરીખ

લૌકિક પ્રસઙ્ગો તો પ્રચુર માત્રામાં આપણી આજુ-બાજુ થતા જ હોય છે. કેટલાકમાં આપણી હાજરી પણ હોય છે. લગ્ન વગેરે પ્રસઙ્ગોમાં સગા તરીકે કે સમ્બન્ધિ તરીકે આપણો અધિકાર વિચારીને જ આપણને આમન્ત્રણ મળે છે ને! મોટી ભરાતી સભાઓમાં અધ્યક્ષ વગેરે પદોપર જે-તે અધિકારવાળાનેજ નિમવામાં આવે છે ને! કોલેજમાં ભણવા એસ. એસ. સી. પાસ થયાનો અધિકાર જરૂરી બને છે ને! કર્મકાણ્ડની ક્રિયાઓ કે વૈદિકવિધિઓ પણ અમુક અધિકારવાળાજ કરાવી શકે છે ને! આમ આપણે જોઈ શકીએ છીએ કે દરેક ક્ષેત્રમાં અધિકારનો વિચાર કરવામાં આવતો જ હોય છે.

પુષ્ટિમાર્ગની મહત્તાનું વર્ણન કરતાં શ્રીગોપાલદાસભાઈ ગાય છે: **"એવો મારગ શ્રીવલ્લભ વરનો રે, જ્યાં નહિં પ્રવેશ વિધિ-હરનો રે"**( વલ્લભાખ્યાન ૫-૭ ). આથી જ આવા ઉત્કૃષ્ટ સંપ્રદાયમાં અધિકારનો વિચાર હોવોજ જોઈએ.

શ્રીમહાપ્રભુજીનું ભૂતલે પધારવાનું એક બીજું કારણ પણ છે: દૈવીજીવોનો ઉદ્ધાર કરવો. સર્વોત્તમજીમાં શ્રીગુંસાઈજી આપશ્રીને **"દૈવોદ્ધારપ્રયત્નાત્મા"** કહે છે. શ્રીવલ્લભાખ્યાનમાં શ્રીગોપાલદાસજી કહે છે **"ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં ઈચ્છા કરી હરિ સાર, તેણે હેતે આપો પૈં પ્રગટ્યા શ્રીવલ્લભ રાજકુમાર"** (વલ્લભાખ્યાન ૧-૨૩ ). આમ દૈવીજીવો આ માર્ગના અધિકારી છે તે નિશ્ચિત થાય છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી ભગવાન્ સુધી પહોંચવા હિન્દુ ધર્મમાં બે મુખ્ય માર્ગો બતાવે છે: ૧. મર્યાદામાર્ગ



૨. પુષ્ટિમાર્ગ. ત્રીજો પણ એક માર્ગ છે જેના પ્રવાસીઓ કદી ભગવાન્ સુધી પહોંચતા નથી. જન્મ-મરણના ફેરામાં અટવાયા કરે છે. તે પ્રવાહ માર્ગ છે. મર્યાદામાર્ગમાં પણ ત્રણ પેટા માર્ગો છે: ૧. કર્મ ૨. જ્ઞાન અને ૩. ભક્તિ. જુદા-જુદા માર્ગોપર ચાલનારા જીવો બહારથી એકજ સરખા દેખાતા હોવા છતાં જન્મથી, સ્વભાવથી, તેમની ક્રિયાઓથી અને તેમને મળતાં ફળથી અલગ-અલગ પ્રકારના છે. **"પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્-પૃથક્, જીવદેહક્રિયાભેદૈ: પ્રવાહેણ ફલેન ચ, વક્ષ્યામિ સર્વસંદેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતે:"**. શ્રીગીતામાં દૈવ-આસુર બે પ્રકારની ભૂતસૃષ્ટિ કહી છે. તેમાં આસુરસૃષ્ટિ તે પ્રવાહમાર્ગ. દૈવીસૃષ્ટિ બે પ્રકારની છે તેમ શ્રીમહાપ્રભુજી કહે છે. ૧. મયાર્દા ૨. પુષ્ટિ. વિચિત્ર લીલા કરવાની ઈચ્છાથી ભગવાને મનવડે પ્રવાહીસૃષ્ટિ ઉત્પન્ન કરી. આ જીવો કોઈ મર્યાદા વગર માત્ર મનમાને તેમ મહાલતા થયા. મન:સન્તોષ પૂર્વક વાણીવડે ભગવાને મર્યાદાસૃષ્ટિ સરજી. આ જીવો મનને બુધ્ધિથી શાસ્ત્રમર્યાદામાં રાખી જીવનારા થયા. ભગવાને સ્વતંત્ર લીલા ઈચ્છાથી મનો-વાણી પૂર્વક આનન્દમય સ્વરૂપવડે પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી. આ જીવો ભક્તિપૂર્વક મન, વાણી, બુધ્ધિ સહિત ભગવત્સ્વરૂપની સેવામાટે જીવનારા થયા. ચોથા પ્રકારના ચર્ષણી જીવો પણ છે જેમની રુચિ ક્યાંય હોતી નથી, સ્થિરતા ક્યાંય હોતી નથી, બધે ભટક્યા કરે છે. આસુરી જીવોનો અધિકાર પ્રવાહમાર્ગમાં, પુષ્ટિ જીવોનો અધિકાર પુષ્ટિમાર્ગમાં અને મર્યાદા જીવોનો અધિકાર મર્યાદામાર્ગમાં પ્રભુએ નિશ્ચિત કર્યો છે. ભગવાને જીવસૃષ્ટિના આરંભથી સૌના હિતનો વિચાર કરી રાખ્યો છે. "આ જીવને આવો દેવ, માનવ, દાનવ બનાવીને આ ફલ દઈશ". આ વિચાર સૂક્ષ્મવાસનારૂપે છે. જીવને તે સૂક્ષ્મ દેહમાં પ્રવેશ કરાવે છે. તેનાંથી જીવ દેહને પોતાનો જાણીને સ્થૂલ દેહમાં પ્રવેશ કરે છે.

મુખ્ય ત્રણ માર્ગોમાં પુષ્ટિભક્તિમાર્ગ વિશિષ્ટ છે. શ્રીમહાપ્રભુજીએ તે નવો-નિર્મૂલ નથી કહ્યો, મૌલિક શાસ્ત્રોક્ત કહ્યો છે. પરબ્રહ્મ ભગવાન્ કૃષ્ણ સનાતન છે. તેનું પ્રતિપાદન કરતા વેદ સનાતન છે. વેદમાં કહેલ "યમેવૈષ વૃણુતે" ( મુંડક ઉપ.૩।૨।૩ ) વરણ-પુષ્ટિ કૃષ્ણનો અસાધારણ-ધર્મ

છે. આમ, પુષ્ટિમાર્ગ પણ કૃષ્ણની અને કૃપાની સનાતનતાથી સનાતન જ છે. જગતમાં બધા જીવો પુષ્ટિમાર્ગીય હોઈ શકતા નથી, કોઈક જ હોય છે. ''સિંહાણ કેરું દૂધ હોય તે સિંહાણ સુતને જરે, કનક પાત્રતાએ સૌ ધાતુ ફોડીને નિસરે''. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં શ્રીઆચાર્યો કહે છે પુષ્ટિસૃષ્ટિ ભગવાનના શ્રીવિગ્રહથી બની છે. અને માત્ર પ્રભુની જ સેવાઅર્થે તે છે. આત્મભાવિત ભગવાન્ જ્યારે જેના પર કૃપા કરે ત્યારે તે જીવ લોકવેદમાં પરિનિષ્ઠિત બુદ્ધિને છોડે છે. **''યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાનાત્મભાવિતઃ, સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્''** (ભાગ.પુરા. ૪।૨૯।૪૬).

ઉપર વિચારેલા ત્રણે જીવોને શ્રીમહાપ્રભુજી નિત્ય માને છે. અર્થાત્ જીવને શરૂઆતથી જે લિંગદેહ મળ્યો. તે નાશ નથી પામતો-મૃત્યુ પછી પણ પુષ્ટિમાર્ગ અનુરૂપ નવોદેહ ધારણ કરે છે (શ્રીરમેશભાઈ પરીખ પુ.પ્ર.મ. પાન ૨૫૭).

પુષ્ટિભક્તિમાર્ગીય ફળ આપવાની ઈચ્છા થતાં જીવપર કૃપા વિચારીને ભગવાન્ તેની અંદર પુષ્ટિભક્તિમાર્ગસમ્બન્ધી સ્થાયી રુચિ કરાવે છે. આવી રુચિવાળો જીવ પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશવામાટે તથા માર્ગના ફળને પ્રાપ્ત કરવામાટે અધિકારી - યોગ્યતાવાળો ગણાય છે. ભગવાનની કૃપા પ્રત્યક્ષ રીતે જોઈ કે અનુભવી શકાતી નથી. ભગવત્કૃપાના હોવા કે ન હોવા નું જ્ઞાન વ્યક્તિની પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ છે કે નહીં તેના આધારે જ થઈ શકે છે. આથી પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત પ્રમાણે સર્વસ્વસમર્પણપૂર્વક પ્રભુસેવા - સ્મરણમય જીવન વિતાવવાની સ્થાયીરુચિ જો કાઈ વ્યક્તિમાં જાગૃત થતી હોય તો તેના ઉપર પ્રભુની કૃપા છે તેવું સમજી શકાય છે. પ્રભુની કૃપાવિના, કેમકે આ પ્રકારની રુચિ થવી શક્ય જ નથી હોતી.

પુષ્ટિમાર્ગના અધિકારી જીવો પણ શ્રીમહાપ્રભુજીના મતે એકજ પ્રકારના નથી. પુ.પ્ર.મ.ગ્રન્થમાં તેમના પણ અધિકાર ભેદથી પ્રકારો બતાવ્યા છે.



મુખ્ય બે પ્રકાર છે: ૧. શુદ્ધપુષ્ટિ ૨. મિશ્રપુષ્ટિ. મિશ્રપુષ્ટિજીવો ત્રણ પ્રકારના ૧. પ્રવાહપુષ્ટિ: આ જીવો સતત ભગવત્ક્રિયામાં રત હોય છે. ૨. મર્યાદાપુષ્ટિ: આ જીવો ભગવદ્ગુણોને જાણનારા હોય છે. ૩. પુષ્ટિપુષ્ટિ: આ જીવો સર્વજ્ઞ હોય છે. લીલા, ભગવદિચ્છા વગરેને જાણે છે. શુદ્ધપુષ્ટિજીવો કૃષ્ણમાં પ્રેમપૂર્ણ હોય છે. તે અતિ દુર્લભ છે.

આવા આ સર્વોત્કૃષ્ટમાર્ગમાં હરિ હીરા છે. શ્રીપરમાનંદદાસજી ગાય છે:''મથુરાનગરકી ડગરમેં ચલ્યો જાત હે ... પાયો હે હરિ હીરા''. આવા હીરા હરિ જે માર્ગના સર્વસ્વ છે તે માર્ગ પણ નિરમોલ નગ છે. યમુનાજીના ૪૧પદોમાં અષ્ટછાપ ગાય છે- ''નામ નિરમોલ નગ લે કોઉ ના સકે'' અને ''તાહિકે હાથ નિરમોલ નગ દીજીયે''. આમ અહીં અધિકરી (યોગ્યતા-પાત્રતા) ની જ વાત કરી છે. જેમ દરેક વ્યક્તિ શ્રીયમુનાજીનાં નામ નથી લઈ શકતા તેમ દરેક વ્યક્તિ આ માર્ગમાં પ્રવેશ નથી કરી શકતો. અધિકારીનેજ જેમ યમુનાજીના ગુણાનુવાદરૂપી નગ પ્રાપ્ત થાય છે તેમ આ માર્ગના અધિકારીજ આમાં પ્રવેશ કરી શકે, આ માર્ગમાં ટકી શકે અને ફળ સુધી પહોંચી શકે.

આવા આ માર્ગના પ્રકટકર્તા શ્રીઆચાર્યચરણોએ બાલબોધમાં લખ્યું છે કે જો ભોગ જોઈએ તો શિવને ભજો અને મોક્ષ જોઈએ તો વિષ્ણુને ભજો. આવી કોઈ પણ આકાંક્ષા જો ન હોય તો ત્રીજો ગ્રન્થ સિદ્ધાન્તમુક્તાવલી સમજાવે છે જ્યાં સ્વમાર્ગના સિદ્ધાન્તોનું નિરૂપણ પુષ્ટિમાર્ગીય અધિકારી જીવો માટે કર્યું છે.

ભક્તિવર્ધિની ગ્રન્થમાં બીજની દ્રઢતા માટે શ્રવણકીર્તનની આજ્ઞા કરી, પણ અધિકાર માટે જાગૃત આચાર્યચરણો તરત જ જલભેદ ગ્રન્થમાં વક્તાઓના પ્રકારથી તેમના અધિકાર તથા પંચપદ્યાનિમાં શ્રોતાઓના પ્રકારથી તેમના અધિકારનું વર્ણન કરે છે. જેથી વક્તાઓએ કેવા શ્રોતાઓ પાસે કીર્તન કરવું તે પણ સમજાવે છે.

જેમ શ્રીમદ્ભાગવતના શ્રવણની ઈચ્છાવાળો દરેકે - દરેક અધિકારી છે પછી તે જાતિ વગેરે ગુણથી રહિત હોય તેમ શ્રીમહાપ્રભુજી-શ્રીગુંસાઈજીએ પણ પુષ્ટિમાર્ગના હાર્દરૂપ કૃષ્ણસેવા અને કથાની ઈચ્છાવાળાઓને આ માર્ગના અધિકારી ગણ્યા છે. પછી તે ગમે તે જાતિના કેમ ન હોય? ૮૪-૨૫૨ વાર્તાપ્રસઙ્ગમાં પણ જોવા મળે છે કે શરણે આવેલા જીવોની ઉત્કંઠા અને આતુરતા તપાસી શરણમંત્ર અને નિવેદનમંત્ર અપાતો. જે જીવોથી ભગવત્ સેવા અને કથા ન થઈ શકે તેવા જીવો માટે શ્રીમહાપ્રભુજીએ પ્રપત્તિમાર્ગ આપ્યો. શ્રીગુંસાઈજી આપશ્રીમાટે સર્વોત્તમજીમાં **"પૃથક્શરણમાર્ગોપદેષ્ટા"** નામ કહે છે. ત્યાં નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ પોતાના વિવેચનમાં કહે છે. ભક્તિમાર્ગના શરણમાર્ગનો અને પુષ્ટિમાર્ગના જુદા પ્રકારના વિશિષ્ટ શરણમાર્ગનો ભેદ સમજાવતો આપશ્રી ઉપદેશ કરે છે. જીવ ભગવાનને શરણે જાય એ મર્યાદાશરણ, ભગવાન જીવને શરણે લે તે પુષ્ટિશરણ. દશમસ્કન્ધ ગોવર્ધનલીલાપ્રસઙ્ગોમાં ભગવાનનું વચન છે **"તસ્માન્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્, ગોપાયે સ્વાત્મયોગેન સોડયં મે વ્રત આહિત:"**. અહીં ગીતાઆજ્ઞા પ્રમાણે **"અહં ત્વા સર્વપાપેભ્યો: મોક્ષયિષ્યામિ મા શુચ:"** એવી શરણાગત જીવોની પાપમુક્તિનો ઉલ્લેખ નથી પણ આ જીવોની સર્વ પ્રકારે રક્ષાનો ભાર ઉપાડવાની ભગવાનની પ્રતિજ્ઞા છે. આવા પ્રપત્તિમાર્ગના અધિકારી જીવોનો તે પ્રમાણે અઙ્ગીકાર થતો અને નિવેદનમન્ત્રના અધિકારીઓનેજ તે મન્ત્ર અપાતો. ફલસ્વરૂપ નિવેદનમન્ત્ર લીધા પછી દરેક વૈષ્ણવે પૂછ્યું છે "હવે અમારું કર્તવ્ય શું?". અને આપણા આચાર્યોએ જે-તે જીવની રુચિ અને અધિકાર પ્રમાણે કોઈક વૈષ્ણવને સ્વરૂપસેવા, તેમાંયે જુદી - જુદી રુચિવાળાને તેમની રુચિને અનુરૂપ લીલાવાળાં સ્વરૂપો તો કોઈકને વસ્ત્રસેવા, કોઈકને હસ્તાક્ષરની સેવા તો કોઈકને પાદુકાની સેવા પધરાવી આપી. કેટલાકને કોઈ સ્વરૂપ નથી પધરાવી આપ્યું તો કોઈકને તરત માનસીનું દાન કર્યું છે. પ્રભુદાસભાટ આગલા જન્મમા માંકડાં હતાં તેથી "આ જન્મે સેવા નહીં કરી શકો" તેમ કહી કોઈ સ્વરૂપ પધરાવ્યું નહીં. અચ્યુતદાસ સનોઢીયા બ્રાહ્મણને (વાર્તા ૫૪) માનસીનું દાન કર્યુ. અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ કડાના



(વાર્તા ૫૬) ને પાદુકાજી પધરાવી આપ્યા. પુષ્ટિમાર્ગ અન્તર્ગત પૃથક્શરણમાર્ગ અને બ્રહ્મસમ્બન્ધદીક્ષાના અધિકારીઓના જુદા - જુદા ફલની વાત શ્રીગુસાંઈજીની વધાઈમાં જાવા મળે છે. ૧. જે જન શરણ આયે તે તારે ... ૨. શરણ આયે અનુસરહી ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથ ... આવા સેવકોને જ્યારે સેવા સમ્બન્ધી મુંજવણ થતી કે કંઈક વિશેષ જાણવું હોય ત્યારે જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછતાં, પત્રદ્વારા પણ પૂછાવતા. તેના ફલસ્વરૂપે આપણને ષોડશગ્રન્થો પૈકી બાલબોધ, નવરત્ન, સિદ્ધાન્તમુક્તાવલી, કૃષ્ણાશ્રય, ભક્તિવર્ધિની, સેવાફલ વગેરે ગ્રન્થો મળ્યા છે.

સ્વાતિજલ કાલુમાછલીની છીપમાં મોતી પકવે, સાપના મોમાં જઈ વિષ બને, કેળમાં કપૂર બને અને વાંસના વંસલોચન બને. આમ, ગુણો ભગવાન્‌ના છતાં વક્તાના ભાવની અસરોથી વિવિધ ગુણધર્મોવાળા, વિવિધ અસરો કરતાં થઈ જાય છે. વક્તાના અંતઃકરણની સ્થિતિ-પાત્રતા-અધિકાર પ્રમાણે તેની અસરો ઉભી થાય છે. સાવધતામાટે હીનલક્ષણવાળા વક્તાને પણ બતાવ્યા છે. શ્રોતાઓનો પણ અધિકાર સમજવો જોઈએ. ભાગવતાર્થપ્રકરણમાં શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે **"યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા, વર્ણીનામેવ તદ્ધિ સ્યાત્સ્ત્રીશુદ્રાણાં તતોડન્યથા"** (૩૧૧૩૮). જે ઔપનિષદ કે શ્રીભાગવત જ્ઞાન છે તેનો અધિકાર યજ્ઞોપવીતવાળા દ્વિજોનો છે, સ્ત્રી-શુદ્રોનો તે સિવાય અન્યત્ર છે. વૃત્તિ કે પ્રવૃત્તિના પ્રયોજનવગર, પ્રભુપ્રાપ્તિમાટે કથાશ્રવણને ઝઙ્ખતા શુદ્ધભક્તોને શ્રીભાગવત સંભળાવવું હિતાવહ છે. પૈસા, પ્રતિષ્ઠા કે સ્પર્ધાની દષ્ટિ તેમાં ન જોઈએ. નિર્મત્સર સત્પુરુષોનો ધર્મ શ્રીભાગવતમાં છે, બીજાનો તેમાં અધિકાર નથી. ૮૪ - ૨૫૨ ભગવદીઓ નિર્મત્સર સત્પુરુષો હતા. તેમના આચરેલા આ પુષ્ટિમાર્ગમાં માટેજ માત્ર ભગવાન્‌ને પ્રીતિ કરનાર (કોઈપણ પ્રકારના હેતુ વગર)નો જ અધિકાર આવશ્યક હોઈ તેનો વિચાર જરૂરી બને છે. શ્રીહરિરાય ચરણો શિક્ષાપત્ર ૪૧૧૩ માં આજ્ઞા કરે છે: **"શુદ્ધભાવ: પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્ય પ્રયોજકં, અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્, તસ્ય સેવા પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મત:, ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે"** આવા જીવોજ

આ માર્ગના અધિકારી બની શકે તે સ્પષ્ટ થાય છે. પંચપદ્યાનિમાં પણ શ્રોતાઓના અધિકારમાટે આજ્ઞા છે. વળી **"बुद्धिश्चायुश्च दोषाणामभाव: कारणं यत:, यस्य नैते भविष्यन्ति तस्य नास्त्यधिकारिता"** ( ભાગ.સુબો.૨૧-૧૪ ). શાસ્ત્ર સમજી શકે તેવી બુદ્ધિ, આયુષ્ય ( શરીરસ્વાસ્થ્ય ) અને નિર્દોષતા કારણ હોવાથી જેને આ ન હોય તેનો શ્રીભાગવતના શ્રવણ-કીર્તનમાં અધિકાર નથી.

પુષ્ટિમાર્ગના પ્રવેશમાટે અધિકારી જીવોને પુષ્ટિમાર્ગીય દીક્ષા આપવામાં આવે છે. આ દીક્ષા દેનારનો અધિકાર કેવો જોઈએ તે પણ શ્રીમહાપ્રભુજીએ સજાગતા પૂર્વક કહ્યું છે. **"कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितं नरं, श्रीभागवततत्त्वज्ञं भजेद् जिज्ञासुरादरात्"** કૃષ્ણસેવા કરનાર, વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે **"આપ સેવા કરી શિખવે શ્રીહરિ, ભક્તિપક્ષવૈભવ સુદૃઢ કીધો"**, દંભ વગેરે દોષોથી રહિત નર, પ્રભુની પ્રસન્નતામાટે જ પ્રયત્નશીલ હોય અને શ્રીભાગવતના તત્ત્વને યથાર્થ જાણનાર હોય તે જ સાચો ગુરુ. આથીજ શ્રીહરિરાયચરણો અને શ્રી પુરુષોત્તમજી લેખવાળા પ્રભૃતિ ગો. બાળકો પોતાને ગુરુદ્વાર કહે છે.

અધિકારમાટે નિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણની બીજી કારિકામાં આજ્ઞા છે **"सात्विका भगवद्भक्त: ये मुक्तावधिकारिण:, भवान्तसंभवा दैवात् तेषामर्थे निरूप्यते"** આની ટીકામાં કહે છે: સારી રીતથી કહેલો સિદ્ધાન્ત પણ અધિકારીના હૃદયમાં સ્થિર નથી રહેતો. આથી વ્યસૂત્રમાં તથા ભાગવતાદિમાં અનધિકારીને જ્ઞાન દેવાનો નિષેધ લખ્યો છે તેવી રીતે અહીં પણ સાત્વિક અધિકારીનાં લક્ષણ વર્ણિત છે. દેવતાના યજન-પૂજન કરવાનો સાત્વિક જીવોનો સ્વભાવ કાર્ય છે. તેની અપેક્ષા પણ વધુ સારા કાર્ય કરે અર્થાત્ કરેલા કર્મ ભગવાનને અર્પણ કર્યા કરે. જ્યાં સત્પુરુષ ભેગા થઈ ભગવાનના પરાક્રમને બતાવવાવાળી તથા હૃદય-કાનને રસ આપવાવાળી ભગવત્કથા વર્ણન કરતાં હોય ત્યાં જઈને ભગવત્કથાને સર્વદા સાંભળી પ્રશંસા કરતા રહે તથા દ્રવ્ય-દેહથી ભગવત્સેવા કરતાં રહે. જેના હૃદયમાં કોઈ કામના



ન હોય. કામના છે તે અધિકારીનો દોષ છે અર્થાત્ જે પુરુષમાં બુદ્ધિ-આયુષ્ય-દોષનો અભાવ આ ત્રણેય વસ્તુ હોય તેને અધિકારી સમજવો. આટલા ગુણ હોય અને ભગવાનની પણ જે જીવનો શીઘ્ર ઉદ્ધાર કરવાની ઈચ્છા હોય, કેવળ ગુરુરૂપી પાર લગાવનાર વિના જે જીવની મનુષ્યદેહરૂપી નાવ સંસારસાગરની પાર ન લાગતી હોય એવા જીવની ભગવાનમાં દૃઢ આસક્તિ સંપાદન કરાવી શીઘ્ર ઉદ્ધાર કરવામાટે શ્રીઆચાર્યચરણોએ આ ગ્રન્થ પ્રકટ કર્યો છે. ( શાસ્ત્રાર્થપ્ર.વ્રજ.ટીકા સાંચોરા શ્રીગોકુલદાસજી ).

આ બધા મુદ્દાઓ એ પણ સ્પષ્ટ કરે છે કે આ માર્ગમાં ભગવદિચ્છા મુખ્ય છે. તેનાથી જીવનું વરણ થાય અને તે પછી અનુગ્રહ થાય. આમ ઈચ્છા, વરણ 'અનુ' પછી, ભગવાન્ જીવને 'ગ્રહ'-પકડી લે, પોતાનો બનાવી દે તે 'અનુગ્રહ' છે. શ્રીમહાપ્રભુજી એટલેજ આજ્ઞા કરે છે **"अनुग्रह: नियामक:"**. આમ પ્રભુનો અનુગ્રહ પામેલા જીવોજ આ માર્ગના અધિકારી છે. આવા જીવોનો સ્વીકાર પણ શ્રીમહાપ્રભુજી-શ્રીગુંસાઈજીએ અધિકારભેદે કર્યો છે. શ્રીગુંસાઈજી શ્રીમહાપ્રભુજીનું નામ શ્રીસર્વોત્તમજીમાં **"अङ्गीकृतौ समर्याद:"** કહે છે. તેનું વિવરણ કરતા ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી સમજાવે છે: શ્રીઆચાર્યજી પુષ્ટિ એટલે અનુગ્રહની મર્યાદાથી પરિસ્થિતિ અને જીવની યોગ્યતા જોઈ-જોઈને મંત્રોપદેશદ્વારા યા તો કોઈને દૃષ્ટિદ્વારા અઙ્ગીકાર કરે છે. આ રીતે આપશ્રીએ વાંસવાડાવાળા શ્રીગોપાલદાસનો કેવલ જલની અંજલિ છાંટીને તથા એક સોદાગરનો ઘોડો જે દૈવી હતો તેને નંદગામ પાનસરોવરઉપર દૃષ્ટિમાત્રથી અંગીકાર કર્યો.

જીવોની અંગીકૃતિમાં પણ સૂક્ષ્મ અધિકારનો વિચાર આચાર્યોએ કર્યો હોય તેવું જણાય છે. કૃષ્ણભટ્ટ બ્રહ્મસમ્બન્ધની દીક્ષા માટે શ્રીમહપ્રભુજી પાસે આવ્યા ત્યારે આપશ્રીએ શ્રીગુસાંઈજીદ્વારા દીક્ષા અપાવી. આ પણ અધિકારનો જ પ્રકાર છે ને!

અધિકારીને બ્રહ્મસમ્બન્ધદીક્ષા મળે પછી પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશે તે

કેટલી બધી ગૌરવ પ્રદ ઘટના છે. કારણ આ તો શ્રીગોપીજનોનો માર્ગ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા ''ગોપિકા: ગુરુવ: પ્રોક્તા''. ''સેવા રીતિપ્રીતિ વ્રજજનકી જન હિત જગ પ્રકટાઈ''. શ્રીગોપીજનોનો અધિકાર શ્રીઠાકોરજીએ વેણુનાદદ્વારા સારસ્વત કલ્પમાં અને આ શ્વેતવારાહકલ્પમાં શ્રીમહાપ્રભુજીએ વચનામૃતોથી આ જ પ્રકારે કર્યો. ''તબતે વેણુનાદ દ્વાર અબ કે શ્રીલક્ષ્મણભૂપકુમાર''. બ્રહ્મસમ્બન્ધની દીક્ષા લાલનદ્વારા માતૃચરણ ઈલ્લમાગારુજીને અડેલમાં પ્રાપ્ત થઈ. આચાર્ય ચરણોની આજ્ઞાથી. વાર્તાસાહિત્ય પ્રમાણે કેટલાક વૈષ્ણવો પણ અમુક સંજોગોમાં નામ મન્ત્ર આપતાં પછી તેઓ ફરીથી આચાર્યો પાસે નામ પામતાં. નરોડાના ગોપાલદાસ ક્ષત્રિય નામ આપતાં. તેમને તેનો અહંકાર થતાં શ્રીગુંસાઈજીએ કહ્યું તમારો અઙ્ગીકાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે તે દૃઢ છે, પ્રભુ તમને નહિ છોડે. પણ જેટલા સેવક તમે કર્યા છે તે અમારા નહિં થાય, પુષ્ટિમાર્ગથી બહિર્મુખ થશે. આ સાંભળી બધા વૈષ્ણવ શ્રીગુંસાઈજીના સેવક થઈ કૃતાર્થ થયા. જે રહી ગયા તે પુષ્ટિમાર્ગથી ભ્રષ્ટ થયા. તેમને શ્રીગુંસાઈજી 'ગંગોજ' કહેતા. આવા ઉત્કૃષ્ટ માર્ગપ્રવેશની આ ઉત્કૃષ્ટ દીક્ષાના આથી જ બધા અધિકારી કઈ રીતે હોય ? આથીજ સમ્પ્રદાયમાં અધિકારનો વિચાર કરવો જ પડે.

ષોડશગ્રન્થોમાં જોઈ શકાય છે કે માર્ગમાં પ્રવેશ પછી પ્રવૃત્તિ અને સ્થિતિ માટે પણ અધિકાર (યોગ્યતા-પાત્રતા) જરૂરી છે. ૨૫૨ પૈકી શ્રીગુંસાઈજીની સેવકની એક બ્રાહ્મણીમાટે નિહાલચંદભાઈએ કૃષ્ણભટ્ટને કહ્યું ભટ્ટજી ''બાઈને વસ્તુ બડી પાઈ હે ઓર પાત્રતો ઓછો હે. તાસોં ઠહરાય તબ જાનિયે''. ષોડશગ્રન્થના વિચાર - આચારથી કૃષ્ણ સેવા-કથામાં ઉપયોગી સ્વરૂપયોગ્યતા અને સહકારીયોગ્યતાનું સંપાદન થાય છે. આગળ કહ્યા પ્રમાણે સેવા કરતાં છેવટે યથાધિકાર ત્રણ ફલ મળે છે.

પ્રભુનો અનુગ્રહજ જ્યાં નિયામક છે. તેવા આ પુષ્ટિમાર્ગમાટે એટલેજ શ્રીગુંસાઈજી આજ્ઞા કરે છે **''ઈહાં છોટો બડો કોઊ નાહીં. જાપર કૃપા હોઈ જાઈ સોઈ બડો. સો યા વૈષ્ણવકે સંગતે વા વેસ્યાકી છોરીપર શ્રીઠાકુરજીકી**



**કૃપા ભઈ સો ઐસી ભઈ જો યા વૈષ્ણવહુતે જ્યાદા ભઈ. તાતેં યા માર્ગમેં પ્રભુ કુલ, જાતિ, કૃતિ કછુ દેખત નાહીં. જો કોઉ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકે સરનિમેં આવત હે તાકો પ્રભુ અપને પ્રમેયબલતે ઉદ્ધાર કરત હૈં. યાહી દેહસોં સ્વરૂપાનંદકો દાન કરતે હૈં. વ્રજભક્તકી ગતિકો પ્રાપ્ત કરાવત હૈં''** (વાર્તા ૭૩ ૨૫૨ વૈષ્ણ.).

આત્મનિવેદન વિશે જોઈએ. ૨૫૨ પૈકી ૮૮મી વાર્તામાં કહે છે ''આત્મનિવેદનકો પ્રસઙ્ગ ચલ્યો. તામેં કહ્યો જો શુદ્ધ મનપૂર્વક જો જીવ આત્મનિવેદન કરત હે ઓર ગુરુ જો શુદ્ધ મનપૂર્વક નિવેદન કરાવત હે તિનકો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકી કૃપાતેં દૃઢ આશ્રય તત્કાલ હોઈ. ઓર અલૌકિકવસ્તુ હુ દૃઢ હોઈ. ઓર પુષ્ટિમાર્ગકી લીલાકો દાન હોઈ. ઓર માર્ગકો સબ અનુભવ હોઈ. ઓર અલૌકિક દૃષ્ટિ હોઈ''. આવા અલૌકિકમાર્ગમાં અધિકારવિનાના આવે તો અનર્થો સર્જાય. અનધિકારવાળાઓની ચેષ્ટાઓથી માર્ગની ખ્યાતિ ઝંખવાય છે. આ વાત મન્ત્રદેનાર અને લેનાર બન્ને માટે છે. આથીજ ઘણા વિપરીત પ્રસઙ્ગો આપણને વાંચવા-જોવા-સાંભળવા મળે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં માનવતાના ધર્મો તેમજ મર્યાદામાર્ગના વૈષ્ણવધર્મો તો સહજ હોવા જોઈએ. વિશેષમાં પુષ્ટિમાર્ગીય લક્ષણો આવશ્યક છે. કારણ કે મોટા ભાગના વૈષ્ણવો સાધનદશામાં હોય છે. જેને *માસ્ટર ડિગ્રી* મળે એટલે *એસ.એસ.સી.* અને *બેચ્લર્ ડિગ્રી* તો હોયજ તેમ માનવતા વગેરે ધર્મો જ્યારે પુષ્ટિજીવો ભૂલે ત્યારે અનર્થો થાય છે.

દયારામભાઈનું સ્મરણ થાય છે **''ઉત્તમ વસ્તુ અધિકારવિના મળે, તદપિ અર્થ નવ સરે'' ''શાસ્ત્રમવગત્ય મનો વાગ્દેહૈ: કૃષ્ણ: સેવ્ય:''** નિજચાર્યના આ વાક્યનું સાઙ્ગોપાઙ્ગ આચરણ કરનારનો જ પુષ્ટિપુલિનમાં અધિકાર હોવો જોઈએ.

**સન્દર્ભગ્રન્થો:**

૧. પ્રમેયરત્નસંગ્રહ, ગો.શ્રીશરદ.

૨. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્વાર્થદીપ નિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણ, વ્રજભાષાટીકા સાંચોરા શ્રીગોકુલદાસજી.

૩. જીવનમંગલ, શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી.

૪. ષોડશગ્રન્થનું આચમન ભાગ-૧, શ્રીરમેશભાઈ પરીખ.

૫. પુષ્ટિપુલિન, શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી.

૬. જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી, ચરિત્ર-ઉપદેશ-સાર-ગ્રન્થો, શ્રીવ્રજલતાવહુજી.

૭. સર્વોત્તમ, ટીકા: શ્રીવ્રજભૂષણલાલજી કાંકરોલી.



# ચર્ચા

## અધિકારવિચારની આવશ્યકતા

### ડૉ. શ્રીપિયૂષભાઈ પરીખ

**ગો. શ્યામ ર દુ:** કેટલાક પ્રશ્નો આપના પત્રમાં છે. આપે શ્રીરમેશભાઈ પરીખના કોઈક પુસ્તકનું ઉદ્ધરણ આપ્યું છે. ''ઉપર વિચારેલા ત્રણેય જીવોને શ્રીમહાપ્રભુજી નિત્ય માને છે. અર્થાત્ જીવને શરુઆતથી જ જે લિઙ્ગદેહ મળ્યો તે નાશ નથી પામતો. મૃત્યુ પછી પણ તે આત્માની સાથેજ રહે છે. જીવ સૂક્ષ્મદેહ સાથેજ સ્થૂળદેહમાં પ્રવેશ કરે છે. આથીજ પુષ્ટિમાર્ગના જીવો મૃત્યુ પછી પણ પુષ્ટિમાર્ગ અનુરૂપ નવો દેહ ધારણ કરે છે''.

**ગજાનન્ શર્મા:** भगवत्सेवोपयागि देहको लिङ्गदेह मानना चाहिये क्या? एक प्रश्न यह है. क्योंकि उपनिषदोंमें ''**लिङ्गं मनो यत्र** ...'' ऐसा कुछ सन्दर्भ है. तो लिङ्गदेह मनोमय मानी गई है. जहां स्थूलदेह और सूक्ष्मदेह माने जाते हैं वहां सूक्ष्मदेहके दो भेद होते हैं: लिङ्गशरीर और कारणशरीर. अपने यहां तो सेवोपयोगि माना गया है. और तनुनवत्व और नवतनुत्व इसे श्रीश्याममनोहरजी इस बातको ( षोडशग्रन्थान्तर्गत श्रीयमुनाष्टकम्, सेवाफलादि ग्रन्थोंकी भूमिकामें ) स्पष्ट करते हैं. तो तनुनवत्व और नवतनुत्व की दृष्टिसे इस विषयका विवेचन किया जाय तो हमारे सम्प्रदायकी दृष्टिके ज्यादा अनुकूल होगा.

**અસ્મિત શાહ:** असलमें यह जो बात कही गई है वह हम देख सकते हैं कि यह गीताजीकी ही बात है. ''**जातस्य हि ध्रुवो**

मृत्युः ध्रुवं जन्म मृतस्य च''. गीतामें कहा गया है कि मृत्युके बाद दूसरा देह मिलने ही वाला है. अब पुष्टिजीवकी बात है तो उसमें मैनें अपने पेपरमें बतलाया था कि एक जन्मवरण होता है. तो *नोर्मल् केस्*में यह सम्भव है कि भगवानने सोचा है कि ''**खण्डशः क्रियमाणा भक्तिः अन्तिमजन्मनि फलं जनयति**''. हर जन्ममें थोड़ी - थोड़ी भक्ति करता जाय, उसकी सत्त्वशुद्धि होती जाय. तो उसको ऐसा देह मिलता जायेगा, पुष्टिभक्तिके अनुरूप. परन्तु यह प्रत्येकके साथ हो ऐसा जरूरी नहीं है. बीचमें प्रभुकी इच्छा किसी जीवको भक्ति करवानेकी नहीं है तो हो सकता है कि उस जीवको भक्ति नहीं हो सके ऐसा देह प्राप्त हो. यह भी सम्भव है.

**ગો. શ ૨ દ:** असित! मेरो प्रश्न अभी प्रस्तुत ही नहीं हो पायो है. भगवद्गीतामें ''**शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः, गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात्**'' ''**यं यं वाऽपि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरं, तं तमेवेति कौन्तेव सदा तद्भावभावितः**'' इत्यादि वचननूमें और ''**उत्क्रान्तिगत्यागतीनाम्**'' सूत्रमें भी ये बात बताई गई हे कि जीवको लोकान्तरमें तथा देहान्तरमें गमागम होवे हे. ओर जीवके स्वयंके पास तो एसे कोई उपकरण हें नहीं कि जाके अन्दर विभिन्न जन्मनूमें करे भये सदसत्कर्मनूकी वासनानूकु वो धारण कर सके. अतः वो जीवके सङ्ग लगे भये सूक्ष्म लिङ्गदेहमें सङ्गृहीत होवे हे. अब जब देहावसान होवे हें ओर पुनर्जन्म होवे तब लिङ्गदेहविशिष्ट जीव देहान्तरमें प्रविष्ट होवे हे ओर वहां वाके लिङ्गदेहमें पूर्वजन्मनूकी जेसी वासनाएं सङ्गृहीत होवे हें वो अपनो प्रभाव प्रकट करे हें. तो ये सब तो ठीक हे. परन्तु मेरो प्रश्न थोड़ो भिन्न हे. मेरो प्रश्न ये हे कि लिङ्गदेहकी नित्यताके आधारपे ''આથીજ પુષ્ટિમાર્ગના જીવો મૃત્યુ પછી પણ પુષ્ટિમાર્ગ અનુરૂપ નવો દેહ ધારણ કરે છે'' ये जब अपनू कहे रहे हें तब ''**प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते**'' को अवकाश नहीं रहे हे. ओर दूसरी बात ये हे कि ''ત્રણેય જીવોને શ્રીમહાપ્રભુજી નિત્ય માને છે. અર્થાત્ જીવને શરુઆતથી જ જે લિઙ્ગદેહ મળ્યો તે નાશ નથી પામતો'' तो क्या जीवकी नित्यता और लिङ्गदेहको नाश नहीं होनो एक ही बात है? ये मेरो प्रश्न हे.



**અસિત શાહ:** वाकु अपन नित्य तो नहीं कहेंगे, लिङ्गदेहकु. स्थूलदेहकी *कम्पेरिझन्*में वो थोड़ी ज्यादा देर *सस्टेईन* कर रह्यो हे. परन्तु वो नित्य नहीं हे.

**પિયૂષ પરીખ:** લિઙ્ગદેહ જે જીવને વ્યુચ્ચરણ વખતે મળ્યો તે જીવની સાથેજ રહે છે આવું તો નવનીતભાઈ લખે છે.

**ગો. શ ૨ દ:** એમાં કંઈ વાંધો નથી. *ટેક્નિકલી* આમાં ખાલી એટલું જ જોવાનું છે કે જીવ નિત્ય છે.

**રસિક શાહ:** નિત્યતાનો આપ શું અર્થ કરો છો?

**ગો. શ ૨ દ:** નિત્યતા એટલે અવિનાશિતા.

**રસિક શાહ:** અવિનાશિતા એટલે જીવની મુક્તિ થઈ જાય ત્યાં સુધી કે તેના પછી પણ.

**ગો. શ ૨ દ:** ઉપપત્તિપક્ષ અને ઉત્પત્તિપક્ષ બન્ને પક્ષોને દૃષ્ટિમાં રાખીએ તો બન્ને અર્થમાં વિચારી શકાય છે.

**રસિક શાહ:** મુક્તિ થાય ત્યાં સુધી રહે એ અર્થમાં લઈએ તો એ તો શ્રીમહાપ્રભુજીને પણ માન્ય છે જ એવી નિત્યતા.

**ગો. શ ૨ દ:** ત્યાં સુધી તો સ્થૂલ દેહ પણ રહે જ છે!

**રસિક શાહ:** દેહ તો ચાલ્યો જશે. લિઙ્ગદેહ રહેશે. વલ્લભજીએ લખ્યું છે પુષ્ટિપ્રવાહમર્યાદામાં ''**એવં મર્યાદામેર્ગેડપિ જીવદેહકૃતીનાં નિત્યતા જ્ઞેયા. ... તથા પુષ્ટિમાર્ગેડપિ જીવદેહકૃતીનાં ભિન્નત્વં નિત્યત્વં ચ આહુ**''. પહેલાં પ્રવાહમાર્ગનું કહ્યું દૃષ્ટાન્ત આપવામાટે

"પ્રવાહમાર્ગીયો જીવો યદા ઉત્પદ્યતે, દેહાન્તરં ગૃહ્ણાતિ, તદા પૂર્વદેહલક્ષણયુક્તમેવ દેહં ગૃહ્ણાતિ, પ્રાચીનદેહકર્માનુસારેણૈવ કર્મ કરોતિ, નતુ પૂર્વદેહપરવૃત્તૌ દેહાન્તરં પ્રાપ્તમિતિ પૂર્વદેહધર્મપરાવૃત્તિરપિ ભવતિ" અર્થાત્ જ્યાં સુધી મુક્તિ નથી થતી ત્યાં સુધી લિઙ્ગદેહ નિત્ય છે. મને તો એવું લાગે છે.

ગો. શ ર દ: "**जीवदेहेकृतीनाञ्च भिन्नत्वं नित्यता श्रुतेः**". देह कोनसो ?

રસિક શાહ: लिङ्गदेह.

ગો. શ ર દ: यदि लिङ्गदेह लेंगे तो तो जीवकी नित्यता ओर लिङ्गदेहकी नित्यतामें अपन् कछु भेद करेंगे कि नहीं ?

રસિક શાહ: भेद करेंगे लेकिन आप जो देहनित्यताकी बात कर रहे हो तो जब तक मुक्त नहीं होवे तब तक. जीव मुक्तिके बाद भी नित्य हे लिङ्गदेहको मुक्तिके बाद नाश हो जाय हे.

અસિત શાહ: आत्मा ओर लिङ्गदेह में *बेज़िकलि* ये ही भिन्नता हे कि लिङ्गदेहमें कछु परिणामशीलता हे, वामें अपने आपमें कछु *चेञ्जिस्* आ सके हें. जब कि आत्मामें कोई प्रकारके *चेञ्जिस्* नहीं आ सके हें. यदि आत्मा ओर लिङ्गदेह में कोई भेद ही नहीं होतो तो ये *डिविज़न* ही नहीं करनो पड़तो कि आत्मा ओर लिङ्गदेह अलग होवे हें. अर्थात् मुक्तिके समय दोनों यदि प्रभुमें मिल जानेवाले होते तो इनको भेद ही नहीं करनो पड़तो. पर अपन् ये मानके चल रहे हें कि लिङ्गदेहमें कुछ परिणामिता हे. जेसे पुष्टिजीवने भक्ति करी तो वाके लिङ्गदेहमें कछु अच्छी बात हो जा रही हे, लिङ्गदेहमें कछु सद्विकार आयगो. असत्कर्म किये तो असद्विकार आयगें. तो ये परिणामिताके कारण अपन लिङ्गदेहकु नित्य नहीं कहे हें. वामें कुछ विनाशिता हे.

રસિક શાહ: विनाशिता नहीं हे, परिणामिता हे वो तो कबूल हे.



ગો. શ ર દ: લિઙ્ગદેહ તન્માત્રસ્વરૂપ મનાયું છે. તેની જડતા છે. તેથી જીવથી તેની ભિન્નતા તો સ્વીકારવી જ પડશે. **અનિત્યે જનનં નિત્યે પરિચ્છિન્ને સમાગમ, નિત્યાપરિચ્છિન્નતનૌ પ્રાકટ્યં ચેતિ સા ત્રિધા**" આ દૃષ્ટિથી આનો વિચાર કરવો પડશે.

ધર્મેન્દ્ર ઝાલા: देवामरन्यायसुं जेसे ...

ગો. શ ર દ: *कम्पेरिटिवली* नित्यता देहसुं मानवेमें कोई आपत्ति नहीं हे.

ધર્મેન્દ્ર ઝાલા: लिङ्गदेह प्राप्त होवे हे ये कहेवेसुं ही वाकी अनित्यताको कोई प्रकारको बाध हो रह्यो हे. और *कम्पेरिटिवली* ये जन्म ...

ગો. શ ર દ: वामें कोई आपत्ति नहीं हे.

ગો. યોગેશ: "ભગવાને સ્વતન્ત્ર લીલા ઇચ્છાથી મન-વાણીપૂર્વક આનન્દમય સ્વરૂપવડે પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી". તો વાણીથી તો આપણે મર્યાદાસૃષ્ટિ લઈએ છીએ, મનથી પ્રવાહીસૃષ્ટિ લઈએ છીએ અને સ્વરૂપથી પુષ્ટિસૃષ્ટિ લઈએ છીએ. અહીં આપ "મન-વાણીપૂર્વક આનન્દમય સ્વરૂપવડે પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી" એમ કહી રહ્યા છો તો એ કયા અર્થમાં છે એ મારે જાણવું છે.

પિયૂષ પરીખ: પુષ્ટિપ્રવાહમર્યાદામાં કહ્યું કે "**ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ, વચસા વેદમાર્ગં હી પુષ્ટિં કાયેન નિશ્ચયઃ**". એટલે ક્રમશઃ પુષ્ટિજીવોની ઉત્કૃષ્ટતા બતાવી છે. પ્રવાહસૃષ્ટિ માત્ર મનથી બની. મર્યાદાસૃષ્ટિ મન-વાણીપૂર્વક. પરન્તુ ત્યાં કાયાનો સમ્પર્ક નથી. અને અહીં મન-વાણીપૂર્વક આનન્દમય વિગ્રહ છે તેમાંથી પુષ્ટિસૃષ્ટિ થઈ છે. એટલે કોઈક જાતની ઉત્કૃષ્ટતા બતાવવાનો ભાવ છે એવું મને લાગે છે.

ગો. શ ર દ: श्रीगोकुलनाथजीने याको विवेचन कियो हे. अर्थात् जहां मनसु सृष्टि हे वहां वाणीको संसर्ग नहीं हे. जहां वाणीसु हे वहां मन - वाणी दोनों हें. ओर जहां कायासु हे वहां तीनोंनको अभिनिवेश हे. अर्थात् उत्तरोत्तर सृष्टिमें भगवान्‌को अभिनिवेश अधिकाधिक हे.

**રસિક શાહ :** या विषयमें दो मत चल रहे हें. एक तो मन नियामक हे, वाणी नियामक हे ओर स्वरूपासक्ति नियामक हे एसे भी अर्थ लेवे हें ओर मनसु सृष्टि भई, वाणीसु भई ओर स्वरूपसु भई एसे भी अर्थ करे हें. तो दोनोमेंसु सच्चो पक्ष कोनसो हे?

**અસિત શાહ :** मेरे हिसाबसु सृजन सभीको अक्षरसु ही हे. व्युच्चरण सभीको अक्षरमेंसु ही भयो हे चाहे वो पुष्टिजीव हे, मर्यादाजीव हे या प्रवाही हे. नियन्त्रणकेलिये ये कह्यो गयो हे कि जो प्रवाहीजीव हें उनको नियन्त्रण मनसु होवे हे, मर्यादाजीवन्को वाणीसु, मतलब वेदसे; ओर जो पुष्टिजीव हें उनको स्वरूपसु होवे हे. यामें निदर्शनकेलिये महाप्रभुजी कहेवे हें **"वचसा वेदमार्गं हि"**. यामें जो 'मार्गं' हे वाके उपर यदि अपन् ध्यान देवें तो ये ही बात सूचित होवे हे कि मार्गको नियन्त्रण केसे करनो वाके बारेमें ही ये विधान हे. सृष्टिके बारेमें ये विधान नहीं हे.

**રસિક શાહ :** इसमें एक बात बाकी रह गई हे. ग्रन्थकी टीकामें भी कहीं ये बात कही हे कि सृष्टिकी प्रथम उत्पत्ति भई हे वो मनसु, वाणीसु ओर कायासु भई हे. तो ये बराबर हे या नहीं?

**અસિત શાહ :** ये बात सही है कि कुछ टीकाकारोंका ऐसा मत है कि सृष्टि ऐसे होती है. प्रवाहीसृष्टिका सृजन ही ऐसे किया गया है. लेकिन जब हम शुद्धाद्वैत ब्रह्मवादके *पर्स्पेक्टिव्* में सोचते हैं तो यह बात ठीक नहीं लगती है.

**ધર્મેન્દ્ર ઝાલા :** **"पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक्, जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च"** यहां सर्गकु ही प्रवाह कह्यो हे. यासु वा प्रकारसुं व्युच्चरण ...

**ગો. શ ર દ઼ :** પિયૂષભાઈ! એક વિરોધાભાસ પત્રમાં જણાય છે. એક



તરફ આપ લખો "જેમ શ્રીભાગવતના શ્રવણનો દરેકે-દરેક અધિકારી છે પછી તે જાતિ વગેરે ગુણોથી રહિત હોય". બીજી તરફ આપ લખો છો કે "શ્રોતાઓનો અધિકાર પણ સમજવો જોઈએ. ભાગવતાર્થપ્રકરણમાં શ્રીમહાપ્રભુજીનીજ સ્પષ્ટ આજ્ઞા છે: **"યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા, વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્ સ્ત્રીશૂદ્રાણાં તતોઽન્યથા"**. આ વચનમાં તો સમ્પૂર્ણ ભાગવતના જ્ઞાનનો ત્રિવર્ણ દ્વિજોનો જ અધિકાર માનવામાં આવ્યો છે જ્યારે ભાગવતમાંના ઔપનિષદ્જ્ઞાનમાં સ્ત્રી-શૂદ્રોનો અધિકાર નથી માનવામાં આવ્યો. તો સમગ્ર ભાગવતની સર્વાધિકારકતા નથી. એટલે અધિકાર વ્યવસ્થિતવિકલ્પથી બતાવાયો છે. તો એક તરફ આપ સર્વાધિકારક કહી રહ્યા છો અને બીજી તરફ આપ અધિકારનો નિયમ પણ કરી રહ્યા છો.

**પિયૂષ પરીખ :** હા. એટલે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રમાણે આપણે એટલું *સેન્ટેન્સ્* ત્યાં જોડવું પડશે કે ઉપનિષદ જ્ઞાન સિવાયના ભાગમાં બધાનો અધિકાર છે.

**ગોપાલદાસ :** એટલે વક્તાઓએ કહેવું નહીં એમ સમજવું કે શ્રોતાઓએ સાંભળવું નહીં એમ સમજવું? એ કંઈ સમજાયું નહીં.

**કિરણ શાહ :** વક્તાઓ તો કહેશે જ.

**પિયૂષ પરીખ :** આમાં દાદા! તકલીફ એ છે કે પહેલાં અધિકારનો વિચાર થતો હતો. હવે બધું ઊંચે મૂકાઈ ગયું છે.

**ગો. શ ર દ઼ :** બન્ને તરફ સાવધાની અપેક્ષિત છે. શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણયના ઉપસંહારમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે: **"શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્, અધિકારમભિપ્રાયં જ્ઞાત્વા ભક્તમુખેન હિ, સકૃચ્છ્રવણમાત્રેણ કૃષ્ણે પ્રેમ ભવેદ્ ધ્રુવમ્, વિરક્તો વિપરીતાદિભાવનારહિતઃ સુહૃત્, લીલામાત્રશ્રુતૌ તસ્ય ભવેત્ પ્રેમાઽખિલે કિમુ, યજ્જ્ઞાનાત્ પરમા પ્રીતિઃ કૃષ્ણે શીઘ્રં ફલિષ્યતિ"**. વક્તાએ પોતાના ભાવના રક્ષણ-પોષણમાટે ઉત્તમ અધિકારી શ્રોતાને સંભળાવવું જોઈએ, પઞ્ચપદ્યાનિ ગ્રન્થાનુસાર. અને

શ્રોતાએ પોતાના ભાવના રક્ષણ-પોષણમાટે ઉત્તમ અધિકારી વક્તા પાસેથી સાંભળવું જોઈએ, જલભેદગ્રન્થાનુસાર.

હવે પુષ્ટિમાર્ગીય ભગવત્કથાની પ્રણાલીથી ભિન્ન પુરાણપાઠની શાસ્ત્રીય પરમ્પરાના સન્દર્ભમાં જો વિચારવામાં આવે તો ત્યાં પણ શ્રોતા-વક્તાના અધિકારાદિનો પુષ્ટિમાર્ગના જેવો જ સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. પરન્તુ કથા સંભળાવવામાટે શ્રોતાના અધિકારની બાબતમાં પરમ્પરાથી એવો *વાયા-મીડીયા* શોધી કાઢવામાં આવ્યો છે કે **"શ્રાવયેત્ ચતુરો વર્ણાન્ કૃત્વા બ્રાહ્મણમગ્રતઃ"**. અહીં પુષ્ટિમાર્ગીય ગુણગાનરૂપા ભગવત્કથાની વાત નથી. અગ્રશ્રોતા તરીકે એક બ્રાહ્મણને બેસાડવામા આવે અને એના મુખ્યાધિકારથી બાકીના બધા શ્રોતા સાંભળે. તો આવી બધી સમસ્યાઓ મર્યાદામાર્ગીય કથાઓમાં પણ છે. ગુણગાનરૂપા પુષ્ટિમાર્ગીય ભગવત્કથામાં પોથીપૂજન, પોથીયાત્રા, હવન, બ્રાહ્મણ બેસાડવા કે જપીયા બેસાડવા જેવા કાઈ નિયમ હોતા નથી.



## लिङ्गशरीरविचार

**गो. शरद्**

लिङ्गशरीर / सूक्ष्मशरीरके सम्बन्धमें वाल्लभ प्रक्रियाको समझ लेना उपरोक्त चर्चामें हुवे उक्तानुक्तदुरुक्तके हार्दको समझनेमें सर्वथा उपकारक सिद्ध होगा. तत्वार्थदीपनिबन्ध, प्रस्थानरत्नाकर, ब्रह्मसूत्रभाष्यके द्वितीयाध्यायके चतुर्थपादमें प्रकरणोपन्यासपूर्वक, भागवत्के २-३ स्कन्ध सुबोधिनीमें तथा स्कन्ध ४।२९ एवं ११।१९-२२ में भी एतद्विषयक विचार उपलब्ध होता है.

तत्वोंकी संख्याके सम्बन्धमें प्रचलित विभिन्न मतोंके कारण तद्विषयक उठी शङ्काका भगवान्से समाधान प्राप्त कर उद्धवजी जीवके जन्ममरणके सम्बन्धमें प्रश्न करते हैं:

त्वत्तः परावृत्तधियः स्वकृतैः कर्मभिः प्रभो।
उच्चावचान् यथा देहान् गृह्णन्ति विसृजन्ति च॥
तन्ममाख्या हि गोविन्द दुर्विभाव्यमनात्मभिः।

इसी प्रकारका प्रश्न नारदजीको भी किया गया था:

कर्माण्यारभते येन पुमानिह विहाय तम्।
अमुत्रान् येन देहेन जुष्टानि स यदश्नुते॥
इति वेदविदां वादः श्रूयते तत्र तत्र ह।
कर्म यत्क्रियते प्रोक्तं परोक्षं न प्रकाशते॥

सदसत्कर्मोंके शुभाशुभ संस्कार मनमें सङ्गृहीत कर लिङ्गशरीरके

माध्यमसे जीव देहान्तरमें गमागम करता है. इस प्रकार लिङ्गशरीरोपन्यासपूर्वक उक्त प्रश्नोंका समाधान किया गया. साथ हि साथ लिङ्गशरीरका स्वरूप भी दिखलाया गया :

मनः कर्ममयं नृणाम् इन्द्रियैः पञ्चभिर्युतम्।
लोकाल्लोकं प्रयात्यन्य आत्मा तदनुवर्तते॥

यद्यपि नित्यस्य आत्मनो जन्ममरणादि न सम्भवति तथापि लिङ्गशरीराध्यासेन तत् सर्वं घटत इति उत्तरम् आह मन इति. इन्द्रियैः पञ्चभिः इति. प्रधानत्वेन ज्ञानेन्द्रियाणां निर्देशः. तेनैव पञ्चभूतसूक्ष्माणि पञ्च कर्मेन्द्रियाण्यपि ज्ञेयानि. तैः पञ्चदशभिर्युक्तं नृणां जीवानां मनो मनः प्रधानं कर्ममयं कर्माधीनं लिङ्गं शरीरं लोकाल्लोकं देहाद् देहान्तरं प्रतियाति. (भाग.बालप्रबो.११।२२)

इसी प्रकार चतुर्थस्कन्धमें

येनैवारभते कर्म तेनैवामुत्र तत्पुमान्।
भुङ्क्ते ह्यव्यवधानेन लिङ्गेन मनसा स्वयम्॥
एवं पञ्चविधं लिङ्गं त्रिवृत् षोडशविस्तृतम्।
एष चेतनया युक्तो जीव इत्यभिधीयते॥

पञ्चतन्मात्रात्मकं एकादशेन्द्रियैः सह षोडशात्मना विस्तृतं त्रिवृत् त्रिगुणकार्यभूतं यद् लिङ्गं लिङ्गदेहः ..." (बालप्रबो.४।२९।७४)

"यावद् बुद्धिमनोऽक्षार्थ - गुणव्यूहो ह्यनादिमान्..."

"बुद्धिश्च मनश्च अक्षाः इन्द्रियाणि च अर्थाः पञ्चतन्मात्राणि इत्येवम्भूतो गुणव्यूहो गुणकार्यरूपो ... लिङ्गदेहो ..." (बालप्रबो.४।२९।७०)

"जीवस्थूलशरीरमध्यवर्तिनां लिङ्गशरीरघटकानाम् अन्त-र्बहिरिन्द्रियाणां प्राणानां च विचारार्थं पादारम्भः इति अर्थः". (भा.प्र. २।४।१)

"सूक्ष्मलिङ्गशरीरात्मकं प्राणेन्द्रियादिष्वपि" (भा.प्र.४।२।१।१)



इस विषयमें ध्यातव्य है कि बालप्रबोधिनीकार सूक्ष्मदेहमें पञ्चतन्मात्राओंका परिगणन करते हैं जबकि भाष्यप्रकाशमें श्रीपुरुषोत्तमजी प्राणोंका परिगणन करते हैं. सूक्ष्मशरीरके घटक तत्वोंकी इदमित्थन्तया गणना साम्प्रदायिक ग्रन्थोंमें सुस्पष्ट शब्दोंमें प्राप्त नहीं होती है. प्रस्थानरत्नाकर ग्रन्थमें सूक्ष्मशरीरके निरूपणका उपक्रम मात्र उपलब्ध होता है.

श्रीपुरुषोत्तमचरणके मतको निर्णायक मानते हुवे यदि विचार किया जाय तो **अन्तरिन्द्रिय** + **बहिरिन्द्रिय** + **प्राण** = **सूक्ष्मशरीर** ऐसा सूक्ष्मशरीरका स्वरूप निष्पन्न होता है. तदनुसार :

अन्तरिन्द्रिय = श्रौत्रं त्वग्-घ्राण-दृग्-जिह्वा-मनः षडिति भेदतः,
बहिरिन्द्रिय = वाग्-दोर्-मेण्ढ्राङ्घ्रि - पायवः
प्राण = प्राण-अपान-व्यान-उदान-समान

इसमेंसे आन्तरिन्द्रियान्तर्गत मनको यदि चतुर्वृत्ति अन्तःकरणका उपलक्षण मान लिया जाय तो मन-बुद्धि-चित्-अहङ्कारका समावेश भी यहां किया जाना सर्वथा अपेक्षित होगा.

प्राणका स्वरूप भी विशिष्ट है. आचार्यचरण 'तत्वार्थदीपनिबन्ध'ग्रन्थके सर्वनिर्णयप्रकरणमें लिखते हैं : "सूत्रं महांस्तथा प्राणो बुद्धिश्चाहमभेदतः"इसके प्रकाशमें : "सूत्रन्तु महत्तत्वमेव. तथा प्राणो बुद्धिश्च अहङ्कारएव". क्योंकि भागवतद्वितीयस्कन्धमें "ज्ञानशक्तिः क्रियाशक्तिर्बुद्धिः प्राणस्तु तैजसः" में सर्वेन्द्रियोंके बलदाता प्राणको अहङ्कारका ही रूपान्तर माना है. बुद्धि

तथा इन्द्रियों से भिन्न होते हुवे भी प्राणको तत्वान्तर नहीं माना गया है. यह प्राण-अपान-व्यान-उदन-समान भेदसे पञ्चविध होता है. एक अन्य मतके नुसार नाग-कूर्म-कृकल-देवदत्त-धनञ्जय भेदसे दशविध भी माना जाता है. ओज सह और बल यह तीन प्राणके धर्म होते हैं. इन्द्रियशक्तिको 'ओज', मन:शक्तिको 'सह' तथा देहशक्तिको 'बल' कहा जाता है.

सूक्ष्मशरीरघटक तत्त्वोंके सम्बन्धमें अन्यमतोंका अवलोकन किया जाय तो :

बुद्धीन्द्रियाणि पञ्चैव तथा कर्मेन्द्रियाण्यपि,
वायवः पञ्च बुद्धिश्च मनः सप्तदशं विदुः॥
लिङ्गं सप्तदशग्रामं प्राहुः पञ्चकसंयुतम्।
(विद्यारण्यमुनिविरचितो बृहदारण्यकवार्तिकसार १।३।९३)

विद्यारण्यमुनि प्राणोंका जबकि साङ्ख्यमतानुसार तत्वकौमुदीकार पञ्चतन्मात्राओंका परिगणन करते हैं.

पूर्वोत्पन्नमसक्तं महदादिसूक्ष्मपर्यन्तम्॥
''महदहङ्कारैकादशेन्द्रिय - पञ्चतन्मात्रपर्यन्तम्. एषां समुदायः सूक्ष्मं शरीरम्''(सां.तत्वकौमुदी ४४).

**मनका प्राधान्य :**

लिङ्गदेहघटक तत्वोंमें मनको प्राधान्य प्राप्त है, सर्वेन्द्रियानुग्राहक होनेसे. ''तथा प्राणः'' सूत्रके भाष्यमें आचार्यचरण कहते हैं: ''मनसो मुख्यत्वाद् एकवचनम्'' (ब्र.सू.भा.२।४।१।१). श्रीपुरुषोत्तमचरण लिखते हैं: ''लिङ्गशरीरे तस्यैव प्राधान्यात् तथा इति अर्थः'' (प्रकाश).

**इन्द्रियोंकी उत्पत्ति एवं ब्रह्मांशता :**

''एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च'' इस मुण्डकश्रुतिमें



प्राण मन और सभी इन्द्रियों की साक्षात् परमात्मासे सृष्टि कही गयी है. इनका व्युच्चरण भी चिदंशके साथ ही पृथिव्यादि भूतोंसे पूर्व ही हो जाता है. अतएव जीवकी ही तरह प्राणेन्द्रियादि भी ब्रह्मांश माने जाते हैं, कार्य नहीं. इसीका निरूपण साम्प्रदायिक ग्रन्थोंमें इन शब्दोंमें हुवा है.

''एतस्माज्जायते प्राणा'' इति श्रुतौ प्राणस्य इन्द्रियाणां च भगवतः सकाशात् सृष्टिरुक्ता''(वे.अ.मा.३८).

''यथा जीवस्य उद्गमनान्तरं व्यक्तीभावः तथा प्राणानामिति तेऽपि ब्रह्मांशाएव नतु कार्यरूपा''(ब्र.वृ.२।४।३).

'' . .. तस्माद् भूतोत्पत्तेः पूर्वं जीवानाम् इन्द्रियाणां च व्युच्चरणं, नतु उत्पत्तिः इति सिद्धम्''(भा.प्र.२।४।१।५).

**जीवके धर्मोंका इन्द्रियोंमें अतिदेश :**

''तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति'' श्रुतिमें जीवके उत्क्रमणके साथ - साथ प्राण = इन्द्रियोंके भी उत्क्रमणका कथन मिलता है. अतएव, जीवके समानयोगक्षेम होते होनेसे तथा नित्यसान्निध्य रहनेसे स्वरूपतः तिरोहितचिदानन्दात्मक होते हुवे भी इन्द्रियोंमें जीवके धर्मोंका अतिदेश होता है :

''तादृशधर्मवत्त्वं प्राणे अतिदिशति. ... प्राणा इन्द्रियाणि''.
(भाष्य २।४।१।१)

''चिदंशत्वातिरिक्ता धर्मा उत्क्रान्त्यादयः ते सर्वे अतिदिश्यन्ते ... जीवसमानयोगक्षेमत्वात् तेषामपि जीवतुल्यत्वम्''
(वेदान्ताधिकरणमाला)

''जीवनैकत्व्यात् तादृशधर्मवत्त्वं प्राणेषु अतिदिशति''
(ब्र.वृ.२५३)

इन धर्मोंके अतिदेशके कारण जीवतुल्य होने पर भी स्वरूपतः जीवकी तरह निर्दुष्ट न होनेसे मुक्तिके अवसर पर लिङ्गदेहका त्याग आवश्यक होता है. अतएव मुक्तिके पूर्व लिङ्गदेहका जीवसे विच्छेद हो जाता है. भाष्यमें कहा गया है :

''ब्रह्मांशत्वेन जीवस्य आनन्दात्मकत्वात् निर्दोषस्वरूपत्वात् नित्यत्वाच्च दोषाणाञ्च आगन्तुकत्वात् तदपगमे तस्य तथात्वम् उचितम्. प्राणादयस्तु न तादृशाइति तद्दृष्टान्तेन अत्रापि तथात्वं न वक्तुं शक्यम्, ''देहेन्द्रियासुहीनानां वैकुण्ठपुरवासिनाम्'' इति श्रीभागवतवाक्याच्च'' ( ब्र.सू.भ.४।२।१।१ )

''प्राणादयस्तु सृष्ट्यन्तरस्थाः ''असद्वा इदमग्र आसीत् तदाहुः किं तदसदासीदित्यृषयो वा तेऽग्रे असदासीत् तदाहुः के ते ऋषय इति प्राणा वा ऋषय'' इति वाजिनां श्रुतौ प्राणा 'असत्'पदेन असाधुतया श्राविताइति पुष्टिसृष्टिस्थाभावात् न तादृशाः. धर्मान्तरैः जीवतौल्येऽपि स्वरूपतो न जीववन् निर्दुष्टाइति जीवदृष्टान्तेन प्राणादिरूपे सूक्ष्मशरीरे लौकिकत्वापगमेन अलौकिकत्वं न वक्तुं शक्यम्. .. .अतः तत्त्यागपक्षएव साधीयान् इति अर्थः''.( भा.प्रकाश )

**अन्य गुण :**

अधोलिखित वचनोंमें उत्क्रमण करते होनेसे इन्द्रियोंकी अणुरूपता तथा नित्यता का परमात्मासे साक्षात् निर्गमन होता होनेसे तथा प्राणादिसे पृथक् गणना होने से उनकी अभौतिकता तथा तत्वान्तरता का भी प्रतिपादन किया गया है :

''उत्क्रान्तिश्रुतौ प्राणानां जीवेन सह उत्क्रमणकथनात् तेषां नित्यत्वम् अंशवत्वं च अङ्गीकृतम्''( वे.अ.मा. ).



''सृष्टिप्राक्कालवर्तित्वात् नित्यत्वम्. ... यथा जीवस्य उद्गमनान्तरं व्यक्तीभावः तथा प्राणानामिति तेऽपि ब्रह्मांशाएव नतु कार्यरूपाइति नित्यत्वं निर्बाधम् इति अर्थः''( ब्र.वृ.२।४।३ ).

''अनश्वरस्य भावस्य अजन्यत्वनियमात् जीववदेव नित्याः प्राणा इति अर्थः. ...चक्षुरादीनां देवतात्वेन संवादेन च चेतनतुल्यत्वं सङ्गृह्यते. एवम् अत्र इन्द्रियाणाम् उत्पत्त्यादिविचारेण नित्यत्वं समर्थितम्''( ब्र.वृ.२।४।२।५ ).

''यद्यपि वायौ प्राणे च जडत्वम् अस्ति तथापि तदपेक्षया नित्यत्वम् अधिकम् अत्र अस्ती''( विवरणम् ).

''सर्वे प्राणा अणुपरिमाणाः. गतिमत्त्वेन नित्यत्वे अणुत्वमेव''( ब्र.सू.भा.२।४।३।७ ).

''तानि इन्द्रियाणि तत्वान्तराणि. कुतः? ... ''एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च'' इति श्रुतौ 'इन्द्रिय'शब्देन व्यपदेशात्. यदि हि प्राणवृत्तिरूपाणि स्युः जननश्रुतौ 'इन्द्रिय'पदेन न व्यपदिष्टानि स्युः''.( ब्र.वृ.२६० )

''अतो मनआदीनि न भौतिकानि, किन्तु तत्त्वान्तराणि इति सिद्धम्''

**इन्द्रियलय**

''श्रुतिर्हि कर्म - ज्ञान - भक्तीः साक्षात् - परम्पराभेदेन पुरुषार्थसाधनत्वेन हीन - मध्यमोत्तमाधिकारिणः प्रति कर्तव्यत्वेन प्रतिपादयति. ... ज्ञान - भक्त्योरेव क्रमेण उत्तमात्युत्तमफलकत्वम् अतः तत्साधनत्वेन ( ज्ञानभक्त्योः साधनत्वेन ) एव तत्

(कर्म) कर्तव्यं नतु स्वातन्त्र्येण ... श्रुतौ कर्ममार्गे पुनर्जन्मासकृदुपदिश्यते यतः''. (ब्र.सू.भा.४।२।१।२)

श्रुतिमें साक्षात् पुरुषार्थसाधन और परम्परया पुरुषार्थसाधन हों ऐसे तीन मार्गोंका प्रतिपादन किया गया है. इन तीन मार्गोंमें कर्ममार्ग स्वतन्त्रमार्ग न होनेसे साक्षात् पुरुषार्थसाधक नहीं होता है. अतः उसका अनुष्ठान ज्ञान-भक्तिमार्गोंके साधन रूपमें करना चाहिये. कर्ममार्गका स्वतन्त्र आचरण पुनर्जन्ममें पर्यवसित होता है. उससे अपुनर्भवरूप मोक्षकी प्राप्ति नहीं होती है. अतएव साक्षात् पुरुषार्थसाधक ज्ञान एवं भक्ति मार्ग ही रहते हैं.

''ज्ञानिनो हि भगवन्तम् आत्मत्वेनैव उपासते. तस्याः (उपासनायाः) नैरन्तर्ये अनेकजन्मभिः तथैव तेषां हृदि भगवान् स्फुरति. तदा स्वानन्दांशस्यापि आविर्भावात् ब्रह्मभूतः सन् आत्मत्वेनैव ब्रह्म स्फुरितम् इति तदा आनन्दात्मकः सन् तम् अनुभवति. एवं स्थितः प्रारब्धसमाप्तौ देहापगमे तत्रैव प्रविष्टो भवति. ...ज्ञानमार्गे अङ्गीकृतास्तु आत्मत्वेनैव ज्ञानाद् उप समीपएव गच्छन्ति, उक्तरीत्या अक्षरात्मके तत्रैव प्रविष्टा भवन्ति इति अर्थः''. (ब्र.सू.भा.४।१।२।३)

ज्ञानी, क्योंकि, भगवान्‌की आत्मत्वेन उपासना करता है अतः ''बहूनां जन्मानामन्ते ज्ञानवान् मां प्रपद्यते'' इस भगवद्वचनानुसार अनेकजन्मोंमें आत्मत्वेन भगवान्‌की स्फूर्ति होने पर उसमें तिरोहित आनन्दांश प्रकट हो जाता है. इतना होने पर भी क्योंकि उसके प्रारब्ध अभी समाप्त नहीं हुवे हें अतः उसके देहकी स्थिति बनी रहती है. यह उसकी जीवन्मुक्तावस्था कहलाती है. प्रारब्धके समाप्त हो जाने पर वह स्थूल तथा सूक्ष्म देहोंके बन्धनसे मुक्त हो कर अक्षरमें विलीन हो जाता है. ऐसी ही गति मोक्षेच्छु मर्यादामार्गी भक्तकी भी होती है.



''अग्रे प्राप्य अलौकिकदेहाद् भिन्ने स्थूल-लिङ्गशरीरे क्षपयित्वा दूरीकृत्य अथ भगवल्लीलोपयोगिदेहप्राप्त्यनन्तरं भोगेन सम्पद्यते. ...अलौकिकत्वं विना उक्तदेहं विना च उक्तफलप्राप्तेः व्यवच्छेदकः 'तु'शब्दः''. (ब्र.सू.भा.४।१।७।१९)

पुष्टिभक्त मोक्षेच्छु नहीं होता है. वह तो ब्रह्मानन्दसे भी उत्कृष्ट भजनानन्दकी प्राप्तिकी आकांक्षा रखता है. फलतः भगवान् उसके उपर अत्यनुग्रह करके लीलप्राप्तिमें प्रतिबन्धक उसके स्थूल-सूक्ष्म देहोंको दूर कर देते हैं. तदनन्तर भगवल्लीलोपयोगि अलौकिकदेह प्राप्त कर वह ''सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता'' श्रुत्यनुसार अलौकिक भोगोंको भोगता है. अतएव भाष्यप्रकाशमें कहा गया है:

''भक्तिमार्गीयभगवदीयत्वस्य मुक्तितोऽपि ज्यायस्त्वे. ...भगवदुपयोगिलिङ्गस्थूलशरीरद्वयात्मिकाया भजनानन्दानुभाव-कसामग्र्या आधिक्याद् इति. एतेन ''सर्वेन्द्रियैस्तथा चान्तःकरणैरात्मनापि हि, ब्रह्मभावात्तु भक्तानां गृहएव विशिष्यते'' इति निबन्धोक्तं स्मारितम्''.

इन्द्रियादिके लयके दो प्रकार श्रुतिमें उपलब्ध होते हैं.

''तस्यैतस्य प्रयतो वाङ्मनसि सम्पद्यते, मनः प्राणे, प्राणः तेजसि, तेजः परस्यां देवतायाम्'' (छान्दो.उप.६।८।६)

''अस्य पुरुषस्य मृतस्याग्निं वागप्येति, वातं प्राणश्चक्षुरादित्यं मनश्चन्द्रं दिशः श्रोत्रं, पृथिवीं शरीरम् आकाशम् आत्मौषधीर्लोमानि वनस्पतीन् केशा अप्सु लोहितं च रेतश्च निधीयते'' (बृहदा.उप.३।२।१३)

प्रथम प्रकारमें वाणीका मनमें मनका प्राणमें प्राणका तेजमें इस

प्रकारसे क्रमिक लय बतलाया गया है. दूसरे वचनमें तत्तदिन्द्रियोंका अपने-अपने कारण महाभूतमें विलय दिखलाया गया है. पुष्टिभक्तके प्राणेन्द्रियादिका प्रथम प्रकारसे क्रमिक लय हो कर अन्ततः ब्रह्ममें विलय होता है.

"भक्तिमार्गे प्राकट्यस्यैव परफलत्वेन तद्दर्शनेन आप्तकामो भवति. ततः साक्षादाश्लेषादिकामनायां प्राचीन-देहप्राणादेः तदयोग्यत्वात् तत्रैव लीना भवन्ति"(ब्र.सू.अणुभा.४।२।१।१)

"पुष्टिमार्गीयस्य लौकिकदेहक्षपणं नाम प्राणादीनां ब्रह्मणि लयः" (भा.प्र.).

"... वाचः पश्चान् मनसि सङ्गतानि भगवदानन्देन सम्पद्यन्ते ... पूर्वोक्तसर्वेन्द्रियवैशिष्टयवन् मनः प्राणे सम्पद्यते ... सर्वेन्द्रियविशिष्ट-मनोविशिष्टः प्राणोऽध्यक्षे पुरो हृदि वा प्रकटे भगवति सम्पद्यते"

मर्यादामार्गीय ज्ञानी एवं भक्त के प्राणेन्द्रियादिका लय

"अस्य पुरुषस्य मृतस्याग्निं वागप्येति, वातं प्राणश्चक्षुरादित्यं मनश्चन्द्रं दिशः श्रोत्रं, पृथिवी शरीरम् आकाशम् आत्मौषधीर्लोमानि वनस्पतीन् केशा अप्सु लोहितं च रेतश्च निधीयते" (बृहदा.उप.३।२।१३)

श्रुत्यनुसार भूतोंमें होता है. "तेषां ते भूतेषु लीयन्ते नतु उक्तरीत्या भगवति"(अणुभा.४।२।२।५)

महाप्रभु श्रीवल्लभाचार्यके अनुसार श्रुतिमें अनेक सृष्टिप्रकारोंका वर्णन उपलब्ध होता है. आचार्यचरण कहते हैं: "एवं कदाचित् भगवान्



साक्षात् सर्वं करोत्यजः, कदाचित् पुरुषद्वारा कदाचित् पुनरन्यथा, कदाचित् सर्वमात्मैव भवतीह जनार्दन, महेन्द्रजालवत् सर्वं कदाचिन् माययाऽसृजत् ... वियदादि जगत्सृष्ट्वा तदाविश्य द्विरूपतः, जीवान्तर्यामिभेदेने क्रीडति स्म हरिः क्वचित् ... अतएव श्रुतौ भेदाः सृष्टेरुक्ता ह्यनेकधा"(तत्वा.नि.१।३६-४०). अतएव उपर्युक्त समग्र निरूपणको श्रुत्युक्त साक्षात्सृष्टि और क्रमसृष्टि के सन्दर्भमें देखना चाहिये. जिन श्रुतिवचनोमें साक्षात् ब्रह्मसे तत्त्वोंकी उत्पत्तिका वर्णन है वहां साक्षात्सृष्टि समझनी चाहिये. तदनुसार मुण्डकोपनिषत्के "दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः, अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः परः, एतस्माज् जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च, खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी" वचनमें साक्षात्सृष्टिका निरूपण है. जब कि तैत्तिरीयोपनिषत्के "तस्माद्वा एतस्माद् आत्मन आकाशः सम्भूतः. आकाशाद् वायुः. वायोरग्निः. अग्नेरापः. अद्भ्यः पृथिवी. पृथिव्या ओषधयः ..." इस वचनमें क्रम अथवा परम्परा सृष्टिका वर्णन है. साक्षात्सृष्टि-नित्यलीलासृष्टिमें सर्वसृष्टिपदार्थ अतिरोहितचिदानन्दांशरूप होनेसे ब्रह्मभूत ही होते हैं. "अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागम, नित्यापरिच्छिन्नतनौ प्राकट्यम् ..."की वाल्लभशब्दावलीमें कहा जाय तो उनका जनन न हो कर समागम अथवा प्राकट्य होता है. अतएव उनकि नित्यता अनुक्तसिद्ध होती है. क्रमसृष्टिके प्रकारमें, परन्तु, ऐसा नहीं होता है. अन्ततो गत्वा ब्रह्म ही सर्वकारणकारण होने पर भी इस सृष्टिमें तत्त्वोंकी उत्पत्ति ब्रह्मधर्म-चिदान्दके यथायोग्य आविर्भाव-तिरोभावपूर्वक होती है. अतएव उनका लय भी साक्षात् ब्रह्ममें न हो कर जिस कारणपरम्परासे उनकी उत्पत्ति हुई होती है उसी कारणपरम्परामें व्युत्क्रमसे होता है. सूक्ष्मशरीर प्रतिव्यक्ति भिन्न-भिन्न होते होने से व्यष्टिभूत हाते हैं. इनकी गणना अतः ब्रह्मकी स्वरूप अथवा कारण कोटिमें करनी युक्तिसङ्गत नहीं है. सूक्ष्मशरीर अतएव कार्यकोटिमें परिगणित होते हैं. फलतः प्रपञ्चमध्यपाति अनन्त अन्य व्यष्टि जड़पदार्थोंके समान वह भी अनित्य ही होते हैं.

## पुष्टिमार्गमें प्रवेश-अधिकार

डॉ. गजानन शर्मा

इस लोकमें दो प्रकारके जीव हैं: दैवी और आसुरी. दैवीजीव भी पुन: दो प्रकारके होते हैं:मर्यादामार्गीय और पुष्टिमार्गीय. इस प्रकार जीव तीन प्रकारके होते हैं १. पुष्टिमार्गीयजीव २. मर्यादामार्गीयजीव और ३. आसुरीजीव. आसुरीजीवोंको ही प्रवाहमार्गीयजीव भी कहा जाता है[१].

भगवान् स्वयंके मनद्वारा प्रवाहमार्गीय जीवोंका सृजन, प्रवर्तन तथा नियमन करते हैं. वैदिक मर्यादामार्गीय जीवोंके देह और व्यवहारका सृजन, प्रवर्तन और नियमन भगवान् वेदवाणीद्वारा करते हैं. पुष्टिमार्गीय जीवोंके विशिष्ट स्वरूप, देह तथा व्यवहार का सृजन, प्रवर्तन तथा नियमन श्रीकृष्ण अपने प्रकट आधिदैविक स्वरूपके द्वारा करते हैं. मार्गभेद, सर्गभेद और फलभेद के आधार पर पुष्टिमार्गीय जीवोको अन्य जीवोंसे भिन्न ही मानना चाहिए. उपर्युक्त तीनों प्रकारके जीवोंके स्वरूप, देह, रुचि, व्यवहार और अन्तमें उन्हें मिलनेवाले फलके तारतम्यको दृष्टिगत करने पर तीनों मार्गोंके भेदको भलीभांति समझा जा सकता है[२].

भगवान् रमणकी इच्छासे विचारित ''एकसे अनेक होनेके सङ्कल्प''की सिद्धिकेलिए कुछ जीवोंमें दैवत्त्व सम्पादित कर देते हैं. यह दैवत्त्व उच्चभावकी इच्छाका विषय, सूक्ष्मसद्भावनासे विशिष्ट तथा मुक्तिका अधिकाररूप होता है. दैवी जीवोंसे भिन्न जीवोंमें जब भगवान्के ऐश्वर्यादि षड्गुणोंका भगवदिच्छासे तिरोभाव हो जाता है और जब वे अविद्यासे



सम्बद्ध हो जाते हैं तब भगवान् उनका आसुरत्त्व सम्पादित कर देते हैं. यह आसुरत्त्व निम्नकोटिका होनेकी इच्छाका विषय, दुर्वासनासे विशिष्ट और मुक्तिका प्रतिबन्धक होता है. ये आसुर जीव दुर्वासनाके वशीभूत होकर तदनुरूप स्थलदेह प्राप्त कर निन्दित कर्मोंमें निरत रह कर नीचयोनियोंमें उत्पन्न होते हैं. केवल दैवीजीव ही मोक्षके अधिकारी हैं[३].

दैवी जीव भी दो प्रकारके होते हैं: मर्यादामार्गीय और पुष्टिमार्गीय. इनका भेदक बीजरूप निरुपाधिक भाव है. यह सूंक्ष्म बीजरूप भाव भगवान्द्वारा जीवके अविद्यासे सम्बद्ध होनेके पूर्व ही, उस जीवका दैवत्त्व सम्पादित कर देनेके बाद, मर्यादामार्गीय दैवी जीवोंसे उन पुष्टिजीवोंकी भिन्नता प्रकट करनेकेलिए विशेष अनुग्रहकी इच्छासे स्थापित कर दिया जाता है. यह भगवान्का विशेष सङ्कल्प है कि ''मैं इन जीवोंको पुष्टिमार्गीय फलकी प्राप्ति करउंगा''[४].

श्रुतियोंका सुस्पष्ट एवं सुदृढ सिद्धान्त है कि ''भगवान्की प्राप्ति न तो प्रवचनसे और न बहुश्रुत होनेसे. भगवान्की प्राप्ति तो उसे ही होती है जिसका वरण वे स्वयं कर लेते हैं''. इस श्रुतिके आधारपर प्रभुचरण स्पष्ट करते हैं कि प्रभु जीवनिष्ठ / जीवकृत किसी भी साधनसे प्राप्त नहीं हो सकते. भगवान्की प्राप्ति तो केवल भगवत्कृतिसाध्य अनुग्रहमात्रसे ही सम्भव है. भगवान् जीवकृत या जीवसाध्य वैदिक मन्त्रोपासन, तान्त्रिक (पाञ्चरात्रागम) में कही गयी दीक्षा, अर्चना आदिसे प्राप्त नहीं हो सकते. क्योंकि वे इन उपासना-प्रणालियोंके अधीन नहीं हैं. वे तो केवल भक्तिके अधीन हैं और अपने 'निज'भक्तोंमें रमण करते हैं. भक्तिके अतिरिक्त कर्म, ज्ञान, उपासना आदि मार्गोंसे पुरुषोत्तम की प्राप्ति हो सकती है ऐसा विश्वास करना मोह है, जिससे महाप्रभु श्रीमद्वल्लभाचार्यचरणने मुक्त किया है[५].

भक्त भक्तिमार्गके द्वारा भगवान्को प्राप्त करें इसलिए भगवान्ने

भक्तिमार्ग प्रकट किया है. वह भी द्विविध है: मर्यादामार्ग और पुष्टिमार्ग. भगवान्‌ने जिन जीवोंको मर्यादामार्गसे अङ्गीकृत किया है अर्थात् जिन जीवोंके विषयमें यह सङ्कल्प किया है कि ''ये जीव मुझे मर्यादामार्गसे प्राप्त करें'' उन जीवोंको भगवत्प्राप्ति साधनक्रमसे ही होती है. वह भगवत्प्रतिपादितके उपाभूत ज्ञान, कर्म आदिरूप साधनोंमें प्रवृत्त होता है. साधनानुष्ठानके अनन्तर उसे भगवत्प्राप्ति होती है. जिन्हें भगवान् पुष्टिमार्गमें अङ्गीकृत करते हैं उन्हें भगवान्‌की प्राप्ति केवल भगवदनुग्रहसे ही हो जाती है. उन्हें साधनोंके अनुष्ठानकी अपेक्षा नहीं होती. उनकेलिए प्रवृत्ति और अप्रवृत्ति दानों अप्रयोजक हैं. उनकेलिए अवान्तर कृतिकी अपेक्षा ही नहीं होती. क्योंकि इस मार्गमें भगवान् स्वयंको ही साधनकेरूपमें स्वीकार करते हैं. पुष्टिमार्गमें अङ्गीकृत नि:साधन व्रजवासियोंको केवल भगवदनुग्रहसे ही भगत्प्राप्ति हुई थी. जिन जीवोंके विषयमें भगवान्‌की जिस प्रकारकी इच्छा होगी उन जीवोंकी प्रवृत्ति अनिवार्यतया उसी प्रकारकी होगी[६].

किस जीवका मर्यादामार्गमें वरण किया जाय और किसका पुष्टिमार्गमें इसमें एकमात्र गवदिच्छा ही हेतु है. भगवदिच्छा किसी अन्य तत्त्वसे प्रभावित या नियमित नहीं होती. भगवान् स्वतन्त्र इच्छावाले हैं. उन्हें या निकी इुच्छाको कोई नियमित या नियन्त्रित नहीं कर सकता[७].

पुष्टिमार्गका अधिकार वही होता है जिस पर भगवान्‌की कृपा/अनुग्रह हो. भगवान्‌के अनुग्रहको 'पुष्टि' या 'पोषण' कहते हैं. जिस प्रकार सर्ग, विसर्ग आदि भगवान्‌की स्वतन्त्र लीलाएं हैं उसी प्रकार पोषण, पुष्टि या अनुग्रह भगवान्‌की स्वतन्त्र लीला है. अनुग्रह भगवान्‌का एक अन्य ही धर्म है जो कि इच्छासे भिन्न है. भगवान्‌की अनुग्रहरूपा इच्छा तो भगवान्‌के द्वारा किये जानेवाले कार्योंमें सर्वत्र सहकारी कारणके रूपमें विद्यमान् रहती है. भगवान्‌की कार्यसाधिका बारह शक्तियोंमें पुष्टिका समावेश है. जिस भक्त पर भगवान् अनुग्रह/कृपा कर यह



सङ्कल्प करते हैं कि ''इस जीवको पुष्टिमार्गीय फलकी प्राप्ति कराऊंगा'' वही जीव पुष्टिमार्गमें प्रवेशका अधिकारी है[८].

लेकिन भगवदिच्छाके समान ही उनकी कृपा भी प्रत्यक्षगम्य नहीं है अतः अप्रत्यक्ष होनेके कारण भगवदनुग्रहका अनुमान उसके कार्यके आधार पर किया जाता है. भगवत्कृपाका अनुमापक कार्य है - पुष्टिमार्गमें व्यक्तिकी अभिरुचि. क्योंकि भगवान्‌की कृपाके विना पुष्टिमार्गमें अभिरुचिका उदय नहीं होता है. और प्रभुकृपासे कृपापात्र व्यक्ति महापुरुषोंके द्वारा भी गृहीत होता है. जो व्यक्ति भगवदनुगृहीत होता है वही महापुरुषोंद्वारा गृहीत होता है.

दैवी जीवोंमेंसे जिस जीवको भगवान् पुष्टिमार्गमें अङ्गीकार करना चाहते हैं उसे प्रभुकृपासे सत्सङ्ग उपलब्ध होता है. सत्पुरुष-महापुरुष उसे अपने सङ्ग और परिचर्याका अवसर देते हैं. यह सौभाग्य भी प्रभुकृपाके विना प्राप्त नहीं होता. महापुरुषोंकी सेवा, सत्सङ्ग, भगवत्कथाश्रवण एवं तनुजासेवा आदि रूप भक्तिका अनुभव होनेसे पुष्टिमार्गमें रुचि जागृत होती है. ऐसी रुचि जिसमें उत्पन्न हो जाती है वही पुष्टिमार्गका अधिकारी है[९].

पुष्टिमार्गमें रुचिके दो स्तर हैं. प्रथम कक्षाकी रुचि वह होती है जिसमें भगवान्‌का सानुभाव नहीं हो पाता है. यह परोक्षरुचि भगवत्कथादिके श्रवण, सत्पुरुषोंके सम्मान-दर्शन-परिचर्या-सत्सङ्ग आदिसे आविर्भूत होती है. यह पुष्टिभक्तिका आरम्भ है. इसके बाद श्रवणादिरूप भक्ति करते रहने पर बीजरूप भाव जो कि भगवान्‌ने पुष्टिजीवमें पहले ही स्थपित कर दिया है, की वृद्धि होती है. तब अन्तस्तलमें भगवान्‌की स्फूर्ति होती है. इस भगवदनुभवसे विशेष रुचि, अपयोक्षरुचि उत्पन्न होती है[१०].

अपरोक्षरुचिसे उपर्युक्त बीजभाव श्रवणादि साधनोंसे बढते हुए

प्रेमरूप बन जाता है. यह प्रेम या स्नेह वाले रागको निवृत्त कर देता है. सेवा-श्रवणकी आवृत्ति आसक्तिरूप हो जाती है तब भगवत्सम्बन्ध रहित पदार्थ बाधक प्रतीत होने लगते हैं. आसक्ति वृद्धिङ्गत होकर कृष्णमें व्यसन बन जाती है तब दैहिक धर्मोंका विशेष रूपसे निक्षेप हो जाता है और जीव कृतार्थ हो जाता है. व्यसन पर्यन्त साधनका आचरण होता है. उसके बाद पुष्टिफलरूप भगवान् और उनकी लीला ही है. पुष्टि-अधिकारकी यही फलात्मक स्थिति है[२१].

भगवत्कृपापात्रके पुष्टिमार्गमें प्रवेशकेलिए केवल रुचि ही पर्याप्त नहीं है. उसे सद्गुरुके रूपमें महापुरुषकी कृपाकी प्राप्ति भी होनी चाहिए. गुरुके अनुग्रहसे रहित पुष्टिमार्गमें प्रवेशका अधिकारी नहीं है, भले ही वह भगवत्कृपाप्राप्त हो और उनमें मार्गरुचि भी हो. गुरुके बिना शरणागति सिद्ध नहीं होती. पुष्टिजीवकी सृष्टि भगवद्रूप सेवार्थ हुई है और पुरुषोत्तमस्वरूपकी सेवाका अधिकार ब्रह्मसम्बन्धसे ही मिलता है जैसे कि गायत्र्युपदेशसंस्कारसे द्विजको वैदिककर्मका अधिकार प्राप्त होता है. भगवानूकी प्रीति सम्पादनकेलिए योग्यताकी आवश्यकता होती है. भगवान् निर्दोषको ही स्वीकार करते हैं. ब्रह्मसम्बन्धसे सर्वदोषोंकी निवृत्ति होती है और जीव भगवत्सेवाके योग्य बनता है. वैष्णव तो वे सभी हैं जो विष्णु/राम/कृष्णके उपासक हैं. अंशावतारके भजनमें पुष्टिमार्गमें ब्रह्मसम्बन्धदीक्षाके बाद ही अधिकार मिलता है. ब्रह्मसम्बन्धदीक्षाके द्वारा वैदिकमार्गके अधिकारकी निवृत्ति, वेदोपदिष्ट कर्म न करने रूप वेदविरोध-दोषका परिहार तथा वेदोक्त देवताओंकी उपासना न करने रूप देवता-विरोधजन्य अनिष्टसे रक्षा होती है. वस्तुतः गुरुकृपाके पश्चात् ही भगवत्कृत ग्रहण/स्मरण सिद्ध होता है. भगवान् प्रत्यक्षका विषय नहीं है. कर्मद्वारा भी अवगत नहीं किया जासकता. स्वप्रकाश भगवान् श्रीकृष्ण तो गुरुकृपासे ही जाने जा सकते हैं. पुष्टिमार्गीय जीवों पर श्रीठाकुरजी श्रीआचार्यजी श्रीगुसांईजी की कानिसे नित्य कृपा करते हैं. इनकी कृपा विना शरणागति कदापि सिद्ध नहीं होगी. (चौरसीवैष्णवोंकी



वार्ता- भगवानूदासकी वार्ता तथा दोसौबावन वैष्णवनूकी वार्तामें अलीखानकी बेटी पीरजादीकी वार्ता).

गुरुके चयनमें सावधानी अपेक्षित है. अन्यथा भारी अनिष्ट सम्भव है. अतः महाप्रभु श्रीमद्वल्लभाचार्यजीने गुरुके लक्षण भी स्पष्टतः दिये हुए हैं. तदनुसार गुरु कृष्णसेवापरायण, दम्भादिरहित नर तथा श्रीमद्भागवततत्त्वज्ञ होना चाहिए[२३].

आजकल प्रचारका युग है. कई महानुभाव पुष्टिमार्गके प्रचारमें तत्पर हैं. यह निश्चि है कि श्रीमहाप्रभुजी एवं श्रीप्रभुचरण तथा अन्य वन्दनीय महानुभावोंने भी पुष्टिजीवोंके उद्धारके प्रयास किये थे. किन्तु वे यह निर्णय कर लेते थे कि सम्बन्धित व्यक्ति दैवीजीव है या नहीं. उसे निवेदनदीक्षा एवं मार्गप्रवेशका अधिकार है या नहीं. अतः वे दैव्योद्धारप्रयत्नात्मा थे. आधुनिक पुष्टिमार्गीय प्रचारकोंको भी यह ध्यान रखना होगा कि पुष्टिमार्गमें प्रवेशका अधिकार उन्हीं जीवोंको है जिन्हें पुष्टिमार्गीय फलदानका सङ्कल्प भगवानूने किया है, कृपापूर्वक जिनका वरण प्रभुने किया है, जिनमें बीजभाव स्थापित किया गया है, जिनकी पुष्टिमार्गमें सहज रुचि है; जिन पर महापुरुषों (आचार्यश्री, गुरुद्वाररू तथा महाप्रभुजीद्वारा निर्दिष्ट गुणोंसे युक्त महानुभावों) की कृपा है. इन्हीं लोगोंके बीच पुष्टिमार्गीय सिद्धान्तोंके सम्यक् प्रचार-प्रसार, चर्चा-परिचर्चाकी आवश्यकता है. यही प्रचारकी सार्थकता भी है. महाप्रभुजी एवं श्रीगुसांईजी ने दैवीजीवोंको ही पुष्टिमार्गमें प्रवेशका अधिकारी मान कर उन्हं शरणमें लिया था. अन्योंको नहीं, चाहे वे उस दैवी जीके परिवारजन, स्वजन ही क्यों न हों[२४].

**सन्दर्भसूचि :**

१. जीवोंके प्रकार :

अ. "द्वौ भूतसर्गौ लोकेस्मिन् दैव आसुरएव च" (भग.गीता१६।६).

आ. पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थ, श्रीमद्वल्लभाचार्य.

इ. "जीवाः द्विविधाः, दैवाः आसुराश्च. तत्र दैवा अपि द्विविधाः मर्यादामार्गीयाः पुष्टिमार्गीयाश्च" (प्रमेयरत्नार्णवे जीवविवेकः).

२. त्रिविधप्रकारके जीवोंके मार्गभेद, सर्गभेद, फलभेद तथा वर्गीकरण हेतु 'पुष्टिप्रवाहमर्यादा'ग्रन्थका परिचय; गोस्वामी श्रीश्याममनोहरजी द्वारा लिखित पठनीय है.

"तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्नाएव न संशयः" (पु.प्र.म.१२).

३.

अ. "तेषां मध्ये येषु जीवेषु रमणेच्छया विचारितस्य बहुभवनस्य सिद्धये उच्चभेवेच्छाविषयीभूतं ... ते सर्वदा संसारिणएव". (प्रमेयरत्नार्णवे जीवविवेकः).

आ. "क्षिपाम्यजस्यमशुभान् आसुरीश्वेव योनिषु, आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि, मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्" (भग.गीता १६।२०).

४. दो प्रकारके दैवी जीव और उनका भेदक तत्त्व :

"दैवा अपि द्विविधाः मर्यादामार्गीयाः पुष्टिमार्गीयाश्च".

"तस्माज्जीवाः ... पुष्टिमार्गीयफलं प्रापयिष्यामि इत्येवम्" (प्रमेयरत्नार्णवे जीवविवेकः पृ. ३७).

५. भगवान् जिसे वरण करें उसेही प्राप्य, अन्य साधनसे नहीं.

अ. "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन. यमेवैष वृणुते तेन लभ्यः" (कठ.१।२।२३,मुण्ड.३।२।३)

आ. "मन्त्रोपासनवैदिकतान्त्रिकदीक्षार्चनादिविधिभिर्यः, अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम्" (भक्तिहंस मङ्गलाचरण २).

इ. "जयन्ति पितृपादाब्जरेणवो यत्प्रसादतः, भक्तिप्राप्ता तदन्याध्वमोहाभावाश्च पण्डितैः" (तत्रैव १)

ई. "तेन जीवकृतिसाध्यसाधनैः अप्राप्यत्वम् उक्तं भवति" (तत्रैव).

उ. "सर्वथा चेद् हरिकृपा न भविष्यति यस्य हि, तस्य सर्वम् अशक्यं स्यान् मार्गेऽस्मिन् सुतरामपि" (त.दी.नि.२।२२६). परम् अत्र न सर्वेषां फलमुखाधिकारः किन्तु येषु भगवत्कृपा. कृपापरिज्ञानं मार्गरुच्या निश्चीयते (तत्रैव प्रकाशः).

६. मर्यादामार्ग और पुष्टिमार्ग में भगवत्प्राप्तिके साधन भिन्न.

अ. "भगवता स्वप्राप्त्यर्थं मार्गद्वयं प्रकटितं, मर्यादारूपं पुष्टिरूपञ्च. तत्र येषां जीवानां मर्यादायाम् अङ्गीकारः तेषां साधनक्रमेणैव भगवत्प्राप्तिः. येषाञ्च पुष्टिमार्गेऽङ्गीकारः तेषां केवलानुग्रहेणैव, न साधनापेक्षा इति सिद्धान्तः. यथा व्रजादिस्थिताः" (भक्तिहेतुनिर्णय पृ. ३०-३१).



आ. "सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनम्, फलं वा साधनं यत्र पुष्टिमार्गः स कथ्यते" (पुष्टिमार्गलक्षणानि १).

इ. "येषु जीवेषु यथा भगवदिच्छा तथैव तेषां प्रवृत्तेः आवश्यकत्त्वात्" (भक्तिहेतुनिर्णय पृ.३२).

ई. वरणेचास्ति प्रकारद्वयं; मर्यादापुष्टिभेदेन. आद्यस्तु तत्साधने भवति प्रवृत्तः, तथैव तद्वरणात्. ... द्वितीयस्तु प्रवृत्यप्रवृत्यप्रयोज्ञिके, भगवता स्वस्यैव साधनत्वेन अङ्गीकारात्" (भक्तिहंस पृ. २९).

उ. "तदनुग्रहैकलभ्यां भक्तिः" (भक्तिहेतुनिर्णय). "अनुग्रहेणैव एकेन लभ्या प्राप्या भक्तिः" (गो.रघु.विवृतिः).

ऊ. "अत्र निःसाधनानां "केवलेन हि भावेन" इत्यादिना स्नेहभक्तिनिरूपणाद् भक्तेः तदसाध्यत्वं अवदीयते" (तत्रैव पृ. २८). "न तद्धेतुत्त्वगन्धोऽपि" (तत्रैव).

ए. "नायमात्मा ..." इति इतरसाधननिषेधं कृत्वा "यमेवैष वृणुते तेन लभ्यः" इत्यादिना भगवदनुग्रहैकलभ्यत्वं भगवति आह" (तत्रैव पृ.३१).

७.

अ. "अत्र अङ्गीकारे च इच्छैव हेतुः, स्वतन्त्रेच्छत्वात् नान्यनियम्यता" (तत्रैव पृ.३१).

आ. "वरणे दृश्यते यत्र हेतुर्नाणुरपि स्वतः, वरणञ्च निजेच्छातः पुष्टिमार्गः स कथ्यते" (पुष्टिमार्गलक्षणानि ७).

८. "अनुग्रहो धर्मान्तरमेव. अनुग्रहरूपा च इच्छा सर्वत्र सहकारिणी" (भक्तिहेतुनिर्णय पृ.३८).

९.

अ. "अथच पुष्टिभक्तिमार्गाधिकारो विमृश्यते. ... यस्मिन् भगवत्कृपा सोऽधिकारी. तत्र कृपाया अप्रत्यक्षत्त्वात् तत्कार्यरूपपुष्टिमार्गरुच्या सा अनुमीयते, यतः कृपां विना पुष्टिमार्गे रुचिर्नेदिति. ... एतादृशरुचिमान् अधिकारी पुष्टिमार्गे" (प्रमेयरत्नार्णवे पुष्टिभक्त्यधिकारविवेकः पृ.१२१).

१०. परोक्ष और अपरोक्ष रुचि :

"इयम् अननुभूतविषया परोक्षरुचीत्यभिधीयते. ... स च अपरोक्षरुचिः इत्युच्यते"

(तत्रैव पृ. १२३).

११. प्रवेशाधिकारसे फलात्मकस्थिति तककी यात्रा :

"तया सैव भावो बीजरूपः श्रवणादिसाधनैर्वृद्धः सन् प्रेमरूपो भवति. ... अतो व्यसनपर्यन्तं साधनाचरणम्. ... एवकारेण अन्ययोगव्यवच्छेदात्" (तत्रैव पृ.१२९).

१२. ब्रह्मसम्बन्धसे पुष्टिमार्गमें प्रवेशका अधिकार :

अ. "आत्मनिवेदनो हि भगवद्भजनार्हा नेतरे. निवेदने भजनाधिकारः. ... तदावश्यकं, साक्षात् श्रीगोकुलेशभजनाधिकाररूपत्वात्, द्विजस्य वैदिककर्मणि गायत्र्युपदेशसंस्कारवत्" (नवरत्न प्रकाश).

आ. "गुर्वनुग्रहेणैव भगवता कृत स्मरणेन वा" (सुबो.). "गरोरनु पश्चाद्ग्रहो भगवत्कृतं ग्रहणं स्मरणम् इत्यर्थः" (लेख).

"मुक्तोपसृप्य" (ब्र.सू.). "निर्दुष्टं हि भगवान् गृह्णाति. नापि निन्दितान् अर्थान् भगवान् परिगृह्णाति" (सुबो.).

इ. "ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिर्हि" (सि.र.२).

"अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन" (सि.र.४).

ई. "दीक्षायामन्याधिकारो निवर्तते" (सुबो.).

उपनयनादिकर्तार्यस्तदनुग्रहात् न वेदविरोधः. अन्येनावरुद्धस्य विकर्मत्त्वं स्वयंकरणे हि सर्वत्रदोषः" (सुबो.).

"हरौ रुष्टे गुरुस्त्राता, गुरौ रुष्टे न कश्चन" इति वाक्यात् तदनुग्रहे भगवानपि अनुकूलो भवतीति किं वाच्यं देवतान्तरविरोधस्य. अतएव न वेदविरोधोऽपि. अनुग्रहेण वेदविरोधे निवृत्ते तदुक्ताकरणस्य न दोषावहम्. एतदेव विशदयति "स्वयंकरणे हि सर्वत्र दोषः तथाज्ञया तथाकरणे न दोषः" (श्रीपुरुषोत्तमजी सुबो.)

"प्रत्यक्षो न दृश्यते. कर्मद्वारापि लक्षितुं न शक्यते अतः कृष्णस्तेन वा लक्ष्यते इति स्वप्रकाशं गुरुणा वा लक्ष्यते" (सुबो.).

उ. अलीखान पठानकी पुत्री पीरजादीकी वार्ता इस सन्दर्भमें पठनीय है.

ऊ. "शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्" (कृष्णाश्रय).

ए. "विद्याहि वैद्यन्यायेन गुरौ स्थिता ... शिष्टे समायाति. तत्र मथनस्थानीया परमा दया" (सुबो.).

१३. गुरुके चयनमें सावधानी



अ. "कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्, श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात्" (त.दी.नि.२।२२७).

आ. निजवार्ताका प्रसङ्ग १६ उल्लेखनीय है. गुरुको अगले जन्ममें अजगर बनना पडाथा और हजारों-हजारों शिष्य चींटियां बन कर उसे नोंच रहे थे.

१४. "दैवोद्धारप्रयत्नात्मा" (सर्वोत्तम). "दैवी बिना एतन्मार्गमें अङ्गीकार नाहीं" (श्रीहरिरायजी भावप्रकाश).

# चर्चा

## पुष्टिमार्गमें प्रवेश – अधिकार

डॉ. ગજાનન્ શર્મા

અસિત શાહ : आप लिखते हैं: ''जिन्हें भगवान् पुष्टिमार्गमें अङ्गीकृत करते हैं उन्हें भगवान्की प्राप्ति केवल भगवदनुग्रहसे ही हो जाती है. उन्हें साधनोंके अनुष्ठानकी अपेक्षा नहीं होती. उनकेलिए प्रवृत्ति और अप्रवृत्ति दोनों अप्रयोजक हैं. उनकेलिए अवान्तर कृतिकी अपेक्षा ही नहीं होती. क्योंकि इस मार्गमें भगवान् स्वयंको ही साधनकेरूपमें स्वीकार करते हैं'' लेकिन इतने सारे कर्त्तव्यके प्रतिपादक शास्त्रके जो वचन उपलब्ध होते हैं उनकी क्या गति होगी? इस बारेमें आपका क्या कहना है?

ગજાનન્ શર્મા : कौनसे वचन?

અસિત શાહ : जैसे कृष्णसेवा सदा कार्या'' आदि.

ગજાનન્ શર્મા : हां. **कृष्णसेवा सदा कार्या''** क्या हम साधनके रूपमें कर रहे हैं? के हम कर्तव्यके रूपमें कर रहे हैं? हमारे धर्मके रूपमें कृष्णसेवाको बतलाया गया है. चतुःश्लोकीमें इस बातको स्पष्ट कहा गया है कि हमारा धर्म कृष्णसेवा है. तो हम कृष्णसेवाको साधनके रूपमें नहीं लेकिन अंश होनेके नाते हमारा यह धर्म है कि हम अंशीकी सेवा करें इसलिए धर्मरूपसे करते हैं. साधनरूपसे नहीं करते.

અસિત શાહ : भले ही साधनरूपसे न करें लेकिन आपने जो लिखा है कि ''प्रवृत्ति और अप्रवृत्ति दोनों अप्रयोजक हैं'' उससे ऐसा अर्थ निकलता है कि कृष्णसेवारूप हमारी प्रवृत्ति भी अप्रयोजक है.



ગજાનન્ શર્મા : नहीं नहीं. कृष्णसेवाके सन्दर्भमें ''प्रवृत्ति और अप्रवृत्ति अप्रयोजक हैं'' इसका प्रश्न ही नहीं है. वहां साधनके अनुष्ठानकी बात है. कृष्णसेवाको हम साधनानुष्ठान नहीं मानते हैं. वह तो हमारा स्वधर्म है. और उसकेलिए ही हमारा जन्म हुवा है. भगवद्रूपसेवार्थं ही यदि हमारी सृष्टि है तो वह तो हमारे अस्तित्वकी, हमारी अस्मिताकी अनिवार्य शर्त है. उसके विना हम पुष्टिमार्गी जीवोंका अस्तित्व ही क्या है? तो मैं उसको साधनके रूपमें माननेके पक्षमें नहीं हुं.

અસિત શાહ : तो जो कुछ भी साधनोंका अनुष्ठान हम सेवा कथा या शरणागति के रूपमें कर रहे हैं तब जब हम यह कहते हैं कि ''उनको साधनोंके अनुष्ठानकी अपेक्षा नहीं है'' तो भगवान्को तो सेवा - कथा - शरणागति हम करें ऐसी कोई अपेक्षा नहीं है. अब तो जीव सेवा - कथा - शरणागति नहीं करता है तो भी कुछ फर्क नहीं पड़ता है क्योंकि प्रवृत्ति - अप्रवृत्ति सब अप्रयोजक है. तब जो भी कर्तव्यके उपदेश दिये गये हैं उनकी क्या गती होगी?

ગજાનન્ શર્મા : जहां तक प्रभुको अपेक्षा नहीं है यह बात है तो शास्त्रार्थप्रकरणमें कहा गया है **लक्ष्मीकलत्राय किमस्ति देयं!''**. तो प्रभुको तो कोई अपेक्षा नहीं है. लेकिन हमारा जो लक्ष्य है उसकी दिशामें अग्रसर होना हमारेलिए नितान्त आवश्यक है. इसलिए हम तो उस लक्ष्यकी ओर बढ़ रहे हैं. इसलिए ये तो हमारा धर्माचरण है. प्रवृत्ति और अप्रवृत्ति की जो बात है वो साधनके बारेमें पुष्टिमार्गकी जो दृष्टि है उस सन्दर्भमें कही गई है. मर्यादामार्गमें जैसे जप

तप आदि साधन होते हैं उस तरहसे हमारे यहां सेवा आदिको साधन नहीं समझा जाता है. इस अर्थमें यह बात कही गई है. हम यदि सन्दर्भसे हटकर बात समझेंगे तो बात नहीं बनेगी.

**અસિત શાહ** : आप लिखते हैं: ''भगवान्की अनुग्रहरूपा इच्छा तो भगवान्के द्वारा किये जानेवाले कार्योंमें सर्वत्र सहकारीकारणके रूपमें विद्यमान् रहती है''. इसमें 'सर्वत्र'शब्दसे आप क्या अर्थ लेते हैं?

**ગજાનન્ શર્મા** : ''भगवान्के द्वारा किये जानेवाले कार्योंमें सर्वत्र'' इसकी तो सीमां वहीं स्पष्ट करदी गई हैं. भगवान्के द्वारा जो भी कार्य किये जाते हैं यदि वह भक्तसापेक्ष भी हैं या सृष्टिनिर्माण आदि जो भी कुछ हैं वहां सर्वत्र भगवान्की इच्छा सहकारीकारणके रूपमें विद्यमान् है.

**અસિત શાહ** : यहां अनुग्रहरूपा इच्छाकी बात है इसलिये ....

**ગજાનન્ શર્મા** : ये भक्तिहेतुनिर्णय ग्रन्थके आधार पर लिखा गया है. मैं पढ़ देता हुं. **अनुग्रहो धर्मान्तरमेव. अनुग्रहरूपा च इच्छा सर्वत्र सहकारिणी**''. ये बात है.

**અસિત શાહ** : मूलमें मुझे कोई *ऑब्जेक्शन्* नहीं है. केवल 'सर्वत्र'शब्दका अर्थ आप क्या समझते हैं यह मेरा प्रश्न था.

**ગજાનન્ શર્મા** : जहां जहां भगवान् अनुग्रह करना चाहते हैं वहां इच्छा तो है ही न! दैवीजीवोंका उद्धार करना चाहते हैं वो भी तो इच्छा है. सृष्टि करना चाहते हैं वह भी तो इच्छा है. और भगवान्की हर इच्छामें कहीं न कहीं अनुग्रह तो है ही. भगवान्का अनुग्रह तो ऐसा सहजधर्म है कि शायद भगवान् अनुग्रहके बिना रह ही नहीं सकते हों.

**અસિત શાહ** : ये आपका *स्टेट्मेन्ट् कन्फ्युजिग्* है. इच्छा और अनुग्रह के बीच पृथक्करण करना पड़ेगा.



**ગજાનન્ શર્મા** : इच्छ व्यापक है, सर्वत्र है. और अनुग्रह भक्तके कल्याणके सन्दर्भमें है.

**અસિત શાહ** : तो 'सर्वत्र'का अर्थ हमें करना होगा: ''भक्तविषयक जो कार्य भगवान् करते हैं वो''. अब आप लिखते हैं: ''गुरुके अनुग्रहसे रहित पुष्टिमार्गमें प्रवेशका अधिकारी नहीं है भले ही वह भगवत्कृपाप्राप्त हो और मार्गरुचि भी हो. ...सिद्ध नहीं होती''. इस विधानमें मेरे हिसाबसे संशोधन होना चाहिये. क्योंकि ऐसा कहने पर मार्गके गुरु जो गोपीजन हैं वो ही अनधिकारी सिद्ध होते हैं. क्योंकि उनके चरित्रमें गुरुके अनुग्रहकी कोई बात नहीं आती है. इसलिए हमें यहां इस प्रकारसे संशोधन करना चाहिये कि ''गुरुके अनुग्रहसे रहित **पुष्टिसम्प्रदायमें** प्रवेशका अधिकारी नहीं है''. और यदि 'पुष्टिमार्ग' शब्द ही रखना चाहते हैं तो हमें यह खुलासा करना चाहिये कि यह अनवतारकालकी व्यवस्था है कि गुरुके अनुग्रहसे रहितको पुष्टिमार्गमें प्रवेशका अधिकार नहीं है.

**ગજાનન્ શર્મા** : पुष्टिमार्गमें प्रवेशकी बात कही गई हैं तो 'पुष्टिमार्ग'का तात्पर्य पुष्टिसम्प्रदाय है. उसमें अपने आप ही स्पष्ट है. पुष्टि व्यापक है और पुष्टिमार्ग एक सरणी है. तो जब हम इस सरणीकी बात करते हैं तो जो श्रीमहाप्रभुजीके द्वारा उपदिष्ट है उसकी हम चर्चा कर रहे हैं. जहां तक व्रजाङ्गनाओंका सवाल है तो उनको तो हम गुरुके रूपमें स्वीकार रहे हैं. साक्षात् भगवत्कृपा उनपर बरस रही थी. उनका कार्यक्षेत्र अलग है. उनके उपर यह बात लागु नहीं होती है. यदि हम हिन्दुस्तानका संविधान बना लेते हैं तो वह सारे विश्वमें लागु नहीं होगा. हमारा संविधान हमारे मार्गकेलिए है.

**અસિત શાહ** : हां तो मैंने जो दो पक्ष कहे उसमेंसे किसी एक प्रकारसे

संशोधन होना चाहिये.

**ગો. શ ર દ્:** शर्माजी! मैं स्पष्ट करता हुं. इनका प्रश्न एक अलग दिशासे आ रहा है. एक ऐसी समझ है कि प्रथम क्रममें भगवान्‌की पुष्टि है. पुष्टि अत्यन्त व्यापक है. भगवान्‌की इस पुष्टिमें एक पुष्टिका मार्ग है. यह भी व्यापक है परन्तु पुष्टिके जितना नहीं. इस व्यापक पुष्टिमार्गमें एक पुष्टिका सम्प्रदाय है कि जो महाप्रभु श्रीवल्लभाचार्यके द्वारा प्रवर्तित हुवा ह. अर्थात् पुष्टि, पुष्टिमार्ग और पुष्टिभक्तिसम्प्रदाय ऐसा क्रम है. तो जो आचार्यचरणद्वारा प्रवर्तित है वह पुष्टिभक्तिसम्प्रदाय है, मार्ग नहीं. क्योंकि भगवान्‌की पुष्टिका मार्ग तो आचार्यचरणोंके पूर्व भी अवस्थित था. अतः इस धारणाको दृष्टिमें रखकर इनका प्रश्न था कि गुरु फिर दीक्षा फिर मार्गप्रवेश ये सब मार्गमें आवश्यक हैं अथवा सम्प्रदायमें?

**ગજાનન્ શર્મા:** मैनें लेख ''पुष्टिमार्गमें अधिकारविचार''के विषयमें लिखा है तो वह पुष्टिभक्तिसम्प्रदायके सन्दर्भमें ही है. यदि आप मार्ग और सम्प्रदाय को अलग मान रहे हैं तो शीर्षकको पुष्टिभक्तिसम्प्रदाय मान सकते हैं, सर्वत्र.

**અસિત શાહ:** आगे आप लिखते हैं: ''ब्रह्मसम्बन्धदीक्षाके द्वारा वैदिकमार्गके अधिकारकी निवृत्ति ... अनिष्टसे रक्षा होती है''. इससे आपका अभिप्राय ऐसा समझमें आता है कि ब्रह्मसम्बन्धदीक्षासे वैदिकमार्गके अधिकार निवृत्त हो जाते हैं. इसे स्पष्ट करें.

**ગજાનન્ શર્મા:** यह भी मेरे अपने विचार नहीं हैं. मैनें इसका सन्दर्भ दिया है उसे आप देख लें.

**અસિત શાહ:** सन्दर्भसे स्पष्ट नहीं हो रहे हैं. वैदिकमार्गको हम थोड़ा *डीटेइल्* से समझें तो उसमें दो बातें हो सकती हैं. एक तो वैदिक देवताओंकी उपासना और दूसरी नित्य-नैमित्तिकादि कर्म. तो मेरे हिसाबसे ब्रह्मसम्बन्धदीक्षा



लेनेसे वैदिक नित्य-नैमित्तिकादिक कर्मोंके अधिकारकी निवृत्ति नहीं होती है. हां, देवताओकी उपासना आदिके अधिकारोंकी निवृत्ति जरूर हो जाती है.

**ગજાનન્ શર્મા:** वैदिक अधिकारकी निवृत्ति होती हो ऐसी बात नहीं है. जिस ढंगसे व्याख्या की जा रही है ऐसा नहीं है. जैसे हम ब्राह्मण हैं. या त्रैवर्णिक हैं. यज्ञोपवीत हमारा हुवा है. सन्ध्योपासन करना, सूर्यको अर्घ्य देना ये हमारा एक अनिवार्य कर्म है. ईसकी निवृत्ति हो जाती है ऐसा नहीं है. लेकिन अन्य जो वैदिक अनुष्ठान करने होते हैं जैसे वर्णाश्रमधर्मका पालन वो यदि हम नहीं करते हैं तो उससे कोई फर्क नहीं पड़ता है. इसलिए महाप्रभुजीने सङ्केत मात्र किया है: **दीक्षायाम् अन्य अधिकारो निवर्तते**''. आगे स्पष्ट बतला दिया गया है: न वेदविरोधः''. वेदका विरोध नहीं है. वर्णाश्रमके अधिकारसे जो वैदिक कर्म हम कर रहे थे वो नहीं करते हैं तो उसका कोई दोष नहीं होगा. और उसका निषेध भी नहीं है. यदि आप कर सकते हैं तो **स्वधर्माचरणं शक्त्या**''के अन्तर्गत उसका सङ्केत है. यथाशक्ति करना ही चाहिए वर्णाश्रमधर्मका पालन. वैदिक धर्मोका या कर्मोका पालन करनेमें कोई तकलीफ नहीं है.

**અસિત શાહ:** जहां तक मेरी समझ है, इस वचनके सन्दर्भमें, तो यहां ब्रह्मसम्बन्धदीक्षाकी बात नहीं आती है. यह एक *जनरल्* बात है कोई भी वैदिककर्मके बारेमें. आप जब किसी एक वैदिककर्ममें दीक्षित हो जाते हैं तब अन्य वैदिककर्ममेंसे आपका अधिकार निवृत्त हो जाता है. जैसे आप सोमयाग करने बैठे हैं तब उसमें प्रवृत्तिके कारण अन्य अग्निहोत्र, स्नान आदि कर्म करनेका आपके पास अवकाश नहीं रहता है. तब शास्त्र आपको छूट देता है कि वो कर्म

आप यदि नहीं करते हैं तब भी चलेगा, क्योंकि उस वक्त आप दीक्षित हैं अथवा आपने सङ्कल्प कर रखा है. अर्थात् जब आप सोमयाग कर रहे हो तब तक इस अर्थमें आपके अन्य अधिकार निवृत्त हे जाते हैं. तो इसी अर्थमें श्रीमहाप्रभुजीभी ब्रह्मसम्बन्धके बारेमें कहते हैं कि जब हम सेवा कर रहे होते हैं उस समय एक तरहसे हम उस कर्ममें दीक्षित हैं. तब सेवातिरिक्त कर्म जो हमें करने चाहिये वो उस समय हम नहीं करते हैं तो भी हमको दोष नहीं लगता है. तो अधिकारकी निवृत्ति नहीं होती है. ब्रह्मसम्बन्धदीक्षाके *रेफरन्स्* में यह बात नहीं है.

ગજાનન્ શર્મા: आपका जो कथन है वो मुझे स्वीकार्य है. परन्तु पूर्वापर सन्दर्भको देखकर यदि वहां इसी अर्थमें कहा जा रहा है तब तो ठीक है अन्यथा हमें इस पर विचार करना होगा. मुझे इस सुबोधिनीके वचनका मूल सन्दर्भ नहीं मिला है. मैनें आर्. कलाधर भट्टकी किताबमेंसे यह वचन लिया है.

ગો. શ્ર ર દ્: असितके प्रश्नके पीछे तात्पर्य यह है कि अधिकार या अवस्था आदिकी स्पष्टता, इस वचनके सन्दर्भमें, नहीं होनेसे अनेक अनिष्टापत्तियां यहां आ रही हैं. ब्रह्मसम्बन्धसे वैदिकअधिकार निवृत्त हो जाते हैं ऐसा कह देने पर **यावद्देहोऽयं तावद् वर्णाश्रमधर्माएव स्वधर्माः, भगवद्धर्मादयोऽपि विधर्माः परधर्मा वा**'' इस प्रकारके आचार्यचरणोंके अनेकों वचन हैं. और **अनाविष्कुर्वन् अन्वयात्**'' सूत्रमें भी ( भगवद्भावस्य रसात्मकत्वात् गुप्तस्यैव अभिवृद्धिस्वभावकत्वाद् आश्रमधर्मैरेव लोके स्वं भगवद्भावम् अनाविष्कुर्वन् भजेत् इत्येतदाशयेन ते धर्मा उक्ताः ) शास्त्रीय कर्तव्योंका निर्वाह भक्तोंको किस प्रकार करना चाहिये इस विषयमें निर्देश किया गया है. तो इन सब वचनोंकी



फिर क्या व्यवस्था होगी? ये एक प्रश्न खड़ा होता है.

दूसरी दृष्टिसे सोचा जाय तो न्यासादेश ग्रन्थमें प्रभुचरणने शरणगमनोत्तर धर्मत्याग करनेका भगवान्‌का जो वचन है उसमें अर्जुनके अधिकारकी विवेचना करते हुवे 'धर्म'शब्दसे क्या अर्थ ग्रहण करना चाहिये इस विषयकी विस्तारसे चर्चा की है. उसमें प्रारम्भमें अकिञ्चनता, कार्पण्य, दु:साध्येच्छा-उद्यम आदि मन्द-मध्यमाधिकार परक अर्थ बतला कर **पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्तु अन्यत्रैव तात्पर्यम्**'' कह कर **सर्वधर्मान् परित्यज्य**'' का तात्पर्य सर्वात्मभावमें बतलाया है. वहां तो व्रजभक्तोंने जिस प्रकार सभी लौकिक-वैदिक कर्तव्योंको भगवदर्थ छोड़ दिया था उस प्रकार यहां भी भगवान् **सर्वधर्मान् परित्यज्य**''से सभी लौकिक-वैदिक धर्मोंका स्वरूपत: त्यागका अर्जुनको उपदेश कर रहे हैं. क्योंकि अन्य धर्म तो भगवान्‌के धर्मो तक ही पहुंचाते हैं जब कि सर्वात्मभाव ही धर्मी तक पहुंचा सकता है. अत: जिस प्रकार उच्च सोपानके उपर जाने पर नीचेके सोपान स्वत: छूटते जाते हैं उसी प्रकार धर्मीके निकट जानेकेलिये यदि धर्म छूट जाते हों तो उसमें कोई दोष नहीं होता है एसा वहां प्रभुचरणने प्रतिपादित किया है. तो अधिकारभेदसे यह सब उपपन्न होता है. उच्चसे उच्चतर अधिकार प्राप्त होने पर ये सब स्वत: होता जाता है. ये उपदेश देनेकी बात नहीं होती है. अत: ऐसा उपदेश नहीं दिया जा सकता है कि ब्रह्मसम्बन्धदीक्षा लेनेके बाद लौकिक-वैदिक धर्मोंको छोड़ दो. अत: उस वचनका पूरा सन्दर्भ देखकर स्पष्टता करनी होगी.

અસિત શાહ: आप कहते हैं: ''भगवान् प्रत्यक्षका विषय नहीं है. कर्मद्वारा भी अवगत नहीं किया जा सकता. स्वप्रकाश भगवान् तो गुरुकृपासे ही जाने जा सकते हैं''. इसमें मेरा *ऑब्जेक्शन्*

"भगवान् प्रत्यक्षका विषय नहीं है" इस अंश पर है. यह बात अपने यहां स्वीकृत नहीं है. आपने सुबोधिनीका वचन *क्वोट्* किया है ये मैं भी मानता हुं. लेकिन वो किसी अन्य सन्दर्भमें होगा. आगे आपने खुद ही अलीखान पठानकी बेटीकी वार्ताका उदाहरण दिया है जिसको भगवान् प्रत्यक्ष थे. ... अपन जानते हैं कि भगवान् प्रत्यक्षका विषय है तभी हम उनकी सेवा कर पा रहे हैं. अपन तो यह मानते हैं कि भगवान् सर्वेन्द्रियोंसे गम्य हैं. सर्व इन्द्रियोंकी सार्थकता इसमें है कि हम उनसे भगवान्का अनुभव कर पायें. इसलिये यह बात हम कभी भी नहीं कह सकते हैं कि भगवान् प्रत्यक्षका विषय नहीं हैं. अगर यह सुबोधिनीजीका वचन है तो इसका भी सन्दर्भ देखना पड़ेगा कि किस आशयमें महाप्रभुजी यह कह रहे हैं.

**ગજાનન્ શર્મા :** वहां आगे भी स्पष्ट कर दिया है कि **अतः कृष्णः तेन वा लक्ष्यते इति स्वप्रकाशं गुरुणा वा लक्ष्यते**". 'लक्ष्यते' तो स्पष्ट कहा गया है. अर्जुनको भी कहा गया था कि जिस प्रकार तू मुझको देख रहा है वो सामान्यतया नहीं देख सकता है. **दिव्यं ददामि ते चक्षुः**" ये बात कही गई है. यहां जो कहा गया है कि प्रत्यक्षदृश्य नहीं है वो सामान्यकेलिए बात कही गई है. भगवत्कृपासे जो दृष्टि प्राप्त होती है, गुरुकृपासे जो दृष्टि प्राप्त होती है, महत्पुरुषोंकी कृपासे जो दृष्टि प्राप्त होती है उनकेलिये यह बात नहीं है. सामान्योंकेलिए यह बात सही है क्योंकि इन्द्रियोंके विषय प्रभु हैं नहीं. **अप्राप्य मनसा सह**" जब बतलाते हैं. इन्द्रियोंकी बात तो छोड़िये. लेकिन इसकेलिये निषेध नहीं किया गया है. प्रभु स्वयं कृपा करके दर्शन देते हैं तो हम सर्वेन्द्रियोंसे उनकी लीलाका



आनन्द ले सकते हैं. मेरे कहनेका यह तात्पर्य कभी भी नहीं है कि प्रभुको देखा ही नहीं जा सकता. प्रभुकी कृपासे देख सकते हैं.

**અસિત શાહ :** प्रत्यक्षका विषय तो हो सकते हैं.

**ગજાનન્ શર્મા :** प्रत्यक्ष तो होंगे ही. सानुभाव नहीं तो होगा ही कैसे? लेकिन वो भगवत्कृपासे ही होता है.

**ગો. શ્ર્યામ મનોહર :** यहां यदि हम यह कह दें कि भगवान् लौकिकेन्द्रियग्राह्य नहीं है तो समाधान हो सकता है.

**ગજાનન્ શર્મા :** वो मूल शब्दसे नहीं आता है न! **प्रत्यक्षो न दृश्यते**".

**અસિત શાહ :** या तो भगवान्में कुछ विशेषण लगाना पड़गा कि विराट् स्वरूप आदि या प्रत्यक्षमें कुछ विशेषण लगाना पड़ेगा कि लौकिकप्रत्यक्षादि. मूल वचन देखके व्यवस्था सोचनी होगी.

## मर्यादापुष्टिका अधिकारविचार

**श्रीधर्मेन्द्रसिंह झाला**

जिनके वाणी अर्थ हे अतिशय अगम अपार।
सो श्रीवल्लभपदरज वंदु करि निरधार॥
श्रीविट्ठलेश परम उदार हे निजजन अपनों मान।
भाषाकृति बल देहिगें कीनो मन अनुमान॥
चिरिया उलचे सिंधु ज्यो जाय पिपीली पार।
त्यों यह भाषाकृति सबे जानो करि निर्धार॥

### पुष्टि विचार

श्रीमद्भागवत अपने षष्ठस्कन्धके वर्ण्यविषयकेलिये "**पोषणं तदनुग्रहः**" एसे वर्णन करे हे और श्रीमहाप्रभुजी आज्ञा करें हे "**कृष्णानुग्रहरूपाहि पुष्टिः कालादिबाधिका**". पुष्टि तो भगवदनुग्रहरूप भगवानूमें रह्यो भयो अपने अंशरूप जीवात्माविषयक गूढ धर्म हे.

या पुष्टिके मुख्य दो भेद हें: १. सामर्थ्यानुपाति / सामान्यपुष्टि: जा पुष्टिसुं चतुर्विध पुरुषार्थकी सिद्धि होवे वा पुष्टि कुं 'सामान्यपुष्टि' कही जाय हे. या प्रकार की पुष्टि अजामिल, इन्द्र, सहस्रार्जुन, देवहुतीजी आदिपे भई. २. स्वभावानुपाती / विशेषपुष्टि: जो पुष्टि केवल भगवत्स्वरूपफलदायिनी भक्तिकु सिद्ध करे हे वा पुष्टिकु 'विशेषपुष्टि' कही जाय हे. या प्रकार की पुष्टि जीनपे भई वे भगवत्स्वरूपातिरिक्त काहु वस्तुकी कामना नहीं करे हें. "**सालोक्य-सार्ष्टिसामिप्य-सारूप्यैकत्वमप्युत, दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जना:**" (भा.३।२९।१३).



श्रीमहाप्रभुजी अणुभाष्यमें आज्ञा करें हें:

"**कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते. ताभ्यां विहिताभ्यां मुक्तिः मर्यादा. तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापणं 'पुष्टि'रित्युच्यते. ... पुष्टिमार्गाङ्गीकृतेस्तु अत्यनुग्रहसाध्यत्वम्**" (अणु.भा.३।३।२९).

### पुष्टिभक्तिविचार:

अब जब "**यमेवैषवृणुते तेन लभ्य**" श्रुति वरणेतर साधननूको निषेध करे हे. आगे श्रुति स्वयं कहे हे: "**नायमात्मा बलहीनेन लभ्य**". तब तो वरण और बल यों दो साधन स्वेतरसाधननूको निषेध करते भये कहे गये हें. और "**भक्त्याहमेकया लभ्य**" "**लभ्यते अनन्याभक्त्या हरिरन्यद् विडम्बनम्**" आदि भी भक्त्यैकलभ्यताकी ही बात करे हे. यापे श्रीआचार्यचरण आज्ञा करे हें जो वरण = पुष्टि और बल = भक्ति. यासुं पुष्टिवरणसुं जनित बल = पुष्टिभक्तिसुं ही प्रभु प्राप्य बने हें.

स्वरूपसमुद्रमेंसों उठी भई पुष्टिकी बदली जब बरसे हे तब वह वर्षा स्वयं पुष्टिभक्तहृदयस्थ भक्तिरूपा नदि बनके फिर स्वरूपसमुद्रकी ही ओर अनवरत बहके स्वरूपकु ही प्राप्त करे हे. ये ही बात "**भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः**" (पु.प्र.म.२)में कहि गयी हे. और "**कश्चिदेव हि भक्तो हि 'यो मद्भक्त'इतीरणात्, सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः**" (पु.प्र.म.४). भागवत हु कहे हे "**मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ, लक्षणं भक्तियोगस्य निर्गुणस्य उदाहृतम्**". यासु हि अपने सम्प्रदायमें प्रायः 'पुष्टि'शब्द निर्गुणभक्तिजनक अनुग्रहमें हि रूढ हे.

**पुष्टिभक्तिफलविचार :**

"**भगवानेव हि फलं स यथाविर्भवेद् भुवि, गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत्**" (पु.प्र.म. १७) "**भक्तौ च न स्वरूपातिरिक्तफलकत्वम्**" (भक्तिहंस)के अनुसार भगवान् ही पुष्टिभक्तिके फलरूप हैं.

**पुष्टिभक्तिप्रयोजनविचार :**

"**भगवानेव सेव्यएवेति च. एतावानेव श्रुतिगीतार्थः**" (सुबो.१०।८४।-४२). भगवान् ही सेव्य ही हे ये ही श्रुतिगीताको अर्थ हे. **तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्नाएव न संशयः, भगवद्रूपसेवार्थं तत्सृष्टिः नान्यथा भवेत्**" (पु.प्र.म/१२). या वचनसुं श्रीपुरुषोत्तमजी पुष्टिअधिकारकी बात समझावे हें :

"**भगवतो रूपस्य या सेवा तदर्थं तत्सृष्टिः. नान्यथा भवेत्, एतत्सृष्टिकरणाभावे अधिकार्यभावाद् भगवतो रूपसेवैव न भवेत्. तथा रूपसेवां चेन्न कारयितुमिच्छेत् तान् न सृजेत्. नामसेवायाः दैवान्तरैरपि सम्भवात्. तथा तादृशरूपाभावे तत्कृता या रमणोपयुक्तसेवा सापि न भवेत्**".

भगवान्‌के रूपकी जो सेवा हे वाकेलिये ही पुष्टिसृष्टिको प्राकट्य हे. यदि या प्रकारके अधिकारी नहिं प्रकटते तब तो भगवद्रूपकी सेवा ही न हो पाती. ओर प्रभुकु रूपसेवा न करानी होती तो या पुष्टिसृष्टिको सृजन ही क्यों करते? नामसेवा तो दैवान्तर (मर्यादासृष्टि) सुं भी शक्य हे. या कारणसुं ही यद्यपि देव-असुर-मनुष्य कोई भी पुष्टिभक्त हो सके हे तथापि जिनपे पुष्टि भई हे वेसे देवराज इन्द्र हु पुष्टिभक्त नहीं हें. और स्वरूपमात्रकी आकाङ्क्षा रखवेवारो वृत्र असुर होइवे पर हु पुष्टिभक्त हे. अतः श्रीपुरुषोत्तमजी आज्ञा करे हें "**भगवत्सेवका ये तु कथञ्चित् भिन्नतां गताः तेषामेव अर्थे अयं मार्गः**". जो भगवत्सेवक कोई कारणसुं प्रभुसुं बिछुड़े हें उनहिकेलिये यह मार्ग हे. यासुं ब्रह्मसम्बन्धकरिवेसुं उनके ही सर्वदोषनृकी निवृत्ति होयगी. या पुष्टिभक्तिमार्गके वेही अधिकारी हें (सि.र.२-विवरण).



**पुष्टिभक्तिमार्गीयसाधनविचार :**

सर्वनिर्णयमें प्रमाण-प्रमेय-साधन-फलकु दर्शायवेकेलिये श्रीआचार्यचरण आज्ञा करे हें. "**विशिष्टरूपं वेदार्थः फलं प्रेम च साधनम्, तत्साधनम् नवविधाभक्तिस्तत्प्रतिपादिका**" ओर "**प्रेमसेवातएव स्याद् विशिष्टव्यक्तिरुत्त-मा**". श्रीगुसांईजी हु नागजीभट्टकु मार्गरहस्य समुझावे हें : "**श्रीवल्लभाचार्यमते फलं तत् (भगवत्) प्राकट्यं अत्र अव्यभिचारिहेतुः प्रेमैव, तस्मिन् नवधोक्त भक्तिः तत्रोपयोगो अखिलसाधनानाम्**". यासुं या पुष्टिमार्गमें नियामक पुष्टि हे. मुख्यसाधन हेः प्रेमात्मिका भक्ति. अन्य सारे साधननको विनियोग वा प्रेमात्मिकाभक्तिकु प्रकट करवेमें ही हे. अब विविधलीलोपयोगी भिन्न-भिन्न इच्छाप्रयुक्त भिन्न-भिन्न अवान्तरसाधननसु भक्तहृदयस्थ भक्तिबीजप्रवर्धन ही अपेक्षित हे. यहां अधिकारभेदसु साधनभेद होवे हे.

**पुष्टिभक्तिभेदविचार :**

"पुष्टिभक्त मोकु जानें" एसी इच्छायुक्त पुष्टिवरण जिनको हे वो पुष्टिपुष्टिजीव भगवत्स्वरूपज्ञाता सर्वज्ञ होवे हें. "जीव मेरी उपासनापरायण होवें" एसी इच्छायुक्त पुष्टिवरण जिनको हे वो प्रवाहपुष्टिजीव भगवत्क्रीयारत होवे हें. ओर "मेरे गुणनकु जानें" एसी इच्छायुक्त पुष्टिवरण जिनको हे वो गुणज्ञ मर्यादापुष्टिजीव गुणगानपरायण होवे हें. शुद्धपुष्टिजीव तो दुर्लभ ही होवे हें. प्रायः अवतारकालीन ही होवे हें. वे साधनोपदेशयोग्य नहीं होवे हें.

**साधनोपदेशविचार :**

अधिकारविवेचनामें सर्वाधिक महत्त्व साधनोपदेशविमर्शकु ही देनो जरूरी हे. क्यों जो स्वयं भक्त्याचारोपदेष्टा श्रीमदाचार्यचरण आज्ञा करे हें :

**निष्ठाभावे फलं तस्मान् नास्त्येवेति विनिश्चयः,**
**निष्ठा च साधनैरेव न मनोरथवार्तया॥**

प्रकाश : "**न हि महागृहारम्भे सामिकृते ततः किञ्चित्फलमस्ति. न वा नदीतरणार्थं प्रवृत्तो हस्तमात्राव-**

शिष्टेऽपि निमग्नः पारगमनं फलं प्राप्नोति. ... निष्ठा च साधनैरेवेति. वेदोक्तैरेव, न तु प्रतिष्ठार्थं व्याख्यानमनोरथवार्तया'' (त.दी.नि.प्र.१/१८).

अपनेलिये तो **''भक्तिमार्गवितानाय योऽवतीर्णो हुताशनः, सएव नः परं मानं शेषमस्य प्रमान्तरम्''** (सा.दी.३).

यदि कृपासुं ही फलसिद्धि होवे हे तब तो साधन व्यर्थ हे—या शङ्काके समाधानमें श्रीपुरुषोत्तमजी समुझावे हें के यद्यपि अनुग्रहसुं भक्ति सिद्ध होवे हे तथापि वा भक्तिकी अवस्थारूप प्रेम साधनसापेक्ष होयवेसुं वो प्रेम जासुं सिद्ध होवे उन साधननको निर्देश श्रीमहाप्रभुजी कर रहे हें: **''तत्र आदितः साधनान्याह''**. और हु **''श्रवणादिव्यतिरेकेण संस्कारवशात् फलकामनया वा जायमाना प्रीतिः गौणी स्यात्''** (त.दी.नि.प्र.२-२१).

**सेवाङ्गभूतगुणगानविचार:**

अब मुख्यतया मर्यादापुष्टिजीव गुणगानपरायण होवे हें यासुं सर्वनिर्णयोक्त साधनप्रक्रियामें गुणगानको विचार करेगें.

**''तस्मादेकेन मनसा भगवान् सात्वतां पतिः।**
**श्रोतव्यः कीर्तितव्यश्च ध्येयः पूज्यश्च नित्यदा॥**
(भा.१।२।१४).

साधनप्रकरणमें प्रथमसाधनरूप योग्यगुरूपसत्ति, सेव्यमूर्तिमें साक्षात्कृष्ण-भाव रखके कृष्णसेवा, वामें हु भक्तियुक्त उपचारनकी महत्ता, अनुकूलभार्यादीनको विनियोग, प्रतिकूलत्याग, सर्वथा वृत्तिरहितनकु याममात्र भगवत्सेवा, अनिषिद्ध उपायनसुं आजीविका इत्यादि उपायको उपदेश देके श्रीमहाप्रभुजी आज्ञा करे हें:

पठेच्च नियमं कृत्वा श्रीभागवतमादरात्



**''जीविकायां चित्तं व्यापृतं पुनः भगवति योजनार्थम् उपायमाह 'पठेच्च नियमं कृत्वे'ति. अनेन अल्पबहिर्मुखता-यामपि श्रीभागवतमनुसन्धेयम् इत्युपायः कथितः. एतद् भजनमान्तरं मुख्यम्''.**

या प्रकार भगवत्परायण बनायवेकेलिये भागवतपाठ कह्यो. आगे हु सर्वसहन, वैराग्य, परितोष, दृढविश्वास, इष्टसमर्पण, स्वयं भगवत्परिचर्या, शक्त्या स्वधर्माचरण, विधर्मसु निवर्तन, इन्द्रिनिग्रह इत्यादि उपाय दिखायके श्रीपुरुषोत्तमजी शङ्का उठावे हें जो यद्यपि उपदिष्ट सर्व योग्य हे तथापि (!) फल तो सेवाको अच्छिरीतिसुं निर्वाह होय तब ही मिलेगो और वह तो कालादि बाधक होयवेसुं कठिन हे. यासू जा साधनसुं सेवा निबहे वह दिखा रहे हें. **''यथा-यथा हरिः कृष्णो मनसि आविशते निजे, तथा-तथा साधनेषु परिनिष्ठा विवर्धते''**. हरि कैसे हृदयमें प्रवेश करे? या आकाङ्क्षामें वाके साधन कहते भये तात्पर्य दिखा रहे हें जो **''श्रवणकीर्तनादिना हरिश्चेद् हृदये निविशते तदा पूजा सर्वदा निर्वहतीत्यर्थः''**. श्रवणकीर्तनादिसूं जब हरि हृदयमें पधारें तब सेवाको सर्वदा निर्वाह होवे हे. (त.दी.नि.प्र.२४०+आवरणभङ्ग). अब श्रीमहाप्रभुजीके अनुसार **''भगवद्वाचकैः पदैः वाक्यैश्च भगवति शक्तितात्पर्यनिर्द्धारः श्रवणम्. शक्तितात्पर्यनिर्द्धारबोधनं कीर्तनम्. तथा ज्ञातानां वा स्वत एवोच्चारणम्. ...(श्रवणकीर्तनयोः) अन्योन्यनिर्वाहकत्वम्''** (सुबो.१।२।-१४). यासुं मात्र सुनवे या कहेवे सुं काम नहीं चलेगो. श्रीभागवतमें हु कह्यो हे:

**शृण्वतः श्रद्धया नित्यं गृणतश्च स्वचेष्टितम्,**
**कालेन नातिदीर्घेण भगवान् विशते हृदि॥**

**सुबो: श्रवणादि निर्वाहकं मनोनिवेशनम्. श्रद्धा ही श्रवणकीर्तनयोः अङ्गम्. दीर्घकालादरनैरन्तर्येण क्रियमाणस्यैव श्रवणादेः फलसाधकत्वात्''** (सुबो.२।८।४).

और **''श्रवणे प्रविशति कथापूरो हृदयं ततः सर्वमेव दोषमालोड्य**

मुखतो निःसरति.'' (सुबो.१०।१२।४१). श्रवणकीर्तनस्मरणमें रसनिष्पत्ति केसे होवे वाको प्रकारहु श्रीमहाप्रभुजीने सुबोधिनीजीमें दिखायो हे. आप आज्ञा करे हें **''ये पुनः भगवत्कथास्वरूपानभिज्ञाः ते कियत्कालं श्रुत्वा निवर्तन्ते. न ह्यत्र रसज्ञो निवर्तते''**. आगे श्रीपुरुषोत्तमजी फिर शङ्का उठाके समाधान दे हें. जो यह बात भी आपकी युक्त हे तोहु आजकल श्रवणादि करवेवारेनूके हृदयमें हु प्रायः भगवत्प्रवेशको अनुभव नाहिं होत हे. यासू वाकेलिये ओर हु बाधकत्यागरूप साधन श्रीआचार्यचरणनूने दिखाये हें. यथा दीनता, अहङ्कार और मानापेक्षा को त्याग आदि.

''श्रीमहाप्रभुजीके श्रीमुखसुं कथा तो केशवभट्ट और माधवभट्ट काश्मीरी दोउनूने सुनी पर केशवभट्टने बराबरि बैठिके सुनी और माधवभट्टने दासभाव सों मन लगायके सुन्यो तातें उनको बोध भयो'' (वार्ता.२७।१). आगे और हु इन साधननूकी सिद्धिकेलिये नामोच्चारणरूप साधनानन्तरको उपदेश दियो हे. **''सर्वथा तद्गुणालापं नामोच्चारणमेव वा, सभायामपि कुर्वीत निर्भयो निःस्पृहस्ततः''**. परन्तु केवलनामोच्चारण कदाचिद् असाधक होवे या कारण फिरसुं श्रीभागवतरूप मुख्यसाधन दर्शायो हे. सुबोधिनीमें आप आज्ञा करे हें:

> ''(भगवन्नामानि) जनाः व्यवहरन्ति उच्चारयन्ति **तथापि विचाराभावान्न जानन्ति...ततो निरर्थकानि नामानि न फलन्ति, नाप्यन्तःकरणं शोधयन्ति. अतः स्वरूपाज्ञानेन केवलम् उच्चारितानि रूपसम्बन्धाभावात् स्वतोऽपि अलौकिकत्वाज्ञानात् अग्न्युच्चारणे दाहाभाववत् नामोच्चा-रणेऽपि न प्रपञ्चनिवृत्तिः''** (सुबो.१०।८।१६).

यासुं **''साधनं परमेतद्धि श्रीभागवतमादरात्, पठनीयं प्रयत्नेन निर्हेतुकमदम्भतः''**. आगे हु शङ्खचक्रादि-तुलसीमाला-तिलक धारण, एकादशी आदि व्रत, उत्सवयात्रादि उपाय दिखायके श्रीमहाप्रभुजी आज्ञा करे हें ''गृहस्थस्य एतन् मुख्यम्''.



**स्वतन्त्रतीर्थाटन (गुणगान) प्रकार:**

यह आन्तर भजनको विशिष्ट प्रकार हे. यामें प्रकारान्तर बताते भये श्रीमदाचार्यचरण आज्ञा करे हें:

> **''तत्र अटनप्रकारमाह 'अतस्तेष्वप्रतिग्राही'ति. तीर्थप्रवेशदिवसे तूपवासः. अग्रिमदिवसे यद्यन्नमात्रमपि नास्ति तदा तावन्मात्रं ग्राह्यं, नतु ततोऽधिकम्. अटनस्य नित्यत्वान्न चिरकालं स्थितिः. अन्तर्भगवत्स्मरणं च. एकाकी पर्यटेत्. पथि भोगाद्यर्थं स्पृहा न कर्तव्या. शान्तश्च चित्ते भवेत्''.**

या प्रकार अपरिग्रहव्रतधारण करके उच्चस्वरसुं नामसङ्कीर्तन करते भये अन्तर्भगवत्स्मरण करते भये अकेले ही नित्य तीर्थनूमें अटन करनो. वामें कृष्णको ही तात्पर्य रखनो. या प्रकारको त्याग मुख्यतया सन्यासिनूको ही सम्भव हे, **सन्यासिनस्तु पूर्वापेक्षयाऽपि अग्रिमएव उत्तम एवम् इत्याह 'यतेः पर्यटनं वरम्' इति''** (प्रकाश.२४६). गृहस्थनूकुं तो विक्षेपादि पांच दोष होईवे पर सेवात्यागको उपदेश हे. तब सेवाके अभावमें तीर्थाटन् करवेको उपदेश हे. या प्रकारकेलिये श्रीआचार्यचरण आज्ञा करें हे जो **''उत्तमोत्तममेतद् हि पूर्वम् उत्तम ईरितम्''**. प्रकाश: अस्मिन् पक्षे कृष्णः सदा स्फुरतीति उत्तमोत्तमम्''. श्रीभागवतमें हु कह्यो हे:

> **शृण्वन्सुभद्राणि रथाङ्गपाणेः जन्मानि कर्माणि च यानि लोके।**
> **गीतानि नामानि तदर्थकानि गायन् विलज्जो विचरेदसंगः॥**
> **एवंव्रतः स्वप्रियनामकीर्त्या जातानुरागो द्रुतचित्त उच्चैः।**
> **हसत्यथो रोदिति रौति गायत्युन्मादवन्नृत्यति लोकबाह्य॥**

**तृतीयगुणगानप्रकार:**

**पूर्वम् अधिकाराभावे तृतीयपक्षमाह:**

**अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात्।**

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्॥
वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि।
तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत्।

जब पूर्वोक्त बाह्यभजन-आन्तरभजनपक्ष सम्भव न होय तब भगवन्नामात्मक श्रीमद्भागवतको आश्रय करनो जासुं उद्धार होयगो. उपसंहार करतें भये आज्ञा करे हें: **''बाह्याभ्यन्तरभेदेन रूपे भेद द्वयं मतम्, नाम्नि चैकं ततस्त्रेधा भक्तिमार्गो निरूपितः''.**

श्रीमहाप्रभुजी उपदिष्ट आन्तरभजनरूप गुणगान और नामात्मभजन के विशद विचार करवेकी सभी मान्य विद्वज्जननूकु बिनती.

अन्तमें श्रीगोपेश्वरजीके शब्दनूमें :

**श्रीगोपिकाधीशपथानुगानां सेवाकथासक्तिसमर्थनाय।**
**य एक एवास्ति विभुस्तमेव श्रीवल्लभाख्यं मुहुराश्रयेऽहम्॥**



## ચર્ચા

## मर्यादापुष्टि अधिकारको विचार

શ્રીધર્મેન્દ્રસિંહ ઝાલા

ગો. શ્યા ૨ ૬: धर्मेन्द्रसिंह झालाने प्रमाणपुरःसर मर्यादापुष्टिके अधिकारपे पत्र प्रस्तुत कियो. व्रजभाषामें पत्रकी प्रस्तुति भई ये ओर भी सुन्दर बात भई. व्रजभाषामें एक मात्र इनको ही पत्र है. या पत्रपे मेरी कुछ जिज्ञासा हें.

**''मर्यादया गुणज्ञाः''**. मर्यादा मिश्र पुष्टिजीव गुणज्ञ होवे हें एसे आचार्यचरणने मर्यादापुष्टि जीवनूकु परिभाषित किये हें. मर्यादापुष्टिजीवकु क्या फल मिले है अर्थात् उनको फलाधिकार, उनकेलिये क्या साधन विशेषरूपसुं उपदिष्ट भये हैं अर्थात् उनको साधनाधिकार तथा मार्गप्रवेशसुं लेके फल पर्यन्तकी उनकी यात्रामें उनकी कैसी-कैसी अवस्था हो सके हे ये सब बातें या पत्रमें स्पष्ट नहीं भई हैं. तो ये मेरी जिज्ञासा हे.

मार्गप्रवेशमें अधिकार, दीक्षादानमें अधिकार, गुणगानकी प्रणालीद्वारा होती भगवल्लीलानुभूतिमें अधिकार अथवा शरणागतिमें अधिकार कोई भी विषय होवें उनके सम्बन्धमें मेरी एसी अपेक्षा होवे हे के पत्रमें अधिकारीको निरूपण करवेके सङ्ग-सङ्ग अनधिकारीको भी निरूपण होवे. ओर वा अधिकारके वरणसुं प्रारम्भ करके वाकु मिलवेवाले फल तक ये अधिकार कैसे काम करे हे ये बात स्पष्टरूपसुं

लेखमें उभरके सामने आनी चहीये. अन्यथा शीर्षक केवल शीर्षक ही रह जाय और वाके नीचे लिख्यो भयो लेख कहीं ओर ही दिशामें चल्यो जाय. ये बात नहीं होनी चहिये.

ये व्यावहारिक समस्या है. अधिकारको विचार व्यवहारसु अत्यन्त जुड़्यो भयो विषय हे. अपने यहां ग्रन्थनूमें तो बड़ेन्ने याको विचार अत्यन्त विस्तारसु कियो हे परन्तु अब याको विचार नहीं कियो जाय हे. अधिकार अपने यहां दो तरहसु सोच्यो जा सके हे. एक तो पुष्टिपुष्टि, मर्यादापुष्टि तथा प्रवाहपुष्टि कु अपन् पृथक्-पृथक् वरण मानके ओर *सेकन्ड्ली* इनकु क्रमिक अवस्था मानके. जो भी होवे. दोनों स्थितिमें ये विचारणीय होवे हे के वा जीवकु अथवा वा अवस्थावाले जीवकु उपदेश कैसे ओर क्या देनो चहिये जासु कि वाको अधिकार अपनी स्थितिसु उच्च हो सके. जेसे भक्तिवर्धिनीमें भक्तकी रुचि-प्रेमासक्ति-व्यसनावस्थाके रूपमें आचार्यचरणने भक्तकी अवस्था, वाके ज्ञापक तथा वृद्धिके उपाय बताय हें एसे ही विभिन्न जीवनूके अधिकारके सम्बन्धमें इनकु कैसे सोच्यो जा सके हे या विषयको विमर्श ये अधिकारपरिचर्चामें होनो चहिये. ओर स्पष्ट करुं तो जब कोई रोगी डॉक्टर्के वहां जाय हे तब डॉक्टर् *एक्स-रे मशीन्* द्वारा अथवा *पेथोलोजिकल् लेबॉरैट्रीमें* वाके रक्तादिको परीक्षण करवाके वाके रोगको प्रकार ओर वाके अन्दर रोगाणुनूकी क्या स्थिति हे इन सब बातनूकु जान ले हे. फिर ये जानके वो वाकी परीक्षा करके रोगको प्रकार, रोगकी *स्टेज्* आदि जानके वाकु दवाई देवे हे. यदि फिर भी रोगी स्वस्थ नहीं होव हे तो डॉक्टर् दवाईमें परिवर्तन करे हे अथवा *डॉज़्* बढ़ावे हे. फलतः रोगी वा दवाईको सेवन करके स्थिर



आरोग्यकु प्राप्त करे हे. या ही प्रकार यदि अपन् पुष्टिजीवनूके सम्बन्धमें भी सोचें. शुद्धपुष्टिजीवकी बात तो अलग ही है. उनकुं अपन् छोड़ दें. बाकी बचे जीवनूमेंसुं प्रवहापुष्टिजीवकु ले लें. "**प्रवाहेण क्रियारताः**" वो क्रियापरायण, कियाप्रधान है. ज्ञान-स्नेह वामें अल्प हें अथवा सर्वथा नहीं हें. अधिकांश पुष्टिसम्प्रदायी एसे ही होवे हें. तो विचारणीय ये हे के एसे जीवनूकी अवस्था, समस्या, मनःस्थिति, क्षमता आदिको विचार करें तो उनकेलिये पुष्टिभक्तिमार्गमें क्या उपाय या साधन उपदिष्ट भये हें के जासु वो अपने फलकु सुगमतासुं प्राप्त कर सके. यदि याकु अपन स्थिर वरण मानलें तो प्रवाहपुष्टिजीव वाकु जो भी साधना पुष्टिभक्तिमार्गमें उपदिष्ट भइ हें वाको निष्ठासु अनुसरण करे हे तो फलपर्यन्त वाके जीवनमें कोन-कोनसी अवस्थाएं आ सके हें? वाकु लब्ध अधिकारकु देखते भये वाकु कोन-कोनसी *सायकॉलोजिकल्* समस्यानूको सामना करनो पड़ सके हे ओर वाको क्या समाधान पुष्टिमार्ग वाकु दे सके हे? यथा "**उद्वेगप्रतिबन्धो वा भोगो वा स्यात् तु बाधकम्**" अथवा सेवाकर्ताकु "**विक्षेपादथवाशक्त्या प्रतिबन्धादपि क्वचित्, अत्याग्रहप्रवेशे वा परपीडादिसम्भवे**" अथवा "**अत्रापि वेदनिन्दायाम् अधर्मकरणात् तथा, नरके न भवेत् पातः किन्तु हीनेषु जायते**" जेसी अनेक समस्याएं ओर स्खलनकी सम्भावनाएं ग्रन्थनूमें बताई गई हें. तो भिन्न-भिन्न प्रकारके पुष्टिमार्गीनूके सामने उनके अधिकार-अवस्थादिसुं सम्बन्धित भिन्न-भिन्न प्रकारकी या विशिष्ट प्रकारकी समस्या आयेंगी. इन जीवनूकु उनकी समस्यानूके अनुरूप विशिष्ट प्रकारके समाधानकी अपेक्षा रहेगी. यामें "**गोमयं पायसम्**" या "**यस्य कस्य तरोर्मूलं येन केन प्रपेशयेत्, यस्मै कस्मै प्रदातव्यम्**" वाली नीतिसु काम नहीं

चलेगो. या ही प्रकार यदि प्रवाहपुष्टिकु अपन् भक्तिकी कोई अवस्था माने हें तो वा अवस्थाके अनुरूप वाकी समस्या, मनःस्थिति आदिको विचार करके वाकेलिये क्या उपाय या साधन उपदिष्ट भये हें, उनकेलिये पुष्टिमार्गमें क्या *कोर्स* बतायो हे? इन सब बातनुकु विचारार्थ आप लोगनुके समक्ष में प्रस्तुत कर रह्यो हुं. ओर अभी झालाको पत्र प्रस्तुत भयो हे तो ओर सब नहीं तो मर्यादापुष्टिजीवके सम्बन्धमें ये सब विचार अपन् यदि कर सकें तो अच्छो होयगो. अर्थात् मर्यादापुष्टि जीवमें पुष्टिके सङ्ग मर्यादाको अंश मिल्यो भयो हे. तो ये मर्यादाको अंश वाकी पुष्टिभक्तिमें क्या परिणाम या अवरोध उत्पन्न कर सके हे? ओर पुष्टिको अंश मर्यादाअंशसु उत्पन्न भई परिस्थितिसुं केसे निपट सके हे? इन बातनकु में आप लोगनूसुं जाननो चाहुं हुं. आप लोग यदि इन बातनुको विचार करोगे तो ये परिचर्चा अधिक सार्थक बनेगी.

ધર્મેન્દ્ર ઝાલા: जो आपकी जिज्ञासा हे वो मेरी समस्य हे. में ये खुले हृदयसुं स्वीकार कर रह्यो हुं. कोशिश मैनें बहुत की. "**मर्यादया गुणज्ञास्ते**" गुणज्ञ है तो गुणकु जानके मात्र तो नहीं ... जैसे ब्रह्मवाद अनुसारिणी ... जैसे तत्वार्थदीपनिबन्धमें भी मध्यमकक्षा कही हे वामें "मर्यादया गुणज्ञा"की बात आ रही हे. ओर फिर जो भी गुणज्ञ हें वो गुणगान तो करेंगे ही! तो गुणगानपरायण भी लेंगे उनकु. गुणगान षोडशग्रन्थादिमें कहां - कहां प्रसक्त हे, यहां मेनें सर्वनिर्णयको विचार कियो हे. जो गुणज्ञ हें उनकु गुणगानपरायण अपन् मानें. पर गुणगानपरायण मानें तभी मेनें सोच्यो के मर्यादा पुष्टिमें मिश्रित हो रही हे. यालिये मेनें पुरुषोत्तमजीकी बात की कि "**नामसेवा तु देवान्तरेऽपि सम्भवात्**". यासु मात्र गुणगान परायण यदि हे तो यदि सेवाको विचार



ही नहीं कर रहे हें तो क्या हे? यालिये गुणगानको जो प्रकार मोकु सर्वनिर्णयमें जो दीख्यो वो मेनें ... एसे ही अपन्

ગો. શ ર દ: झाला! 'गुणज्ञ' हे. गुणगानपरायण ओर गुणज्ञ में अपनुकु भेद समझनो पड़ेगो.

ધર્મેન્દ્ર ઝાલા: भेद हे. पर गुणज्ञ करेंगे क्या? जेसे ब्रह्मवादानुसारिणी प्रक्रिया हे वाकु जानेंगे, गुणज्ञाः कहेंगे तो "**माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम्, शास्त्राणाम् उपयोगोऽत्र तत्राकांक्षा गुरोर्भवेत्**". तो फिर वहां भी श्रवणकीर्तन ही तो वाकु प्राप्त होयगो! यदि गुणज्ञ भी होनो हे तो गुणगान जानवेकेलिये भी ... थोड़ो अन्तर ये आयगो 'गुणज्ञ'में के वेदमें श्रवण - मनन - निदिध्यासनकी प्रक्रिया हे. यहां श्रवण - कीर्तन - स्मरणकी प्रक्रिया आयेगी. तो मोकु तो ये लगे हे के गुणज्ञकु भी करनो तो श्रवण - कीर्तन - स्मरण ही हे.

ગો. શ ર દ: में मेरो प्रश्न ओर स्पष्ट करुं हुं. "**मर्यादया गुणज्ञाः**" ये तो उनकी प्रकृति या गति बताई हे, उपदेश नहीं हे. यदि कोई मर्यादापुष्टिजीव हे तो वाकी प्रकृति केसी होयगी. यही तो बात हे न! एक जीवको अङ्गीकार मर्यादापुष्टिमें हे, अपन् मानके चलें के मर्यादापुष्टि कोई अवस्थाविशेषको नाम नहीं हे, तो वाकी चरमावस्था गुणज्ञताकी होयगी, मर्यादाके *पॉइन्ट ऑफ़ व्यू* सुं. पुष्टिके *पॉइन्ट ऑफ़ व्यू* सुं भगवान् वाकु चरमावस्थामें तीनमेंसुं जो भी फल प्रदान करनो चाहते होयेंगे वामें वो स्वतन्त्र हें. अब एसे जीवकी भगवन्मार्गमें रुचि या प्रवृत्ति को विचार करें तो अपन् देख सके हें के मनुष्य अनेक प्रकारसुं भगवन्मार्गमें प्रवृत्त होवे हें. कुछ लोग भयसु प्रवृत्त होवे हें, कुछ लोगनुकी कामनासु प्रवृत्ति होवे हे, कुछ लोग कुलपरम्परासु प्रवृत्त होते होवे हें, कुछ धर्मबुद्धिसु

प्रवृत्त होते होवे हें. तो एसे भिन्न - भिन्न प्रकारसुं लोगनकी प्रवृत्ति देखवेमें आवे हे. अब जाके अन्दर मर्यादाको पुट विशेष हे तो सहज ही वामें भगवान्को माहात्म्यवालो पक्ष प्रबल होयगो. माहात्म्य प्रबल होयवेसुं वाकु भगवान्के गुण आकर्षित करेंगे. गुण जेसे आकर्षित करेंगे तो शास्त्र तथा साधना में जहां भी माहात्म्यकी अधिकता होयगी वा सरणीमें वाको अपने आप ही अभिनिवेश हो जायगो. अब एसो मनुष्य यदि आचार्यचरणकी कृपासु यदि मार्गायित हो रह्यो हे तो वाकु कोई पुष्टिसाधन भी प्राप्त होयगो. पुष्टिसाधन तो सेवा, कथा या अन्ततः शरणागति प्रसिद्ध ही हें. पुष्टिसाधनमें जेसे सेवा लो. तो अपने यहांकी व्रजलीलाको भावनात्मक सेवाको प्रकार हे तो वामें भी वो कुछ माहात्म्यप्रधान लीलाभावना खोजलेगो. जेसे यदि वो कीर्तन कर रह्यो हे तो माहात्म्य, दीनता, आश्रय, करखा आदि कीर्तननूमें वाकी विशेष रूचि होयगी बजाय कोई रासादि या बालादि चरित्रकी लीलाके कीर्तनमें. वाही ढंगसुं श्रीपुरुषोत्तमनामसहस्रके पाठमें प्रवृत्त हो रह्यो हे तो वामें भी वाकी अधिक रुचि भगवान्के माहात्म्यप्रचूर लीला - गुणनूके नामनूमें अधिक होयगी. यदि वो त्रिविधलीलानामावलीके पाठमें प्रवृत्त हो रह्यो हे तो वाकी अभिरुचि प्रौढलीलाके नामनूमें अधिक होयगी. तात्पर्य ये हे के मर्यादाको अंश वाकु अपने स्वभावानुरूप दिशाके प्रति ले जायगो. ये सब बातें तो भगवत्कृत वरणके कारण हो रही वाकी स्वभावकृत गतिकी हे. वो तो होयगी ही. यामें कोई कछु कर नहीं सके हे. परन्तु गुरु यदि कोई भक्तिमार्गीकु एसे मर्यादाप्रधान देख रह्यो हे तो वाकी अग्रगति सुगम होवे वाकेलिये वो एक डॉक्टर्के रूपमें क्या *प्रिस्क्रिप्शन्* देगो? सम्प्रदायमें एसे - एसे



लोगनूकेलिये क्या व्यवस्था सोची जा सके हे? ये विचार करनो हे. जेसे मेनें आपकु कही के सेवा, गुणगान या फिर शरणागति ये तो वो के वोही रहेंगे. सेवा - कथा - शरणागतिके अतिरिक्त चौथो साधनाप्रकार तो अपन् खड़ो कर नहीं सकेंगे जेसे आजकल स्वच्छन्द होके लोग दुधघरकीसेवा, अनसखड़ीकी सेवा, दस मिनिटकी सेवा जेसे प्रकार खड़े करते फिरे हें. ये तो अपन् कर नहीं सकेंगे. परन्तु जो आचार्यचरणने साधनाप्रणाली बताई हे वामें ही अपन् एसे पुष्टिमार्गीकु क्या क्रम बांधके दे सके हें के जासु वाके भावकी अभिवृद्धि होय, पुष्ट होवे ओर वो सरलतासुं अपने लक्ष्यकु प्राप्त कर सके. ये बात खास विचारणीय हे.

ધર્મેન્દ્ર ઝાલા : यदि ज्यादा ही मर्यादाको प्राधान्य लगतो होवे तो "**मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवततत्परः**" एसे श्रीमहाप्रभुजी कहे हें. फिर यदि वाको पुष्टिमें *इन्क्लिनेशन्* अधिक हे तो फिर "**पुष्टिमार्गं प्राप्य** ...". तो वाकु भागवतादिको श्रवणादि अधिक करनो चहिये. क्योंकि अभी वो मर्यादास्थ हे. ओर वो पुष्टिजीव नहीं हे एसो तो नहीं मान सकें. शायद नहीं भी हो सके. यदि मर्यादाही हे तो भागवतादिसुं मुक्त होयगो. यदि पुष्टि हे तो फिर भागवतद्वारा स्वरूपसेवामें आयगो. भागवतमें भी श्रवणके दो भाग दिखाये हें: एक तो भागवत्को मात्र श्रवण करनो ओर भागवत्को देववत् सेवन करनो.

ગો. શ ર દ : एक ओर दृष्टि प्रस्तुत करुं हुं. अभी मेनें जो कह्यो वाकु आप पूर्वपक्षमें रखो. उत्तरपक्षमें एसे सोचो के ग्रन्थोक्त पुष्टिमार्गकी सेवा - कथात्मिका जो प्रणाली हे वो एसे अद्भुत *टॉनिक्* के जेसी हे के जाको जेसो अधिकार होयगो वेसो वाकु स्वतः वामेंसुं प्राप्त हो जायगो. प्रत्येककु अलगसुं कोई *प्रिस्क्रिप्शन्* देवेकी आवश्यकता नहीं हे. क्या ये

समाधान उचित हे यदि या दिशामें अपन् सोचें तो? एसी भी दवा आवें हें न डॉक्टर् साहब! जुकामकी दवाई अलग नहीं लेनी पड़े, बुखारकी अलग नहीं लेनी पड़े, सरदर्दकी अलग नहीं लेनी पड़े. सब एकमें ही आ जाय.

અસિત શાહ: जहां तक मेरी समझ हे या बातकु अपन् *स्कूल* के *एक्झाम्पल्* सुं समझ सके हें. *स्कूल्* में तीन प्रकारके बच्चाएं हो सके हे. कोई ज्यादा *ब्रिलियन्ट्* होवे, कोई *एवरेज्* होवे ओर कोई *डल्* होवें. अब यदि कोई स्कूल् शुरु करे हे तो *ब्रिलियन्ट्* बच्चान्केलिये अलग *एवरेज्* बच्चान्केलिये अलग ओर *डल* बच्चान्केलिये अलग एसे तीन अलग - अलग स्कूल् नहीं खोले हे. या ही तरहसुं अपने यहां भी जेसे पुष्टिपुष्टि, मर्यादापुष्टि ओर प्रवाहपुष्टि एसे तीन जीव हें तो इन तीनकेलिये कोई अलग - अलग *प्रोग्राम्* नहीं हे. तीनोंन्की कक्षा अलग हे. कोई सर्वज्ञ हे, कोई गुणज्ञ हे, कोई क्रियारत हे. अब जेसे *प्रायमरी स्कूल्* हे तो वाके सामने *टार्गेट्* ये होवे हे के बच्चान्कु पांचवी कक्षा तक पुहुंचानो. या *सेकन्डरी स्कूल्* हे तो *एस्. एस्. सी. पास्* करवानो. याकेलिये क्या करनो हे वो सोचवेको हे. बच्चा *ब्रिलियन्ट्* हे के *डल्* हे ये बात नहीं सोचनी हे. स्कूल्कु तो एसो *प्रोग्राम्* बनानो हे के सब बच्चा *एस्. एस्. सी.* तक पहुंच सके. एसे ही अपने यहां जो उपदेश दियो जा रह्यो हे सेवा - कथा समुच्चयको, वाके अभावमें केवल कथाको. तो ये जो उपदेश हे तो अपन् ये मान रहे हें के अधिकारी तीन प्रकारके होवे हें कोई *ब्रिलियन्ट्* हे कोई *एवरेज्* होवे हे ओर कोई *डल्* पर *प्रोग्राम्* तीनोंन्केलिये एक ही दियो जा रह्यो हे. अब ये सम्भव हे के कोई विद्यार्थी



*मेथ्स्* में ज्यादा *स्कोर्* करेगो, कोई *साइन्स्* में करेगो, कोई *थियरी* में, कोई *प्रेक्टिकल्* में, कोई *स्पोर्ट्स* में आगे बढ़ेगो. तो ये अपनी - अपनी रुचिके हिसाबसु अपनो - अपनो विकास करेंगे. पर *स्कूल्को प्रोग्राम् फिक्स्* हे. जो विषय निश्चित किये हें वो तो सबकु पढ़ने ही पड़ेंगे. वो यदि विद्यार्थी पढ़ रहे हें तो वो *प्रोग्राम्* कु अनुसर रहे हें. तो *प्रोग्राम्* में एसी सामर्थ्य हे के वो वाकु लक्ष्य तक पहुंचायेगो. ये बात महाप्रभुजी सिद्धान्तमुक्तावलीमें कह रहे हें. "**उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति, ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान् निरूपितः**". महाप्रभुजी कहेवे हें के भक्तिमार्गकी ये विशेषता हे के वामें *ब्रिलियन्ट्*, *डल्* या *एवरेज्* सभी अधिकारी सफल होवे हें. ज्ञानमार्गमें एसी बात नहीं हे. वामें यदि दस *क्वोलिटि* आवश्यक मानी हे तो जब तक वो दस पूरी नहीं होवे हें तब तक वाकु ज्ञान प्राप्त नहीं होयगो. भक्तिमार्गमें ये बात नहीं हे. या बातकु अपन् दूसरे *पर्स्पेक्टिव्* में देखें तो यदि कोई अव्यावृत्त हे या व्यावृत्त हे या अदृढ बीजभाववालो हे, *इन् जनरल्* तो जो व्यसनफल दृढ बीजभाव वालेकु मिल रह्यो हे वो अदृढ बीजभाव वालेकु **भी** मिल सके हे. इतनो हे के वाकु क्रमसुं मिलेगो क्योंके अभी वो प्रारम्भिक कक्षामें हे. वाकुं थोड़ो विलम्ब होयगो. वाकु गृहस्थिति आवश्यक होयगी, कृष्णभजन आवश्यक हे, स्वधर्मको निर्वाह आवश्यक हे, श्रवणादि आवश्यक हें. ये सब वो करेगो. फिर वाके *स्टेजिस्* गिनाये हें. वाकी रुचिको विकास प्रेम, आसक्ति ओर व्यसन में होयगो. ओर जो दृढ बीजभाववालो हे वाकु व्यसन सहजमें सिद्ध हो जायगो. स्कूल्में भी अपन् एसे *ब्रिलियन्ट्* विद्यार्थी देख सके हें के जो ५ - ७ वर्षकी उम्रके होवें फिर भी उनमें इतनी

अक्कल होवे हे के जो *कॉलेज्* के विद्यार्थीन्में भी नहीं होवे. पर स्कूल ये सब देखके अपनो *प्रोग्राम्* नहीं बनावे हे. स्कूल्को *प्रोग्राम् कॉमन्* रहेगो. मन्दबुद्धिवाले विद्यार्थी धीरे-धीरे लक्ष्यतक पहुंचेंगे ओर *ब्रिलियन्ट्* विद्यार्थी जल्दी आगे बढ़ेंगे. परन्तु अलग-अलग लोगन्केलिये अलग-अलग व्यवस्था खड़ी करवेको नहीं सोच्यो जा सके हे. अपने यहां भी उपदेश या ही प्रकारसु दियो गयो हे. अब यहां ये प्रश्न आ सके हे के जहां तकको *प्रोग्राम्* हे वाके आगे क्या करनो? जेसे *एस्. एस्. सी* के बाद क्या करनो. तो वहां जेसे विद्याथी स्वतन्त्र हे. वो चाहे तो आगे पढे, चाहे तो पढाई छोड़ दे, चाहे तो नौकरी-धंधा करे. एसे ही पुष्टिजीवन्को हे. व्यसनावस्था प्राप्त हो जावेके पीछे पुष्टिभक्तके सामने *फील्ड् ओपन्* हे. व्यसनके पीछे त्याग करनो होवे तो श्रीमहाप्रभुजी त्यागकी अनुज्ञाभी दे रहे हें, गृहस्थिति करनी होवे तो वो भी कर सके हे. या कक्षापे वाकु गुरुके उपदेशकी आवश्यकता नहीं रहे जाय हे. या कक्षापे यदि वाको स्वभाव *डॉमिनेट्* कर रह्यो हे तो गुरुकेलिये भी वो क्षम्य हो जाय हे. क्योंके या कक्षापे जाके वो जो भी करेगो वो सम्प्रदायकी *फ्रेमवर्क* में ही करेगो. ये स्थिति जब तक नहीं आ जाय हे तब तक शिष्यकु बांधके रखनो हे. क्योंके गुरुके सामने *टार्गेट् फिक्स्* हे के शिष्यकु यहां तक पहुंचानो हे भले ही वो प्रवाहपुष्टि होवे, मर्यादापुष्टि होवे या पुष्टिपुष्टि जीव होवे. (सङ्क्षेपमें, साधनाप्रणाली फलानुसारी होवे हे. अधिकारभेदको विचार वामें मुख्यतया नहीं होवे हे.)

**રસિક શાહ:** पुष्टिप्रवाहमर्यादामें जो **"पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः, मर्यादया गुणज्ञाः"** ये स्वरूपलक्षण हे. ओर अधिकारकी बात भक्तिवर्धिनीमें आ रही हे. मतलब मर्यादामिश्र



हे अथवा प्रवाहमिश्र हे तो वाकु क्या करनो, क्या उपदेश देनो ये सब बात अधिकारीभेदसुं भक्तिवर्धिनीमें आ रही हे. ओर तीसरी बात ये हे के सेवा-कथा बी *पॉसिबल्* हे, कथा बी *पॉसिबल्* हे ओर शरणागति बी सम्भव हे. इनमें तीनोंसुं अलग-अलग भी ओर क्रमानुसार भी सम्भव हे. अर्थात् शरणसु कथा ओर कथासु सेवा-कथा. जेसो अधिकारी हे वाकेलिये सब रास्ते खुले हें.

**ગજાનન્ શર્મા:** "मर्यादापुष्टिका अधिकार विचार" इस शीर्षकके अन्तर्गत तीर्थाटनकी बात कही गई है. तो तीर्थाटनका मर्यादापुष्टिके साथ कोई सीधा सम्बन्ध है?

**ધર્મેન્દ્ર ઝાલા:** नहीं. तीर्थाटनका मर्यादापुष्टिके साथ सीधो सम्बन्ध होवे एसी बात नहीं हे. परन्तु गुणगानकी प्रक्रियामें सेवा-कथा करवेवालेसुं यदि सेवा नहीं निभ रही हे तो वाके प्रतिबन्धकी निवृत्तिकेलिये अन्य उपायन्के साथ तीर्थाटनको भी उपाय दियो जा रह्यो हे. एसे ही सन्न्यासीकेलिये सन्न्यासनिर्णयमें कहे गये प्रकारसुं स्वतन्त्र रूपसुं तीर्थाटन ही उपायरूप हे. तीर्थाटनकी बात मेनें सर्वनिर्णयनिबन्धमें जहां-जहां गुणगानको प्रकार बतायो हे वाके अन्तर्गत गिनाई हे.

## પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિમાં અધિકારનો વિચાર

**પ્રો. વીણા શેઠ**

અહીં ત્રણ શબ્દો અગત્યના છે. પુષ્ટિમાર્ગ, ફલ અને અધિકાર. પુષ્ટિમાર્ગ વિષે તો આપ સૌ જાણો છો એટલે તેની ચર્ચામાં પડવાની કે વિચારણા કરવાની આવશ્યક્તા રહેતી નથી. હવે જે બે શબ્દો રહ્યા તે 'ફલ' અને 'અધિકાર'

આપણે ત્યાં આ બે શબ્દોનો વારંવાર ઉપયોગ થાય છે. ફલવગર કોઈ પણ કાર્યનો આરમ્ભ નથી. આપણેજ આ શબ્દોનો ઉપયોગ કરીએ છીએ તેવું નથી મધ્યકાલીન સાહિત્ય કે અન્ય સમ્પ્રદાયોની કૃતિઓ માં પણ 'ફલ'શબ્દ ખૂબ લખાતો વંચાતો સંભળાતો આવ્યો છો. મધ્યકાલીન આખ્યાનસાહિત્યમાં દરેક આખ્યાનને અંતે કવિઓ ફલશ્રુતિ સંભળાવતા. દરેક રચનાને અંતે કવિ તેનું ફલ લખતા. આપણા જીવનમાં તેમ સાહિત્યમાં પણ 'ફલ'શબ્દ ખૂબ અગત્યનો છે. ફલની આશા ન હોત તો કદાચ સંસારરથનું ચક્ર પણ અટકી પડ્યું હોત. હશે ... પણ ફલ એ મનુષ્યને કર્તવ્યમાં જકડી રાખનાર તત્ત્વ જરૂર છે.

ભગવદ્ગીતામાં કર્મ, ફલ અને અધિકારની વાત સરસ રીતે સમજાવી છે. **"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન"** (૨।૪૭). ફલ બે પ્રકારનાં ગણાવી શકાય. લૌકિક અને અલૌકિક. લૌકિકફલની પ્રાપ્તિ તો ક્ષણિક છે, ત્વરિત છે, દશ્ય છે. કાર્ય કર્યું અને પૈસારૂપી ફલની પ્રાપ્તિ થઈ. લગ્નમાં હાજરી આપી અને ભોજનરૂપી ફલની પ્રાપ્તિ થઈ. પરીક્ષામાં બેઠા અને ડીગ્રી-ફલની પ્રાપ્તિ થઈ. આ બધાં તો લૌકિક ફલ છે. પરન્તુ



આપણે વાત કરવી છે તે પુષ્ટિમાર્ગીય ફલની. એ પહેલાં 'અધિકાર'શબ્દ સમજીએ. 'અધિકાર' એટલે યોગ્યતા, ઉત્કૃષ્ટ કાર્ય કરવાની યોગ્યતા. 'અધિકાર' એટલે લાયકાત, યોગ્યતા, રાઈટ્ હક્ક એવો અર્થ પણ છે. આપણે ત્યાં 'અધિકાર'શબ્દ યોગ્યતાના અર્થમાંજ વપરાય છે. આ યોગ્યતા પ્રભુની સેવા અને તે દ્વારા પ્રભુપ્રાપ્તિની છે. શ્રીમહાપ્રભુજી સિધ્ધાન્તરહસ્યમાં સર્વદોષનિવૃત્તિની વાત કરે છે. સર્વદોષનિવૃત્ત થાય ત્યારે સેવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. યોગ્યતા પ્રાપ્ત થયા પછીજ ફલની આશા રાખી શકાય.

અધિકાર એ અનુગ્રહસાધ્ય છે. **"ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ"**. ફલ અથવા અધિકાર મેળવવા માટે કાળનો કોઈ નિયમ નથી, માત્ર કૃપાને અધીન છે. જીવદાસ સૂરિને ચાર પ્રહરની સેવાના અધિકારથી પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ થઈ હતી. જેના પર પ્રભુ કૃપા કરે તે જ પુષ્ટિમાર્ગીય ફલના અધિકારી છે. શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણયમાં કહે છે કે "જેના પર નક્કી સર્વથા હરિકૃપા થતી નથી તેને તો આ માર્ગમાં સર્વ અશક્ય જ છે". પ્રકાશવ્યાખ્યામાં કહ્યું છે કે "આ માર્ગમાં સર્વનો મુખ્ય ફલમાં અધિકાર નથી. પરન્તુ જેનાપર ભગવત્કૃપા છે તેઓનોજ માર્ગ નિશ્ચિત થાય છે." એટલે અનુગ્રહ ભગવત્કૃપાજ નિયામક છે, સમય કે વય નિયામક નથી. પુષ્ટિમાર્ગીય ફલ ક્યું? સેવાનું ફલ સેવા છે. ભગવાન્ ફલાત્મક છે. **"પ્રમાણં કૃષ્ણસેવાદૌ સએવ ચ ફલં પુનઃ"** પુષ્ટિમાર્ગમાં ભાવ સાધન છે. પ્રમેય ભગવાન છે, કૃષ્ણની સેવા સાધનરૂપ છે. પછી શ્રીકૃષ્ણ તે ફલ છે. શિક્ષાપત્ર ૭-૬ અને ૮-૩માં પણ આ જ વાત કરી છે. શ્રુતિઓ પણ ભગવાનને ફલરૂપ વર્ણવે છે. શુકે પણ **"કૃષ્ણં સદાનન્દમ્"**માં ભગવાનનું ફલ તરીકે વર્ણન કર્યું છે. વ્રજભક્તોએ વેણુગીતમાં કહ્યું "હે પ્રભુ! અમારાં નેત્રોનું જો કોઈ પણ પ્રયોજન હોય, કોઈ પણ ફલ હોય તો તે અમને આપની માધુરી મૂરતનાં સદાય દર્શન થયા કરે."

પુષ્ટિમાર્ગ એ કૃપાનો માર્ગ છે. ઈશ્વરની કૃપા હોય તોજ આ

માર્ગમાં પ્રવેશ મળે છે. અનુગ્રહ ભગવાનની સ્વતન્ત્ર લીલા છે. પ્રભુ જે જીવપર અનુગ્રહ કરી પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ કરાવવાનો સઙ્કલ્પ કરે છે તે જીવને પ્રભુ પુષ્ટિમાર્ગનો અધિકાર આપે છે. 'અધિકાર' એટલે પ્રભુની સેવા કરવાની યોગ્યતા. પ્રભુની કૃપાથી સત્સઙ્ગ, સન્તપુરુષોની સેવા, ભગવત્કથાશ્રવણ, તનુવિત્તજાસેવા વગેરેમાં રુચિ ઉત્પન્ન થાય છે અને ધીમે-ધીમે પુષ્ટિમાર્ગીય ફલનો અધિકારી બને છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **"અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામકઃ"**. પુષ્ટિમાર્ગમાં અનુગ્રહજ નિયામક છે, કાલ નિયામક નથી. અહીં ફલ પ્રાપ્ત કરનાર અધિકારી કોઈ પણ હોઈ શકે. દેશી-વિદેશી, સ્ત્રી-પુરુષ, વૃદ્ધ-બાળક, માનવ-પશુ-પંખી કે વૈશ્ય-શૂદ્ર. એટલે કે કોઈ પણ જાતના ભેદભાવ વગર માત્ર પ્રભુકૃપાથીજ જીવ અધિકાર પ્રાપ્ત કરી શકે છે. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે **"માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુ પાપયોનયઃ, સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્"**. એટલે પ્રભુની કૃપા મેળવવા નાત-જાતના કે ઉંચ-નીચના ભેદભાવ જોવામાં આવતા નથી. છતાંય પુષ્ટિલીલાનો જીવ તો અનન્ય જ હોઇ શકે. **"તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ"**. કૃષ્ણની પૂર્ણ કૃપાજ તેને ફલનો અધિકારી બનાવે છે. વેશ્યાની છોકરીઊપર શ્રીઠોરજીની પૂર્ણ કૃપા થઈ અને લીલાને પ્રાપ્ત થઈ. દીનતાવાળો, શરણભાવવાળો અને પ્રભુમાં પૂર્ણ શ્રધ્ધાવાળો જીવ પુષ્ટિમાર્ગીય ફલનો અધિકાર મેળવે છે.

પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ કેવી રીતે થાય? કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવા લૌકિકમાં પણ *ક્વોલિફિકેશન્* જોઇએ. એટલેકે યોગ્યતા હોવી જોઇએ. તો આ તો અલૌકિકફલની પ્રાપ્તિ કરવી છે. તો તે માટે જરૂરી યોગ્યતા હોવી જોઇએ. એક સામાન્ય નોકરી મેળવવા માટે પણ યોગ્યતાનાં *સર્ટિફિકેટ્સ્* જરૂરી હોય છે. વર-કન્યાની પસંદગીમાં પણ યોગ્યતા વિશે વિચારવામાં આવે છે. તો આ તો પ્રભુ જીવનું વરણ કરે છે. પછી જીવની યોગ્યતા શું ન વિચારે? યોગ્યતા જોઇનેજ પ્રભુ જીવનું વરણ કરે છે. આ યોગ્યતા-અધિકાર



કેવી રીતે પ્રાપ્ત થાય? અધિકાર બ્રહ્મસમ્બન્ધથી પ્રાપ્ત થાય છે. બ્રહ્મસમ્બન્ધ થતાંજ પાંચ પ્રકારના દોષોની નિવૃત્તિ થાય છે અને પ્રભુસેવાનો અધિકાર તરતજ પ્રાપ્ત થાય છે. સાધનરૂપા સેવા પણ પોતાનું અહોભાગ્ય માની યોગ્ય સાવધાનતાપૂર્વક કરવામાં આવે તો પ્રભુ જીવઉપર કૃપા કરે છે અને તે જીવ પુષ્ટિમાર્ગીય ફલનો અધિકારી બને છે. એટલે પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિમાં યોગ્યતા-અધિકાર એ ખૂબ અગત્યનો મુદ્દો છે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય ભક્ત અને ભક્તિમાર્ગ ની વાત ભક્તિવર્ધિનીમાં કરી છે. પુષ્ટિમાર્ગીય ભક્તને બ્રહ્મસમ્બન્ધ થતાંજ શ્રીઠાકોરજીનાં દર્શન, સેવા અને સાન્નિધ્યનું ફલ તરત જ પ્રાપ્ત થાય છે. સેવા કરતાં-કરતાં પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય છે. વ્યસન થતાં પ્રભુ સાથે રમણ કરવાની ઇચ્છા થાય છે અને પ્રકટ દર્શન કરવાની તીવ્ર ઇચ્છા થાય છે. વિરહ એ પરમ ફલરૂપ છે. ગોપીજનોને અત્યન્ત વિરહ થયો અને એ વિરહનું ગીત એટલે આપણું 'ગોપીગીત'. **"તવ કથામૃતં તપ્ત જીવનં ..."**. પ્રભુનાં ગુણો સંભારી-સંભારીને ગોપીજનો જીવન ટકાવી રાખે છે. ગોપીઓનો ત્યાગ પ્રભુએ સ્વમુખે વખાણ્યો છે. તેમણે પ્રભુપ્રાપ્તિ માટે કોઇ ભગવા વસ્ત્ર કે વેશ ધારણ કર્યો ન હતો છતાંય અસાધારણ પૂર્ણાનન્દ રસયુક્ત ફલ પ્રાપ્ત કર્યું હતું. 'વિરહ' એ યોગ્યતા પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથિયું છે.

પુષ્ટિમાર્ગીય ફલપ્રાપ્તિમાં સાધનની આવશ્યકતા નથી. ભાવ એજ મુખ્ય સાધન છે. પુષ્ટિમાર્ગમાં કૃપાજ ફળનું કારણ છે, સાધનથી ફલ નથીજ. શિક્ષાપત્રમાં કહ્યું છે કે **"ભક્તિમાર્ગે કૃપામાત્રં કારણં પરમુચ્યતે"** તીવ્ર લાલસા હોય ત્યારેજ પ્રભુ અન્તરમાં પ્રગટ થાય છે. કરોડો સાધન કરવા છતાં પણ પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત થતું નથી. પ્રભુ પોતેજ ફલરૂપ છે. શ્રીગોકુનાથજી કહે છે કે રસિક શ્રીકૃષ્ણ આ માર્ગમાં ફલરૂપ છે. ફલ મેળવવામાં પૂર્ણ ભાવની જરૂર હોય છે. જ્યારે ભાવ બહુ વધે ત્યારે પ્રભુનો વિરહ ઉત્પન્ન કરે છે. તેથી વિરહક્લેશ થાય છે. ક્લેશ

થતાં ભગવાન્ પ્રકટ દર્શન આપે છે. સાધન વિરહાવસ્થા છે અને ફલ પ્રભુપ્રાપ્તિ છે.

મોટાઓની કૃપા પુષ્ટિમાર્ગમાં પરમ ફલરૂપ છે. નિરોધલક્ષણમાં 'મહતાં'શબ્દ ખૂબ સૂચક છે. 'મોટાઓ' એટલે વ્રજભક્તો. અધિકાર હોય તો વ્રજભક્તોની કૃપા થાય છે. વિદ્યાર્થીની યોગ્યતા હોય તો આચાર્યની ને અધ્યાપકોની કૃપા મેળવે છે. તેથી જીવ અધિકારી હોય તો વ્રજભક્તોની કૃપા થાય છે અને ફલની પ્રાપ્તિ થાય છે, પ્રભુ દર્શન દેવા પ્રકટ થાય છે.

અનન્ય ભક્તિ જ ભગવાનને પામવાની યોગ્યતા બક્ષે છે. ભાગવતના ૧૧મા સ્કન્ધમાં કહ્યું છે કે "જે અનન્ય થઈને નિત્ય મને સ્વધર્મમાં રહીને ભજે છે અને સર્વભૂતોમાં મને જુએ છે તે થોડા કાળમાં મારી ભક્તિ મેળવે છે. (૧૧।૧૮।૪૪) ભગવદ્ગીતાના નવમા અધ્યાયમાં પણ કહ્યું છે કે "**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે, તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્**". શ્રીમત્પ્રભુચરણ વિદ્વન્મણ્ડનમાં કહે છે કે જો એ પ્રમાણે સર્વાત્મભાવથી ભજન કરે તો ભગવાન્ પણ અંગીકાર કરે છે. આત્મનિવેદન કરનારને ભક્તિરૂપી ફલ પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ ભાવપૂર્વક ભગવાનની સેવા કરવા કહ્યું છે અને ત્યારેજ એટલે કે સેવાનો અધિકાર પ્રાપ્ત થતાંજ ફલની પ્રાપ્તિ થાય છે. સિધ્ધાન્તમુક્તાવલીમાં ત્રણ પ્રકારની સેવા દર્શાવી માનસીને સર્વોચ્ચ પ્રકારની સેવા કહી છે. સેવફલમાં સેવાના ત્રણ ફળ દર્શાવ્યા છે. પુષ્ટિસેવકોનું ફલ સેવાનાં ત્રણ ફલ દર્શાવ્યા છે. પુષ્ટિસેવકોનું ફલ અલૌકિકસામર્થ્ય છે. તે ઉત્તમ ફલ છે. સાયુજ્ય મધ્યમ ફળ છે. મર્યાદામાં જેમનો અંગીકાર કર્યો છે તેમને પુરુષોત્તમનું સાયુજ્ય મળે છે. ત્રીજું ફલ વૈકુણ્ઠાદિમાં સેવોપયોગીદેહ એ સાધારણસેવાનું ફળ છે.

પુષ્ટિમાર્ગમાં પુરુષોત્તમનું ભજન એજ ફલરૂપ છે. ભજનાનન્દમાં



અધિકાર ગોપીજનોનો જ છે. અહીં પ્રશ્ન થાય કે ઘરમાં રહ્યાં ગોપીજનોને ભજનાનન્દનું દાન કેમ ન કર્યું? શ્રીગુસાંઈજી જણાવે છે કે બ્રહ્માનન્દ એ મર્યાદાભક્તિનું ફલ છે. ભજનાનન્દ એ પુષ્ટિનું ફલ છે. ઘરમાં રહી દાન કરે તો બ્રહ્માનન્દથી તે વિલક્ષણ ગણાશે નહિં. ભજનાનન્દનું સ્વરૂપ એવું છે કે તે માટે લોક અને વેદ નો ત્યાગ થવો જોઈએ. વેદ અને શાસ્ત્રોની મર્યાદા તરફ પણ અનાદર થવો જોઈએ. સંસારના વિષયો તુચ્છ લાગવા જોઈએ. ત્યારેજ ભજનાનન્દનો અધિકાર પ્રાપ્ત થાય છે. આના અધિકારી માત્ર ગોપીજનો જ હતાં. સેવાનું ફલ ભજનાનન્દ છે. "મરણે યા મતિઃ સા ગતિઃ" જીવનપર્યન્ત જે થાય છે તે સેવાનું ફલ છે. શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિનીમાં કહ્યું છે કે "**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ**". જેની સેવામાં કે કથામાં દૃઢ આસક્તિ થઈ છે તેનો કદાપિ નાશ થતો નથી. પરન્તુ જે ભક્તનો દ્વેષ કરે છે કે ચિત્તમાં લોભ થાય તેને પ્રભુ ફલપ્રાપ્તિમાં બાધક કરે છે. પ્રથમ બાધક ઉદ્વેગ છે, બીજો જીવકૃત્ અને ભગવત્કૃત પ્રતિબન્ધ છે અને ત્રીજું લૌકિક અને અલૌકિક ભોગ છે. લૌકિક ઉદ્વેગને પ્રયત્નપૂર્વક દૂર કરી શકીએ પરન્તુ અલૌકિક ઉદ્વેગ પુષ્ટિમાર્ગમાં ફલરૂપ છે. બીજા પ્રતિબન્ધમાં ભગવદિચ્છા માની પાઠ કરવા અને ભાગવતજીનો આશ્રય કરવો. ત્રીજામાં લૌકિકભોગથી દૂર રહેવા જીવ વિચારી શકે પરન્તુ અલૌકિક ભોગ સેવામાં બાધક નહિં, સાધક છે.

બ્રહ્મસમ્બન્ધ પામ્યા પછી પણ જે પરમફલથી વઞ્ચિત રહે છે તેનું કારણ પોતાની યોગ્યતા મોજશોખ અને મનના જડ વલણને કારણે ગુમાવે છે તે છે. જોકે પ્રભુ પોતેજ ફલરૂપ છે. સંન્યાસનિર્ણયમાં કહ્યું છે કે "**ભગવાન્ ફલરૂપત્વાત્ નાત્ર બાધક ઇષ્યતે**". ભગવાન્ પોતેજ ફલરૂપ છે. તેમનાં દર્શન થવામાં તે વિઘ્નરૂપ બનતા નથી. પ્રભુ ખૂબ દયાળું છે, ભક્તની વિરહાવસ્થાને શાન્ત કરી, તેને સ્વસ્થ કરી તેને મળનાર ઉત્તમફલને રોકતા નથી. "**હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોઽપરે**". હરિ ભક્તના માર્ગમાં બાધા કરવા સમર્થ નથી તો બીજા તો ક્યાંથી

કરે? શિક્ષાપત્ર ૧૦૮ માં કહ્યું છે કે **"અહિત નિજભક્તાનાં વિદધાતિ હરિર્ન હિ"**. પ્રભુ પોતાનાં ભક્તનું કદી જ અહિત કરતા નથી. આ વાત સદાય સ્મરણમાં રાખી પુષ્ટિમાર્ગીય ફલના અધિકારી બનવા પ્રયત્નશીલ રહીએ એજ અભ્યર્થના.

**સન્દર્ભગ્રન્થ :**


ષોડશગ્રન્થ, પ્રો. રમેશભાઈ પરીખ

ષોડશગ્રન્થ, પાટણ પ્રકાશન

ષોડશગ્રન્થ, શ્રીચિમનલાલ શાસ્ત્રી

શ્રીવલ્લભગીતા, શ્રીયોગેશભાઈ શાસ્ત્રી

શ્રીસુબોધિનીજી, શ્રીજયદેવપ્રભુ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રકાશન

શિક્ષાપત્ર, પ્રો. રમેશભાઈ પરીખ

શિક્ષાપત્ર, શ્રીજયદેવપ્રભુ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રકાશન




# ચર્ચા

## પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિમાં અધિકારનો વિચાર

**શ્રીવીણાબેન શેઠ**

**રાજન કડીયા :** આપ લખો છો "ભગવત્કૃપા જ નિયામક છે, સમય કે વય નિયામક નથી".

**વીણા શેઠ :** ફળની પ્રાપ્તિમાં સમય કે વય નિયામક નથી. જીયદાસ સૂરીનો દાખલો આપ્યો છે. તેમને ચાર પ્રહરની સેવાથીજ ફળની પ્રાપ્તિ થઈ. વય એટલે કે બાળક હોય તો પણ તેને પુષ્ટિમાર્ગીય અધિકાર મળી શકે અને એંશી વર્ષનો વૃદ્ધ હોય તો પણ તેને મળી શકે છે. એટલે પ્રભુકૃપા મેળવવા માટે વય નિયામક નથી.

**ધર્મેન્દ્ર ઝાલા :** "પુષ્ટિમાર્ગમાં પુરુષોત્તમનું ભજન એ જ ફલરૂપ છે ... આ અધિકારી માત્ર ગોપીજનો જ હતાં". આ આખા પેરેગ્રાફમાં ઘણી બધી વિસઙ્ગતિઓ જણાય છે. એક તો આપ કહો છો કે ઘરમાં રહેલાં ગોપીજનોને ભજનાનન્દનું દાન ભગવાને ન કર્યું અને ઘરનો ત્યાગ કરીને ગયાં તેઓને ફળ મળ્યું. કારણ કે "ઘરમાં રહીને દાન કરે તો બ્રહ્માનન્દથી તે વિલક્ષણ ગણાશે નહીં". આ પરથી એવું ધ્વનિત થાય છે કે પુષ્ટિભક્તિમાર્ગમાં જે ઘરમાં રહે એને ફળ ન મળે અને ત્યાગ કરે એને ફળ મળે. તો આની સામે પુછવું છે કે શ્રીમહાપ્રભુજી જે આજ્ઞા કરે છે **"બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનામ્ આત્મનૈવ સુખપ્રમા, સઙ્ઘાતસ્ય વિલીનત્વાદ્ ભક્તાનાન્તુ વિશેષત:, સર્વેન્દ્રિયૈસ્તથા ચાન્ત:કરણૈ-**

રાત્મનાડપિ હિ, બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે''
તો આનું શું?

**વીણા શેઠ :** આ બધું રાસલીલાના પ્રકરણમાં છે. મેં વીરમગામવાળા કનુબાવાશ્રીએ જે સુબોધિનીનું પુસ્તક છાપ્યું છે તેમાં વાંચ્યું છે. ત્યાં આ જ વાત છે કે શ્રીઠાકોરજીએ પહેલાં તો ગોપીઓને એ વાત સમજાવી કે તમે ઘરે પાછા જાઓ. તમે રાત્રે બહાર નિકળ્યાં છો એ યોગ્ય નથી. તમારા પતિદેવો તમારી વાટ જુએ છે. તમને કલઙ્ક લાગશે. તમને કોઈ ઘરમાં નહીં રાખે. તમારી સહુથી પહેલી ફરજ ઘરની છે. કેટલીક ગોપીઓ હતી બરાબર દલીલબાજી કરનારી. તેમણે *સોલિડ્* દલીલ કરી. અને શ્રીઠાકોરજીસાથે બાઝી કે અમારા પતિ તો તમે છો. અમેં હવે શાના ઘરે જઈએ! અમારે હવે ક્યાં જવાનું છે! અને આવી ગોપીઓ કે જેમણે પતિ, પુત્ર, ઘર-સંસાર છોડ્યો છે તેમને પ્રભુએ પ્રકટ સુખ આપ્યું છે. અને પાછલા શ્લોકોમાં શ્રીઠાકરોજીએ એ ગોપીજનોની પ્રશંસા કરી છે. એટલે આ સન્દર્ભ એ પ્રસઙ્ગને અનુલક્ષીને છે. એટલે અહીં ઘર છોડવાની કે ઘરમાંજ બેસી રહેવાની વાત નથી.

**ધર્મેન્દ્ર ઝાલા :** બહેન! મારી વિપ્રતિપત્તિ "ઘરમાં રહીને દાન કરે તો બ્રહ્માનન્દથી તે વિલક્ષણ ગણાશે નહીં" આ લખાણમાટે છે. કારણ કે ઘરમાં રહીને પ્રાપ્ત થનારા ફળને આપ પુષ્ટિફળથી ગૌણ કહી રહ્યાં છો જ્યારે શ્રીમહાપ્રભુજી એને **"બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે"** કહી રહ્યા છે.

**ગો. શ્યામ મનોહર દ્ :** વીણાબેન! અહીં સમસ્યા એ છે કે તમે કોઇ એક *સ્પેસિફિક્ ઇન્સિડેન્ટ્* ને લઈને તેના આધારે એક *જનરલ્ પ્રિન્સિપલ્ ડ્રોવ્* કરી રહ્યા છો કે "ઘરમાં રહીને દાન કરે તો બ્રહ્માનન્દથી તે વિલક્ષણ ગણાશે નહીં". ત્યાં જે વાત કહેવાઈ છે એ *સ્પેસિફિક્ કોન્ટેક્સ્* માં કહેવાયેલી વાત છે. તેથી ઝાલાનું કહેવું એમ



છે કે જો તેને પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાની સાથે સાંકળવામાં આવશે તો અનર્થ થશે. કારણ કે એમ કરવાથી ગૃહસ્થિતિની ઉત્કૃષ્ટતા બતાવનારાં વચનો **"કૃત્સ્નભાવાત્તુ ગૃહિણોપસંહારઃ"** અથવા જેમ ઝાલાએ કહ્યું તે **"બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે"** કે **"ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ"** બધા તમારી વાતથી વિરુદ્ધ જઈ પડશે. એટલે આપણે એ વાતને જો તે દૃષ્ટાન્ત પૂરતી લેતા હોઈએ તો કદાચ વાંધો નહીં આવે. તો આ બબતમાં આપનું હવે શું કહેવું છે? શું આપણે પુષ્ટિમાર્ગની બાબતમાં આવું *જનરલ્ સ્ટેટમેન્ટ્* આપી શકીએ? झाला ठीक हे न!

**ધર્મેન્દ્ર ઝાલા :** हां मोकु एसो लगे हे.

**વીણા શેઠ :** પુષ્ટિમાર્ગની બાબતમાં *જનરલ્* એ રીતે કહું કે જો કૃષ્ણભગવાને ગોપીઓનાં ઘેર-ઘેર જઇને સુખ આપ્યું હોત તો એની કોઈ કીંમત ન રહેત. ગોપીજનોએ પ્રભુના શરણે જવામાટે સર્વસ્વ ત્યાગ કર્યો છે. ઘર છોડવાનું આપણે કયા *સેન્સ્* માં લઈએ છીએ એ અગત્યનું છે. ઘર છોડવાની તો મહાપ્રભુજીએ પણ વાત કરી છે. જો ઘરમાં રહીને પણ સેવા અને સત્સઙ્ગ ન કરતા હો તો એવું ઘર છોડી દેવું જોઈએ એવી એક જગ્યાએ આજ્ઞા કરી છે. કેવો સન્ન્યાસ લેવો એ પણ વાત કરેલી છે. ઘરમાં કેવી રીતે રહેવું એ પણ આપણને સમજાવ્યું છે. ઘરમાં-ઘરમાં કરીને હંમેશા ઘરને પકડી ન રાખવું જોઈએ હું તો એ મતની છું.

**ધર્મેન્દ્ર ઝાલા :** આપણા મતની કોઈ કિમ્મત નથી. એનું કારણ એ છે કે જ્યારે શ્રીમહાપ્રભુજી એમ કહેતા હોય કે **"ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ"** અને ટીકાકારો પણ એમજ સમજાવતા હોય ત્યારે ... અને અનુમતિ આપો તો કહું કે ઘરમાં રહેનારને કેમ રાસમાં પ્રવેશ ન મળ્યો? કારણ કે અન્તર્ગૃહગતા ગોપીજનોને ભગવાનમાં જારભાવ હતો. એમને સર્વાત્મભાવ ન હતો.

જારભાવ હોવા છતાંય તેઓ એવા ઉત્કૃષ્ટ ભાવવાળા હતા કે ઘરમાં રહી જતાં તેઓએ ભગવાનના વિરહમાં પોતાના દેહનો ત્યાગ કરી દીધો. આ સન્દર્ભ છે. આમાં એવો કોઈ અર્થ નથી નિકળતો કે ભગવાન્ ઘરમાં દાન નથી કરતાં કે નથી કરી શકતાં. ભાગવત્ પોતે કહે છે યશોદાજીમાટે **"નાયં સુખાપો ભગવાન્ દેહિનાં ગોપિકાસુત, જ્ઞાનિનાં ચાત્મપોતાનાં યથા ભક્તિમતામિહ"** તો બતાવો કે યશોદાજીએ ઘરનો કયો ત્યાગ કર્યો હતો? યશોદાજીને તો ભગવાને ઘરમાંજ એ સુખ આપ્યું કે જે જ્ઞાનીને પણ ન મળી શકે. તો બ્રહ્માનન્દથી વિલક્ષણ સુખ કંઈ રાસમાંજ મળે છે એવું નથી. યશોદાજીને પણ પ્રાપ્ત થયું હતું. એ વાત છે. અને શ્રીગુસાંઈજીએ આવી વાત કહી હોય એવું મારા ધ્યાનમાં તો નથી.

**ગોપાલદાસ :** એક વાત હું કહું જે મને ધ્યાન છે તે. વીણાબહેન બધી એકવાક્યતા સરખીરીતે કરી રહ્યા છે. ઝાલાભાઈ એમાં ગોટાળો કરી રહ્યાં છે. શ્રીમહાપ્રભુજીના **"ગૃહએવ વિશિષ્યતે"** અને ગૃહમાંજ ભજનાનન્દ મળે છે એ જે વચનો એમણે કહ્યાં એ એકદમ સાચા હતાં. વીણાબેનની વાત સાવ સાચી છે. એ શ્રીગુસાંઈજીના વચનને *ક્વોટ્*કરી રહ્યાં છે. એવી શ્રીગુસાંઈજીની પંક્તિ છે. ત્યાં આપ એમ આજ્ઞા કરે છે કે ઘરમાં રહીને જો ભજનાનન્દ પ્રકટ થયો હોત તો ભજનાનન્દનું સ્વરૂપ ... સર્વત્યાગપૂર્વક ભજનાનન્દાનુભૂતિ છે, એ પૃથલગ્ન હોય છે એ બતાવવામાટે પણ ગૃહત્યાગ કરાવ્યો છે. અને સામ્પ્રદાયિક પ્રક્રિયા કે ઘરમાં ભજનાનન્દ મળે છે એ સાવ સાચી છે. પરન્તુ વ્રજભક્તો સાથે પ્રક્રિયા થઈ તેમાં પ્રભુ જ્યારે ઘરમાં બધું આપી શકતા હતા તો પછી ભજનાનન્દ વખતે ગૃહત્યાગ શા માટે કરાવ્યો? રસ્તામાં પ્રભુ મળે છે ઘરમાં નથી મળતાં એવું એક ભજનાનન્દનું સ્વરૂપ છેજ. ત્યાં આ પ્રકાર પ્રકટ



કરવો છે. ચાહે પતિ મને ઘરમાં આવવાદે કે ન દે, અલૌકિક સુખ મળે યા ન મળે, ત્યાં ગયા પછી મને પ્રભુ મળે યા ન મળે, પ્રભુ ફળ આપે યા ન આપે મારી તો ફક્ત આકાંક્ષા છે પ્રભુ ઉપર પ્રાણ ન્યોછાવર કરવા જઈ રહી છું.

**ગો. શ્ર ર દ:** आपने ये जो सब कह्यो वो तो झालाकु भी मान्य हे. वाको प्रश्न आपने जो कछु कह्यो वा सम्बन्धमें हे ही नहीं. आप झालाके प्रश्नकु ही नहीं समझ पाये. झालाकी आपत्ति केवल इतनीसी हती के आचार्यचरण जो त्यागात्यागकी प्रणाली बता रहे हें वामें त्यागसुं प्राप्त होते फलकी तुलनामें घरमें कृष्णसेवासुं प्राप्त होते फलकु यदि आप हीन मानो हो तो वो सिद्धान्तसम्मत नहीं हे. क्योंके वा स्थितिमें अन्य आचार्यवचननृकी क्या सङ्गति होयगी? या पक्षपे ध्यानाकर्षण करवेको झालाको आशय हतो. आप वीणाबहेनकी वकालात कर रहे हो तो में झालाकी वकालात कर रह्यो हुं. प्रभुचरणको **"कृत्स्नभावात्तु गृहिणोपसंहार"**सूत्रपे भाष्य हे. वामें आप स्पष्ट आज्ञा करे हें के **"त्यागे वाङ्मनसोरेव विनियोगः न सर्वेन्द्रियाणाम्. गृहिणस्तु सर्वैः प्रकारैः भजनं भवति. परिजनश्च कृतार्थो भवतीति च भजने कृत्स्नता भवति"**. यदि त्याग कियो जायगो तब तो भक्तके केवल वाणी ओर मन को ही भगवान्में विनियोग होयगो, सर्वेन्द्रियनूको तो नहीं होयगो. परन्तु जो घरमें हें उनकी तो सर्वेन्द्रियनूको भगवान्में विनियोग होयगो. इतनो ही नहीं वाके परिजन भी कृतार्थ होयेंगे. यासु ये सिद्ध होवे हे के त्यागकी तुलनामें घरमें किये जाते भजनमें ही कृत्स्नता हे. तो यासु भी झालाको पक्ष पुष्ट हो रह्यो हे. ओर आप जो कहे रह्यो हो वो तो अवतारकालकी बात हे. वो भी फलावस्थाकु प्राप्त भये भक्तनूकी बात हे. वो तो कछु भी करें

तो कोई हानि नहीं हे क्योंके भगवान् फल देवेकेलिये ही उनके सम्मुख प्रकट भये हें. तो जब देनो ही हे तो फिर क्या अपेक्षा हे. झालाकी आपत्ति साधनावस्थाके सन्दर्भमें हे. अत: ये जो *कन्क्ल्युझन् ड्रो* कर रहे हें के गृहस्थित भजनकर्ताकु मिलवेवालो फल गौण होयगो ओर ...

**ગોપાલદાસ:**... जब साधनप्रक्रिया चल रही हती प्रमाण, प्रमेय ओर साधन की फलप्रकरण आयो नहीं हतो तब भी उन्ने क्या अनुभव नहीं कियो हतो? सब कछु कियो हतो. ये होते भये भी फलप्रकरणकी लीला विशिष्ट क्यों हे? क्या **"प्रेंखपर्यङ्कशयनम्"**में **"मदमानिनीमानहरणम्"** नहीं भयो हतो? फिर फलप्रकरण अपने आपमें क्यों विशिष्टता रखे हे? तो वामें सर्वात्मभावको स्वरूप ओर सर्वात्मभाव फलोन्मुख होनेपे क्या स्वरूप आ रह्यो हे वाको दिग्दर्शन वीणाबहेन कर रहे हें. क्योंके श्रीगुसांईजीने वेसो कियो हे. ब्रह्मानन्दसु भजनानन्द क्या विशिष्टता रखे हे के सर्वत्यागको स्वरूप वहां प्रकट होवे हे. मानसिक, वाचनिक, कायिक सभी प्रकारको प्रकट होवे हे. ये प्रकार श्रीगुसांईजी आज्ञा कर रहे हें के भजनानन्द घर बैठे नहीं मिले हे. यदि श्रीगुसांईजीने एसे कह्यो हे तो वाकी एकवाक्यता आपलोग कर दो.

**ગજાનન્ શર્મા:** 'गृह'शब्द दो प्रकारसे प्रयुक्त हुवा है. एक तो **"गृहं सर्वात्मना त्याज्यं"** और दूसरा **"गृहे स्थित्वा स्वधर्मत:"**. जहां पर स्वधर्माचरणपूर्वक घरमें रहकर सेवा करनेका कहा जा रहा है वहां घरका सम्मान बराबर है. लेकिन जहां घरके त्यागकी बात कही गई है वह घरको मोह, आसक्ति या संसार का प्रतीक मानकर कही गई है. अत: एसा यदि घर है तो उसका सर्वतो भावेन त्याग करनेकेलिये तत्पर रहना चाहिये तभी भजनानन्दकी प्राप्ति हो सकती



है. यही इनका (वीणा शेठका) भी खयाल है. आखिरमें इन्होंने स्पष्ट किया है **"સંસારના વિષયો તુચ્છ લાગવા જોઈએ ત્યારેજ ભજનાનન્દનો અધિકાર પ્રાપ્ત થાય છે"**. मतलब कि उतना ही इनका तात्पर्य है कि जब तक संसारके विषयोंका त्याग नहीं किया जायगा तब तक भजनानन्दकी प्राप्ति नहीं होगी.

**ધર્મેન્દ્ર ઝાલા:** आपकी बात तो सही है परन्तु मेरी विप्रतिपत्ति इतनीसी है कि ब्रह्मानन्दसे विशिष्ट भजनानन्द यदि घरका त्याग करने पर ही प्राप्य है तब श्रीमहाप्रभुजीकी **"गृहएव विशिष्यते"** इस पङ्क्तिकी सङ्गति आप कैसे बैठायेंगे. वहां भी तो ब्रह्मानन्दसु भजनानन्दकी विशिष्टता दिखा ही रहे हें जैसे यहां दिखा रहे हें. अब यदि गोपालभाईकी बातको सच मान लेते हैं तब हम सबको घरका त्याग करके निकल जाना चाहिये. क्योंके घरमें रहनेसे तो भजनानन्द मिलने वाला नहीं हे!

**વીણા શેઠ:** નહીં. જ્યાં સુધી હૃદયમાં તીવ્ર ભાવ ન આવે, જ્યાં સુધી ઠાકોરજી જ માત્ર મેળવવાની ઈચ્છા ન જાગે ત્યાં સુધી ઘરનો ત્યાગ ન કરવો જોઈએ એવું મહાપ્રભુજીએ કહ્યું છે. નહીં તો અનેક પ્રકારના દૂષણો બહારના ખાન-પાન વગરેને કારણે આપણને વળગી જશે. ત્યાં સુધી તો ઘરમાં રહીને સહન કરીને પણ સેવા કરતા રહેવું જોઈએ. પણ જ્યારે એવું થાય કે ઈશ્વર સિવાય મારે કશું જોઈતું જ નથી ત્યારે ઘર છોડી દેવું જોઈએ.

**ગો. શ ર દ:** ઘરમાં જો શ્રીઠાકોરજી બિરાજતાં હોય તો પણ?

**ધર્મેન્દ્ર ઝાલા:** **"તાવદ્ રાગાદય: સ્તેનાસ્તાવત્ કારાગૃહં ગૃહમ્"**. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે સંસારકૂપમાં પતિત લોકો પોતે પ્રભુની પ્રાપ્તિ નથી કરી શકતા ત્યારે જેમ બીમાર કોઈને મળવા ન જઈ શકે પણ સાજો કે સમર્થ માણસ તો

બીમારને મળવામાટે જઈ શકે તેમ પ્રભુ તેવા અસમર્થ જીવનામાટે તેના ઘરમાં તેના ઉપર પુષ્ટિ કરીને પધારે છે. વ્રજભક્તોની વચ્ચે પ્રભુનું પ્રાકટ્ય પણ એજ દ્યોતિત કરે છે. એટલે જો ઘરમાંજ જો પ્રભુ પ્રાપ્ત થતાં હોય જો ઘરમાંજ ભજનાનન્દનો અનુભવ થતો હોય તો તે બ્રહ્માનન્દથી વિલક્ષણ છે છે અને છેજ. તો ઘરનો ત્યાગ કરવોજ જોઈએ એવો કોઈ સિદ્ધાન્ત નથી.

**વીણા શેઠ :** ઝાલાભાઈ ઘરસેવાની બહુ વાત કરી રહ્યા છે. બન્ને પક્ષે શ્રીમહાપ્રભુજીની વાત છે. ઘરમાં સેવાની વાત પણ છે અને ઘર છોડવાની વાત પણ છે. સૂરદાસે ઘર કેમ છોડ્યું? કૃષ્ણદાસે ઘર કેમ છોડ્યું? તેથી એવા પણ વૈષ્ણવો જોવા મળે છે કે જેમને બધુંજ ઘરમાં મળ્યું અને એવા પણ વૈષ્ણવો મળે છે કે જેમાણે સર્વસ્વ છોડ્યું છે.

**ધર્મેન્દ્ર ઝાલા :** એ બરોબર છે. પણ મારું કહેવું એ છે કે જ્યારે આપણે ત્યાગની વાત કરીએ છીએ ત્યારે ૪૮ - ૨૫૨ વૈષ્ણવો બહુ ઉચ્ચ ભગવદીયો હતા વ્રજભક્તો બહુ ઉચ્ચ હતા એટલે બધાએ તેઓનું અનુસરણ કરવું એવું નથી. તેઓએ કઈ કક્ષા ઉપર પહોંચ્યા પછી ત્યાગ કર્યો હતો તેનો બહુ સારી રીતે નિશ્ચય કરવો પડશે. નહીં તો **"સહાયસઙ્ગસાધ્યત્વાત્ સાધનાનાઞ્ચ રક્ષણાત્ ... અગ્રેऽપિ તાદૃશૈરેવ સઙ્ગો ભવતિ નાન્યથા, વિષયાક્રાન્તદેહાનાં ... પાષણ્ડી સ્યાત્ તુ કાલતઃ"**. બહુ ત્યાગની મહત્તા વધારશો તો આ માર્ગમાં પણ પાખણ્ડીઓ વધશે. એટલેજ મેં કાલે વાત કરી હતી કે આસકરણદાસજી જેવા ત્યાગીઓ એવા હતા કે તેઓને રહેવા - પહેરવા - ઓઢવા કે ખાવા - પીવાની પણ પડી ન હતી. એટલા માટેજ શ્રીમહાપ્રભુજીએ બીજભાવની દૃઢતાનો અતિશય આગ્રહ સેવ્યો છે. તેથી આપે જે સન્ન્યાસનિર્ણય ગ્રન્થ રચ્યો છે તેને જોયા - સમજ્યા વિના ત્યાગ કે ગુણગાન ની મહત્તા વધારશું



તો ક્યાંક લાકડે માકડું વળગી જશે તો **"મર્કટસ્ય સુરાપાનં"** જેવી હાલત થશે. અને રહી સહી ભક્તિનો પણ હ્રાસ થઈ જશે.

**ગો. યોગેશ :** તમે જે વાત કરી કે આચાર્યચરણ ગૃહસેવા અને ગૃહત્યાગ આમ બન્ને પ્રકારના ઉપદેશ આપ્યા છે. આ સન્દર્ભમાં જો આપણે ભક્તિવર્ધિની, સન્ન્યાસનિર્ણય અને પઞ્ચશ્લોકી ગ્રન્થોને એક સાથે વિચારશું તો આનો ઉકેલ આવી શકશે એમ લાગે છે. ભક્તિવર્ધિનીગ્રન્થમાં દૃઢબીજભાવ અને અદૃઢબીજભાવ વાળા આમ બે પ્રકારના અધિકારીઓ બતાવ્યા છે. અદૃઢબીજભાવવાળામાં પણ અવ્યાવૃત્ત રહીને સેવા કરી શકે એવો અને સેવા ન કરી શકે એવો આમ બે પેટાવિભાગ બતાવ્યા છે. જે સેવા નથી કરી શકતો એવાએ પણ કથાપક્ષદ્વારા જ્યાં સુધી એનો બીજભાવ દૃઢ ન થાય ત્યાં સુધી ત્યાગ કરવાની શ્રીમહાપ્રભુજીએ ના જ પાડી છે. અને ઘરમાં રહીને સેવા કરનારા છે એવા લોકોને વ્યસન, સર્વાત્મભાવ અને સેવાફળમાં બતાવેલ ફળ સુધીની અવસ્થા બતાવવામાં આવી છે. આવા લોકોએ ઘરનો ત્યાગ કરવાની આવશ્યકતા નથી. ઘરનો ત્યાગ ક્યારે કરવાનો છે કે જ્યારે કોઈ ઘરમાં સેવા કરવામાટે અસમર્થ છે અવો ભક્ત ગુણગાનદ્વારા વ્યસનાવસ્થા સુધી પહાંચી જાય તે પછી સન્ન્યાસનિર્ણયમાં કહેલા પ્રકારે તેને ત્યાગ કરવાનો છે. એટલે આમ બધાનો સમન્વય કરવાનો છે. અધિકારીનો પણ વિચાર કરવાનો છે. અને પઞ્ચશ્લોકીમાં જે ગૃહત્યાગની વાત છે તેમાં પણ શ્રીમહાપ્રભુજીએ ત્યાગનો ઉપદેશ નથી આપ્યો પણ ઘર ત્યજવાયોગ્ય છે એમ તેના સ્વરૂપને સમજાવ્યું છે. તત્વોપદેશ છે, કર્તવ્યોપદેશ નથી. **"ગૃહં સર્વાત્મના ત્યાજ્યમ્"**. પરન્તુ જો એ ઘરનોજ જો પ્રભુસેવામાં વિનિયોગ કરવામા આવે તો એ ઘર પછી બન્ધનકર્તા નથી રહી જતું. એ જ ઘર અલૌકિકસામર્થ્યરૂપી ફળ આપવાવાળું

બની જાય છે. એટલે "ગૃહત્યાગ કરવો" એ જે વિધાન છે તે કોનામાટે છે એનો વિવેક કરવો જરૂરી છે.

**હંસરાજ વેદ:** ઘર છોડવાની આજ્ઞા મહાપ્રભુજી નથી આપતા પરન્તુ જે એવી અવસ્થા ઉપર પહોંચી જાય છે તેનાથી આપમેળે ઘર છુટી જાય છે. આવાને શ્રીમહાપ્રભુજી અનુજ્ઞા આપે છે.

**ગો. શ ર દ:** હવે, "યોગ્યતા જોઈનેજ પ્રભુ જીવનું વરણ કરે છે. આ યોગ્યતા-અધિકાર કેવી રીતે પ્રાપ્ત થાય? અધિકાર બ્રહ્મસમ્બન્ધથી પ્રાપ્ત થાય છે" આમાં વરણ અને અધિકાર *હાઈલી ટેક્નિકલ્* શબ્દો છે. આમાં આપ બ્રહ્મસમ્બન્ધથી યોગ્યતા કે અધિકારની પ્રાપ્તિ અને યોગ્યતાને જોઈને પ્રભુદ્વારા વરણ આવો ક્રમ બતાવી રહ્યા છો. આ *એક્ઝેટ્લી રિવર્સલ્ ઑફ્ ઑર્ડર્* છે. આ ક્રમ સિદ્ધાન્તસમ્મત નથી. વસ્તુત: તો સૃષ્ટિના સમયે જ્યારે ચિદંશનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થાય છે ત્યારે લીલામાં વૈચિત્ર્યની ઈચ્છાથી તેમજ ઉચ્ચ-નીચ ફલદાનેચ્છાથી ભગવાન્ જીવોનું પુષ્ટિ, મર્યાદા કે પ્રવાહી તરીકે વરણ કરે છે. આ ભગવદ્વરણના પરિણામે તત્-તત્ માર્ગ, સાધન, કે ફલ ની યોગ્યતા પ્રાપ્ત થાય છે અને અન્તત: ફલ પ્રાપ્ત થાય છે. સિદ્ધાન્તસમ્મત ક્રમ આવો છે.

**હંસરાજ વેદ:** "'અધિકાર'શબ્દ યોગ્યતાના અર્થમાંજ વપરાય છે. આ યોગ્યતા પ્રભુની સેવા અને તે દ્વારા પ્રભુપ્રાપ્તિ મેળવવાને છે" આમ આપ લખો છો. તો સેવા કોની કરો છો?

**વીણા શેઠ:** સેવા ઠાકોરજીની.

**હંસરાજ વેદ:** તો પ્રાપ્ત થયા પછી સેવા થાય છે કે પ્રાપ્ત કરવામાટે.

**વીણા શેઠ:** સેવા કરીએ તો પ્રભુ પ્રાપ્ત થાયને! એમ-ને-એમ ક્યાંથી પ્રભુ પ્રાપ્ત થાય?

**હંસરાજ વેદ:** પ્રભુ મળ્યા છે માટે સેવા થઈ શકે છે. મારો કહેવાનો મતલબ એ છે કે પ્રભુની સેવાથી પ્રભુને મેળવવાની તમે વાત કરો છો પરન્તુ ખરેખર તો પ્રભુના મળ્યા પછી જ



સેવા શરુ થાય છે!

**વીણા શેઠ:** જો પ્રભુના મળ્યા પછી સેવા થાય છે તો પ્રભુ હંમેશા આપણા હૃદયમાં બિરાજી રહે જતા ન રહે માટે પણ સેવા કરવી જોઈએ.

**હંસરાજ વેદ:** હું સેવા કરવાની ના નથી પાડતો પણ પ્રભુસેવાને પ્રભુની પ્રાપ્તિનું સાધન તમે બનાવી રહ્યા છો તેની સામે મારો વાંધો છે.

**ગો. શ ર દ:** આને સ્પષ્ટ કરી લઈએ. મૂર્તિ અથવા પ્રતીક ની ઉપાસનાથી દેવસાક્ષાત્કાર આવી સામાન્ય લોકોમાં એક પ્રચલિત ધારણા છે. "**અતદ્રૂપે તત્વેન ઉપાસનં પ્રતીકમ્**". અર્થાત્ મૂર્તિ એ એક પ્રકારનું ઉપકરણ છે અને એનાથી દેવની પ્રાપ્તિ થાય છે આવી ધારણા હોય છે. આના વિરુદ્ધ ભક્તિમાર્ગમાં બ્રહ્મવાદના સિદ્ધાન્તના આધારે તથા પ્રભુની અનુગ્રહેચ્છાથી મૂર્તિને પ્રકટસ્વરૂપજ માનવામા આવે છે. આપે જે લખ્યું છે તેમાં આનાથી કંઈક જુદું ધ્વનિત થઈ રહ્યું છે. આપના લખાણમાં સેવ્ય મૂર્તિ ભિન્ન અને તેનાથી પ્રાપ્ય ભગવત્સ્વરૂપ ભિન્ન એવો અર્થ નિકળે છે. આની સામે શ્રીહંસુભાઈનો વાંધો છે. એટલેજ એ કહી રહ્યા છે કે ભક્તિમાર્ગમાં પ્રભુની પ્રાપ્તિમાટે મૂર્તિની સેવા નથી પ્રાપ્ત પ્રભુની સેવા છે. પ્રભુ તો બિરાજેજ છે. નહીં તો સેવા કોની થાય છે? આ પ્રશ્ન થાય છે. એટલેજ પ્રમેયરત્નાર્ણવમાં શ્રીલાલૂભટ્ટજીએ પ્રાપઞ્ચિક પદાર્થો કરતાં ભગવત્સ્વરૂપની વિલક્ષણતા બતાવી છે. ત્યાં એમણે કહ્યું છે કે સામાન્ય પ્રાપઞ્ચિક પદોર્થો ઉપર માયા વિષયતાનો પ્રક્ષેપ કરે છે પરન્તુ ભગવત્સ્વરૂપમાં ભગવદાવેશ હોવાના કારણે માયા ત્યાં વિષયતાનો પ્રક્ષેપ કરી શકતી નથી. અભક્તોની બુદ્ધિ ઉપર માયા વિષયતાનો પ્રક્ષેપ કરે છે તેથી તેઓને મૂર્તિમાં જડત્વાદિની પ્રતીતિ થતી હોય છે. વસ્તુત: તો ભગવાન્ પ્રકટજ છે. જેમ યુદ્ધના મૈદાનમાં

લાખો સૈનિકોની વચ્ચે ભગવાને અર્જુનને **"दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम्"** દિવ્ય ભક્તિદષ્ટિ આપી તો તે ભગવાનના વિશ્વરૂપનું દર્શન કરી શક્યો. અન્ય લોકોને પ્રકટ હોવા છતાંય ભગવાનના તેવા સ્વરૂપના દર્શન ન થયાં. કારણ કે ભગવાને તેઓની બુદ્ધિ ઉપરથી આવરણ દૂર ન કર્યું. તેથી પ્રાપ્ત પ્રભુની સેવા છે. સેવાથી કશું પ્રાપ્ત કરવાનું નથી હોતું. સેવા સ્વતઃપુરુષાર્થરૂપા છે. આવો શ્રીહંસુભાઈનો આશય છે.

**ગો. શ ર દ:** "વિરહ એ પરમ ફલરૂપ છે" આ *સ્ટેટમેન્ટ* પછી આપ લખો છો કે "સાધન વિરહાવસ્થા છે અને ફલ પ્રભુપ્રાપ્તિ છે". એટલે કે એક સ્થાનપર આપ વિરહને પરમફલ કહી રહ્યા છો અને બીજા સ્થાને વિરહને સાધન માનીને ભગવત્સંયોગને ફલ કહી રહ્યા છો. આ બાબત આપ સ્પષ્ટ કરશો?

**વીણા શેઠ:** વિરહ તો પ્રથમ પગથિયું છે. બીજા પેરેગ્રાફમાં કહ્યું છે કે વિરહાવસ્થા એ સાધન છે. આપણે ત્યાં સાધન તો કરવાનાં કહેવાયાજ છે. સાધનની ઉપેક્ષા નથી કરવાની. તો એ સાધનોમાં વિરહ એ એક સાધન છે.

**ગો. શ ર દ:** એટલે એનો અર્થ શું એવો સમજવો કે પ્રથમ બેસીને વિરહ કરવો જોઈએ!

**વીણા શેઠ:** વિરહ કરવો જોઈએ એમ નહીં. વિરહ તો આપો-આપ થઈ જાય છે.

**ગો. શ ર દ:** વીણાબેન! જ્યારે આપણે 'સાધન' શબ્દનો પ્રયોગ કરીએ ત્યારે સાધન એ કર્તવ્ય બની જાયને! ત્યારે તો પહેલા સેવા છોડીને વિરહ કરવો અને પછી સેવા કરવી એવો કોઈ આશય છે?

**વીણા શેઠ:** વિરહ તો આપોઆપ થાય. જો વિરહ કરવા બેસીએ તો હાસ્યમાં પરિણમે. આવો કોઈ વિરહ કરે તો હું તેને મજાકજ સમજું.

**ગો. શ ર દ:** એટલે પ્રભુ તરફથી જો આપણે વિરહની સાધનતાનો વિચાર કરીએ તો પ્રભુ તો કોઈને પણ સાધન માની શકે છે અને કોઈને પણ ફલ પણ માની શકે છે. એટલે કોઈ વિરહાતુર ભક્તને ભગવાન્ જુએ અને એની વિરહાવસ્થાને સાધન માની લઈને તેને સંયોગનું દાન કરી દે. આમ પ્રભુના વિચારથી વિરહને સાધન કહેવામાં આવતું હોય ત્યારે તો કંઈ આપત્તિજનક નથી. પરન્તુ સેવાકરનાર ભક્ત તરફથી જો વિરહને સાધન માનીને વિરહ કરવા બેસવાની વાત આવતી હોય તો થોડી તકલીફવાળી વાત થશે. અને ખાસ તો "વિરહ એ પરમ ફલરૂપ છે" એ આપના વિધાનથી જો વિરોધાભાસ આવી રહ્યો છે તેનું શું? એનો આપ વિચાર કરશો. હું તેની વિગતમાં નથી જઈ રહ્યો.



**ગોપાલદાસ:** मोकु आपके विरोधमें कहेनो हे.

**ગો. શ ર દ:** मुद्दई सुस्त गवाह चुस्त?

**ગોપાલદાસ:** **"विरहानुभवार्थन्तु परित्यागः प्रशस्यते"** या **"विरहानुभवैकार्थः सर्वत्यागोपदेशकः"** की श्रीहरिरायजीकी टीकामें विरह तीन जातके बताये हें. विरहको अनुभव नहीं हो रह्यो हे वाकेलिये विरहको भावन. दूसरो विरहसामयिक अनुभव ओर तीसरो विरह फलात्मक हो जाय तबको अनुभव. यामें वीणाबेन जब विरहकु परम फल कहे रहे हें तब श्रीहरिरायजीवाली तीसरी बात कहे रहे हें. जब विरहकु साधन कहे रहे हें तब पहेलेवालो कहे रहे हें. तो विरहकु साधन ओर फल दोनों कहे दियो तो कोई हरकत नहीं हे.

**ધર્મેન્દ્ર ઝાલા:** ये वीणाबेन कहे रहे हें के आप कहे रहे हो?

**ગો. શ ર દ:** वीणाबेनके ये वाक्य यदि सिद्धान्तसूक्ति अथवा सुबोधरत्नाकर में सङ्कलित वाक्यनूकी तरह स्वतन्त्र होते तब कोई आपत्तिकी बात नहीं होती. परन्तु जा प्रसङ्गमें वो प्रयुक्त भये हें...

**ગોપાલદાસ:** दोनों वाक्य सही हें.

गो. श र द्: दोनों क्यों फिर तो वाक्य मात्र शब्द मात्र सही ही हे. क्योंके आचार्यचरण आज्ञा करे हें के सब कछु ब्रह्म हे, विद्वद्दशा हे तब तो "**सर्वमेव वाक्यं प्रमाणम्. यतः सा सरस्वती सर्वतोमुखी**". तब तो "**वह्निना सिञ्चति**" या "**अग्निरनुष्णः**" भी प्रमाण हें.

ગોપાલદાસ: मेनें प्रमाण दियोन! श्रीहरिरायजी तीन प्रकारके विरह माने हें.

गो. श र द्: गोपलभाई! एसो हे के अर्थ करते बखत आकांक्षा, योग्यता ओर सन्निधि ये तीनों देखे जाने चहिये. ओर प्रकरण भी देखनो चहिये. जो वाक्य जा सन्दर्भमें ओर जा तात्पर्यकु हृदयमें रखके लिख्यो जा रह्यो हे वा सन्दर्भमें ओर वा तात्पर्यमें वाके अर्थको विचार नहीं करें ओर वाक्यकु स्वतन्त्रवाक्य मानके वाकी उपपत्ति देते जायेंगे तब तो "जगत् असत् हें" या "सब कछु शून्य हे" "भगवान् अनित्य हे" एसे वाक्य भी सत्य सिद्ध किये जा सकेंगे. अतः आप जो भी उपपत्तियां दे रहे हो वो *इन्डिपेन्डेन्ट् सेन्टेन्स्* की दे रहे हो. मेरी जिज्ञासा उन *इन्डिपेन्डेन्ट् सेन्टेन्स्* की *ट्रुथ्-वेल्यु* के बारेमें नहीं हे. असन्दर्भोपात्त मेरो प्रश्न नहीं हे. वो वाक्य जा *क्रॉनॉलॉजि* में आ रहे हें ओर जा तात्पर्यकु लेके आ रहे हें वहां मेरो प्रश्न हे.

હવે એક છેલ્લો પ્રશ્ન લઈશું જે આ પત્રના મુખ્ય વિષયને લગતો છે. આપ લખો છો: "પુષ્ટિસેવાનું ફળ અલૌકિકસામર્થ્ય છે. તે ઉત્તમ ફળ છે. સાયુજ્ય મધ્યમ ફળ છે. મર્યાદામાં જેમનો અઙ્ગીકાર કર્યો છે તેમને પુરુષોત્તમનું સાયુજ્ય મળે છે. ત્રીજું ફળ વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ સાધારણસેવાનું ફળ મળે છે". આમાં અલૌકિકસામર્થ્ય અને સાયુજ્યમાં તો કંઈ વાંધાજનક **નથી** જણાતું. પછી જે તમે લખ્યું છે કે મર્યાદામાં અઙ્ગીકૃતને પુરુષોત્તમનું સાયુજ્ય અને ત્રીજું ફળ સાધારણસેવાનું ફળ એ ન સમજાયું. એ



એટલા માટે કે "પુષ્ટિસેવાનું ફળ અલૌકિકસામર્થ્ય છે" એમ કહીને તમે એક પ્રકરણ સમાપ્ત કરી દીધું છે. સાયુજ્યને તમે મધ્યમફળ લઈ રહ્યાં છો. પછી તમે મર્યાદામાં જેમનો અઙ્ગીકાર છે તેની વાત કરો છો. અહીં મર્યાદામિશ્ર પુષ્ટિજીવ લઈને સમાધાન કરી શકાયું હોત પરન્તુ પ્રકરણભેદ થવાથી તે સમ્ભવ નથી. ત્યાં તમારો તાત્પર્ય શુદ્ધમર્યાદાનો જ જણાય છે. હવે જો શુદ્ધમર્યાદાજીવ હોય તો જ્ઞાની હોય અથવા મર્યાદાભક્ત હોય. જ્ઞાની અક્ષરોપાસક હોય છે અને મર્યાદાભક્ત મુક્તિ ઇચ્છે છે. આ બન્નેને પુરુષોત્તમ સાયુજ્ય સમ્ભવ **નથી.** આ એક વાત. બીજી વાત છે વૈકુંઠાદિમાં સેવોપયોગિદેહ સાધારણસેવાનું ફળ છે. તો 'સાધારણસેવા' એટલે શું? અહીં 'સાધારણસેવા' કે 'સાધારણફલ'?

**વીણા શેઠ**: યોગેશભાઈ શાસ્ત્રીજીના 'વલ્લભગીતા' પુસ્તકમાં આ રીતે છે.

**ગો. શ ર દ્**: આપે શબ્દશઃ ઉદ્ધૃત કર્યું છે કે પોતાના શબ્દોમાં મઠારીને લખ્યું છે?

**વીણા શેઠ**: શબ્દશઃ નહીં પરન્તુ આમાં 'વલ્લભગીતા'નો અને વીરમગામવાળા બાવાશ્રીએ જે સુબોધિનીજી છપાવ્યાં છે તેનો આધાર લીધો છે.

**રસિક શાહ**: સેવા આપણે કરતા હોઈએ છીએ ત્યારે આપણી નજર સમક્ષ ફળ હોય છે કે શ્રીઠાકોરજીનું સુખ હોય છે? ફળની જ્યાં પણ વાત આવે છે ત્યાં ફળનું ખાલી *ઇન્ડીકેશન્* આપવામાં આવતું હોય છે. ફળ મેળવવામાટે સેવા કરવાની હોતી નથી. "**યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે**" સેવા સિદ્ધ થયે શું ફળ થાય એજ ખાલી કહેવાય છે. એટલે પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીના સુખ સિવાય બીજું કંઈ સેવામાં વિચારવાનું હોય એવું મને નથી લાગતું.

# સેવાનુકલ્પ ગુણગાનમાં અધિકારવિચાર

શ્રીહંસરાજ વેદ

પુષ્ટિભક્તિમાર્ગમાં અધિકારીની ચર્ચા વખતે પ્રથમતઃ એ જોવું આવશ્યક છે કે સામાન્ય પુષ્ટિભક્તિમાર્ગનો અધિકારી કોણ હોઈ શકે ?

સ્વરૂપયોગ્યતાની દૃષ્ટિએ જોઇએ તો કોઈ પણ લિઙ્ગ, જાતિ, દેશ, વર્ણ વગેરેના ભેદભાવ વગર એટલે કે સ્ત્રી - પુરુષ, વર્ણાશ્ર - -અવર્ણાશ્રમી, દેશી - વિદેશી કોઈ પણ પુષ્ટિભક્તિનો અધિકારી થઈ શકે છે. પ્રહ્લાદજી સપ્તમસ્કન્ધ ભાગવતમાં ભક્તિના અધિકાર વિષે કહે છે: **"દેવોઽસુરો મનુષ્યો વા યક્ષો ગન્ધર્વએવ વા, ભજન્ મુકુન્દચરણં સ્વસ્તિમાન્ સ્યાદ્ યથા વયમ્"** (૭।૭।૫૦). શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન્ પણ નીચે પ્રમાણે આજ્ઞા કરે છે: **"માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ, સ્ત્રિયો વૈશ્યસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્"** (૯।૩૨). છતાં પણ બધાજ જીવો પુષ્ટિભક્તિના અધિકારી હોતા **નથી,** થઈ શકતા **નથી.** માટે એ નિશ્ચિત છે કે પુષ્ટિભક્તિના અધિકારી તો જેના ઉપર ભગવત્કૃપા હશે તે જ થઈ શકશે. જેને આપણા પરમ ફલરૂપ પરં બ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણની અનેરી કૃપા ઉપર અનન્યતાપૂર્વક પૂર્ણ વિશ્વાસ હોય એટલુંજ નહીં પરન્તુ પોતે કૃપાભાજન હોય તોજ તે પુષ્ટિભક્તિનો અધિકારી થઈ શકે છે.

કૃપા, પરન્તુ, અપ્રત્યક્ષ હોવાને લીધે કૃપાનું પરિજ્ઞાન કૃપાના કાર્યરૂપ પુષ્ટિમાર્ગમાં રુચિથી અનુમાન કરવું શક્ય છે. માટેજ આચાર્યચરણ આજ્ઞા કરે છે **"કૃપાપરિજ્ઞાનઞ્ચ માર્ગરુચ્યા અનુમીયતે"** (ત.દી.નિ.૨-૨૨૬).



માટે પુષ્ટિમાર્ગીય ફળની ઇચ્છાવાળો ભગવત્કૃપાજન્ય પુષ્ટિમાર્ગમાં રુચિવાળો પુષ્ટિભક્તિમાર્ગમાં અધિકારી થઈ શકે છે.

હવે આ સામાન્ય અધિકારીની ચર્ચા પછી પુષ્ટિમાર્ગીય સાધનોમાં શ્રીમદાચાર્યચરણે નિર્દેશેલા સાધનોનો વિચાર કરતી વખતે સેવા તથા સેવાના અનુકલ્પમાં ગુણગાનના અધિકારની ચર્ચામાટે આપણે પ્રવૃત્ત થઈએ.

આચાર્યચરણ ભક્તિવર્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે **"સેવા યાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ"** (ભ.વ.૯). આ ગ્રન્થમાં વિચાર પૂર્વક ૧. સેવા અને કથા = ઉત્તમાધિકારી ૨. સેવા અથવા કથા = મધ્યમાધિકારી તેમજ ૩. સેવા અને કથા માં પ્રવૃત્ત ઉત્તમાધિકારીની પરિચર્યાનો અનુકલ્પ અને ૪. શરણાગતિમાં પ્રવૃત્ત થનારા એમ અધિકારીના વર્ણન કરવામાં આવેલ છે. અહીં જે કથા કહેવામા આવી છે તે ભંડોળ ભેગું કરવામાટે કે પેટીયું રળવામાટે કરવામાં આવતી કથા વિવક્ષિત નથી. આચાર્યચરણ અહીં જે ગુણગાનનો અનુકલ્પ આપે છે તે વેદાદિશાસ્ત્રથી અવિરુદ્ધ ભગવત્સ્વરૂપ-ગુણ-લીલાનું નિર્વ્યાજ અહર્નિશ ચિન્તન અને તે પણ પ્રેમે સહિત હોવું આવશ્યક ગણે છે. આનાથી વિરુદ્ધ જ્યારે અનધિકારી યશોલિપ્સા, ધનલિપ્સા અથવા સ્પર્ધા થી વશીભૂત થઈને પોતાને ભગવલ્લીલા તથા ગુણગાન ના અધિકારી માની બેસે છે તે તો ભાગવતોક્તધર્મના પાલનના પણ અધિકારી નથી રહી જતાં એવું વ્યાખ્યાન્ આપણા માર્ગના ધુરન્ધર આચાર્ય શ્રીપુરુષોત્તમજી કરે છે. **"યે પુનઃ એતાનિ વાક્યાનિ આશ્રિત્ય સ્વસ્યાપિ પાઠાધિકારમ્ આપાદયન્તિ તેષાં માત્સર્યાદિદોષગ્રાસેન શ્રીભાગવતધર્મેષ્વપિ અનધિકારઃ કિં પુનઃ પાઠે ... નતુ શ્રાવણીયં વા વિદ્યભાવાત્"** (ભાષ્યપ્ર. ૧।૩।૩૮).

ભગવત્સેવાના અનુકલ્પમાં જે ગુણગાનને અપનાવવામાં આવે તેનું ભાગવતાનુસારી અથવા ભાગવત્ અવિરોધિ હોવું અનિવાર્ય છે. માટેજ ગુણગાન કરનાર પણ ભગવત્સ્વરૂપ, ભગવદ્ગુણ અથવા ભગવલ્લીલા દ્વારા

ગુણગાનપરાયણ થાય ત્યારે એ લીલાઓ ભાગવત્ અવિરોધી અથવા ભાગવતાનુસારી હોવી આવશ્યક છે જ. સાથે - સાથે આચાર્યચરણોમાં તેમજ એમની કરેલી આજ્ઞાઓમાં "સમયાનુસાર કાલ અનુરૂપ ન હોવાથી" અથવા તો **"સ્વધર્માચરણં શક્ત્યા"** જેવા બહાનાઓ આપીને આચાર્યચરણોની આજ્ઞાથી વિપરીત જવાની વૃત્તિ ન હોવી જરૂરી છે. જેમાં આચાર્યચરણ નિષેધ કરતા હોય તે અધર્માચરણજ છે અને અધર્માચરણમાં સ્વધર્માચરણમાટે આપેલી આજ્ઞાનો અર્થ ઘટાવીને છટકબારી શોધવા જેવો પ્રમાદ ગુણગાનકર્તામાં ન હોવો જોઈએ.

પુષ્ટિભક્તિમાર્ગની એ પ્રથમ આવશ્યકતા છે કે ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન યશ, ધન અથવા અન્ય ભૌતિકલાભ માટે નથી પરન્તુ નિરુપાધિક સ્નેહ સમ્પાદન કરવામાં સાધન તરીકે એનો ઉપદેશ આચાર્યચરણોએ આપેલો છે. અને એટલા માટેજ ભગવત્સેવાના અનુકલ્પમાં અપનાવાતો ગુણગાનનો પર્યાય અન્ય કોઈ પણ ભૌતિક લાભની ક્રિયાને સમ્પાદન કરનારો ન હોવો જોઈએ.

ભક્તિહંસમાં પ્રભુચરણની આપેલી નીચેની પઙ્ક્તિઓ અત્યન્ત મનનીય છે : **"શ્રીભાગવત-સહસ્રનામાદિશ્રવણકીર્તનયોઃ ફલત્વેન હિ ચત્વારોઽપિ અર્થા ઉચ્યન્તે. તત્ર ત્રિવર્ગકામેન ક્રિયમાણાઃ શ્રવણાદિ કર્મમાર્ગીયએવ. તત્રાઽપિ અર્થાર્થિભિઃ વિહિતત્વેન કૃતશ્ચેત્ તદા સ તથા. વૃત્ત્યર્થં ચેત્ કૃષિવલ્લૌકિકએવ, શૌચાર્થિગઙ્ગાસ્પર્શવચ્ચ. નહિ તસ્ય મલનિવૃત્ત્યતિરિક્તો ધર્મ ઉત્પદ્યતે પ્રત્યુત નિષિદ્ધાચરણાત્ પાપમપિ"**. આ સાથેજ ભગવત્સેવાના અનુકલ્પમાં આપેલ ગુણગાનનો પક્ષ અપનાવનારમાટે ઉપનયનસંસ્કાર, દ્વિજ હોવું અથવા પુરુષ હોવું આવશ્યક માનવામાં નથી આવ્યું પરન્તુ સ્વસમ્પ્રદાયની પરમ્પરાનુસાર સત્પુરુષના મુખેથી ભગવલ્લીલા અને સિદ્ધાન્તો શ્રવણ કરેલા હોવા જોઈએ. તદુપરાન્ત ધનોપાર્જનમાટે ગુણગાનમાં પ્રવૃત્ત ન થવું તેમજ જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય સમ્પન્ન હોવું આવશ્યક છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે **"વક્તાધિકારી સર્વજ્ઞઃ સમ્પ્રદાયેન સન્મુખાત્ શ્રુતભાગવતો ભક્તો ..."** ( ભા.નિ.૧-૨૩ ).



ભક્તિવર્ધિનીમાં ભક્તિના બીજભાવને દૃઢ કરવામાટે ભગવત્સેવા તથા ભગવદ્ગુણગાનમય જીવન પોતાના ઘરમાંજ સ્વવર્ણાશ્રમાચાર નભાવીને કરવાનું કહેવામાં આવેલ છે. અને ત્યાંજ જે સેવામાં તત્પર ન થઈ શકે તેનામાટે ભગવદ્ગુણગાનનો અનુકલ્પ આપવામાં આવેલ છે. દૃઢ બીજભાવવાળામાટે તો ગૃહત્યાગની પ્રેરણા આપવામાં આવેલ છે. આવા દૃઢ બીજભાવવાળા સાધકોને પ્રેમ, આસક્તિ અને વ્યસન અવસ્થા સિદ્ધ કરવામાં ઉપયોગી ગુણગાનની પ્રક્રિયા બતાવવામાં આવેલી છે. ઉત્તમ અધિકારી તો એ જ છે કે જે વ્યસન અવસ્થાને પ્રાપ્ત કરીને નિરોધ અવસ્થામાં ગુણગાન કરતો હોય. નિરોધલક્ષણ ગ્રન્થમાં એનું પ્રતિપાદન શ્રીમદાચાર્યચરણ નિચેના શ્લોકથી કરે છે : **"ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે, યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ"**. આ શ્લોકના શ્રીવલ્લભકૃત વિવરણમાં નીચે પ્રમાણે વ્યાખ્યા આપવામાં આવેલ છે: **"ગોવિન્દસ્ય ગોકુલેન્દ્રસ્ય રસાત્મકલીલવિશિષ્ટસ્ય ગુણગાને સુખાવાપ્તિર્યથા નિરુદ્ધાનાં જાયતે ... તથા પૂર્ણજ્ઞાનિનાં તત્રાપિ એકાન્તભક્તાનાં શુકાદીનામ્ 'આત્મનિ' આત્મસુખાનુભવદ-શાયાં નૈવ ભવતિ કુતોઽન્યતઃ ભક્તિરહિતેષુ ઇત્યર્થઃ"**. માટે ગુણગાનના મુખ્યાધિકારી તો શ્રીગોપીજનોજ છે. સાથે - સાથે આચાર્યચરણ તથા શ્રીગુસાંઈજી ની કૃપાથી જેમણે ભગવત્સાનુભાવની અનુભૂતિ કરી છે એમણે પ્રભુના સ્વરૂપ, લીલા અને ગુણો નું ગાન કીર્તનદ્વારા કર્યું છે તેઓજ ગુણગાનના મુખ્ય અધિકારીઓ છે.

આધુનિક પુષ્ટિમાર્ગીઓ માટે તો ગોપીજનોએ ગાયેલા પ્રભુના ગુણગાન, આચાર્યચરણોએ આપેલા એના અર્થો, આચાર્યચરણોના માર્ગમાં થયેલા અનેક આચાર્યચરણોના અનુગામી વલ્લભવંશજોના સ્તોત્રો, અષ્ટસખાના કીર્તનો તથા દયારામભાઈ જેવા ભગવદીયોદ્વારા કરાયેલા ગુણગાનના અનેક ધોળ - પદો વગેરે વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે. તેનું પઠન, તેમાં કહેલી લીલાઓનું ચિન્તન, સ્વરૂપચિન્તન અને ગુણગાન અનુકલ્પ તરીકે લઈ શકાય. આ પ્રક્રિયામાં જેમ જાહેરમાં થતી સેવાનું પ્રદર્શન તેમજ ગુણગાન જરાપણ અભિપ્રેત હોય એવું ક્યાંય દેખાતું નથી.

આ ઉપરથી ભગવત્કૃપાપાત્ર સેવાના અનુકલ્પમાં ગુણગાનના કલ્પના અધિકારી તો ભગવત્પ્રસન્નતાના એક માત્ર ઉદ્દેશ્યથી પ્રવૃત્ત થનારો અને ભગવત્પ્રેમ સમ્પાદન કરવાની અત્યન્ત દૃઢ અને તાપાત્મક ઈચ્છાવાળો હોવો આવશ્યક છે. સાથે-સાથે કોઈ પણ ભૌતિક લાભની ઈચ્છા વગરનો અને આચાર્યચરણના વચનોમાં અનેરી નિષ્ઠાવાળો આવશ્યક છે. નહીં તો અનુકલ્પ તરીકે પણ એ ભક્તિમાર્ગનો અધિકારી ગણી શકાશે નહીં.

ગુણગાનમાં પ્રેમ, આસક્તિ અને વિદ્યા ની અપેક્ષા છે. અને તે સર્વ ભગવદાધીન છે. વેણુગીતની સુબોધિની કારિકામાં **"વિદ્યાન્તે વર્ણયતિ સ્ફુટમ્"** એવી આજ્ઞા આચાર્યચરણ આપતા હોય છે. અને વિદ્યાના પાંચ પર્વો **'વૈરાગ્યં સાઙ્ખ્યયોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે, પઞ્ચપર્વેતિ વિદ્યેયં યયા વિદ્વાન્ હરિં વિશેત્'** ની વ્યાખ્યામાં આ વિદ્યાના અલૌકિક વિલક્ષણ પાંચ પર્વોની ચર્ચા કરવામાં આવી છે:

ભગવાન્ સિવાય સર્વે પદાર્થમાત્રમાંથી અનુરાગની નિવૃત્તિ = વૈરાગ્ય
પુરુષોત્તમ રસાત્મક છે એવું જ્ઞાન = સાઙ્ખ્ય
ચિત્તની ભગવાન્‌માંજ તન્મયતા = યોગ
ભગવાનના વિરહથી થતો તાપ - ક્લેશનો અનુભવ = તપ
ધર્માર્થકામમોક્ષ પુરુષાર્થની આકાઙ્ક્ષારહિત ભગવદ્ભક્તિ = ભક્તિ

આ પઞ્ચપર્વા પુષ્ટિમાર્ગીય વિદ્યાનું દાન શ્રીવ્રજસુન્દરીઓને થયું છે. તેઓદ્વારા થયેલા ગુણવર્ણનજ પુષ્ટિમાર્ગીય ગુણગાનનો ઉત્તમ અધિકાર સિદ્ધ થયેલો જણાય છે. એમના સાથેની લીલાનું અહર્નિશ ચિન્તન તથા તેનું ગાન એજ મુખ્યત: ગુણગાનની પ્રક્રિયામાં અનુકલ્પ તરીકે આચાર્યચરણ સ્વીકારતાં જણાય છે.

ગુણગાનને સેવાના અનુકલ્પ તરીકે સ્વીકારતી વખતે એ જરૂરી છે કે સેવાનો સરલ અને સર્વાધિકારક કલ્પ છોડીને અનુકલ્પ સ્વીકારવો એ ઉપરના અનેક અધિકારોની અપેક્ષા રાખતો કઠિન અનુકલ્પ છે, નહીં



કે સરલ અને સુલભ. માટે આ અનુકલ્પ અપનાવતી વખતે વધુ સાવધાની આવશ્યક છે.

આ અનુકલ્પ સ્વીકારનારામાં બે વિભાગો સ્થૂળરીતે ગણી શકાય ૧. ભક્ત્યર્થી અને ૨. ભક્ત. આચાર્યચરણ જેને અદૃઢબીજભાવવાળો કહી રહ્યા છે તે જ ભક્તિની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરનારો અત્રે અદૃઢબીજભાવથી કહેવામાં આવેલ છે. જ્યારે દૃઢબીજભાવવાળાને માટે ગૃહત્યાગપક્ષ બતાવવામાં આવ્યો છે. ગૃહત્યાગીમાટે સેવાનો કલ્પ તો રહેતોજ નથી એમ આચાર્યાશય છે. સેવાના પક્ષનો ઉપસંહાર કરતી વખતે આચાર્યચરણ આજ્ઞા કરે છે: **"એતત્ સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતતમ્, અન્યેષાં સમ્ભવેત્ તુ સ્યાત્ યતેઃ પર્યટનં વરમ્"** (ત.દી.નિ.૨-૨૪૬).

અદૃઢ બીજભાવવાળામાટે ગુણગાનનો કલ્પ સેવાના અનુકલ્પ તરીકે સ્વીકારવામાં પ્રેમ-આસક્તિ-વ્યસનના સોપાનજ ઉદ્દેશ તરીકે હોવા જોઈએ. અને એના માટે આચાર્યચરણોની નીચેની પઙ્ક્તિઓ મનનીય છે: **"ભક્તિમાર્ગે અમુખ્યાનાં ફલમ્ આહ: "સર્વત્યાગેઽનન્યભાવે કૃષ્ણમાત્રૈકમાનસે, સાયુજ્યં કૃષ્ણદેવેન શીઘ્રમેવ ધ્રુવં ફલમ્"** (ત.દી.નિ.૨-૨૩૮). પરન્તુ ત્યાગપક્ષ અપનાવવો અત્યન્ત કઠિન છે. સેવામાં દેહ તથા સર્વેન્દ્રિયો નો વિનિયોગ સમ્ભવ હોવાથી તેમાં સ્ખલનની સમ્ભાવના ઓછી છે જ્યારે ગુણગાનના અનુકલ્પમાં સર્વેન્દ્રિયો તથા દેહ કરતાં ફક્ત મન અને શ્રવણ કે રસના નોજ ઉપયોગ હોવાથી સ્ખલનની સમ્ભાવના વધતી હોય છે એ પણ ધ્યાનમાં લેવું પડશે. આ વિવેચન ઉપરથી ગુણગાનના અનુકલ્પની વિચારણા ઘણીજ કઠિન અને અધિકારની ચર્ચા વિશદ થવી જોઈએ એ સ્પષ્ટ થશે.

સેવાના અનુકલ્પમાં ગુણગાનનો વિચાર કરતી વખતે આ અનુકલ્પ આપણને ભક્તિવર્ધિનીમાં મળે છે. **"વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા, તતઃ પ્રેમ તથાઽસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્"** તથા ગુણગાનની ઉત્કૃષ્ટતા બતાવવામટે નિરોધલક્ષણ ગ્રન્થમાં કહ્યું છે **"ગુણગાને સુખાવાપ્તિર્**

**ગોવિન્દસ્ય પ્રજાયતે, યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યત:"** ( નિ.લ.૬ ). સાથે-સાથે આચાર્યચરણોએ સેવાનો ઉપદેશ તો સર્વોપરિ તરીકે આપેલ છે સિદ્ધાન્તમુક્તાવલીમાં પોતાના સિદ્ધાન્ત તરીકે **"કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા"** ( સિ.મુ.૧ ). ચતુ:શ્લોકીમાં **"સર્વદા સર્વભાવેન ભજનીયો વૃજાધિપ:"** ( ચતુ:શ્લો.૧ ). સેવાફલમાં **"યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે"** ( સેવાફલ ૧ ). એ તો નિર્વિવાદ છે કે સેવા ઉપરજ મહાપ્રભુજીનો સર્વાધિક ભાર છે તો સેવા છોડી અને ગુણગાનનો અનુકલ્પમાટે આચાર્યચરણનોજ સર્વનિર્ણય પ્રકરણના નીચેના શ્લોકનો વિચાર આવશ્યક જાણાય છે.

**ગૃહસ્થાનામપિ પૂજાયાં પઞ્ચદોષસમ્ભવે પર્યટનમેવ શ્રેષ્ઠમિત્યાહ :**

**વિક્ષેપાદથવાઽશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્।**
**અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે॥**
**તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તથા।**

**સ્વત: પ્રવૃત્તિરહિતાનિ ઈન્દ્રિયાણિ બલાદ્ભગવતિ યોજયમાનાનિ વિક્ષેપં જનયતિ વિગ્રહકર્શિતાનિ. જરયા વ્યાધિભિર્ વા યદા શક્ત્યભાવો લોકો વા પ્રતિબન્ધં કુર્વન્તિ અથવા પરમાગ્રહો ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવન્તં ન સ્મરન્તિ. લોકાનાં વા પીડાં કુર્યાત્. તત્ર પૂજા ત્યક્તવ્યા. તદા અન્યત્રાપિ તથાત્વે પરદેશે શૂન્યદેવાલયે પૂજા વિધેયા. તત્રાપિ દોષસમ્ભવે તીર્થપર્યટનં કર્તવ્યમ્. પાપાનાં પ્રતિબન્ધકરૂપાણાં નાશાય. તદા યત્રૈવ ગત્વા સેવા સમ્પત્સ્યતે તત્રૈવ સેવા કર્તવ્યા. સ્વતન્ત્રતયા તીર્થાટનપ્રકારમ્ આહ 'સર્વેષામ્'ઇતિ. વિષ્ણુભક્તિપ્રકારત્વાત્ સર્વાધિકાર:.**

ઉપર લખ્યા મુજબ ૧. વિક્ષેપ ( ચિત્તમાં ) ૨. અશક્તિ, વૃદ્ધાવસ્થા અથવા વ્યાધિ ૩. પ્રતિબન્ધ ૪. અત્યાગ્રહપ્રવેશ અને ૫. પરપીડા—આ પાંચ દોષ જો સેવામાં થાય તોજ સેવા છોડવાની આજ્ઞા છે. એ સિવાય તો સેવાજ ઉત્તમ માની છે. ત્યાં સુધી કહ્યું છે કે **"ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તું ન શક્યતે, કૃષ્ણાર્થં તન્નિયુઞ્જીત કૃષ્ણ: સંસારમોચક:,**



**ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તું ન શક્યતે કૃષ્ણાર્થં તત્પ્રયુઞ્જીત કૃષ્ણોઽનર્થસ્ય વારક:"**. આ બધા શ્લોકોદ્વારા સેવાનોજ આગ્રહ સ્પષ્ટતયા દેખાય છે. ત્યાર પછીજ અનુકલ્પમાટે આચાર્યચરણ પ્રવૃત્ત થાય છે કે

**ગૃહં ધનમ્ ઇતિ પૂર્વાધિકારદ્વયાભાવે તૃતીયપક્ષમાહ :**

**અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમાદરાત્।**
**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતં।**
**વૃત્ત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈ: કણ્ઠગતૈરપિ॥"**

આમાં પણ અનુકલ્પ તરીકે પોતે ભાગવતનો પાઠ કરવાની આજ્ઞા છે. શ્રીપુરુષોત્તમચરણ આવરણભઙ્ગમાં આજ્ઞા કરે છે : **"પરુષોત્તમસહસ્રનામપાઠાદપિ શ્રીભાગવતપાઠસિદ્ધે: તૈરેવ ઉક્તત્વાત્"**. આ અનુકલ્પ આપતી વખતે ઉપર કહ્યા મુજબ સેવાનો અનધિકાર; ગૃહ તથા ધન નો અભાવ તથા ભાગવત ઉપરના પાઠની અનન્યશ્રદ્ધા હોવી જોઈએ. ભાગવતના ગુણગાનરૂપે અનુકલ્પ સ્વીકારવાથી નીચેની મહાપ્રભુજીની આજ્ઞાઓનો પણ ખ્યાલ આવશ્યક છે. **"શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણે વાક્યે પદેઽક્ષરે, એકાર્થં સપ્તધા જાનન્નવિરોધેન મુચ્યતે"** ( તત્વદી.નિ.૩૧ ). માટે ભાગવતના અનુકલ્પ તરીકે સ્વીકારવાની પ્રાક્રિયા આ પ્રકારે અર્થ સમજવાની અને જાણવાની સામર્થ્ય અધિકાર નક્કી કરવામાં આવશ્યક છે. આ રીતે વિચારતાં સેવાના અનુકલ્પમાં અધિકાર અત્યન્ત કઠિન છે. જ્યારે સેવાજ સર્વાધિકારક અને સુલભ છે એવું પ્રતીત થાય છે.

## ચર્ચા

### સેવાનુકલ્પગુણગાનમાં અધિકારવિચાર

શ્રીહંસરાજ વેદ

ગો. શ ર દ: શ્રીહંસુભાઈના પત્રમાં આપણે સેવાના અનુકલ્પભૂત ગુણગાનમાં અધિકારનો વિચાર સાંભળ્યો. હવે હાલમાં કેટલાક પુસ્તકો આપણા માર્ગમાં પ્રકાશિત થયાં છે તેમાં એવું વાંચવા મળે છે કે શ્રીમહાપ્રભૂપદિષ્ટ કૃષ્ણસેવા સ્વયં અનુકલ્પ છે. અર્થાત્ એક તરફ તો **"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:, સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય: ક્વાપિ કદાચન"** માં 'અયમેવ' આમ અવધારણથી અને "ન અન્ય:" "ન ક્વાપિ" "ન કદાચન" આમ નિષેધથી સેવાને સાર્વદેશિક અને સાર્વકાલિક કર્તવ્ય કહેવામાં આવી રહી છે અને બીજી બાજુ એક એવો મત સાંભળવા મળે છે કે સેવા એ ખરેખર તો મુખ્ય કર્તવ્યજ નથી. કારણ કે વસ્તુત: તો શ્રૌતધર્મજ મુખ્યધર્મ છે. કાલવશાત્ આજે શ્રૌતધર્મ તેમજ વર્ણાશ્રમધર્મ નું પાલન કરી શકવું સમ્ભવ નથી રહી ગયું તેથી તેના સ્થાને આચાર્યચરણે ભગવત્સેવા અને ભગવત્કથા નો ગૌણકર્તવ્ય તરીકે ઉપદેશ કર્યો છે. આ એક વિચારણીય વિષય છે. અર્થાત્ સેવા એ શ્રૌતધર્મના અનુકલ્પભૂત છે, *પેરેલલ્* છે, વિકલ્પ છે કે વિલક્ષણ છે. આવા અનેક પક્ષો અહીં ઊભા થઈ શકે છે. આ પેપર ઉપર બીજા પ્રશ્નો હાલ નથી તો આ વિષયમાં આપ લોકો વિચાર કરશો તો માર્ગ ઊપર ખૂબ મોટો ઉપકાર થશે.



**ગોપલદાસ:** આપશ્રી જે આજ્ઞા કરી રહ્યા છે કે અત્યારે કલિકાલમાં વેદાચરણ સમ્ભવ નથી રહ્યું અને વેદથી અણુમાત્ર પણ વિપરીત આપણે કહીએ કે કરીએ તો એ પ્રભુને ઉચિત નહીં લાગે તે કારણે શ્રીમહાપ્રભુજીએ સેવાનો ઉપદેશ આપ્યો. અને ભગવદ્ભજન ઉદ્ધારક હોવાથી આપણે કોઈ પણ રીતે બચી જઈએ છીએ. **"કથઞ્ચિત્ તરિષ્યતિ"** લગભગ એનોજ અનુવાદના આશયમાં આપ કંઈ કહી રહ્યા હોય એવો મને ભાસ થયો. હવે આ જે વાત છે તે *સ્ટાઈલ્* માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે તો પણ આપનો મુખ્ય ભાર જ્યારથી શ્રીઠાકોરજી પ્રકટ થયાં ત્યાર પછીનો જે પ્રકાર છે તે તો શ્રીઠાકોરજી જે કહી રહ્યા છે તે મુખ્ય છે. એમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સેવાજ મુખ્ય કલ્પ છે. એટલે સેવા એ અનુકલ્પ ક્યારે બી હતીજ નહીં અને છે પણ નહીં, શ્રીઠાકોરજીના પ્રાકટ્ય પછી.

ગો. શ ર દ: या स्थितिमें "**अधुना तु कलौ सर्वे विरुद्धाचारतत्परा:, स्वाध्यायादिक्रियाहीना: तथाचारपराङ्मुखा:, क्रियमाणं तथाचारं विधिहीनं प्रकुर्वते, विक्षिप्तमनसो भ्रान्ता: जिह्वोपस्थपरायणा:, व्रात्यप्राया: स्वतो दुष्टा: तत्र धर्म: कथं भवेत्? षड्भि: सम्पद्यते धर्मस् ते दुर्लभतरा कलौ**" एसे आज्ञा करके श्रौतधर्ममें अनधिकार बतायो ओर पीछे "अथाऽपि धर्ममार्गेण स्थित्वा कृष्णं भजेत् सदा, श्रीभागवतमार्गेण स कथञ्चित् तरिष्यति" ये तो कण्ठोक्त हे. यहां स्पष्ट रूपसुं सेवाकु अनुकल्प कहे रहे हें. दूसरी बात "**सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि, पाषण्डप्रचुरे लोके**" तासुं "कृष्णएव गतिर्मम". यहां भी अनुकल्प ही ध्वनित हो रह्यो हे. क्योंके यदि सर्वमार्ग नष्टप्राय: नहीं भये हें, यदि कलिकाल प्रबल नहीं हे, लोकमें पाषण्डप्रचूरता नहीं हे तो फिर कृष्णभजनकी क्या आवश्यकता हे? श्रौत-स्मार्त धर्मनूसु भी उद्धार

हो ही रह्यो हे! तो कृष्णभजनकु अनुकल्प सिद्ध करवेवाले वचन भी तो उपलब्ध हो ही रहे हें. इनको व्याख्यान या प्रत्याख्यान तो आपने कियो नहीं!

ગોપાલદાસ : यामें श्रीमहाप्रभुजीकी सुबोधिनीजीमें या श्रीगुसांईजीकी या श्रीपुरुषोत्तमजीकी टीकामें एसो हे के जबसुं प्रभु प्रकट भये तबसु प्रकट होके प्रभुनूने जो आज्ञा दी हे जेसे गीताजीमें वो ही मुख्य हो जाय हे. वैदिक प्रकार मुख्य नहीं रहे जाय हे. अवैदिकता तो नहीं आनी चहिये. यासुं अपन् कहे हें के अपनो मार्ग वेद विरुद्ध नहीं हे. अपनो मार्ग प्रमाण अनुरोधी नहीं हे पर प्रमाण अवरुद्ध तो जरूर हे. प्रमाणावरुद्ध हे माने वाको संरक्षक ओर वाको पोषक एसो प्रमेयमार्ग हे. ओर प्रमेयमार्ग तो तब ही कह्यो जायगो के जब वो स्वतन्त्र होवे. प्रमाणानुरोधि होवे तब तो पछी मर्यादा ही हो गई. यासुं स्वतन्त्र हे. प्रमेयमार्ग हे. प्रमाणविरोधी भी नहीं हे प्रमाणानुरोधि भी नहीं हे, प्रमाणावरुद्ध हे. वाके चारों तरफ कांटाकी वाड हे. वा कांटाकी वाडको दिग्दर्शन इन वचननूमें कियो गयो हे जो महाराजश्री प्रस्तुत कर रहे हें. इनकी एकवाक्यता श्रीमहाप्रभुजीके उन वचननूसुं होयगी के जबसु श्रीठाकुरजी प्रकट भये हें तबसु जो श्रीठाकुरजी आज्ञा कर रहे हें वो ही प्रकार हे. यासु सेवा ही मुख्य हे.

ગો. શ ર દ : अर्थात् यदि श्रौत-स्मार्त धर्मनूको निर्वाह कथञ्चित् कोईसु हो रह्यो हे तथापि भगवत्सेवा ही वाकेलिये मुख्य हे ये आपको कहेनो हे. श्रीयोगेशबावा कछु कहे रहे हें.

ગો. યોગેશ : पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थमें आचार्यचरण आज्ञा करे हें के पुष्टिसृष्टिको प्राकट्य भगवद्रूपसेवार्थ हे. ओर वाकु ही स्पष्ट करते भये सिद्धान्तमुक्तावली ग्रन्थमें जीवकु सहज दास बतायो. वाके बाद चतुःश्लोकीमें भक्तिकु पञ्चम पुरुषार्थ



सिद्ध करी हे. यासु ये बात सिद्ध हो जा रही हे के भगवत्सेवाके अलावा ओर कोई धर्म पुष्टिसृष्टिकेलिये मुख्य नहीं हे. मुख्य कर्तव्य सेवा ही हे. अब ये बात हे तब आपने जो सर्वनिर्णयके वाक्य उद्धृत किये हें उनको क्या करनो या कृष्णाश्रयमें जो बात आई कि धर्मके छे अङ्ग विफल हो गये हें यासु ''कृष्णएव गतिर्मम'' हे. यासु भागवतधर्मको आधार लेनो. तो उनकी एकवाक्यता एसे ही करनी पड़ेगी के दो बात आचार्यचरण पुष्टिकेलिये कर रहे हें. पहेली बात तो ये के अपनो मार्ग वेदसु विरुद्ध पाखण्डवालो मार्ग नहीं हे. अपने यहां भी वेदकु पूर्णतया स्वीकार्यो गयो हे. यासु अपन् वेदके सभी वचननूकु मानके चले हें. वा अर्थमें वहां ये बात बताई हे. पाखण्डमत नहीं हो जाय वाकेलिये वहां ये खुलासा कियो हे, सर्वनिर्णयमें. ओर जो विफलताकी बात हे तो वहां केवल पुष्टिजीवनूमें अन्यसाधनकी विफलता बताके धर्मीमें उनको आश्रय दृढ करवेकेलिये कृष्णाश्रय ओर सर्वनिर्णय में वो बात कही हे. क्योंके *बेझिकलि* पुष्टिमार्ग धर्मके आश्रयको मार्ग नहीं हे. धर्मिकि आश्रयको मार्ग हे. धमीके आश्रयके बिना सेवाकी स्वतःपुरुषार्थता सिद्ध नहीं हो रही हे. ओर एसे मानके भी चले के वैदिक कार्य करवेकेलिये अपन समर्थ हें तब भी वहां अखिर धर्मको आश्रय ही भयो. धर्मके आश्रयसु भजनानन्दरूपी फल तो मिलवेवालो नहीं हे. वा स्थितिमें वेदके साधन सफल होवें या विफल होवें पुष्टिमार्गीकु कछु फरक पड़े नहीं हे. यासु मुख्य पुरुषार्थ कृष्णसेवा ही हे. ओर **''स्वधर्माचरणं शक्त्या''** न्यायसु जितने भी शास्त्रीय नित्य-नैमित्तिक कर्म बताये हें उनको पालन करनो चहिये. उनको विरोध नहीं करनो चहिये.

હંસરાજ વેદ: रघुनाथचरण कृष्णाश्रयकी टीकामें ही आज्ञा करे हें के कलिकालमें ही ये बात योग्य हे अन्यकालमें योग्य नहीं हे एसो नहीं हे. यदि कलि नहीं होतो तो भी ''कृष्णएव गतिर्मम'' तो हे ही. मानें (साधननृकी) विफलताके कारण ''कृष्णएव गतिर्मम'' नहीं हे.

ધર્મેન્દ્ર ઝાલા: जो दैवीजीव हें वो मुक्तियोग्य हें. 'मुक्ति' माने प्रभुसु बिछुड़े हें उनको फिरसु प्रभुसुं मिलनो या सन्दर्भमें अर्थ ले लें. तो ज्ञान, कर्म ओर मर्यादाभक्ति ये तीनों योग हें. इनके अलावा ओर कोई उपाय नहीं हे एसे प्रभुने कह्यो हे. यासु जब ये तीन नहीं बन सके तब जाके अपने या स्वतन्त्र भक्तिमार्गकी बात आवे हे. जब ये तीन निभ नहीं पा रहे हें या निभ भी पा रहे हें तब भी इनको प्रयोजन क्या हतो? योग. ईश्वरसु योग ही इनको प्रयोजन हतो. अब जब वो नहीं निभ पा रहे हें ओर पुष्टिके रूपमें प्रभु स्वयं मिलने पधार रहे हें तब जैसे श्रीमहाप्रभुजी सुबोधिनीजीमें आज्ञा करे हें के **''वर्षाकाले जलं सर्वत्र सुलभमिति न कूप-तड़ागादीनाम् अनुपयोगः''** नदी, कुवा, तालाब आदि उपयोगी हें ही. परन्तु जब वर्षाकालमें जल सर्वत्र सुलभ हे. ओर महाप्रभुजी क्यों 'अथापि'सु ओर कृष्णाश्रयमें धर्मकी विफलता ओर धर्मीपरता क्यों सिद्ध कर रहे हें? वहां भी ये हे के जेसे अपनकु पंखा चलानो हे ओर *इलेक्ट्रिक् फिटिंग्* खराब हो गई हे. पर यदि *फिटिंग्* करवेवालो खुद मौजूद हे तो वो खुद ठीक कर देगो. वाही ढंगसुं अनुकल्प नहीं ले के वाकी ही मुख्यता ... क्योंकि भगवान् आज्ञा करे हें **''यस्यानुग्रहमिच्छामि ... स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम्''**.

રસિક શાહ: एक एसी भी दलील अपन् कर सके हें के धर्मसु ओर धर्मीसु जो भी कछु फल मिल रह्यो हे वामें धर्मसु मिलवेवालो फल अच्छो हो भी सके हे. यानि नहीं मिल रह्यो हे वाकेलिये श्रीमहाप्रभुजी धर्मिकि आश्रयकी बात करे हें एसे केसे मान सकें अपन्? आप (गो. योगेश) कु ही कहे रह्यो हुं. धर्मीसु मिलवेवालो फल श्रेष्ठ हे ये तो अपन् कहे रहे हें. क्योंके वो अपनो पक्ष हे. वेदने क्यों धर्मिकि फलकी बात नहीं करी क्यों धर्मके फलकी बात करी फिर अपनृकु नयो कल्प निकालनो पड़्यो? धर्मको फल भी अच्छो हो सके ये *पॉसिबल्* हे. वाकेलिये धर्मिकि फलकी बात करी हे. तब धर्मिकि फलकी विशेषता बतानी पड़ी. क्योंके अपनुकु धर्मीको फल चहिये हे. एसे क्यों *आर्ग्युमेन्ट्* नहीं कर सकें?

ગો. યોગેશ: फलकी श्रेष्ठता या अश्रेष्ठता की जो बात आप कर रहे हो वो हमेंशा अधिकारीके सन्दर्भमें होवे हे. कोनकेलिये कोनसो फल श्रेष्ठ हे कोनसो अश्रेष्ठ हे ये कोनकु कोनसो फल चहिये हे वाके उपर आधार रखे हे. जब अपन् पुष्टिजीवकी बात करेंगे तब तो वैदिक साधननृसु जो फल मिलेगो वो वाकेलिये श्रेष्ठ हे ही नहीं.

રસિક શાહ: तब श्रीमहाप्रभुजीकु ये कहेनो चहितो हतो के आपकेलिये वैदिक साधन नहीं हे. बस. वैदिक साधन नहीं चल रहे हें यासुं कृष्णको आश्रय करो एसे कहेवेकी क्या जरूरत हती?

ગો. યોગેશ: कभी कोइको मन धर्मीको आश्रय छोड़के धर्मको आश्रय करवेमें चलायमान् हो जाय तो वाकेलिये श्रीमहाप्रभुजी कहे रहे हें के धर्म सब विफल हो गये हें. एसे वाको अर्थ लेनो चहिये. हर स्थितिमें धर्मीको आश्रय ही मुख्य हे.

રસિક શાહ: तब तो पहेले धर्मीको आश्रय मुख्य हे ये बात करके पीछे वो बात करनी चहिती हती. यहां तो बात उलटी

कह रहे हैं. धर्म विफल हो गये हैं वाकेलिये धर्मीको आश्रय करो एसे कहे रहे हैं.

**ગો. યોગેશ :** आचार्यचरणके समक्ष जो देश - कालकी परिस्थिति हती वाको यहां सिर्फ वर्णन कियो गयो हे.

**રસિક શાહ :** ये तो अपन कहे रहे हें न!

**ગો. યોગેશ :** नहीं. वा बखत एसी देश - कालकी परिस्थिति हती.

**રસિક શાહ :** श्रीमहाप्रभुजीके जो शब्द हें वो तो एसो नहीं बोल रहेहें.

**ગો. યોગેશ :** यदि एसो अर्थ लेंगे तो श्रीमहाप्रभुजी जहां भक्तिकु पञ्चम पुरुषार्थ बता रहे हें ओर पुष्टिसृष्टि भगवद्रूपसेवार्थ हे वासु एकवाक्यता नहीं बेठेगी.

**રસિક શાહ :** मेरो कहेनेको मतलब ये ही हे के *पोझिटिव्* बात पहेले कहेते के भजनानन्द मुख्य फल हे. आप वाके अधिकारी हें, आपकेलिये ये ही मुख्य हे. यासु आप ये ही करो. ओर पीछे आज्ञा करते के वेदके साधन तो मुख्य नहीं हें या विफल हो गये हें यासु आप वाकी ओर देखो ही मत. या क्रममें बात आनी चहिये न! उलटी बात क्यों कर रहे हें?

**ધર્મેન્દ્ર ઝાલા :** व्रजभक्त उपर (अवतारकालमें) हते धर्मीके पास. तब ज्ञान - भक्ति - कर्म निरुपयोगी न हो जायें वाकेलिये ज्ञान - कर्म - भक्ति करने चहिये ये बात समझा दी. क्योंकि वहां वो लीला हो रही हती. अपन् नीचे (अनवतारकालमें) हें करके ऊपरकी ओर बढ़ावेकेवलिये "धर्म काम नहीं आयेगो" एसे कहेके धर्मिपरता सिद्ध कर रहे हें.

**રસિક શાહ :** धर्मीपरता सिद्ध करानी हती तो पहेले कराते न! *लॉजिक्* एसे नहीं हे.

**ગો. યોગેશ :** पहेले कराई हे. कोनने कही के नहीं काराई हे? पुष्टिसृष्टि भगवद्रूपसेवार्थ हे एसे कही हे.

**ગો. શ ર દ :** રસિકભાઈ! આ બાબતનો વિચાર બે રીતે થઈ શકે. એક



તો એવી ધારણાથી કે *એવૃરી થિંગ્ ઇઝ્ રિલેશનલ્* કોઈ પણ વાતનું મહત્વ કોઈ ને કોઈ *કોન્ટેક્સ્ટ્* માંજ છે. અને બીજી એવી ધારણાથી કે વસ્તુતઃ તત્વ શું છે. અર્થાત્ *મેટાફિઝિકલ્ પોઈન્ટ ઑફ્ વ્યુ* થી વિચાર કરીએ કે તત્વ શું છે. આ રીતે જો વિચાર કરવામાં આવે તો પછી *રિલેશનલ્ ઇમ્પોર્ટેન્સ્* વાળી વાત નહીં રહે. *એબ્સોલ્યુટ્ સેન્સ્* માં વિચાર થશે. આમ બન્ને દૃષ્ટિથી વિચાર થઈ શકે છે. સાપેક્ષતાની દૃષ્ટિથી વિચાર કરીએ તો આચાર્યચરણનું એવું વચન વાર્તામાં મળે છે કે **"જેને જે માર્ગમાં રુચિ છે તેનામાટે તે માર્ગ ઉત્તમ છે"**. તો એનામાટે એ ફલ પણ ઉત્તમ છે. આ *રિલેશનલ્* વિચાર છે. અને *એબ્સોલ્યુટ્ સેન્સ્*માં વિચારીએ તો આગળજ આચાર્યચરણનું વચન છે કે **"મને પૂછો તો ભક્તિમાર્ગ એ ઉત્તમ છે કે જેમાં જીવ કૃતાર્થ થાય"**. આમાં કંઈ ઉપર કે નીચે ન રહ્યું. જેમ ભગવાને કહ્યું છે, ગઈ કાલે પણ આવ્યું હતું, કે **"સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ, યે ભજન્તિતુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્"**. શ્રીમહાપ્રભુજી જેવી વાતજ ભગવાન્ કરી રહ્યાં છે. **"યતો જગત્"** જેવા નિર્લિપ્ત ભાવથી **"ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ"** કહી રહ્યાં છે અને **"યઃ જગત્"** વાળી દૃષ્ટિથી **"મયિ તે તેષુ ચાપ્યહમ્"** કહી રહ્યાં છે. હવે ભગવાન્ પોતે જ્યારે ભક્ત અને ભક્તિ નો ઉત્કર્ષ બતાવતા હોય ત્યારે કોઈ પણ વાતનું *ઇમ્પોર્ટેન્સ્* કોઈ *કોન્ટેક્સ્ટ્* માંજ હોય છે એવું કહીને તટસ્થ કેમ બની શકાય. પછી ભગવાન્‌ના આ વચનની વ્યાખ્યા કેમ આપી શકાશે?

અર્જુનને જ્યારે પ્રશ્ન થયો હતો કે અવ્યક્તોપાસક અને સતતયુક્ત ભક્તમાંથી કોન યોગવિત્તમ છે **"એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પુર્યપાસતે, યે ચાડપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ"**. ત્યારે પણ ભગવાને એજ કહ્યું હતું કે **"મય્યાવેશ્ય**

મનો યે માં'' કહીને ''તે મે યુક્તતમા મતાઃ'' આમ ભક્તને યુક્તતમ કહ્યો અને ''ક્લેશોધિકરતરસ્તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્, અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે'' અવ્યક્તોપાસકને ક્લેશ થાય છે તેમ કહ્યું. તો અહીં ક્યાં કલિકાલની કે સાપેક્ષતાની વાત છે?

એટલે મને એમ લાગે છે કે બ્રહ્મવાદની દૃષ્ટિથી અથવા તત્વદૃષ્ટિથી જો આપણે વિચારીશું તો જેને જે મળે છે ઉત્તમજ છે. કંઈ શ્રેષ્ઠ નથી કે કંઈ અશ્રેષ્ઠ નથી. બધું સમાન ધરાતલ ઉપર ચાલી રહ્યું છે. પરન્તુ જ્યારે ભગવાન્‌ના આગ્રહને લક્ષ્યમાં રાખીને વિચાર કરીશું તો લીલાસૃષ્ટિમાં ભગવાન્ જ્યાં જેનો ઉત્કર્ષ બતાવી રહ્યાં છે ત્યાં તેનો ઉત્કર્ષ માન્યા સિવાય કોઈ ગતિજ નથી.

શ્રુતિ કહે છે ''નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન. યમેવૈષ વૃણુતે તેન લભ્ય. તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્''. એ આત્મા કોણ? ''યસ્માત્ ક્ષરમતીતોઽહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ, અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''. હવે ક્ષરાક્ષરતીત પુરુષોત્તમ છે એમાં તો ક્યાંય સાપેક્ષતા નથી આવતીને! એ પુરુષોત્તમ વરણૈકલભ્ય છે એમાં પણ ક્યાં સાપેક્ષતા છે! અને અન્યસાધનોની જ્યાં સુધી વાત છે તો ભગવાને પોતેજ ''નાઽહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા, શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા, ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુનઃ, જ્ઞાતું દ્રષ્ટું ચ તત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપઃ'' આજ્ઞા કરી રહ્યા છે. આમાં ભક્ત્યેતરસાધનથી પુરુષોત્તમ પોતે પ્રાપ્ય નથી એમ કહીને ભક્તિનો ઉત્કર્ષ બતાવ્યોજ છે. આમાં ક્યાં સાપેક્ષતા છે! અને એટલા માટેજ ભક્તિનો ઉત્કર્ષ આચાર્યચરણ પણ બતાવે છે. જેમ ''મન્ત્રોપાસનવૈદિકતાન્ત્રિકદીક્ષાર્ચનાદિવિધિભિર્ યઃ, અસ્પૃષ્ટો રમતે નિજભક્તેષુ સ મેઽસ્તુ સર્વસ્વમ્''.



પુરુષોત્તમ અન્ય કોઈ પણ સાધનથી અસ્પૃષ્ટ છે. કેવલ અનુગ્રહજન્ય નિરુપધિ પ્રેમથીજ તે ગમ્ય છે.

હવે જ્યાં સુધી સાધનક્રમની વાત છે તો જેમ ગોપાલભાઈ અને ઝાલાભાઈ એ કહ્યું તે પ્રમાણે ભગવાન્ જ્યારે સ્વયં પ્રકટ થઈ ગયા છે ત્યાર પછી અન્ય સાધનોની પ્રાસઙ્ગિકતાજ સમાપ્ત થઈ જઈ રહી છે. જેમ રાજા સ્વયં પ્રજાની સમ્મુખ ઉપસ્થિત હોય ત્યારે પ્રજાએ પોતાની સમસ્યના સમાધાન માટે શાસનવ્યવસ્થાએ નક્કી કરેલ પરમ્પરાને પકડવાની નથી હોતી. સીધા શાસકને પોતાની સમાસ્યા જાણાવી દેવાની હોય છે તેમ. આમ સર્વ સાધનોના ફલરૂપ ભગવાન્ સ્વયં પ્રકટ થઈ ગયાં હોય અને સ્વયં ભક્તિનો ઉત્કર્ષ બતાવી રહ્યા હોય ત્યારે અન્ય સાધનો પછળ શા માળે પડવાનું? એટલેજ આચાર્યચરણમાટે સર્વોત્તમમાં નામ છે ''ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ''.

હવે આ વાત સર્વેને તો કહેતાંજ સમજમાં આવી જવાની નથી. તેથી સર્વનિર્ણયનિબન્ધમાં, 'સર્વનિર્ણય'નામ પોતેજ એ બતાવે છે કે એમાં સર્વનો નિર્ણય છે, ત્યાં અન્ય નિર્ણયોના અન્તર્ગત આનુષઙ્ગિક રૂપે ભગવદ્ધર્મ બાબત પણ નિર્ણય આચાર્યચરણે આપ્યો છે. અહીં આનુષઙ્ગિક નિર્ણય છે. મુખ્ય નિર્ણય તો સ્વતન્ત્રરૂપે તેના આગળના પ્રકરણ શાસ્ત્રાર્થમાં ''એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતં ... કર્મોઽપ્યેકં તસ્ય દેવસ્ય સેવા'' તેમજ ષોડશગ્રન્થોમાં આપ્યોજ છે. (ભાગવતધર્મ મુખ્ય હોત તો તેનું નિરૂપણ પ્રથમ કરીને પછી શ્રૌત-સ્માર્ત ધર્મની અસાધકતાનું નિરૂપણ કરવામાં આવ્યું હોત. આમ ન કરીને મુખ્ય શ્રૌતધર્મ કાલવશાત્ અનુષ્ઠેય નથી રહ્યો તેથી ભાગવતધર્માનુસાર કલિકાલમાં ચાલવું આમ ભાગવતધર્મની અનુકલ્પતા સર્વનિર્ણયાન્તર્ગત સાધન-ફલપ્રકરણના ઉપક્રમમાં બતાવ્યું છે એ સન્દર્ભમાં) હવે રસિકભાઈ! સર્વનિર્ણયનો વિચાર કરવામાં આવે તો જ્યાં ''અધુના તુ કલૌ સર્વે'' વાળું સાધન-ફલપ્રકરણ

છે એના પૂર્વ બીજા અનેક પ્રકરણો છે. તેમાં પ્રથમ પ્રમાણપ્રકરણ અને પ્રમેયપ્રકરણ અને ત્યાર પછી સાધન-ફલપ્રકરણ છે. તેમાં પણ સર્વ પ્રથમ વર્ણાશ્રમીઓના સાધન-ફલનો વિચાર કરાયો છે. આમ *ક્રોનોલોજિકલ્ ઓર્ડર્* માં બધી વાત આવી રહી છે. શ્રૌત-સ્માર્ત સાધન અને ફલ નું નિરૂપણ કર્યા પછી સ્વભાવત: તેની કાલકૃત અસાધકતા પણ પ્રાપ્ત થઈજ રહી છે તેથી આચાર્યચરણે તેનું પ્રથમ નિરૂપણ ભક્તિપ્રકરણના ઉપક્રમરૂપે કરીને પછી ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું છે. આમાં બીજું કંઈ વિચારવાની આવશ્યકતા નથી. તત્તદ્ અધિકારીને લક્ષ્યમાં રાખીને ઉપદેશ આપવાની આ એક પદ્ધતિ છે. કેટલાક લોકો કેવલ ગુણને જોઈનેજ પ્રવૃત્ત થઈ જતા હોય છે. કેટલાક લોકોને અન્યમાં દોષદર્શન કરાવ્યા પછી બીજી વસ્તુના ગુણો લક્ષ્યમાં આવતાં હોય છે. અહીં 'સર્વનિર્ણય' છે. તેથી તેનો અધિકારી પણ એવોજ છે કે જે ઘાટ-ઘાટનું પાણી પી ચૂક્યો છે. ચતુ:શ્લોકી અર્થાત્ ષોડશગ્રન્થ વાળો કોરી પાટી જેવો અધિકારી અહીં નથી કે જે કેવલ **"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:, સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય: ક્વાપિ કદાચન"** કે **"કૃષ્ણસેવા સદા કાર્યા"** સાંભળીને કૃષ્ણસેવામાં તત્પર થઈ જાય. તાત્પર્ય એ છે કે ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થનાર જે મન્દ કે મધ્યમ અધિકારી હશે તેને પ્રથમ એવો બોધ થશે કે કેમકે અત્યાર શ્રૌતધર્મ સાધક નથી તેથી ભાગવતધર્માચરણ કરવું. પરન્તુ જે ભગવદેકનિષ્ઠ કે ધર્મિનિષ્ઠ છે તેને તો ભગવદ્ધર્મની સર્વોપરિતાનો તત્ક્ષણજ બોધ થઈ જશે. આજ ઉપદેશની પદ્ધતિ ન્યાસાદેશના વિવરણમાં પ્રભુચરણે પકડી છે. કારણ કે સ્વયં ભગવાને પણ ગીતાના ઉપસંહારમાં પોતે એ પદ્ધતિથી ઉપદેશ આપ્યા હોવાનો સઙ્કેત આપ્યો છે. તેમાં સર્વગુહ્ય, સર્વગુહ્યતર અને પછી સર્વગુહ્યતમ **"સર્વગુહ્યતમં ભૂય: શૃણુ મે પરમં વચ:"** આમ ત્રણ કક્ષામાં



ઉપદેશ આપ્યા પછી અર્જુનને ગુહ્યતમધર્મના અધિકારનું દાન કર્યું છે. હવે આપણે એમ માનીએ કે (જે ભગવદેકનિષ્ઠ કે ધર્મિનિષ્ઠ છે તેને તો ભગવદ્ધર્મની સર્વોપરિતાનો તત્ક્ષણજ બોધ થઈ જશે.) આ તો ઉત્તમાધિકારીની વાત થઈ. પરન્તુ સાધનાવસ્થામાં શું કરવું? તો સાધનાવસ્થાની બાબતમાં પણ ભાષ્યમાં કણ્ઠોક્ત સ્પષ્ટતા કરવામાં આવી છે. એ *પેસેજ* આપણે જોઈ લઈએ. **"વિહિતત્વાચ્ચાશ્રમકર્માપિ"** એ સૂત્રમાં શઙ્કા એ છે કે **"એવં જ્ઞાનસ્ય કર્મનાશકત્વે સિદ્ધે જાતજ્ઞાનસ્ય આશ્રમકર્મ કર્તવ્યં ન વા? તત્ર ફલસ્ય જાતત્વાત્, કૃતસ્યાપિ નાશ્યત્વેન અપ્રયોજકત્વાત્ ન કર્તવ્યમ્ ઇતિ પૂર્વ: પક્ષ:"** જે જ્ઞાનમાર્ગી છે અથવા જેને જ્ઞાન સિદ્ધ થઈ ગયું છે તેને હવે પછી શ્રૌત-સ્માર્ત કર્મ કરવાની આવશ્યકતા રહે છે કે કેમ? કારણ કે જ્ઞાન કર્મનાશક છે. જ્ઞાન સિદ્ધ થઈ ગયું છે. કર્મ પણ નાશ્ય છે. હવે કર્મનું પ્રયોજન પણ રહી નથી ગયું. તો હવે કર્મ શા માટે કરવા? આ પૂર્વપક્ષ છે. હવે સિદ્ધાન્ત કહી રહ્યા છે: **"તત્ર સિદ્ધાન્તમ્ આહ. યથા જ્ઞાનિનામપિ અનાપદિ શિષ્ટાનામેવ અન્નં ભક્ષણીયં, વિહિતત્વાત્, તથા આશ્રમકર્માપિ કર્તવ્યમેવ, નિત્યં વિહિતત્વાદ્ ઇતિ અર્થ:"**. જેમ જ્ઞાનીને પણ અનાપત્કાલમાં શિષ્ટજનોથી પ્રાપ્ત અન્નજ ગ્રહણ કરવાનો નિયમ છે. કારણ કે યદિ અસદ્વૃત્તિથી જેઓ જીવિકા ચલાવતા હોય તેવાઓનું અન્ન જ્ઞાની એટલે કે સન્ન્યાસી ખાશે તો તે સ્થાનભ્રષ્ટ થશે. તેથી શાસ્ત્રમાં તેવું વિધાન કરાયું છે. તેજ પ્રમાણે જ્ઞાનીએ આશ્રમધર્મોનું પણ આચરણ કરવાનું છે. કારણ કે આશ્રમધર્મનું આચરણ નિત્યત્વેન વિહિત છે. હવે જો આમ ન કરવામાં આવે તો શું થાય? **"યથા અનાપદિ અશિષ્ટાન્નભક્ષણં દોષાય, નિષિદ્ધત્વાત્, તથા નિત્યત્યાગોઽપિ પ્રત્યવાયજનકઇતિ તત્ કર્તવ્યમેવ ઇતિ ભાવ:"** યદિ જ્ઞાની આશ્રમધર્મોનો ત્યાગ કરશે તો જેમ ભગવાને

ગીતામાં કહ્યું છે **નિયતસ્યતુ સન્ન્યાસ: કર્મણો નોપપદ્યતે, મોહાત્ તસ્ય પરિત્યાગ: તામસ: પરિકીર્તિત:''** તેમ તેનો ત્યાગ તામસ-મોહજન્ય ગણાશે. તેથી જ્ઞાનીએ પણ આશ્રમકર્મોનો નિર્વાહ કરવાનોજ છે. તેથીજ ભગવાને કહ્યું કે ''**યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિત:, મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યા: પાર્થ સર્વશ:, ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્, સઙ્કરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામિમા: પ્રજા:**''. તેથી ''**સકતા: કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત!, કુર્યાદ્ વિદ્વાંસ્તથાસકત: ચિકીર્ષુર્લોકસંગ્રહમ્**'' અવિદ્વાન્ જેવી ફલાસક્તિથી કર્મ કરતો હોય છે તેવી તત્પરતાથી વિદ્વાને ફલાસક્તિરહિત થઈને કર્મ કરવા જોઈએ. પુન: શઙ્કા થાય છે કે ''**કૃતસ્યાપિ નાશ્યત્વેન અપ્રયોજકત્વાત્ ન કર્તવ્યમ્ ઈતિ**''. અર્થાત્ કર્મ તો નાશ્ય હોય છે તો અપ્રયોજક છે. તેથી કર્મ ન કરવા. તેનો ઉત્તર ''**સહકારિત્વેન ચ**'' એ સૂત્રમાં આપે છે કે ''**શમદમાદીનાં અન્તરઙ્ગસાધનાનાં સહકારીણિ આશ્રમકર્માણીતિ એતદ્વહિતૈ: શમાદિભિરપિ જ્ઞાનં ન સ્થિરીકર્તું શક્યમિતિ તાનિ કર્તવ્યાન્યેવ ઈતિ અર્થ:**''. શમ, દમ વગેરે જ્ઞાનના અન્તરઙ્ગ સાધનો છે. આ સાધનો ત્યારેજ જ્ઞાનના સાધન બની શકે છે કે જ્યારે તેને આશ્રમધર્મપૂર્વક કરવામાં આવે. તેથી શમદમાદિના સાધન તરીકે પણ આશ્રમધર્મોનું આચરણ કરવું આવશ્યક છે. અહીં જ્ઞાનીની વાત પૂર્ણ થઈ. હવે ''**એવં જ્ઞાનમાર્ગીય-જ્ઞાનસ્થૈર્યસાધનમ્ ઉક્ત્વા ભક્તિમાર્ગીયસાધનાનાં ભગવચ્છ્રવણાદીનામ્ ઈત આધિક્યમ્ આવશ્યકતાં ચ આહ**''. આમ જ્ઞાનને સ્થિર કરવાના જ્ઞાનમાર્ગીય ઉપાયોને કહીને હવે શ્રવણ, કીર્તન વગેરે ભક્તિમાર્ગીય સાધનોની વર્ણાશ્રમાદિ જ્ઞાનમાર્ગીય સાધનો કરતાં અધિકતા અને આવશ્યકતા બતાવતાં કહી રહ્યાં છે. સૂત્ર છે ''**સર્વથાપિ તએવોભયલિઙ્ગાત્**''. ભાષ્યમાં પ્રભુચરણ આજ્ઞા કરે છે: ''**ભગવચ્છ્રવણ-કીર્તનાદય: સાધનાન્તરવદ્**



**વિહિતત્વેન કર્તવ્યાએવ યદ્યપિ તથાપિ સર્વથાપિ અન્યેષાં યુગપદુપસ્થિતૌ તદનુરોધમ્ અકૃત્વાપિ તએવ ભગવદ્ધર્માએવ કર્તાવ્યા ઈતિ અર્થ:**''. આમ તો ભગવદ્ધર્માચરણ પણ વિહિતત્વેનજ કરવાનું છે આમ છતાં ક્યારેક એવું બને કે અભગવદ્ધર્મની સાથે-સાથે અન્ય ધર્મો પણ એકી સાથે પ્રાપ્ત થાય ત્યારે શું કરવું? તો જે મહાશય ભગવદ્ધર્મને શ્રૌત-સ્માર્ત કર્તવ્યોના અનુકલ્પ રૂપે માને છે તે કહેશે કે પ્રથમ તો શ્રૌત-સ્માર્ત કર્તવ્યો કરવાં. તે પછી ભગવદ્ધર્મનું પાલન કરવું. કારણ કે શ્રૌત-સ્માર્ત મુખ્ય છે અને ભગવદ્ધર્મ તો કાલવશાત્ ગૌણકર્તવ્યત્વેન પ્રાપ્ત થયા છે. પરન્તુ ભાષ્યકાર આ મતને પ્રતિપક્ષમાં મુકીને તેનું પ્રત્યાખ્યાન કરતાં આજ્ઞા કરે છે કે એમ નહીં, પ્રથમ ભગવદ્ધર્મનુંજ પાલન કરવું. આવું કેમ? શ્રૌતધર્મ તો પ્રાચીન છે, મુખ્ય છે! પ્રમાણ આપી રહ્યાં છે: ''**શ્રુતિલિઙ્ગાત્ સ્મૃતિલિઙ્ગાચ્ચ**''. શ્રુતિ અને સ્મૃતિ બન્ને ભગવદ્ધર્માચરણને પ્રાધાન્ય આપે છે. પછી પ્રમાણ તરીકે શ્રુતિ અને સ્મૃતિ નો ઉપન્યાસ કર્યો છે. હવે ભગવદ્ધર્મનું અનુસરણ પ્રથમ કરવા પાછળનો મુખ્ય હેતુ આપે છે: ''**એતેન ભગવદ્ધર્માણામ્ આત્મધર્મત્વેન અન્તરઙ્ગત્વાદ્ આશ્રમકર્મણો દેહધર્મત્વેન બહિરઙ્ગત્વાત્ તદવિરોધેનૈવ તત્ કર્તવ્યમ્ ઈતિ સ્થિતમ્. અતએવ ભગવદ્ધર્માન્યધર્મં પ્રતિષિદ્ધ્ય તેષાં સર્વેભ્ય આધિક્યં જ્ઞાપયિતું ''સ વા અયમાત્મા સર્વસ્ય વશિ'' ઈત્યાદિના ભગવન્માહાત્મ્યમ્ ઉક્તમ્**''. ભગવદ્ધર્મ એ આત્મધર્મ હોવાથી આશ્રમધર્મો કરતાં અન્તરઙ્ગ છે. આશ્રમધર્મો દેહધર્મ હોવાથી બહિરઙ્ગ છે. તેથી ભગવદ્ધર્મનો વિરોધ એટલે કે બાધ ન થાય તેમ આશ્રમધર્મોનું પાલન કરવું. તેથીજ શ્રુતિમાં ભગવદ્ધર્મોથી અન્ય ધર્મોનો પ્રતિષેધ કર્યો છે અને ભગવાન્ બધાને વશમાં રાખનારા છે આમ ભગવાનનું માહાત્મ્ય બતાવ્યું છે. તેથીજ ''**અનભિભવં ચ દર્શયતિ**'' એ સૂત્રમાં ''**પ્રાધાન્યેન ભગવદ્ધર્માએવ**

કર્તવ્યા ઈત્યત્ર ઉપોદબલકાન્તરમ્ અનેન ઉચ્ચતે. "સર્વં પાપ્માનં તરતિ, નૈનં પાપ્મા તરતિ, સર્વં પાપ્માનં તપતિ, નૈનં પાપ્મા તપતિ" ઇત્યાદિના ભગવદ્ધર્માનુરોધેન આશ્રમકર્માકરણજદોષૈ: અનભિભવં ચ શ્રુતિ: દર્શયતિ. અતો ભગવદ્ધર્માએવ સર્વેભ્ય: ઉત્તમાનિ સાધનાનિ ઈતિ અર્થ:". આમ કહ્યું છે. અર્થાત્ પ્રાધાન્યેન ભગવદ્ધર્મજ અનુષ્ઠેય છે એમાં સમર્થક શ્રુતિનું પ્રમાણ આપીને આજ્ઞા કરે છે કે ભગવદ્ધર્માચરણને કારણે યદિ ભક્ત આશ્રમકર્મોને નથી કરી શકતો તો પણ તેને દોષ નથી. આનાથી પણ એ સિદ્ધ થાય છે કે ભગવદ્ધર્મ સર્વધર્મોથી ઉત્તમ સાધન છે. આ કહીને હવે "અન્તરા ચાપિ તુ દદ્દૃષ્ટે:" એ સૂત્રમાં આજ્ઞા કરે છે કે "ભગવદ્ધર્મેભ્ય આશ્રમધર્મા હીના ઈત્યપિ અલ્પમ્ ઉચ્ચતે". આમ ભગવદ્ધર્મની સામે અન્યધર્મોની અલ્પતા બતાવીને "અપિ સ્મર્યતે" સૂત્રમાં એ સિદ્ધ કર્યું છે કે વસ્તુત: તો જ્ઞાન, વૈરાગ્ય, આશ્રમધર્મો વગેરે ભગવદ્ધર્મથી અલ્પ છે એટલુંજ નહીં પરન્તુ ઉત્કૃષ્ટ ભક્તોને તો તે પ્રતિબન્ધરૂપ પણ બનતાં હોય છે. તેમાં ભાગવતપ્રમાણ આપ્યું કે "તસ્માન્ મદ્ભક્તિયુકતસ્ય યોગિનો વૈ મદાત્મન:, ન જ્ઞાન ન ચ વૈરાગ્યં પ્રાય: શ્રેયો ભવેદ્ ઈહ". "વિશેષાનુગ્રહશ્ચ" એ સૂત્રમાં "જ્ઞાનાદે: સકાશાદ્ ભક્તિમાર્ગે ફલતોઽપિ ઉત્કર્ષમ્ આહ. જ્ઞાનાદિસાધનવત્સુ અનુગ્રહો મુક્તિપર્યન્તએવ. ભક્તિમાર્ગેતુ "અહં ભકતપરાધીનો હ્યસ્વતન્ત્ર ઈવ દ્વિજ" ઈત્યાદિવાક્યૈ: વિશેષરૂપો મુકતાદિભ્યોઽપિ ભકતાનાં વ્યાવર્તકો ભગવદનુગ્રહ: સ્મર્યતે ઈતિ અર્થ:" જ્ઞાનાદિ મર્ગો કરતાં ફલની દૃષ્ટિથી વિચાર કરતા પણ ભક્તિમાર્ગ ઉત્કૃષ્ટ સિદ્ધ થાય છે. કારણ કે જ્ઞાનાદિ સાધનો કરનાર ઉપર ભગવાનનો અનુગ્રહ તેમની મુક્તિ થાય ત્યાં સુધીજ હોય છે. જ્યારે ભગવદ્ભક્તો ઉપર તો ભગવાન્ મુક્ત જીવાત્માઓ કરતાં પણ વિશેષ અનુગ્રહ કરે છે. તેમને સ્વરૂપાનન્દનું



દાન કરે છે. મુક્ત જીવોને તો દેહાદિ હોતાં નથી તેથી તેમનો મુક્તિ પછી કોઈ ભગવદુપયોગ નથી હોતો. જ્યારે ભક્તોને તો ભગવાન્ અલૌકિકદેહ પ્રદાન કરીને ભજનાન્દાનુભવની યોગ્યતા સિદ્ધ કરે છે. આમ ફલદૃષ્ટિથી પણ ભક્તિમાર્ગનો ઉત્કર્ષ બતાવ્યો છે. એટલે બ્રહ્મસૂત્રનો જ્યાં સુધી પ્રશ્ન છે તો એમાં તો ભક્તિમાગનોજ ઉત્કર્ષ સિદ્ધ થઈ રહ્યો છે. અહીં તત્વવિચાર છે. અહીં તમને ઠીક લાગે તે તમારામાટે ઉત્તમ અને મને ઠીક લાગે તે મારામાટે ઉત્તમ એવા દૃષ્ટિકોણથી વિચાર નથી થતો. અહીં *એબ્સોલ્યુટ્ સેન્સ્* માં વિચાર ચાલે છે. આમ છતાં જો કોઈને અન્ય માર્ગની સર્વોત્કૃષ્ટતા જાણાતી હોય તો ભગવાનનું એ સામર્થ્ય પણ છે કે એને એ માર્ગોદ્વારા ફલ પ્રદાન કરે. જેમ "યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્" "તં યથા યથોપાસતે તથૈવ ભવતિ" કે "સ્વે સ્વે કર્મણ્યભિરત: સંસિદ્ધિં લભતે નર: ... સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવ:" "યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ તત્તદ્વપુ: પ્રણયસે સદનુગ્રહાય" એ ન્યાયથી યદિ કોઈને કંઈ ફલ પ્રાપ્ત થતું હોય તો થયા કરે.

રસિક શાહ: આશ્રમધર્મથી આપણે જ્ઞાનયોગ આખો લઈ લેવા માગીએ છીએ કે ખાલી આશ્રમધર્મ લેવા માગીએ છીએ? કારણ કે જ્ઞાનયોગ તો અન્તરઙ્ગ છે. એ કંઈ બહિરઙ્ગ નથી.

ગો. શ ર દ: જ્ઞાનયોગનું તો ભાષ્યમાં "અપિસ્મર્યતે" અને "વિશેષાનુગ્રશ્ચ" સૂત્રોમાં નિર્ણય કરીજ દીધો છે. સાધન - ફલ બન્ને દૃષ્ટિથી જ્ઞાન કરતાં ભક્તિનો ઉત્કર્ષ બતાવ્યોજ છે.

રસિક શાહ: હા પણ અને જ્ઞાનયોગથી જે મુક્તિ મળવાની હોય તેને અને ભજનાનન્દને પણ જે *કમ્પેર્* કરી રહ્યા છીએ તે આપણે આપણી રીતે *કમ્પેર્* કરી રહ્યા છીએ. આપણે આપણી વાતનો ઉત્કર્ષ કરવો હોય તો આપણે કરી શકીએ છીએ. અહીં પૂર્વપક્ષ પણ આપાણે આપી રહ્યા છીએ અને

ઉત્તર પણ આપણે આપી રહ્યા છીએ. બીજો કોઈ જ્ઞાનનો ઉત્કર્ષ બતાવીને ભક્તિનો અપકર્ષ શું ન બતાવી શકે?

ગો. શ ર દ: આ તો *એન્ડ્લેસ્ રિગ્રેસ્* છે. આનો તો કોઈ અન્તજ નથી. કોઈ જ્ઞાનને બતાવશે તો ભક્તિવાળા કહેશે કે એ તો એમને જ્ઞાન પ્રત્યે પક્ષપાત છે એટલે એવું કહી રહ્યા છે.

રસિક શાહ: આપણે એ બી કહી રહ્યા છીએ કે ભક્તિમાર્ગ જે છે તે વિહિત નથી, અવિહિત ભક્તિમાર્ગ આપણે કહી રહ્યા છીએ. તો વેદને પણ જે વિહિત નથી લાગ્યું તેને આપણે એટલું બધું ઊંચે ચઢાવી રહ્યા છીએ. અને એમાં પણ પાછું આપણે એમ કહી રહ્યા છીએ કે વેદ ચાલી નથી રહ્યો માટે તમે આ (ભક્તિમાર્ગ પ્રમાણે) કરો. આ બધું *ઈન્ડિકેટ્ ત્યાંજ* કરી રહ્યા છે કે વેદમાં જે માર્ગો કહેલા છે તે ઉત્તમ છે. તે કદાચ ન થાય ત્યારે અનુકલ્પ તરીકે તમે આ (ભક્તિમાર્ગ) લ્યો. નહીં તો મહાપ્રભુજીએ ભક્તિની ઉત્કૃષ્ટતા પહેલાં બતાવી દીધી હોત અને પછી કોઈને એમ પ્રશ્ન થાય કે તો પછી વેદનું શું? તો *સપોર્ટ્*માં આ બધું કહ્યું હોત કે વેદની પરિસ્થિતિ હવે અનુસરણ કરવા લાયક રહી નથી. તેથી એનો વિચાર કરવાની જરૂર રહી નથી. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી લઈ શકતે. આમ છતાં મહાપ્રભુજીને આ પ્રમાણે ન લેવા પાછળનો હેતુ કંઈ . . .

ગો. શ ર દ: આનું સમાધાન તો મેં પહેલાજ આપ્યું હતું. અહીં તમે ઉપદેશના *ઑર્ડર્* ને મહત્વ આપીને તેના આધારે કોઈ વાતની મુખ્યતા કે ગૌણતા માની રહ્યા છો તેવું હું નથી માનતો.

રસિક શાહ: એટલેજ ને! નથી માનતા તો આપણે તેનું કારણ પણ નથી આપી શકતા!

ગો. શ ર દ: કેમ નથી આપી શકતા? કારણ તો મેં આપ્યાજ ને! ઉપદેશ હંમેશા અધિકારી અનુસાર અપાતો હોય છે. નિબન્ધનો ઉપદેશ તો શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"એતન્મતમ્ અવિજ્ઞાય સાત્વિકા અપિ યે હરિ, મતાન્તરૈર્ન સેવન્તે તદર્થો હ્યેષ ઉદ્યમઃ"** મતાન્તરોથી જેની મતિ કિંકર્તવ્યવિમૂઢ બની ગઈ છે તેવાઓ માટે આપે નિબન્ધગ્રન્થની રચના કરી છે. હવે જેનું અન્તિમત્વ સિદ્ધ છે તેવા સાત્વિક મનુષ્યની સામે શ્રેયસાધક અનેક સાધનો પડ્યાં છે. એ સાધનોની અસાધકતા પણ સિદ્ધ કરવી છે. અને તત્પૂર્વક એને ભક્તિમાર્ગીય સાધનમાં પ્રવૃત્ત કરાવવો છે. તો એને એ ક્રમથીજ ઉપદેશ આપવો પડશે. હવે જો એને સીધો એમજ ઉપદેશ આપવામાં આવે કે ભક્તિમાર્ગ સર્વશ્રેષ્ઠ છે તેથી બધું છોડીને તું એના પ્રમાણે ચાલ. તો જે માણસ પહેલી વાર શ્રીમહાપ્રભુજીની સામે આવ્યો હોય તેના ગળે આ વાત કેમ ઉતરશે. જેમ ચિકિત્સાની ચાર *થેરપિ* આપણી સામે હોય. એમાંની એક સાઙ્ગોપાઙ્ગ હોય અને કામ પણ કરતી હોય. અને અન્ય *થેરપિ* કોઈ કારણે કામ ન કરતી હોય. આવી સ્થિતિમાં જ્યારે કોઈ માણસને તે *થેરપિ* ઉપર વિશ્વાસ દૃઢ કરાવવામાટે આપણે જો એમ કહીશું કે અમારી પદ્ધતિ ખુબ શ્રેષ્ઠ છે. તો આવનાર તો કહેશે કે "પોતાના બાણગા તો દરેક ફૂંકે". હવે આવા વ્યક્તિને જ્યારે સમજાવવો હશે ત્યારે સીધી રીતે તેની સાથે વાત નહીં કરી શકાય. તેને અન્ય *થેરપિની ઈનૃઈફેક્ટિવનેસ્* સમજાવવીજ પડશે. આમ જ્યારે એક વખત જે માણસ માર્ગમાં આવી જશે પછી એ આપોઆપ માર્ગના રહસ્યને જાણવાનો પ્રયત્ન કરશે, *કમ્પેરિટિવ્ સ્ટડી* કરશે, પ્રમાણ - પ્રમેય - સાધન - ફલ ને સમજશે, સમન્વય અને અવિરોધ ને સમજશે, કંઈક આચરણ કરશે, અનુભવો લેશે ત્યારે તે આપોઆપ નિર્ણય કરશે. એટલે મારું કહેવું એ છે કે બધી વાતને આપણે *રિલેટિવ્* ન બનાવી શકીએ. બધી બાબતમાં જો એવું હોત કે જેને જે ગમે છે તે ઉત્તમ હોય છે તો આટલા બધાં ભાષ્યો ન રચાયાં હોત.

ગોપાલદાસ: ''भगवान् ब्रह्म कार्त्स्न्येन त्रिरन्वीक्ष्य मनीषया, तदध्यवस्यत् कूटस्थो रतिरात्मन् यतो भवेत्'' वहां भी वेदको विचार करके वेदको क्या तत्व हे? ''रतिरात्मन् यतो भवेत्''.

धर्मेन्द्र ઝાલા: क्यों अन्य धर्मनूकी असाधकता बता रहे हें? क्योंके साधनाभिमान छूट नहीं रह्यो हे. वाकु समजा रहे हें के साधनाभिमान् छोड़ो ओर कृष्णकी शरणागति लो.

ગો. શરદ: अब या पेपरको उपसंहार करें. श्रीहंसुभाईने जो ये बात कही कि सेवाकी तुलनामें कथा कठिन हे ओर कथाकी तुलनामें शरण कठिन हे. या सन्दर्भमें मैं *रिमार्क* करनो चाहुं हुं. सेवाकी उत्कृष्टतामें हेतु ये दिये कि सेवामें तो स्वरूप हे ओर सर्वेन्द्रियनूको विनियोग भी हे वाके कारण सेवामार्ग सरल हे. यामें तो मेरी कोई विप्रतिपत्ति नहीं हे. कथाके सम्बन्धमें ये कह्यो के वहां स्वरूप नहीं हे ओर सर्वेन्द्रियको विनियोग भी नहीं हे. ये बात भी ठीक हे. परन्तु जहां तक कठिनताकी बात हे तो वामें ये विचार करनो चहिये कि कठिनता कोनसे पक्षमें. जेसे सेवाकु ही अपन् लें तो सेवा अखण्डतैलधारवत् चित्तकी भगवत्प्रवणतापूर्वक तनुवित्तजा सेवा भी सेवाकी एक अवस्था हे. वामें फिर प्रभुकी व्रजलीलाके सतत अनुसन्धानपूर्वक सेवा भी हे. प्रेम ओर आसक्ति ओर व्यसन भावपूर्वक भी सेवा हे. एसे ही रुचिपूर्वक क्रियात्मक सेवा भी हे. तो यदि पहलेवालो सेवाको प्रकार अपन् लें तो तो सेवा भी कठिनतम हो सके हे. ओर अन्तिम प्रकार लें तो सरलतम भी हो सके हे. एसे ही कथा ओर शरण के विषयमें भी सोच्यो जा सके हे. भक्तिवर्धिनी, निरोधलक्षण ओर सन्न्यासनिर्णय में फलावस्थापन्न जा कथाकी बात आचार्यचरणनूने बताई हे वो तो कठिन होनी ही हे. जेसे ''त्यागात् श्रवणकीर्तनात्''. अपन् जानें हें के



यहां त्याग अदृढबीजभाववालेकु नहीं कह्यो जा रह्यो हे. वो यदि करेगो तो वाकेलिये एसो श्रवण-कीर्तन कठिन होयगो ही. एसे ही निरोधलक्षणमें ''**गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते, यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः**''. ये गुणगान भी साधनावस्थामें कठिन होयगो ही. या सन्नासनिर्णयमें ''**विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि**''. ये सब कहांसु सरल होयगो! पर कोनकेलिये? जो साधनावस्थामें हे वाकेलिये. अब देखो, जो साधनावस्थामें हे वाकु वो फलावस्थामें होयवेवालो गुणगान करवेको उपदेश ही नहीं हे. कथाकी साधनावस्थामें जो हे वाकी कथा नित्यनियमपूर्वक जप-पाठके रूपमें भी प्रारम्भ हो सके हे. फलावस्थामें वो व्यसनपूर्विका भी हो जाय हे. एसे ही जो शरणागत हे वाकी शरणागतिके सम्बन्धमें भी ये ही बात हे. अपन् ये कहें के शरणमार्गमें तो विवेक - धैर्यपूर्वक आश्रय हे. अब विवेक क्या? ''**विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करीष्यति**''. बोलवेमें बड़ो सरल लगे हे के सब कछु भगवान्की इच्छासु होवे हे. पर याकी मन-वचन-कर्मसुं स्वीकृति इतनी सरल नहीं हे. एसे ही धैर्य क्या हे? ''**त्रिदुःख सहनं धैर्यम् आमृते सर्वतः सदा**''. बहोत कठिन हे मरण पर्यन्त त्रिविध दुःखनूकु सहनो. एसे ही ''ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः''. एसो विष्वास बहोत कठिन हे. परन्तु यहां समझवेकी बात ये हे के आचार्यचरण इन बातनूकु शरणमार्गकी *नेसेसरि कन्डीशन्* नहीं मान रहे हें. ये तो प्रपन्न जीवकी चरमावस्थाको वर्णन हे. अर्थात् प्रपन्न जीवको विवेक कहां तक हो सके हे या प्रपति सिद्ध होयवे पे जीव कहां तक धैर्य धारण कर सके या प्रपन्न कहां तक भगवदाश्रित हो सके हे ये बतायो हे. ये चरमावस्थाको निरूपण शरणमार्गीकु

आगे बढवेमें दिशासूचक भी बने हे. ये हिमालयको शिखर बतायो हे. वाकी तरहटी उतनी ही नीची हो सके हे जितनी वाकी चोटी ऊंची. शरणमार्गको प्रारम्भ इतने *लोएस्ट् लेवल्* सु हो सके हे के जब जीवकु भगवान्‌को परिचय भी नहीं हे. या कारण ही विवेक-धैर्यकु सिद्ध करवेके उपाय प्रार्थनात्याग, अभिमानत्याग, हठत्याग, सहन आदि बताये हें. कृष्णाश्रयमें तो "विवेक-धैर्य-भक्त्यादिरहितस्य विशेषतः पापासक्तस्य दीनस्य कृष्णएव गतिर्मम" भी कहे दियो. अतः अवस्थाभेदसु कठिनता या सरलता हे एसो मोकु लगे हे. आचार्यचरणन्‌ने कोई भी अवस्थामें रह्यो भयो पुष्टिजीव पुष्टिधर्मको अनुसरण कर सके एसी प्रक्रिया ग्रन्थनूमें विकल्प अनुकल्पपूर्वक बताई हें. उनकु समझनो चहिये.

રસિક શાહ: विवेक-धैर्याश्रयकी जो हंसुभाई कह रहे हें वो तो सेवामें भी जरूरी हे. श्रीगोपेश्वरजीने स्पष्ट लिख्यो हे वहां के यदि धैर्य नहीं रखोगे तो सेवा चलेगी नहीं.

धर्मेन्द्र ઝાલા: शरणागति ओर कथा में जो कठिनाईकी बात हंसुभाईने करी वा सन्दर्भमें शरद्‌बावाने कही के कठिनाई तो सर्वत्र हो सके हे. जेसे उन्होंने कही भक्तिहंसकी के प्रेमके अभावमें यदि सेवा करी जायगी तो वो क्रियात्मक हो जायगी. तो सेवा भी कठिन हे, प्रेम नहीं हे तो. परन्तु जेसे उनने ही कही के *बॉटम्* सुं लेके *टॉप्* तकमें कहीं भी प्रवृत्ति सम्भव हे. यामें में बस इतनो हि कहनो चाहुंगो कि जेसे कृष्णाश्रयकी टीकामें कह्यो हे के नलकूबर-मणिग्रीवको उद्धार भगवान्‌ने नारदजीके वचनके कारण कियो. एसे ही यदि अपन् महाप्रभुजीके वचनूनको समादर करके प्रवृत्त होंयगे तो "वाक्येन प्रवृत्तम् साधनम् असाधयन्नपि मोचयिष्यति" साधन अच्छी तरहसु सम्पन्न



नहीं भयो होयगो तब भी प्रभु साधनके उपर दृष्टि नहीं करके महाप्रभुजीके वाक्यसु प्रवृत्त भयो हे एसो विचारके ... ये साधन मार्ग नहीं हे फलमार्ग हे. क्योंकि जैसे साधन नहीं भी भयो तो भी फल तो प्रभु कृपा करेंगे ही.

ગો. યોગેશ: आपने लिख्यो हे "આધુનિક પુષ્ટિમાર્ગીઓમાટે તો ... લીલાચિન્તન, સ્વરૂપચિન્તન અને ગુણગાન અનુકલ્પ તરીકે લઈ શકાય. આ પ્રક્રિયામાં જેમ જાહેરમાં થતી સેવાનું પ્રદર્શન તેમજ જાહેરમાં થતા ગુણગાન જરા પણ અભિપ્રેત હોય એવું ક્યાંય દેખાતું નથી". यामें थोडो विचारणीय हे के सेवा जो बताई हे "**गृहे स्थित्वा स्वधर्मतः**" वाको तो जाहेरमें प्रदर्शन मान्य नहीं हे परन्तु आपने गुणगानमें भी ये कही के जाहेरमें गुणगान अभिप्रेत नहीं हे. तो सेवा जितनी एकान्तमें करनी हे इतने एकान्तमें गुणगान करवेको आप कहनो चाह रहे हो? याको खुलासा ...

હંસરાજ વેદ: आचार्यचरण कह रहे हें "**सभायामपि कुर्वीत**". तो स्पष्ट हे के सबके बीचमें भी गुणगान निर्भय होके कियो जा सके हे. परन्तु मेरो तात्पर्य ये हे के वामें आज जा ढंगसु फंड-फाळावाली ओर आजीविकार्थ गुणगान-कथा होवे हे एसो नहीं होनो चहिये.

ગો. શરદ: वामें भी मान, निकुञ्ज आदि अन्तरङ्गलीलको गान नहीं करके माहात्म्य, आश्रय, दीनता, शिक्षा आदिको ही गान होनो चहिये.

## સમ્પ્રદાયમેં અધિકારનો વિચાર કેમ?

શ્રીદેવેન્દ્ર શાહ

સૌ પ્રથમ તો આ સમ્પ્રદાય કેવો છે? આ સમ્પ્રદાય તે ભક્તિમાર્ગમાં શ્રીવલ્લભે પ્રગટ કરેલ છે તથા શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદના આધારે સુનિશ્ચિત કરેલ છે. હવે 'અધિકાર'નો અર્થ થાય છે લાયકાત. જો કે આપણે ત્યાં સર્વ કંઈ ભગવદિચ્છાને આધીન માનીને જીવની નિઃસાધનતા સિદ્ધ કરી છે, માટે જીવનો અધિકાર પણ ભગવદિચ્છાને આધીન જ છે. પ્રભુએ જ નક્કી કર્યું કે કોણ જીવને આસુરી બનાવવો અપને કોને દૈવી. કોણ દૈવીજીવ મર્યાદા પ્રમાણે વર્તશે અને કોણ પુષ્ટિ પ્રમાણે ... નિઃસાધનતા તો ભાવાત્મક છે.

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પ્રભુએ સૃષ્ટિપરના જીવોનું બીજભાવ પ્રમાણે વર્ગીકિરણ કર્યું. જીવનો ક્યો અધિકાર છે તે પહેલેથી જ સુનિશ્ચિત છે અને તે આધારે જ તે વર્તે છે. ગીતાજીમાં બે પ્રકારની સૃષ્ટિ કહી છે. જે પુ.પ્ર.મ.ગ્રન્થમાં જાણાવેલ છે. **"દ્વૌભૂતસર્ગાવિત્યુક્તેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ"**. વળી આગળ કહ્યું છે **"જીવદેહકૃતિનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ, યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ"**. પ્રવાહમાર્ગના જીવો દૈવીજીવોથી જુદા, આસુરી છે. તેમના દેહો ભગવાનના ભજનને પ્રતિકૂલ હોવાથી દૈવીજીવોના દેહોથી જુદા છે. આમ અહીં દરેક જીવમાં બીજભાવ પહેલેથી સિદ્ધ કરેલ છે. તેથી જેવો બીજભાવ તેવો અધિકાર. અધિકારનો વિચાર આપણા સમ્પ્રદાયમાંજ નહિ પણ વેદમાં પણ કરેલો છે. શ્રૌતકાર્ય માટેનો અધિકાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને છે. દરેક વર્ણના જુદા - જુદા અધિકાર સ્થાપિત કરેલા છે. તન્ત્રશાસ્ત્રમાં પણ પૂજા - પાઠ કરવા - કરાવવામાટે અધિકારનો



વિચાર કરેલ છે. જે કોઈ જાતે પૂજાપાઠ કરી શકતો ન હોય તે વ્યક્તિ બ્રાહ્મણદ્વારા કરાવી શકે છે. આપણા શાસ્ત્રોમાં પણ દાન લેતી વખતે દાન આપનારના અધિકારને જાંચવો જરૂરી માન્યો છે. દાન લેનારની કૃતિ જાણવી પણ જરૂરી છે. આમ અહીં પણ અધિકારનું પ્રભુત્વ છેજ. માત્ર પ્રભુની ઈચ્છામાં જ અધિકાર કામ નથી કરતો. એક વખત 'ઈચ્છા'થી કૃતિ પ્રગટ થઈ પછી અધિકારનું સાધન ચાલુ થઈ જાય છે. શ્રીમદ્ભાગવતમાં શિશુપાલ કે જે દુષ્ટ હતો પણ પોતાનો પાર્ષદ હતો તેને દુષ્ટસાધન બનાવ્યો. જ્યારે મુચકુન્દનો ઉદ્ધાર કરવો અશક્ય ન્હોતો છતાં તેને સાધનો કરીને અપરજન્મમાં સ્વપ્રાપ્તિ થવાની આજ્ઞા કરી. આમ મર્યાદાવાળા જીવનો ઉદ્ધાર સાધનની પ્રક્રિયાથી કર્યો. કારણ કે તે મર્યાદાઅધિકારવાળો હતો.

જલભેદગ્રન્થમાં ૨૦ પ્રકારના વક્તા વર્ણવેલા છે. જેમાં શ્રોતાની લાયકાત મુજબ તે વક્તાને પસન્દ કરશે. જેથી તેમાં બન્નેના અધિકારની વાત આવે છે. પઞ્ચપદ્યાનીગ્રન્થમાં ભિન્ન - ભિન્ન અધિકારવાળા શ્રોતા વર્ણવેલા છે. ૮૪ વૈ.ની વાર્તામાં શ્રીવલ્લભના સેવક દિનકરદાસ શેઠ તથા ૨૫૨ વૈ.ની વાર્તામાં શ્રીવિઠ્ઠલના સેવક અલીખાન તથા તેમની બેટી બન્ને ઉત્તમ અધિકારવાળા શ્રોતા હતા. ભક્તિવર્ધિનીગ્રન્થમાં પણ જુદા - જુદા અધિકારવાળા ભક્તોમાટે શ્રીઆચાર્યજીએ ભક્તિમાર્ગમાં આગળ વધવામાટે જુદા - જુદા પ્રકાર બતાવેલા છે. દૃઢબીજવાળા, અદૃઢબીજવાળા, અવ્યાવૃત્ત કે વ્યાવૃત્ત તેમ જુદા - જુદા અધિકારવાળા જીવોમાટે ભક્તિમાર્ગમાં આગળ વધવામાટે જુદા - જુદા પ્રકારો - પધ્ધતિ વર્ણવેલ છે.

શિક્ષાપદ્યાનિમાં **"યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથઞ્ચન, તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત, સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ"**. અહીં ક્યો અધિકાર ક્યા સંજોગોમાં છીનવાઈ જશે તે પણ જાણાવેલ છે.

તત્ત્વાર્થદીપ નિબન્ધના સર્વનિર્ણયપ્રકરણમાં શ્રીવલ્લભે ગુરુપદ માટેનો અધિકાર સુનિશ્ચિત કરેલ છે. **"કૃષ્ણસેવા પરં વીક્ષ્યં દમ્ભાદિરહિતં નરમ્,**

**શ્રીભાગવતતત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્''** (૨૨૯). સર્વોત્તમસ્તોત્રમાં શ્રીવલ્લભના 'રહઃપ્રિયઃ'નામઊપરની ટીકામાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે રસાત્મકલીલા અધિકાર વગર કહેવાય નહીં. વળી **''સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ, સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ, અનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ''**. અહીં ત્રણે નામમાંથી ફલિત થાય છે કે આપે ભક્તિના પ્રસારમાટે જે શ્રમ લીધા તે સર્વસામાન્ય લોકોમાટે નથી લીધો પણ વિશિષ્ટ વ્યક્તિ - જૂથમાટેજ લીધો છે. એટલે કે જેમનામાં તે પ્રકારનો બીજભાવ છે તેમના માટેજ લીધો છે. તેથી અહીં પણ અધિકારીમાટેજ આપ શ્રમ લઈ રહ્યા છો.

વલ્લભાખ્યાનમાં શ્રીગોપાલદાસભાઈ કહે છે **''જેને વિઠ્ઠલનાથ વિચારે રે તેને પ્રગટપદારથ ચાખે રે, એવો મારગ શ્રીવલ્લભવરનો રે, જ્યાં નહિં પ્રવેશ વિધિહરનો રે''**. અહીં પણ વિઠ્ઠલનાથના કૃપાપાત્રો માટેજ ફળ સુલભ છે અને સર્વ કોઈને આ માર્ગમાં પ્રવેશ નથી. ફક્ત અધિકારીનેજ પ્રવેશ છે. આ માર્ગમાં બ્રહ્માજી કે મહાદેવજી સુદ્ધાંને પ્રવેશનો અધિકાર નથી. કારણ કે બ્રહ્માજીને સૃષ્ટિના પ્રાગટ્યોનો ભાર ભગવાને આપેલ છે પછી તે મુક્તિમાર્ગમાં કઈ રીતે પ્રવેશી શકે? અને મહાદેવજીને સૃષ્ટિના સંહારનો અધિકાર છે તો જે માર્ગમાં પ્રભુની સેવા કરનારને યમદૂતો પણ હાથ લગાડી શક્તા નથી તેવા માર્ગમાં સંહારના દેવતાને કેવી રીતે અધિકાર પ્રાપ્ત થાય?

ભક્તિહેતુનિર્ણયગ્રન્થમાં શ્રીગુંસાઈજી જણાવે છે કે **''બ્રહ્માદિદુર્લભકથં રાધામાનાપનોદકં કૃષ્ણ, તદૈકનુગ્રહૈકલભ્યાં ભક્તિઃ નુમસ્તદીયાંશ્ચ''**. અનુગ્રહ પ્રભુની ઈચ્છાને આધીન છે. બ્રહ્મ જેવા ઉત્તમ અધિકારીને પણ જે પ્રભુની કથાશ્રવણ કરવી દુર્લભ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ભક્તિ પરત્વે બ્રહ્માજીનો અધિકાર ન્યૂન છે. આમ કર્મમાર્ગનો શ્રેષ્ઠ અધિકારી જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ માટે ન્યૂનાધિકારી અને જ્ઞાનમાર્ગનો શ્રેષ્ઠ અધિકારી કર્મમાર્ગ કે ભક્તિમાર્ગ માટે ન્યૂનાધિકારી અને ભક્તિમાર્ગનો શ્રેષ્ઠ અધિકારી જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગ માટે ન્યૂનાધિકારી હોઈ શકે છે.



શ્રીગોપીજનોને વગરસાધને ભક્તિ પ્રાપ્ત થઈ તેમ આપણે સમજીએ છીએ. પરન્તુ મૂળમાં જોતા જણાશે કે તે ગોપીજનો તો શ્રુતિરૂપા હતા. તેમને અનન્ત વર્ષો સુધી પ્રભુના અખણ્ડ ગુણગાન ગાયાં હતાં. તેના ફલસ્વરૂપેજ આ દાન થયું છે. અને નિઃસાધનતા તો ભાવાત્મક છે. ક્રિયા કરવા છતાં તેનો બોજ ન રાખવો, તેનાથી અલિપ્ત રહેવું, તેમાં રહેલા અહંપણાને સ્વીકારવો નહિં. (સાધનાવસ્થામાં) ક્રિયા ભાવપૂર્વક સહજતાથી થાય. પ્રભુના અર્થે તથા પ્રભુની પ્રેરણાથીજ થાય. તે પ્રકારના ભાવનેજ 'નિઃસાધનતા' કહી છે. તે જ પ્રકારે કુમારીકાઓ ઋષિકુમારો હતા અને તેમની ભગવાનમાં અપાર નિષ્ઠા હતી. આના ફલસ્વરૂપે પ્રભુએ તેમની ઈચ્છાપૂર્તિ કરી.

શિક્ષાપત્ર-૩૧ માં ગો.શ્રીહરિરાયપ્રભુ અધિકાર વિષે ચર્ચા કરતાં અધિકારીનેજ દાન, સંગ કોનો કરવો, ગુરૂ કોને કરવા, પોતે કેવું કર્તવ્ય બજાવવું, કેવી ભાવના રાખવી—તે સર્વ જણાવીને અધિકાર સુનિશ્ચિત કરે છે. શિક્ષાપત્ર ૩૨માં કહે છે કે આ માર્ગ તો કૃપાસાધ્ય છે. પણ જીવને તો આર્તિ થવી જ જોઈએ. તેનો મતલબ કે જે કંઈ સાધન થઈ રહ્યું છે તેનું બળ પ્રભુનું છે. પ્રભુની પ્રેરણાથી જ થઈ રહ્યું છે તેમ ભાવના કરવાની છે.

૮૪ વૈ.ની વાર્તામાં પરમાનન્દદાસજીએ જ્યારે ગાયું કે ''કોન યહ ખેલવેકી બાની?'' ત્યારે શ્રીવલ્લભે તેમને રોક્યા અને કહ્યું કે ''એમ નહીં. ભલી યહ ખેલવેકી બાની''. ત્યાં ભાવપ્રકાશમાં કહે છે જ્યારે સખ્યભાવ દઢ થાય ત્યારે બરાબરીથી વાર્તા થાય. તેથી વિનાઅધિકાર ભાવ ન કરવો. જો કરે તો નીચે પડે.

૨૫૨ વૈ.ની વાર્તા ૩૮ માં ડોશીમાની જમીનની માપણીવાળા પ્રસઙ્ગમાં ડોશીમાએ જમીનમાપણીવાળાને કહ્યું કે ''તેં મને જીવાડી'' ત્યારે પ્રભુ પધારી ગયા. ત્યારબાદ નિહાલચન્દ ભાઈએ કહ્યું કે ''આથીજ ભટ્ટજી!

હું તમને કહેતો હતો કે આ બાઈનું પાત્ર ઓછું છે અને વસ્તુ મોટી મળી છે, ટકે ત્યારે જાણવું''. અહીં ડોશીમાને અધિકાર વગરનું દાન થયું જેથી ફલિત ન થયું. વળી કૃષ્ણદાસ મેઘનની વાર્તામાંઆવે છે કે તેમને શ્રીવલ્લભ સાથેજ રહસ્યવાર્તા થતી તે તેઓ બીજા સામાન્ય (અધિકારી) વૈષ્ણવોને કહી દેતા છતાં તે લોકોને તે સમજાતી નહીં જેથી સમજાય છે કે અનધિકારીને દાન ફલિત ન થાય. વળી શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસને યોગ્ય સમજતા હતા માટે જ તો તેમને રહસ્યવાર્તા કહેતા હતા, સર્વ કોઇને નહીં. વળી આપશ્રી દમલાજીને જ પોતાના હૃદયનો ભાવ પૂરેપૂરો જણાવતા હતા. આપશ્રીના સેવકો તો અનેક હતા છતાં ફક્ત દમલાજીને જ શા માટે? અધિકારી જીવને જ દાન થાય. તેથી તો આપે પોતાનો અનન્યભાવ દમલાજીના હૃદયમાં સ્થાપ્યો.

દયારામભાઇએ પણ ગાયું છે કે **''જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે, સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને જરે, કનકપાત્ર પાએ સૌ ધાતુ ફોડીને નિસરે''.** અહીં પણ બહુજ સ્પષ્ટ શબ્દોમાં અધિકારીનેજ અધિકાર તે નિશ્ચિત કરી આપેલ છે. આમ સર્વત્રજ આ માર્ગમાં અધિકારનાજ ગુણગાન ગાયા છે. પણ વિષય તો છે ''સમ્પ્રદાયમાં અધિકારનો વિચાર કેમ?'' તેનો જવાબ છે: ભગવદિચ્છા.

પ્રભુને સૃષ્ટિ કરવાની ઇચ્છા થઈ. પોતાને તે સૃષ્ટિમાં રમણ કરવું હતું. પ્રભુને જીવ સાથે છુપા-છુપીની રમત ચાલુ રાખવી હતી. માટે 'બીજભાવ' અને 'અધિકાર' ને પ્રગટ કર્યાં. જીવનો પ્રયત્ન તોજ ફલીત થાય જ્યારે તે તેમાંથી પોતાના અધિકારને છોડી દે. અન્તમાં સરળતાથી કહેવું હોય તો તેમ કહી શકાય કે જગતમાં દરેક જગાએ અધિકાર - લાયકાતની મુખ્યતા સ્વીકારેલી જ છે. જેને મેરીટ્સરીકે ઓળખવામાં આવે છે અથવા તો કાર્યકુશળતાથી ઓળખાય છે. આપણે ત્યાં તેમાં એક વિશિષ્ટતા છે. તેમાં બે પ્રકારની લાયકાત સ્વીકારેલ છે. પહેલી છે તે પ્રવેશઅધિકાર જેને આપણે બીજભાવ કહીએ છીએ, જે પ્રભુકૃત છે. અપને બીજી



છે કાર્યકુશળતાથી પ્રાપ્ત થતો અધિકાર, જેનો પ્રયત્ન જીવે કરવાનો છે. તેમાં, પરન્તુ, ભાવ અને બુદ્ધિ તેવી રાખવાની છે કે તે કાર્યકુશળતાની પાછળ બળ તો પ્રભુનુંજ છે. પોતે તો માત્ર ટૂલ્ (ઓજાર) જ છે. આમ જીવ ઉદ્યમહીન ન બની જાય માટે પણ અધિકાર પ્રાપ્ત કરવાનો યત્ન આપણે ત્યાં વિચારેલો છે. આમ આપણા સમ્પ્રદાયમાં એક વિશિષ્ટ પ્રકારથી અધિકારનો વિચાર કરેલ છે.

## ચર્ચા

## સમ્પ્રદાયમાં અધિકારનો વિચાર શા માટે?

દેવેન્દ્ર શાહ

**ગો. યોગેશ :** "યદા બહિર્મુખા યૂયં ... સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઇતિ મતિર્મમ" આ શિક્ષાશ્લોકીનો શ્લોક ટાંકીને આપ લખો છો કે "અહીં અધિકાર કયા સંજોગોમાં છિનવીઈ જશે તે પણ જણાવેલ છે". 'અધિકાર'નો અર્થ હું એમ સમજું છું કે ભગવાન્ જીવનું જ્યારે વરણ કરે છે ત્યારે તેનો અધિકાર નિશ્ચિત થઈ જાય છે. હવે કોઈ જીવ કાલપ્રવાહમાં તણાઈ જતો હોય તો તેને ફલમાં વિલમ્બ થઈ શકે છે પરન્તુ અધિકાર છીનવાઈ જશે એ અર્થ મને યોગ્ય નથી લાગતો.

**દેવેન્દ્ર શાહ :** આપની વાત યોગ્ય છે. વિલમ્બના અર્થમાંજ અહીં સમજવાનું છે. અધિકાર કદિ છીનવાતો નથી.

**રસિક શાહ :** આમાં એવું પણ કહી શકાય કે વરણનો અધિકાર છે એ એક અધિકાર છે. પણ બીજા બધા અધિકારો પણ પછીથી આવી રહ્યા છે. તો પાછળથી મળનારા અધિકારોમાંથી કોઈક અધિકાર છીનવાઈ જાય એવું પણ આપણે લઈ શકીએ ને!

**ગો. યોગેશ :** હા. એટલે વિલમ્બના અર્થમાંજ લેવું પડશે.

**રસિક શાહ :** છીનવાઈ બી જાય અધિકાર.

**ગો. યોગેશ :** સેવા નથી કરી શકતો તો એ સેવાથી ચ્યુત થઈ ગયો. સેવામાં એનો અધિકાર ન રહ્યો એટલે વિલમ્બ થશે. એ



અર્થમાંજ લેવું પડશે.

**ગો. યોગેશ :** આને સમજવામાટે આપણે વર્ણાશ્રમધર્મનું દૃષ્ટાન્ત લઈએ તો જેમ કોઈ વ્યક્તિથી એવું આચરણ થઈ જાય કે જેના ફલસ્વરૂપ એને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. હવે જ્યાં સુધી એ પોતાને પ્રાયશ્ચિત્તકર્મથી શુદ્ધ નહીં કરી લે ત્યાં સુધી એ ભાવિ પ્રાપ્ત થનારા કર્મોને કરવાનો અધિકારી નહીં બને. એ અર્થમાં "અધિકાર છીનવાઈ જાય છે." એ *સ્ટેટમેન્ટ્* ને સમજી શકાય. શ્રીયોગેશબાવા અને તમારું બન્નેનું તાત્પર્ય લગભગ એજ અર્થમાં છે.

**રાજન કડીયા :** **"અનુગ્રહ પ્રભુની ઇચ્છાને આધીન છે". પ્રભુની ઇચ્છાથી અનુગ્રહ થાય છે એમ નહીં. અનુગ્રહ તો પ્રભુનો ધર્મ છે. એમાં ઇચ્છા નિયામક નથી બનતી.**

**દેવેન્દ્ર શાહ :** પ્રભુએ પણ નિયન્ત્રણ રાખ્યું છે. સામાન્ય અનુગ્રહ કરવો અને વિશેષ અનુગ્રહ કરવો. સામાન્ય અનુગ્રહ આપણે વ્યાપક અર્થમાં લઈએ અને વિશેષ અનુગ્રહ આપણે પુષ્ટિજીવોના સન્દર્ભમાં લઈએ. તો એક સર્વસામાન્ય ઇચ્છા અને બીજી વિશેષ ઇચ્છા એ અર્થમાં મેં અહીં કહ્યું છે.

**રાજન કડીયા :** અનુગ્રહ એટલે અનુગ્રહ. એમાં કોઈ કેટેગરી હોઈ શકે નહીં.

**દેવેન્દ્ર શાહ :** જગતના સર્વ જીવો પ્રતિ પ્રભુ અનુગ્રહીતજ છે. તેમ છતાં વિશિષ્ટ અનુગ્રહ હોય છે, પોતાના જેને માન્યા છે કે જેને પુષ્ટિજીવ કહ્યા છે. એ ભાવ લીધો છે.

**ધર્મેન્દ્ર ઝાલા :** **"વરણાચ્ચ નિજેચ્છાતઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે".**

**ગો. શ ર દ :** આની ચર્ચા થોડા વખત પહેલાં પણ થઈ હતી કે જ્યારે અસિતભાઈએ પત્રની રજુઆત કરી હતી. ઇચ્છા અને અનુગ્રહ. ઇચ્છાનું *સર્કલ્ વાઈડર્* છે. અનુગ્રહ એ પ્રભુનો ધર્મ છે. જ્યારે પ્રભુને ઇચ્છા થાય, અનુગ્રહ કરવાની, ત્યારે પ્રભુ અનુગ્રહને પ્રકટ કરતા હોય છે. જેટલી માત્રામાં પ્રકટ કરવાની

ઇચ્છા થાય તેટલી માત્રામાં પ્રકટ કરે છે. તેથી અનુગ્રહના સૂક્ષ્મ પ્રભેદ આપણે ત્યાં સ્વીકૃત છે જ. જો આપને હું સંક્ષેપમાં કહું તો અનુગ્રહના મુખ્ય બે ભેદ છે : ૧. સામર્થ્યાનુપાતિ અને ૨. સ્વભાવાનુપાતિ. સામર્થ્યાનુપાતિ અનુગ્રહ એટલે પ્રભુના સામર્થ્યનું પ્રાકટ્ય. અર્થાત્ જ્યાં - જ્યાં અને જેટલા પ્રમાણમાં પ્રભુ પોતાના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય આદિ ધર્મોનું પ્રાકટ્ય કરે છે તે પ્રભુનો સામર્થ્યાનુપાતિ અનુગ્રહ છે. આના ત્રણ પ્રભેદ છે : ૧. સુસાધનજીવવિષયક ૨. નિ:સાધન-જીવવિષયક અને ૩. દુષ્ટસાધનજીવવિષયક. સુસાધનજીવવિષયક અનુગ્રહ બે પ્રકારનો હોય છે. એક તો પ્રસાદ અને બીજો તોષ. પ્રસાદલક્ષણ અનુગ્રહ એટલે કોઈ વ્યક્તિ સાધન કરે છે તેને સામાન્ય સ્થિતિમાં સાધનાનુસાર જેટલું વળતર મળવું જોઈએ તેનાથી વિશેષ અનુગ્રહ જ્યારે કરે છે તો તે પ્રભુનો પ્રસાદ છે, પ્રસન્નતા છે. આથી આ સાધનાધિકફલપ્રદાન છે. અને તોષ એટલે સાધનાનુકૂલ અનુગ્રહ. જેટલું કરો એટલું મેળવો. નિ:સાધનજીવ ઉપર ભગવાન્ દયારૂપી અનુગ્રહ કરે છે અને દુષ્ટસાધનજીવ ઉપર ભગવાન્ ક્ષમારૂપી અનુગ્રહ કરતાં હોય છે. તો પ્રસાદ, તોષ, દયા, ક્ષમા વગેરે અનુગ્રહનીજ ભિન્ન - ભિન્ન છાયાઓ છે. આમાં ભગવાન પોતાના કાલકર્મસ્વભાવ જન્ય દોષોની ઉપેક્ષા કરે છે અથવા તો તેનું નિવારણ કરીદે છે. સ્વભાવાનુપાતિ ભગવદનુગ્રહ પુષ્ટિજીવ ઉપર ભગવાન્ કરે છે. ભાષ્યનો સન્દર્ભ આપીને ગોપાલભાઈએ પણ આ વાતને પુષ્ટ કરી હતી કે તે અત્યનુગ્રહસાધ્ય છે. આને અસાધારણ અનુગ્રહ કે મહાપુષ્ટિ પણ કહેવાય છે. લાલૂભટ્ટજીએ પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિ વચ્ચે પાર્થક્ય બતાવતા આ વાતની સ્પષ્ટતા કરી છે. એટલે જ્યારે પુષ્ટિજીવ ઉપર ભગવાન્ અનુગ્રહ કરે છે ત્યારે પોતાના આનન્દધર્મને ત્યાં એવી રીતે પ્રકટ કરે છે કે તેના ફલસ્વરૂપે અનુગ્રહભાજન જીવમાં પ્રભુ



પ્રત્યે સ્વરૂપાસક્તિ પ્રકટ થઈ જાય છે. તો અનુગ્રહના આવા સૂક્ષ્મ પ્રભેદો ભગવચ્ચરિત્રમાં ઉપલબ્ધ છે.

**રાજન કડીયા :** આપ જેને અનુગ્રહના ભેદ કહો છો તેને હું જરા જુદી રીતે એટલા માટે કહું છું કે અનુગ્રહ તો એકજ પ્રકારનો છે એમાં કોઈ ભેદ નથી. પણ એમાં આપણે જે ભેદ ગણાવીએ છીએ એ જીવની પાત્રતા પ્રમાણે થાય છે. જેમ કે વર્ષાજલ જે સ્થાનમાં પડે તેવું તે થઈ જાય. એટલે અનુગ્રહમાં ભેદ નથી.

**ગો. શ ર દ્ :** આ મુદ્દો વિચારણીય બની શકે છે જો આપ લોકોને વિચાર કરવો હોય તો. આમાં પક્ષ આમ ઊભા કરી શકાય કે મૂલ અધિકારના પ્રદાનમાંજ ભેદ છે કે અનુગ્રહ તો સમાનજ છે પરન્તુ અધિકાર અનુસાર તેમાં ભેદ પ્રકટ થાય છે.

**હંસરાજ વેદ :** સ્વભાવાનુપાતિ અને સામર્થ્યાનુપાતિ એ કંઈ જીવને લીધે નથી. આ ભેદ તો સ્પષ્ટતયા અનુગ્રહનાજ છે. કોનો સ્વભાવ ?

**રાજન કડીયા :** ભગવાનનો.

**હંસરાજ વેદ :** કોનું સામર્થ્ય ?

**રાજન કડીયા :** જીવનું પણ હોઈ શકે છે.

**હંસરાજ વેદ :** નહીં. સામર્થ્યાનુપાતિઅનુગ્રહ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી વગેરે પ્રકટ કરનારું. ત્યારે તો એ ભગવદનુગ્રહનોજ પ્રકાર થયો ને! એટલે અનુગ્રહમાંજ ભેદ છે.

**ગો. શ ર દ્ :** રાજનભાઈ! વીણાબહેનના પેપરમાં એક ચર્ચા થઈ હતી. ત્યાં એમણે ગીતાનો એક શ્લોક *ક્વોટ્* કર્યો હતો **"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન"**. ત્યાં આપેજ એ વાતની સ્પષ્ટતા કરી હતી કે કર્મમાં જીવનો અધિકાર છે પરન્તુ ફલની પ્રાપ્તિમાં જીવનો અધિકાર નથી. "પ્રાપ્તિમાં અધિકાર નથી" એટલે કે જીવ ફલને પોતાના પ્રયત્નથી

પ્રકટ નથી કરી શકતો. એટલે જીવની કથા તો ત્યાં પૂરી થઈ ગઈ. તેજ પ્રમાણે જીવ પોતાના પ્રયત્નથી કોઈ અધિકાર સિદ્ધ નથી કરી શકતો. ભગવાન્ પોતાની નિરકુંશ ઇચ્છાથી જીવને અનુગ્રહીત કરે છે જેના ફલસ્વરૂપ તેને અધિકારની પ્રાપ્તિ થાય છે. એટલે અનુગ્રહ એ ભગવાનથી જીવ તરફ જતી એક ધારા છે. જીવથી ભગવાન તરફ જતી ધારા નથી. એટલે અનુગ્રહને કારણેજ ભિન્ન-ભિન્ન પ્રકારની પાત્રતા જીવોની સિદ્ધ થતી હોય ત્યારે આપણે એમ કેમ કહી શકીએ કે પાત્રતા પ્રમાણે અનુગ્રહમાં ભેદ થાય છે? આમ પણ નિયમ છે કે કાર્યના ગુણો કારણમાં નથી જઈ શકતા.

ગો. યોગેશ: થોડું ઉમેરવા માગું છું કે 'અનુગ્રહ' અને 'વરણ' શબ્દો વચ્ચે બહુ થોડો ભેદ છે. સમાનાર્થી જેવા છે. 'વરણ' એટલે જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાન્ જીવનું વરણ કરે છે. તો એમાં જીવ શું કરશે? ભગવાનજ વરણ કરે છે ને! તમે જે કહી રહ્યા છો કે જીવ ગ્રહણ કરે. અહીં જીવના ગ્રહણ કરવાનો પ્રશ્નજ નથી. સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારેજ વરણ થઈ જાય છે. અને એ વરણજ અનુગ્રહ છે એમ માનીને ચાલવાનું છે. તો પછી જીવ તરફથી કંઈ વાત આવતીજ નથી. એટલે વરણજ જુદાં-જુદાં થાય છે. દૈવીવરણ આસુરીવરણ. દૈવીવરણમાં પણ પાછા પુષ્ટિ અને મર્યાદા. આજ અનુગ્રહ છે.

રાજન કડીયા: પહેલે દિવસ જે ચર્ચા થઈ હતી ત્યારે મેં વાત કરી હતી કે વરસાદ તો એક સમાન થાય છે. પ્રભુકૃપાની વર્ષા છે તેમાં કોઈ અન્તર નથી. પણે જ્યાં તે વરસે છે ત્યાં ભેદ થઈ જાય છે. આ સન્દર્ભમાં શું અહીં અધિકારભેદની વાત છે? અથવા વરસાદમાંજ ભેદ છે?

ગો. યોગેશ: જ્યારે આપણે જીવના ભેદ કરી રહ્યા છીએ દૈવી અને આસુરી. તો એ તો નક્કી થઈ ગયું. હવે તમે એમ કદાચ



કહી શકો કે પુષ્ટિજીવો અનેક છે તો તેમાં કોઈ જીવની પાત્રતા પુષ્ટિપુષ્ટિની હોય તો તેના ભાગમાં અનુગ્રહ તેની યોગ્યતા અનુસાર મળે. પણ *બેઝિકલિ* જીવ તરફથી કંઈ નથી થતું.

રસિક શાહ: જ્યારે સૃષ્ટિની અન્દર ન્યાય-અન્યાયની વાત કરીએ છીએ ત્યારે ભગવાને કોઈ જીવને સારો બનાવ્યો કોઈ જીવને ખરાબ બનાવ્યો છે. એટલે ભગવાન ઉપર વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષ આવે છે. આ દોષનું નિવારણ આપણે કરીએ છીએ કે કારણ કે બધું બ્રહ્મજ છે તેથી વૈષમ્ય-નૈર્ઘૃણ્ય નથી. બ્રહ્મ સર્વત્ર સમાન છે. હવે જ્યારે વૈષમ્ય-નૈર્ઘૃણ્ય નિકળી જાય છે ત્યારે અનુગ્રહ પણ સાથે-સાથે નિકળીજ જાય છે.

રાજન કડીયા: દેવેન્દ્રભાઈના પત્રમાં એક વિરોધાભાસ જણાય છે તેની બાબતમાં મને એક પ્રશ્ન છે. છેલ્લા પાને તેઓ લખે છે કે "બે પ્રકારની લાયકાત સ્વીકારેલ છે. પહેલી છે તે પ્રવેશ અધિકાર જેને આપણે બીજભાવ કહીએ છીએ જે પ્રભુકૃત છે. અને બીજી જે છે તે કાર્યકુશળતાથી પ્રાપ્ત થતો અધિકાર છે જેનો પ્રયત્ન જીવે કરવાનો છે" અહીં પ્રભુકૃત અને જીવકૃત એવાં જે બે વર્ગીકરણ કર્યાં એ બે થોડા ભિન્ન લાગે છે.

ગો. શ ર દ: મને લાગે છે કે આ થોડી જુદી વાત વચ્ચે આવી ગઈ છે. આપણો મૂળ પ્રશ્ન હજી અદ્ધર લટકે છે. અર્થાત્ કૃપા એ એકસમાન્ છે કે કૃપા મૂળથીજ ભિન્ન-ભિન્ન હોય છે એ પ્રશ્ન. અને રસિકભાઈએ એના ઉપર જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એ પણ હજી અનુત્તરિતજ છે. રસિકભાઈનો પ્રશ્ન એ હતો કે સૃષ્ટિમાં કોઈક દુ:ખી છે અને કોઈક સુખી છે તેથી ભગવાનમાં વૈષમ્ય-નૈર્ઘૃણ્યદોષની કલ્પના થાય છે. ભગવાન્ સમાનભાવ નથી રાખતા. અને એના ઉત્તરમાં એવું સમાધાન આપવામાં આવે છે કે બ્રહ્મજ સર્વ છે.

બ્રહ્મથી અતિરિક્ત અન્ય કંઈ છેજ નહીં તેથી યદિ વિશમતા છે તો તે પણ બ્રહ્મદ્વારા બ્રહ્મમાં વિશમતા છે. અને સમાનતા છે તો તે પણ તે રીતેજ છે. તેથી બ્રહ્મવાદના સિદ્ધાન્તના આધારે બ્રહ્મમાં વૈષમ્ય - નૈર્ઘૃણ્યદોષનો પરિહાર થઈ ગયો. હવે યદિ ભગવાન્ કોઈ જીવપ્રતિ પક્ષપાતી નથી તો પછી પુષ્ટિજીવ ઉપર અત્યનુગ્રહ અને દુષ્ટસાધનજીવ ઉપર ક્ષમા કે નિ:સાધનજીવો ઉપર દયા આ બધાની પ્રાસઙ્ગિકતા ક્યાં રહે છે? આ રસિકભાઈનો આક્ષેપ છે. આ બબતમાં કોઈ કંઈ કહેવા માગતું હોય તો કહે.

**ગોપાલદાસ :** અધિકાર - અનધિકારની કે યોગ્યતા - અયોગ્યતાની ચર્ચાજ શા માટે કરવી જોઈએ જ્યારે અનુગ્રહથીજ બધું થાય છે એના જેવી કોઈ વાત રસિકભાઈ કરતા હોય એવું મને લાગ્યું. પણ એવું છે કે અનુગ્રહને અનુગ્રહ કહીએ. સામર્થ્યાનુપાતિને સામર્થ્યાનુપાતિ કહીએ. અને એ વખતે જ્યારે કોઈને વૈષમ્ય - નૈર્ઘૃણ્ય દોષની શઙ્કા ઉપસ્થિત થાય તેથી એ પાછી દૂર કરી. હવે લીલામાં એવું દેખાય છે કે કોઈને આસુરી બનાવ્યો તો કોઈને દૈવી બનાવ્યો. તો જે દેખાય છે તેનું આપણે વિવરણ કરીએ છીએ. વિવરણ પણ ન કરવું અને મોઢે ટેપ લગાવી દેવી એવું કહેતા હો તો એવું કરીએ.

**રસિક શાહ :** તો હું એવું કહું છું કે જો અનુગ્રહને સ્વીકારો છો તો વૈષમ્ય - નૈર્ઘૃણ્ય દોષને પણ સ્વીકારવો પડશે.

**વીણા શેઠ :** ગીતામાં કહ્યું છે કે દરેક જીવને તેના કર્મ પ્રમાણે ફળ મળે છે.

**રાજન કડીયા :** તો પછી અનુગ્રહ ક્યાં રહ્યો?

**ગજાનન્ શર્મા :** एक नाटक है उसमें *डायरेक्टर्* अलग - अलग लोगोंको अलग - अलग पात्र देता है. उसमें कोई राजा बनता है कोए सिपाही कोई चोर भी बनता है. इसी प्रकार ''आत्मकृतेः परिणामत्''वाली बात है. एक ही अनेक



रूपोंको धारण कर रहा है. इसलिये न यहां कोई वैषम्य या नृशंसता या निर्दयता है न पक्षपात है. इसको हम जब तक लीलाके रूपमें नहीं लेंगे तब तक ये भेद लगेंगे. ओर यदि लीलाको मानकर चलेंगे कि प्रभु ही सर्वरूप है तो ये प्रश्न ही नहीं उठता है.

**ગો. શ ર દ્ :** इस बातको तो रसिकभाई भी समझते हैं. परन्तु उनका कहना ये है कि इसमें उभयतः पाश है. यदि वैषम्य - नैर्घृण्य नहीं है तो अनुग्रह ओर उसके प्रभेद भी नहीं रहेंगे ओर यदि उनको मानते हो तो प्रभुमें वैषम्य - नैर्घृण्यको भी स्वीकारना पड़ेगा. बात यहां तक आगे बढ़ गई है. इससे आगे यदि आप बातको आगे बढ़ायें तो चर्चा ठीक दिशामें चलेगी अन्यथा वहीं की वहीं घूमती रहेगी.

**ગોપાલદાસ :** रसिकभाईको ये ही कहेनो हे के तो फिर वैषम्यनैर्घृण्यकु *एक्सेप्ट्* कर लो जो अनुग्रहकी बात करनी हे तो.

**ગો. યોગેશ :** नहीं. पर वो बात तो अपन मानके चले हें न कि विविधताके बिना लीला हो नहीं सके हे. रमणकेलिये ही तो विविधता आई हे. फिर वोही को वोही प्रश्न वहां भी खड़ो हो जायगो. ये चक्कर चलतो ही रहेगो.

**રસિક શાહ :** हां. तो दो *लेवल्* कर देने पडेंगे न! एक *लेवल्* पे अनुग्रह ओर वैषम्य - नैर्घृण्य दोनोंको *एक्सेप्ट्* करो ओर दूसरे पे दोनोंको मत मानो. एक ही लेवल्पे आप अनुग्रहकु रख रहे हो ओर वैषम्य - नैघृण्यकु निकाल रहे हो एसे तो नहीं हो सके न!

**ધર્મેન્દ્ર ઝાલા :** शर्माजीने ''आत्मकृतेः परिणामात्''की बात जो की वासु वैषम्य - नैर्घृण्यको परिहार हो जायगो. क्योंकि में यदि खुद *एक्सरसाईज्* करके शरीरकु कष्ट दउं तो वामें वैषम्यको जेसे कोई प्रश्न खड़ो नहीं होवे हे एसे ही प्रभुकी आत्मसृष्टि होयवेसु वहां भी ये आपत्ति नहीं आवे हे.

ગો. શ ર દ્:રસિકભાઈ! હવે આ પ્રકરણનો ઉપસંહાર કરી દઈએ. આ પ્રશ્ન પ્રત્યક્ષસિદ્ધ સૃષ્ટિની વિષમતાથી ઉત્પન્ન થયેલો છે. અર્થાત્ જગત્માં સુખી-દુ:ખી, પાપી-પુણ્યાત્મા, જ્ઞાની-અજ્ઞાની આવી વિષમતા દેખાયજ છે. હવે આને જોઈને કોઈ બ્રહ્મને સવાલ કરે કે તમે જગત્ બનાવ્યું છે તો આવી વિષમતા કેમ જગત્માં કરી? તો બ્રહ્મ શું જવાબ આપશે? બ્રહ્મ કહેશે કે તમારી ભેદદૃષ્ટિ છે એટલે તમારા મનમાં આવો આક્ષેપ આવી રહ્યો છે. એટલે જેમ ઝાલાએ કહ્યું તેમ બ્રહ્મથી અતિરિક્ત કંઈ હોયજ નહીં, બ્રહ્મજ બનાવનાર હોય અને પાછું બનનાર પણ બ્રહ્મ પોતેજ હોય તો પછી વિષયમતા કોના રેફરન્સ્ માં આવી? બ્રહ્મની દૃષ્ટિથી તો બધું પોતેજ છે. આ દૃષ્ટિથી જો અનુગ્રહનો વિચાર કરવામાં આવે તો તમારી વાત એકદમ સાચી છે કે આ ધરાતલ ઉપર અનુગ્રહ અને તેના દયા, તોષ, ક્ષમા, પ્રસાદ વગેરે પ્રભેદો પણ અપ્રાસઙ્ગિકજ છે. કારણ કે તત્વદૃષ્ટિના ધરાતલ ઉપરથી અથવા બ્રહ્મના *પોઈન્ટ્ ઑફ્ વ્યુ* થી આનો વિચાર કરવામાં આવે તો ખરેખર પ્રસાદ કે ક્ષમા જેવું કશુંજ નથી. બ્રહ્મથી અતિરિક્ત કોઈ હોય તો તેના ઉપર પ્રસાદ કે ક્ષમા થઈ શકેને! એટલેજ મેં વીણા બેનના *પેપર્* વખતે ગીતાના શ્લોકથી કહ્યું હતું કે **"સમોऽहं સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોऽસ્તિ ન પ્રિયઃ"**. તત્વદૃષ્ટિથી કોઈ દ્વેષ્ય નથી કે કોઈ પ્રિય નથી. બ્રહ્મ ભલે કોઈ પ્રત્યે દ્વેષ કે પ્રેમ ન રાખતો હોય છતાં ય સૃષ્ટિમાં જે દુ:ખી છે તે દુ:ખીજ છે, જે સુખી છે તે સુખી છે જ, દ્વેષ્ય ન હોવાથી પાપ કરનાર સ્વર્ગમાં જતો હોય એવું નથી થતું. જે નર્કમાં જવાયોગ્ય છે તે તો નર્કમાં જાયજ છે. સૃષ્ટિમાં તો વિષમતા, નૈર્ઘૃણ્ય કે પક્ષપાત રહેવાનોજ છે પછી બ્રહ્મમાં ભલેને તે દોષરૂપ ન બનતાં હોય. તેજ પ્રમાણે અનુગ્રહનું છે. તત્વદૃષ્ટિથી ભલેને



બ્રહ્મના માટે પોતાના સિવાય અન્ય કોઈ પણ અનુગ્રહ કરવાયોગ્ય ન હોય. તેમ છતાં લીલાસૃષ્ટિમાં તો જેના માટે તેની ઉન્નિનીષા છે તેને ભગવાન્ સત્કર્મમાં પ્રવૃત્ત કરાવે જ, તેને ઉચ્ચાધિકાર આપેજ છે. તેજ પ્રમાણે જેના માટે ભગવાનની અધોનિનીષા છે તેનેદ્વારા તે અસાધુકર્મ પણ કરાવેજ છે. તેથી લીલાસૃષ્ટિની વિવિધતાને કારણે તત્વઉપર કોઈ આક્ષેપ નહીં કરી શકાય અને તત્વના અદ્વૈતના આધારે લીલાની વિવિધતા ઉપર કોઈ પ્રશ્ન નહીં કરી શકાય.

## માર્ગપ્રવેશમાં અધિકારવિચાર

શ્રીકૃષ્ણદાસ દેસાઈ

ભગવાને પોતાની આ લીલાસૃષ્ટિમાં જીવોને ભિન્ન - ભિન્ન સ્વભાવોવાળા બનાવ્યા છે. પ્રત્યેક જીવને પ્રભુએ ચોક્કસ હેતુસર ઉત્પન્ન કર્યો છે. જેમ નાટકના રંગમંચપર ઊભેલો એક પણ કલાકાર કારણ વિના ત્યાં ઊભો નથી રહેતો. દરેકનું કાર્ય અગાઉથી નક્કી કરેલુંજ હોય છે. તેમ ભગવાને પોતાની આ લીલાસૃષ્ટિરૂપી રંગમંચ પર રહેલા પ્રત્યેક જીવનું કાર્ય અગાઉથી નક્કી કરેલુંજ હોય છે. તેથીજ 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: **"ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ:"**. એટલે કે પુષ્ટિજીવોની ઉત્પત્તિ પ્રભુસ્વરૂપની સેવામાટેજ થયેલી છે. પુષ્ટિજીવોની ઉત્પત્તિનો આટલો ઉતમ હેતુ હોવા છતાં પ્રભુથી છૂટા પડી જવાને કારણે તથા અજ્ઞાન કરાવનારી ભગવાનની અવિદ્યા-માયાશક્તિના સમ્પર્કને કારણે પુષ્ટિજીવો પોતાના તથા પ્રભુના સ્વરૂપનું, પ્રભુ સાથે જીવાત્માના સમ્બન્ધનું તેમજ પ્રભુ પ્રત્યે પોતાના કર્તવ્યનું જ્ઞાન વિસરી જઈ ઘરસંસાર જેવી લૌકિક જંજાળમાં ઊંડે સુધી ખૂંચી ગયા હતા. પોતાના અત્યન્ત પ્રિય પુષ્ટિજીવોની આવી દયામણી સ્થિતિને જોઈ પુષ્ટિજીવોને તેમના મૂળ કર્તવ્ય-પ્રભુસેવા તરફ વાળવામાટે પ્રભુએ શ્રીમહાપ્રભુજીને પુષ્ટિભક્તિસમ્પ્રદાય પ્રકટ કરવાની આજ્ઞા કરી. તેથીજ ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞાથી શ્રીકૃષ્ણની સેવા અને સમર્પણનો જે માર્ગ શ્રીમહાપ્રભુજીએ સ્થાપ્યો છે તેને 'પુષ્ટિભક્તિમાર્ગ'નામે ઓળખવામાં આવે છે. મહાપ્રભુજીના મત મુજબ મહાત્મયજ્ઞાનપૂર્વક પ્રભુમાં સર્વથી અધિક અને અનન્ય સુદૃઢ સ્નેહને 'પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે.

ગુરુનો ઉત્તરાધિકાર કુલપરમ્પરા અને ઉપદેશપરમ્પરા આમ બે રીતે



પ્રાપ્ત થતો હોય છે. તેથી પુષ્ટિભક્તિમાર્ગમાં બે પ્રકારની સૃષ્ટિ મનાઈ છે: ૧. બિન્દુસૃષ્ટિ અને ૨. નાદસૃષ્ટિ. આ બન્ને વચ્ચે માત્ર દરજ્જાનો ફેર છે. બિન્દુસૃષ્ટિ આચાર્યપદઊપર છે અને નાદસૃષ્ટિ શિષ્યપદમાં છે. બન્ને માટે 'માર્ગપ્રવેશાધિકાર' સમાન છે. મહાપ્રભુજીએ કોઈને છૂટ - છાટ આપી નથી. નાદસૃષ્ટિને ભક્તિ આપેલી છે જ્યારે બિન્દુસૃષ્ટિને શેષ - અશેષમાહાત્મય આપેલું છે. તેથી પુષ્ટિભક્તિમાર્ગમાં બિન્દુસૃષ્ટિને વિશેષ જવાબદારી છે. બાકી તો બન્નેએ 'કૃષ્ણભક્તિ'જ કરવાની છે. બન્નેએ પુષ્ટિભક્તિના સિદ્ધાન્તનું ચુસ્તપણે પાલન કરવાનું છે. તેમાં કોઈ છૂટ - છાટ લેવાનો અધિકાર મહાપ્રભુજીએ કોઈને આપેલ નથી.

**નાદસૃષ્ટિનો માર્ગ પ્રવેશ અધિકાર:**

શિષ્ય - વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. ૮૪ - ૨૫૨ વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. મહાપ્રભુજીના પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશમાટેની પ્રથમ શરત જીવ પુષ્ટિજીવ હોવો જોઈએ તે છે. ઘરમાં કોઈ એક વ્યક્તિ પુષ્ટિજીવ હોય તેથી પરિવારના તમામ સભ્યોને આપો - આપ પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ મળી જતો નથી. કારણ કે વૈષ્ણવપરિવારના બધા સદસ્યો પુષ્ટિજીવ હોયજ એવું આવશ્યક નથી હોતું. ૮૪ - ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં આપણે વાંચીએ છીએ કે ઘણા વૈષ્ણવોના પરિવારના અમુક સભ્યો આસુરી કે મર્યાદામાર્ગીય હતા. અને મહાપ્રભુજી એ ઘણા વૈષ્ણવને કહેલ કે "તારા માતા - પિતા કે પુત્રકે પત્ની પુષ્ટિજીવ નથી તેથી તેને બ્રહ્મસમ્બન્ધ આપી શકાય નહીં". દા.ત. કુભનદાસને સાત દીકરા હતા. તેમને કોઈ પૂછ્યું કે "તમારે કેટલા દિકરાં છે?" તો તે કહેતા કે "મારે દોઢ દિકરા છે". આનો અર્થ એમ કે પુષ્ટિજીવના બધા સંતાનો પુષ્ટિજીવજ ઉત્પન્ન થાય તેવું નથી. દામોદરદાસ સંભલવારાનો પુત્ર આસુરી જીવ હતો. આમ પુષ્ટિજીવને ત્યાં પુષ્ટિજીવ જ ઉત્પન્ન થાય તેવું નથી. તેવીજ રીતે આનાથી ઉલટું, આસુરીજીવને ત્યાં દૈવીજીવ પણ ઉત્પન્ન થાઈ શકે છે. દા.ત. હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્લાદજીનો જન્મ થયોજ હતો. આમ પુષ્ટિજીવ ગમે તે નાત - જાત કે ગમે તે જીવયોનિમાં હોઈ શકે છે. આમાટે ૮૪ - ૨૫૨ વૈષ્ણવની વાર્તા પ્રમાણ છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ કોઈ ચોક્કસ નાત-જાત કે જીવસૃષ્ટિ પર નથી કે વંશ-વારસાગત નથી. બસ, જીવ પુષ્ટિ હોવો જોઈએ. મહાપ્રભુજીવિરચિત 'સિદ્ધાન્તરહસ્ય'ગ્રન્થની વ્યાખ્યામાં પુરુષોત્તમજી આ વિષયને સમજાવતાં લખે છે :

"જેઓ પૂર્વે (પ્રભુના ધામમાં) ભગવદ્દભક્તો હતા પરંતુ હાલમાં પૃથ્વીપર કોઈ કારણસર અવતર્યા છે તેવા પુષ્ટિજીવોમાટેજ આ પુષ્ટિભક્તિમાર્ગ છે. તેઓજ પુષ્ટિભક્તિ માર્ગમાં પ્રવેશવાનો અધિકાર ધરાવે છે. આથી બ્રહ્મસમ્બન્ધદ્વારા દોષોની નિવૃતિ પણ જો તે જીવોનો બ્રહ્મસમ્બન્ધ કરાવવામાં આવેતો જ થાય છે. આથી પ્રભુસેવાવડે પ્રાપ્ત થતા ફળની પ્રાપ્તિમાં પણ અધિકાર આવા જીવોનોજ છે. આથી બ્રહ્મ સાથે સમ્બન્ધ તેવા જીવોનો જ કરાવવો જોઈએ".

સિદ્ધાન્ત સ્પષ્ટ હોવા છતાં આજે ગમે તેવા લોકોનો, એકસાથે, કોઈ પણ જાતની યોગ્યતાની ચકાસણી કર્યા વિના, ઠાકોરજી સન્મુખ ઉભા રાખીને બ્રહ્મસમ્બન્ધ આપવામાં છે. આવા લોકોને પોતાને શામાટે ઠાકોરજી સન્મુખ ઉભા રાખ્યા છે અને શું બોલાવવામાં આવે છે અને હવે પછી તેઓએ શું કરવાનું છે તેની પણ ખબર હોતી નથી. તો આવા લોકોનો બ્રહ્મસમ્બન્ધ પુરુષોત્તમજીના મત મુજબ થાય ખરો? આવા જીવો પુષ્ટિમાર્ગમાં પ્રવેશના અધિકારી છે ખરા?

હવે પ્રશ્ન એ થાય છે કે આવેલ વ્યક્તિ પુષ્ટિજીવ છે કે નહિં તે કેમ પારખી શકાય? પુષ્ટિમાર્ગીય ફળ આપવાની ઈચ્છાથી જે જીવોપર પ્રભુ કૃપા કરે તે કૃપાપાત્ર જીવોજ પુષ્ટિજીવ કહેવાય છે. કોઈ જીવપર પ્રભુની કૃપા છે કે નહિં એ તે જીવને જોવા માત્રથી જાણી શકાતું નથી. કારણ કે પ્રભુના કૃપા તો જોઈ ન શકાય તેવી હોય છે. પરંતુ જો કોઈ વ્યક્તિને પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રમાણે પોતાનું સર્વ પ્રભુને સમર્પણ કરીને પ્રભુસેવા-સ્મરણમય જીવન જીવવાની રુચિ થાય તો સમજવું જોઈએ કે પ્રભુની કૃપા તે જીવપર છે. કારણ કે પ્રભુકૃપા વિના આ પ્રકારની



રુચિ પુષ્ટિમાર્ગમાં ઉત્પન્ન થઈજ ન શકે. આમ, માર્ગપ્રવેશઅધિકારની બીજી શરત વ્યક્તિમાં પુષ્ટિમાર્ગીય જીવનને જીવવાની રુચિનું હોવું તે છે. તેથી, માર્ગરુચિ વિનાના એવા દર્શનાદિ માટે મંદિરો-હેવેલીઓમાં ભટકનારા કે દિવસમાં એકાદ વખત દર્શન કરીને કે ત્યાં દર્શનની વ્યવસ્થામાં મદદ કરીને કર્તવ્ય પાલનનો સન્તોષ માની લેનારા લોકો પુષ્ટિમાર્ગમાં પ્રવેશનો અધિકાર ધરાવતા નથી. કારણ કે શ્રીમહાપ્રભુજીના તો પ્રાકટ્યનું પ્રયોજન જ પ્રભુસેવા અને સમર્પણ ના માર્ગે પુષ્ટિજીવોને વાળવાનું હતું. બાકી દર્શનમાત્રથી સંતોષ માનનારા દર્શનવાદીઓ માટે તો શ્રીમહાપ્રભુજી પહેલાં પણ ભારતભરમાં ગણી ન શકાય તેટલા કૃષ્ણમંદિરો ક્યાં ન હતાં!. દર્શનવાદીઓમાટે કેટલાક આચાર્યબાલકોના વચનામૃતો નીચે મુજબ છે.

અ. આજ જિસ પ્રકારકા સમ્પ્રદાય હે ઉસે હમ જિવાના ચાહતે હેં? યદિ સચ્ચે સમ્પ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો ... ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હોગી. આજકે ઈન મંદિરોંસે કોઈ લાભ નહીં હે, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગઈ હે ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હે વહીં અનર્થ હોતા હે. આજ સમ્પ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હે.

(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી-મહારાજ, મુંબઈ-મદ્રાસ, વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ૧૯૬૫)

"હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હેં. હમારે યહાં ગૃહસેવા કહાં હે? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હે? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હે "કૃષ્ણસેવા સદા કાર્યા". યદિ શ્રીમહાપ્રભુજી મંદિરોકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓમેં અનેક મંદિર સ્થાપન કર દેતે.

(દહિસરમાં શ્રીગોવર્ધનનાથ હવેલી ટ્રસ્ટના સંસ્થાપક પૂ.પા.નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજીમહારાજ)

શ્રીમહાપ્રભુજીએ જૂદા-જૂદા મંદિરોની પ્રણાલી ઉભી

કરી નથી. પણ એમાં જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીનો એક લાંબો દૃષ્ટિકોણ હતો. પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ. પુષ્ટિભક્તિ માર્ગમાં પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.

શ્રીગિરિરાજજીહવેલી સંચાલિકા, પૂ.પા.સુશ્રીઈન્દિરાબેટીજી, વૈ.પ.અંક જૂન-૯૦ )

આનાથી સ્પષ્ટ થાય છે કે ઘર નન્દાલય હોય તો મંદિરમાં દર્શન કરવા જવાની જરૂર ખરી? નન્દ-જશોદા કોઈ મંદિરમાં દર્શન કરવા જતા હતાં? જો જીવનું કર્તવ્ય કૃષ્ણદર્શનજ હોત તો પ્રભુ મહાપ્રભુજીને પ્રગટ કરવાની આજ્ઞા ન કરત. પ્રભુએ પુષ્ટિજીવોને તો પ્રગટજ પોતાની સેવા માટે કર્યા છે, માટે પુષ્ટિજીવને તો પ્રભુની સેવા કરવાજ રુચિ હોય. તેથી આવા જીવોજ પુષ્ટિમાર્ગમાં પ્રવેશમાટે અધિકારી છે. માત્ર દર્શનથીજ પુષ્ટિજીવને ક્યાંથી સંતોષ થાય! દર્શનમાત્રથી સંતોષ માનનારાઓ કદી પણ પુષ્ટિજીવ હોઈ શકતા નથી. અને જે પુષ્ટિજીવ જ ન હોય તેને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કેવી રીતે આપી શકાય?

બુલા મિશ્રને આપણે જાણીએ છીએ. શ્રીમહાપ્રભુજીએ બુલામિશ્રાને એક વખત ટાળવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું કે ''પ્રભુના દર્શન તો તમને સાક્ષાત થઈ ગયા હવે તમને શું કરવાનું બાકી રહ્યું?'' પરંતુ બુલામિશ્રા પુષ્ટિજીવ હતા. એમને દર્શનમાત્રથી સંતોષ ક્યાંથી થાય! ત્યારે બુલામિશ્ર બોલ્યા ''મને મુકિત નહિં, ભક્તિ જોઈએ છે. માટેજ હું આપના શરણે આવ્યો છું''. આમ, પુષ્ટિમાર્ગમાં અધિકારમાટે બુલા મિશ્ર જેવી કૃષ્ણભક્તિ જોઈએ. માત્ર દર્શનથી સંતોષ માનનારા ન હોવા જોઈએ.

પુષ્ટિમાર્ગી અનુનાયી માત્ર દીક્ષા લઈને રહી જાય અને માર્ગના સિદ્ધાન્તો મુજબ આચરણ ન કરે તેવો ઢોંગી-પાખંડી ન હોવો જોઈએ. દીક્ષા લીધા પછી અન્ય દેવી દેવતાઓને ભજતો ન હોવો જોઈએ. દીક્ષા લીધા પછી અન્ય દેવી-દેવતાનો આશ્રય કરતો હોય તો તે માર્ગપ્રવેશ માટે અધિકારી નથી. કારણ કે અન્યાશ્રયનો સમ્પૂર્ણ ત્યાગ કર્યા સિવાય



પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરી શકતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો પુષ્ટિમાર્ગમાં આવીને જે અન્યાશ્રય કરે છે તે સાચા અર્થમાં પુષ્ટિમાર્ગના પ્રવેશ માટે અધિકારી નથી.

આમ, ટૂંકમાં પુષ્ટિજીવમાં પ્રવેશ અધિકારવાળો અનુનાયી

૧. દૈવી-પુષ્ટિસૃષ્ટિનો જીવ હોવો જોઈએ.

૨. માર્ગમાં રુચિ-જીજ્ઞાસાવાળો હોવો જોઈએ.

૩. પુષ્ટિમાર્ગીય કર્તવ્યનું એટલે કે પુષ્ટિભકિતના સિદ્ધાન્તોનું પાલન કરવામાટે તત્પર હોવો જોઈએ.

૪. અન્યાશ્રયનો સમ્પૂર્ણ ત્યાગ કરેલ હોવો જોઈએ.

૫. દર્શનવાદી કે દર્શનકરાવવાવાદી ન હોવો જોઈએ.

૬. બહિર્મુખ જીવનો પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકાર થતો નથી.

**બિન્દુસૃષ્ટિનો માર્ગ પ્રવેશ અધિકાર :**

વલ્લભકુળના ગોસ્વામી આચાર્યો બિન્દુસૃષ્ટિ છે. બિન્દુ સૃષ્ટિના માર્ગપ્રવેશઅધિકારમાટે પણ ઉપર વર્ણવેલા પાંચેય મુદ્દાઓ લાગુ પડે છે. બિન્દુસૃષ્ટિને પણ વંશ-વારસાગત પુષ્ટિમાર્ગમાં પ્રવેશનો અધિકાર મળી જતો નથી. મહાપ્રભુજીએ આવો કોઈ ઈજારો કે અધિકાર બિન્દુસૃષ્ટિને આપેલ નથી. કારણ કે બિન્દુસૃષ્ટિના બધા બાલકો મહાપ્રભુજી, ગુંસાઈજી, ગોપીનાથજી, સાત બાલકો કે હરિરાયજી કે પુરુષોત્તમજી જેવા હોતા નથી.

શ્રીગોપેશ્વરજીના મત મુજબ રઘુકુળમાં રામચન્દ્રજી બરાબર કોઈ નથી. યદુકુળમાં કૃષ્ણ બરાબર કોઈ નથી અને વલ્લભકુળમાં મહાપ્રભુજી સમાન કોઈ નથી પણ અહીં દામોદરદાસજીની વાર્તામાં મહાપ્રભુજી ગુંસાઈજીની બાબતમાં આજ્ઞા કરે છે કે ''ગુસાંઈજી મારું સ્વરૂપ છે. હું ગુસાંઈજીના હૃદયમાં બિરાજું છું''. તેથી ગુસાંઈજીના ચરણસ્પર્શ કરવાની દામોદરદાસજીને આજ્ઞા કરેલ છે. આમ મહાપ્રભુજી અને ગુંસાઈજી કે ગોપીનાથજી માં સમાન ભાવ રાખવો. તેમાં કોઈ ભેદ નથી. પણ ત્યાર પછી ગુસાંઈજીએ

કે સાત બાલકોએ કોઈ જગ્યાએ આજ્ઞા કરેલ છે કે "અમે અમારા વંશજના બાલકોમાં હૃદયમાં બિરાજીએ છીએ અને અમારા વંશજના તમામ બાલકો અમારા સમાન છે". તો પછી અત્યારના તમામ બાલકોને આચાર્યપદ પર સત્કારવા કે નહિં? તેઓને ચરણસ્પર્શ કરવા કે નહિં? યદુકુલ અને રઘુકુલ શ્રેષ્ઠ કુળ હતા છતાં તેમાં આસુરી જીવો હતા કે નહિં? યદુકુળમાં કૃષ્ણની આજ્ઞાનું પાલન નહિં કરનારા અને કૃષ્ણનો વિરોધ કરી કૃષ્ણને સો ગાળો આપનાર શિશુપાલ જેવા આસુરી જીવો હતા કે નહિં? રઘુકુળમાં રામચંદ્રજીને વનમાં મોકલનાર કૈકેઈ જેવા પણ હતા કે નહિં? તો પછી કળિયુગમાં વલ્લભકુળ શ્રેષ્ઠ કુળ હોવા છતાં તેમાં મહાપ્રભુજીની આજ્ઞાનું પાલન નહિં કરનાર આસુરી જીવો ભૂતકાળમાં હતા કે વર્તમાનમાં છે કે નહિં? આમ વલ્લભકુળના બધા બાલકો માર્ગપ્રવેશના અધિકારી બની શકે? આવા પ્રશ્નો આપણને સહજ રીતે થયા કરે છે. અગાઉની બિન્દુસૃષ્ટિમાટે પ્રશ્નો મનમાં ક્યારેય ઉદ્ભવ્યાં નથી કારણ કે બ્રહ્મસમ્બન્ધ આપ્યા પછી તે જીવની બરાબર કાળજી લેતા, તેને સેવાનો પ્રકાર તેના ઘરે જઈને શીખવતા, તેને સત્સઙ્ગ કરાવતા અને વૈષ્ણવપર સ્નેહ હતો અને વૈષ્ણવનું મહત્વ હતું. તે આપણને શ્રીહરિરાયજીના એક કીર્તનથી થાય છે. **"હોં વારોં ઇન વલ્લભીયનપર।! મૈંરે તનકો કરોં બિછોના શીશ ધરોં ઈનકે ચરનન પર, મંડલમધ્ય વિરાજત ગિરિધર યે વો મૈંરે પ્રાણજીવન ધન, દાન દિયે હે શ્રીવલ્લભવર"**. જ્યારે અત્યારે મોટાભાગના બિન્દુસૃષ્ટિના બાલકોને હરિરાયજી કરતા ઉલટો સ્નેહ વૈષ્ણવના તન અને ધનમાં છે કે નહિં? આવી બિન્દુસૃષ્ટિના બાલકો કે જેમને શિષ્યના ભાવનો ગેરલાભ લેવામાંજ રસ હોય તેવા પુષ્ટિમાર્ગમાં પ્રવેશના અધિકારી બન્રી શકે ખરા? આવા બધા પ્રશ્નોના નિકાલમાટે અને પુષ્ટિમાર્ગમાં ખોટા ભાવલાવેળા ન કરવા હોય અને કયાંય છેતરાવું ન હોય અને સાચા પુષ્ટિભક્તિમાર્ગપર ચાલવું હોય તેવા વૈષ્ણવોમાટે મહાપ્રભુજીએ 'તત્વાર્થદીપનિબન્ધ'ગ્રન્થમાં સ્પષ્ટ આજ્ઞા કરેલ છે કે **"કૃષ્ણસેવાપરં વિક્ષ્ય દમ્ભાદિ રહિતં નરમ્, શ્રીભાગવતતત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્"**. એટલે કે વલ્લભવંશમાં દીક્ષા આપનારો પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહિં (કે ખાલી મુખીયાજીએ તૈયાર કરેલ આરતી જ



ઠાકોરજીની ઉતારે છે!), દંભ-કામ-લોભ-પ્રતિષ્ઠાની લાલસા જેવા દુર્ગુણોથી રહિત છે કે નહિં! તેમજ શ્રીભાગવતપુરાણના મર્મનો જાણકાર છે કે નહિં! આ બધી બાબતોની જીણવટપૂર્વક ચકાસણી કર્યા પછી જો ઉપરોક્ત લક્ષણો તેનામાં હોય તો તેને પુષ્ટિમાર્ગના દીક્ષાગુરૂ તરીકે સત્કારવા જોઈએ.

આમ કળિયુગમાં વલ્લભકુળ શ્રેષ્ઠ હોવા છતાં બધાં આચાર્યવંશજો પુષ્ટિમાર્ગમાં પ્રવેશના અધિકારી બની શકે ખરા? શ્રીપ્રભુચરણ શ્રીવલ્લભાષ્ટક-૩ માં આજ્ઞા કરે છે કે "હે શ્રીવલ્લભ! કોઈ વ્યક્તિ ગમે તેટલા ઉંચાકુળમાં જન્મ લીધેલ હોય કે ગમે તેટલો મહાન જ્ઞાની માણસ હોય પણ આપે કહેલ વચનોથી વિપરીત જો કોઈ કાંઈ કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવલ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવો છે". આમ, શ્રીપ્રભુચરણના મત મુજબ આવા નાદસૃષ્ટિ કે બિન્દુસૃષ્ટિના આસુરી જીવો પુષ્ટિમાર્ગમાં પ્રવેશના અધિકારી બની શકે નહિં.

અન્તે આપણે સૌ બિન્દુસૃષ્ટિ અને નાદસૃષ્ટિ મહાપ્રભુજીના ચરણારવિંદમાં પ્રણામ કરી એવી પ્રાર્થના કરીએ કે આપણને માર્ગના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય અને તે પ્રમાણે આપણે આચરણ કરી શકીએ એવી બુદ્ધિ, શક્તિ તેમજ નિષ્ઠા આપે અને પુષ્ટિમાર્ગના અધિકારી બનાવે.

# ચર્ચા

## માર્ગપ્રવેશમાં અધિકારવિચાર

કૃષ્ણદાસ રા. દેસાઈ

**જયા શુક્લ:** ("વલ્લભકુળના ગોસ્વામી બાળકો બિન્દુસૃષ્ટિ છે. બિન્દુસૃષ્ટિના માર્ગપ્રવેશ અધિકારમાટે પણ ઉપર વર્ણવેલા પાંચેય મુદ્દાઓ લાગુ પડે છે. બિન્દુસૃષ્ટિને પણ વંશવારસાગત પુષ્ટિમાર્ગપ્રવેશ અધિકાર મળી જતો નથી. મહાપ્રભુજીએ આવો કોઈ ઇંજારો કે અધિકાર બિન્દુસૃષ્ટિને આપેલ નથી" इस अंश पर आक्षेप करते हुवे) आपने "**स्ववंशे स्थापिताऽशेषस्वमाहात्म्य**" इस पर तो कोई विचार किया ही नहीं!

**ગો. શ ર દ:** इसको तो इन्होंने अपने पत्रमें ही स्पष्ट कर दिया है कि अनुयायीओंको तो आचार्यचरणोंने भक्ति दी और खुदके वंशजोंको भक्ति न देकर केवल अपने अशेषमाहात्म्यको स्थापित किया है. (हास्य) ऐसा इन्होंने स्वीकारा है. मेरी दृष्टिमें कुलकी दृष्टिसे शायद यह बात अच्छी हो सकती थी पर मार्ग प्रवेशकी दृष्टिसे कृष्णदासभाई हमारे साथ बड़ा अन्याय कर रहे हैं.

**જયા શુક્લ:** महाप्रभुजीने अपने वंशमें अपना सामर्थ्य स्थापित किया है, माहात्म्य स्थापित किया है इसका इन्होंने कोई विचार नहीं किया. नहीं तो उनके दोष इनको दिखलाई नहीं देते. हम उनके अन्तःकरणको कैसे परख सकते हैं? महाप्रभुजीके सामर्थ्यको भी आपने *चेलेन्ज्* किया न!

**કૃષ્ણદાસ દેસાઈ:** ઈ તો મેં કીધું ને કે પોતાનું માહાત્મ્ય પોતાના વંશજોમાં



સ્થાપિત કરેલું છે. પણ મહાપ્રભુજીએ એવું કીધું છે કે બધા . . .

**જયા શુક્લ:** એમાં શઙ્કા કરવાની કોઈ જરૂર નથી.

**કૃષ્ણદાસ દેસાઈ:** એવું ક્યાં મહાપ્રભુજીએ કીધું છે કે વંશજોમાં દોષ ન હોઈ શકે? શુ બધાને શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી કે શ્રીગુસાંઈજી જેવા સમાન ગણી શકાય ખરા? આ પ્રશ્ન મેં બધાના સામે ચર્ચામાટે મુકેલો છે.

**રસિક શાહ:** માહાત્મ્ય સ્થાપિત કરવું એ એક વાત છે અને આચરણ એ બીજી વાત છે. માહાત્મ્ય સ્થાપિત કર્યું હોય તે પ્રમાણે જો એમનું આચરણ ન હોય તો આપણે શું કરીશું?

**જયા શુક્લ:** આચરણ નથી તેની ખબર તમને કેવી રીતે પડી?

**રસિક શાહ:** એ તો આંખોથીજ દેખાઈ આવે ને!

**જયા શુક્લ:** ઉપરથી તો ભગવાન્ કૃષ્ણના આચરણ પણ કેવાં દેખાતાં હતાં? તેને તમે પૂર્ણ પુરુષોત્તમ માનો છો કે નહીં? તેથી આચરણ કેવું છે અને એમનું અન્તઃકરણ કેવું છે તેને પરખવાની શક્તિ આપણા બધા પાસે ન હોય.

**રસિક શાહ:** ઉપરથી આચરણ બીજું હોય અને અન્તઃકરણ કાંઈક બીજું હોય તો હોવા દો. ગુરુ-શિષ્યના સમ્બન્ધમાં અન્તઃકરણ કામ નથી આવતું. એમાં તો આચરણજ કામ આવવાનું છે.

**જયા શુક્લ:** ગુરુના દોષ જોવા . . .

**રસિક શાહ:** હા. જોવા પડે ને! ગુરુ બનાવવા છે, શિષ્ય બનવું છે તો દોષ પણ જોવા પડે. મહાપ્રભુજીએ તો ગુરુની પરીક્ષા કરવાનું કહ્યું જ છે. એ તો શ્રીમહાપ્રભુજીનું જ વચન છે.

**વીણા શેઠ:** હા. મહાપ્રભુજીનું વચન છે.

**કૃષ્ણદાસ દેસાઈ:** તત્વાર્થદીપનિબન્ધમાં આજ્ઞા કરી છે.

(કોલાહાલવશાત્ ચર્ચા સાંભળવી શકાય તેમ નથી)

**ગો. શ ર દ:** કૃષ્ણદાસભાઈએ જે વિષય આપણી સામે ચર્ચામાટે મુક્યો છે તેની ચર્ચા થવી સર્વથા આવશ્યક છે પરન્તુ ચર્ચા *સેમિનારની*

*ડિસિપ્લિન્* થી કરવામાં આવશે તો આનન્દ આવશે. નહીં તો પૂર્વોત્તરપક્ષ જ સમજમાં નહીં આવે. અને કોણે કોની સાથે ચર્ચા કરવી એ પણ નિશ્ચિત નહીં થઈ શકે. એટલે ક્રમશ: બોલો. અને સામસામે સીધી ચર્ચા ન કરો.

ગજાનન્ શર્મા : जयाबहिनने जो बात कही हमें महाप्रभुजीके वंशके प्रति भावना रखनी चाहिये ओर दोषोंकी ओर नहीं देखना चाहिये. लेकिन महाप्रभुजीने स्वयं कहा है "**कृष्णसेवापरं वीक्ष्य**". जब वे स्वयं कहते हैं कि आंखोंको खोलकर किसी भी कामको करो तो उसमें कोई अनुचित नहीं है. यदि दोषकी ओर न देखनेकी बात होती तो दामोदरदासजी श्रीगुसांईजीको सावधान न करके हमको शिक्षा न देते. हां यह जरूर है कि उसमें मर्यादा रहनी चाहिये. मर्यादामें रह कर हम काम करें. सम्मानके साथ काम करें, लेकिन किसी व्यक्तिके कारण महाप्रभुजीका जो प्रशंसनीय मार्ग है उस पर आंच आती हो तो हमारा दायित्व भी बनता है उसको सावधान करनेका.

ગો. શ્ર २ द्: जयाबहिन ! श्रीगोकुलनाथजीका एक प्रसङ्ग है. श्रीगोकुलनाथजीके शिष्योंमेंसे एक वर्ग ऐसा था, आज भी है, कि जो श्रीगोकुलनाथजीको साक्षात् पुरुषोत्तम श्रीकृष्ण मानता था. किसीने इस विषयमें श्रीगोकुलनाथजीसे पूछा तो आपने कहा कि मैं पुरुषोत्तम नहीं हुं. मुझको पुरुषोत्तम माननेवालोंका भाव पुरुषोत्तम है. साथसाथ आप सर्वोत्तमस्तोत्रकी विवृतिमें आज्ञा करते है कि यदि एसे लोगोंका अनुसरण किया जाता है तब तो फिर भगवान् ही मालिक है. भगवान् गीतामें भी कहते हैं "**विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि, शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः**". ज्ञानी वह कहलाता है जो गाय और कुत्ते में समदर्शन करे. यहां समदर्शन कहा गया है. समदर्शन और समव्यवहार



में अन्तर है. गायके साथ गाय जैसा व्यवहार होगा. कुत्तेके साथ उसके जैसा व्यवहार होगा. इस दृष्टिसे यदि दुर्गुण हो ऐसे गुरुके विषयमें भी सोचा जाय तब समदर्शनमें तो कोई हानि नहीं है. परन्तु जब व्यवहार करनेका प्रसङ्ग आता हे तब तो अपनी सुरक्षा सोचनी ही पड़ेगी. विवेक रखाना ही पड़ेगा. परिवारमें किसीको चेपी रोग लग जाय तो हम उससे सुरक्षित दूरी रखते ही हैं. एसा करनेसे परिवारका वह रोगी अपना नहीं रह जाता है ऐसी बात तो नहीं है. यदि गुरुकी परीक्षा नहीं की जा सकती होती तो आचार्यचरणोंको गुरुके लक्षण बतलानेकी आवश्यकता ही नहीं थी. यदि "**स्ववंशे स्थापिताऽशेषस्वमाहात्म्य**" या "**अस्मत्कुलं निष्कलङ्कम्**" इन वचनोंको लेकर वल्लभवंशजोमें योग्यता - अयोग्यता न देखी जाय तब आप बतायें कि गुरुके लक्षणोंका जिसमें निरूपण किया गया है उन वचनोंका या जो श्रीहरिरायजीने कहा है कि "**महत्कुलप्रसूतेऽपि तत्सङ्गो दुष्टसङ्गमः**" का क्या उपयोग रह जायगा ? इतनी ही बात नहीं है. गुरु शिष्यकी परीक्षा करता है यह तो सामान्य बात है. पुरुषोत्तमजी तो आवरणभङ्गमें लिखते हैं कि 'वीक्ष्य'पद आचार्यचरणोनें इस विषयमें पुष्टिभक्तिमार्गकी विलक्षणता सिद्ध करनेकेलिये रखा है. विलक्षणता यह है कि अन्यत्र तो गुरु ही केवल शिष्यकी परीक्षा करते हैं परन्तु यहां पुष्टिभक्तिमर्गमें तो शिष्यको गुरुकी परीक्षा करनी है. यदि शिष्य गुरुकी परीक्षा किये विना किसी अयोग्य वल्लभवंशजको अपना गुरु बना लेता है तो श्रीपुरुषोत्तमजी कहते हैं कि जिस प्रकार अन्धेका अनुसरण करनेवाला अन्धेके खड्डेमें गिरने पर खुद भी खड्डेमें गिर पड़ता है उसी प्रकार शिष्य भी गिरेगा. "**अन्धानुगान्धवद् उभावपि पतेताम्**". इसलिये

यह सम्भव है कि कृष्णदासभाईने जिस भाषामें अपनी बात प्रस्तुत की उसके कारण आपकी भावनाको ठेंस पहुंची हो परन्तु यदि उनकी प्रतिपादन शैलीकी ओर ध्यान नहीं दिया जाय ओर केवल तथ्यकी ओर देखा जाय तो उन्होंने कोई सिद्धान्त विरुद्ध बात नहीं की है.

अब यदि तत्वदृष्टिसे इस समस्यापर विचार किया जाय तो भगवान् जब सृष्टि करते हैं तब उनमेंसे असंख्य चिदंशोंका व्युच्चरण होता है. रमण सिद्ध हो तदर्थ अपनी उच्च - नीचभावेच्छासे भगवान् इन जीवोंको स्थूल रूपसे पुष्टि, मर्यादा और प्रवाह में विभाजित कर देते हैं. यह आदिवरण है. इसमें परिवर्तन नहीं होता है. अर्थात् जिसका पुष्टिजीवत्वेन वरण हुवा है वह उसके अन्त तक पुष्टिजीव ही रहता है, प्रवाही अथवा मर्यादा नहीं बन सकता है. इसी तरह प्रवाही ओर मर्यादा जीवोंके सम्बन्धमें भी होता है. अत: इस सृष्टिक्रमको देखने पर वरणकी व्यवस्था वंशसापेक्ष नहीं देखी जाती है. अर्थात् इस लीलासृष्टिमें वल्लभवंशजोंमें भगवानने किसी प्रकारका विशेषाधिकार स्थापित किया हो कि इस वंशमें जो भी पैदा हो वह पुष्टिजीव ही होगा ऐसा देखनेमें नहीं आता है. अतएव ''**स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्य**'' अथवा ''**अस्मत्कुलं निष्कलङ्कम्**'' और ऐसे ही अन्य भी वचनोंका अर्थ हमें इस तत्वको ध्यानमें लेकर ही करना चाहिये, अन्धविश्वाससे नहीं. अतएव कुलके अनुसार वरण अथवा वरणके अनुसार कुल एसी नियतिका निषेध करनेकेलिये ही आचार्यचरणोंने पुष्टिप्रवाहमर्यादा-भेद ग्रन्थमें कहा है कि ''**प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते, सोऽपि तैस्तत्कुले जात: कर्मणा जायते यत:**''. अर्थात् यदि कोई पुष्टिजीव प्रवाहीके कुलमें जन्म लेता है अथवा प्रवाहीजीव पुष्टिजीवके कुलमें जन्म लेता है तो उससे उसका स्वभाव परिवर्तित नहीं होता है. अर्थात् पुष्टिजीव प्रवाही नहीं बन जाता है और न प्रवाहीजीव पुष्टि ही बन सकता है. भगवानने जिसका जैसा वरण किया होगा वह वैसा ही रहेगा. ये तो उनके वैसे - वैसे कर्मोंके कारण होता है. सत्कर्मके फलस्वरूप जीवका सत्कुलमें जन्म हो सकता है और असत्कर्मके कारण असत्कुलमें. इसलिये किसी उत्तम या अधम कुलमें जन्म लेनेसे जीव उत्तम या अधम मार्गमें अधिकृत होता हो ऐसा कोई सिद्धान्त नहीं है. इसीलिये प्रह्लाद, विभीषण, बलि, व्रत्रासुर आदि असुरकुलमें जन्मे होने पर भी परम भगवद्भक्त हुवे हें. और दामोदरदास जैसे परम भक्तका पुत्र असुर हुवा. तो प्रत्यक्षसे भी इसकी पुष्टि होती है. अतएव जहां तक मार्गप्रवेशदीक्षाके सिद्धान्तका सवाल है तो दीक्षा तो उसके नियमानुसार ही दी जानी चाहिये. वो दीक्षा अन्यको देनी हो चाहे वल्लभवंशजोंको. हमने अन्य लेखमें इसकी चर्चा की थी कि वैष्णवकुलोद्भवको उसके कल्याणका विचार करके शिष्यसङ्ग्रह अथव धनलालसा से मुक्त होकर यदि गुरु उसको दीक्षा देता है और आगे जाकर यदि वो शिष्य दुराचारी बन जाय तो भी गुरुको नमविक्रयका अपराध नहीं लगता है इसी तरह वल्लभवंशजमें भी समझना चाहिये. इस सम्बन्धमें श्रीपुरुषोत्तमजीने सिद्धान्तरहस्य ग्रन्थकी टीकामें विस्तारसे स्पष्टीकरण दिया है. कृष्णदासभाईने श्रीपुरुषोत्तमजीके वचन अधूरे उद्धृत किये हैं. आप यदि उस पूरे *पैसेज्*को देखेंगे तो ये सब शङ्काएं निर्मूल हो जायेंगी.

वहां श्रीपुरुषोत्तमजी स्पष्ट शब्दोमें आज्ञा करते हैं

कि ''**ये पूर्वं भगवत्सेवका: कुतश्चन हेतोरिहागता: तेषामेवार्थे अयं मार्गइति तएव ब्रह्मसम्बन्धकरणे तेन निवृत्तसर्वदोषा भवन्ति. तएव च तत्र अधिकुर्वन्ति**''. अर्थात् जो भगवद्धाममें भगवत्सेवकत्वेन स्थित थे और जिनको किसी कारणवश भूतलके उपर आना पड़ा है उनकेलिये ही यह मार्ग है. पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थमें आचार्यचरणोंने ऐसे पुष्टिजीवोंके भूतलके उपर आनेका प्रकार दिखलाया है. ''**आसक्तौ भगवानेव शापं दापयति क्वचित्, अहङ्कारेऽथवा लोके तन्मार्गस्थापनायहि, ... महानुभावा: प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे**'' भगवदपराध अथवा भक्तापराध के कारण प्राप्त शापादिके कारण अथवा मार्गस्थापनार्थ भगवद्धाममेंसे भक्तोंका भूतलके उपर आगमन होता है. ऐसे जीवोंकेलिये यह पुष्टिभक्तिमार्ग है. अत: यदि एसे दैवी पुष्टिजीवोंको पहचान कर उनका ब्रह्मसम्बन्ध करवाया जायगा तो ही ब्रह्मसम्बन्धसे उनके दोष दूर होंगे, अन्य जीवोंके तो दोष भी ब्रह्मसम्बन्धसे निवृत्त नहीं होंगे उनका ब्रह्मसम्बन्ध हो जाय तब भी. अत: एसे पुष्टिजीवोंका ही इस मार्गमें अधिकार है. यहां किसी को ऐसी शङ्का हो सकती है कि शास्त्रमें तो ऐस अनेक वचन है कि जो भगवद्भक्तिमें सबका अधिकार मानते हैं जैसे ''**देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा, भजन् मुकुन्दचरणं स्वस्तिमान् स्याद् यथा वयम्**'' ये प्रह्लादजीका वचन है. इसी तरह ''**सर्वेऽधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप**'' भी वचन है. इससे भक्ति सर्वाधिकारक सिद्ध होती है. अब यहां समझने की बात ये है कि अधिकाररूपा योग्यता दो तरहकी होती है: १. स्वरूपयोग्यता और २. फलमुखयोग्यता. श्रीपुरुषोत्तमजी आज्ञा करते हैं कि स्वरूपयोग्यता भगवद्भजन करनेकी किसीमें भी हो सकती है. यह तो स्वीकार्य है. परन्तु फलमुखयोग्यता तो उन



जीवोंकी ही होती है कि जो किसी कारण भगवद्धाममेंसे भूतलके उपर प्रकट हुवे हैं. अत: कहा है ''**स्वरूपयोग्यतारूप: सर्वेषाम् अधिकार: तथापि फलमुख उक्तविधानामेव. अतो ब्रह्मसम्बन्ध: तादृशमेव कारणीय:**''. ब्रह्मसम्बन्धदीक्षा स्वरूपयोग्यताको देखकर नहीं दी जानी चाहिये. क्योंकि एसी स्थितिमें तो कोई मर्यादा ही नहीं रहेगी. जो जिसको चाहे मूंड देगा. आज ऐसा ही तो होता है. ऐसा करनेवाले अपने समर्थनमें यह कहते हैं कि श्रीगुसांईजी आदि पूर्वाचार्य तो पशु-पक्षीको भी दीक्षा देते थे. परन्तु ये लोग उन दृष्टान्तोंका हेतुपुर:सर उल्लेख भी नहीं करते हैं कि जिनमें श्रीगुसांईजी आदि पूर्वाचार्योंने किसीको अनधिकारी मानकर उसको दीक्षा नहीं दी है. वस्तुत: पशु-पक्षी या ऐसे ही किसी जीवको दीक्षा देकर उन्होंने हमें यह समझाया है कि पुष्टिजीव कोई भी हो सकता है. हमने इसका यह अर्थ किया कि पुष्टिजीव सभी होते हैं. ये प्रचण्ड विरोध है हमारी समझ और उनके प्रयोजनमें. अतएव सिद्धान्त यह है कि ब्रह्मसम्बन्ध स्वरूपयोग्यताको देखकर नहीं परन्तु फलमुखयोग्यताको देखकर कराना चाहिये. और अत: वह ''**तादृशमेव कारणीय:**''. लीलासे भूतलके उपर आये जीवोंका ही कराना चाहिये. अब यहां समस्या यह आती है कि स्वरूपयोग्यता तो किसी की भी है अत: उसको जाननेमें तो कोई समस्या नहीं है. परन्तु कौन जीव फलमुखयोग्यतावाला है और कौन नहीं यह कैसे जाना जासकता है? 'फलमुखयोग्यता' का अर्थ है ब्रह्मसम्बन्ध कराने पर जीव पुष्टिभक्तिमार्गीय साधन करके पुष्टिफलको प्राप्त करे ऐसी योग्यता. इस समस्याके समाधानमें फलमुखयोग्यता रखनेवाले जीवोंको पहचाननेके अभिज्ञापकलक्षण बतलाये गये हैं. निबन्धमें इसका निरूपण करते हुवे आचार्यचरण

आज्ञा करते हैं कि "**परमत्र न सर्वेषां फलमुखाधिकारः, किन्तु येषु भगवत्कृपा कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते**" ऐसा कहा है. इसकी चर्चा इस *सेमिनार* में अनेक बार हुई है. तात्पर्य यह है कि मार्गरुचि जिस व्यक्तिमें हो उसको अधिकारी मानना चाहिये क्योंकि वैसी भगवत्कृपाके बिना भगवद्भक्तिके मार्गमें जीवकी रुचिका होना सम्भव नहीं है. तो अब यह प्रश्न होता है कि मार्गरुचिको कैसे जाना जाय? इसका समाधान श्रीपुरुषोत्तमजी देते हैं कि "**तादृशत्वं च उत्कटभजनादरजनिकया गुरुशुश्रूषया तदनुकूलप्रश्न-मार्गरुचि-वेश-भाषाचारैश्च अवधारणीयम्**". जिसको जिसमें रुचि होती है वह अपनी रुचिके विषयके अनुरूप अपने आपको ढालता है. जैसे किसीको क्रिकेट्में रुचि है तो उसे क्रिकेट् अच्छी तरहसे खेलनी नहीं आती हो तब भी वह उसे खेलनेका यथाशक्ति प्रयत्न तो करता ही है. क्रिकेट् खेलनेके साधनोंका सङ्ग्रह करता है, उसकी किताबें और *मेगेझीन्स्*खरीदता है, रेडीयो - टी.वी. में क्रिकेट्के *प्रोग्राम्स्* सुनता - देखता है, जानकार लोगोंके सामने क्रिकेट्के बारेमें अपनी जिज्ञासा प्रकट करता है, क्रिकेटरोंके जैसे कपड़े - टोपी पहनता है. ये सब उसकी रुचिको दिखानेवाले हैं. इसी तरह पुष्टिभक्तिमार्गमें जिसकी रुचि होगी उसको पुष्टिमार्गके विषयमें जिज्ञासाएं होंगी, वह पुष्टिमार्गानुकूल वेश धारण करेगा, ऐसी ही भाषा बोलनेका प्रयत्न करेगा, जिससे उसको पुष्टिभक्तिमार्गका ज्ञान प्राप्त हो सकता होगा उसमें उसका उत्कट आदरभाव होगा. उसकी सेवा - परिचर्या करके उसकी प्रसन्नता प्राप्त करनेका प्रयत्न करेगा. इसी तरह यथामति और यथाशक्ति वह पुष्टिमार्गीय आचारको पालनेका प्रयत्न करेगा. ये सब उसकी पुष्टिभक्तिमें रुचिके अभिज्ञापक हैं. इन सब बातोंका विस्तारसे



निरूपण मैंने 'पुष्टिपथ' ओर 'प्रमेयरत्नसङ्ग्रह' ( परीक्षाकी पुस्तक ) में किया है.

कभी - कभी ऐसा होता है कि जिनका भूतकाल मलिन रहा हो ऐसे लोग भी सत्सङ्गादिके कारण मार्गमें रुचिवाले हो जाते हैं. ऐसे लोगोंके बारेमें क्या किया जाय? क्योंकि मनमें ऐसी आशङ्का रहती है कि कहीं फिरसे उनमें उनका पूर्वभाव जागृत न हो जाये. "**यः पुनः पूर्वं पापाचारः पश्चाद् भगवन्मार्गे उत्कण्ठते सोऽपि उपदेष्टव्यः**". एसोंको उपदेश देना चाहिये. क्योंकि "**अपि चेत् सुदुराचारो भजते माम् अनन्यभाक्, साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः, क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति, कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणष्यति**". भगवानने इसको स्पष्ट किया है. भगवन्मार्गमें उसकी उत्कण्ठा है तो सब ठीक है. अब कुछ लोग ऐसे होते हैं कि जिनमें स्वयं स्फूर्त उत्कण्ठा नहीं होती है परन्तु सज्जनोंसे अथवा कुलपरम्परासे प्रेरित होकर मार्गमें प्रवेश पानेको आते हैं. एसे लोगोका क्या किया जाय? उनको भी उपदेश दिया जा सकता है. "**परं तत्र भगवत्कृपायाः सन्दिग्धत्वात् फलमुखता न निश्चेतुं शक्या. तथापि तदुपदेष्टरि न दोषम् आवहति, सत्सङ्गादिना तथा सम्भावनया कृतत्वात्. स परं परीक्षणीयः. यदि पश्चात् श्रद्धते भगवद्धर्मे तदा तु "यथा यथा हरिः कृष्णो मनस्याविशते निजे, तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते" इति आचार्यचरणोक्तात् ज्ञापकात् मार्गरीत्या बोधनीयः**". परन्तु स्वयं उत्कण्ठित नहीं हुवे होनेसे उनके ऊपर भगवत्कृपाका होना सन्दिग्ध होनेसे उनको कराया गया ब्रह्मसम्बन्ध फलजनक होगा या नहीं यह निश्चय नहीं हो सकता है. अतः एसे लोगोंकी

मार्गरुचिकी परीक्षा अवश्य करनी चाहिये. और परीक्षाके पश्चात्त भगवद्धर्ममें श्रद्धाका निश्चय हो तो सत्सङ्गादिके कारण जैसे - जैसे भगवान् उसके मनमें प्रविष्ट होंगे वैसे - वैसे उत्तरोत्तर उसकी रुचि भक्तिमार्गीय साधनोंमें बढ़ती जायगी और वह फलमुखयोग्यताको प्राप्त करेगा ऐसे विचारसे दीक्षा दी जा सकती है. ऐसी कल्याणकी भावनासे यदि ऐसोंको दीक्षा दी जाती है तो दीक्षा देनेवालेको भगवन्नामके विक्रयका दोष नहीं लगता है. परीक्षाके बाद यदि ऐसे लोगोंमें भगवन्मार्गके प्रति उदासीनता प्रतीत होती हो तब उनको उपदेश नहीं देना चाहिये. ''**यदा तु बाहिर्मुख्यं प्रकटयति तदा तु उपेक्षणीय:**'' और यदि भगवद्विमुखता प्रकट करते हों तब तो उनकी उपेक्षा ही करनी चाहिये. प्रभुचरण तो वहां तक आज्ञा करते हैं कि मार्गमें प्रवेश पा चुके लोगोमें भी यदि बादमें प्रावाहिक लक्षण दिखलाई देने लगे तो उनकी भी उपेक्षा ही करनी चाहिये. उनका सङ्ग छोड़ देना चाहिये. प्रभुचरण विज्ञप्तिमें इस बातको कहते हैं: ''**निवेदितात्मभिन्नेषु सदौदासीन्यमाचरेत्, प्रावाहिका-स्तेऽपि चेत् स्युरुपेक्षैवोचिता सदा**''. अब किसी को यह सोचकर खेद होता हो कि ''ये तो बड़े भगवदीय थे अब ऐसा क्यों कर रहे हैं'' तो यह सोच कर मनका समाधान कर लेना चाहिये कि सम्भवत: उस समय उनमें पुष्टिका आवेश प्रबल हो गया होगा, जैसा कि चर्षणी जीवोंमें होता ही है, अब वो आवेश उतर गया है अत: उनका मूल स्वभाव प्रकट हो गया है. तो अब तो उनसे दूर रहनेमें ही भलाई है. अतएव अन्य मार्गके लोगोंका सङ्ग जिस प्रकार त्याज्य होता है उसी तरह यदि स्वमार्गीय लोग भी यदि बहिर्मुखता प्रकट करता हो तो उसका सङ्ग भी त्याज्य ही है. अतएव प्रभुचरण



पत्रमें लिखते हैं कि ''**विजातीयजनाक्रान्ते निजधर्मस्य गोपनम्, देशे विधाय सततं स्थेयमित्येव भासते, हरेरेव तथेच्छाऽस्ति सर्वोद्धृतिविरोधिनी, अन्यथाचार्यविमुखा: कथमेतत् पथि स्थिता!**''. प्रभुचरण इस सम्भावनाको स्वीकारकर चलते हैं कि कितनी भी परीक्षा करके दीक्षा दी जाय फिर भी अनधिकारी लोग इस मार्गमें नहीं घुस सकते हैं ऐसा नहीं कहा जा सकता है. कहा गया है कि ''**शतशोऽपि विचारितं जीवबुद्ध्या अन्यथा भवति**''. अत: पत्रमें आप आज्ञा करते हैं कि भगवान्की इच्छा ही सब लोगोंका उद्धार न हो ऐसी है. यदि ऐसा नहीं होता तो आचार्यचरणोंकी आज्ञाका उल्लङ्घन करनेवाले विमुख लोग इस मार्गमें कैसे घुस जाते! यह जैसे शिष्यवर्गमें सम्भव है वैसे वल्लभवंशजोंमें भी सम्भव है ही. भगवानने किसी कुलको *स्पेश्यल् कन्सेशन्* दिया हो ऐसा शास्त्रमें कहीं पढ़ा - सुना नहीं है.

७५१ शुक्ल: हलाहल कलियुग है. इसका प्रभाव हमारे बालकों पर भी पड़ता है. परन्तु ऐसा होने पर भी हम हमारे बालकोंको त्याग नहीं देते हैं. हमारे माता - पितामें भी कोई दोष दीखता है तो भी हम उनका त्याग नहीं कर देते हैं. संस्कारी बच्चे होते हैं तो वो अपने पिताको भी कह देते हैं कि तुम अपनी बुरी आदतोंको छोड़ो, अपने कुलका अच्छा प्रभाव नहीं पड़ेगा. ऐसे ही, मान लो कि आचार्यकुलमें भी कोई दोष आपको दीखा तो उनको समझाना चाहिये. आप उनके विरोधमें खड़े मत हो जाओ. अपने मनको खराब मत करो. आप उनको कहो कि ऐसा - ऐसा सुना है. आपका इस विषयमें क्या सोचना है? तो वो उस विषयमें सोचने लगेंगे और जागृत हो जायेंगे. और जैसे डॉक्टर साहबने कहा कि तो सम्प्रदाय निभेगा. इनके जैसे लेख लिखनेवाले अच्छे स्पष्टवक्ता

होते है ताकि आचार्यवंशजोंको भी जागृत होनेका मौका मिले. लेकिन हम दोषमें न आ जायें इसका ध्यान रखना चाहिये.

**ગો. શ્યા. ર. ૬.:** आपकी बात उचित है. परन्तु आपने जो कहा वो व्यवहारस्तरकी बात थी. लेखका विषय व्यवहारको किस प्रकार सुचारु बनाना चाहिये वह नहीं होकर सिद्धान्त क्या है इसका विचार करना है. व्यवहार तो देश, काल और सम्बन्ध के साथ बदलते रहते हैं. आज जिस प्रकारका गुरु - शिष्यका सम्बन्ध है उसमें आप कह रहे हैं उस प्रकारकी भाषा और व्यवहार चलते हैं. कल ऐसा भी समय आ सकता है कि गुरु यदि अनुचित कार्य करता है तो उसको जेल भेजनेकी बातें शिष्य करने लग जाय. परन्तु आपने जो कहा है उसमें तो कृष्णदासभाईको भी आपत्ति नहीं होगी.

**धर्मेन्द्र ઝાલા:** जो नम्रता आदि बात कही जा रही है उसमें श्रीमहाप्रभुजी क्या *एक्स्पेक्ट्* कर रहे हैं? "**जिज्ञासु न तु कौतुकाद्याविष्टः**". जब भी गुरुपरीक्षणकी बात आती है तब जिज्ञासासु प्रसूत . . . जैसे जो साधन है उसका मूल हे पुष्टि ऐसे जो परीक्षणकी बात आती है उसका मूल होना चाहिये जिज्ञासा. न तु कौतुकादि आविष्ट. कोईकी टीका - टिप्पण करनेकेलिये, कोई अच्छे हें कोई बुरे हैं ये दिखानेकेलिये यदि हम वैष्णव भी प्रयत्न करें तो हम भी दोषी हैं. पर हमारी वो बात यदि जिज्ञासासु प्रसूत हे तो महाप्रभुजीके वचनसु वो परीक्षण हमकु भी प्राप्त हे. इसलिये मार्गमें जिसका उद्दीपन करना चाहिये वो बात है जिज्ञासा. एक - दो बार जिज्ञासासु कोई बात करेंगे तो प्रारम्भमें लोग कुछ ओर समझेंगे पर यदि हम जिज्ञासा *मेइन्टेइन्* कर पाये तो फिर लोग समझ जायेंगे कि ये केवल कहेवेकेलिये



नहीं कहे रहे हैं. अतः कभी भी श्रीमहाप्रभुजीके इन वचनोंको अपने दृष्टिपथसे अगोचर नहीं होने देना चाहिये.

**રસિક શાહ:** भाई झालाने जो बात करी है वो व्यक्तिगत दृष्टिकोणसे बात करी है. सम्प्रदायकी दृष्टिसे यदि विचार करेंगे तो इससे आगे भी जाना पड़ेगा. बस इतना ही मुझे कहना है.

## પ્રાપ્તિસ્થાન

**ટપાલદ્વારા તથા રૂબરૂ:**

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન : ૦૨૮૩૪ - ૩૧૪૬૩, ૨૧૩૦૬, ૨૦૭૭૦.

### નીચેના સ્થળેથી પુસ્તકો રૂબરૂમાં જ મળશે

**રાજકોટ:**

શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા, 'પુષ્ટિ', વ્રજવલ્લીનાં સામે, જલારામ ૨, યુનિવર્સિટિ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૫. ફોન : ૦૨૮૧ - ૫૮૪૪૧૧

ગોસ્વામી શ્રીરવિન્દ્રકુમારજી, 'ભક્તિવર્ધિની' ૬ / ૧૩ જયરાજ પ્લોટ, રાજકોટ. ફોન : ૦૨૮૧ - ૨૨૫૮૨૪

**જુનાગઢ:**

શ્રીહર્ષદભાઈ, ડી. કાન્તિલાલ એન્ડ કં., હાર્ડવેર મર્ચન્ટ, ચિત્તાખાના ચોક, જુનાગઢ, ફોન : ઘર - (૦૨૮૫)૬૩૧૮૪૧

શ્રીપ્રફુલ્લભાઈ કારીયા, રંગમહેલ પાસે, ફોન : ૦૨૮૫ - ૫૦૭૧૭, ૬૫૪૧૫૬.

**અમદાવાદ:**

શ્રીજનકભાઈ શાહ, ૩૫, નિકુન્જવિહાર, લાડ સોસાઈટી, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૫૪. ફોન : ૦૭૯ - ૬૮૫૨૦૦૯, ૬૮૫૫૭૨૯.

**આણંદ:**

શ્રીગિરીશભાઈ શાહ, 'પુલિન્દ', ત્રીજે માળે, શુભલક્ષ્મી શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, આણંદ, ૩૮૮ ૦૦૧. ફોન : ૫૪૦૪૬

**વડોદરા:**

શ્રીશાન્તિભાઈ તલાટી, સી - ૨૦૧, આદિનાથ સોસાઈટી, બ્રાઈટ સ્કૂલની ગલીમાં, વી.આઈ.પી. રોડ, વડોદરા.

**હાલોલ:**

શ્રીભાનુબેન ગોર, ૨૫, આદર્શ સોસાઈટી, હાલોલ, જિ - પંચમહાલ, ૩૮૯ ૩૫૦. ફોન : ૦૨૬૭૬ - ૨૧૩૭૨, ૨૧૭૪૩.

**સુરત:**

શ્રીનિલેશ મહેતા, ૬, ભાગ્યનિધિ રો હાઉસિસ, સહજ સુપરસ્ટોર પાછળ, રાન્દેર, સુરત. ફોન : ૦૨૬૧ - ૭૯૫૫૮૦.

**ગોધરા:**

શ્રીભાવીન શાહ, ૫૯, પ્રભાકુંજ સોસાઈટી, કોલેજ રોડ, ગોધરા, જિ.-પંચમહાલ, ગુજરાત. ફોન : ૦૨૬૭૨ - ૪૭૪૭૨.

**મુમ્બઈ:**

કાલબાદેવી :

શ્રીઅંશુ ગોપાલભાઈ શાહ, ૧૫ 'પુરુષોત્તમનિવાસ', દાદીશેઠ અગિયારી લેન, કાલબાદેવી, મુમ્બઈ, ફોન : ૦૨૨ - ૨૦૮૯૯૨૨

વિલેપાર્લે :

શ્રીરસિકભાઈ શાહ, ૪, 'મથુરાભુવન', શ. ભગતસિંહ રોડ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ) મુમ્બઈ, ૪૦૦ ૦૫૬, ફોન : ૦૨૨ - ૬૭૧૨૯૮૨.

બોરીવલી :

શ્રીધર્મેન્દ્રસિંહ ઝાલા, ૮ બી, 'કૃપાધામ', કાર્ટર રોડ નં.-૨, બોરીવલી ઈસ્ટ, મુમ્બઈ, ૪૦૦ ૦૬૬. ફોન : ૦૨૨ - ૮૦૬૮૬૨૫

કાન્દીવલી :

શ્રીમધુભાઈ શાહ, 'શિવકૃપા' પહેલામાળે, રામગલીના નાકાઉપર, મ્યુનિસિપલ ગાર્ડનની સામે, કાન્દીવલી, વેસ્ટ, મુમ્બઈ, ૪૦૦ ૦૬૭, ફોન : ૦૨૨ - ૮૦૭૦૦૪૩

**ગોકુળ:**

ગોસ્વામી શ્રીપઙ્કજકુમારજી, નટવર નોહરા, નન્દચૌક, ગોકુલ, જિ. મથુરા, ઉત્તરપ્રદેશ.